

ઘડી ચપકો.

(રમુજી ટોચકાઓ, વાર્તાઓ, કવીતાઓ, ચીત્રો ઇ૦ નો સંગ્રહ.)

રચનાર—**મી૦ ફીરોઝશાહ જહાંગીર મરઝબાન,**
એમ એ.

તે "કાચાંનો સાહુકાર," "વારેસાના-કબુલ," "અગ્રેમેન્ટુસ સાથ એગ્રીમેંટ," "નસીબની લીલી," "આફતાંપર કોટતું," "મોહબત કે મુસીબત," "માસીનો માકો," "જીવપર જોરાવરી," "હેન્ડસમ બ્લેકગાર્ડ," "કુબ્રાઆઇ સાસુનું કોનફેસાઉ", "અફલાતુન" ઇત્યાદી ઇત્યાદીના કર્તા.

આ પુસ્તક મી૦ ફીરોઝશાહ જહાંગીર મરઝબાને તેમે જામે જમશેદ ઓફીસ કોટ—મુંબઈમાં રચ્યું છે, અને એ પુસ્તક મી૦ દીનશા એદલજી કરકરીઆએ પોતાને માટે 'માણેક પ્રીન્ટીંગ પ્રેસ' (ગ્રાંટરોડ મુંબઈમાં) છાપ્યું છે તેમજ ત્યાંથીજ પ્રગટ કર્યું છે.

૧૯૧૬.





તમો બે નાનકડા જીવો—

સાંજે આફીસથી ઠાકેલે જીવે જ્યારે હું મારે ઘર પાછો ફરૂંછું ત્યારે દાદરના કઠેરા આગળ "પપા"ની આતુરતાથી રાહ જોતા તમારા બે ચેહરાઓ જોઇ બસ કુદરતી મારા હોઠો પર એક ચોક્કસ હસ્વું પંઠરાઈ જાય છે.

આ હસ્વું ખુશાલીનું કહો-પ્યારનું કહો-મગરૂરીનું કહો-રમુજનું કહો-ગમે તેનું કહો-પણ તેની યાદમાં આ "ઘડી ચપકો" પુસ્તક તમો બેઉને મારી મીઠ્ઠી કીસ સાથે અર્પણ કરૂં છું.

મારા લુલુ અને મારા અદી! તમો મોટા થાઓ ત્યારે વીસરતા ના કે એક ફરદુનજી મરઝબાન એક બેહરામજી મરઝબાન એક જહાંગીર મરઝબાનની કલમના તમો સીધા વારેસો છો.

તેઓના જેવા લખનાર તમો નીવડજો! ન્યુસ-પેપર લેખક થજો, રમુજી લેખક થજો, ત્રાજીક લેખક થજો, કવી લેખક થજો, નાટકી લેખક થજો, તવારીખી લેખક થજો-ધાર્મીક લેખક થજો,—ગમે તે થજો! પણ મારી તમને અંતકરણની દુવા છે કે એક "ઓરીજીનલ લેખક" (!) તો કદીબી થતા ના!

લા० તમારો "પપા"

પીજામ.

એક વધુ પુસ્તક!

મી૦ 'પીજામ'નું આ છઠ્ઠું વોલ્યુમ 'ઘડી ચપકો'નામે હમોએ પ્રગટ કર્યું છે, જે વાંચનારાંઓની જરૂર પસંદગી પામશે. લગભગ છ મહીના ઉપર પ્રગટ થયલી મી૦ પીજામની 'જીવપર જોરાવરી' નામની વાર્તાએ વાંચકોનું સારૂં દીલ જીતી લીધું હતું જે તેના પુરતા ખપ ઉપરથી વાંચનારાઓને ખાત્રી આપી શકાશે. વાર્તાઓ વાંચવાનું કામ જેટલું સેહલું છે તેટલું લખવાનું અને બનાવવાનું કામ સેહલું નથીજ એ વાંચકો સારી રવેશે જાણીતાં હોવા જોઇએ. આ "ઘડી ચપકો" નામની વાર્તા નથી, પણ ખરેખરૂં દીલ બેહલાવવાનું એક ઘણું રમુજી પુસ્તક વાંચનારને જણાશે. મી૦ પીજામનો કોમીક ટચકો ઘણો વખાણવા જોગ છે અને કુદરતે એઓને દરેક લખાણની બાબદમાં મોટા નશીબદાર બનાવ્યા છે એ ઘણું ખુશી થવા જોગ છે. હમુને ઘણી તકોબરી સાથ કેહવું પડશે કે હમારા પ્રિન્ટીંગના કામના મી૦ પીજામ એક મોટા વખાણનાર છે. હમારાં દરેક કામો માટે ઘણો ઉંચો અભીપ્રાય એઓ ધરાવે છે જેથી હમુને કામ કરવાની બેવડી ઉલટ થાય છે. ચોપડી પ્રગટ કરવાનું કામ અતીશય બીકટ છે એમાં તો જરા શક નથી–પણ ધીરજથી ઇનશાન શું નથી કરી શકતો ? તે જોવાનું સમજદાર વર્ગનું કામ છે. આ 'ઘડી ચપકો' ને પ્રગટ કરનારનાં લાંબા ખુલાસાની જરૂર નથી કેમકે અંદરના દીલજીત લખાણો વાંચનારાઓને ભારે ગમત આપશે એવું હમારૂં પ્રમાણીક મત છે તો પછી સોફારશના મોટાં લેકચરોની આ નાદના ખુલાસામાં વધુ જરૂર જણાતી નથી એ દેખીતું છે.

તા૦ ૫–૯–૧૬.

લી૦ દુવાગીર,

દીનશા એ. કરકરીયા.

માણેક પ્રિન્ટીંગ પ્રેસ,

ગ્રાંટરોડ મુંબઇ.

ઘડી ચપકા ઉપર એક શરૂઆતનો ચપકો.

—:૦:—

વાંચનાર—ખરૂં કહેજે—તુંને શું ગમે છે? એક રડારોળ માહેતમનું દાસ્તાન કે "ઘડી ચપકા" જેવું રમુજી લખાણ? તું મને કદાચ એમ કેહશે કે "રમુજ? છટ નોનસન્સ! એવા બચ્ચાં સાહી ચેડાં શું બળ્યાં છે? કંઈ ખરખમ, અકકલવાળું અને વીચારવા જોગ લખાણ હોય તો તે વધારે પસંદ પડે." આ તારી વાત હું માનવાનો નથી: યા તો તું નકામો નાંખે જીભ લગાડે છે એમ હું માનીશ અથવા તો તું તુંને પોતાને નાહક ઠગવાની કોશેશ કરે છે એમ હું વીચારીશ. એક ખ્યાલ કર; આ નીચે ટાંકેલો દાખલો ધ્યાનમાં લે, અને પછી મારા મતને તું ઇનસાફ આપજે.

આ દાખલો છે:—

પતેતીનો દહાડો છે; આખી પારસી કોમ રંગ રાગમાં ધામધુમ મચાવી રહેલી છે; બેંડના ધપકારાથી ભેજું થપકાય છે અને ભીખારડાંઓની ચીચીઆરી!! મગજ ચીચવાય છે: આ વખતે એક પારસી બની થનીને મહોલ્લામાંથી પસાર થાય છે. વારનીશના પંપ શુઝ, લાલ મોજાં, બનુ પાજની ઇજાર, કોડી કકડતી કડક અસતરીની દગલી. ઉભા પેચની બાંધેલી ફુલ મોહરાની પાઘડી પહેરી લટકે લેહરે તે પસાર થાય છે. એક કોઈ મવાલી, અધો ભાકટો જુદદીન માણસ

રસતામાં ઉભો છે અને કાંઇબી કારણ કસુર કે મતલબ વના તે મશાલી પેલા પારસીને જોરમાં આંચકો મારી રસતાપર તોડી પાડે છે. આ જોઇ જરૂરજ તુનેબી ખીજવાટ ઉપજે છે, તારાં ભવાં ચહડી જાય છે, તારા હાથની હથેલી મુઠ્ઠી રૂપે વળી જાય છે અને તે મશાલીને ફટકારવાનોબી કદાચ તને વીચાર આવી જાય છે પણ જરા થોભ!—તે એશકી પારસી લપેરો ખાઇને પડતાં, રસતાની બાજુએ મુકેલાં તડકાં માં સુકવવા માટેનાં કોપરેલ ભરેલાં મોટાં બહગોનાંમાં ખો-અ-અ-ચ કરતો બેઠકો પડી જાય છે! હવે પળભર તને થું કરીને હસવું આવી જાય છે, ખીજવાત ચીરડાત ગુસ્સો સઉ એક ઘડીમાં ભુલી જવાય છે તે બનાવનો કોમીક ભાગજ તારાં ભેજાં અને દેમાગ ઉપર જોર ભેર અસર કરે છે અને તું હસી પડે છે. તે ઘડીભરની તારી ગમત પસાર થઇ જાય છે તે પછીજ પાછો અસલ ખીજવાતનો જોશ ઉભરી નીકળે છે.

હવે હું પુછીશ કે કોઇ બેહુદ રમુજી બનાવ વચ્ચે કોઇ નાનો ગમખાર બનાવ બને તો આવી એક ઘડી ચપકામાં દલગીરીની અસર થવા આપે કે!—નહીં; ગમ અને દલગીરી ને પોતાની અસર પુગાડતાં સહેજ વીલંબ લાગે છે, પણ રમુજ તો કોઇ એવી બળવાન અને ખુદરતી ખરી આશીશનું તતવ છે કે એક સેકંડના એક હજાર ભાગના અરસામાં તેની ઉતમ અસર પુગી જાય છે.

ત્યારે કબુલ કરવું જોઇએ કે માણસ જાતમાં રમુજી તત્વ પરવરદેગારે બક્ષીને માણસ જાતનાં જીગરને મોટી રાહત

આપી છે. અરે, ગમગીની અને દલગીરી તો દુનયામાં ડગલે ને પગલે છે, રડાકુટા અને ગમખારી ચીંતા ઢગલાબંધ છે-તેમાં રમુજ એક જખમને રૂઝ લાવનારો ઉતમ મલમ છે: ગમગીન માણુસના દુખને ટાળનારૂં એ દવાખાનું નથી, શીફાખાનું છે.

એમ હોવાથીજ હું પોતે આ "ઘડી ચપકા"ને આવકાર દઉં છું અને તું પણ દેગેજ એમ હું ધારૂં છું. દરેક માણસ રમુજી બની શકતો નથી; ઘણા થોડાઓને એ ખુદરતી બક્ષેશ મળે છે; પણ દલગીરીની વાતતો એ છે કે જે ઘણા થોડાઓ રમુજી ઝેગ ધરાવે છે તેઓ માહેલા બહુજ-બહુજ-નાની સંખ્યાના માણસો રમુજી **લખાણ** કરી શકે છે. આપણે કલબોમાં, મેલાવડાઓમાં, ફરતાં હરતાં કેટલાંક માણસોને ઘણી સારી રમુજ બોલતાં સાંભલ્યે છીએ, પણ જયારે તેજ માણસ રમુજી લખાણ કરવા બેસે છે ત્યારે કાગળ સાંમે મુકી, હાથમાં કલમ લઇ, કપાળે આંગળી ટેકવી, જપના કર્યા કરે છે પણ એક હરફ લખી શકતો નથી. કેટલાક રમુજી બોલી શકતા નથી, વાતચીતમાં રમુજ આમેજ કરી શકતા નથી પણ રમુજી લખાણ તેના પુર બહારમાં અને જોમમાં કરી શકે છે. તેમ વળી થોડા એવાબી છે કે જેઓ રમુજી બોલી શકે છે અને રમુજી લખી પણ શકે છે. એ છેલ્લા વર્ગમાં આ "ઘડી ચપકા"-વાંચનાર ડીયર-તારી સમક્ષ આજે રજુ કરનાર મી૦ પીજામને મુકી શકાશે. મી૦ પીજામની આ ચોપડી મેં પહેલાંથી છેલ્લાં સુધી વાંચી છે અને મેં જોયું છે કે તેમાં ભરેલું ખુરચણ એક "પરમેનંટ વેલ્યુ"નું થઇ પડવું જોઇયે કે જે

રીતનું પુસ્તક મી૦ પીજામના પીતા શેઠ જેહાંગીરજી મરઝબાને "કૌટક સંગ્રહ" રૂપે કહાડયું હતું. રમૂજ ઘણી નાજુક બાબત છે; તેને એક તરફ સહેજ ઢલવા દેશો તો તે લુખ્ખી સુક્કી બની જશે અને બીજી તરફ સહેજ વળાણુ લેવા દેશો તો તે વલગર બની જશે, દાખલા તરીકે તમો એમ કહો કે "પેંગી સ્ત્રી મને ગમે નહીં," તો તે તદનજ લુખ્ખી રમુજ ગણાય; જો એમ કહો કે "એડી બટક બોહયા જેવું બાયડું મને ગમે નહી" તો તે ઠીક રમુજ ગણાય; પણ જો એમ કહો કે "ગુટણમાંથી વળી ગયલા તાંત્યાવાળી બયરી" તો તે "વલગર" ગણાય. આવી એ નાજુક ચીજને આ આખી ચોપડીમાં ઉતમ પ્રકારે નીભાવી રાખી છે અને કોઇ બી ફકરામાં કે લાઇનમાં એક કે બીજી તરફ ઢલવા દીધી નથી—એ ખરેખર તેના લખનારની ખુબી, શકતી અને સમજદારીની મોટી સરટીફીકેટ છે.

મેં જોયું છે કે કેટલાક લખનારાઓ પોતાને "રમુજી લેખક" ગણાવે છે, રમુજી ફકરા ઢગલા બંધ લખી મોકલે છે, રમુજી ફારસ વટીક લખીને તામશબીનો ઉપર સીતમ ગુજારે છે. એવાં મારી કુટીને ઉભાં કરેલાં રમુજી લખાણ વાંચતાં પણ આપણને રમુજ એ ઉપજે છે કે, "આએ બીચારાએ શું ઘસડી માર્યું, અને કાંય નકામો બાપડો રમુંજનું નામ બદનામ કરતો હશે?" એવી મારી કુટીને બનાવેલી "રમુજ" ઢગલે ધેડ આપણે જોતા હોઇશું અને તે વાંચવા પછી બીજીજ પલે તે ભુલી જઇશું. પણ ખરી રમુજના તત્વ સાથનું લખાણ કે એક નાની લાઇન આપણાં ભેજાંમાં

સદા ભમયાજ કરશે. "એટીટર અભાગયાનો એવોજ અવતાર !" એ નાનકડો વાકય કેવો જાબજન જાયજ થઇ રહેલો છે! તેનું કારણ શું! ફકત ચાર બોલમાં ફાંકડી રમુજ સમાઇ ગઇ છે અને તેથીજ તેને યાદગારી મેળવી છે, જેને માટે તેનો લખનાર (મી૦ પીજામ) મગરૂરી લેતા હોય તો હું અજબ થાવું નહીં.

પણ મી૦ પીજામને પીછાણનારા અને અંગત ઓળખ ધરાવનારા જેમ જાણે છે તેમ વળી બહારગામમાં વસનારા ખાસ કરીને પારસીઓને માહીતી છે કે મી૦ પીજામની કલમડી હજી જવાનીના જોરમાં કુદકરા મારતી રહી છે અને ભર જવાન વયે હજીતો હમણાજ તે પુગી છે તેટલાં તે તોફાની હથ્યારે કાંઇ રમુજી ફકરા લખવાની હદમાંજ ગડબડ મચાવી નથી પણ વાર્તાઓના પુસ્તકો અને નાટકો (એક હમણા "અફલાતુન" નાટક તઇયાર થાય છે તેની યાદ કરતાં) એ કલમડીએ ઘસડી કહાડયા છે અને વળી અનેકવાર એજ કલમડીએ એવા જોશદાર આરટીકલો ઠોકી મારી છે કે તેની અસર બાબેની વાત તો પારસી કોમના મોટા ભાગને પુરેપુરી રોશન છે.

વાર્તાઓના બાગમાં મી૦ ફીરોઝશાહ મરઝબાને પોતાનો સીકકો બેસાડયો છે અને હાલના ગુજરાતી નોવેલીસ્ટોમાં જેઓ સ્તાંડર્ડ-ઓથર ગણાવાનું માન મેળવવા પામ્યા છે, તેમાં મી૦ ફીરોઝશાહને દખલ મળી ચુકી છે. એવી એક વાર્તા રચતાં તેવણ શું કરે છે અને કેમ લખે છે તે તો-હું કાંઇક વીસ્વાસથી કહી શકું કે-જેટલું હું જાણું છું તેથી વધુ કોઇ બીજો જાણતો હશે નહીં. એક વાર્તા લખતી વેળા જુદા જુદા ચાર-પાંચ વાર્તાના પ્લોટને એકકમાં ગુંદી લેવા

ની એવણની કળા એક અઠંગ વાર્તા-લેખકને અદેખાઇ ઉપ જાવવા જોગ છે. પણ વળી અજબ જેવું છે કે ચાર જુદી જુદી નોવેલોનો પ્લોટ એક અખંડ પ્લોટમાં ગંઠાવી લેતી વેળા ગાબડ ગુછડ કરતા નથી અને વાહીયાત બનાવોને અલગ રાખી વહેવારૂ તત્વનો ઉમેરો કરવાને તેઓ ચુકતા નથી. જે લખનાર રમુજી લખાણ કરવામાં ઉસ્તાદ બનેલો, જે વાર્તાની રચના જમાવવામાં કાબેલ ગણાયલો, જે ચોપાનયાના માલેક તરીકે ફતેહમંદ ઉતરેલો અને જે "જામે જમશેદ" જેમાં બળવાન પત્રના અધીપતી તરીકે નામના મેળવી ચુકેલો તેની આ નવી નાની ચોપડીનો દીબાચો લખવાનું મારા નસીબમાં આવ્યું છે. તેથી હું ઘભરાટમાં પડયો નથી, રખેને વાંકુ ચુકું લખાઇ જાય એવી મને ચીંતા ઉપજતી નથી, પણ મનમાં એવીજ લાગણી થાય છે કે મારા એક માનવંત અને દીલસોઝ મીત્રની સેવા બજાવવાની આજે મને તક મળી છે અને ખરો સાચો પ્રમાણીક અભીપ્રાય રજુ કરવાનો મેં પ્રસંગ દીઠો છે.

પ્રીય વાંચનાર, આ દીબાચાની શુરૂઆતમાં મેં તને એક સવાલ પુછયો હતો-હમણા એક બીજો સવાલ પુછવાની ગોસતાખી કરૂં છું. કહે, મને પ્રમાણીકપણે કહે-તને ચીત્રો જોવા ગમે છે કે? કેવાં ચીત્ર જોવા ગમે! મહાન પુરૂષોના ફોટાંની એકુ આલબમ હાથમાં આવી જાય તો એકુ બે ફોટાં ચીપીચીપીને સંભાળીને જોઇએ; તે પછીના ત્રણ ચાર ફોટાં ઉપર ટપકેથી નીહાળ્યે અને પછીના પાના થાતોકલ ફેરવ્યા જઇયે. સીનરીઝના પીકચરો પણ જોયાં-નહીં જોયાં. પણ રમુજી ચીત્રો હોય તો એકબી જોયા વના છોડવા ગમે

નહીં. મેં અનુભવથી જોયું છે અને ખુદ મારી ઉપર પણ વીટયું છે કે રેલવે ટ્રેનોમાં રમુજી ચીત્રો સાથનું એક ચોપાન્યું કે ચોપડી સોહવાવનારૂં સાધન થઇ પડે છે.

વાંચી લખી નહીં જાણનારા અજ્ઞાન માણસોને જે ચીત્ર જોવાથી ગમત ઉપજે અને જે ચીત્ર જોઇનેજ તેનો ભાવાર્થ થોડો ઘણો સમજી જાય તે ચીતરો વધારે પસંદ કરવા જોગ થઇ પડે. રમુજી કારટુન તેવીજ ધપના બનવાં જોઇયે. રમુજી ચીત્ર અથવા કારટુન એવું હોવું જોઇયે કે તેની હેઠળ કાંઇ લખાણ કર્યું નહીંબી હોય તોબી તેનાથી ઉઠતો અર્થ સહેજ સમજી શકાય. હું જાણું છું કે ઘરડા અને જવાનોને, બુઢાંઓ અને બચ્ચાંઓને ચીત્રોનો શોખ હોય છે. ચીત્રવાળી ચોપડી હાથમાં આવતાં એક માણસ-સ્ત્રી કે પુરૂષ-તે ચોપડી મધેનું લખાણ વાંચવા અગાઉ પાના ફેરવીને ચીત્રો સઘળાં જોઇ જાય છે. એમ હોવાથીજ આજે યુરોપ અને અમેરીકામાં અને હવે હીંદુસ્તાનમાં ચીત્રો સાથની ચોપડીઓ પ્રગટ થવા પામી છે. કોઇ કોઇ ચોપડીમાં-અલબતાં હીંદુસ્તાનમાં છપાતી ચીત્રો સાથની ચોપડીઓમાં-મધરડા જેવાં એબીયલ ચીત્રો હું જોવું છું. તેવાં ચીત્રો નહીં આપે તો નહીં ચાલે? હુનરને એબ લાગે અને ચોપડીને કંગાળ બનાવે અને વાંચનારને ઠેકડી કરવાનું સુજે તેવાં ચીત્રો આપવાના કરતાં ચીત્રો વનાની ખોડી બાંડી ચોપડી ભલી. ચીત્રો તો આંખે ઉડી વળગે તેવાં જોઇયે-ચીતરો તો એવાં જોઇયે કે જે એક વાર નહીં પણ બાર વાર જોવા છતાં જીવ ધરાય નહીં.

આ ચોપડીને તેવાંજ ચીતરોથી સણગાર મળ્યો છે. “ચીતરોની ચાઇચાઇ અમુને ગમતી નથી” એમ કહી ટીચકું ચહડાવનારા કોઇ આસામી હોય તો તેને આ ચોપડી દેખાડીને સવાલ પુછી શકાશે કે “બાપુ આ ચીતરોને તમો ચાઇ ચાઇ કહો છો કે ભેજાંની શકતીનું પરીણામ કહો છો?” એક રમુજી ફકરાને લાયકનું એક રમુજી ચીત્ર બનાવવું અથવા એક રમુજી ચીત્રને લાયકનો એક રમુજી ફકરો બનાવવો એ એક હુનર છે અને તે હુનરમંદી આ ચોપડીમાં પાને પાને કદમબકદમ જોવામાં આવે છે. એક અકલમંદ માણસ એકવાર એવું બોલ્યો હતો કે ‘ઇંગ્રેજી ચોપાન્યામાં આવતાં કારટુનો જરા રતી ફેરફાર કરીને ગુજરાતીમાં લખેલા ફકરા સાથે છાપી મારે તેમાં શું વાઘ માર્યો!” પહેલાં તો મારે જણાવવું જોઇએ કે આએ ચોપડીમાં મોટે ભાગે તવો ગડબડ ગોટો થયલોજ નથી એમ મેં જોયું છે અને તેવી મારી ખાત્રી થઇ છે; ઘણા ચીતરો તદનજ ઓરીજીનલ છે એમાં તો શક નહીં. પણ જો કોઇ ઠેકાણે, કોઇ ચોપાન્યામાં, એક અસલ ઇંગ્રેજી કારટુનને ફેરવીને આપણા સંસાર વહેવારને લાગુ પડતું બનાવ્યું હોય અને તેને અનુસરતો રમુજી ફકરો તેની સાથે આપ્યો હોય તો તેબી એક હુનરજ ગણાય કેની! વાઘ તો નથી માર્યો પણ જે ચીજ સઘળા મામુલી માણસોથી નહીં બની શકે તે થોડાક મુઠીભર માણસો પોતાના મન અને સમજદારીના બળથી બનાવે તે વખાણવાજોગ ગણાય કે નહીં! આ ચોપડી માંહેલા ચીતરો દરેક ફકરાને અનુસરતાં બનયાં છે અને ચીત્રનો રંગ ફકરાઓમાં જેમ જામયો છે તેમ ફકરાની મજાહ ચીત્રોમાં પેશ થઇ છે.

થોડાક બોલોમાં ઘણો ભાવાર્થ સમાવી દેવો અને તે ભાવાર્થમાં રમુજી તત્વ દાખલ કરવું એ કાંઇ અનુભવથી કે શીક્ષણ લઇ તાલીમ મેળવવાથી આવડતું નથી. એને માટે ખુદરતી બક્ષેક્ષની જરૂર છે. આએ ચોપડીમાં લાંબુ પીંજણ હું જોતો નથી; ટુંકુને ટચ તડફડ ફફડાવી કહાડયું છે અને તે સાથે ભાવાર્થમાં રમુજનો ભંડાર ભરી દીધો છે અને તેથી સાર એ નીકળે છે કે ખુદરતી રમુજના જે આશીશ બુઝોર્ગ શેઠ જેહાંગરજી મર્ઝબાન ઉપર વરસ્યા છે તેનો વારસો તેવણના આ જવાન બેટાને "લાયનઝ શેર" રૂપે મળ્યો છે.

અજબ જેવું છે કે શેઠ જેહાગીરજી મરઝબાનના બેટાઓને આ દોલતનો વારસો પુગ્યો છે એટલુંજ નહીં પણ તેવણની બેટીઆ પણ તેમાં હીસ્સેદાર બની છે. પણ મારે કુટુંબ કબીલાની વાત હમણા કરવાની નથી. હમણા તો આપણા મી• ફીરોઝશાહ મરઝબાનની અને તેવણની આએ ચોપડીની જ ખબર મારે તો લેવાની છે. 'ગપસપ' ચોપાન્યા રૂપની એક બરણીમાં દર પખવાડયે જે ચુંટી કહાડેલો અને કુશળતાથી બનાવેલો ચવચવ મુરબ્બો જમા થયા કરે છે તેને આ ચોપડી રૂપે બહાર કહાડી તેનો સ્વાદ વાંચનારને નવેસરથી ચખાડવામાં આવ્યો છે. આગલા અંકમાં જે ઉંચા પ્રકારની નમુનેદાર રમુજો છપાઇ ગઇ છે અને જે અંકોની ફાઇલો હમણાં શોધી જડતી નથી તે માહેલા ફકરા, સ્કેચ, અને કવીતાઓને નવાં રૂપમાં રજુ કરવાનો વીચાર મી૦ પીરોજમને સુજયો છે, જેથી મી૦ પીરોજમ આ ચોપડી રૂપે પોતાના આગળાં સઘળાં નહીં તો થોડે ભાગનાં લખાણ એક જથ્થામાં સંગ્રહ કરી શકયા છે અને તે સંગ્રહ એ ગુજરાતી સાહીત્યમાં એક

નમુનાદાર વધારો કર્યો છે. અત્રે મારે એક લીટી એક સાહસીક અથોરનાનની સીફતમાં લખવી છે કે મી૦ દીનશા એદલજી કરકર્યાએ શોખીન પ્રજાની આગળ એક મોહ સ્વાદયું રજુ કરી પોતાની ચુંટણીની સારી સમજદારી દેખાડી છે. ગપસપ ચોપાનયાંમાં મી૦ પીજામના લખાણો ૧૮૯૨ નાં વરસથી પ્રગટ થતાં આવ્યાં છે, તે વરસો દરમયાન તેવણના લખાણનો કેવો મોટો સાગર ભરાયો હશે તે સહેજ વાચારી શકાશે, એ સાગર મધેથી જાળ નાંખી ને અને ગળ ફેંકીને થોડાંક પોખાયલાં અને સ્વાદદાર થઇ પડે તેવાં માછલા મી૦ પીજામે પકડી કહા ડયાં છે.

"ઓરીજીનલ" લખાણો એટલે શું! મારા ઉપર એકવાર મી૦ પીજામે આ સવાલના બાબમાં ધુજારો ચલાવ્યો હતો. જો તેવણ આએ ધુજારો મારી સામે ચલાવતાં ગપસપના એક અંકમાં કાંઇ લખાણ કર્યું હતે તો હું તેનો જવાબ આપવાની ઝાઝી દરકાર રાખતે નહીં, પણ તેમણે તો પોતા ની એક બળવાન વાર્તાના પુરતકના દીબાચામાં લેડ નાખેલી ચોખંડ આકરતી મધે લખીને બાપોકાર ટીકા કીધા હતા અને તેમ કરીને તે ટીકાને જાથુકની હૈયાતી આપી હતી. માટેજ મી૦ પીજામની આ ચોપડીના આ દીબાચામાં તેનો જવાબ આપીને હું પણ આ મારા જવાબને જાથુકની હયાતી આપવા માંગું છું. મારી જે વાર્તાઓ, નાટકો વગેરે ઓરી જીનલ છે તે ઓરીજીનલ હોવાનું મેં જાહેર કર્યું હતું તેથી મી૦ પીજામ ચીરડાઇ ગયા હતા. એવણનું કહેવુ એવું હતું કે ઓરીજીનલ લખો તો ભલે લખો—પણ ઓરીજીનલ છે એમ બોલો ના! એ વીચાર સાથે હું મલતો થતો નથી. એક લખાણ ઓરીજીનલ થયું હોય અને તે ઓરીજીનલ છે એમ જાહેર કરવામાં મોટો અજીમ ગુનાહ અને ખુન કરવા

જેવો અપરાધ થતો મી૦ પીજામ ધારતા હોય તો તેવણના વીચાર તેવણને મુબારક. હું તો એમ ધારૂં છું કે ઓરીજીનલ લખાણ હોય તો તેમ તે જાહેર કરવું કે જેથી ઓરીજીનેલીટી ની ખરી ખુબી અને ઓરીજીનેલીટીને નામનાં હંબગ તથા ક્યુબ ર વચ્ચે વાંચનારને સરખામણી કરવાનું બની આવે. મી૦ પીજા મની આએ ચોપડીને તમો શું કહેશો! એ "ઓરીજીનલ" કહેવાય કે નહીં? હું કહીશ કે એ મોટે ભાગે "ઓરીજીનલ" જ ગણાવી જોઇએ. એમ હું કહું છું તેના કારણ છે. એક ઇંગરેજી ફકરો હોય તેનો ગુજરાતી તરજુમો કરો તો ઇંગરેજી "વીટ" અને "હ્યુમર" નો જોશ તેમાં કદીબી આવે નહીં અથવા અસલ રમુજનો જીણો ભાગબી તેમાં સમાવી શકાય નહી. આખા ફકરાને નવુંજ રૂપ અને નવુંજ લખાણ મલવું જોઇએ. એ એક જાતની ઓરીજીનેલીટી છે અને તે ખુબી આ ચોપડીમાં પહેલાંથી છેલ્લાં સુધી સમાયલી છે. બીજું જે સ્કેચ લખ્યા છે, જે કવીતાઓ લખાઇ છે, અને સ્ટ્રીટ છપાયા છે તે શું તરજુમા છે કે? તે સઘલા ઓરીજીનલ છે અને તેટલા માટે આ ચોપડીને હું એક "ઓરીજીનલ-પ્રોડક શન" નું નામ આપવાની હીમત કરૂં છું, પણ એ "ઓરી જીનલ" હોયબી તોબી તે જાહેર નહીં કરવું એ!! મી૦ પીજામની તકરાર છે. એવણ સુગાઇ ઉઠે છે કે એમ જાહેર કરવાનું ગોજું લાગે. ભલે ભાઇ તમે જાહેર ના કરો—હું જાહેર કરીશ—પછી ગમે તેટલા તમે મારી ઉપર ખીજવાજો.

"ઓરીજીનેલીટી"ની તકરારના બાબમાં એક ઇશારો કર્યા વના હું પસાર થઇ શકતો નથી. ખુદરત કોઇવાર ચોડા

ચવીગી બને છે અને ખુદરતના તેવાં નખરાંનો એક નમુનો આ ચોપડીની અર્પણ પત્રીકામાં જોવામાં આવે છે. મી૰ ફીરોઝશાહ મરઝબાન હમેશાં કાંઇ નવું અને "નોવલ" બનાવવાની ખુદરતી બક્ષેસ ધરાવે છે અને તે બક્ષેસને પ્રતાપે તેવણે આ પુસ્તક નવી જ ધપે પોતાના બે ચરંજીવીને અરપણ કર્યું છે. ગુટણુપર બેસી મુછો તાણતા અને ચશમાને વળગતા નાના ગુલાબી ગોટાઓને બાનુ ફીરોઝશાહે આવી રીતે યાદ કરયા એ જોતાં તેવણના સઘળા ખેરખાહો અને હામીઓ ખુશાલ થશેજ જે ખુશાલીમાં મારો પણ ભાગ છે. પણ અહીં ખુદરત કેમ ચેડી ચવીત્રી બની છે તે હું તમોને દેખડું. પોતાના નાનકડાં ફુમલાં અને આવાં લખાણ સમજી જેરવી શકવાની કમ-સમજદારીવાળાં બુલકાંને પોતાની ચોપડી અરપણ કરવા જેવો "ઓરીજીનલ" આઈડીયા પેદા કરનાર તેજ બુલકાંઓને શીખામણો દે છે કે "બાપુ ઓરીજીનલ લેખક બનશો ના!" રોઝ બરોઝ ઓરીજીનલ આરટીકલ લખનાર, કદમ કદમ ઓરીજીનલ ટાહુકા ટુચકા બોલનાર, ગપસપને પાને પાને ઓરીજીનલ ખ્યાલાતોને ભરનાર આવી શીખામણ દે છે તો હું તેવણને ઠપકો આપતો નથી પણ ખુદરતની ચવીત્રી વળાણ હોવાનું ધારી લઉં છું. પીજામ શેઠ "ઓરીજીનલ" બોલની સામે ખીજવાયા છે અને તેઓ જેમ તેમ તેને કચડી બચડી નાંખવા માંગે છે તો ભલે-રાજી થવા દીયો તેમને. પણ હું તો પ્રમાણીકપણે કહીશ કે મી૦ પીજામ રગોરગમાં તન બદનમાં, ખ્યાલો અને વીચારમાં ઓરીજીનલ છે ને ફર છે!

હવે ઘણું લંબાણ થયું. આએ ચોપડી કુટુંબ કબીલાઓમાં એક વાર નહીં પણ દજનવાર વંચાશે એવી

હું આગાહી કરૂં છું. રમુજી લખાણ કરવામાં પોતાની શકતી અને કુશળતાની પુરેપુરી સાબેતી મી૦ પીજામે આ ચોપડી મારફતે આપી છે. ગપસપની કસારાંથી ખવાતી, ઉંધાઇથી વીંધાતી, અને સરદીથી સબડતી ફાઇલો મધેનાં ફાંકડા લખાણ નાશ પામતાં અટકાવીને આ ચોપડી રૂપે તે બહાર પાડવા માટે મી૦ પીજામને મુબારકબાદી ઘટે છે અને આ લખાણો આવી રીતે ચીત્રો સહીત બહાર પાડવાથી મી૦ પીજામે પોતે પોતાની સેવા પણ બજાવી છે.

રેલવે ટ્રેનમાં મુસાફરી કરતા હોઇએ, એખલા અતુલા આગબોટમાં સફર કરતા હોઇએ અથવા ભાઇબંધ ઉતારૂઓ માથે પડેલા અને કુંજલા ચણાવાલા જેવા બેઠા હોય ત્યારે આવી ચોપડી એક માનીતો મીત્ર થઇ પડે છે. પંદર વીસ મીનીટની ફુરસત હોય અને અવાચી ખાતા ઇજીચેર પર પડયા હોઇએ ત્યારે પાંચ સાત ફકરા આવી ચોપડીમાંથી વાંચીને હોઠ મલકાવીને હસવાનું બની આવે છે. કોઇને ઘરે મુલાકાતે ગયા હોઇયે અને શેઠ અંગોરવા બેઠા હોય અને આપણે દીવાનખાનામાં હસીને કોપરાં જોખવા માંડયે તેના કરતાં દીવાનખાનની ટેબલ પર આવી એક ચોપડી પડેલી હોય અને તેના પાના ફેરવતાં ચીત્રો જોતાં મનમાં હસતાં—ઓગલ કરવા બેઠેલા શેઠને લાગેલા વીલંબ માટે સરસવતી ભણવાનું ભુલી જઇયે છીયે. આવી એક ચોપડીને હું તો ખરાં જીગરથી આવકાર દઉં છું—વાંચનાર તું બી એને આવકાર દે છે કે નો?

લા૦ ગુલફામ

(જેહાંગીર નશરવાનજી પટેલ.)

છઠ્ઠીના લેખ !

કમતરીન કલમથી લખાઇને બાહેર પડેલું આ છઠ્ઠું પુસ્તક છે—કદાપી તે મારો "છઠ્ઠીનો લેખ" છે! અત્યાર સુધી ચોપડીના આકારમાં બાહેર પડેલાં મારાં લખાણોમાં ચાર વાર્તાઓ, એક નાટક અને એક સ્કેચ—રૂપી બાબદ (અં-ગ્રેમેનયુસ સાથ એગરીમેંટ") હતાં: પણ આ **"ઘડી ચપકો"** હવે તમો આગળ ધરી એક નવીજ દીશાએ મેં ડોકયું કરી જોયું છે. મારા પીતાજીના ૨૭ વોલ્યુમોમાં ચાર પુસ્તકો આ ઘડી—ચપકા કલાસના છે તે તમને માલમ છે; (૧) કૌતક—સંગ્રહ, (૨) રમુજી ફકરા સંગ્રહ, (૩) ટોચકા સંગ્રહ અને (૪) ખુશ દર્પણ. અને મી૦ જહાંગીર મરઝબાનના તે ચારો ઘડી—ચપકાઓને વાંચક આલમે કેટલો હરખભેર હેતવંતો આવકાર આપ્યો છે તેબી તમને કયાં અણજાણ છે? તો હવો-પાક અહુરમઝદનું પવીત્ર નામ મ્હોંપર લઇ આ મારા ઘડી ચપકાઓની સીરીઝનું પહેલું નંબર તમારી જનાબમાં પરીક્ષા માટે રજુ કરૂં છું. એમાં જો હું પસાર થયો તો એ ટાઇપના પરચુટણ ફીરકુલ રમુજી લખાણોવાળાં ઇલસ્ત્રેડ બીજાં ચાર પુસ્તકો બાહેર પાડું એટલો જથ્થો મારી પાસે આજે મારી ૨૫ વર્ષની અદના લેખક કારકીર્દીની અંદર અત્યાર સુધીમાં એકઠો થયલો છે તે હું તમારી સેવામાં હાજર કરીશ. અને નહીં તો પછી—! પાણીનો ગોટ ગળીને મુગા ગગડી રહીશું: બીજું શું વળી?

એ રીતે ત્યારે આ 'ઘડી ચપકો' પુસ્તક મારી નાકેશ કલમબાજીના સંબંધમાં એક "છઠ્ઠીના લેખ" મીસાલ છે. એ "લખ્યા લેખ"માં હવે શું મારી દશા થાય છે તે થોડા વખતમાં જણાઇ જશે! પણ વાંચક આલમનો શું ચુકાદો આવશે તે હું અગાઉથી આગમચેતી કરૂં છું. ગુસ્તાખી માફ કરજો, પણ હું ધારૂં છું કે વાંચનાર વર્ગને આ પુસ્તક પસંદ પડશે. મારો અનુભવ મને તેમ કહે છે. અત્યાર તુલીકમાં આ 'કલાસ'ના ટુકાં ને ટચ, પરચુટણ, હસ્મુખાં લખાણોનો એકાદ સંગ્રહ જયારેબી શોકીન વાંચક મંડળ સામે મેળવામાં આવ્યો છે ત્યારે તેને વાસી પડી રહેલો મેં જોયો નથી. મેં ઉપર કહયું તેમ મારા પીતાજીના એ ટાઇપના ચારો પુસ્તકો ઉપર વાંચક વર્ગની પ્રીતી હંમેશ ઝાઝી રહેલી મેં જોઇ છે. ભાઇ 'ગુલફામે' થોડા વખત પર પોતાનાં એવાંજ કીરકુલ રમુજી લખાણોનું એક પુસ્તક—'બેન ફાટક' બાહેર પાડયું ત્યારે તેબી તડાકામાર થોડી મુદતમાં ઉંચકાઇ ગયું. એ રીતે ત્યારે મારા 'ઘડી ચપકા'ના ફેઝ માટે મારા દીલમાં નેહ છે. તેમાં ખાસ કરીને એ ચોપડીમાં પાને પાને મેં ચીત્રો આપ્યાં છે એટલે તે વાંચનાર વર્ગનું ધ્યાન વધારેજ ખેંચશે એવો મને ભરૂશો છે પછી તો ખુદાને હાથ વાત છે.

૧૮૯૨ ના સાલથી-એટલે હું મેત્રીકયુલેટ થયો ત્યારથી —'ગપસપ'માં તેમજ 'લક્ષ્મી' ચોપાનયાંમાં અને 'જામે'માં અવારનવાર આડીઅવળી કલમકશીના "ચેડાં" કાહડવાનું મને વહેલું લાગ્યું હતું. આજે તેને પચીસ વર્ષો થઇ ગયાં! ૨૫ વર્ષ!—પા સદી! યા ખુદા એક જનમારો કોણ જાણે

ક્યાં ગબડી ગયો! પણ તે બધી જુની 'ગપસપ'ની ફ્રાઇલો પર અને જામેના કટીગોવાળી મારી ફ્રાઈલોપર જયારે હું અચાનક મારી નજર ફેંકું છું ત્યારે કોઇવાર મને વીચાર ઉપજે છે કે આ મારાં બધાં પરચુટણ લખાણોનો ઢગલો શું હ઼મેશ હવે અભડાઇઓ પરની ઉધાઇઓજ હવે વાંચ્યા કરશે? અલબત એ લખાણબાજીનાં ડુંગરાની અંદર ઘણુંક એક હશે કે જે ઉધાઇઓને વાંચવાને લાયકનુંબી નહી હોય! પણ અંદર થોડોક એવોબી મસાલો હશે તો ખરોજ કે જને સંભાગથી ચુંટી વીણી ને–સમારી સોહીને–ગાળી ઉકાળીને— ટીપી ટાપીને એક થોકબંધ ચોપડીના આકારમાં પ્રગટ કર્યો હોય તો તે લોક પ્રશંશા પામવા વગર રહેજ નહીં. તેવીજ કાંઇક ગણત્રીથી આ 'ઘડી ચપકો' દુનયાની રોશની જોવા પામ્યું છે. પરવર! તેમાં મને તારી મદદ હોજો!

એ કામમાં મને ઉલટ અને ઉતેજન આપનાર મારા દીલસોઝ દોરત મી૦ દીનશાહ એદલજી કરકરયા—આ પુસ્તકના પ્રગટ કરનારનો જેટલો આભાર હું માનું તેટલો થોડો છે. મારી છેલ્લી બાહેર પડેલી નોવેલ 'જીવ પર જોરાવરી' એજ ખરી ઉલટ અને કાળજીવાળા ભાઇએ 'પોતાના માણેક પ્રીંટીંગ પ્રેસ'માં એવી તો અચ્છી, સફાઇદાર, અને આર્ટીસ્ટીક રીતે છાપાને બાહેર પાડી કે સાચ્ચું કહું છું મારો જીવ બહુ ખુશ થયો હતો. ભાઇ દીનશાહ કરકરયાને "પારસી મેકમીલન"નો એલકાબ છાપાઓ તરફથી મળવા બાબે જેઓને તરેહવાર ચેષ્ટા સુજે છે તેઓને જવાબમા માત્ર મારી 'જીવ પર જોરાવરી, મારી આ 'ઘડી ચપકો' અને એવણનાં નાન

કડાં પ્રેસમાંથી બાહેર પડતી બીજી સ્વચ્છ, સુંદર છપાઇની હેનડસમ ચોપડીઓ ઉપર જરા ઉંડી નજર ફેંકવાની હું ભલામણ કરૂં છું. મી૦ દીનશાહ કરકરયા મુગે મ્હોડે પારસી સાહીત્યની જે સેવા બજાવે છે તેનેથી સામે હીસ્સેબી આજના કેટલાક મહાન "લેખકો" અજાવતા નથી, તેઓથી એક મુંજયો પાપટ ભાંગી શકાતો નથી—અને તે છતાં ખાલી હુસદ અદેખાઇને મારે એક રાંક. મહેનતુ, મુંગે મ્હોડના, કોઇનાબી બુરાંમાં હરગેઝ નહી રેહનાર અથોરનાન લેખક બીરાદરને તેઓ ઉતારી પાડવાની વેતરણ કરે છે–એ ખચીત શરમ ભર્યું છે.

મેં જણાવ્યું તેમ આ 'ઘડી ચપકો' ચોપડી મારા ભલા મીત્ર મી૦ દીનશા કરકરયાની ઉલટ અને હીમતને આભારી છે. સમજજો કે એ પુસ્તક "કઉતક સંગ્રહ"નો નાનકડો પીત્રાઇ છે. આજે જંજાલ ઝેહમતની આ જુલ્મગાર જીંદગીમાં એ ઘડી મનને હસાવનારૂં એક સાંચણુ કેટલું અવસ્યનું છે તે બાએ લાંબુ લેકચર હું તમને આપીશ નહીં. તમે ગમે તે વીચારો–પેલા આપણા કેટલાક જગપ્રસીધ્ધ, નામાંકીત ત્રાજીક પારસી લેખકો ગમે તે કહે–હું તો કહું છું કે જે વાંચનાર આ દુનયામાં એક 'કોમીડી'નાં કરતાં એક 'ત્રાજીડી' વાંચવાનું વધુ પસંદ કરતો હોય તે યાતા દીલનો ડાઘેલ અને મનનો મેલો હોવો જોઇયે–કે યાતો તેના ભેજાંમાં કેઠે ખલલ થયલી હોવી જોઇયે. ફરીથી કહૂં છું કે આ ખાકી જીંદગીની અંદર કુદરતી "ત્રાજીડી"નો અંશ દરેક માનવીના બાબમાં એટલી બધી તો તે **મહાન બાપે** પોતાની

કોણ જાણે શું બી ગુપ્ત ગણત્રી મુજબ મુકરર કરેલો છે કે તેમાં સેહજબી બનાવટી ત્રાજીડીનો બોજો ઉમેરવો એ કોઇબી કલમકશ માટે એક અજીમ ગુનાહનું કામ છે. તમે હજારવાર તકરાર કરશો, પણ હું તો મારો મકકમ અને સેવટનો વીચાર હરગેઝ ફેરવી શકનાર નથી કે આ જહાનમાં મનુષ્ય જાતના મનપરથી ગમી–ઉદાસી–શોકનો સેહજસાજ ભાર ઓછો કરવાની પ્રમાણીક તજવીજ કરતો એક 'કોમીક' લેખક સદા તે પરવરદેગારના આશીષ પામતો રહે છે: માનવી જાતનાં દુઃખ–નીરાશી–અફસોસીમાં, જાણી જોઇને કે અણજાણપણે, નાહેક ઉમેરો કર્યો જતો એક 'ત્રાજીક' લેખક હરહંમેશ પોતાના સરપર મુંગા શ્રાપો ખેંચી લેતો રહે છે!

અરે પણ સબર–સબર! એ હું શું લખવાની ધુણમાં છબરડો કરૂં છું? મને હવે એકાએક યાદ આવી ગયું છે કે હું પોતેબી કેઠો એક 'ત્રાજીક' લખનાર છું!!! તમે નહીં માનતાં?–જુવો મારી વાર્તા 'નસીબની લીલી'ના પ્રસ્તાવનામાં બેહસ્તી દાદી તારાપોરવાલા એવુંજ કાંઇ લખી ચુકયા છે–અને વળી હમણાં 'ત્રાજીડી' ના પેલા અદભુત ઓહમા મી૦ 'મશરેકે'બી કેઠે ભુસી મારેલું મેં વાંચ્યું છે કે હું (એટલે પીજામ) મારી વાર્તાઓમાં ખુનના બનાવો આમેજ કરૂં છું તેથી હું ત્રાજીક લખનારો છું! એક વાર્તામાં ખુન અને આગ–દગલબાજી વગેરેના બનાવો વર્ણવ્યા તેથી શું તે 'ત્રાજીડી'ઓ થઇ ગઇ? 'ડીક્ષનરી'માં જરા પહેલાં 'ત્રાજીડી'નો અર્થ વાંચી આવો ને પછી આવું નોનસન્સ લખો. વાર્તાઓમાં ખુન–આગ–લુટફાટ દગો મુદલ આમેજ કરવુંજ નહીં એમ મેં કયારે અને કયાં

કહ્યું છે? ખુદ **ત્રાજીડી**-ની સામે મારો વાંધો અને કરોધ છે. એક વાર્તાના કુદરતી "ડેવલવમેંન્ટ" માટે કોઇ વેળા અવસ્યના થઇ પડતા માનવી જાતના કાળી બાજુના ટચકાઓને જેઓ 'ત્રાજીડી' કહેતા હોય તો પછી તેવા "અકકલમંદો" સાથે વધુ તકરાર કરવા હું ના પાડું છું. તમે ભલે જોરાવર થોડાંક મનુષ્ય માત્રની નબલાઇ, હલકાઇ, દોંગાઇ, લુચ્ચાઇનાં પાત્રો લાવો—પણ તેનો ત્રાજીક અંજામ લાવી નીરદોશોની કતલેહામ ના કરો. બદીની, પાપની જીત ના બતાવો—સદગુણની, નેકીની હારમાં સેવટ લાવી તમારી ત્રાજીદીથી વાંચનારના હાડ ના કમકમાવો. સેવટ સમાધાન સારૂં લાવી વાંચકના મન પર સુખી છાપ મારો, શંતોષનું સીલ મારો, તેનું મ્હો હસતુ કરીને પછીજ તેની પાસે ચોપડી બંધ કરાવો. તેનું લોહી ઉકાળી, તેની આંખ્યોમાંથી પાણી ટપકાવી, તેની નસે નસ કમકમાવીને પછી ભલાંઓની અને બુરાંઓની એક સરખી ખુના મરકીમાં તમારૂં લખાણ સમાપ્ત કરતાં બાઝ આવો! બસ એજ મારૂં કહેવુ છે. આટલા ખુલાશા પછી બી જો તમારા ભેજામાં ઉતરતું નહીં હોય તો પછી હું લાચાર છું!

પણ એ હમેશનો રડન પાટલો જવા દેઓ! મને બી અભાગ લાગી છે કે કેટલાક રડતા ચનાવાળાઓ—જેઓ પોતે હસતા નથી ને બીજાને હસતાં જોવા ઇચ્છતા નથી—તેઓ સાથ ભેજાં દુખણુ કર્યાં કરૂં છું. ભાઇઓ—હું ત્રાજીક લખનાર **નથી**. એક કમકમાટ ભરી "ત્રાજીડી" લખવા અગાઉ હું મારી કલમને ચુલામાં બાળી નાખવા વધારે રાજી છું. **પણ** ત્યારે, ચપોરે! હું કોણ છું? હું કઇ રકમનો

લખનાર છું? મારા પેટમાં વળી એચીંતી બીજી ફાળ પડી આવી છે! મારો અઝીઝ લેખક ભાઇબંધ 'ગુલફામ' આ 'ઘડી ચપકે' ચોપડીના પ્રસ્તાવનામાં કહે છે કે—(યથા તારી મદદ!)—હું તો એક "ઓરીજીનલ" લખનાર છું!!! અરે બાપુઓ, કાં મને ગરીબ સમજીને બધા સતાવો છો? હું તાજીક લખનાર છું!—હું 'ઓરીજીનલ' લખનાર છું!!—અને રહયા સહયા એરવત મેહરજીભાઇ માદન તો સમ સોગંદ ખાઇને કહે છે કે હું (પીજામ) તો એક હલકારૂ લેખક છું!!! હવે માનુંબી કોણનું? હું ગુંગળાઇ ગયો છું! મને કંઇજ સમજ નથી પડતું!—તમારા સમ!

ઓરીજીનલ લેખક! આહ, 'પીજામ' એક ઓરીજીનલ લખનાર!! હજી કોઇએ મને કહયું હતે કે પીજામ એક મસાન્યો અને જુદદીન્યો છે તો તે હું વધારે માનતે!! ભાઇ ગુલફામે વળી આ ઓરીજીનાલીટીનો પીજન પાટલો વચ્ચે લાવી પાછું રોખરૂં જગાડયું છે. એબી મારો મીત્ર મને સમજયા વગર ગોટું ખાયા કરે છે. રે ભલા ભાઇ—એવો કોણ મુંજી, બેવકુફ, કમબખ્ત, ભેજાંનો ખાસેલો હશે કે જે ખરેખરાં ઉત્તમ **ઓરીજીનલ** લખાણ કરવાની ખુદાઇ અદભુત શકતીને તુચ્છકારી કાહડતો હશે! સાંભળો: આ છેલ્લી વાર સાંભળો? મેં એમ કહયુંજ નથી કે ઓરીજીનલ લખાણ ના કરો! કરો—હઝાર વાર, લાખ વાર ના કરો! પણ "ફારસી કુત્રી ચકાસ" જેવું કાંઇ છાતી પર ડોહવાઇ આવે તેવું "ઓરીજીનલ" [ઇનવરટેડ કોમાઝવાળું "ઓરીજીનલ" (!!!!)] લખાણ ના કરો——ઓ, ખુદાને ખાતર ના કરો! અને જો

કરતાજ હોવ તો—રે ભાઇઓ—તમારાં નહી પણ **અમારાં** ભેજાંની શાંતીને ખાતર ઘેરના છાપડાં પર ચઢીને ઘાટાં ના પાડયા કરો કે "એ તો મારા જેવા પ્રતીષ્ઠીત લેખકનુ **ઓરીજીનલ**—તદ્દદન, બીલકુલ્લ ઓરીજીનલ—લખાણ છે!" તમે ધારોછો તેટલાં વાંચનારાંઓ કાંઇ અન્નાડી નથી.

મેહેરબાન વાંચનાર—આ મારાં 'ઘડી ચપકો' પુસ્તક માહેલું ખુરચણ 'ત્રાજીક'બી નથી ને 'ઓરીજીનલ'બી નથી. લ્યો, સાફ સાફ કરી દઊં છું કે તે જુદે જુદે વખતે 'જામે'માં 'ગપસપ'માં, 'લક્ષ્મી'માં આવી ગયલાં મારાં લખાણોનું એક ઓમટું ગોમટું પચરસી—ઇંટુ છે, જે મોટે ભાગે ઇંગરેજીપરથી સેહજ ફેરફાર સાથ "કોમરાદ" થયલું છે. તે તમને જરૂર રૂચશે એવી મારી ખાત્રી છે. કેમજે આ જના ભારી રોકાણના જમાનામાં એક લાંબી વાર્તા યા ચાલુ બાબદના કરતાં આવી કીસમના ચટ-ને-પટ વાંચીને ઘડી ચપકા માં પુરાં થાય તેવાં કાંઇ "લાઇટ"—રમુજી—ખુશ મીજાજી વાંચણ માટેની માંગણી વધારે છે. કાંઇક વીસવાશથી આ પુસ્તક તમારા હાથમાં મુકું છું. જેવી ગરીબપર મેહર બાની છે તેવીજ રાખજો!—ખુદા તમારૂં ભલું કરે!

એવટે મારા હમશરીક બીરાદર અને દીલસોઝ દોસ્ત ગુલફામનો એમના પ્રસ્તાવના માટે ઉપકાર માનું છું. એ ભાઇએ મારે માટે ઘણુંક ગળ્યું ગળ્યું લખ્યું છે જે એક મારા જેવા એક કમનસીબ બીન-ઓરીજીનલ લખનાર માટે મુદ્દલ છાજતું નથી—પણ—ખેર! ખુદા હાફેઝ!

લા૦ હુવાગીર,

ફીરોઝશાહ જહાંગીર મરઝબાન.

ખોરદાદ સાલ, ૧૨૮૬.
રાશીદ બીલ્ડીંગ, ન્યુ ચરનીરોડ
મુંબાઇ.

ઘડી-ચપકો.



"જોવ બાપુજી ! તમે તો સદાના વીસરભોળા છો ! રોજ તમારું ચુપચાપનું ડાચું જોતાં જોતાં હવે તો મનું ઉબાઈ આવ્યું ! સમજ્યા કે ? આજે સાંજે ઘેર આવો ત્યારે પેલા 'પોનમ' ની "ઘડી ચપકો" ચોપડી સાથે લેતા આવજો !— શું કીધું ? ધ્યાનમાં ઉતર્યું કે ? નહીં તો રાતે ભૂખ્યા સુઈ જવું પડશે જો !"

વીદવાન બુચો.

મારા દોસ્ત માકુ મસાનીનો એક પુરો એક પાંચ વરસનો બુચો છે. માનેક તો એમજ સમજેછે કે એના બેહેલી જેવો ચબરાક બીજો કોઇજ છોકરો હશે. એક દીને તે મારે ત્યાં મળવા આવ્યો અને પોતાના બુચાને લેતો આવ્યો.

“ અરે એને કંઇબી કેહીએછ કેની, તે એના ભેજામાં ચપ દઇ ને ઉતરી જાયછ. તું એની સાથ વાત તો કરી જો. હું હમણાં થોડા વખતમાં બાહાર જઇ પાછો આવુંછ.”

મેં બેહેલીને આગળ તેડયો.

“ જો સાંભળ બેહેલી, મારો નાહલો હીરજી છે કેની, તેને એક દહાડે—”

“ હીરજી કોણ ? ”

“ હીરજી, મારો છોકરો ; તેને એક દહાડે તેના માયે— ”

“ કોણના માયે ? ”

“ હીરજીના ; એક દહાડો તેના માયે તેને એક લાકડી રમવા આપી અને— ”

“ કોણને લાકડી રમવા આપી ?”

“ હીરજીને; અને કહ્યું કે— ”

“ કોણે લાકડી રમવા આપી ?”

“ અરે એમ શું કરેછ જો ? હીરજીના માયે હીરજીને લાકડી રમવા આપી. હવે સમજયો કેની ?

“ હં ! હં ! હવે સમજ્યો.”

"અને તેના માયે કહ્યું કે—"

"કોણના માયે ?"

"હીરજીના, અને તેને કહ્યું કે—"

"કોણને કહ્યું ?"

"અરે ઘેલા. કેટલી વખત કહું ? હીરજીને કહ્યું, વરી બીજા કોણને ?"

"હીરજીને ? અં ! પછી ?"

મારે બદલે બીજો કોઇ હતે તો અત્યાર અગાઉ છેડાઈ પડતે. પણ આપણે જોયું કે હોય, એ તો બચ્ચાં છે.

મેં વાત આગળ ચલાવી.

"અને હીરજીને કહ્યું કે, 'જો સંભાળજે હાંડી બાંડીને નહીં લાગે."

"હીરજી એમ બોલ્યો કે ?"

"અરે નહીરે, તેના માય એમ બોલ્યાં."

"હં ! હં !"

"હા, અને લાકડી કેઠે—"

"કેઇ લાકડી ?"

"હીરજીની."

"હવે સમજ્યો."

"અને લાકડી કેઠે ખોબાવી ના નાખતો. પણ હીરજીએ લાકડી એમ તેમ ફેરવવા માંડી અને તેથી એક મહજનનું પ્યાલું ભાંજી નાખ્યું."

"કોણે ભાંજી નાખ્યું ?"

"હીરજીએ"

"હં."

"અને તેના માયે જ્યારે તે જોયું ત્યારે ચાકરોને પુછ્યું કે આય પ્યાલું કોણે ભાંજ્યું ?"

"કીયું પ્યાલું ?"

"ચકરમ! જે પ્યાલું ભાંગી ગીયુંતું તે."

"હું ? સમજ્યો."

"પણ જ્યારે હીરજીએ તેઓને વાત કરતાં સાંભળ્યાં—"

"કોણને સાંભળ્યાં."

"તેના માય અને ચાકરોને."

"કોણના માયને ?"

"હીરજીના."

"હું! બરાબર, બરાબર."

"જ્યારે તેઓને વાત કરતાં સાંભળ્યાં ત્યારે તેણે સાચ્ચું બોલી દીધું. ત્યારે તેના માયે ખુશી થઇ કહ્યું કે કંઇ નહીં દીકરા, તું જુઠું બોલે તે કરતાં એવા સો પ્યાલાં ભાગે તે પરવડે."

"એમ કોણ બોલ્યું ?"

અત્રે માનેક દાખલ થયો, "કેમ દોસ્ત, મારા બેહેલીની પરીક્ષા લીધી ?"

"હા, હું ધારૂંછ કે આગળ ચાલતાં જરૂર એ એક મોટો વીદવાન નીકળશે."

માકાસના હઇયાં હરખાઇ ગીયાં. "કેમ દીકરી, એવણે તારી સાથે શું વાત કીધી ?"

"એવણ બોલ્યા, પપા, કે એવણના માયે એક છોકરાને એક પ્યાલું ભાજવા કહ્યું ને બોલ્યાં કે એક પ્યાલું ભાંજવા કરતાં સો જુઠું બોલવું પરવડે."

"હું ખેણપુરનો ખબરપત્રી બડો ખબરદાર !"

ન્યુસપેપરના એક ખબરપત્રીનું "કોનફેસાંઉ."

કીધાં શું હશે મેં પેલે ભવ પાપ,
કે થયોછ અહીં સેહતા મુજ જીવને સંતાપ ?
લાગીછ, બા, મુજને હાલ એવી અભાગ,
કે "ભુતડો" થઇ ચાંપ્યોછ મેં છાપા સાથ લાગ.
ચઢયુંછ મુજ મસ્તકે જોશદાર લખાણ,
બાઝે વખ્ત થાયછ મને પેનસીલની તાણ;
લખવા મેં માંડીછ કાંઇક ખબરો, યાર,
હું ખેણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

રોશન છે તમને, ઓ લોકો તમામ,
કૌતકઆબાદ પાસે ખેણપુરનું ગામ;
રહીશ હું ત્યાંનો—છે ઉંચો મુજ ટેક,
છું અંજુમન ત્યાંનીનો અગ્રેસર એક.
'ગરભછાંટ ગેઝેટ' પર મોકલુંછ વર્તમાન,
—ઋતુના ફેરફાર ને મરકી મોહકાણ.
હું પ્રેસનો પ્રતીનીધી ગામમાં આશકાર,
હું ખેણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

દોસ્તના રે થયા છે કચકાંઇ દુશમન,
કચકાંઇની મેહરનું છે ઉતરેલું મન;
ઉગ્યાંછ મુજ ટાલકપર જોખમનાં ઝાડ,
(કચકાંઇનાં બંદાએ ધ્રુજાવ્યાંછ હાડ !)
જે દીનથી લખવા મેં ઉચકીછ કલમ,
છું તે દીનથી હાડમાર–છે તબીયત નરમ;
પડેછ ધુમ ટપલા, ખાઉંછ ગાળો બીસ્યાર;
છું ખેણુપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

આઠ દહાડે મોકલુંછ કાંઇક પંચભેળ ખબર,
પસંદ નહી પડતી તે કોઇને મગર.
અગતની વીગતને માનેછ "ડફાંસ",
લાયકની વખાણને લેખેછ "ચીકાસ."
જો ટીનપાટીયા એકુની લીધી નહીં દાદ,
તો ગેયલીજ છે આરીસપર લાંબી ફર્યાદ;
નનામાં પત્રોની એલફેલ અપાર,
છું ખેણુપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

મેં પ્રથમ જ્યાર ખાનગીમાં ચલાવ્યું કામ,
ચટપટ થઇ ચોમેર મુજ જાણવાને નામ;
છુપ જાહેર કેટલાકે કીધી "તપાસ" (!)
નામ શોધવા મળી ગુપ્ત–કમીટી ખાસ.
હાથ પંગ પછાડીને પીધ્યા બી બાલ,
કેટલાકે જાણવા તે લખનાર ચંડાલ;
બબડાટ ને ફફડાટનો રેહયો નહીં પાર,
છું ખેણુપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

પણ આવ્યાં દેહ આવી ગઇ મારીજપર ધાડ,
તુટા મુજ માથાંપર જંજાલના પાહડ.
ફુટો કેમ—સાંભળો—એક દાહડે ભરમ,
કીધી મુજ તારીફ **મેં પોતે** ગરમ!
વખાણ લખી મારીજ, નહીં રાખી સંભાળ,
આતો મેં બાફ્યો! (ઓ મીસ્ટેક કંગાલ!)
ઝટવારમાં અટકળ થઇ બંદાને દ્વાર!

હું ખેણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

પણ તે દીનથી શીરૂ છે મારાં સઉ દુ:ખ,
—શું કાહાણીઓ કહું તમને ખોલીને મુખ?
બોગ લાગવે જાઉં છું કોઇ મીજલસ અંદર,
તો કેહેછ—"પેલો આયોછ, કંઇ લેવા ખબર!"
કોઇ ઘરમાંબો ગયો તો સર્વે ચુપચાપ!
"ઓ છાપી કંઇ મારશે-સંભાળ, મારા બાપ!"
નજર મુજ પડતાં બસ થઇ રેહેછ ચકચાર—

હું ખેણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

ખેણપુરથી બીજો કોઇ લખશે જો ખાસ,
-કોઇ અલફાતુ અણજાણ્યો, સુખલો જામાસ-
તોય તવાઇ તો મારીજપર-"એજ બદબખત!
ચીતરયુંછ એણેજ આય જુઠ્ઠું ગલત!
જાણ્યા જોયા વગર સાચી સઉ વાત,
છાપેછ બસ જુઠું—બીલકુલ સહુરાઘાત;"
પડેછ, બાપુ, હંમેશ આમ નાહેકનો માર,

હું ખેણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

એડીટર રાજની પણ ક્યાં છે કદર?
ખામીઓ કહાડેછ તે સર ને બસર.
હીરા સમ "લેટરો" સમજેછ બેરસ,
મળેછ મુજ મેહનતને ટોપલીનો જશ.
કોઇ દહાડોબી રેહતો નહીં મારેથી ખુશ,
"ચુકોછ કેમ વારંવાર અગતની ન્યુસ?
પીંજન નહીં જોઇતાં—બસ મોકલો ટુંક સાર,"
હું એણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

છે અહીંના પારસીઓનાં એવાં લક્ષણ,
કે ૧૩ જણની વસ્તીમાં તડાં છે ત્રણ!
પીસી ટોટા એકમેકના—વળે છે વાજ,
એકને ચઢાવ્યો તો બીજો નારાજ!
કહું તોબી કોણને હું ગામમાં વડું?
શું કરૂં? મરૂં કે માંદો પડું?
કોઇ વેળા થઇ જાઉંછ હું જીવસે બેઝાર!
હું એણપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

જે રોજથી લીધીછ આ વીચીત્ર વેઠ,
તે રોજથી પોંહચ્યોછ હું સોનાપુર હેઠ!
આવેછ હવે જયાર ત્યાર આબાદ મારે ઘેર,
નોટીસનાં ચીઠરાં—સવા કુદીએ શેર!
નહીં જપીંને બેસતો હું દીવસ કે રાત,
થઇછ હાડકાંબી સેકવાની આડકત્રી વાત;
નથી મારા જીવને કંઈ ચેન કે કરાર,
હું એણપુરનો ખરપત્રી બડો ખરદાર!

એવી તો આફ્તો અનેક છે, દોસ્ત,
ઘસોરા ખમતાં રોજ ઝરી જાયછે ગોસ્ત.
નથી એ વહીત્રામાં પાઇની હાંસીલ,
એ અપજશનાં કામપરથી ઉઠયું છે દીલ.
એડીટરને લખુંછ હું વળતે ટપાલ—
"નહીં હવે જોઇતી એ પીડા જંજાલ."
બસ ન્યુસપેપર કાઢવાનો રાખુંછ વીચાર,
હું એણુપુરનો ખબરપત્રી બડો ખબરદાર!

ઓ મારૂં નાક !

બીચારા બમનજી ખુપરાતું નાક ઘણુંજ લાંબું હતું. પોતાની જબરદસ્ત લાંબી ચાંચને માટે બમનજી પોતેબી શરમાઇ જતા. એક વાર તેવણુ એક અંધારા ઓરડામાંથી ચાલી જતા હતા. ટીકરીના લગાર ઉંચા હોવાથી બમનજીને પોતાના નાકને માટે ધસ્કો પડયો. રખેને કોઇ ચીજ સાથે પોતાનું લાંબું નાક અઠડીને છુંડાઇ જાય એવી બીકથી તેવણે પોતાના બેઉ હાથો લાંબા કરીને ધીમે ધીમે ચાલવા માંડયું. તેવણુના કમનસીબે એવું બન્યું કે બારણું ઉઘાડું હતું તેનું એક ફડકું બમનજીના બેઉ હાથોની વચ્ચેથી થઇને નાક સાથ અથડી પડયું. બમનજી બહુજ ખીજાઇ ગયા.

"એનું સત્યાનાસ થાય એનું! મારૂં નાક લાંબું છે એ તો હું જાણુંછ, પણ મારા હાથો કરતાંબી તે વધારે લાંબું છે તે તો મેં આજેજ જાણ્યું."

ધનજી ઘાસલેટના બુચાની પહેલવહેલી સબી !

કમબખત દારાબ અંતે હસ્યો કેમ ?



અરે આ-આપણો પેલો દોસ્ત ઘાસ-લેટ ધનજી, તેના પ-હેલવહેલા બુચાનું પહેલવહેલું સરસ ઈસ્યુ-તે-ઘણીયા-ણી થતી તો બબુ પાડી બેઠી કે બસ ગો છબરડાની સ ગીજ પડાવી આ-વ્યે. ધનજી, તેની બૈરી, ધનજીની સાસુ, ધનજીનો સાળો અને સાળાનો એક છોકરો કરી આ ફોટો નાનકા દારાશાહ સાથ એસકોર્ટ તરીકે ફાલબાહોરી એક ફોટોગ્રાફરને ત્યાં ગયાં. દારાબને બેસાડ્યો-ફોકસ લીધો-પણ દારાબ તો કહે કે હું તો બસ હસતું મોહનું કરૂંજ નહી! ઘણીએ તાળીઓ ઠોકી-પણ અફાળ્યા-ઉરરરરર હુસ હાસ કીધું-પણ દારાબશાહ તો હસીજ નહી મરે!-ઘણાંએ ફાંફાં માર્યા-પણ દારાબની બસ ના તે નાજ! મી૦ મશરેકના રમુજી બે ત્રણ લખાણ વાંચી સંભળાવ્યાં તોએ દારાબ નબાદગીયા હસો નહીં. રમેસ્તાર મ ડયાની આગી



શોજના અને આ-
ખું પ્રોગ્રામ વાંચી
ગયાં તોબી હસ્યો
નહી ! પછી મ્યુ-
ઝીક ગાઈ કરી
જોયું. માસીએ
એક ખુમચાપર
ચમચો અફાળ્યો,
નાહલ્લા પેસુએ
ગ્રામોફોનનું ભું-
ગળું ફુક્યું, સા-
સાએ પેતું રમવાનું વાજું લઈ છાતી તોડી નાખી—પણ હારાય તો
બત્રીશનો કંઇ મોટો ગુજરાતી ટ્રેજડી લખનાર નીકળવાનો
હોશે કે શું તે બસ નહી હસ્યો તે નહી !—હવે ? કરવું શી



કેમ ? ઘાસલેટની
બરણી એક તો
એંટાલ મુવેલી.
કેહેજો "મારા
જ નરહનો દીક-
રો હસતુ મોહડું
કરે તોજ સબી
પરવા દેઉં—નહી
તો બસ્યું તમારા
જેવું છાણના પો-
દરા જેવું ડાચું
કરીને બેસે તો હજુન પાછાં ઘેરજ જઈએ." ધનજી તો પસીનો
પસીનો પડીને તરબોર થઈ ગયો. ફાટોગ્રાફર હાંફવા લાગ્યો,
સાળો થતો હાંસવા લાગ્યો, સાસુજી હાંસવા લાગી ! અંતે

થોડી હાવભી ત્રાઇ કર્યો—ફોટોગ્રાફરની પીઠ ઉપર ધનજી બેઠો, ધનજીનાં ખભાપર સાલો ચઢયો. પણ ઉંહું! દારાબના ધ્યાનમાં તે હાઇ ક્લાસ કામીડીઓ કંઇ ઉતરી નહિ!



આ બધી ધમધુમર ચાલતી હતી તેવારે એટલું રાખડું થઇ રહેલું પ.સેનો જમનુ પપાંઉ ચોરની બડઘાને દેવાલપર ચઢી આવ્યો. તેના મનમાં કે પાસે આગબાગ લાગી કે શું? તેટલાં—એ! છેક ઉપર બેઠેલા સાલાએ બાલાન્સ ખોઇ દહીધું ને આરીસાં થઇ ગયો. ધનજીઓ સાથે ઝીંબાયો—ફોટોગ્રાફરે નાકધસની ખાધી—પેસુ અને કેમેરા એકમેકમાં વીટલાઇ ગયા! સાસુએ બુમો પાડી—મોસીસે ચીસો પાડી—અને **ત્યારેજ**—આહ! ઘેડાનો બાબો દારાબ **હસ્યો** !! હા—પનોતો ટ્રેજેડી લખનાર પાળણાંમાંથીજ જણાય.

ધણીયાણી—(નાટક જોઇ આવ્યા પછી) કેમ, ડીયર, તમુને નાટક પસંદ પડયો કે?

ધણી—હા, બધી વાતે તો સારો છે, પણ બીજા ભાગમાં જે બનાવો સાત વરસના ગાળા પછી બનેછ તે છતાં પેલી શીરીનના દીલપર સાડી તો જેની તેજ ઉતી!!

સજ્જડ સપાટામાં આવી.

અદી એસ્કાની માનીતી નાની બેહેન આલાં જરા હેપાવળી અને બોલીહરાઝ હોવાથી તેનુ સઘળે વખણાઇ જાય છે. બીચારા અરદેશરને તો તે તુફાની બારકસ બીલકુલ ગણકાવતીજ નથી. ગુસ્સે થવાનું ડોળ ઘાલી એહુઆ જરા ખોટા ખોટા ડોળા કકડાવેછે તો લાગલી તરાતર જવાબ આપી ચાર લોકના દેખતાં તેને ચાટ પાડી મુકેછે. બરીયાળો જેવો બોચી બજાવાડીને પછી અદી મુંગા બેસેછે,—બીજો ઉપાય શું? બા, છોકરી જરા સોની લાડકી છે.

અરે, એ દુકતીના હાથ કાંબ વગાવગાના છે, તોબાહ! તોબાહ! અદી બહાર આરીસમાં જાય કે તરત તેના ઓરડામાં દોડી જઇ ત્યાં બધું મુકેલું મેલેલું ચુંથી ચબડી નાખે. ખાળાં બંધી કહાડી ત્યાં મેલેલાં તેનાં ખાનગી કાગળો ઉઘાડીને મજેહથી વાંચે, અને પછી નફ્ટ નાકે સાંહજના હસીને અદીને તેના સઘળો સાર કહી જાય! અરદેશરનું પાણીને પોણો તો એવું થાય કે બસ નહીં. ઘણુંએ પતાવીને, સમજાવીને, ધમકાવીને કહ્યું—પણ આલી બંદીના ધ્યાનમાં તે ઉતરે નહીં. આખરે એક દહાડે આલાંમાય સજ્જડ સપડાયાં. અદી સાહાંજના આરીસમાંથી એક દહાડો ઘેર આવ્યો કે તે આલાં તેની પાસે દોડતી દોડતી આવી.

"અદી, આજે મેં તારા ઓરડામાંથી તારૂં નવું સેન્ટ ચક્ષાવ્યું. આહ હા, હા, હા, હા! કશું નહીં, બસ એમજ જોવાને, બહાર શું કામ મુકી ગયો? સેન્ટ તે કાંઇ ગમે

તાંહ નાખી જવાનું છે ?”

અદી અજાયબ થઇને આલીનું મોહોડું જોવા લાગો.

“ નવું સેન્ટ ? એ શું બકેછ ? સેન્ટ હું કોઇ દહાડો વાપરતોજ નથી.”

આલાં તો ખુબ ગેલમાં આવીને સામી અદી ભણીના “ કોરા” કહાડવા મંડી—

“ હી-હી-હી ! કેવું મજેનું પમરતું છે-અં ! આખરે તો બા એ બાટલીજ તફડાવીને—

“ ઓ આલાં, એ—એ તેં લીધું ? તે શું-કાંહ લગાડ્યું ?”

અદીનો આ ગભરાટ જોઇ આલાં ખુબ હસવા લાગી. જેમ જેમ તે વધારે ચીરડાય તેમ તેમ તેણીએ કલવાઇ કલવાઇને હસવા કીધું. આખરે તે બોલી—

“ મુને કાંઇ મજેનું પમરતું ઉનું તે મેં બોબલો ભરીને હાથમાં લઇ આખા મોહોડાંપર ઘસીને લગાડ્યું.”

હવે અદીની હસવાની વારી આવી. તેને બેઅખત્યાર હસવા કરતાં જોઇ આલાં જરા ગભરાઇ.

“ ઓ બાપ, એમ હસવાનો સાએ વા વાગો ? એમ મર-ડાઇ મોરાઇ સાના જઓછ ? બોલવા હોવ તો બોલી દેઓની.”

“આલી, તું મને હમેંશ એમ કંટાલો આપેછ. સાલ, આજે ઠીક છટકાંમાં આવી. એ શીશામાં કંઇ સેન્ટ છે કે ? ચેતી, એ તો મારી મુછો વધે હું દવા લાયો” તો તે છે ! એ જો જરા લગાડે તો રાતના એક ઇંચ જેટલા બાલ ઉગી નીકળે, સમજી ?”

“ ઓ, મરેરે ! ”

"એ હવે મરેરેબી નહીં ને ધરેરેબી નહીં. આવતી કાલે જોજોની ગાલપર મોટા મોટા ડેગીયા અને હોઠપર લાંબી લાંબી મુછ ઉગેછે કે નહીં તે ? આહ હા હા હા હા !"

આલાં રડવા જેવી થઇ ગઇ. તેની આંખમાં આંસુ આવી ગીયાં અને દયાહ જઇ ચુપ મુગીમંતર ઉભી રેહી થોડો વાર તો અદીએ તેણીને એમ બીહવડાવ્યા કીધું, પણ પછી તેનો જીવ બળી ગયો. તેણે જ્યારે સમજાવીને ધીરજ આપી કે "હું તો અમસથી મશકેરી કરતો હતો" ત્યારે તેણીના પેટમાં પાછો જીવ આવ્યો. પણ તે દહાડેથી આલાંએ પોતાની નકારી ટેવ છોડી છે. એ નુસખો કોઇ બીજા ભાઇને કામ લાગે તો બેલાશક લેવો.

સરત પ્રમાણે ચાલો, બા !

પાલનજી પાંઉચોરે પાનસો રૂપે એક ઘોડો વેચાતો લીધો અને એવી સરત કરી કે હડીસો રૂપ્યા તુરત ભરી દેવા અને બાકીના હડીસો રૂપ્યાને માટે કરજદાર રહેવું. મહીનાઓ ઉપર મહીના નીકળી ચાલ્યા પણ પાલનજી બા તો બાકીના હડીસો રૂપ્યા તોલવાની વાતજ નહીં કરે. જ્યારે તેવણનાં માંગનારે ઘણીજ ચાંપતી ઉઘરાણી કરી ત્યારે તેવણ ઠંડે કલેજે બોલ્યા, "નારે સાહેબ, એ શું તમે વાત કરોછ ? આપણી સરત શું હતી ? હડીસો રૂપ્યા તુરત આપવા અને બાકીના હડીસોને માટે કરજમાં રહેવું. હવે જો હું તમુને બાકીના હડીસો આપી દેઉં તો મારેથી તમારા કરજમાં કેમ રહેવાય ? આપણી સરત મુજબ ચાલો, સાહેબ."

"ઓહ ! મને કંઈ એવું થાયછ—!"



ઓ જરાં—પ્યારી જર ! એવું થાયછ, ઉહ આહ—એવુ કંઈ અહી થાયછ જાણે આય મારૂ દીલ બસ એકદમ–



તારી તરફ ઉડીજ આવેછ !—
ઓહ !!

બાઇ—(ગુસ્સાથી) પસ્તનજી, આએ તમારો નારણ તો કોઇ ખરેખરો હગ્નમ છે જો. મુવાને કાંઇ વીસ વખત મેં સમજાવી સમજાવીને કહયું હોસે તોબી હજુ એના ભેજા માં કાંઇ ઉતરતુ નથી.

શેઠ—(ધીમે) ખરૂં છે. ડાયર, પણ જો એ નારણ ફકત ઓગણીસ વખતજ તારૂં કહેલું સમજી જવાને શકતીવાન હોતે તો તારે ત્યાં આઠ રૂપીયે ચાકરી શું કામ રેહતે ?



"કહુછેકે પ્રોફેસર હજીપોપો પોતાનું ખાસ ઇનસ્ટ્રુમેંટ એવું તો ફક્કડ વગાડે છે—એણે એવું તો ફાંકડું વગાડે છે—કે સાંભળનારાઓના વાળે વાળ ઉભા થાય છે!"



"અરે હારે—બીજાઓના તો ફક્ત વાળ ઉભા થઇનેજ રહે છે—પણ ખુદ એના પોતાના તો વાળ આખા ને આખા ટાલક પરથી ઉડીજ જાય છે."

એક્ઝીબીશનમાં ખરો બનેલો બનાવ.



એક્ઝીબીશનમાં એક ડાહ્યો ચાનજી ચલ્લો થાકીને જરા દમ ખાવા એક બાજટ પર જઇ ગગડ્યો. તેજ બાજટપર બીચારી કોઇ ઘરડી જાડી બાઇબી આવીને બીજે છેડે બેઠી. થોડે વારે, પછવાડેથી કોઇ ચહન ચાંઉનો સાદ મોટેથી સંભળાયો—

"કેમ એઇ કાકા વાલ વાપરી! આજે તમારી કલ્લાંની ડટ્ટી સાથે બચરાયુંછ કે, બા?"

વીચીત્ર સાંપો.

એક દીને એક મેળાવડામાં એક અમેરીકન સાથે મારી મુલાકાત થઇ. બીજી ત્રીજી વાત ઉપરથી સાંપોની વાત નીકળી. તે અમેરીકન બોલ્યો--

"શેઠ, અમેરીકાના સાંપજ જુદા. હું મારી ઉપર બનેલા બનાવોના દાખલા આપીશ તો તમે હેરત થશો. તમારે ખાતરી રાખવી કે હું જે દાખલા આપીશ તે બોલે બોલ સાચ્ચા છે. જુઓ સાંભળો, મારી નાહાની છોકરી એક દીને તલાવમાં પડી ગઇ અને જરૂર ડુબી જતે, પણ સારાં નસીબે એક કાલો સાપ—આસરે ત્રીસેક ફીટ લાંબો હશે—નીકળી આવ્યો અને લાગલો કે પોતાના શરીરનો વચલો ભાગ મારી બુચીની ગરદનની આસપાસ મજબુત વીંટાળ્યો, કે જેથી પાણી તેણી ગલી શકે નહીં, પછી પોતાની પુછડી અને ડોકાંથી માહા મુશકેલીએ તેણીને કીનારે લાવ્યો. આ સાંપ હજુ હમારા ઘરમાં જીવતો છે."

"ઘણું અજાયબ જેવું!" હું બોલ્યો.

"હા, અરે એ તો કંઇ નથી. હું ને મારી બાઇડી એક દીને દેવળમાં જતાં હતાં, તેટલાં રસ્તામાં મારી બાઇડીનું એક ગ્યાતર તુટી ગયું. તેણીએ તો ગ્યાતર વગર દેવળમાં જવાનું સાફ ના પાડયું. તેટલાં હમારી નજરે એક નાહાનો લીલો કંજર સાંપ પડયો. તુરત તે એક કુદકો મારી માહારી બાઇડીના મોજાંની આસપાસ વીટળાયો. પણ તે મોજાંને બરાબર પકડી શકયો નહીં, કારણ કે તે લંબાઇમાં જરા નાહાનો હતો. આથી નહીં ઘભરાતાં તે જલદી

પોતાના દરમાં દોડી ગયો અને પાંચ મીનીટમાં પોતાના કરતાં દબલ ઘણો લાંબો સાંપ લેતો આવ્યો. તેઓએ મારી બાઇડી તરફ એક મીનીટ સુધી જોયું અને પેલો લાંબો સાંપ ચડપ દેતો મારી બાઇડીના મોઢાંની આસપાસ ગ્યાતરની જગોએ વીટલાઇ ગયો અને પોતાની પુછડી મોઢાંમાં તાણીને પકડીને ઉંઘાઇ ગયો. આ વાત જો તમો નહી માનો તો મારી બાઇ-ડીને પુછી જુઓ."

"અને પેલો સાંપ? તેનું શું થયું?"

"અરે તેતો મને ઘણોજ કામ આવેછ. જ્યારેબી મને સાહીથી લખવું પડેછ ત્યારે તે સાંપને બોલાવી તેના મોહમાં સ્ટીલપેન આપું છું જે તે દાંતમાં મજબુત પકડી લાંબો લાકડાં જેવો થઇ જાય છે. આ રીતે જ્યારે માગો ત્યારે હાજર થતી એક સાહીની કલમ તરીકે તે મને ઉપયોગમાં આવે છે."

"સાબાસ! બીજો કાંઇ દાખલો?"

"મારે એક બે વરસનો બુચો છે, એક દહાડો તેનો રમવાનો ઘુંઘરો ખોવાઇ ગયો અને મોટે મોટે તેણે રડવા માંડયું. હમે સઘળાં તે શોધતાં હતાં તેવામાં મારા બુચાએ રડવાનું એકદમ બંધ કીધું. ફરીને જોઇયે છઇયે તો એક મસ મોટો સાંપ પોતાની પુછડી મારા બુચાના હાથમાં આપી મુગો મુગો તેની પાસે પડી રહયો હતો, અને બુચાજી તો તે પોતાનો ઘુંઘરો સમજી હાથમાં તે પુછડી હીલાવતા હતા!"

"ઠેંકયુ સાહેબ, એ વાતો હું જાહેરમાં લાવવાની યાદ રાખશ. સાહેબજી."



સાસુ—

(પોતાના જમાઇને)

"ઓ પાહલી—તું આવી લાગો કે? સારૂં થયું તું આયો તો! જો આય બીચારા લાયકીવાળા જેન્ટલીમેને હમણા મને ડુબતી બચાવી! મોટી બાહદુરીથી મને પોતાના જીવના જોખમે બચાવી.! આય એવણ મી૦ માનેકશાહ ચંપુ—મી૦ માનેકજી, આય પાહલનજી પદેરા મારા જમાઇ થાય—"



જમાઇ—

(મી૦ માનેકશાહને)

"મીસ્ટર મારાં સાસુને ડુબી મરતાં બચાવ્યાં? તમે? યુ બ્લેગાર્ડ, યુ બદમાસ! યુ રાસ્કલ! આય લેઓ ચાખો તમારી ચાલનો સવાદ!—"

"આહ બીરાદર! પૈસા ગુમાવી બેસવું એ શું કંઇ જેવી તેવી મુશ્કેલી તું સમજેછ?"

"કોણ જાણે, બા—મને તો માહલક્ષ્મીના રેસ કોર્સ પર એ મુશ્કેલ કામ પાર પાડતાં ફક્ત ૪ મીનીટ લાગેછ!"

ઓ બાપરે! ઓ માએરે!! કોઈ આવોરે!!!

ઓ દયાવંત પેદાના કરનાર! મારનારભી તુંજ છે અને જીવાડનારભી તુંજ છે. ગઇ પરમ દહાડે જેવી ભયભીત, ડરામણી, નાશકારક મુસીબતમાંથી હું છટકી ગયો છું તેવી અભાગણી ઘડી તું ફરીથી મને દેખાડીશ નહીં. આહ, વાંચનાર! મારી વેદનાનો આ નીચલો હેવાલ જરા ધ્યાનથી વાંચ, અને પછી તારા દીલમાં દયાનો જો સેહેજભી અંશ હોય તો મારી મશકેરી કરતો ના.

ગઇ પરમ દહાડે હું ખુશ મીઝાજમાં મારી ટેબલ સનમુખ બેસી કાંઇ લખતો હતો. મારી બેહેન આલાં મારી આગળ એક ખુરસી ઉપર બેસી કાંઇ સીવતી હતી. અચબુચ મારા દીલમાં જાણે એક વીજળીનો ઝટકો લાગ્યો હોય એમ કંપારી છુટી આવી. મારૂં તમામ અંગ કમકમ્યું. મારા હાથમાંથી કલમ છુટી જઇ ટેબલ ઉપર પડી ગઇ. હજી તો હું કાંઇબી કરી યા બોલી શકું તે અગાઉ મેં એક લાંબો ઊંડો ઊંચો દમ ખેંચ્યો, અને પછી મારો સ્વાસો સ્વાસ તદન બંધ પડી ગયો. મારી છાતી ઉથલાઇ જવા લાગી. મારૂં મોહોડું તણાઈ જઇને જાણે આંકડાં આવતાં હોય એમ બસ ઉઘાડુંજ રહી ગયું. મારૂં જડબું કાંઇ અસાધારણ ખેંચાણ અને તાણતોડથી લચકાઇ જતું હતું. મારી જીભ અંદર દબાઇ બેઠી. ઓ ખુદા? શું કમબખ્ત તે દર્દ હતુ! મેં બંને આંખ્યો એકદમ બંધ કરી દીધા. મારો ચેહેરો તદન ચીમળાઇ જઇ બહુજ વીક્રાળ અને બેબલગામણો બની

ગયો. ખવીસ જેવા બત્રીસ દાંતો બાહેર નીકળી આવ્યા. મારાં ગરીબડાં નાકનાં ફીફડાં ફાટ ફાટ થઇને ઉડી જતાં હતાં. કપાળપર અસંખ્ય કરચળીઓ ફુટી નીકળી, અને ભવાંનો ચીલ્લો ચઢી ગયો. મારૂં આખું બદન અને હાડકે હાડકાં ધ્રુજી પડયા.

ઓ, દયાના ફરેસ્તાઓ! આ શો ગજબ? એકાએક આ શી આફત? મારાં તનદરોસ્ત શરીરને કોઇ દહાડે ધાડ નહી આવે અને તે દહાડે અચબુચ આ શી હોનારત થઇ ગઇ?

અને આલાં! મારી સખ્ત હૈડાંની બેડેન! એ ઘાતકી નાકદર આલાંએ કરારને જીવે ખુરસી ઉપર બેસીને મારી આ સઘળી વેદના જોયા કીધી. જરાક પોતાની જગ્યાપરથી હાલીબી નહીં! કમનસીબ હું!

પ્રીય વાંચનાર! લાચારીથી મેં મારૂં ડોકું મારી પીઠ ઉપર નાખી દીધું. દુઃખના માર્યાએ મેં મારા બંને હાથો ઊંચકી દસે દસ આંગલાં પોહલાં કર્યાં. પછી પછી–અરે હાય! મારાં ડોકાંએ એક જબરદસ્ત ઓંકો ખાધો. મારાં નાકમાંથી એવો તો એક ભયાનક સાદ નીકળ્યો કે પગ આગળ બેઠેલો મારો 'જીપ' કુતરોબી ચમકી પડયો. હાથ, પગ, માથું, દીલ જાણે મેં ખાધેલાં આંચકા સમેત તણાઇ ખેંચાઇ ગયાં. આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. નાકમાંથી ફુવારાની પેઠે પાણીના છાંટા ઊડયા. આખરે છુટકારાનો મેં એક દીલ બેહેલાવનારો નીસાસો નાખ્યો. પછી તાબડતોબ એક રૂમાલ ગજવામાંથી ખેંચી કહાડી મારાં નાકને મસલી લાલચોલ કરી મેલ્યું. એ શું થયું હતું? ખરેખર તો કાંઇ વાતમાં દમ નહીં હતો રે,–મકુજે–સેવો, બા, એમબીને એમ બી જાણી લેવો—સેવક જરા છીંકયો હતો.

એ તો કોહે કોહેની બુધ્ધી છે, બા !



બીચારા શાપુરને એ-
દાયે મોટું સીસોરા
જેવું નાખ આપ્યું
તેમાં એનો શું કસુર ?
શું એ એક છરી
લઇને નાખ છટ-
કાવી મુકે ? બધા એને
જોઇને ખુ—ખુ—ખુ,
કરે, બઇરાંઓની બી
બધી બદામ દરાખ
વેરઇ જાય, ને કેડે
ફરવા હરવાનોબી
કરાર નહીં.



પણ આપણ લોકને
ભેજાનાં શકતીનો ઉપ-
યોગ કરતાં આવડે
ત્યારે કે ? આય
જુવોની શાપુરે એક
મઇ જેટલું બરેન—
વરક કીધું ને પોતાની
સ્ત્રો હેટ બદલીને
આવી પનામા પહે-
રવા માંડી ત્યારથી
એની બધી મુઝવણ
ટળી ગઇ છે.

આદમની ઘોર.

યુરોપ ખાતે જ્યારે હું ફરવા નીકળ્યો ત્યારે ગ્રીસ દેશનીબી મેં મુલાકાત લીધી હતી. ત્યાં એક ઘણુંજ પુરાણું દેવળ છે, જેની અંદર વચ્ચોવચમાં એક ઘણીજ જુની ઘોર મેં જોઇ પુછતાં માલમ પડયું કે તે ઘોર તો આપણા માણુસ જાતના પીતા આદમની હતી. આ ઘોર આદમનીજ છે એ વીષે ગ્રીસ દેશમાં કાંઇ શક છેજ નહી. કારણ કે તે ઘોર આદમની નથી એમ કદીબી પુરવાર થયું નથી.

આદમની ઘોર! યા ખુદા, મારા મનમાં શું લાગણી પેદા થઇ! હયાં દુરદરાજ મુલકમાં સગાંવ્હાલાં, ઘરબારથી હજારો માઇલો દુર, પારકા લોકોમાં મેં એક લોહીથી જોડાયલા સગાની ઘોર શોધી કાહાડી! એક સગા તરફની લાગણીનો કુદરતી ઝરો માહારાં દીલમાંથી પસાર થવા લાગ્યો. તેની તરફનો એક દીકરા તરીકેનો માહારો પ્યાર ઉભરી આવ્યો અને મારો દીબો તણાઇ આવ્યો.

એક થામલાને અઠીંગીને હું દુસકે દુસકે રડયો. આસપાસના લોકો માહારૂં મોહોડું જોવા લાગ્યા. માહારા એ મુવેલા સગાની ઘોર ઉપર રડવાને અને માહારૂં દીલ ખાલી કરવાને હું જરાબી અચકયો નહીં.

અરે! દુઃખ અને નીરાશીથી દબાઇને હું જનમ પામું તે અગાઉ તું મરણ પામ્યો. કેવી દલગીરીની વાત છે કે ફકત ફુકા ૭ હજાર ઉન્હાલા અગાઉજ તું આ ફાની દુન્યા છોડી ગયો. પણ ચાલો, જે બની તે બની. ખુદા તને પેલી જેહાંનમાં સુખ આપે.

કેટલાક પારસીઓ બીડી પીવાજ લાગ્યા છે અને જાહેર-માં ધુમાડો કહાડતાં ફરવામાં બાપદાદાની આબરૂ વધેલીજ સમજે છે—



વેલ—એક પછી એક પાંચ સીગારેટો જાહેરમાં છડેચોક પીવો ત્યારે તો એમણો ને એમણી આય તદબીરથી પાંચેક બીડી સાથેજ સળગાવીને તમારી ટોપલે સુપરેની સ્વતંત્રતા "સુધારા" અને અપ-ટુ-ડેટ-ઇઝમ તમારી જાતવાળા ઓર-થોડોક્ષ ઉસ્તુઓને બતાવી આપો તો કેવું ?

ચાંઇ મોરી ભગત !

યાને

એ ઓરત કોણ ?

દાદાભાઇ દાજીભાઇ દોરડીનો મીજાજ બળેરે ! ભલા આ દમી બધી વાતે સારા પણ બરીયલ ને કુંજરા તો એવા કે તેવણનાં ખાંઉ કરકું ચેહેરો જોતાંને વાર એક સાજા સમા માણસનેબી ધ્રુજરીને તાવ ચઢી આવે ! જયારેબી તેવણના ડોળા જુઓ તો જાણે નરં છેડાયલું ભુંડ ! બસ કોઇ સાથ ઝાઝી વાત કરવી નહી, ચાંદરાત ચાંદરાતે હસવું, જરા જરા માં છીડી પડી ઘરનાં બધાં માણસોને ભખી ખાવાં, સેહેજબી ઓછું પડતાં બુમ બરાડા મારીને આખાં ઘરને પાયાથી સીલીંગ સુધી ધ્રુજાવી મારવું—એવા એવા ઢંગ ભરૂચના આ શેઠીયા તો લઇ બેઠા હતા. તેવણની પચાવન વર્ષની પાકટ ઉમર થવા આવી હતી—ધર્મી સકરમી કહેવાતા હતા—છોકરાં છઇયાં વગર ફક્ત ત્રણ વર્ષની વાત ઉપર બીચારા રંડાઇ બેઠા હતા—પાસે પાંચેક લાખની પુંજીનો જીવ હતો— ભરૂચના એક શેઠીયામાં ખપતા હતા—ઘરબાર, નોકર નફરો, વાડી વજીફાના માલેક હતા—તથા—તથા સ્વભાવના ઘણાજ ઘણાઆઆજ દહાડા બળ્યા હતા ! લ્યો, કાંઇ વાર લાગ્યો ?—ચાર લીટીમાં મારાં કુટુંબના અતલગના મીત્ર દાદાભાઇ દોરડીની વીચીત્ર

જીંદગીનો સારાંશ હું તમને કહી ચુકયો છું.

એક વેળા મારી કાલેજમાં ક્રીસ્ટમસની રજાનું "વેકેશન" હતું તે ટાંકણે દાદાભાઇ દોરડીએ સેવક ઉપર ખાસી ચીઠી લખીને આમનત્રણ મોકલ્યું કે મારે એકાદ અઠવાડયું ભરૂચ તેવણને ત્યાં મોજ મારવા ઉતરી પડવું. આલ રાઇટ! મારે કયાં લવંગનો વેપાર કરવો હતો? જુદ્દાઇએ તેડું આવ્યું કે બંદા તો લાગલો પેટારો પેક કરીને સચ્ચાઇએ ઉતરી પડયો. હું જાણતો હતો કે દાદાભાઇ દોરડી ભરૂચમાં પોતાના કુશાદે મોટા બંગલામાં એક શેઠીયાના ઠાઠમાઠથી એકલા રહેતા હતા—ગાડી, ઘોડા, વાડી વજીફા, ચાકર નફરની ખુબ ધમ ચકરી હતી, અને—મેં સંતોષનો એક દમ ખેંચ્યો કે—તેવણને ત્યાં મારા જેવા શરમાઉ ઝાડને ધડક ધ્રુજારો કરાવવા માટે કોઇ "નવજવાન" "ગુલબદન" "નાઝુક બદન" તેહેમી યા બાનુ યા શીરીન યા પરીન કોઇ કોઇ હતું નહી. હું ને મારો હીજો! દાદાભાઇ સાથે જરા તરા ટાહેલાં ચલાવીશું યા બેઝીક રમીશું—બપોરના અરધું ગ્લાસ મોહોવકું ચઢાવીને ઢોરની કાની ખુબ ઉંઘાઇશું—જરાક ઇઝીચર ઉપર લેહેરે લેહેરે અરડાઇ પડીને નોવેલો વાંચ્યા કરીશું—સાંજના ટ્રીમટ્રાક થઇને દાદાભાઇની બે ઘોડાની ભપકાબંધ ગાડીમાં શેહેરમાં ફરવા જઇશું—રાતના પાછું બમપર દગરીને........ચાલ મારા બાપ! આખાં વર્ષનાં ગધેરાં વહીત્રાં પછી આઠ દીવસની એવી સંપુર્ણ આસાએશના સ્વપ્નાના ખ્યાલે સેવક ભરૂચ દાદાભાઇને ત્યાં ખુશાલ જીવે દોડી પહોંચ્યો.

મારી આ "વીઝીટ"થી દાદાભાઇ કાંઇ તદનજ હરખાઇ ગયા હોય એમ મને લાગ્યું નહી. તેવણે આવડા આવડા મોટા

ડોળા કહાડીને પહેલાં તો માથાંથી તે પગ સુધી મારી આકૃતીની સરવાઈ કરી. હું ખોટું ખોટું હસીને જરા ચીઓ થને બાજી ત્રીજી વાત છેડવા ગયો પણ દાદાભાઇબાએ તો શરૂઆતમાંજ આપણુને કરેડી ખાધા.

"બા તમે આયાજી તો ભલે—તમારા બાવા મારા દોસ્તદાર થાય—પણ બા તમે જાણોછ કે મારે તાંહ તો બધું ચોખ્ખું પાખખું જોઇયે જો. અહીં તો બા સવાર સાંજ તરો લઇને ભણવું ગણવું પડશે. હા, પહેલાંથી કહી દેઉંછ. તમો આજ કાલના છોકરાઓ મુંબઇમાં બધું અભેખર કરોછ તે હું જાણુંછ. તમે આયા તો ભલે આયા, બા, પણ તમે આય કાલર ને નેકટાઇ પહેરીયા તેથી—મકુજે—બા, તમે મારી મતલબ સમજયા કેની બા?"

ઓ તારો દાદો મરે! પહેલાંજ મુરતમાં આવો ધડાકો સાંભળીને હું તો ખસીયાણો ખરીયાણો પડી ગયો. મારેથી જવાબ દેતાંબી ત-ત-પ-પ-થઇ ગયું. સત્યાનાશ ગયો મારો કાલરબી મને ગળાંમાં ભોકાવા લાગ્યો. દાદાભાઇએ તો કુઇનીન પીધું હોય એવું એબલગામણું ડાચું કરીને વળી પાછી પોતાની કમબખ્ત વાયજી આગળ ચલાવી.

"જોવોની બા, તમે સ્યાના ને સમજુ છેઓ, પણ મારા અતલગના દોસ્ત જેહાંગીરના તમે છોકરા છેઓ તેથી બે બોલ કેહુંછ તે સાંભળી લેઓ. બા, જુવાન છોકરાઓને વાસ્તે કેની તે દારૂ ઘણી ખરાબ ચીજ છે. બચ્ચાંઓને દારૂનો લખ ઘણો નહીં જોઇયે, બા."

હાય હાય! ઓ, અડધાં ગલાસ મોવડાંની મારી ઉમેદો!!

મેં જોઇ લીધું કે મુવો છુટો હવે. બસ્યા પીજામ: આ રડતી સુરત ધરણ સાથે આઠ દહાડા કહાડતાં મોહોડાં ઉપર લોહી પાણી મેળવવાને બદલે લેવાઇને સેવટા જેઓ થઇ જવાનો નક્કી સોદો છે. પણ હવે તો ગળે ગાંઠ ને મોહોડે ડુચો! દોડી ધામીને વહેલા વહેલા ઉતરી પડયા તે એમજ તો!

"જોવોની, બા,—" ફ્રદુનજીએ પાછું ચલાવ્યું.

(અરે એનું "બા" બળે એનું! ચીડતો એવો ચડી કે જાણે ઓય એક લપડાક ખેંચી કહાડું.)

"જોતની, બા, ખોદા રાખે આપરે નાંહ ગાડી ઘોડા તો ઘણા છે, પણ જરા સાંજને ઢેંકે લાંબી લટાર પગે ચાલીને મારી આવો કેની, બા, તો તનદરોસ્તીને ઘણો ફાયદો થાય. જાઓ, મારો કારભારી બરજોર તમુને તમારો ઓરડો દેખાડશે. ને હું તમુને બોલાવું તાંહ સુધી મારા ઓરડામાં હું કોઇને આવવા દેતો નથી—સમજયા કે, બા?"

* * *

દાદાભાઇ દોરકાંનો જુનો ઘરડો પારસી કારભારી બરજોર એક ભલું. માણુસ હતો. પહેલેજ દહાડે સેવકે તેના હાથમાં ગુપચુપ એક પાંચ રૂપીઆની નોટ સેરવી દીધી એટલે તે મારી ઉપરથી થોડો થોડો થઇ જતો હતો.

દાદાભાઇને ત્યાં ડરીદાસ થયાને ત્રીજે દીવસે બપોરના ભોણું ખાઇને હું વરંડા ઉપર એક સોફા ઉપર લેટી પડીને ધાનશાખના અડકાર મારાતો હતો તેવામાં બરજોર મારી આગળ આવ્યો અને ટાહેલાં ચલાવવા માટે નજદીકની એક ખુરસી ઉપર ગોઠવાઇ બેઠો.

"બરજોર," મેં કાંઇ વાત છેડવાની મતલબથી પુછ્યું, "દાદાભાઇ શેઠની નોકરીમાં રહેવાને તુંને કેટલાં વરસ આશરે થયાં હોશે ?"

"જી-આઠેક દીવાળી કહાડી હોશે."

"આહા! એટલો જુનો છે! તારા **શેઠ** જેવા પાજી ને બગીલા માણસની સાથે કોઇ એટલા **મહીનાબી** નહી કહાડે."

બરજોર પોતાની અસલી ટેવ **પ્રમાણે** પેટ હીલવી હીલવીને હસવા લાગ્યો.

"હી-હી-હી! મારા શેઠયા. તમે હજુર બોયસમાંથી છુટતા છઓ. એ તો આએ દુન્યામાં નરમ ગરમ બધું વાજબું ચાલ્યું જાય તો. અહીં બેહ્રા પચીસનો પગાર મલ્યો જાય-પેટ ભરીને ત્રણ વખત ચોકા ભીરવાને મળે, પછી શેઠ પાજી થયા -અવારનવાર એકાદ બે ટોળટફલાકબી ખાવી-એવણના તરેહવાર રંગ ને ચેન ચાળાબી જોયા-એ સઉ પોતાની મેળે ખમવું પડે, મારા નાના શેઠજી."

"ભાઇ એ તો બધું તુંજ બોલ," મેં કહ્યું, "બાકી મારા જેવો કોઇ હોય તો દાદાભાઇ જેવા પાક પહરેજગાર. ભણનાર ગણનારને સાથે વળી એવા કરડાને રડકંડા શેઠથી કંટાળીને બીજે દહાડે પાછો ઉભી પુછડીએ નાસી જાય."

બરજોર વળી પાછો બડીયાની જેલીપેઠ હીલીને હસવા લાગ્યો.

'પાકને પહરેજગાર! હી-હી!! બોલોના યાર! એ બધું ઠીકઠીકજ છે" તે ખુબ રમુજથી બોલ્યો.

"કેમ-કેમ? દાદાભાઇએ મને તો એવું લેકચર પહેલે-

જ દહાડે આપ્યુંછે કે જાણે બેહેસ્તનો કોઇ ફરેસ્તો મને ભાશણ આપતો હોય. એવણુને વાસ્તે તું એમ બોલેછ તે સાંભળી હું અજબ છેઉં."

"અરે એ અજબ ને બજબ! તમે સમજ્યા કરો, મારા શેઠ."

હવે મારી જીગ્નાસા જાગી. હું સોફા ઉપર ઉઠીને ખડો બેઠો અને બરજોરનાં ખભાંપર એક હાથ મેલી બોલ્યો.

"નહી-બરજોર, મને તું બધું બરાબર કહેતો નથી. બીહના, હું કોઇને એક બોલબી વાત નહીં કહું. શું તારા શેઠ ખરેખર પાકીજગે નથી? બધું તારે ઢંબગ છે-એમ? નહીં તારી કાંઇ ચુક હોશે."

બરજોરે ડોળા ફાડીને થોડો વાર મારૂં મોહું ટીકયું. પછી આસેપાસે જોઇ ઘણુજ ધીમા સાદે મને નીચલી બીના કહી ગયો.

"તમે એટલા બધા આતુર છેઓ તો લેઓ, સાંભળો. દાદાભાઇ શેઠ ઘણુજ પહરેજગાર હોવાનું ડોળ ઘાલેછ, પણ મને ખાત્રી છે. કે એવણુ તો આય જમાનાના એક જબરા સફેદ ઠગ છે. જો બા, એ વાત બાહેર નહી જાય, હં, નહીં તો નકામી મારી ચાકરી જતી રહેશે. દાદાભાઇ પહેલાં જુવાનીમાં કહેજે બધા પુરા લખ્ખનમાં પડેલા ઉતા. દારૂ, જુગાર નીતી તમે જે કહો તેમાં એવણુ પુરવીણુ કહેવાતા. પણ લોક તો કહેછ કે એવણુ પરણીયા પછી એવણુની બૈરીએ એવણુને તદન સુધારી નાખ્યા. કેહજે બૈરી મરી ગીયાનો એવણે એવો ગમ ધરીયોછ કે તેની અસરમાં હમણા તદન રડતા ચનાવાળા

બની ગીયાછ, ને બીલકુલ સુધરી ગીયાછ. અરે શાના સુધરી ગીયા?-એવણનું કપ્પાર? હજુંગી......કાંઇ ખોદા ખોદા કરો! દુન્યા કેવી ઠગારી છે! એક માણુસ સાધુનો સાહયો પહેરીને ફરે કે બસ તે ફરેસ્તો થઇ ગીયો—હી—હી—હી!"

આ સાંભળીને મારા તો કાન ચમકયા. એક તો વળવળતો જીવ—અસલથીજ માથાંમાં મસ્તીની થોડી ઘણી ધુંઇ—જરા ફુરસદનો વખત ને ભેજાંપર બોજો તુતવેગા કાંઇ નહી—એટલે બરજોરનું આ બોલવું સાંભળી મને તો ચુર થઇ આવી. વળી દાદાભાઇ બાએ મને પહેલે દહાડે જે રીતે ભખી ખાવો હતો તેનું ડફ્ફલ હજી મારા પેટમાં ઢોળાયાજ કરતું હતું. અરે વાહ! આતો કાંઇ નવોજ ખેલ અચાનક નજરે પડી આવ્યો હતો. હેં મારા દાદાભાઇજી! શાબાશરે મારા સફેદ ઠગ—કાંઇ ઘણાજ ફરેસ્તાઇ ખસલતના થઇને પેટમાં ચુંથાઇ આવે એવાં ડાચાં કરતા'તા તે હવે આબાદ સપાટામાં આવ્યા કે કેમ?

"જો બરજોર, આપણે બેઉ જણા દોસ્ત છૈયે કેની?" મેં પટાવીને કહયું, "ચાલ તાહરે, આટલુ કહયું તો હવે બાકીનું દાઢમાં રાખીને વગોળ્યા ના કર. દાદાભાઇના ચેનચાળા તું કહેછ તે શું શું છે?"

"જોવોની બીજે માળે એવણનો એક ખાસ સુવાનો ઓરડો છે," બરજોર મુછમાં હસીને બોલ્યો, "તેમાં એવણ રાતના ૭ વાગતા પછી કોઇ—કોઇનેબી દાખલ થવા દેતા નથી."

"હા—હા. મનેબી એવણે ત્યાં પગ નહી મુકવાની તાકીદ કીધીછ. પણ તેનું શું?"

"હી—હી—હી—રાતના કોઇ કોઇ વખતે તાંહ કોઇ ઓરતના

બોલવાનો અવાજ મેં કાને કાન સાંભળયોછ."

"કોઇ ઓરતનો અવાજ! હેં?"

"હા—એક દહાડે હું અછરતો તેવણના ઓરડાની બાહેરથી પસાર થઇ જતો' તો તેવામાં મેં બરાબર સાંભળીયું કે કોઇ પારસી બૈરી અંદર ધીમા સાદે તેવણને કાંઇ કહેતી'તી."

હું ભુસ્કો મારીને ઉભો થયો અને અયરલીને મારે હાંકવા લાગ્યો.

"અરે એ શું બોલેછ, બરજોર?"

"તમારા સમ!"

"નહી—હું કદીબી માનું નહી. દાદાભાઇ' એમ કરે નહીં એ ઓરત કોણ છે?"

"બલા જાણે મારી."

"અરે પણ એ અહીં આવે જાય તે તમો ઘેરના માણસોને દેખાતી હોશેની?"

"એજ મોટી અજાયબીની વાત છેતો. આટલાં અહીં માણસો અમે છૈયે—આટલી અમે બધાં જણાં ચોકસી રાખ્યેછ—પણ કોઇ દહાડેબી તે બૈરી કોણ છે તે અમારી નજરે પડી નથી. બુધવારે ને શનીવારે રાતે ઘણોખરો તેનો સાદ આવેછ. અમે બધાં માણસો એ વાત જાણીયેછ—પણ સું કે ચાં કરવાની હીમત કોણ કરે? ઘણી વખત અમે લોકે દાદરપર ને બધે ખુબ તકેદારી રાખી-પણ કોઇ આવતું જતું દેખાસું નહીં ને તે છતાં પેલો સાદ એવણના ઓરડામાંથી આયો."

"હું મારી નજરોનજર તે જોવું નહી તાંહ સુધી માનું નહી, બરજોર."

"તો ઠીક છે. આજે સનીવાર છે. રાતના ખાઇને શેઠ પોતાના ઓરડામાં જાય કે પછી કલાકેક રહીને તમે ઓરડાની બાહેર ચુપચુપ ઉભા રહીને તમાશો સાંભળજો."

"કબુલ! બાઇ જોવ!! ભરૂચની મારી 'ટ્રીપ' રદ નથી ગેઇ, બરજોર. આજે રાતના આય ઘાંખરાના ઓરડામાં શું ફારસ ચાલેછ તે મારે સાંભળવું. અરે એનું નખોદ જાય! પહરેજગારીના ડાચાં તો એવાં કરી મરેછ કે એક સાહુ ઉસતાદભી હાપ ખાઇ જાય!"

* * *

રાતના સવાનવેક વાગતાનો અમલ હશે. દાદાભાઇ પોતાના ઓરડામાં ગયા પછી સેવક હળવે હળવે ઉઘાડે પગે અગાહા ઉપર ચાલતો બીજે માળે ચઢી ગયો. દાદાભાઇના ઓરડાનું બારણું અલગુ બંધ હતું. હું ઉંચો દમ રાખીને ચુપ ઉભો. ભાગ્યે ત્રણેક મીનીટ પસાર થઇ હશે તેવામાં—ઓહ! મારા ખુદા!! ખરેખર બરજોર કહેતો હતો તેવો એક પારસી સ્ત્રીનો નાજુક કોમળ અવાજ નીકળ્યો. બોલેબોલ તે મેં સાંભળ્યો—એક ઓરતનોજ તે અચુક અવાજ હતો—નહી તો મારો જમણો હાથ કાપી આપું! તેણી ભાંગા તુટા અવાજે નીચે પ્રમાણે બોલી.

"દાદાભાઇ ચાલો હવે હું જાઉછ. પણ—પણ થોડા વખતમાં આપુને પાછા મળવાનું છે. જો દાદાભાઇ, તમારાં વચન પ્રમાણે ચાલજો. મેં તમુને બચાવી લીધા—"

(દાદાભાઇનો અવાજ " ઓ ગુલી—ગુલી! તું મને છોડી જાયછ?—તારા વગર હું શું કરશ?")

(ઓરતનો અવાજ) "ધીરજ રાખો, દાદાભાઇ, ને હી મતથી તમારા ઠરાવને વળગી રહેજો. જો વળી, મને ભુલી જઇને તમારી અસલી હપ ઉપર જતા ના—નહીં તો હું જાંહ હોવશ તાંહ ઘણીજ દુઃખી થવશ. ચાલો, હવે મને સુખે જવા દેવો———"

આ ઠેકાણે પેલી ઓરતનો અવાજ એકાએક ઘણોજ ધીમો પડી ગયો. મે ઘણાંબી કાન તાણ્યા પણ વ્યર્થ. પણ હવે વધારે સાબીતીની જરૂરજ શું હતી? ખુશાલીને મારે મારેથી હસાઈ હસાઇ જવાયું. પેટ બે હાથે પકડીને હું તો દાદર ઉપરથી નીચે ઉતરવા નાઠો. પેલી ઓરત બાહેર નીકળી પડી ને મ્હોંડે મ્હોંડું થઇ જાય તો આપદા! અત્યાપાત થાય રે એ ઘરડા "પાક પહરેજગાર" નું!

હું જીવ લઇને દાદર પરથી વગર ઘોંઘાટ કરવે ઉતરવા ગયો. દાદર ઉપર એક ઝુકતી ઝાંકતી બતી સીવાય બીજી કશી રોશની હતી નહી ને એક તો મારી ટીકરી અંધારામાં ઝાડતી નહી હતી. યા, વાંચનાર—માણસ ચાહે છે શું ને ખુદા કરે છે શું? અંધારાંમાં હું પહેલેજ દાદરે એક ફાંડયું ચુકયો અને ધમ્મ દઇને ચીભરાંની કાની ઝીખાયો.

દાદાર હોરમજદ તારી મદદ! દાદાભાઇના ઓરડા અંદ-રથી સીંહની ગરજના જેવો અવાજ આવયો.—"કોણ છે એ?"

કમબખ્તીના પારાવાર! હું તો પાણી પાણી થઇ ગયો. મેં જોયું કે હવે તો જે થાય તે ખરૂં—એમબી ને એ-મબી સપડાઇ ગયા ત્યારે તો પુરેપુરીજ ભલાન કરી લેવી. મને માથામાં વારૂં આવ્યું. પડી જવાથી પગમાં કળતર થતી હતી તેથી અભરમચીબી ખુબ આવ્યા. હું એક મેડ માણસની

કાની ઝપાટામાં ઉડયો અને પાછો દાદર ચઢી ધસારાબંધ દાદાભાઇવાળા ઓરડા ગમ ગયો—ઠડાક દેતું કે બારણું ઉઘાડી નાખ્યું—અને જંગલી ભુંડની પેઠે માંહે પેઠો. પેલી સ્ત્રીને જોવા માટે મેં આખે ઓરડે નજર ફેરવી. કોઇ કાળું કુતરૂં ત્યાં હતું નહીં.

એક ટેબલ સનમુખ સદરા ઉપરજ દાદાભાઈ પડેલા હતા. તેવણની સામે......શું પડેલું હતું ?

એક ફોનોગ્રાફ !

એ ત્રણ મીનીટ સુધી હું તો દંગજ થઇને ચકભમ થઇ ઉભો. મારા કાનમાં એકની એક લીટી ગણગણ્યા કરી—

"હાયરે જાની, તુને કયસા દોહરાં કીયા !"

"કેમ—શું છે ? રાત પરી ઉપર કાંય આયા ?" દાદાભાઇએ અચરતીથી પુછ્યું.

"સાહેબ—આય—આય—ફોનોગ્રાફ—તમારો છે કે—અરે મકુંજે તમારી બૈરીનો છે કે—"

"એ શું છે શું ?—કાંઇ દારૂબારૂ પીધોછ કે બા ?"

"નાહીરે સાહેબ, હું પુછતો' તો કે તમારી બૈરી તમારા ધણીઆણી થાય કે—અરે ચટ, ચટ, છબરડો કરૂં છ—મકુંજે આએ ફોનોગ્રાફમાં તમારાં ધ આણીનો અવાજ છે કે ?"

"હા—મરતી વખતનો એ મારી મરનાર બેહેસ્તનનો સાદ છે. પણ એ બધી ગડબડ શું છે ? સારી કાની તો છેઓ કેની ? એમ ઉજરા ઉજરા શાના થઇ ગીયા બા ?"

"નાહીરે સાહેબ, નીચે મને કોઇનો સાદ સંભળાયો, તે હું મકુંજે તમોને કાંઇ દુઃખી—અરે મંકુજે—"

"ચાલો—ચાલો—જઇને સુઇ જાઓ આજે તમારૂં ભેજું ઠેકાણે નથી."

"હાજી—હાજી—સાહેબજી ! !"

ઓ તમો "ભાંગેલાં વાસણો"!—સાંભળો!

મુંબાઈમાં સ્થપાયલું એક મહાન નવું સાયનટીફીક તબીબી વીજલીક ખાતું.

ડા૦ આદરજી ઈલેકટ્રીક, એમ. ડી. (ખતમનકુ) એફ. આર. સી. એસ. (ગોરીગામ)નું નવું રેડીયો–મેગનેટો–ઈલેકટ્રીક ઈનસ્ટીટ્યુટ.

દુનયાનાં તમામ દુઃખ દરદોને બે કલાકમાં દફે કરી તમુને કાબુલી ગોધા જેવા બનાવી દેવાને માથે લેનાર એક અદભુત કાબેલ સ્પેશીયાલીસ્ટ.

(અમારા ખાસ પ્રતીનીધીએ આ વીજળીક-મેગનેટીક-રેડીયો-ખાતાંની લીધેલી મુલાકાત.)

એક હેવાલ—એક અંગત ઈનટરવ્યુ—એક જાતી અનુભવ.

સાહેબો, હું હોરમસજી હાઈપોકોનડ્રીઆક આજે વરસો થયા હાર્ટ ડીઝીઝ, ડાયાબીટીસ, ડાહેરીયા, લ્યુકોડરમીયા, પાલપીટેશન, એપેનડીસાઈટીસ, સ્કરોફ્યુલા, ફીસચુલા, અને ઈનસોમન્યાથી હેરાન છેઉં. હવે સાંભળો મારી વાત :—

રેડીયો–મેગનો–ઇલેક્ટ્રીક ઇનસ્તીટયુટ (ચાલુ.)



બધા ડાકટરોની દવા કરતાં અને ઓટારાના બાટલાઓ પીતાં પીતાં હું હાંકો. મેં તો જીવવાની આશા છોડી હતી પણ તેટલાં એક ફરેસ્તો આપણાં શેહેરમાં ઉતરી આવવાની ખબર મેં 'જામેમાં વાંચી. તે નવા રેડીયો-મેગનો ઇલેક્ટ્રીક ઇનસ્ટીટ્યુટના પ્રખ્યાત સ્પેશીયાલીસ્ટ ડા૦ આદરજી ઇલેક્ટ્રીક એમ. ડી., એફ. આર. સી. એસ. નું જગ પ્રસીધ ખાતું ઉઘાડવાની ખબર હતી. મને જીવમાં નવો જીવ આવ્યો. કહેજે ડા૦ આદરજી તો તમુને દવાનું એક ટીપું બી પીચાવ્યા વગર બે કલાકમાં માગો તે દરદમાંથી મોકળા કરી આપે—માત્ર પોતાના છેલ્લામાં છેલ્લા ઇલેક્ટ્રીક અને મેગનેટીક મશીનોથીજ. ઓ ખોદા! આયતો ખચીત કોઇ માહતમા હોવો જોઇયે!

યાહ! મેં ત્યાં જવાનો ઠરાવ કીધો—અને હું ત્યાં ગયો. મેં મન સાથ વીચારજ કરીયો હતો કે જો મને ફાયદો થશે તો હું મારી મુલાકાતનો હેવાલ પ્રગટ કરી આવા એક મહાતમાને હું જાહેરની રોશનીમાં લાવીશ. ડા૦ આદરજીએ મને શરૂઆતમાંજ કહયું કે, "મી૦ હાઇપોકોનડ્રીઆક, પ્રથમ મારે તો આય મારાં બરેનો–મીટરથી તપાસવું પડશે કે તમારૂં ભેજું સાબુત છે કે?"

રેડીયો–મેગનો–ઇલેક્ટ્રીક ઈનસ્ટીટયુટ (ચાલુ)




પોતે કંઇ વીજલીના તાર બાંધ્યા અને મારે માથે કંઇ લોખંડની ટોપી પહેરાવી મારાં મ્હોંમાં એક લોઢાનું જકનો જાડો સલીયો ખોસ્યો—પછી એક ઘડીયાળમાં ફરતા કાંટાં દેખાડી મને કહેજે "તમારૂં બરેન સાડા અઢાર ઠેકાણે પોચું પડયું છે તેથી તમારૂં લીવર બરાબર વર્ક નથી કરતુ."



પછી મને કહ્યું જે "આ ડગલો કાહડો; જરા તમારા હારટને ઇલેક્ટ્રીફાઇ કરી, કીડની ને મેગનેટીક પ્રેશર આપી તમારાં અંગમાંથી હું આરપાર રેડીયમ પસાર કરવા માંગું છે. કાંય જે તમે દારૂ મુદલ પીતા નથી ને ચાહેબી તદન નીતરાં પાણી જેવા પીવો છે તેથી તમારાં એ ત્રણ અવ્યવોના "ફંકશન" સુહન મારી ગીયાં છે—ને તેને લીધે તમુને હારટ ડીઝીઝ, ડાયાબીટીસ અને પલપીટેશન થાયછે."

રેડીયો-મેગનો-ઇલેકટ્રીક ઇનસ્ટીટયુટ (ચાલુ.)




મને કેહજે "તમે ગોસ બીલકુલ ખાતા નથી ને બસ વધારેલાં વેગણા અને બાફેલાં દોધીજ ખાઓછ તેથી જોવ તમારી આંખનું તેજ ઓછું થઇ ગીયુંછ, તમારૂં લીવર ઠંડુ પડી ગીયુંછ ને તમારી હોજરી સુહન મારી ગેઇછ. તેથી હવે મારે બકરીના ખડીયામાંથી બનાવેલો થોડોક મેગનેટીક કરન્ટ તમારાં કોહી જતાં ફેફસાંમાંથી પસાર કરવોજ પડશે."




પછી આ મહાન કાબેલ ડાકટરે તો મને એક જબરદસ્ત બગાના સાથ બાંધ્યો તે કેહજે "આય નવ બકરાના ખડીયાઓનો મેગનેટીક કરન્ટ તમારાં હાડકે હાડકામાં ફેલાઇ જશે પછી તમે સેહલાઇથી બીજાં પાંચ વરષ સુધી વેજીટેરીયન સોસાયટીના એક સભાસદ થવાં છતાં જીવતા રહી કરશો."

રેડીયો-મેગનો-ઇલેકટ્રીક ઇનસ્ટીટયુટ (ચાલુ.)



ડાકટરે આગળ ચલાવ્યું "તમે ઇનસોમન્યા યાને રાતના બીલકુલ નહી ઉંઘાવાની ફરીયાદ કરોછો—પણ હું જોઉં છું કે એ કમનસીબ રોગ તમુંને ઇલ્મે ક્ષનુમના ભાશાણો સાંભળવાથી અને રથેસ્તાર મંડળની યોજનાપર જોઇયે તે કરતાં વધારે વીચાર કરવાથી લાગુ પડ્યોજ. માટે તમારૂં આખું ભેજું કહાડાવી નાખીને તેને બદલે અંદર મને એક પોચી સાજરના રૂની ગાદી મુકવી પડશે."



પછી સેવટે ડા૦ ઇલેકટ્રીકે મને પોતાના વીહસ્કી સોડાક—મેગનીટો-ઓટાંક—રીડીયો—થીરાપીક મશીન સાથ જકડીને ખુબ તરેહથી બે ચાર મીનીટ સુધી કાંઇ અજમતી ટ્રીટમેંટ આપ્યુ. મને ઘડીભર જાણે એમ લાગે કે હું એંટીકવરી વીહસ્કી સોડા પીતો હોઉં અને બે મીનીટ એમ લાગે કે મજાના ગરમાગરમ કવાબ ઉછાળતો હોઉં!

રેડીયો-મેગનો--ઈલેક્ટ્રીક ઈન્સ્ટીટયુટ (ચાલુ.)



અને એવટે જતી વખતે પોતાની આવી જબરદસ્ત મેહ-નત અને કાબેલ્યત ભરી ટ્રીટમેંટ માટે ફક્ત ૫૦ રૂપીઆનું બીલ હાથમાં મુક્યું. ખચીત એક ફરેસતો આપણાં શેહરમાં ઉતરી આવ્યો છે—જે મારા જેવા કમનસીબો ચોક્કસ બીમારીઓથી પીડાતા હોય તે લોકના ધ્યાનપર આ મહાન ઇનસ્ટીટ્યુટ મોટી ખુશી સાથ લાઉં છું.

લા૦ સેવક

હોરમજી હાઇપોકોનડ્રીઆક.

સોલી—"લગન એક એવી ગંભીર ચીજ છે, દોસ્ત કે દરેક માણસે તેની ઉપર ઘણુંજ પુખ્ત ધ્યાન આપવું જોઇએ. કેહ મને-કોઇ વખતે તેં લગન બાબે ખરેખર સીરીયસ થઇને વીચાર ચલાવ્યો છ?"

દાલી—"હા--આજે ૭ મહીના થયા હું રોજ સહવાર બપોર સાંજ રાત સીરીયસજ થઇને લગનનો વીચાર કરૂં છ?"

સોલી—"રીયલી? તું તાહરે હવે પણવા માગે છ?"

દાલી—"નાહીરે--૭ મહીના થયા હું પરણી ચુકો છ."

દુન્યા સારી મતલબ જુદી !



જુવો—ધનજીભાઇ ધપચપીયા તે દહાડે પાઉં પ્યાદા ચાલી જતા હતા ત્યારે સામેથી આવતી મોટર માટે શું બોલ્યા ?



અને એજ મી૦ ધનજીભાઇ તે દાહાડે પોતાની મોટરમાં ફરવા નીકળ્યા ત્યારે રસ્તે જતા રાહદારી માટે શું બોલ્યા ?

દુન્યા સારી મતલબ જુઠી.



કાઉ કેનટીન પોતાની કલબ તરફથી મેચમાં રમવા ઉતર્યો પહેલા બોલે વીકેટ ગુલ થઇ. તે કેવો રજીંદો થઇ ગયો !—



પણ એજ કાવશાહ તેજ મેચમાં જ્યારે પાંચમી વીકેટ પડી ત્યારે આઉટ થયલા નારલ માટે શું બોલ્યો ?—

દુન્યા સારી મતલબ જુઠી ! (ચાલુ)
(ઉબક વર્તમાન આફીસમાં એક ટોકરું.)



આફીસ છોકરો—સાહેબ, કોઇ શેઠ મળવા આવ્યાછે : મોકલું અંદર ?

અધીપતી—યુ ગધ્ધા ! જોતો નહી હું કેટલો કામમાં રોકાયલો છેઉં તે? (મનમાં) કોણ જાણે કાંહુથી એવાં ન્યુસન્સો કામની વખતે નડવા આવી મરેછ !



છોકરો—પણ સાહેબ, એ તો કોઇ જાહેર ખબર આપવા આયોછ ?

એડીટર—**એકદમ** સાબને અંદર મોકલ, યુ ઇડીયટ ! જલદી કર ! દોડ-ખુરસી લાવ !



કમ ઇન સર, કમ ઇન ડીયર જેન્ટલમેન ! આઇ એમ વેરી વેરી પ્લીઝડ ટુ સી યુ ! ! ! સીટ ડાઉન પ્લીઝ સર છો-કરા! પંખા હલાવ ! ! !

(એમજ છે-બાવા, દુન્યાનો કારભારજ એવો છે !)

“ ઘણું ઉંચે હતું.”

૭ વરસનો પેસી પેહેલવેહલો નીશાળે ગયો. મેહેતાજી પુરૂશરામે તેનું નામ પોતાના ચોપડામાં લખતાં પુછ્યું, “અલ્યા પીશતમ, તારાં ઘરનું નંબર શું છે?”

“જી મને ખબર નથી,” પીશતમે સાલેસાઇથી ચોખ્ખો જવાબ દીધો.

“ઠીક છે કાલે આવે ત્યારે તારાં ઘરના દરવાજા પરથી નંબર લેતો આવજે.”

બીજે દહાડે પેસી નીશાળે ગયો ત્યારે મેહેતાજીએ પાછું નંબર પુછ્યું.

“જી તે તો ઘણું ઉંચુ ઉતું. મારા હાથ નહીં પુગા. ને વરી ખીલા થોકેલા ઉતા તેથી નહીં લાયો!”

આ જવાબ પછી મેહેતાજીએ પેસીનું ભલાશ ઘણુંજ “આલા” વીચાર્યું ! ! !

જચ્અચ્અરાક ભેજાનું કામ છે, બા !



અરે યાર--તે દાહડે બરજોર બીસ્કીટનું તદન જ કોહી ગયું. તે પોતાની નવી પડોસણ સાથ જરા વધારે દોસ્તી પાડવા રોજ સહવારના હેંગીંગ ગારડનપર જાય ને ત્યાં મીસ આલાંમાય આઇચાઇ પોતાના માનીતા કુત્રા સાથ ફરવા આવે. નફ્ફોમાદ ગઇ સાથે ચોથી ચોપડીનું ડીહું લઇ આવે અને પછી "એબસંટ માઇનડેડ" થઇને વાંચ્યાજ કરી મરે! જરા બરજોર ગમ જોયથી નહી. 'જેક'નું માથું પસવારીયાજ કરે.



પણ બરજોરજીની ભેજાંવાળો માણસ છે તો! એક દહાડે તેણે—

અહં! -આપરે છે તે--લે ચાલો તમે તમારૂ બીઝનેસ માઇન્ડ કરો!

“ અતી હુશીયારમ-મહા પાપમ !! ”



ડા૦ દારબશાહ ડુંગરવાડી—એનો બાપ મરે એ સોડાવાટરવાળા-નો! પચાસ વખત એને મેં ના કહયું કે આય સોડાનો કડીયો અહીં બરાબર મારા ઘેરની આગળી સીડી ઉપર ના મુકી મર—



પણ એ નહીંજ સમજી મરવાનો! આજે એની હરામખોરી આડી કાહડું તોજ હું ખરો! લે આય તારો સોડા! હવે ફરીથી અહીં મુકજે!! એનુ--



કેમીસ્ટનો કુલી છો-કરો—સાહેબ એ તમે શું કીધું! એ તો તમે આજે સહવારે અમારી દુકાન પરથી દવાઓ અને બીજો સામાન વેચાતો લીધેલો તે હું લઇ આયોતો!

૧૯૨૦ નો ડેલીગેટ.



"ખુદાના બંદા હોવ તો માનજો—આય મેં જોયલા સ્વપનાનું આબેહુબ ચીત્ર છે!"

ગપ-સપ ચાહકો, બહેનો પ્યારી,
ઓ, શેઠીઆ લોકો! સાંભળો તમ.
મેં દાહેકા એકમાં ડુબકી મારી,
૧૯૨૦ માં એકદમ!
જોઇ લ્યો આબાદ આ તસ્વીર,
રાખજો એ મુજ તરફની ભેટ.
છે પારસી કોમનો એ શુરવીર—

૧૯૨૦ નો ડેલીગેટ!

નોરોઝની રાતે લેટયો જયાર,
આંખે દઈ તકીયાનો દાબઃ
શું રોદરા રડું મારા યાર,
જોયો મેં એક અદ્દભુત ખ્વાબ!
હાથમાં લઇ એક નાનુ બાળ,
આવી એક છોડી "ફરસ્ટ-રેટ,"
મેં જોઇ લીધો તે વાર તત્કાળ,
૧૯૨૦ નો ડેલીગેટ!

* * *

દીસ્યોજ બસ છોકરો ચબરાક,
(હા, પીટ કે ગ્લાડસ્ટન સૌ કોઇ રદ:)
પીખ્યા બેહનના બાલ ને નાક
ને ભેંકી રાગડો કીધી હદ!
પુછયું મેં—"એ કોણ છે, બાઇ?"
(ઓ કેવું દોડયું મારૂં હેત!)—
ઉતર મળ્યો—"મારો ભાઈ:
૧૯૨૦ નો ડેલીગેટ!"

* * *

પસવારતાં જઇ ડુકતાની ડોક
મુછમાં હસી તે લગારઃ
"ભાયગ તમના-પાસી લોક,
કે પડયોછ બાહર આ ઉમેદવાર!
મલ્યાંછ એને પચાસ મત—
(હરગેઝ હોતો નહીં એ લેટ!)
છે થવા બહુ એને ચટપટ
૧૯૨૦ નો ડેલીગેટ!

* * *

છે ઉમર વર્ષ સાડા ત્રણ,
પણ ભંડોળ છે ભેજાંમાં ખુબ;
ચેહરોબી જાણે તદન--
બસ આરીસ્ટોટલ આબેહુબ !

જશે કોર્ટમાં આયા સાથ-
(છે બધી વાતે અપ--ટુ--ડેટ !)
માગો દુવા—લાગોછ હાથ—
૧૯૨૦ નો ડેલીગેટ !

* * *

કરતાં લાખો, પુખ્ત વીચાર,
અગત્યના કોઇ કેસમાં એ
રાખશે સૌ સામાન તૈયાર :
ગોદરી ને ઓળત્યાં એ !

હીઝ લાર્ડશીપ જ્યાર પુછશે સવાલ,
નહીં થશે એ બાબો ફજેત :
ઉંઇઇઇ—હોની એ જાણે છે તાલ–
૧૯૨૦ નો ડેલીગેટ !

* * *

લાંબા મુકદમા દરમ્યાન,
લાગશે બેબી ને જો થાક,
"સીસી" જોઇશે–રાખજો ધ્યાન !
છે મેલીન્સ ફુડનું એ ધરાક !

નહીં હોય કેસમાં દમ કે સાહસ,
તો રમશે બેબી હોંશ સમેત—
શોખીન છે ઘુંઘરાનો ખાસ—
૧૯૨૦ નો ડેલીગેટ !

* * *

આટલી કહી વીચીત્ર વાત,
તે બાનુ એ પાડી એક બુમ;
મંડયા ભાઇ તો ઝાડવા લાત,
સાથ વળી નખરીયા ધુમ!

ભડકી ઉઠયો ખાઇને જોપ,
ડોળા ફાડી દાબ્યું પેટ,
થઇ ગયો એકદમ અલોપ—

૧૯૨૦ નો ડેલીગેટ!

વોટસન નામનો એક લખપતી કજુંસ એકવાર મોહોતને બીછાને પડયો. બીછાનાની આસપાસ ઉભા રહેલા એક દોસ્તને નજદીક બોલાવી તેણે પોતાની કબાટમાંથી એક ખાનું ખેંચી લાવવા મરતે સાદે ફરમાવ્યું. તે દોસ્તે ખાનું હાજર કર્યા પછી વોટસન બોલ્યો "અહં—અહં—ખાનામાં એક—અહં–મેલો–શરટ છે—અહં–તે મને બદલાવી નાખો." અંતની ઘડીએ એક શરટ બદલી નાંખવાનું શું કામ પડયું તે કોઇ સમજી શકયું નહીં. સર્વે કોઇએ ઘણીજ અજાયબીથી વોટસનને આનું કારણ પુછયું ત્યારે તેણે બહુજ મુશકેલાઇથી જવાબ દીધો કે તેના મરી ગયા પછી અંગમાંનો શરટ ખ્રીસ્ટી રીવાજ મુજબ તેની દાસીને મલવો જોઇયે. દીલમાં જે શરટ હતો તે તો માત્ર ત્રણ દીવસની વાત ઉપરજ બદલેલો ધોત્તો ફુલ હતો. એક નવો દોર જેવો શરટ બગાડવાનું કાંઇ કામ?

ફોટો--ગ્રાફી ઈનસ્ટેનટેનીયસ!



સ્નેપ!



—શોટ!

લાલ્યો—ડાકટર છાબ, એ મુંગા મનીખો તુને મલવા માગેછ!
ડાકટર—હેં! શું તેઓ મુગા છે?
લાલ્યો—હા છેટ, તીઓ કતા તો છે!

છે કોઇ કુમારા ઉમેદવાર પારસીઓ ?




કહેજે હમણા ઇરાંન દેશની પ્રજાના મનની હાલત એટલી તો ઉઠલપાહલ થઇ ગયલી છે--તે લોકમાં નવા નવા આચાર વીચારો અને સંસારીક, રાજદ્વારી અને ધાર્મીક સુધારાના નવા ખ્યાલો એટલા તો આગલ વધી ગયલા છે-કે-(મી૦ અરદેશર રીપોરટરના જણાવવા મુજબ) ત્યાંની શુધ્ધ ઉંચ તોખમના ઇરાની બાનુએ અહીં મુંબાઇના પારસીઓ માટે અતીશય દીલસોજીથી અને લાગણીથી પુછપરછ કરે છે અને હમદર્દી પણ બતાવે છે !

આ ઇરાની બખત્યારી બાનુ તેનો એ નમુનો છે. આજ તે શુભ રામબાણ પ્રસંગ છે જયારે કેટલાક જરથોસ્તીઓ જો મન પર લે તો આવી ઇરાની નાઝનીનો ને પોતાની મોહરદારો બનાવી શકે અને આખરે અસલ એકજ લોહીના પ્રજા પાછી એકત્ર થાય !

પક્ષીઓનું હીપનોટીઝમ.

પ્રોફેસર ધાપમારખાંનની અદભુત શકતી !



મીસીસ ધબભુશાહ—આજે મેં તમારી જાહેર ખબર વાંચી, પ્રોફેસર ધાપમારખાન ! શું તમે ખરેખરજ કોઇબી પક્ષીને હીપનોટાઇઝ કરીને એક વાંસળીની પેઠે સીસોટીમાં મ્યુઝીકલ વજાડતું કરી શકો છો ? તમારી ખાત્રી છે ?

પ્રો૦ ધાપમારખાન—જી, ખાત્રી વગર જાહેરમાં અવાયજ કેમ ? લાવો તમારી કેનેરીને ઓય ગાતી કરી આપુ ! મારી ફી ફકત રૂ. પાંચ છેજી.

(પક્ષી ટેબલપર મુકયું–હીપનોટીક પાસીઝ પ્રોફેસરે કરયા અને લ્યો ! એક અતી મીઠા મધુર ગાયન અવાજથી ઓરડો ભરાઇ ગયો !)

(વધુ માટે જુઓ સફો x મો.)

પક્ષીઓનું હીપનોટીઝમ-(ચાલુ)



મીસીસ ધુમ્ભુશાહ— ઓ માયરે! ખરેખર! પ્રોફેસર, તમે તો ખચીત-જ જાદુગર છેઓ! ઓ મારી કેનેરી ખરેખર કેવી મજેની સીસોડી વગાડેછે! મરૂં રે મરૂં તમારીપરથી—લેઓ આય ગીની હું ખુશીથી તમુને આપુંછ. લાવો જલદી એ પીંજરૂં—મારાં પોરીયાંઓ તો ઓજીયાં હરખથી ઘેલાં થઇ જશે!

(પ્રોફેસરને જવાબ વાળવાનો વખત આવવા વગર ગીની ટેબલપર ફેંકીને પીંજરૂં ઝપાટામાં ઉચકી બાઇ સાહેબ ત્યાંથી ધસારાબંધ જતાં રહે છે!)



પ્રોફેસર—શાબાશ બેટા! બચ્ચા તું આગળ ચાલતાં તારા બાપનુ નામ રાખશે!! પણ જો હરામખોર, અગર કોઈ દહાડે જરાઅી છીંકયોછ તો ચામડીજ ઉખેડી નાખશ! ચાલ, હવે બહાર નીકળ!

ઓહ-ઉઈ-ઓહ-આહ!!



ગુસ્તાદ—ઓ પીલઇ! પીલઇ! મારાં જીગરની સીલઇ મારાં મસ્તકની ઢીલઇ—મારી પ્યારી પીલઇ! તું જાણતી નથી, ઓહ--બસ તું જાણતી નથી કે મારૂં હરૂદય રેહવે ત્રેનના ડોકાસમેત તારી તરફ ધસ્યું જાયછ. ઓહ તુંને શું ખબર છે કે હમણા મારાં મગજ પર શું જબરદસ્ત ભાર છે! ઓ, બસ એકજ જવાબ દે અને મારે માથે ટીંગાઇ રહેલો બોજો કેમ તુટી પડશે તે---ઓ એ બોજાની...............ઓ ઓ---ઓ---મરી ગીયોરે મારા બાપ!!!!



કાતર્યાં ગેપ જડજ--(દમામથી) આએ વખતે હું તુને ફાંસીની સજા કરૂંછ ને આશા રાખુંછ કે બીજી વખત તું કંઇ એવું નહીં કરે કે તુને એથી વધુ શીક્ષા પાછી મને કરવી પડે.

તકરાર કરવાની જુદી જુદી રીત.

બીરાદર ! તને બીજાઓ સાથે તકરારમાં કેટલી બધી વાર ઉતરવું પડ્યું છે? મને પોતાને તો તકરાર કરવાનો કાંઈ મોહકો અનુભવ નથી. તોપણ માહરી ડાયરી ઉથલાવતાં મને નીચલી નોંધ મળી આવી છે, જે તુંજ સનમુખ રજુ કરવાની આજે હું તક લઉં છું.

મેં જોયું છે કે એક નાહનું બાળક, તથા એક શરમાળ છોકરો તથા એક ગરીબ મુફલેસ પુરૂષ, કોઈ પણ સાથે હમેશાં બહુજ નરમાશથી તકરારમાં ઉતરે છે. તે તેમ કરતાં દેખીતી રીતે ઘભરાઈ જાય છે, અને બને ત્યાં સુધી સામા ધણીને રાજી રાખવાનો યત્ન કરે છે. પોતાનાં મતને વળગી રહી તકરારમાં જીત મેલવવાની તેને દરકાર હોતી નથી.

"નાહીજી. તમે ભુલ કરતાં હશો. હું તો એમ ધારૂંછ, પછી તો કોણ જાણે, વખતે હોયબી. મનમાં કાંઈ ગુસ્સો લાવતા નાં" ઇતીયાદી. આવી રીતની જીત, પ્રીય વાંચનાર, તેં પોતે ઘણી વેળા મેલવી છે, પણ તેમાં તેં મોટો વાઘ શું મારયો?

મરદો સાથની તકરારો.

સરખે સરખા મરદો મલે ને પછી જો તું તકરારમાં ફાવે તો તેમાં કાંઈબી સાબાશી છે. મેં તો એવી વખતે કાંઈ તરેહ-

વાર કૌતકો દીઠાં છે. જ્યારે સામા હરીફની બાજુ ખુલી હોય ત્યારે તે ઢંગઢડા વગરની, તદન ગેપ તકરારો રજુ કરે છે. કોઇ તો વળી મોટો ફીલસુફ થઇ જાય છે. ભવાં ચઢાવી, લાંબું એબીયલ ડાચું કરી નામાંકીત ગ્રીક ફીલસુફ સોક્રેટીસની રીતી મુજબ સવાલો પુછીને તે પોતાનું ભંડોળ દેખાડવા માંગે છે. જ્યાં સુધી પોતાનો હરીફ પોતાની હાર પોતાને મોઢે કબુલ કરે નહીં ત્યાં સુધી તે તેને સવાલ ઉપર સવાલ નાખ્યાં કરી ભેજાનું દહી કરી મુકે છે. આવી રીતની તકરારનો અનુભવ થોડો ઘણો સઘલાંને મલ્યોજ હશે. બાપડા દુશમનને ખુણાંમાં દાબી તેને નાહસવાનાં સઘળા રસ્તા બંધ કરી તેને આબરૂમાંજ તાબે થવાની આ તકરાર એક જાતની ફરજ પાડે છે.

હ્યો—ત્યારે આપણે તકરાર કરવાની ચીત્ર વીચીત્ર રીતીઓ એકેક પછી તપાસ્યે :—

૧. ગોલ કુંડાળામાં તકરાર—

પેસ્તનજી—જમશેદ, તું બડો બેવકુફ છે!

જમશેદ—કાય?

પેસ્તનજી—કારણકે તારામાં અક્કલજ નથી!

જોયું? એ જાતની જ્યાં તકરાર રજુ થઇ પછી ત્યાં આગળ વધાયજ શી રીતે? "લોજીક" માં એને "Argument in a Circle" લેખવામાં આવેછે. પેસ્તનજીએ તકરાર કેવી રીતે કરી તે જોઇ કેની? તેવણુની તકરાર એ હતી કે જમશેદ એક બેવકુફ હતો કારણ કે—કારણ કે તે એક બેવકુફ હતો!!

૨. હાંડામારતર તકરાર—

પેસ્તનજી—જમશેદ, બસ હું કેહુંછ તે ખરૂંજ છે ! તું ઇડીયટ મુવોછ ! તારામાં દોહડીયાની અકકલ નથી—હું કેહુંછ કે મારી તકરાર માં વજુદ છે. કબુલ કર નહીં તો માથું ભાંજી નાંખશ !

બસ "તકરાર"નો છેડો આવ્યો ! એ જાતની તકરારને "લોજીક"માં Argumentum ad baculum યાને લાકડાની તકરાર કહે છે !

૩. વરૂ—મેંઢા તકરાર—

આ તકરાર તો સઉ કોઇ નાના મોટાને રોશન હશે. પેલી વરૂ અને મેંઢાંની વાત કોણ જાણતું નથી ? એક બીચારૂં મેંઢું ઓવારે પાણી પીતું હતું—તેટલા ત્યાં એક વરૂ આવી ચઢયું.

વરૂ—કેમરે એઇ ! ગઇ કાલે તેં સાફ નદીના પાણીમાં ગલીચી કરી તેને બગાડયું કાંય ? આજે તેને સારૂં મારે તુને ચીરીને ખાઇ જવું છે !

મેંઢું—(ધ્રુજી પડીને) નહીંજી, હું ગઇ કાલે અહીં આયુ'તુંજ નહીં—

વરૂ—તું નહીં આયું તો તારો બાપ આયો હોશે ! ચાલ આવીજા !

(મેંઢાંને ચીરીને ખાઇ જાય છે !)

તકરાર ખતમ !

૪. મુળ-મુદ્દો-માંગકુ તકરાર—

પેસ્તનજી—જમશેદ દીકરા, તું પરણે ત્યારે જસ તારી બૈરીને આખો વખત ઘેરમાં ગાંધી રાખજે !

જમશેદ—કાંય ?

પેસ્તનજી—દીકરા, તારી બૈરી કોઇ ચાલની એવીજ આવશે તેથી એ તુને સલાહ આપુંછ !

આ પ્રકારની તકરાર આપણા લોકમાં સાધારણ હોયછે. "લોજીક" માં એને "Begging the question" કહેવામાં આવે છે.

૬. બાયલા તકરાર—

પેસ્તનજી—જમશેદ, આપણી કોમમાં જુદ્દીનો ને દાખલ કરવામાં મોટો ફાયદો છે, જો !

જમશેદ—કાંય ?

પેસ્તનજી—પેલા આવા શીખેલાને પૈસાવાળા સર સોરાબજી સુધારાવાળા એમ ધારેછ કે ની ?

સર સોરાબજીનું એવું મત છે ત્યારે તો એમ હોવુંજ જોઇયે ! !

ખલાસ !—તકરારનો છેડો આવી ગયો ! !

* * *

સ્ત્રીઓ સાથની તકરારો.

સ્ત્રીઓ સાથે જો તકરારમાં ઉતરયા તો વર્ષ વેડ્યાં એમ સમજવું. તેઓ હારી જશે તોએ તેઓ પોતાની ભુલ કબુલ કરનાર નથી. બસ ખોટી જીદ ચાલુજ રાખશે, અને વગર અરથની તકરારો લાબ્યાજ કરશે. વળી તકરાર શું હોય ને પોતે જ્યાં ધ્યાનમાં આવે ત્યાં ઉતરી પડે. જ્યારે છેકજ હારી જાય ત્યારે તકરાર કરવાના અખાડા કરે. "કોઇ ડાહયો આદમી હોય તો હું તકરાર બી કરૂં તાહરા જેવા બેવકુફ સાથે કોણ માથું ફોડે?" અને જો તમે તદનજ નફ્ટ થઇ ને તમારી હઠ ચાલુ રાખો તો મેમ સાબનો મીજાસ જતો રેહતાં વાર નહીં લાગે, "ચાલો જાઓ, હું કાંઇ તમારી સાથે વધુ તકરાર કરવા માંગતી નથી."

અલબતાં આ ઉપલું કાંઇ સર્વે સ્ત્રીઓને લાગુ પડતું નથી. ઘણીક વેળા કોઇ કોઇ સ્ત્રીઓને મેં એવી તો મીઠી રીતે પોતાના ધણીઓ સાથે તકરાર કરતાં જોઇ છે, કે આપણો જીવ એ ઘડી ખુશ થઇ જાય, "જો, મરી જાઉં બાપુજી, માહરી પાસે હવે એકબી નવી સારી નથી. ઓંજીયાં એકના એક ચીકડાં પેહડતાં હવે તો મુઇ શરમબી લાગે છે." અથવા, "ડીયર જહાંગીર, સાંભલ્યું કે? આય પારસી નાટક મંડળીનો નવો નાટક "અફલાતુન" કેહછ કે ઘણોજ મજાનો છે. મરૂરે બધાં જોઇ આયાંને આપરેજ રેહી ગયાં જો, બબી ઓવરાઇ જાઉં, મને શનીવારે લઇ જશો?"

પણ ચાલો આપણે થોડીક બાયકા લોકની તકરારો કરવાની રીત તપાસ્યે—

૬. પેટીકોટ તકરાર—

સુના-(રડમેસ ચેહરે) જેમી, તું ઘણોજ ઘણોજ ખરાબ છે!

જેમી-(અજબ થઇને) કાંય, ડીયર ?

સુના--કાલે તેં કોનસર્ટમાં પેલી મીસ શાહેરાં સકલાટને કેટલી બધી તાલીઓ આપ્યા કીધી!

જેમી હવે વધુ તકરાર તે શું કરે ? પણ આગળ ચાલો—

૭. ડચકાં તકરાર—

સુના—જમશેદ, તમારી મુઇ કલબને આગ લાગે ! બસ એ કલબથી તમે માટીડાવો બગરી ને કોરીના થઇ જાઓછ! બસ તમે એ કલબ છોરી દેઓ-(રડવા માંડે છે)

જમશેદ—ડોન્ટ બી સીલી, સુના ! મારી કલબ તો ઘણી રીસ્પેકટેબલ છે-તાંહથી હું રીઝાઇન થાઉં ? વોટ નોનસન્સ !

સુના—(આંખે રૂમાલ દાબીને રડયા કરે છે) તમે જાંહ સુધી મને વચન આપશો નહી તાંહ સુધી તમારી સાથે બોલવાનીજ નથી !ઉં-ઉં-ઉં! બસ મને પ્રોમીસ આપો કે કાલેજ 'રીઝાઇન' થશો-(ખુબ ડચકાં ખાય છે)—જેમી, મને વચન આપોની—ઉં, ઉં, ઉં ઉં !

(સુના—બે કલાક સુધી ડચકાં ખાયાજ કરે છે. જેમી તકરાર હારી જાય છે ! !)

૮. બુચ-બુચ તકરાર!--

કાંય—મુછમાં હસોછો કાંય? બુચ-બુચ તકરાર તો ઘણી સાધારણ હોય છે!

સુના—જેમી, જો વરી મને પેલો ખાનને તાંહનો નેકલેસ મારાં વરસપર અપાવશો કેની, અં- કેહોની ડીયર? (જેમીના ગાલ પસવારે છે) જેમી-હું ઘણીજ ખુશી થહશ-મારા કેવા લવ છેઓ! (જેમીના ગળાં આસપાસ હાથ વીટાળે છે) હું તો બધાંને કેહુંછ કે મારા હીરા જેવો વર તો કોઇનોજ હોશે (બુચ-બુચ ના અવાજ)-હું જાણુંછની કે તમે મને એક નેક- લેસ અપાવ્યા વગર રહેશોજ નહી (બુચ- બુચ-બુચ!)-અં, જેમી અપાવશો કેની? (બુચ-બુચ-બુચ!)

(કહો હવે?-જેમી શું તકરાર કરે?)

બાપા—જો પરશોતમ, હજી તો તને અઢાર વર્ષ પુરાં થયાં નથી તેટલાં તો તું ઉડાઉપણાંની માઠી રીત શીખ્યો છે. તું પૈસા ને પૈસો કરી ગણતો નથી. આટલી નાની ઉંમરે તેં મોટું કરજ કર્યું છે. શરમ છે તારી ઉપર તારા માથે આવડાં મોટાં કરજ છતાં તને એક ઘડી પણ આરામ કેમ મળે છે, તે વીષે મને અત્યંત અચરતી ઉપજે છે.

પરશોતમ—(હસીને) બાપાજી, તમે ભુલોછો. આટલાં મોટાં કરજ છતાં મને આરામ છે તે માટે અચરત થાવો તે કરતાં મારા માંગનારાઓને કેમ આરામ રહેતો હશે તે માટે અચરત થવાની વધારે જરૂર છે.

"પુનમનો ચાંદ."

સોનાપોરવાળા શીરીઝ-ના૦ ૧૨૧૬.



જગમશહુર ચોપાન્યા "ઓકારી પ્રકાશ"ના આર્ટ નંબર માટે સ્પેશીયલ સ્ટડી.

લાઇફપરથી ફોટો લેનાર મી૦ સુલેમાનજી ઝેડ. સોનાપોરવાળા, આર. ઓ. ટી બ્લોક-મી૦ જીજીભાઇ ખરેઘાટ.

[ગપસપ, સાંજવર્તમાન, ઢોંગ-સોંગ, ઇત્યાદી ઇત્યાદી પતેતી નંબરો કહાડે અને આર્ટ સીરીઓ આપે ત્યારે "ઓકારી-પ્રકાશ"ના અધીપતી આદરજી ઉજમારા કાંય હાથ ધસતા બેસી રહે?-લેઓ-આ વારની પતેતી પર તેઓનું બી ચચરી આવ્યું છે!-]

"અમારી સુખીસંસાર ચીત્રમાળા"




"ઓકારી પ્રકાશ"નો આ વારના પતેતી નંબરના કવરપરનું રંગીન સુશોભીત આંખે ઉડી વળગે તેવું મનોહર ચીત્ર—

[જીહા—'ગપસપ'ના પતેતી નંબરોના કવરપર દર વરસ સુખી સંસારના ચીત્રો આવે છે તેનીબી આદરજી ઉજમારાએ પોતાનાં ઓકારી પ્રકાશના આટ્ટ નંબરના સંબંધમાં નકલ કરી છે—તમારા સમ!]

ગરમીના દહાડામાં જનાવરોને સંભાળજો !

એક સાદી અને સુતરી, નમનતાઇ ભરી સલાહ.



આ ! અમે અમારા એકેકે એક વાંચનાર મીત્રને સખત ભલામણ કરીયે છીયેકે એ ગરમીના દહાડા ઘરમાનાં પાળેલાં જનાવરોની બની શકતી સંભાળ લેવી. કોઇ વખતે ગરમીને લીધે ગમે એવું બી સમજુ અને આપણું પળોટાયલું જનાવર ઓચીંતુ બીગડી જાય છે. એવી વેળા જરા ચોંપમાં રહેલું સારૂં. ગરમીથી હેરાન થઇ કેવાં મજાનાં કુત્રાંઓ હડખાં થઇ જાયછે તે શું તમે જાણતા નથી ? આપણે આપણી હુશીયારીમાં રહીયે તેટલું સારૂં. બનતાં તુલીક દરેક જનાવરને મ્હોંડે મઝલ પેહડાવીરાખ્યું હોય તો ફીકરજ નહીં.

આર્ટની નજરથી પીકચરનો તપાસ.



આર્ટીસ્ટભાઈ—જો સુનઇ, આએ એક ગ્રાઉંડની બ્લુ પર્ફેકટપર પ્રોફાઇલ આવવાથી એનો ડાબી બાજુનો શેડ અને જમની બાજુના લાઇટનો "કાનત્રાસ્ટ" મેં આર્ટના નીયમ પ્રમાણે ચીતાર્યોછે—ને આએ નેચરને મદદ આપી પારેમાઉ ફ્રેમ રાખ્યોછ! કાંય? શું ટગર ટગર જોયા કરેછ?

બેહન—હું કાહરની એમ જોઉંછ કે એ આએ મરઘીના પીછ પર બતકના ઇંડા જેવું છે તે શું?

અંહંહ!—હવે સમજ પડી!

એસ્ત્રલ પ્લેનમાં તો કેથું આય આવું આવું બધું મળે દેખું!

ભલા આદમી થીઓસોફીસ્ટો જરા આપણને એમ બધું ખુલ્લે ખુલ્લું કેહી દેતા હોય તો સમજ પડ કેની?



(આ ચીત્રની વીગત માટે જુવો પાસેનો સફો ૬૯ મો)

[એસ્ત્રલ પ્લેનનો ખુલાશો—જુવો પાસેનું ચીત્ર.]

બમનશાહ બકરાજોભરૂ એક ચુસ્ત થીઓસોફીસ્ટ છે, કમનસીબે તેવણુનો કલેજાનો કટકો આલીબાઈ જરીક—છે તે—સમજ્યા જેવાં દેખાવના મુવેલાં છે. હવે એક રવીવારે બપોરે બમનુઆ જરા પોતાની પોચી ખુરસીપર લોપન લેવા બેઠેલા તેટલાં આંખો વીચઇ ગઇ અને તેવણુને લાગયું કે તેવણુ શીધા "એસ્ત્રલ પ્લેન" માં પોંહચી ગયા—યાને તેવણુનું સ્થાન બાકી ભુવનસાંથી થોડા વખત માટે અસંખ્ય ધરજની-આવાગા વધારે ચઢીયાતા તબકામાં ચાલ્યું ગયું. બમનશાહે અત્યાર સુધી થીઓસોફીકલ ચોપડીમાં ઘણું ઘણું એસ્ત્રલ પ્લેન ને સારૂં વાંચેલું જો—ને ઘણાં ભાશણોથી સમજેલાં પણ તે દહાડેજ કેથું તેવણુને બરાબર અંગત રીતે રોશન થયું કે એસ્ત્રલ પ્લેન તે શું!—

તેણી—(ગુસ્સાથી) તમે મારી સાથ પરણુવા માંગોછ કે મારા પપા ના પૈસા સાથ?

તે—(ભોચી ખજવાડી)—હુ સી, મીસ ધના પટેલ—તમારા પપા ના પૈસાની એકલાની સાથ પરણી શકાય એવો જરાબી ચાન્સ છેજ નહીં!

તરવારો કસ્તી નહી કરે—અને કરે ત્યારે સેહતાન નડે!



પાહલનજી પપાંઉચોર એક પહેલા નંબરના "ફ્રાડ" હતા—પણ ૫૯ વર્ષે તેવણને અભાગ લાગી કે સામેના ઘેરની રંડાયલી નવાજબાઇ ગોરાણી પર તેવણનું દીલ લાગી ગયું. (નવાજબાઇ પાસે એકુ લાકરીનો જીવ) ઉં!—પાહલીઆનો પ્યાર ઘણો જોરાવર હતો—પણ નવાજબાઇ તો અત્યંત ધર્મી સ-કર્મી મુવેલી—એટલે—પાહલીબાએ મુકતાદના દહાડાપર બારી એથી ડોકું બહાર કહાડી સામા ઘરના બધા જોય તેમ સુરજ તરફ આંખ કરી અશો પરેહજગાર બનીને ભણવા માંડયું. પણ બારીને લાગી અદેખાઇ કહી! સડકી ને તે ચપક દેતી પડી ગઇ. પરેહજગારી હવામાં સધી ઉડી ગઇ! નાજુ તો હસી ને ફુલતી થઇ. હરદી દીધા રંકી—હમણા કેહું તોડ ગઇ હુવા વાણી! લાવ કાસમ, ખભાંને સેકવા ગરમ પાણી.

પતેતી ગુજારવાનીઅી બે રીત હોય છે!

૧૯૧૫ ના સાલની બે સાહેબોની ખાનગી ડાયરીમાંથી તફડાવેલાં પાનાં

—:o:—

૧—આદરજી અલાહીઆગ્યા.

(ઉમર વરસ ૩૪-)

પાછલી રાતના ૩ વાગતે—ખશનો થરે હોરેમજદાવ અશોને હતીઆદી--વેહલ્લો વેહેલ્લો પદુકરી મારીને ઉઠેઓ. આજે તો પતેતી તેથી જાને દીલ હલકું હલકું લાગેઉં. અવાચી આવતીતી તે જેમ તેમ દાબી દીધી ને બે ચાર જોસથી તચા-કરી ફેરી નાપાક હેરેમન દુવારને ખખેરી કાહારીઓ. શકસ્તે શકસ્તે શેહતાન! સપરમે દાહાડે અચાચી કોન ખાએ? વાસી કસ્તી પખોરીને જરા લઇ નીરંગની બાજ ભણેઓ કે ઉંઘ ઉડી ગેઇ.

૫ વાગતે—નીચે ઓટલો ધોઇને ચોક ચાંદન કરવાનું બઇરાંઓ ખખેડું કરતાંતાં તાંહ જરાક ઉભો જઇ આયો ને બે ચાર ચોક સગનને વાસ્તે મેંબી પુરેઆ ને મારી ધણેઆની જીલુને બોહસ કરીને માહરા ઓરડાની બાહાર સઉથી મોહોટી તોરણ તંગાવી. હાબા--આપુને તો સારે રૂરે કંઇબી ઓછું પરે તે નહીં ચાલે.

૬ વાગતે—મારે હાથે કુવામાંથી હાંડો ભરીને પાણી કાહારીઉં. એવે દાહરે દરવંદના હાથના પાણીથી હું તો નહીં નાહું તેથી રામાને ધમકાવીને કાહારીઓ ને એજ હાંડો ઉંચકી મોરીમાં લઇ ગીઓ. એચર હજામનેબી દહવારો પારીને પાછો મોકલી દીધો. મને તો ચોખ્ખું પાખ્ખું બધું રાખવાની ટેપ તેથી પતેતી જેવે દાહરે હજામને મરી જાઉં તોબી નહીં અરકું—ને મારાં માલજીએબી મને ના કેહી મુકાઉંતું કે 'આદર મરી જાઉં, સપરમે દાહરે નસાને ઘેરમો નો ઘાલતો'—મેં કેહ્યું કે 'વારૂં, માયજી." પછી અરધો કલાક ઠંનડાં પાનીએ ખુબ આખે દીલે ખીસો ને સાબુ ચોરીને નાહેઓ—ને મારો બરાઉન સોપ બધો અરધો અરધ ખપાવી દીધો.

૭ વાગતે—અંધોરીને પછી મારી બહરીએ નવો વાગો કીધો તો તે પેહરીને માયજીને ફુઇજીને અને મારી જીલુને પગે લાગેઓ ને તે લોકો ઓવરના લીધાં ને માયજીએ મોટો કપારે તીલો કીધો. તે મેં આખો દારો રેહવા દીધો ને માહરી નવી ટગલી કુચઇ નહીં જાય ને મારી કોરી ઇજારના સલ જતા નહીં રેહ તેથી આખો વખત અલગો ને અલગો ફરેઆ કીધો. મારા ગુચ્છાને જરા સાલીટ તેલ લગારી બરાબર હોરેઆ. પછી નવા જોરા ને નવું ખોખું પેહરી આતશબેહરામ જઇને બે કલાક ખુબ પેત ભરીને ભણેઓ ને સુખર ચહરાવેઉં.

૯ વાગતે—ઘેર ચાહ લઇ પાંઉ નાસ્તો જમીઓ પછી ઘેરનાં નાહલાં છોકરાંઓને પાવલી પાવલી આપી ને માયજીને પાંચ રૂપીઆ આપીઆ ને જીલુને એક રૂપીઓ આપેઓ. ફુઇજીને અખારા કીધા. પછી ખરકીમાં બૈરાંઓ બેશાંતાં તાંહ

જરા વચમાં બેસીને ટાહેલાં કીધાં ને બે રૂપીઆની ઋરથી-ઓ કરાવીતી તે ભીખ્ખારુંઓને આપીને ખલાસ કીધી.

૧૦ વાગતે—આ સપરમે દાહરે બેંન્ડ વાગે તેરે માહરો જીવ ઘણો ખુસી થાએ. તેથી ઓટલાપર બેસીને જેટલા બેંન્ડ વારા આવેઆ ને જેટલા પેંપુરીવારા આવેઆ તે બધાને બેએ આની આપીને વજરાવેઉં. મોહતો અવાજ નીકરે તે મને ઘનું ગમે, જો-તેથી બે બેંન્ડને એક વખત પાસે ઉભા રાખી ને જોરથી વાજું વગરાઉં. બેઉ જણે જુદા જુદા રાગ વજ્જા-રેઆ તેથી શું વજારેછ તે સમજાએઉ નહી પન મજ્જેનો મોટો સાદ નીકરેઓ ને ઘેર વીહા ભરીઉં લાગું. ને મેં જઇને ઢોલવારાને અલ્લગસે બે દોરીઆં આપીને ઘનાજ જોરથી ઢોલ થોકાઉં તેથી બધો મોહલ્લો ગાજી રેહેઆ ને માયજી ને પુઇ-જીબી ખુસી ખુસી થએઆં કે "મરે, કેવું મજ્જેનું ઓટલો ભરઇ જાય તેવું વાજું વાગેછ."

૧૨ વાગતે—રસતામાંથી પસાર થઇ જતા ઓરખીતા-ઓને સાલ મુબારક કરતાં કરતાં હાથબી દુખી આવેઆતા તેથી મારપર જઇને સગાંવાહલાંઓને બધાં મલી સાત સાલ મુબારકના ચચાર પર ભરીને લખી કાહરેઆં ને પછી જરા અમારા કાવસદારૂ પંચકી અસ્તુમ ઝાંડતાતા તાંહ જઇને ભણવા બેઠો ને કાવસદારૂ ગાપચાં નહીં મારે તેની પર ખુબ નજર રાખી. પછી માનેકજી શેઠની વારીમાં વીસ નાનીઆઓ જમા-રેઆતા તાંહ જરા જઇ આવેઆ.

૧ વાગતે—ધાન દાર ને દહી ઉતું તે ખાઇને જરા બે ઘમચી મોહવરૂં લીધું, ને તેમાં એક આખી બાટલી લેમ-

નેટ નાખીને પીધું. બા, કોઇ દાહરે એક ટીપુંબી લેવાની આપુને આદત નહીં તેથી લાગી બાગી જાય કરીને લેમનેટમાં નાંખીને પીધું. સારે દાહરે જરાક નામને ખાતર લેવું તો જોઇયેજ. પછી જરા અરેટઇને "તનની પાકીજગી" ઉપર એરવદ આદરબાદની વાયજ ઉતી તે દોહર પાનું વાંચેઉ ને વાંચતાં વાંચતાં ઉંઘઇ ગીઓ.

૩ વાગતે—ચાહેને વખતે ઉઠેઓ—ને માહરો નાહલ્લો પેસ્તન અજીકીને ચાહે પીતો' તો તેનીપર દહવારો કીધો ને રૂમાલમાં રકેબી પકરીને પીતાં સીખવેઉં. મને એમ અજીઠ વટાર કોઇ કરે તે નહીં ગમે. પછી છોકરાંઓને લઇને આવાં ઇજદ ગીઓ ને તાંહ નારીએર ફુલ સાકર ચહરાવીને બધાં ભણેઆં.

૫ વાગતે—પતેતી જેવે સપરમે દાહરે કંઇ ઘેરનાં બૈરાં છોકરાંને એકલાં મુકી આપુને બા કંઇ વારીએ જવા નહીં ગમે. પણ ઘેરમાંજ રેહેઓ ને ઓટલાપર પાસેના આબ-બારાને તાંહના ને મારે તાંહનાં બૈરાંઓની વચ્ચે બેસીને કલાક બે કલાક ગામ ગપાટા ચલાવેઆ ને તે લોકને ચેમબરલેનની "કોલોનીઅલ પોલીસી" સમજાવી ને ભેસાનીઆને તાંહ જાપા-નીઝ હોજરીઆંનો ભાવ કેટલો છે તેની વાત કીધી.

૮ વાગતે—ખાઇને કલાકેક ભણેઓ ને પછી સુઇ ગીઓ. ચાલો, એમ મેં નવું સાલ ઉગારેઉં.

* * *

૨—જેમી સ્લીડર.

(ઉમર વરશ ૨૬)

૮॥ વાગતે--O hang it all! confound this

d——d nuisance; સત્યાશ ગીઆઓ જરા સુખે પતેતી
જેવે દાહડેબી ઉંઘાવા દેતા નથી! આઠ વાગામાંજ એ નાપા-
કના જણ્યા નાનખટઇ બેંડવાળાઓના રોખરાંથી મારી સુન્ના
જેવી ઉંઘ ઉડી ગેઇ. ચાર પાચ ઉપરા સાપારી અવાચી આવીને
મજબુત આળસ ખાઇને હું ફફડી ચમકીને ઉઠીયો ને એ
બેંડવાળાઓને ને બેંડ વજરાતનારાં બેવકુફોને બધાંને મનમાં
આડી અવરી ચોપરી કાહારી. પછી ઉંઘારે માથે સદરા ને
લેંગાપરજ નીચે ગીયો ને વસીદે મોહુનેજ ચાહે પીધી.
કસ્તી બે દાહારા થયા કેઠે મુંકઇ ગેઇતી તેથી સેવક તેટલો
વખત ખાલી સદરાપરજ કુસ્તી વગર ફરતો'તો.

૯ વાગતે--જોઉંછ તો આખું ઘેર મમાએ ને છોકરી-
ઓએ ચોકના વગર અર્થના ડપકાંઓથી બધું ખરડી પરડી
મુકેલું! તે લોક સાથ મરાયો કે એમબી ને એમબી ભોંયપર
બધે સફેદ ચુનોજ કાંય નહીં ઘોરાવતાં! મોરીમાં જઇને જોવુંછ
તો એક ફુલીયાંમાં કંઇ ગંધે ગંધ મારે! બે--છી-છી! બુમ
બરાડા મારીને પુછયું તો કેહેજે અમારા બુઢા એદલજી કાકાએ
તરો લીધેલો! મારો મીજાજ ગીયો ને લાત મારીને મેં તે
કલેજાં ઉદલઇ જાય તેવી ડટી ચીજને બારીની બાહેર ફેંકી
દીધી. પછી જોઉંછ તો ઓટલાપર એકાએક કાંસા ધમ ધમ ધમ
થાય! કહેજે મમા બેંડ વજરાવેછ! બેંડ? માઇ ગોડ! એક ખોટી
પીચની કોરનેટ—એક ઢોલ ને એક ટીંગ ટીંગ વાગતું ટ્રાયનગલ! વે-
લેનટાઇન ગેલેપ તે ઘોડાના ખાધાઓ ફુંકે ને ઢોલના દરેક હોકા સાથ
મારા પેટમાં બીલાડાં દોડે! અરે, એ કંઇ મ્યુઝીક છે! મારા
દીલમાં કંપારી છુટી. ઘેલા હાથીની કાની નીચે દોડયો અને ભેજું

ખાઇ જતાં "બેંડ"વાળાઓને ધકકા મારીને ગડબડ કરતા અધરીયાત અટકાવી બમે આની ઝાંસીને કહાડયા. મમા ખબ-રીયાં પણ હું જીદે પરીયો ને એવું ઉબક આવે તેવું બેંડ અમારા ઓટલા પર વજારવા દેવા મેં સાફ ના પાડી. બારણે ભીખારડાંઓ કંટાળો આપતાં હતાં તે લોકોનેબી ગાળબેળ દેઇ મેં હાંકી કાહડયાં.

૧૦ વાગતે—નાહવા જવા કેહીને મમા મારૂં માથું ખાઇ જતાં'તાં. ગરમ પાણી ચોતરામાં મુકેલું બધું ઠંડુ ગાર પડી ગીયું. પણ પપેતી જેવો છુટીનો દાહરો એમ ધેં ધેં કોણ કરે? નાહીશું—આસ્તે રહીને પછી સાંજે નાહીશું--ઉતા વળ શું છે? જરા **જામે** ઉપર ટપકેથી જોયું, પછી 'ઇન્ડી-યન સ્પોરટીગ ટાઇમ્સ'માં આવતી પુનાની મોટી રેસનો મામલો વાંચીયો. 'રેસીંગ ક્રોનીકલર' માં આવતી મોટી 'સ્પે-શીયલ મીટીંગ (પુનાની મોટી ઘોડદોડની સરત) માં બધા ઘોડાઓ માટે tips આપેલી હતી તે જોઇ લીધી. (કાનમાં કેહુંછ કે બંદો racing નો ઘણો શોખીન છે ને દર સ્પેશીયલ ટ્રેનમા પુને ઉપેડી જઇ બસો ત્રણુસો એમ કે તેમ સલગાવી આવેછ.) જરા બુકબાચક ઉપરથી જલેબી, બરફી ને ફરૂટ ચાંપી હતી તેથી પેટ ભરાઇ ગીયું હતું એટલે નાસ્તો પડયો પડયો ડોરા ઘુરકયા કીધો તોબી આપરે તેને હાથ લગાડયો નહીં.

૧૧ વાગતે—મુબારકબાદીના અગલીહેલ જેવા કેટલાક છાપેલા કાર્ડ આયાતા તેની ઉપર વોમીટ આવે તેવી કવીતા લખનારા દોસ્તોનેબી ખુબ સેસ ભરી. એવાં 'બોલડરડેશ'થી મને હંમેશ ઘણી ચીર ચહરેછ. તેમાં એક પોસ્ટકાર્ડ ઉપર જર-

થોસ્તની સભી જોઇને તો મારૂં ખાધેલુંબી ઉપર તળે થઇ ગીયું. નાહયા વગરજ ઇંગ્લીશ ડ્રેસ લટકાવી સાઇકલપર મોહલ્લાઓમાં ફરીને આપરાં લોકની ઘધુખર જોઇને આતશબેહરામ ધોત્તાં ધોત્તાં થઇને કેટલાક પરવારતાઓ ઢકેલા ખાતાતા તે જોઇ મુછમાં હસ્તો ગીયો. ને પછી કાલબાદેવી હેર કટીંગ સેલુનમાં જઇ બાલ કપાવ્યા તથા 'શેવ' કરાવ્યું. કેહજે પતેતીને દાહરે હજામત નહી કરાવીયે! હે-હે-હે! ઓલ માઇ આઇ!

૧ વાગતે—ખાનુ ખરાબ થાય નાહવાનીતો આલસજ લાગ્યા કરે. તેથી એમનો એમ લેટીને રેનલ્ડસની નાવેલ જરા વાંચી. બપોરના એવાજ સપોટન ડપોટન અવતારે બધાં સાથ ખાવા બેસી ગીયો. એદલજી કાકા વળી ઘણા ચીબા થઇને એકદમજ ચોખ્ખું પાખ્ખું કરતા'તા તેથી મારૂં પાકી આયું ને મેં તેવણને ચીરડવવા ખામખા બધું અજીઠ વટાર કરીને ખાધું. પછી ખાઇને બધાં લોકના દેખતાં મારી મેક્રોપોલોની સીગરેટ સલગાવી તે સ્મોક કીધી. બા, ખાધા પછી હું રોજ સ્મોક કરૂં છ—તે વગર આપુને નહીં ચાલે. મમા ને કાકા સઉ ખભરીને રેહ્યાં, પણ આપરે તો જાણે જાણુતાજ નથી!

૨ વાગતે—મોહડાંમાં સીગરેટ સાથેજ હું હોરમજદારૂ મોબેદ કંઇ અસ્તુમ આગળ થાઉ વેરીયો થાઉ વેરીયો કરીને માથું ભેજું ખાઇ જતાતા તાંહ હ:થે કરીને ગીયો, ને લેહરે લેહરે ધુમાડો કાહડવા પડયો. ઘણી મજાહ પડી! હોરમજદારૂએ તો છેડાઇને ઉં–ઉં–ઉં–કરી ઘોંઘાટ કર્યો પણ આપણે બંદા ખસ્યા નહીં. આખરે તેવણ મમાને કહેવા ખુબ લાલ પીલા થઇને ચાલી ગીયા તે આપરે તે લાગ જોઇને અસ્તુંમમાં મોહ-

વડાનુ ગલાસ મુકેલું હતું તે સપાટામાં ઓટી જઇ ત્યાંથી ખલ્લી ગયા. ને ઘોલીયા પર જઇને આંખે સારી દાબી ગુપ ચુપ ઉંઘઇ ગીયા.

૪ વાગતે—ચાહે પીને આસ્તે રેહીને ફુંકા પાણીએ નાહયો. મમાએ એ દાહરા અગાઉથી તદન નવો કોરો સદરો લેંગો આપ્યો હતો તે કોણ જાણે કબાટમાં કયાં કેઠે ચંપાઇ ગયલાં તે નખોદ જાય પાતાં પાય નહી, એટલે એક જુનોજ ઘોયલો સદરો લેંગો નાહીને પેહરીયો ને ઇંગ્લીશ શોરટ કોટ પાટલુન લટકાવી કલબમાં ગીયો ને તાંહ દોસ્તો સાથ સાત વાગતા સુંધી "બ્રેગ" રમવા બેઠો તેમા અઢાર રૂપીયા બોય કીધા. મારો દોસ્ત બેજી કલબના વરંડાપર ભણતો તો તેના હાથમાંથી અવસ્તા ઝુંટવી મેં તેને મારી સાથ બીલીયરર્સ રમવા જબરદસ્તીથી ઉઠારીયો ને તેમાં તેની સાથબી પાંચ રૂપીયા હારી ગીયો.

૮ વાગતે—દોસ્તદારો સાથ શ્રીન ને તાંહ ડીનર લેવા ગીયો. પતેતી જેવે દાહરે ઘેરમાં કોણ ખાય? નોનસન્સ!

૯ વાગતે—રાતના 'ડાલાસ'ની કુંપનીનો નાટક "મીકાડો" હતો તે જોવા ગીયો ને રાતના

૧૨ા વાગતે—આવીને શેરી તથા વીહસ્કી સોડાથી ભારોભાર થઇ ભારી પેટે સુઇ ગીયો.

પતેતી ખલાસ.

આફ્રીકન હેર-કટીંગ-સેલુન !



" હેર કટ, સર? યસ-સર ! "



" છેલ્લામાં છેલ્લી મશીનરીથી અહીં બાલ કપાય છે."



" ધેર યુ આર-સર ! "

પઝલ—નાં૦ ૧.

રથેસ્તારાન ઉખીયાણું.

એક ભયભીત હકીકત !

રેજીસ્ટર્ડ નંબર નાં૦ ૫x૬ T ૪ લે G ખ ૩ ન.

તમામ હકો સારી સષ્ટીમાં સર્વ સ્થળે ભાડે આપવાના છે.

નોટ—આ બાઝીગર એક અબો લડત—છે. જે કોઇ એ પાછું પ્રગટ કરશે તેને સોસાયટી સ્ટ્રની સેકંડહેન્ડ ચોપડી ભેટ મળશે.



ઈનામ;—૧ આનો ને ૭ પઇ.

ગુરઠમાન બેહસ્ત થયલાં "રથેસ્તાર" મંડળના માનવંતા સભાસદો એ મેહરબાની કરી ઉમેદવારી કરવી નહીં—તેમજ કોઇબી નલ બેસાડનાર બ્લમબરે આવી ગંભીર બાબદ પર કશોપણ "રમુજ" કરવી નહી.

(આ પઝલની વીગત માટે પાસેનો સફો જુવો.)

૧. ગેસ કાપવાનો છરો લઇ પાસે આપેલી આંઠ રથેસ્તારાનોના ડોકાં છુટાં પાડો.

૨. આ એરેહમ કામ કરવા પછી ઉપર કહેલા છ ટુકડાઓ એક તીજારીમાં રાખીને તેની ચાવી ખોહી દેઓ.

૩. આ બાજીગર બરોબર ગોઠવવા માટે બધાં બારેબાર ડોકાંઓની ખચિત અગત્ય છે. જો બધા ટુકડા ગુંચવઇને કાંટાની કટેસર થઇ જાએ તો એક બીજી નકલ "ઘડી ચપકો" ની લેઓ—અને **'સ્ટારટ અગેન.'**

૪. અહિં એક બી ટુકડો વધારાનો નથી. (બધી પહેલવાનજાદીઓ છે.) તમને નહિ ધ્યાનમાં આવે તે ટુકડો એલાશક કાનમાંથી મેલ કાઢવા વાપડજો.

૫. રથેસ્તાર મંડળના સેકરેટરી પોતાની જાતી ખાતરી આપે છે કે આ પઝલ શોધી શકાય એવું છે અને તે માટે **એક આનો ને એક પઈ** ઇનામ તરીકે હરીફાઇ કરનારાઓમાં વેંહેચી આપવાનું ઠરાવ્યું છે. આ ઇનામ જવા દેવું જોઇતું નથી. તમે એકાએકાર હોવ તો બી 'ટ્રાઇ' કરવી જોઇએ.

૬. ઉપલા ટુકડા દારોબસ્ત ગોઠવવાની ખરી રીત માછી ભાણા ભીખ્યા તે ભરૂચની ખાડીમાં ફરતાં પડાઉ 'પહેલવાન' ના ટન્ડેલની પાસ થાવું રાખ્યું છે.

૭. મુછ મુડવનારો કોઇબી પારસી કાયદાપુર્વક રીતે હરીફાઇ કરી શકશે નહિ.

૮. જેઓ એમ માનતા હોય કે પારસી ગોયનો પોતાના સુરીલા કંઠથી રથેસ્તારાનોની અશો લડત વધારે અસરકારક રીતે ચલાવી શકશે તો તે પ્રમાણે તેનો સેરો તેઓએ એલાહેદો લખવો.

૯. કોઇબી રથેસ્તારાન સાથ પ્યારમાં પડવાની ઉમેદવારો ને મનાઇ છે.

૧૦. જવાબો આવતી ધનતેરસની કાલી રાતરે ખોલવા લઇશું.

૧૧. એક કરતાં વધુ ખરા જવાબો લખી મોકલનારાના બાબમાં મેરીલીબન ક્રીકેટ કલબનો છેલ્લો કાયદો મજબુતાઇથી અમલમાં મુકવામાં આવશે. બંધે ઇનીંગસનું છેવટ જ્યાં નહિ આવી શકે ત્યાં પહેલી ઇનીંગસનું પરિણામ ધ્યાનમાં લેવામાં આવશે.

૧૨. ઇનામ જીતનાર સખસનું નામ પોલીસ કમીશનરપર પાધરૂં રવાનાં કરવામાં આવશે.

૧૩. ધરમપુરીનાં ઠાકોરનું મત છેલ્લું અને બંધન કરતા ગણાશે.

પેસ્તનજી પીપીઉં ઘણાજ જાડા અને એબલગામણા હતા. પણ તેઓ પોતાની પડોસની સુંદર શીરીનને પરણવાની ઉમેદમાં હતા, એક દીવસ શીરીનને મળવા જતાં સામે તેનો નાનો ભાઇ હોમી મલ્યો.

"વાહ! હોમી! એ તરા હાથમાં કેવી મજાની બંદુખ છે, હો!"

"હા, એ તો ધંધલી મોટા પાલા હોય તેની તેને મારી નાઠવા દારૂં ઠે"

"જંગલી પાર! તેને મારવા તો તુંને જંગલમાં જવું પડશે."

"ધંધલમાં શું તારવા ધવાનું? તમે માંલી ઠાંએ કેઓ તેની?"

"હું? કોણે કહ્યું કે હું જંગલી પારો છેઉં?"

"તમોને આવતાં ધોઇને ઠીરીને મને તેહયું કે ધા હોમી, પેલો ધંધલી પાલો પેઠી આવેત તેની આધલ ધા, હું તો માપલ ધતી રેહુંત ઈં"

પઝલ-નાo ૯!

ગ્રાંડ ઇરાનીયન પઝલ.

એક જંગી હરીફાઇ.

કોપીરાઇટ-[નોટ: મીo જીનાબ આના સંબંધમાં કંઇજ જાણતા નથી.]

રેજીસ્ટર નંબર-બસો પીસતોતેર.

પીલાઉસના ગોલપીઠાંમાંથી કશીબી ખબર મળશે નહીં.



ઈનામ:-ભાટીયા બાગવાળી મુતરડીમાં મુફત દાખલ થવાની છુટ, (રૂમાલ વગર).

એક અરજ--ઇરાનીયન એસોસીએશનના માનવંતા સેક્રેટરી સાહેબે આ પઝલની હરીપ્રાઇમાં ઉતરવું નહીં: (પણ તેવણ કોઇ બીજાને અલ્લકસે મદદ કરે તો વાંધો નથી.)

(આ પઝલની વીગતો માટે જુવો સફે ૮૪ મો.)

ઇરાન્યન પઝલની સરતો.

૧. પાસે પાડેલા પંદર ટુકડાઓ જે લાલ-બલુ-ગોલાબી અને દુધ્યા રંગના છે તે એક નરદમ ડીનેમાઇટના મસાલાથી ઉડારી નાખો.

૨. તે બધા બત્રીસ ટુકડા એકઠા કરી એક ઇરાની ફોજ બનાવો.

૩. ફોજની પુછડી પછાડી તેના સરદારને બાંધો.

૪. એ માટે તમે મુંબઇની એકાદ સ્કુલના કોઇ 'ડ્રીલ માસ્તર ની મદદ લઇ શકશો.

૫. પછી એ પઝલ તમારા ચીકાસદાર સસરાને સમજાવવાની કોશેશ કરજો, એથી તેમની જીંદગી જરા ટુંકી થશે.

૬. ઉપલા ટુકડા એકઠા કરી એક ઇરાની ફોજ બનાવવાની ખરી રીત કાર્ડ-બોર્ડના એક જાડા કાગલપર લખી 'મહીકાંઠાગેઝેટ' ના એડીટરની ઇસ્કોટરીમાં સાબુત રાખી છે.

૭. 'મહીકાંઠા ગેઝેટ' ના એડીટરે હરીફાઇ કરવી નહી.

૮. ઉમેદવારોએ હરીફાઇ કરવા અગાઉ એક 'ક્રીડ' પર સહી કરવી પડશે કે તેઓ આખી જીંદગીમાં કદીબી ઇરાન જશે નહીં.

૯. જે હરીફાઇ કરનારા બધા ઉડતાળીસ ટુકડા બરોબર ગોઠવી મોકલાવશે તેને ઇરાનના બીચારા પદભરષ્ટ શાહપર લાગવગ ચલાવી શીરાઝના શાંત શહેરમાં મુટરડીઓના ઇનસ્પેકટર જેનરલનો ઓધ્ધો અપાવવામાં આવશે.

૧૦. જે કોઇ હરીફાઇ કરનાર આ બાજીગર ઉકલાવ્યા પછી ભેંજાની તાવથી મરી જશે તો ઇનામ સૌથી દુરના વારેસને આપવામાં આવશે.

૧૧. પણ જો ફક્ત તે પોતાનું માથુંજ ખોઇ બેસશે તો પારસી દીવાનાઓના ફંડના સેક્રેટરીપર લાગવગ ચલાવી તેને કોલાબે એક સઉથી ફરાગાત હવાવાળી ઉજરડાંવાળી ખોલીમાં પુરવામાં આવશે.

૧૨. ખરો જવાબ અને જીતનારનું નામ "ધી એખરા એખરાના સાંજનાં વધારાના ઇરાંની સપલીમેંન્ટ એકલામાંજ પ્રગટ કરવામાં આવશે.

૧૩. 'હોંગ-સોંગ' ના અધીપતીનો ચુકાદો–(જો અધીપતી બીચારાના પોતાના માથાંને રથેસ્તાર મંડળ તથા ઇલ્મેક્ષનુમ ઇનસ્ટીટયુટની મહેહનજરોનો અભ્યાસ કરતાં અલવળ નહીં પુગા જશે તો)–સેવટનો ગણાશે.

મોટે ઘેરનાં મેહરબાઇએ પોતાને ત્યાંની પાર્ટીમાં એક નામીચા ઇટાલ્યન વાયોલીન વજાડનારને પરોણાઓને રીઝવવા બોલાવ્યો હતો. પોતે હતાં તો મ્યુઝીકના ખાં જેવાં કે હોજ તેવાં, પણ ન્યુસપેપરોમાં તેની તારીફ વાંચી ફક્ત ભપકો મારવા તેને બોલાવ્યો. બધાં ભેગાં થયા પછી તે વજાડનારે એક ઘણોજ ઉસ્તાદી રાગ ભારી ચાલાકી અને સફાઇથી વાયોલીન પર વજાડયો. જયારે તે રાગ પુરો થયો ત્યારે વજાડનારની અજાયબી વચ્ચે કોઇને પસંદ આવેલો જણાયો નહીં, કેમકે કોઇએ તાલી પાડી નહીં અને સર્વે મુગાંમંતર બેસી રહ્યાં. તે પોતે પણ ઘણોજ ખસીયાનો પડી ગયો. આખરે મેહરબાઇજી ઉઠયાં અને પોતાના એક ફ્રેનડને જઇને કહેવા લાગ્યાં, "ફરદુનજી, આએ મોંરયો—ને કેહોની, એક કલાક થયો એની વાયોલીન હજુ "ટયુન" થઇ રહેતીજ નહીં કે? ચીચી પાપી ત્યારનો કર્યા કરેછ તે માથુંબી દુખી આયું! એને કહો કે કાંઇ મજાનો જેવો રાગ વગાડે, બધાં સાંભળવા આતુર છે!"

“ અમો માટીડાઓમાં ઝડપજ એવી ! ”





ચાલની, શીરીન ! શું થયું જો ! એક આટલું સરખું બટન ટાંકી આપતાં કેટલોવાર ! મારી ટ્રેન જતી રહેશે— ઉ હું હું હું હું ! એટલાં વખતમાં તો હું આખી રીજમીટના બટનો ટાંકુ ! બસ બહારાંઓ ધીરાંજ ઘણાં—લાવ, ડગલો લાવ ! અમે માટીડા લોક તો એવા ઝપટા દરેક ચીજમાં લગાવ્યે કે એકકે સપાટે બધું મેદાન સફાચટજ કરી મુકાયે !

જુવાન ધણી—શું છે મેહેરાં ? કાંઇ ઘણી ઉંડા વીચારમાં બેઠીછ ?

જુવાન ધણીયાણી—હું આજે બટક રાંધવા માગુછ. પણ પકવાન પોથીમાં લખેછ કે બટકને પેહલાં સાફ કરવું. હવે હું વીચારમાં પડીછ કે સાફ કરવા પીયરસનો સાબુ વાપરૂં કે કપડાં ધોવાનો બારસોપ ચાલશે ?

ચીનમાં યાંગસીકયાંગ મધે પતેતી.



(અમારા ખાસ ખબરપત્રી તરફથી)

યાંગસીકયાંગ—તા૰ ૧૪ મી સપટેમબર ૧૯૧૧.

ગએ કાલના નવાં વર્ષનો તેહવાર જ્યારે તમો તરફ આપણા હમદીન પારસી ભાઈઓએ મોટી ધામધુમ અને ખુશાલી સાથ બેંડ વાજાં વચ્ચે ગુજાર્યો હશે ત્યારે અત્રેની જરથોસ્તી અનજુમનેબી એ પતેતી નો રોજ અમારી બબ્બાચ્યાઓ કલ-બના મકાનમાં ભેગી મળીને ખુશી ખુરમી વચ્ચે ગુજાર્યો હતો. સલામતીઓમાં નામદાર શેહનશાહની, ટેમપરન્સ સોસાયટીના સેક્રેટરીની મુંબઈના એકકે એક પારસી વેજીટેરીયનોની વગેરે વગેરે હતી. ખાણાની ટેબલપર બીરાજતાં પ્રમુખે એક પ્રસંગને છાજતું છટાદાર ભાશણ કરવાની તજવીજ કરી હતી—પણ તેવણનું દીલ (નેપીયર જોનસનથી) એટલું ભરાઈ આવ્યું હતું કે કંઈ બોલી નહી શકતાં તેવણ એકદમ બેસી ગયા હતા.

મરઘાશેર “શીવલરી”

યાઓને—ગોલપીઠાં ગેલાનટરી.

—:૦:—




મચ્યુ માંકડ્યો અને વીરજી વાંકડ્યો બને તેજ દયા-જનક માણસાઇ હાલતમાં હતા કે જ્યારે બે બેવકુફો એક્કી વેળા એક સ્ત્રી ઉપર દીલના નીસાસા ખાલી કરી નાખી તેણીને હાથે હાડમાર થાયછે. બદલા ચોકાસદારની મીઠ્ઠી પોઠ્ઠી બાઇઆઇની છત્રી બા એક દહાડો આ બે બાલીસુખડો સાથ ફરતાં પવનના જોરે હાથમાંથી ઉડી ગઇ !—

ઓ ! પંચોપાખ્યાન કીતાબમાં લખ્યું છે કે “જ્યારે ચાનસ મળે ત્યારે નાંખ આંખ કાન અને બીજી કોઇબી ચીજની દરકાર કર્યા વગર ઉંધે મસ્તક તુટી પડ, અભ્યા આદમી, અને ફતેહ તારી પોતાની થશે. !”

(વધુ માટે જુવો પાસેનો સફો.)

મરઘાશેરી 'શીવલરી'—(ચાલુ)



આ નસીહત બેઉ કમબખતોને સાથેજ યાદ આવી ગઇ કે શું તે બેઉ જણા સાથેજ તુટી પડયા! એવા તુટી પડયા—એએએવા તુટી પડયા—કે મંચુના બેઉ ગુડણ આગળના પાટલુન ઘસાઇને ફાટી ગયાં અને વીરજીના ડગલાના ચીરીયાં નીકલ્યાં!

"શીવલરી"ના દહાડા બીલકુલજ હજી કાંઇ સુકાઇ ગયા



નથી, યારો! એ ઇશ્કબાજીના જંગમાં અને બાઝમબાઝીના ઉમંગમાં બે શુરરરા તુરરરાએ પોતાની દીલચસ્પ બાઇને ઓબલાઇજ કરવા તે ઘડીએ એક ચાલતાં સ્ટીલ રોલરની નીચેબી આલોટયાં મારી દેતે—તમારા સમ! એવી વખતે અસ્ત્રીએ પ્રેમ ઘેલા ગાંડાઓને પોતાના જાનની—પોતાના માનની—પોતાના ઇમાનની થોડીજ ફેકર રહે છે!

(વધુ માટે જુવો પાસેનો સફો)

મરઘાશેરીની 'શીવલરી' (ચાલુ)



પણ અંતે મંચુનો પરાજય થયો! આખરે વાંકયો જીત્યો—અને જરાએ કમર વાંકી કરવા વગર 'બાઇ' ની આગળ ઉડી ગયલી છત્રી પાછી લઇ આવ્યો!

પણ સ્ત્રી જાતજ નગુની બેમરવત મુવેલી છે!!

[આજે "બાઇ" મંચુ માકડયા સાથે પરણેલી છે.]

એક દીવસે એક સ્કુલમાં માસ્ટરે છોકરાઓનું લેસન લેતાં સવાલ નાખ્યો, "બોલો છોકરાઓ, કાફી કેમ બનેછ તે જાણોછ? બોલ જોઉં, કેકુ તું જવાબ દે."

કેકુએ જવાબ આપ્યો નહીં, પણ અકડવકડ કરવા લાગ્યો.

"કેમ શું થયું? તારા બાવા ચાહે કાફીનો વેપાર કરેછ ને તુંજ નહીં જાણે એ ઘણી અજાયબ વાત છે."

કેકુએ આખરે જવાબ દીધો, "હું જાણુંછ, સાહેબ."

"જાણેછ તો બોલતો કેમ નથી? એકદમ જવાબ દે."

"નહીં સાહેબ, તે તો અમારા ધંધાનો એક ભેદ છે. તે એમ બધાને કહી દેવાનો કે? બાવા જાણે તો મારી ચામડી ફાડી નાખે!"

છતી આંખે આંધળો!

—:૦:—

ધનજીશાહ ધાભર બારીસ્ટરનો છેલ્લો પોલીસ કેસ!

"સમજ્યા, ધનજીશાહ? આ કેસ તમારે ચલાવવો અને ગમે તેમ કરી આ ઓરતની સામે કોર્ટનો ચુકાદો લાવી આપવો–બસ એટલું મને જોઇયે છે," ઇચ્છારામ સોલીસીટર બોલ્યા.

મોટી પ્રાકટીસવાળા કરાંચીના પ્રખ્યાત કાબેલ બારીસ્ટર ધનજીશાહ ધાભરે સેહેજ મુછમાં હસી પોતાની લાંબી મુછના આંકડા મરડ્યા. તેવણની વય સુમારે પીસતાળીસેક વર્ષની હશે.

"ઇચ્છારામ, તમારી પેહેડી તરફથી મને ઠીક કામ મળેછ; પણ આય કેસમાં તમે મારી પાસે એક તદન બે ગુનાહ સ્ત્રીને ભર કોર્ટમાં ગુનેહગાર ઠેરવવા માંગોછ. એ નહી બનવાજોગ છે–મુશકેલ છે—"

"છટ! ધનજીશાહ ધાભર બારીસ્ટરની બુલી આગળ કોઇ ચીજ મુશકેલ નથી. બાપુ, જીદ નહી કરો. મારા લાભની જાળવણી ખાતર આ સ્ત્રીની બે બદામની આબરૂનો સવાલજ કેવો હોય?"

ધનજીશાહે હવે નેણ ચઢાવ્યાં 'અરે પણ છલ કપટથી તમે ચીકાર છેઓ તેથી બીજા બધાઓને તેવા સમજોછ કે?, જાઓ—મારે તમારો કેસ નથી હાથમાં લેવો—હવે શું કહોછ?"

ઇચ્છારામ જેવા સાઠની ભરતીમાં આવેલા એક પુરેપુરા સફેદ ઠગની ઉપર ધનજીશાહના આ દમામની શી અસર થઇ? તેવણે પોતાના ચશ્માના કાચ ઉપરથી ધનજીશાહ

ગમ ટીકી ટીકીને ગંભીર કરડે ચેહેરે જોયું અને પછી ધીમા સાદે બોલ્યા—

"લબ્ભાસ ઝાઝી નહીં હાંકો, ધનજીશાહ શેઠ. આ મુકદમો તમારે ચલાવવોજ પડશે એમાં તમારી ખુશીનો સોદો નથી—એમાં મારી આબરૂનો સવાલ લટકેલો છે.—"

"તમારી આબરૂ? હી-હી! ઇચ્છારામ, તમારી આબરૂ આજે શેહેરમાં ફદીયે શેર વેચાય તેવી છે. જુઠા તરકટથી ખોટી સાક્ષી ઉભી કરાવવી જુઠ્ઠી ફારજરી પેદા કરવી-ઓચર્યાઓ ચોરાવીને--"

"બસ! વધારે બોલવાની તસ્દી નહી લ્યો આ મુકદમો તમે બરાબર સમજ્યા તો હશો?"

"હા, લેવો તે હું પાછો બોલી જાવુંછ," ધનજીશાહ અત્યંત કડવાસથી ખભાં ચહડાવી બોલ્યો, "નાણાં ધીરનાર એક ચંડાળ સાહુકાર તરીકે તમે જગ આશકાર છેવો. પંદર દહાડાની વાત ઉપર તમારી આફીસમાં ૨૮ વર્ષનો એક પારસી છોકરો કલારક દાખલ ચાકરીએ રહયો. તે પોતાની નીરાશ્રીત મા સાથે તુરતનો મુંબઇથી આવેલો હતો અને ઘણીજ માઠી અવસ્થામાં હતો. ટુંકમાં બોલી દઉં તો તમો જેવા બદમાશે તે બાપડા ભોળા છોકરાને પાંચસો રૂપીઆ વ્યાજે ધીરયા અને તે નીરદોશ અબળાને આ રીતે તમારી પાપી જાળમાં ફસાવવા માંગી. તેમાં તમે ધીકકાર સાથે પાછા હટયા ત્યારે એક કંગાળ હીચકારાની કાની તમોએ વેર વાળવા તે બીચારીને તેણીના દીકરા સાથે વારંટથી પકડાવી, તેઓની ઉપર તમે જુઠ્ઠો ચોરીનો આરોપ મેલ્યે. અને હવે મારી

પાસે એ ખોટો આરોપ કોર્ટમાં પુરવાર કરાવવા માંગોછ ! જાઓ-જાઓ-ખાંડ ખાશો, ખાંડ !"

સોલીસીટર ઇચ્છારામે રૂમાલથી પોતાના કપાળ ઉપરનો પરસેવો નુછ્યો.

"ભલે," તેવણ બોલ્યા, "એ કેસ જો ચલાવવા તમે ના પાડતા હો તો મારી વાત સાંભળી લ્યો. તમે મારા સપાટામાં છો. ધનજીશાહ, અગીયાર વરસની વાત ઉપર તમે ફ્રારજરીમાં સપડાઇ ગયલા તેનાં બધા ઓચરીયાં અહીં મારી તીજોરીમાં સલામત છે. ચોંકો નહી-પુરેપુરૂં સુની લેવો. હમણા હમણા તમુને મોટી પ્રેકટીસ મળેછ ને તમારૂં ઠીક ધીકેછ તે ખરૂં પણ તમે મુંબઇથી અહીં દોડી આવ્યા તે વેળા એકદમ કડકાબાલુસ થઇ જવાથી તમારા કાકાને નામનો એક હઝારનો મોટો ચેક 'ફ્રાજ' કીધો-બધી દોડાદોડી થઇ ગઇ-તમારી નેકનામી જણાઇ જવાની અણી ઉપર હતી, તેટલા મેં એક હઝારની રકમ તમુને ધીરી ને તમુને બેહોરમતીમાંથી વખતસર તેરવી લીધા——"

"હા—ને એ એક હઝાર ઉપર બે હઝાર ત્રણસે રૂપીઆનું આજ સુધીમાં તમે વ્યાજ પેદાબી કીધુંછ !"

"ગમે તે હોય-તે 'ફ્રોજ' કીધેલો ચેક આજની ઘડી સુધી મારા કબજામાં છે તેની જરાક યાદ આપું છું. તમારાં કાગલો-તમારો એકરાર-બધું જયારે જોઇયે ત્યારે તમો બારીસ્ટર સાહેબને—અંહ છે તે...શું વીચાર ધનજીશાહ ?"

ધનજીશાહ બારીસટરે લોહીનો એક ગોટ ગળ્યો. આ નાપાક વાણીયા સોલીસીટરના હાથમાં તેની ખચીત મુંડી આવી

ગયલી હતી. અગ્યાર વર્ષો તે કમનસીબ બનાવને વહી ગયાં—પણ ઇચ્છારામે વચમાં કદીબી પોતાના હાથમાંની બાજીનો ઉપયોગ કરવાનું ડોલ દેખાડયું હતું નહી. આજે તેને છેલ્લે પાટલે એકદમ બેઠેલો જોઇ ધનજીશાહ જેવો કસાયલો ધારાશાસ્ત્રીબી દબાઇ ગયો.

તેણે પોતાના હાથ જોરથી કરડયા; "જયારે કંઇ વળે નહી ત્યારે જરા જરામાં આપ ઘાત ખાવાની ધમકી આપ્યા કરશો કે? ઇચ્છારામ, આમ બાયલાની પેઠે વર્તતાં તમારે શરમાવું જોઇયે!"

"ભાઇ સાહેબ, શરમાવાનું કામ મર્દો તથા સોલીસીટરોનું નથી. આ વેળા હું લગાર ઉતાવળ ને લીધે સકંજામાં આવી ગયો છું. જયારે બીજો ચારો નથી ત્યારેજ હું તમુને પકડું છું કેની?"

"પણ મારાં કરતાં કાંઇ વધારે સારો બારીસ્ટર તમુને નહી મળતો?"

"તમારા જેવો ચુનંદો બોલીદરાઝને વળી સાથે મારૂં કામ હું કહુંછું તેમ પાકીયું પાર પાડે તેવો તો કયાંથીજ મળે?"

"એટલે?"

"જો ધનજીશાહ પવીત્ર કાલીમાતાના કસમથી કહું છું કે આ છેલ્લીજવાર હું તમુને આમ કંટાળો આપીશ. મારૂં કહયું કરી મને બંચાવો તો પાંચ હઝાર રૂપીઆ તમારી ફી ને પેલો 'ચેક' એમનો એમ હું તમારા હાથમાં મેલી દઇશ પછી તમારૂં ફરીથી નામ ન લઇશ. જો તમે મારૂં કામ ન કરે તો જુઠી એફીડેવીટ નોંધાવવાના તથા જુઠા સોગંદ

ખાવાના અપરાધમાં હું પાયમાલ થાઉં છું—અને મારા છોકરાના હડહડતા સોગંદ ખાઇને કહું છું કે જો હું હેઠો પડ્યો તો તે સાથે તમનેબી તમારા હાલના મોટા દરજ્જા ઉપરથી ગબડાવી નાખ્યા વીના રહીશ નહી. બોલો હવે ?"

"ઇચ્છારામ, તમે તો બડા ઉલ્લુ છેવો. તમારો કેસ અહી ઘણો મુશકેલ છે. બધું દીવાની જોટ જેવું પેલી ઓરતની તરફેણમાં ખુલ્લું છે. કોઇબી કોર્ટ તેણીની સામે ચુકાદો આપે એવું——"

"હવે બસ સાંભળો." ઇચ્છારામ નજદીક ખુરસી તાણી બોલ્યો, "શુભાખીત ભાષણમાં તમારે કોર્ટના મન ઉપર ઠસાવવું કે આ વાખાની મારેલી પારસી ઓરતે પોતાના છોકરાની મદદ વડે મારી આરીસમા ટેબલના ખાણા માંહેથી પાંચસો રૂપીઆ ચોરયા છે. તે બનાવને નજરે જોનાર સાક્ષી મેં તઇયાર કરી રાખ્યો છે."

"પણ એ સાક્ષીનું કોઇ માનનાર નથી."

"ખરૂં–પણ જ્યારે તમે પોતે સોગંદ ઉપર કોર્ટને જણાવશો કે તમારી ખુદ હાજરીમાં આ ઓરતે પોતાના ગુનાહનો એકરાર કર્યો છે ત્યારે—"

ઠડાક દેતો કે ધનજીશાહ ઉભો થયો. તેના ચેહેરા ઉપરના રંગનો છાંટે છાંટો ઉડી ગયો હતો.

"નીચ વાણીયા!" તેણે ઉશકેરાઇને બરાડ મારી, "મારી પાસે જુઠા સોગંદ લેવાડવા માગેછ! એ તું બકેછ શું? અને તેબી શાને વાસ્તે ? તારા જેવા ચંડાળને ખાતર? એક નીરાધાર ઓરતને નાહકની ફસાવવી ?"

"મી૦ ધનજીશાહ" ઇચ્છારામ બહુજ ધાડે સાદે બોલ્યો "બીજો છુટકો નથી. આ છેલ્લીવાર છે."

"તું એક ધીચકારો સ્કાઉંનડરલ છે! મારી એક ગફલતીનો તું નાપાક આવો દુષ્ટ લાભ લેછ? થુ પડી તારી ઉપર! મારી જવાન જીંદગી ખરડાયલી હતી—પણ હવે જયારે આબરૂમાં હું ઠર પડયોછ ત્યારે તારા જેવા ખવીસો મને આડા નડેછ! મને સખત હાર્ટ ડીઝીઝ છે અને મારી જીંદગીનો એક પલનો ભરૂશો નથી. બળી મારી જીંદગી! આજે વર્ષો થયાં મારાં ઘરબાર, મારી બૈરી છોકરાંને મુંબઇમાં તજી હું—"

"અરે યાર, હવે માંડી વાળો! મને એ ટાંહેલું સાંભળવાનો અવકાશ નથી. બોલો, તમારો ચેક ને પાંચ હઝાર રૂપીઆ કે જાહેર બેહોરમતી?"

"જા કંગાળ કુતરા—તારા જેવા દોજખી દેવના હાથમાંથી છુટવા માટે કંઇબી કામ કરવા હું હીમત કરીશ. મી૦ ઇચ્છારામ, તમારો કેસ હું સનીવારે ચલાવીશ–ફીઝ મોકલી આપજો."

આમ કહી ધનજીશાહ ધાભર બારાસ્ટર ધડાકાબંધ ઇચ્છારામ સોલીસીટરની આફીસ છોડી ગયો.

* * *

સનીવારે કોર્ટ હળીમળી રહી હતી. ઇચ્છારામ સોલીસીટરે એક પારસી ઓરત અને તેના છોકરા ઉપર ચોરીનો આરોપ મેલ્યો હતો એટલે તે મુકદમાએ પુશકળ તમાશગીરોને કોરટમાં ખેંચ્યા હતા. વકીલો તથા બારીસ્ટરોથી કોરટની બેઠકો ઉભાઇ જતી હતી.

આરોપી સ્ત્રી નવાજબાઇ પોતાના જવાન દીકરા સાથે આવી પોતાના વકીલની પછવાડે બેઠેલી હતી. આ બાઇ સુમારે ચાલીસેકની ભરતીમાં હોય એમ દીસતું હતું તેણીનો દીકરો એક સોવામણો વીસેક વરષના મજબુત બાંધાનો જવાન હતો.

નામદાર માજીસ્ત્રેટે આવીને પોતાની બેઠક લીધી અને કોરટમાં ચુપચાપ થઇ ગયું. થોડી વારમાં બધાઓની ચુપકદી વચ્ચે ધનજીશાહ બારીસટરે મકકમ પગલે ચાલી આવીને દમામથી પોતાની બેઠક લીધી. તેવણે કોઇની તરફ જોયું નહી. બસ કાગલ્યાઓમાં ડોકું ખોસી તે બહુજ ગંભીર ચેહેરે વાંચ્યા કરતો હતો. જયારે વખત આવ્યો ત્યારે પાસે બેઠેલા ઇચ્છારામ સોલીસીટરે જરાક ઠેસ મારયાથી એક છેડાયલા વાઘની પેઠે ઉછળી ધનજીશાહ ઉભો થયો અને માજીસ્ત્રેટ તરફ જોઇ પોતાનું ભાષણ શરૂ કરયું.

ધનજીશાહ ધાભર ખરેખર એક બાહોશ બોલનાર હતો. તે દીવસે તેનું ભાષણ સાંભળનારાંઓના કાનમાં યાદગાર રહી જશે! બહુજ સુરમાં આવી તે એવી તો છટાથી અને શુભાંખીતપણે પોતાનો એકક એક જોસદાર વાંકય ઓચર્યો ગયો કે સઘળાઓ ડાએબાંએ થઇ ગયા. નાખના ફીફ્ડા ફફડાવતો જઇ એવી ઝમક સાથે તેણે આ બે બંધવાઓ ઉપરનો આરોપ સરવેના મન ઉપર ઠસાવવા માંગયો કે સઘળાઓ દયા અને ગુસ્સાની લાગણીથી નવાજબાઇ અને તેણીના દીકરા ગમ જોવા લાગ્યા. તે બીચારી ઓરતનું મોહબી ફીકકું, મારી ગયું અને ઇચ્છારામ તો હરખને મારે પોતાનો હોથ બીડવા લાગ્યો.

ખાસ્સો કલાકેક સુધી આ પ્રમાણે ધનજીશાહ એક ચીતે બોલ્યો જઇ કોર્ટને ધ્રુજાવી રહ્યો. અંતે તેણે બાગેબુલંદ અવાજે પોતાનું ભાષણ નીચે પ્રમાણે ખતમ કર્યું—

"યોર વરશીપ, મારાં માનવંત કુળ તરફથી અમારો કેસ મેં પુરેપુરો રજુ કર્યો છે. અને હવે આ પાપી ઓરત પોતાનાં દુષ્ટ કર્મનો કેવો લુલો બચાવ કરે છે તે ઉપર તમો નામદારનું હું ધ્યાન ખેંચીશ. પોતે પોતાનો વાંક નામુકર જઇનેજ આ બે શરમ સ્ત્રી બેસી રહેતી નથી—ના, તે વળી છડેચોક મારાં કુળ જેવા એક આબરૂદાર સોલીસીટરની ઇજતને ડાઘ લગાડવાની પેરવી કરે છે! સ્ત્રી ચરીત્રની આવી હદ જોઈ—ઓ!—હું કમકમું છું. મારૂ કુળ એના જેવી એક તરાહેત સ્ત્રી ને પાંચસો રૂપીઆ ધીરે એજ વાત પહેલાં તો કેવી હસવા જેવી છે. મારૂં કુળ એક જાણીતો પ્રખ્યાત સોલીસીટર છે—નાણાં ધીરનારો મારવાડી નથી. યોર વરશીપ, (અત્રે ધનજીશાહ ટેબલ ઉપર મુકકી ઠોકી મોટી ગર્જના કરી બોલ્યો)— ખુબ ધ્યાનથી સાંભળો: આ અપરાધી ઓરતે પોતે મારાં કુળ સનમુખ પોતાની ચોરીનો એકરાર કરેલો છે. એ એકરાર એક સાક્ષીએ સાંભળેલો છે.——તે સાક્ષી, કોણ? યોર વરશીપ, એ એકરાર વેળા તે સાક્ષી એક પડદા પાછળ છુપાઇ ઉભો હતો. એ સાક્ષી બીજો કોઇજ નહી—પણ હું પોતે છું!"

અત્રે નવાજબાઇના મોહમાંથી એક બુમ બાહેર નીકળી ગઇ. ધનજીશાહ તે સાંભળીને કમકમ્યો પણ ડોકું ફેરવ્યું નહી. તેણે ઝડપમાં પાછું ચલાવ્યું. આખી કોર્ટ દમ ઉંચે રાખીને સાંભળતી હતી.

"એક નાજુક અબળાની ઉપર હું સખતાઈ વાપરવા ચાહતો નથી. પણ આજે મારી એક શેહેરી અને એક ધારા-શાસ્ત્રી તરીકેની ભયંકર ફરજ છે કે 'બાક્ષ'માં જઈને ખુદાને હાજર નાઝર જાણી તમો નામદાર સનમુખ ગંભીર સોગંદ ખાઈ જણાવવું કે મેં પોતે મારે કાને કાન આ દુષ્ટ દદાનો તમામ એકરાર સાંભળેલો છે- આ ઓરતની ઉપર દયા કરવા નોગી આપણને હક નથી. તમેજ જુવો કે તે પોતાનું ઘર-બાર મુંબઈમાં છોડી દઈ અહીં કરાંચીમાં ભટકીયા કરે છે. પુછો—યોર વરશીપ, એનેજ પુછો—કે એના ધણીનો આશરો એ શા માટે છોડી આવી? એનું ઘરબાર કયાં છે:—એનો ધણી કોણ છે?"

ધનજીશાહની પછવાડેથી એક સ્ત્રીનો તીણો પણ સ્પષ્ટ સાદ નીકળ્યો.

"તું પોતે!"

ધનજીશાહે ઝટ ડોકું ફેરવ્યું અને પહેલીવાર નવાજબાઈના ગમ જોયું. નવાજબાઈ બોલી તે તેણે સાંભળ્યુ—

"ઓ હૈયાં ફુટા પારસી!" તેણી બહુજ ચીચવાઈને બોલી, "મારે ખાતર નહીં તો આય તારાં બચ્ચાંને ખાતર તો દીલમાં જરા રહેમ રાખ!"

ધનજીશાહ એ. શબ્દથી જવાબ દેવા પામ્યો નહી. તમ્મર ખાઈને ધપ દેતો તે પોતાની ખુરસી ઉપર બેસુદ્ધ તુટી પડયો.

* * *

આશરે એક કલાક નીકળી ગયો. ધનજીશાહ મહા મેહે

નતે સાવધ થયલો હતો. એ જણાની મદદથી તે પાછો લથડતો ઉભો થયો અને ભાગાતુટા અવાજે જેમ તેમ મુશકેલાઇથી બોલ્યો.

"યોર વરશીપ! એક એકરાર હવે હું પોતે કરૂં છું. હમણા સોગંદ ઉપર જે બીના હું બોલ્યો હતો તે ખોટી છે. આ સ્ત્રીએ—ઓહ!—તેવો કશો—એકરાર-કીધો નથી-ઓ-ઓ-ઓ!-"

ખલાસ! ધનજીશાહ ધાભરને એક મજબુત હાર્ટનું આંકરૂં આવી ગયું-અને હજી તો બીજા આસપાસના લોકો તેની મદદે દોડી જાય તે અગાઉ તે એક ઢીમડાંની માફક ભોંય ઉપર તુટી પડયો.

કોર્ટમાં એક ડાકટર હાજર હતો-તેણે થોડીક મીનીટ આ મહાન બારીસ્ટરની નાડી અને હાર્ટ વગેરે તપાસ્યું--અને પછી ચોમેરની ગંભીર બીહામણી ચુપકીદી વચ્ચે ગમગીન અવાજે કોર્ટને કહ્યું—

"યોર વરશીપ! આય ગ્રહસ્થ ગુજર પામ્યો છે!"

હીલ્લા—દીનુ, આએ તેં નલું બદીયાન સીંવાડયું તે કે? એ શું નવી હાલની નવી ફેશન કે?

દીનું—મરે નહીરે, એને સીવાડવાને તો એક મહીનો થઇ ગીયો ને નવી શું બકેછ!



આ આરટીસ્ટ આવતાં ખોરદાદ સાલપર અદરાવાનો છે. નખોદ ગીયો આજે બે મહીના થયાં તેની ધસકસકે સુકઇને છોડીયાં જેવો થઇ ગયો છે. બાહર ફરવા હરવાબી જતો જણાતો નથી. ઘેરમાંજ ભરાઇ રહેછ. કોણ જાણે કમબખત બંધ ઓરડામાં એખલો ગોંધઇ રેહીને કરીબી શું મરતો હોશે?

ધણીયાણી–અરે, પણ સોરાબજી, એ તમે શું કરોછ? એ બધી છતરી બાહરના ઓરડામાંથી લાવીને અહીં કાંય ઢગ કરોછ?

ધણી—તું કહેતીતી ની આજે રાતે આપરે ત્યાં થોડાં લોક જમવા આવવાનાં છે?

ધણીયાણી—હા, તેનું શું? શું તમે બીહોછ કે બાહરના લોક જમવા આવશે તે તમારી છતરીઓ ચોરી જશે?

ધણી–નહીં તેમ નહીં, સાંભું હું બીહુંછ કે તે લોક દરેક જણ પોત પોતાની ખોવાઇ ગયલી છતરી ઓલખી કહાડશે.



ધી એરીસ્ટોક્રાટીક "ઉં!"

—:o:—

ચોપાટીકે બેન્ડ-સ્ટાંડ ઉપર તમે આવો "દેખાવ" કેટલી વખત જોયો છે?

—:o:—

"શીએલા"--સુધ-રેલા"-"બ્લુ બ્લડેડ"-મી૦ બમનશા બોદ-ના એક અવતાર!

[પાસેનાં પાનાં ચીત્ર ઉપરનું જરા ધ્યાનથી જો જો. સ્કેનડલ પોઇંટ ઉપર, ચોપાટી, એપોલો બંદર કે બેકબેની પાળ ઉપર તમે આવો વાંકો-ડાકો-સક્કે જેવો દેખાવ જ્યારે જુવો ત્યારે પ્લીઝ જાણજો કે એ તો લગરીક જરા છે તે કરીને લઇને ધી એરીસ્ટોકેટીક 'ઉં!' છે.]

(વધુ માટે જુવો પાસેનો સફો)

[ધી આરીસ્ટોક્રાટીક "ઉ" !–(જુવો પાસેનો સફો)]

લોક તો કહેછ કે ઘસ્યું છ મુજનું !-(યુ એન્ડ લોક બી બ્લોડ !)
હું મારૂં કામ અચ્છું સમજુંછ——હું બમનશા બોદ.
"ડ્રેસી કલાસી સ્વેલ" તરીકે ચોમેર મશહુર છું:
માઈ સ્ટ્રોંગેસ્ટ પોઈંટ ઓફ્ કોર્સ ધિઝ-વેઝ-ધી એરીસ્ટોક્રેટીક "ઉ!"

એઇ તુમ પારસી અલાહીબાગ્યાઝ–જંગલીવાળા લોક!
બીલકુલ તમનો કલાસજ નથી-યુ ડફરઝ ડુ નોટ સ્મોક!
થાઓ અપ–ટુ–ડેટીશ સ્માર્ટ–સેટ જેનીઝ —જેવો કે સેવક છું!
કમ–યુ ક્રીચર્સ–સીખવું તમને ધી એરીસ્ટોક્રેટીક "ઉ !"

જોવ મુજ પાઘડીનું આ ડોળ-ઓહ લુક એટ કાલર ટાઇ!
જસ્ટ વોચ માઇ લવલી મોનોગ્લાસ!–શું લાગુંછ ચેકપાઇ?
નાઉ શટ યુ અપ–ચુપરાવ એકદમ–નહીં માંગતો કંઇ ટે હું!
ટોપ—ટુ—બોટમ બંદામાં છે –ધી એરીસ્ટોક્રેટીક "ઉ !"

ડ્રેસના બાબમાં તું શું સમજે?–બાજુ થઇ જન-દટ!
દેખ આ મુજનો ટેલકોટ, દીકરા! છે લેટેસ્ટ સ્ટાઇલનો કટ!
મકદુર કોણની એમાં કરે સહેજ પણ ચાંક ચું?
મુકયુંછ બેડમ પાઇલે અહીંબી––ધી એરીસ્ટોકરેટીક "ઉ!"

વોકીંગ સ્ટીક બી કેમ પકડીછ મેં? ફેશનેબલ——સ્માર્ટ!
છે જમણા હાથનાં લેહકામાંબી સો ખાંડી નો આર્ટ!
તું કોરા કાહડેછ—ઉજબખ ઉલ્લુ! હસેછ તું ખું ખું!
પણ લાકડીની આય અદામાંજ છે–ધી એરીસ્ટોકરેટીક "ઉ !"

બેંડસ્ટેંડ, ચોપાટી કે પાલવે લેઉં જ્યારે બી વોક-
ડોન્ટ આઇ નો માઇ બીઝનેસ, ઓલ્ડ ચેપ? ડોન્ટ યુ રબીશ ટોક!
ચોકસ ઘણેજ મરડાઇ ચાલુંછ–(મને જોઇ લે તું)–
દરેક 'સ્ટેપ'માં નજર પડશે—ધી એરીસ્ટોકરેટીક 'ઉ !"

આવ્યો વખત ઉંધો યારો—વાંકો સઉ કારભાર,
સ્ટુપીડ દુનયા કહેછ કે હવે સાદાઇમાં નહીં સાર,
માગેછ એક અવાજે આજે મર્દ——બાળક——બૈરૂં.
ઉઠતાં, બેસતાં, જાગતાં સુતાં—ધી એરીસટોકરેટીક "ઉં!"

તું અમીર હો યા ફકીર હો—કે હો હલકો હજામ,
ચાહે હો ગબ્બર ગધેડો કે ચાહે સુકકો તમામ,
શીખ 'પીજામ'ની હરદમ માનજે-(નથી એ કંઇ હું)—
રાખ બોલવે, ચાલવે, ખાવે, પીવે,—ધી એરીસ્ટોકરેટીક "ઉં!"

એક સ્કુલમાં માસ્તર પોતાના કલાસમાં ભુગોલનું લેસન લેતાં ચીનની વસ્તી કેટલી મોટી છે તે છોકરાઓને સમજાવતા હતા. તે શેહેરની અતી મોટી વસ્તીનો કાંઇક ખ્યાલ છોકરાઓને આપવા તેવણે સમજાવ્યું કે "આપણે દરેક વખતે એક સ્વાસ લેતાં જેટલો વખત લાગેછ તેટલા વખતમાં ચીનમાં બે મોહત થાયછે, એટલી ત્યાં વસ્તી ગીચ છે." આ ભયંકર ચીત્રથી છોકરાઓના મનપર ઘણી અસર થઇ. તેમાં એક નાનો છોકરો ઘણોજ ઉસકેરાયલો અને સ્ટીમ એનજીનની માફક ફુંફારા મારીને શ્વાસોશ્વાસ લેતો જણાયો.

માસ્તરે ઘભરાઇને પુછયું "શું છે? જમશેદજી, કાંઇ સીક છે કે? એ એમ શું કરેછ?"

નાના જમશેદે જવાબ આપ્યો "સાહેબ, ચીનાઓને મારી નાંખુંછ. એક વખતે એક ચીનાની લાંબી ચોટલી મેં જરા તાણી તેથી તેણે મને ખુબ માર્યો. મને એ જાતપર ઘણોજ ગુસ્સો છે."

"એટલે? પણ તું કલાસમાં બેસીને એમ ફુંફારા મારશે તેથી તે લોકને શું નુકશાન થવાનું છે?"

"સાહેબ, તમે કહયુંની હવડાં કે આપણે એક દમ ખેંચીયે તો બે ચીના મરી જાય તેથી હું ઘણો જોરથી દમ લેઉછ કે ધપોધપ બધા ચીનાઓ મરી જાય!"

પેલો ચોક્કસ રોજીંદો અવાજ!!



અરે યાર-એદુ આટચાટની એક મોટી ફરીયાદ છે.

તે અસ્તો હમણાજ આદરાયો છે-ફકત પંદર જ દહાડા થયા-અને રોજ સાંજે પોતાની સ્વીટીને ત્યાં મળવા જાય છે

પણ તેની મોટી મુસીબત-નાસીપાસી-નીશાની બસ એજ છે કે હજતો દસ ઘડીયાળમાં વાગે નહી વાગે તેટલાં ઓરડાની બાહેરની રાતના રોજ એક ચોક્કસ જાતનો ઘણોજ અબખામણો-બીહામણો-અવાજ આવ્યા કરી તેના સુખી સ્વપનાઓમાં ખલલ કરે છે. એહુને ઘણુંબી ચાંપીને પુછીયે છીયે-પણ એ અવાજ માટે કંઇ ખુલાસો કમબખત ખરી ખંખારીને કરી મરતો નથી. એ અવાજ શું હશે? તમુને કંઇ આઇડીયા જાય છે?

ધણી—"આહ, મારી ડારલીંગ મેહરાં, ખચીત હું તારે લાયકનો નથી.

મેહરાં—ખચીતજ નહીં. તમે મારે લાયકના તો નથીજ પણ મારી ઉમરની એક છોકરી એક છેલ્લો ચાન્સબી જતો મુકે તો પછી આપદાનું કામ થઇ પડેની!

ઓ તારો બાહમણ મેરે તારો !



બહલું બરમુજ્યો, ઘણોજ અપ-ટુ-ડેટ ઓલરાઉન્ડ ઉખરો હતો. બા-તે પ્યારમાં પડેલો હતો. પ્યારમાં પડવા વગર આજ કાલ કોઇથીબી અપ-ટુ-ડેટ થવાતું નથી. તે પાટલુન સાંકડાં સીવાડતો, ડગલા ઢીલા કરાવતો, સ્મોક કરતો મુછ બોડાવતો-કરીમેટોરીયમની હીમાયત કરતો અને સ્વીટી સીલ્લાં માટે હંમેશ એપોલોપર સાંજે રાહ જોઇ, બટનમાં એક ગુલાબી કળી ખોસેલી રાખી લેહેરે લેહેરે લટાર મારતો.

એક દહાડે એમજ તાજમહાલ હોટેલનાં એક 'ટરનીંગ' આગળ તે ઉભેલો હતો. ત્યાં એક ચદનચાંઉ રંગારીનો પોરીયો દેવાલને કાંઇ કાળો જેવો રંગ લગાડતો હતો. બહલુ સીલ્લુની વાટ જોતો ખુબ "તરાસ"માંજ ઉભો રહયો.

(વધુ માટે જુઓ પાસેનો સફો)

ઓ, તારો બાહમણ મરે તારો! (ચાલુ)



આવી—આવી! લાકડાંનાં અંતે પગલાં સંભળાયાં. વળી એ લુચી બદલાની ઓડેલી મુછને સારૂં કંઇ રીમાર્ક કરવાની—



પણ ઓ! શીરીનને શું ભુત ભરાઇ આવ્યો? "ઓ વાય? બરજોરજી! એ એમ કાંય ઘેલાં કાહરીયાં હોશે? એ આ મુછને કારી સહી કાંય લગારી આયા?—હી—હી—હી—હી! મરેરે—હી—હી—હી!!"

ઓ તારા રંગારીની બપાઇ સાસુનું નાક કાપરે!

પપા થવાની કોણને હોંશ છે? ચેતો!

(ત્રણ સ્નેપ-શોટસ સાથની સ્ટડી.)



ઓ તમો કુમારા પોરીયાઓ! તમને બાજે વખત યે પપાજી બનવાનો હાંફરો ચઢી આવ્યા કરે છે તે હું જાણું છું. અરે, ના એ અભખરા રાખો—ના રાખો! પપાજી થયલાઓનો જીવજ જાણે છે કે એ "અનુપમ આશીરવાદ" તે શું છે! પસ્તાશો—મારૂં માનો સ્ટીકો—પસ્તાશો. એક બાબાને યા બેબીને હાથમાં ઉછાળીને રમાડવાના અને તેના ગોરા ગોરા ગાલો પર કીસ કરવાના સ્વપ્ના ઘણા મજાના છે. પણ—પણ—લ્યો—તમને ફકત ત્રણજ દાખલા આપું:—

માનેક મુશટાશીયો ને એક બાબાની ઘણીજ હોંશ હતી. અંતે અંગ્રેમેન્યુસે તેની રાત દાહાડાની બંદગી સાંભળી. તેના નામનો ઉઠાવનાર પહેલ વહેલો જુયો આવ્યો અને હવે મકકુ બાજે વખતે તેને (પોતાની બઇરીની ગેરહાજરીમાં) કાંઇ ચોકકસ શબ્દો જે કહે છે તે આહીં ખોલ્લા લખી શકતા નથી. કેમજે તેથી શેઠ બમનજી કાબ્રાજી, શેઠ મહેરવાનજી મંબનાજી, અને શેઠ પાલનજી દેસાઇનો જીવ બહુ સુગઇ જવાનો કદાચ સંભવ રહે છે. (વધુ માટે જુવો પાસેનો સફો.)

પપા થવાની કોણને હોશ છે? (ચાલુ)



અને આદરજી અ-કકલટીસ્ટને ત્યાં પહેલ વહેલો રોશન ચેરાગ આવ્યો ત્યારે તે પહે-લા ૭ મહીના પછી બધાને એમજ કહેવા લાગ્યો કે ''આગળાં કોઇ મારા ભવમાં મેં કોઇ બીચારા રાંક માણ-સને ઘણોજ સતાવ્યો હશે. તેથી હવે મારૂં કરમ આ જનમમાં કા-મ કરેછે ને આય બવાસ દુકતા---'' (બસ પછીનું છાપવા લાયક નથી.)

અને પાલનજી પચુકરા ૭૨ મે વરસે એક બાબાના બાવા થયા-તેવણની જુવાન ચણીયાણી દવાનસ ફરેઝરના સેલમાં રોજ જાય છે ત્યારે આ નાહલ્લા દેવેનામ દેવને ઘરડા પોલની સંભાળમાં સોંપી જાય છે. પણ કોઇ કોઇ વખત ડીયર પોલને એવું થાય છે કે કોઇ આગળ પાછળ જોતું નહીં હોય તો પેહેલ માળની બારીએથી—! ઉહુ!--ફુલ પોઇન્ટ !!





આપણા લોકોમાં સાધારણ રીતે જરાબી ખ્યાલ હોતો નથી કે એક પારસી બઇરાંની જીભલીની લંબાઇ કેટલી હોય છે

બીજાં ત્રીજાં બાઇકા લોકની જીભલીની વાત તો કોણ જાણે પણ મારા મનમાં છે તે ચોક્કસ નીંદાના નગારાંઓની જીભલીની લંબાઇ હંમેશ આટલી હોય છે !--

---

"છેલ્લો જ્યારે ધરતીકંપનો આંચકો લાગયો ત્યારે તું તેજ શેહરમાં હતી નહીં ?"

"હા."

"ત્યારે તુને તે વખતે કેવું લાગું ? બધી તુ તો ઘભરાઇ ગઇ હોસે."

"ગભરાઇ ગઇ ? અરે નહીંરે, તે વખતે મારો દરજી મારૂ નવું વાસકુટ સીવી લાવેલો તેના ગળાં આગળ સેહજ ખોલ જેવી હતી તે જોવાને સુધારવામાં હું એટલી રોકાયલી હતી કે ધરતીકંપનો આંચકો લાગીને પસારબી થઇ ગયો પણ મને તો મુદલ તેપર ધ્યાનબી નહીં ગીયું !"

પતેતીપર દોસ્તને શું ભેટ આપશો?

એક આઇડીયો-એક સુચના.



ગયે વર્ષ મુકતાદ ઉપર વીરજી પોતાની જીનીંગ ફેકટરીના કામસર ધુલ્યા ગયો હતો. તેની બઇરી અલબત મુંબાઈ મહીરે હતી. પતેતીની સહવારે બડી ફજરે વીરજીના ઓરડાની બાહેર ટપાલવાળાનો સાદ સાંભળાયો. બઇરીએ યાદ કરીને પતેતીની કંઇ પરજેટ મોકલી હશે એવા હરખભેર આશામાં વીરજી પદુકરી મારી ઉઠયો અને બારણું ઉઘાડયું.

પોસ્ટમાં ખચીતજ વીરજીભાઇ માટે કંઇ પરજેટ હતી બલકે પરજેટની એક જોડી હતી !!

કેમ? કેવો આઇડીયો છે, હેં?



શાદી—એક જવાન કુમારી તંદરોસ્ત સારા બાંધાની હસમુખા સ્વભાવની બાનુની શોદી તેના વાલી કોઇ લાયક કમાઉ દેખાવલા કેળવાયલા ગ્રહસ્થ સાથ કરવા ઇચ્છે છે. ચમકતા સેતારા જેવી બે આંખ્યો—પરવાળાં જેવાં અણીયાળા દાંતો અને એક કુમળાં કમોદયા કંદ જેવું નાખ ધરાવનારી આ ખુશમીજાજી કુમારીકા કોઇ એમેચ્યુઅર કંપની, માટે એક ત્રાજીડી લખી શકે એવા ઓરીજીનલ એક્ષપર્ટ લેખકનો હાથ વધારે પસંદ કરશે. એ બાઇને કરડવાની કે લાત ઝાડવાની ટેવ નથી તે બાબે કોઇ કવાલીફાઇડ વેટરનરી સરજ્યંનની સરટીફીકિટ રજુ કરવામાં આવશે. પત્રવ્યહવાર ખાનગી આ બાઇનો ફોટો મી૦ પીનતમની કેરમાં સોંપ્યો છે.

નંબર ૪૧૪ ને લખવું.



ચાકરી--એક ચંચલ, ઝડપીયા, અનુભવી ઉલટમંદ, નવજવાન ગ્રહસ્થને કોઇ પારસી કુટુંબમાં "ઉપરના માણસ" ના નોકરી જોઇયે છે. ઘેરના બાઇ લોકોની બધી ગાળાગેળ ખમી શકશે. બાઇ લોકોની મરજી હશે તો સાંજે ઘરનાં બધાં માણસો બાહેર ફરવા હરવા નીકળી જવા પછી મઝકુર ઉમેદવાર ઘેરની બધી કબાટો કે તીજોરીની ચાવીઓના જુમખાનો ચાર્જ લેવા ખુસી થશે. પગાર બીલકુલ જોઇતો નથી-પણ માત્ર એટલુંજ માગે છે કે રોજ ઘેરની બજાર પોતે લાવે અને તેનો હીસાબ બાઇ ને નહીં પણ શેઠને રોજ લખાવે. પીઆમની ફેરમાં પોસ્ટકાર્ડ લખવે ફોટોબી મોકલવામાં આવશે.

નાં૦ ૨૦૩ ને લખો.

કસરતશાળા વગરની કસરતો.

દવાઇ વગરના ડાકટરની "ઘસપરમકલટોપઠી" ને આધારે.

ચાનજીભાઇ ચકકરબતીના કુટુંબને લાગેલુ ઘેલું !

—: ૦ :—

અરે, બા, પેલા દવા વગરના ડાકટરે આપણને ધખારો આપ્યોછે કે આપણે લોક અમથી અમથી દવાઓ પીજીયે છીયે. દવા નહીં પીજીયે તોબી આપણે મરી જઇયે—અરે, છે તે, તોબી મફુજે આપણે સેનડોના જેવા સાજા માજા તાજા રહી શકયે. કેહજે આંગ ખીલવવા સારૂં જીમનેશીયમ શાના જોઇયે ને ડમબેલ્સ શાના જોઇયે ? ચાનજીભઇ ચકકરબતીના ભેજા-પર આ દવા વગરના ડાકટરની ઘરાપરમકલટાપથી બહુ ઉંડી અસર થઇ છે.



(વધુ માટે જુઓ પાસેના સફા.)

કસરતશાળા વગરની કસરતો (ચાલુ)

એવણ પોતે અને એવણની દીકરી રોજ સહવારે બગી ચામાં આય એમ કસરતશાળા વગરની કસરત કરી હાથના અને પગનાં અને બરડાના સ્નાયુઓ કઠણ કરે છે.



અને તેવણનો દીકરો આય એમ હાથનાં આંગળા-ઓના સાંધા કઠણ કરે છે.

જોયું ?—આવી સાદી ને સુતરી રીતો છે તે છતાં લોક જીમનેશીયમો સાથ ફાંફાં મારે છે ! આપણા લોકોમાં અકકલ હોય ત્યારે કેની ?

[આમ શરીરના બધા ભાગો કઠણ થતાં તેઓના ભે-જાંના ભાગો પોચા પડતા જાય છે તેની એ લોકને શું તુભાછે ? કોઇ ચીઝ નહીં !

ધણીઆણી (ખુબ ચીરડાઇને)—મારાં માયજી હંમેશ બીચારાં બોલતાંતાં કે તમુને તો કોઇ ઘણીજ ખરાબ, દુન્યામાંની સઉથી નાપાક બઇરીજ મળવી ઉતી, તેજ તમુને ઠેકાણે લાવતે !

ધણી—હા, કોણ જાણે તારાં માયે કયાં ચોઘડીયાંએ અવર વાણી કહાડી કે તે ખરીજ પડી ! ને તારી સાથે હું પરણ્યો !

(૧)-મોટીડાઓએ પરણવું કે કુમારાજ રહેવું ?

કુમારા જેમો મુસ્તાશીરોનો શું અભીપ્રાય છે !



"અરે--આ" શું કરીયે દુખે દહાડા કાહડયેછ. આય લુખ્ખા સુકકા કુમારા છૈયે તેટલાં દર સોમવારે અને બેરપતવારે સાંજે લેડીઝ જીમખાનામાં જઇયેછ ત્યારે આપરી પર બધી છેલબટાઉ છબીલીઓ કેમ થેરી થેરી થઇ જાયછ તે જો તમે જુઓ તો—હે—હે—હે !



ને કુમારા છૈયે તેટલાં સાહેબને કેહું જે કલબના આપરા જેવાજ બે ત્રણ ઠોલ્યા ફ્રેન્ડો સાથ દર વીક એન્ડે દેવલાલી માથેરાન ઉતરી પડવાની મજાહ જે પડેછ તે તમે બીચારા ઘાંચીમાના બલદો-તમે પરણેલા મરઘાજીઓ---શું જાણો ! હમણા ઘરમાં મેમસાબની હુસરી હોય તો સાંજે પાંચ વાગે કે બેચી ખજવાળીને ઘેર ઘસડાવું પડે.

પરણવું-કે કુંમારા રહેવું (ચાલુ)



અને ઘેરમાં યા કલબમાં સાંજને છેડે આય એમ ફરાગત ઇઝીચેરમાં લેટીને એ ઘડી શાંત સુખી જીવે વીહસ્કી સોડા ચુસ્તા જઇ ટાહેલાં કરવાની યા એકાદ રમુજી ચોપાન્યું વાંચવાની જપ કાંઇ પરણ્યા પછી મળેછ?--જાઓ જાઓ, સુજમાં રોજા બોલશો?--

ને સુધરેલી ઘપે સહવારનાં જરા ગોલ્ફપર હાથ અજમાવ્યો--કે સાંજે કલબની કરીકેટ નેટપર થોડાક ચોકસ પ્રેકટીસ કીધા તો કોણનો હોકો ધોકો? ઘેરમાં કીકીઆઉ કરતાં બચ્ચાંઓની ખટરાજ નહીં એટલે ગમે તાંહ જાઓ--ગમે તે કરો બાપુ કુંવારી જીંદગીનાં જેવો બીજો કોઇ આશીરવાદજ નથી."



૨–માટીડાઓએ પરણવું–કે કુમારાજ રહેવું ?
૮૯ વર્ષના કુમારાં મીસ આઈબાઈ ઉખરાનું મત.



"અલબત માટીડાઓએ પરણી જવામાંજ ફાયદો ને શોભા છે. મુવો એ તે કેવો સવાલ ! જોવની, તમારા કોઇ કુમારા દર દોસ્તદાર હોય તેના જીવને જઇને પુછોની. એખલા અટુલા આખો વખત બીચારા દદરયા કરે ને જાહરે જોવ તાહરે ઘુવર જેવું ડાચું ! સવારના નાસ્તા પાણીપર એખલા એકલ ડોકલ બેસ્તા હોશે તાહરે બુકબી કેમ ગરે ઉતરતો હોશે કોણ જાણે !–

ને બદરી છોકરાં કોઇ આગળ પાછળ નહી તાહરે હરવાયો કુમારો માટીડો એખલો એખલો પોતાનું હાણીયા કરતો હોશે! તે વખતે બીચારો જીવને કેવી કદુવા દેતો હોશે ! આઠ દાહરેબી ઓંજીયો પોતાના દીલમાંના કપરાં બદલતો હોશે કે ? ધુરે ધુર ને રાખે રાખ ! એકુ પાણીના ટબમાં મેલાં પોતાં ભચકરીયા કરતો હોય તો ખુદાને માલમ !–



માટીડાઓએ પરણવું-કે કુંમારા રહેવું (ચાલુ)



ને એવા બાવા નાહે ને તાપે એવા અવતારે એક કુમારા માટીડાની કાહાણી તમે કાંહ જોવા જાઓછ? ઘેરમાં ટાંકો ટેભો કરી આપનારી એક બેહન કે માય કે મમઇ હોય તો ઘુર વારી-બાકી નહીં તો દગલાનુ બટન તુટું તો જો ઇ લેવો મુવા ફેરતા! હરવાયો પોતે સાથે દોરો લઇને કંઇ એ તન કલાક ફાંફાં મારશે તેટલો થોરો! પહેલે તો સોયમાં દોરોજ પોવાના વાંધા રે—



ને ખાવા પીવાનાબી તેવાજ અવકરા! પોતે હાથે જાતે કંઇ મુંવું સુક્કું પાકુ રાંધીને પોતાના જીવ સાથે અમસ્થા હાય સોસારા મારશે! પછી અચર કચર દગરે ને તબીયત પાધરી નહીં રેહ તેમાં નવઇ શું? અરે બા-એ કુમારા માટીડાઓની વાત મને પુછોની. હું તમુને બધું કેહુ! એ લોકને કોણ જાણે એવી અવદસા જેવી જીંદગીએ જીવવાબી કેમ ગમતું હોશે?"

છઠ્ઠીના લેખ !

કહે છે કે મોટો ફીલસુફ ઝેનો એવું માનતો હતો કે માણસ જાત આ ધર્તી ઉપર પોતાના કામોને માટે જવાબદાર નથી. તે કહેતો કે કીસમતની ચોપડીમાં જે લખ્યું હશે તેજ થશે. નસીબની લગામ કાંઇ માનવીના હાથમાં નથી. તમે જનમ પામો તેની અગાઉથીજ ખુદા સઘળું ફરમાવી રાખે છે કે ફલાણે ફલાણે વખતે ફલાણી ફલાણી ચીજ કરવીજ પડશે.

એક દીને ઝેનોએ પોતાની આ તર્ક પોતાના નોકરને બહુજ ગંભીરાઇથી સમજાવી. "તું સમજયો કેની, મારસેલસ તારેથી જો કાંઇબી ખોટું કામ થઇ જાય, તો મનમાં ધીરજ રાખવી કે એમાં કાંઇ તારો પોતાનો કસુર નથી. જયાં ખુદાનો ખુદ હુકમજ થયો કે તારે આમ કરવું ત્યાં તું શું કરે ?" મારસેલસ કાકાના ધ્યાનમાં આ તકરાર ઝટ ઉતરી ગઇ. થોડાક દીવસ જવા બાદ તેણે પોતાના શેઠના ખીસામાંથી એક પૈસાની કોથળી તફડાવી.

એમાં બીચારા મારસેલસનો શું વાંક ? છઠ્ઠીના લેખમાં-જ જયારે એમ હતું કે મારસેલસે ફલાણે દહાડે પોતાના શેઠની પાકીટ તફડાવવી, ત્યાં બીજો ઇલાજ શું ?

પણ કમનસીબે મારસેલસની ચોરી પકડાઇ આવી. ઝેનોએ બહુ ગુસ્સાથી પોતાના નોકરને બોલાવી પુછ્યું. "કેમ ચશમચોર, આ ચોરી તેં શા માટે કરી ?"

"સાહેબ, છઠ્ઠીના લેખ—"

આ સાંભળતાંજ ઝેનોનો મીજાજ ગયો. તેણે તુરત એક મજબુત લપડાક પોતાના નોકરને લગાવી કહાડી.

"બેઅદબી માફ છે, મારા શેઠ," મારસેલસ બોલ્યો, "પણ મને મારવામાં તમે મોટી ભુલ કરી છે."

"કેમ વારૂં ?"

"તો સાહેબ, જયારે ખુદાએજ મને હુકમ કર્યો કે 'તું તારા શેઠની પાકીટ ચોર,' ત્યાં હું શું કરૂં ?"

"ખરૂં છે મારસેલસ, પણ ખુદાએ મનેબી હુકમ કર્યો કે 'તારા ચોર નોકરને એક લપડાક મારી સુધારી નાખ,' તેથી મને તે હુકમને તાબે થયા વીના બીજો છુટકો ન હતો. કેમ, ખરૂં કે નહીં ?"

મખ્યાત ડયુક ઓફ વેલીંગટન એક વેળા દરીયાઇ સફર કરતાં એક મોટાં ભયંકર તુફાનમાં સપડાઇ ગયો. મોજાઓ એવા તો જોરમાં ઉછળતા હતા કે દર પળે સ્ટીમર ડુબી જવાની સર્વે કોઇ ધાસ્તી રાખતું. ડયુક બીછાને જવા માટે તુરતનો પોતાની કેબીનમાં ગયો હતો. થોડેક વારે સ્ટીમરનો કેપટન ત્યાં ફીકકે ચેહેરે દોડી આવ્યો અને જાહેર કર્યું કે જે ઘડી જાય છે તેમાં હવે સઘળું ખલાસ થઇ જશે.

"એમકે ?" ડયુકે કહ્યું, "ચાલો ત્યારે તો હું મારાં બુટ કહાડતો નથી. થોડાકવારને માટે નકામી મેહેનત શું કામ કરૂં?"

કાવસ—સાચું કેહ દોસ્ત, લોકોનું મારે સારૂં શું મત છે?

દોસ્ત—ને તેમ કરી તારી સાથે જનમ સુધીની દુશમની કરૂં ? નહીંરે, જવા દેની !

જીંદગી અમર કરનારૂં અમૃત.

ચીનના સઘળા શેહેનશાહોને માટે કહે છે કે તેઓના કાતરીયાં ઉપરના નળીયાંમાં કોઇને કોઇ ઠેકાણુંબી સેહેજસાજ તરેળ પડેલી તો હોવીજ જોઇયે. માજી શેહેનશાહનો બાપ જયારે ચીન દેશની ઇશવરી ગાદીએ બેસી રાજ કરતો હતો ત્યારે તેને કીમીયું શોધી કાહાડવાનો ધખારો લાગુ પડયો. એક વેળા બાટલીની અંદર કાંઇ પીવાની દવા લઇ આવ્યો અને શેહેનશાહોનાં ચીનાઇ શેહેનશાહના પગ હજુર નમસ્કાર કરી જાહેર કર્યું કે જેબી શખસ તે શીશી માંહેલું અમૃત પીશે તેની જીંદગી અમર થઇ જશે, યાને તે શખસ દુન્યાના છેડા સુધી જીવતો રહેશે. શેહેનશાહ તો આ સાંભળી ખુશખુશ થઇ ગયા. તુરત તેણે એ પ્યાલું મંગાવી તે દવા પી જવા માટે પોતે તૈઇયાર કરવા માંડી. તેના ખાસ દરબારીઓએ શેહેનશાહને ખુબ સમજાવ્યો કે જાણી અણજાણી દવા આમ-એકદમ પી જવામાં મોટો જોખમ હતો. ખુદા ન કરે ને તે કાંઇ એક મોટું ભયંકાર કાવતરૂં હોય, આ દવા કદાપી એક કાતેલ ઝેર તો પછી શું? પણ શેહેનશાહ સમજયો નહીં. આ દવા પર બસ તેનો પુરેપુરો વીશ્વાસ બેસી ગયો હતો. એકબી ટીપું બીજાઓને ચખાડી જોવા તેણે સાફ ના પાડી. તેણે પ્યાલામાં તે દવા રેડી અને મોહ આગળ તે ધરી પછી આંખ્યો આકાશ ભણી ઉંચી કરી બંદગી બડબડવા માંડી. સઘળાઓ ઘભરાઇ ગયા હતા. આખરે બંદગી પુરી થઇ, અને હસ્તે મુખડે જેવી શેહેનશાહ તે દવા પીવા જતો હતો એવામાં

એક દરબારીએ તેના હાથને જોરથી ઝટાક મારી પ્યાલું તેના મોહ આગળથી ખસાડી નાંખ્યું અને પછી જબરદસ્તીથી શેહેનશાહના હાથમાંથી તે પ્યાલું ખુંચવી લઇ પોતે તે દવા ઓટી ગયો.

ચીનનો મહા બળવાન રાજા તો લાલ પીળો થઇ ગયો. તેણે બહુજ ગુસ્સાથી જલાદને એકદમ તેડી મંગાવ્યો અને તે દરબારીને ત્યાંનો ત્યાં મારી નાખવા ફરમાવ્યું. તે દરબારી ઠંડે કલેજે બોલ્યો—

"જેહાંપનાહ, મેં જીંદગી અમર કરવાનું અમૃત પીધું છે. તમે મને કોઇ કાળેબી મારી નાંખી શકનાર નથી."

વાતબી ખરી! શેહેનશાહ વીચારમાં પડયો. દરબારીની આવી નફ્ટાઇ તેને અત્યંત ગુસ્સો ઉપજયો. તે બોલ્યો—

"બેઅદબ કંગાળ, તું મનમાં ખુશી થતે ના કે તેં અમર જીંદગી કરવાનું અમૃત પીધું છે. એ અમૃત બમૃત કાંઇજ નહીં, પણ સઘળા ઢોંગ છે. હું તુને હવડાં દેખાડું છું કે આ જલાદની તલવારથી તારાં નીચ ડોકનાં બે ટુકડા થઇ જશે."

દરબારી ધીમે સાદે બોલ્યો "ત્યારે તો, ઓ નામવર શેહેનશાહ, મને જીવવાનો હક છે. જો આ દવા સઘળા ઢોંગજ હોય તો તમારાં પવીત્ર હોજરાંમાં એ કચરો જતો અટકાવવામાં મેં કશો ગુનાહ કર્યો નથી. આ દવા પીવા છતાં જો તમે મને મારી નાખીજ શકતા હોવો તો એ પીધાથી આપ સાહેબને પોતાને પણ કશો ફાયદો થતે નહીં. અને એક શકભરી દવા પીતાં તમો નામવરને અટકાવવાની મેં મારી ફરજ વીચારી છે."

અલબત્તાં દરબારીનું બોલવું તદ્દન વાજબી હતું. શેહેનશાહના ધ્યાનમાં ખોલાસો ઉતરી ગયો તેનો મીજાજ ઠંડો પડયો અને દરબારીને માફી બક્ષવામાં આવી; પણ તેને બદલે બીચારો પેલો દવા લઇ આવનાર સપડાઇ ગયો.

બરાબર છે!

અમારો અનાજવાળો પ્રેમચંદ એક દીન પોતાની દુકાનમાં બેસી દાહડી મુડાવતો હતો, ત્યારે કાંઇ ચોઘડીયે હું ત્યાં જઇ લાગ્યો. એક પડદાની પાછળ પ્રેમચંદ હજામત કરાવતો હતો તેથી તેણે મને દીઠો નહીં. પણ મેં થયલી વાતચીત બરાબર સાંભળી.

"બચ્ચા, બેચર, તું દાહડી મુડવાના ચાર પૈસા લે છે તે ઘણા છે. કાલથી હું તને ત્રણ પૈસા આપીશ."

"કેમ વારૂ, બાપજી?"

"તો ભલા આદમી, અનાજના ભાવ ગગડી ગયા છે તે તું જોતો નથી? તારેબી તારા ભાવ કમતી કરવા જોઇયે."

"એ શું બોલો છો, બાપા? જયારે અનાજના ભાવ ગગડી જાય છે ત્યારે તમો અનાજવાળા એવડાં તો લાંબાં ડાચાં કરી લાખો છો કે મને હંમેશ બેવડી જગ્યા મુંડવી પડે છે. ખરી રીતે તો મને બેવડું દામ મલવું જોઇયે."

કુંવરજી કન્નાસ એક જબરૂં મફતયું ઘરાક હતું. એક દહાડે તેવણને મજબુત થાંસો થતાં ડાકટરને ત્યાં જઇને પૈસા ખરચવાનો તેવણને મોટો ધસ્કો પડયો. સારે નસીબે તેવણનો એક દોસ્ત ડા૦ શાવકશાહ રસ્તે મલી ગયો. બીજી ત્રીજી વાત કર્યા પછી કુંવરજીએ સીફતથી પુછયું "શાવકશાહ, જો કોઇ એક માણસને જોરમાં થાંસો થયો હોય તો શું કરવું?"

"ડાકટરને ત્યાં જઇને સલાહ લેવી" શાવકશાહે જવાબ દીધો.

અજાયબીની અજાયબી.

સારા ગામમાં જાણીતી વાત હતી કે મનચેરજી મઉલાબક્ષ લેવે લકકર અને દેવે પથ્થર હતા. ભલા આદમીને બસ પોતાના દરેક ઓળખીતાઓ પાસે જયારે ત્યારે ઉછીના પૈસા માંગવાની માહ બુરી ટેવ હતી. ઉછીના લીધેલા પૈસાનુ બ્યાજ આપતા તો ડોસા થયા, પણ મનચેરજીબાને ઘણીક વેળા મુદલ રકમ બી પાછી ફ્રરવવાનું યાદ રહેતું ન હતું. આ કારણને લીધે મનચેરજીને તેવણના દોસ્તો હંમેશ ઉડાવ્યા કરતા. એક વેળા મનચેરજીને દોહોડયાંની બહુજ અગત પડી. દોસ્તોથી જયારે કાંઇજ વળ્યું નહીં ત્યારે થાકીને મનચેરજી એક મોટા પારસી સાહુકાર પાસે ગયા.

"સાહેબ મેહેરબાન, ફ્રરદુનજી શેઠ. જુઓ, આજે હું તમુને અજાયબીથી છક કરી નાંખવા આયોછ. મારૂં નામ મનચેરજી મઉલાબક્ષ છે. હું તમને બીલકુલ ઓળખતો નથી તોબી–મકુંજે, હું તમારી પાસે પાનસો રૂપ્યા ઉછીના લેવા આયોછ."

ફ્રરદુનજી સાહુચોર મુછમાં હસ્યા. તેવણ બોલ્યા, "મનચેરજી બા, તમે તો મને અજાયબીથી છક કીધો, પણ હું તો ડંગ કરી નાખુંછ કે તમે ગભરાઇજ જશો. જુવો, મઉલાબક્ષ સાહેબ, હું તમુંને તદન બરાબર ઓળખુંછ—રજેરજ પીછાણુંછ—તોબી સાહેબને કેહું જે આજે હું તમુને એકદમ પાનસો રૂપ્યા ઉછીના આપવાનો છું."

એક ઈવનીંગ પારટીમાં ડોકયું:

એરચશાહ મોતીવાળાને ત્યાં પાર્ટી છે. સઘળા ઓરડાઓ ઝાકઝમાલ રોશનીથી તથા ફુલપાનથી ઠસઠસ થઇ રહયા છે, જાત જાતના લોક એકઠાં થયાં છે. પારસી બાનુઓ પોતાની રંગ બેરંગી સાડીઓથી સઘળું દીપાવે છે. ત્યાં, તેવા મેહમારમાં એક ખુણામાં બેસી સઘળી રચના આપણે જોઇએ, તથા કેટલાક વાતચીતના નમુના તપાસ્યે.

એક બાનુ તથા ગ્રહસ્થ વાત કરતાં કરતાં આવે છે.

સાવક—કેમ શીરીનબાઇ, આજે ઘણી ગરમા છે, નહીં ?

શીરીન—હા, તેમ છે ખરૂં.

સાવક—ચાલો આપણે બાહેર વરંડાપર જઇને બેસ્યે.

શીરીન—હા, ચાલો.

તેઓ બાહેર વરંડાપર જઇ એકાંતમાં વાતે બેસે છે. તેઓને જતાં જોઇ ઓરડામાં બેઠેલાં એક બાઇ જેવણ છે તો ખાસ્સાં પાંત્રીસેક વરસનાં પણ વીસ વરસનાં હોય એવો દેખાવ કરેછે તેવણ બોલ્યાં, “જોયું કે, જમશેદજી, પેલી શીરીનને કાંઇ શરમ લાજ છે કે નહીં? આએ સુધાં કાંઇ સાતમી વખત જુદા જુદા માટીડાઓ સાથે વરંડાપર જઇને ઘુસ ઘુસ કરવા બેઠી હોસે! હું કેહુંછ કે એ ઘણું શરમભરેલું છે!”

જમશેદજી જેવણ જરા ઠાવકા માસ્ટર છે તેવણે જવાબ દીધો, “અરે, એ તો હોય, બચ્ચાંઓનો જીવ જરા રમત્યાળ તો હોયજ—એટલે આપરે તે લોકને મજાહ કરવા દેવાં જોઇએ આપણેબી આપણી જુવાનીમાં એમજ ઘેલાં કાહડયાં હોસે તે યાદ રાખવું જોઇએ !”

પોતાને શીરીનનાં જેવાં જુવાનમાં નહીં ખપાવવા માટે પેલાં બાઇને ખભરેલાં જોઇ જમશેદજી આ ત્યાંથી વટી જાય છે જ્યાં તેવણને બીજી ઓળખાણવાળી મેહરબાઇ મુગા મલે છે.

"ઓહ ! મી૦ જમશેદજી, તમે છેઓ કે ? કેમ, પેલી બાનુ મેહેતા વીશે શું ધાર્યું ? શું તમનેબી તે બધાંની માફક ઘણીજ ઘણીજ ખુબસુરત લાગેછ કે ?"

જમશેદજી—છે ઠીક છે. કદ સઉ મજાનું છે.

મેહરબાઇ જેવણ પોતે બીચારાં જરાં એવાંજ હોવાથી આએ તારીફ તેવણને ગળે ઉતરે નહીં એ તદન દેખઇતું હતું, તેવણ બોલ્યાં, "ધુરને ઢેફ્રાં ઠીક છે ! રાન અમઠી નખરાં કરેછ ને ખીખાં ખાખા કરેછ એટલે બધા માટીડાઓ ઉઠલાઇ પુઠલાઇ જાયછ, બાકી જરા ઉજળી ચામરી સીવાય બીજું શું એનામાં બરીયુંછ ?"

તેવણને આમ બળાપો કરતાં મુકી આપણે આગળ જઇએ. ઓરડાના એક બીજાં ખુણામાં એક બીજી જોડી ખીખી ખાખા કરી રહી છે.

બાનુ મેહતા—મરેરે ! મરેરે ! પેલી મુગાની મેહરીને કોઈ જુવો રે ! છે તો, નસરવાનજી, આએ તમારા કારા ડગબાના રંગની ને "લો નૅક" નું વાસ્કુટ પેહરી મુઇછ !

બધી બદામ દરાખ વેરાઇ જાય છે, પાસે બેઠેલા ગ્રહસ્થ તેવણને ટેકો આપે છે. "હા, ને ગરાંમાં મોતીની માળા પેહરીછ તે કેવી સફેદ સફેદ જણાઇ આવેછ અં !

બાનુ—ને મરેરે સાડીનો બીજો કાંઇ રંગ મલ્યો કે નહીં ? એરચશાહ મોતીવાલાએ બાપ જનમમાં આજે પેહલી

પાર્ટી આપીછ કે શું બધો ગામનો કચરોજ ભરી કાહડયોછ!

"હારે, પોતેબી કેવા છે વરી, નકરા જાણે ગામડીયા બોચ! એ તો આજે પાસે પૈસા થયા એટલે વણાઇ જાયછ."

હવે એ લોકને મુકી આપણે જરા "રીફ્રેશમેન્ટ" રૂમમાં ડોકયું બોસીશું. ત્યાં બબાનો બાહર પુર જોશમાં ચાલી રહયો છે, બઇરાંઓ આઇસકરીમના સરૂકા મારે છે. કેટલાંકો ત્યાં મુકેલા ફટાકડાઓ ફરાફર ફોડી અંદરથી જે કાંઇ નીકળે તે ગજવામાં મારવામાં રોકાયલાં છે. શીરીનબાઇ સીપલાં પોતાની ગોરી દુધ (!) જેવી બે છોકરીઓ સાથે એક કોચ પર બેઠાં છે.

શીરીનબાઇ—એરચશાહેબી પોતાની શું શોભીતી દીકરીની વરસગાંઠ પાર્ટી આપીછ હં! નકરો જાણે પાણીમાંનો લેવટો!

દીનુ—હારે માય, ને એરચશાહનાં બઇરી હીરાંબાઇએ હું ધારૂંછ કે આજેજ પગમાં પેહલવેહલાં બુટ પેહરીયાંછ તે કાંઇ પગ ફેચરા ફેચરા કરીને ચાલેછ!

હીલ્લા—ગરાંમાં હીરાનો હાર છે તે કંઇ ખરો લાગતો નથી.

શીરીનબાઈ—જાઓ છોકરીઓ, અહીં ભરાઇ બેસીને શું કરોછ? જો પેલા સાવક ડાકટર સાથે જઇને વાત કરોની! આવો બા, સાવકશાહ, આવો. કેમ છેઓ? જાવો હીલ્લા, દીના–આપરા સાવકશાહ સાથે જાઓ, એવણ તમુને આઇસ-કરીમ, ચાહે કાફી કાંઇ અપાવશે, જાઓ.

જાણવું કે ઉપલા સાવકશાહ એક કુમારા, શોભીતા, રળતા કમાતા ડાકટર છે. અને લગનના બજારમાં હોવાથી

ઘણીક માતાઓ પોતાની છોકરીઓને તેવણ સાથે આઇસ-કરીમ ખાવા મોકલવા આતુર દીસે છે.

સાવક—હાજી, આવોની, શરમાવેછ શું કરવા ? (મનમાં) એ બે ઘરણો કાંહ લાગાં ? કાણ જાણે કયારે છુટાશે ? મારી આલાં ત્યાં વાટેવાટ જોતી હશે !

વરંડાપર બે ટેં થઇ ગયલા સાહેબો એક બીજા સાથે બોહોણીપર આવી ગયલા જણાય છે.

સોહોરાબ—જો બચ્ચા મેહરવાન, હું તુંને કેહુંછ કે તું જો મારી ને મારી ધનની વાતની વચમાં ફરીથી માથું મારવા આવશે તો તુંને એક લાત મારીને પેલાં ખુણાંમાં ફેંકી દેવશ, સમજયો ! તારા જેવા કુતરા પર તો મારી ધન ડુકેબી નહીં !

મેહેરવાન—અરે જારે લાત મારવાવાલા ! તું એક મારશે તો હું ચાર મારીને ઉભો રેહવશ ! તું શું એમ તેની સાથે મીઠ્ઠી મીઠ્ઠી લતરાજ ચલાવીને મારીપર ફાવી જવા માગેછ કે ? હુંબી તો ખરો કે જઇને એ ધનનાં માયનેજ બધું કેહુછ !

સોહોરાબ—ને હુંબી તો ખરો કે તારીને ધનના માયની બોંહસપર હું ધન સાથે વાત કરૂં.

પાએક કલાક પછી વરંડાના એક ખુણામાં ઝાડપાનોની વચ્ચે એકાતમાં ઉપલા સોહોરાબ અને ધન વાતે બેઠેલાં દીસેછે.

સોહોરાબ—ધન, તું ખરેજ ધન અને ખજાનો છે હં !

ધન—(ચીબાં થઇને) હંકે ! સોહોરાબજી, પણ તમારી પાસે ખજાનાની શું ખોટ છે ? લેઓની આએ મારા હાથમાંનું ગોલાબ તમે પછી માગતા'તાની ? લેઓ.

સોહોરાબ—ઓ થેંકયુ થેંકયુ, ઓ મારી પ્યારી, આંખોના નુર, કલેજાંની કોર! મારો જીવ જીવતાં જીવત બાગે બેહેસ્તમાં——

ધનનાં માય (અચબુચ આવીને)——"ઓવાય! એ શું બેજાંનો ખીમો? એ ફારસ? વાહ, વાહ, ધનબાઇ, હું ત્યાર ની આખે બંગલે તમુને શોધી રહીને એવણ ૩રાંતો કેહાં અહીં ભરાઇને ઘેલાં કહાડેછ! લે ચાલો, ગાડી અરધો કલાક થયો ખોટી થાયછ. લે ચાલો જલદી. આવજો બા સોહોરાબજી, તમુને ઘણી તસ્દી પડીછ!"

સોહોબજી ખસ્યાણા પડી ચાલવા માંડે છે. તેના ગયા પછી ધનનો કાન ચીમટીને માય ભાશણ કરે છે. "કેમરે ઢુકતી! તુને એક હજાર વખત ના કહયું કે આય મુવા સોરાબ સાથે તું ના ઘેલાં કાહડ તે કેહ ધ્યાનમાં ઉતરતું નથી શું? જો ફરીથી એની સાથે તુંને ખીખી ખાખા કરતાં જોવશ તો ચોટલો ધરીને પીખશ, યાદ રાખજે! ચાલ, કરાહ તાંહ!"

પાર્ટી ખલાસ! સઘળાં પરોણાઓ જવા માંડે છે. જતી વખતે મેહમાન મી૦ એરચશાહ મોતીવાળા, તેવણનાં મીસીસ તથા દીકરીને બેટવા તે લોકની આસપાસ સરવે એકઠાં થયાં છે.

"સાહેબજી, મી૦ એરચશાહ, શું મજાહની આજની પારટી ઉતી હું!" "ખરેખર ઘણીજ પ્લેઝંટ રાત પસાર થઇછ." "થેંકયુ, થેંકયુ, અમે આજે બધાંએ ઘણુંજ "એનજોય" કીધુંછ!" "ખોદા કરેને આવતે વરસેબી તમારાં દીકરીની વરસગાંઠ પર એજ પ્રમાણે આપણે સરવે ભેગાં મળીને રંગ ઉડાવ્યે," વગેરે વગેરે.

ધનજીભાઈ ધાપમારનાં બે કોઠાં.



દીકરીનું કાજ આવ્યું ત્યારે !

"અરે હારે બા, ઘણી ખુશીની વાત છે. કાલે શું કામ? આજેજ રૂપ્યા પહેરાવોની" (મનમાં) "૩૩ વરસનો બલદયો થઇ રહેલી છે જેમ તેમ જલદી પીડા પટે તેમ સારૂં."

દીકરાનું કાજ આવ્યું ત્યારે !

"શું બા? જરા મોટેથી બોલો! મને કાને ઝાઝું સુજતું નથી. દીકરાના લગન! અરે હવે થઇ રહેશે. અં–શું કેહયું?–મને બરાબર સંભળાતુંજ તે નથી શું કરૂં "હમણાં શું વીર પરીછ?"



બાહેરના દેખાવપર ઠગાવું નહી.

કેટલાક લોક પાસે ગમે એટલા પૈસા છતાં પોતાના પોશાક તરફ ઘણાજ બેદરકાર રહે છે. તેઓ હાથે કરીને મેલા ઘેલા અને સકરદકર જેવા ફરવામાંજ ફીલસુફી માને છે.

એક વેળા એક એવોજ ચીંદડેહાલ દેખાવનો પુરૂષ એક કોઇના મોટા ખાનગી બગીચામાં આમ તેમ ફરતો હતો, તેટલાં સામેથી તે બંગલા અને બગીચાનો માલેક આવી લાગ્યો અને પેલાને પુછયું, "કેમ સાહેબ, તમે કોણ છો? જાણો છો કે તમે કોઇના ખાનગી બગીચામાં રજા વગર ઘુસ્યાછો તે?"

સામાએ જવાબ આપ્યો, "નહીં સાહેબ, તે હું જાણતો નહીં હતો?"

"અં! હવે તો જાણ્યુંની? ચાલો તારે જલદીથી બાહેર નીકળી જાઓ, નહીં તો હું પોતે તમને લાત મારીને બાહેર કાહડશ!"

"વારૂં સાહેબ," કરીને પેલાએ ચાલવા માંડયું. દરવાજા સુધી જઇને તેને કાંઇ માથામાં વારૂં આવ્યું તેથી પાછો પેલા માલેક આગલ ચાલી આવ્યો અને બોલ્યો, "પણ શેઠ સાહેબ, હું જોઉં છ કે આએ દરવાજાપર તમે આએ બગીચો વેચવાનું પાટીયું મારેલું છે. એ તમે કેમ વેચવા ધારોછો વારૂ?"

માલેકના મ્હો ઉપર ઘણુંજ ધીક્કાર અને રમુજનું હસું આવ્યું. તેવણ મરડાઇ મોરાઇને બોલ્યા——

"મને એના કેટલા પૈસા જોઇએછ? તમે તમારાં જન્મ-

માં કોઇ દહાડો જોયા નહીં હોય અને જોવાની કોઇ દીવસે આશાબી નહીં રાખો એટલા પૈસા મને આ બગીચાને માટે મલવા જોઇએ."

"સાહેબ, તે રકમ તમે ફકત મેહેરબાની કરીને બોલશો?"

માલેકે નાકનું ટીચકું ચહડાવી અણકાથી જવાબ દીધો, "ઠીક, મને આ બગીચાના ૬૦ હજાર રૂપીઆ મલે તો વેચવા માગુછું, પણ તમને હું ૪૫ હજાર રૂપયે આપીશ. જાઓ, ગજામાં જો આટલા પૈસા હોય તો આપો ને આએ ઘડીએ બગીચો તમારોજ છે. પણ વાસી પડે શું કે કુત્તા ખાય! ગજામાં બાંધી મારો તો ૪૫ અરધીબી નહીં હોશે?"


"ચાલો શેઠ, આપણું સાટું નકકી થયું છે." આમ બોલી પેલા ચીંથરેહાલ શખ્સે પોતાના મેલા ઘેલા ડગલાના ગજવામાંથી એક ચેકબુક અને એક "ફાઉનટન પેન" કહાડી. અચરત થઇ ગયલા માલેકને ૪૫ હજાર રૂપ્યાનો ચેક લખી આપ્યો. જયારે પેલા માલેકે તે ચેક ઉપર શેહેરના એક ઘણાજ જાણીતા લક્ષાપતી શેઠયાની આબેહુબ સહી જોઇ ત્યારે તો તેણે રડી પડવાનુંજ બાકી રાખ્યું.

"ચાલો સાહેબ," પેલા મેલા ઘેલા શખ્સે કહયું, "પ્લીઝ હવે આએ મારા ખાનગી બગીચામાંથી નીકળો બાહેર આયજ ઘડીએ!"

આમ કરી તેણે ડોળા કકડાવીને પેલા તુંદ આગળા માલેક ગમ જોયું અને બગીચાના દરવાજા ભણી આંગળી દેખાડી!

તમે રસ્તે કેમ ચાલો છો ?

આપણાં લોક ભર ગીરદીના પરથી ચાલી જતાં કેવા કેવા જાત જાતના "દેખાવો" કરે છે? જાણો છો?–નહીં: ત્યારે જુવો:—



ધુજધ્રડક વોક !

(૧) ધનજીશાહ ધ્રુજરા રસ્તે પોતાની કલજાંની ડોર સાથ ચાલતાં આય એમ અકડા તકડી કરે છે–પછી ભલેને ગાડી પચીસ વાર લંકાને નાકે હોય.

ડોન્ટ-કેર વોક !

(૨) અહીં એશકી ઘણોજ કામનો અને ઉતાવળનો માણસ છે. એ ઘોડાની ગાડીઓ કે મોટરોના દદાનેબી "ડોન કેર !"



(વધુ માટે જુવો પાસેનો સફો.)

તમે રસ્તે કેમ ચાલો છો (ચાલુ)



અક્કડફુસ વોક !

(૩) જુવો આનરેબલ મી૦ ઉકરજી અકકડ ફુસનો લેહકો. ભલા ધનેતરની ગાડીબી પોતાની મેળે જખ મારીને ઉભી રેહી જશે ! !

જીંજર વોક !

(૪) બાપુજી બજારગેટયા લગાર મરચ્યુ થઇ જાય છે. "તારા હાંકનારની એવી તેવી ! સા—આં-ધરો છે ? જોનો નહી !





હીસટેરીક વોક !

(૫) મીસીસ માનેકબાઇ માંદી તાતાં ખાલી ઉજડ રસ્તા પરથી-બી ચાલી જતાં આવા ફેરતા કરે છે. જાણે ગામની બધીજ ગાડાઓ જાણી જોઇને એવણના દીલપર ધસી આવતી હોયની !

(વધુ માટે જુઓ સફે ૧૩૬ મો.)

તમે રસ્તે કેમ ચાલો છો (ચાલુ)



એરીસ્ટોક્રાટીક વોક !

(૬) અને મીસ શીરીન સ્વીટ-ફેસ તો રસ્તે ચાલેછ ત્યારે બસ એમજ સમજેછ કે આખો રસ્તોજ એના બાપનો ! પોલીસ સીપાઇઓ જુવો ગેંગેં ટેંટેં થયછ તે !

મી૦ પેસ્તનજી (મળવા આવ્યા છે)—ઓહ ! કેમ છેઓ ધનબાઇજી. વાહ ! શું સરસ આએ વાઝ છે હું ! આવું મોઘું ને સુંદર વાઝ એમ તેમ ઓરડાની વચ્ચોવચ મુકયુંછ એ અજબ જેવું છે. મળવા આવનારાં કાઇ બધાંજ જોઇ તપાસીને ચાલેછ? કોઇ કેવાં બેવકુફ અડગો હોય ને બેદરકારીથી જરા આંચકો લાગશે તો કેવું સુન્ના જેવું વાઝ રદ થશે.”

ધનબાઇજી--તે ખરૂં, પણ એવાં સરસ વાઝને ખુણામાં દાબવા નહી ગમતું, પણ મારે ત્યાં એવાં અડગ બેવકુફ લોકો મળવા કોઇ કદાચજ આવેછ, એટલે પછી—અરરરરર ! મરેરે મરેરે !!—

શું છે ? કાંઇજ નહી, પેસ્તનજીએ પોતાની છત્રી ખુણામ મુકવા જતા અલબતાં અણજાણપણે તેજ વાઝ મુકેલી ટેબલને આંચકો લગાવ્યો હતો અને વાઝના ટુકડે ટુકડા થઇ ગયા હતા !

આ સઉ ભેજાંનાં પૈસા છે!



ટેમુલ ટીંગુશાહને મુંબઇમાં કોઇજ ચીઝનો ડાગ નહીં લાગ્યો ત્યારે અમેરીકા જઇને આંખનો સ્પેશીયાલીસ્ટ થઇ આવ્યો! બધો મળી છસો રૂપીયાનો ખરચ થયો પણ ત્રણ મહીનામાં ખાસ્સો "જાણીતો ઓકયુલીસ્ટ એન્ડ ઓપટીશીયન સરજીયન ટેમુલ ટીંગુજી એમ ડી. બની શકયો.

પણ કમબખત પોણા પાંચેક ફુટ (મોજાંમાં) ઉંચો એટલે કોઇ લંબારી તાડ જેવું ઘરાક આવે કે ટેમુલ બાપડો બહુ હેંડીકેપ થઇ જવા માંડયો.

એક તો બા આંખનું કામ પડયું! પછી અંતે તેણે એક યુકતી શોધી કાહડી. ત્યારે જરા કંઇબી ગાડું આગળ ચાલ્યું.

ધનજુ ઘાસલેટના બુચાની "રખરખ"!

કેમબખત દારાબનુ રડયા કરવાનુ કારણ શુ?

—:૦:—



૧—ધનજીનો પહેલ વહેલો બુચો બેટીબાપ દારાબ દાંતમાં ખાસરૂં આપતો હતો. ધનજીને એક સાંજે આરીસથી ઘર જઇને જોય છે તો એ બયરી બધી ઉજરી વાઘ જેવી થઇને બાબાને લઇને આંહીથી તડી દેડો! શું થયું? બુચો આખો દહાડો બસ રખરખ કરયા કરતો હતો.



૨—" ઓ ધન, મારો હીરા મોતીનો દીકરો આજે બસ બીલકુલ સુતો નથી! બસ રખરખ કર્યાજ કરેછ ઓ હવે શું કરૂં; ધન-કંઇબી કરોની તો! ઓ ધન—માયરે એને દુશમેનને કશું થશે તો શું કરશ! ધન—કંઇબી કરોના તો!"

ધનજી ધાસલેટના બુચાની "રખરખ" (ચાલુ)



૩–પણ ધન શું કરે? એના બાપનું કેપાર? દારાબને લઇને તે લાંબી લાંબી ફલાંગે દોડ-યો-કુદયો–દરયો–ચીચવાયો–પણ દારાબનું "રખરખ" પુરૂંજ નહીં થાય! આખરે હાફીને ચાલ્યો ડાકટરને બોલાવવા–



૪–ડાકટર આવ્યા, બુચાની નાડ તપાસી. પુશકળ પોતે ભવાં ચઢાવ્યાં; પણ દારાબ તો જાણું બસ મો. રતનજી શેઠનાની એક્રુ ચેંજ-ડોજ ખેઇ આવેલો કે શું. તે બસ રખરખ ખલાસ કરેજ નહીં. ડાકટરથી પસીનાથી ભીજાઇ ગયા.



૫–દારાબની માયની મદદનું મ્હોડું તો એવું થયું કે ધનજીને ધસકો પડયો કે રખેને બુચાની સાથે તેબી "રખરખ" કરવાનું શરૂબરૂ કરે! પહેલે માળના મકકુજી, ને પાસેની ગેલીના ફકરજી તથા બોયતલ્યાનાં બેજુબાઇ બી "રખરખ" કરતા ઉપર દોડી આવ્યા. અંતે ધનજી દોડયો માયજીને બોલાવવા.

(વધુ માટે જુવો ૧૪૦ મો સફે)

ધનજી ઘાસલેટના બુચાની "રખરખ" (ચાલુ)



૬—માયજી આવ્યાં, બુચાજીને હાથમાં લીધો—

"ઓવાય! આય ટાંથણી બીચારાને કપડાંમાં ભોંકાતી હોશે તે જરા રડયો, તેટલા સારૂં એટલું ગોર્ધ યારૂ શાનું કરી મુકયું"

દારાબજી હવે રખરખને બદલે ડાચું ફુસકાવી હસતા હતા!

ફેશનેબલ ધણીયાણી બોલયાજી ધણીને--અરે બમનજી મને થોડુંક "પોકેટ મની" જોઇએછ તે જરા આપતા જજો.

"વારૂં સાંજે આપશ."

સાંજે આફીસેથી ઘર આવીને ધણી બોલ્યા, "શીરીન, તું સહવારે મારી પાસે પોકેટને સારૂ પઇસા માંગતીતીની? તે મેં તારો દુકાનપર પાકીટ લેવા જવાનો ફેરો બચાવ્યો. ઘર આવતાં આવતાં મને યાદ આયું તેથી હુંજ જઇને તારે સારૂ આએ ચામરાંની પાકીટ લઇ આયોછ."

"ચામરાની પાકીટ! અરે તમે હરવઇ જાઓરે! પાકીટ મની એટલે મારા અંગત ખરચને વાસ્તે થોડાક પઇસા માગ્યા, ત્યારે હુસ્સા જેવા જઇને ચામરાની પાકીટ ઉંચકી લાયા!"

ઓ માઇ ડકી ! માઇ લવી !!

તુ મર મુઇ વાદરી! મુવા ભસ્તે ગીયા ઘુવડ!



પેરુ પપેનાસ્ને દરીયે કીનારે પોતાની "લવી" સાથ ફરતાં જુવો ત્યારે એ રતન ચંબેલીના કોહાંપર મહોબ્બત—ઝબ્બુન મહોબ્બતના આવા છાપ જોઇને જરાબી માનતાં નાં, અં કે,-બધી તમામ જુઠી વાત છે —

નબોદ ગીયાંઓને ! ઘેરે તો રોજ રાતે પાછું ફરવા પછી આવો મામલો હોયછે—પણ ઓરડામાં બારણું બંધ કરીને પછી પારીયાં કુત્રાંની કની ઘુરકેછે--તેથી તેથી તે કોઇના જોવામાં કે સાંભળવામાં આવતુંજ નથી.



પરણેલી જીંદગીના ચાર મુખ્ય તબકકાઓ.

લગન—એ શું છે? એક ચાર અંકી ફાર્સ!!



પહેલું વર્ષ.

—:o:—

એકટ ૧ લો.

"કીસ અને કોર્ટીનો મચ્યો છે બસ બાહાર—"
"ઓ લવ—મારી ડારલીંગ ને વહાલાનાં હાર!"
"તું તીન છે જીવનું બસ મારે મન રદ!"
"ઓ કેટ, મારા જીગર, આવ ગોદમાં મુજ પડ."

ત્રીજું વર્ષ.

—:o:—

એકટ ૨ જો.



"જો ધનજીભાઈ, કરો ના માથે મારી બોહોસ—"
"ચુપ બટલી! તું કરતી ના મારી સાથ ગેહોંસ!"
"છોડી દેઓ કલબ ને નાટકનો લખ!"
"બેસ બેસ રાન મુંગી—છે તું તો બુબાખ!"

(વધુ માટે જુઓ પાસેનો સફો.)

પરણેલી જીંદગીના ચાર મુખ્ય તબક્કા (ચાલુ.)



પાંચમું વર્ષ.

—:૦:—

એક્ટ ૩ જો.

"ફરશો જો લાહેરી તો જાઉં માયને ઘેર—"
"માથું જો ફરશે તો ખાવશ હું ઝેર!"
"નથી તમને શરમ કે નથી અક્કલ;"
"જા નીકલ બસ અહીંથી—ને બાળ તુજ શીકલ!"



સાતમું વર્ષ.

—:૦:—

અંક છેલ્લો

! ! ! !

લગન—એ શું છે? એક ચાર અંકી ફાર્સ !!

નવલ—અરે મેહેલ્લી, તું તારાં પેટમાં એક વાત છુપી રાખી શકશે? બરજોરે મને ઘણુંજ ખાનગીમાં કાલે કહ્યું કે——"

મેહેલ્લી—સબુર-સબુર. તું તારા પેટમાં વાત છુપી રાખી શકે?

નવલ—ઓહ. જરૂર!

મેહેલ્લી—તારે એ વાત તારા પેટમાંજ રાખ—મને ના કહે.

આય નુસ્કાનુ પેટંટ લીધું નથી!



શેંડીયારાવ તાલકેચર ને સમજ નથી પડતું કે—"એ મેલી નાશક્યાચી મખ્ખી સર્વ દુસરાલા સોડુન માજીજ ડોચ્ક્યી વર કસા એતોસ બરા ?" પણ મી૦ શેંડીયાશંકર બડા યુક્તીબાજ છે. તેવણ હાલ માથે ખોબો ભરીને ફીનાઈલ ચોપડીને બેઠા છે. કેવી માખની માયે સુંઠ ખાધીછે કે હવે તેવણ ને ડીસટર્બ કરે? એ ગ્રાંડ આઇડીયા પહેલેથીજ નહીં તેવણને આયો, યાર!

નાટકશાળાનો માલેક મુખ્ય ભાગ બજાવનાર એકટરને ધમકાવીને—મચેરજી, આજે તમે તમારો "લવર" નો ભાગ તદનજ ખરાબ રીતે ભજવ્યો. બધો મારો રકાસ કીધો.

મચેરજી—તેમાં મારો શું વાંક, સાહેબ? તમે સ્ત્રીનો મુખ્ય ભાગ બજાવનાર બયરી એવી જાડી, કારી ને સાથે વળી કાંદા ખાઇને ઘચા ઘચ અટકાર ખાતી શું કરવા રાખી? તેની સાથે કાંઇ બરાબર એકટીંગ થાયબા?

મોહકાણ !

નાહના નાહના દુકતાઓબી હવે હદ કરી રહયાછે. હજી તો સોલ સતરની ભરતીમાં ભાયગે દાખલ થાયછે તેટલાંજ બનીઠણીને પાર, ચોપાટી સ્કેનડલ પોઇનટ પર એમથી તેમ નજર તેઓ ફેરવતા રહેછે. અરે જમાના ! તાહરાં કઉતકોબી કંઇ ઓર છે !

અદીને હજુતો ઉપલા હોઠોપર જીણી જીણી મુછ ફુટવા માંડીછે, હજુ તો તેણે અઢાર દીવાળી પુરી પાધરી જોઈ નથી, તેટલાંથીજ ભલા આદમીએ તો પાસેના શાપુરજીની દીકરી મે હેરબાઇ સાથે ધરાંપરાં રાખ્યાં. તેણી સાથે દરરોજ ફરવા જાય ને હસે ને બોલે ને કાંઇ તહરેવાર ઘેલાં કાહાડે. માહારૂં તો આ ખેમાંન જોઈ ને કોહી સડી ગીયું—હા બા, આપરે તો હંમેશ સાચું બોલી દેવાના. એ ચકરમને મે કાંઈ હઝાર વખત કહયું હશે કે "જો બાપુ કાંઇ માહરૂં કહયું સમજ. એ ઝેરનો લાડવો છે જો." પણ જયારે એણે પોતાના સગા બાપનું કહયું માનયુ નહીં ત્યારે માહરૂં શું વળવાનું હતું? મેહેરૂના માજરા ડોળા અને ગુલાબી ગાલ અને—(પણ ચાલો, હવે માંડીવાળો)—થી અદીનાં મનમાં જરૂર એમ વીચાર બેસી ગયલો કે હું તેની અદેખાઈ કરતો હતો. તેણે મને એક દીને એટલુ વટીક કહયું કે, "કેમ બચ્ચા, પેટમાં આડાં ને ઉભાં આવેછ કે ? પણ બસ મેહર તો માહરીજ—સાત પાણી એ ધોએલી માહરી !" લેઓ, સાંભલો ! પંચોપાખ્યાનમાં લખેલુંજ

છે કેની કે એક બહેરા આદમીને અને એક આશકને સલાહ આપવી એ બરાબર છે!

પણ દર સાંજે અદી અને મેહર પારપર આવતાં હતાં તે થોડુંક થયું બેઉ જણાં બીલકુલ દીસ્યાં નહીં. આજે આ વશે, કાલે આવશે કરતાં દહાડા પર દહાડા નીકળી ચાલ્યા, તોપણ કોઈનું નામ નીશાન ન મળે. પંદર વીસ દહાડા સુધી તો વાટ જોઈ પછી ધીરજ ન રહી. એકતો હંમેશનો ચટ પટયો જીવ. મને ઘણીજ અકડવકડ થયા કીધી. આખરે અદીનો મોટો ભાઇ નવરોજી મને પાળપર મલ્યો. તેને મેં આ બેઉ જણનાં ગેપ થઇ જવાનું કારણ પુછ્યું. તેણે નાક પર આંગલી મુકી, ભવાં ચહડાવી, મને ચુપ રેહેવા ફરમાવ્યું. "ચુપ! હવડાં અખાડા કરીજા. ઘેર આવજે, ત્યાં હું તુને એકાંતમાં બધુ કેહેવશ. જરા મશકેરી કરવા જતાં માહરેથી કામ બગડી ગયુંછ."

તેજ સાંજનાં હું નવરોજીને ત્યાં દોડયો. સત્યાનાસ ગઈ ધીરજ તે કયાંથી રેહ? નવરોજીએ સઘલી વાત મને કહી, અને પછી હસતાં હસતાં હમારાં બેઉજણનાં પેટમાં દર્દ થઈ આવ્યું. હાલ અદીતો ખભરીને બાહેર ગામ જતો રહ્યો છે, તે કયાં "ઘડી ચપકો" વાંચવા આવનાર છે? માટે આ ઠેકાણે આ એક અંકી ફારસ ગુપચુપ ટપકાવી લેવાની માહરી લાલચ હું થોભાવી શકતો નથી. મારાં સમજુ વાંચનારા ઓ પર મને પુરતો વીશવાશ છે. તેઓ કદીબી અદીને આ નવું વોલ્યુમ પોહોચાડે એમ હું માનતો નથી. પછી કોણ જાણે વળી એક માહરો ખેરખાહ (!) કોઈ નીકળી આવે તો.

કેટલુંક થયું અદીનાં મનમાં બસ એમજ ધખારો બેસી ગયોછે કે તે ઘણો નહીં પણ થોડોબી તો કવી છેજ. બીચારો કાંઇ કવીતા લખવાનાં તહરેવાર ફાંફાં મારેછે. અને એ જીદદી ને સમજાવે બી કોણ? "અરે પણ તે બીજા માહભારત પારસી કવીઓ માસીક ચોપાનયઓમાં નાદાર કવીતાથી ટેનીસન અને વર્ડસ્વર્થના રૂહો ને હળમળાવી મુંકેછ તે તમે જુઓછ કેની? ત્યારે શું હમે તે કાંઇ હજામત બજામત કરીયેછ કે?" બરાબર છે. શું અદી તે માણુસ ને ઉપલા—અરે છબરડો થાયછ—શું ઉપલા માહાભારત પારસી કવીઓ તે માણસો, અને અદી તે કાંઇ ગધેડો છે કે? આ તે કઇ જાતનો ઇનસાફ? અલબતાં હું એમ તો કેહવાની કદીબી હીમત નહીં કરૂં કે અદી કોઇ દહાડે પણ ઉપલા પારસી કવીતા જેવી બેહસ્તમાં પુગી જઇએ એવી ઉમદા કવીતા લખી શકે. નારે, તે તો આ દુનીઆમાં બનવાજોગ નથીજ. પણ તોબી જરારતી ટટુ ચાલે ખરૂં.

ગઇ ૪ થી એપ્રીલે મેહેરની મુબારક સાલગરેહ ગઈ. અદીને એકદમ ફાંટો આવ્યો. તે કવીતા મેહરને વાસ્તે લખવાનો ને ફુર લખવાનો. હાથમાં પેનસીલ પકડી કાગળની સાંમે તે ખડો બેઠો અને પોતાના વીચારોને કવીતાની કેફમાં ચકચુર કરી મેલ્યા. શરૂ કેમ કરવું? પેહેલાં મેહેરને છાપડે ચઢાવવી જોઇએ. આહ! આવ્યો! એક સુંદર વીચાર ચપ દેતો કે તેના ધ્યાનમાં ઉતરી ગયો. કાગજપર તડાપ મારીને સપાટાબંધ તેણે તે લખી કાહાડયો:—

"ઓ! સુંદરને મીઠી ગુલાબી મેહેર,"

અદીથી હસાઇ હસાઈ જવાયું. "અરે એમતે કાંઈ ખોટું

ઘી દીવેલમાંથી જાયછ કે? બીજાઓ તો મનમાં ખાંડ ખાયછ." તેણે આ લાઇન પચીસેકવાર પાછી વાંચી. શું આ લાઇન ગોલ્ડસ્મીઠની કોઇબી લાઇન કરતાં કમ છે! એમ કોણ મુજી કેહવાની હીમત કરેછ? કોણુની માયે સુંઠ ખાધીછ?—પણ ચાલો હવે બીજી લીટી." ઢેડાનો ખાધો રોવર આજે વળી નકામો બોંસ્યા કાંય કરતો હશે? ને પેનસીલ વળી ફીકી ફ્ચ મુઇછ. એકતો મેહેર સાથ પ્રાસમાં મલતો નખોદ ગીયો બીજો કોઇ બોલ પાતો નથી." અદીએ આખી ગુજરાતી ડીકશનરી ઉઠલાવી નાંખી. ત્યાં શબ્દોનાં શું ટોટા? કેહેર. બેર, ઘેર, ચેહર, છેર, ઢેર, લેહેર, પેહેર, શેહેર, જેટલા જોઇએ એટલા તૈયાર. અદીએ ભેજું ખુબ કસ્યું "બચા 'લેહેર' ચાલશે. ને નહીં ચાલશે તો ઘોડો કરશું—કાંઇબી ઠોકવું તો જોઇએ." બીજી લીટી આખરે લખાઈ;—

"શું તાહરી મરોડ, ને શું તાહરી લેહેર!"

પણ અદીએ નસકોરૂં ચઢાવ્યું. "છટ, છટ, ઓડાની જેવી લાઇન છે. કાંઈ તેનો મીનીંગજ નથી 'શું તાહરી લેહેર' એટલે શું? નહીં બચ્ચા, છેકી નાખ. એકતો મેહેર મીજાજની પાધરી નથી. કાંઇ બીજો તોલ્લો લગાવ." કાંઇ દજન એક વખત છેક છાક કરવા પછી આખરે ચોર પકડાયો. ધ્રુજતા હાથે તેણે ટપકાવી લીધું:—

"દીપાવે છે તું તુંજના પેદરનું ઘેર."

હત તેરીકે! શાબાશ? આગલ ચાલતાં નામ કાહાડે ખરો. અદીનો હરખ માયો સમાયો નહીં "એમતો કંઇ મુવા

નથી પડ્યા તો. કપાળમાં ભેજું છે. ભુસું નથી." હવે ત્રીજી લાઇન લખતાં શું વાર? એવી કાંઇ તમારા પેલા રેંજી પેંજી કવીઓ જોયા હશે? અદીએ લાગલું ચીતરી કાહાડ્યું:—

"વાહ, તારા ગાલો! ઓ પ્યારી જાન!"

શું ધારયું? છે કેની કંઇ દમ? પણ ઓજબા! મોહો-કાણ! ચોથી લીટીએ ગાડું અટક્યું! 'માન,' ચાલશે, 'માંન'? નહીં તો 'તાન અજમાઉં? નહીં, નહીં, નોનસનસ! તાનતો તદ્દનજ ગેપ લાગેછ." અદી પસીને ગરકાવ થઇ ગયો. "કાંઇજ તાલ નહીં બેસે? હવે કેમ કરવું? આગલ તો ચલાવ. પછી એની વાત" તેણે ચોથી લાઇન માટે ખાલી ખાંચો રહેવા દીધો અને નાક ઘવડી લખવા માંડ્યું:—

"ઓ દીલદાર! કર તું મુજ ઉપર રેહમ,"

પણ હયાં સઘલો ભીતરમાંનો પ્યાર જોસ્સાબંધ બાહાર ઉભરી આવ્યો "અફસોસ, કઇ સેંકડો ચીજો મને કેહેવાની છે, પણ કોણ જાણે શું થયુંછ તે અભાગણી એકબી લાઇન બરાબર બેસ્તી નથી. ફીકર નહીં હુંબી તો જોઉંછ કે કેમ નથી લખાતું." અદીએ કપાલ નુછ્યું અને દાંત કચકચાવી ને પેન પાછી ચલાવી અંતે ફાવ્યો:—

"લાવીશ નહી બોલવા મુંજ ઉપર તું વેહમ
પરીને શરમાવે એવી તાહરી આંખ,"

આઠમી લીટી માટે અદીને ફકત એકજ બોલ યાદ આવ્યો. 'પાંખ'. પણ હયાં તે સત્યાનાશ ગયો બોલ કેમ લાગું પડી શકે? મેહેરને એક પરીની પાંખ આપે તો કેમ? નહી—અદી હવે નાચાર થઇ ગયો. તેને ફફડી ચટકી ને પેનસીલ નાંખી દીધી. "આજે

એ નથીજ લખાવાની. સહવારના પોહરમાં બીલાડીનું મોહું જોઇને ઉઠેલો તેમાજ કાંઇ ફેર નહી. એતો હવે જે હોય તે ખરૂં. મને હજુ તો કપડાં બદલવાનાં છે. આ લીટીઓ હું મેહેરને આપશ ને બાકીનું મોઢેથી સમજાવશ. બીજું શું કરૂં?" આમ બબડીને અદી પોતાની અધુરી કવીતા દેસ્ક ઉપરજ રેહવા દેઇ કપડાં પેહેડવા માળ પર ગયો.

કીસમત! અફસોસ! અત્યાર સુધી કીસમત ડાહયું માલમ પડયું નથી ને માલમ પડનાર પણ નથી. તે હંમેશનું અડીયલ છે, અને અદીના અડીયલ કીસમતથીજ બરાબર આ પળે નવરોજી દેસ્ક અગળ આવ્યો. તેને એક મહા બુરી ટેવ એ હતી કે કંઇ મુકેલું મેળેલું પાધરૂં તે રેહવા દેતો નહી, હતો. અદીનું ઘડી વાળેલું કવીતાવાળું કાગજ તેણે દીઠું અને ઉઘાડી નીચે પ્રમાણે વાચ્યું:—

"ઓ! સુંદર ને મીઠી ગુલાબી મેહેર!
દીપાવેછ તું તુંજના પેદરનું ઘેર,
વાહ! તાહરા ગાલો! ઓ પ્યારી જાન!

* * * *

ઓ દીલદાર! કર તું મુજ ઉપર રેહમ!
લાવીશ નહી બોલાવા મુજ ઉપર તું વેહમ.
પરીને શરમાવે એવી તાહરી આંખ,

* * *

આ જોઇ નવરોજી બેઅખત્યાર હસી પડયો શું બનાવ બન્યો તે સમજવાને એ ચકોર ને કાંઇ વીલંબ લાગ્યો નહી.

એપ્રીલ મહીનોબી હતો. અને વળી આવી તક પાછી કયારે હાથ આવે ? તેણે પેનસીલ ઉંચકી અને ખુટી પડતી લાઇનો તેમાં પુરી દીધી. આ પછી કાગજ જેમનું તેમ પાછું મુકી દઇ, તે મુગો મુગો ચાલી ગયો.

વાહ! તે દીન અરદેશર ને| શું ઠાઠ! નેકટાઇ ને કોલર ને નવા દગલા પાટલુંન ના સુટ સાથે જાગલા બની હાથમાં રૂપાંનાં હાથાની લાકડી તે આંખે સુનાનો આઇગલાસ લટકાવી, સીસોડી ફોડતા નીચે ઉતરયા. મેહેરનું વરસ હતું. વરસ! કાંઇ મશખેરીની વાત હતી? પોતાની દેસ્કમાંથી એક નવી સુનનાની લાકોટ કાહાડી, પેલી કવીતાની સાથે ગજવાંમાં નાંખી લટકો કરતા કરતા મેહરબાઇને ત્યાં ચાલ્યા. ત્યાં બા-રણાં પર તે ગુલબદન તઇયારજ હતી. તેણીને લાકોટ ભેટ આપતાં, અને તેણીનું થેંકયુ" સાંભળતાં અદીની છાતી ગજ જેટલી ખીલી ગઈ. પછી ડપ દેઇને પેલી કવીતા ખેંચી કાહડી મેહેરનાં હાથમા મુકી. "ઓ, માહરી ડારલીંગ! આ નજીવી, પણ અસલ કવીતા મુજ તરફથી તું કબુલ રાખ. એમાં તું કાંઇ સહરાગાત સમજતી નાં. મને જે માહરાં દીલમાં લાગ્યું છે તે આમાં લખવાની મેં માહરી અદના કોશેશ કીધી છે. વાંચ ઓ મેહેર વાંચ અને--" ઓ! પણ આએ શું ? મેહેરના ડોળા આસમાનસે ચઢી ગયા, આંખ-માંથી નવધાર આસુંઓ નીકલી પડયાં અને એક બાજઠ ઉપર તેણી ધબ દેતી કે પડી ગઇ. અદી ગાફેલ જેવો શું બન્યું તે બીલકુલ સમજયો નહીં. તે સમજયો કે ખુશાલીને મારે મેહેર નો જીવ બગડી આવ્યો હશે. પોતાનો અતરથી મઘ મઘતો

રૂમાલ તેણીને સુંઘાડવા જાય છે કે ટોપનો ગોળો આવ્યો. "ચાલ નીકલ માહરી આગળથી. એમ ચકાસી શાનો ગીયો? એમ મસખેરી કરવી હોય તો હઇયા આવેછજ શું કામ? કોણ મુવાંને તારા ભાર છે? નીકલ હઇથી એકદમ, નહી તો લાત મરાવી ને બાહેર કહડાવશ." આટલું બોલી, પેલી લાકીટની દાબડી અને પેલી કવીતા છુટી અદી પર ફેંકી તેણી જોસસા ભર અંદર ચાલી ગઇ. ગરીબ બીચારો અદી! તે તદન ઘભરાઇ ગયો હતો. તેણે નકકી માન્યું કે મેહેર ઘેલી થઇ ગઇ. હીલ્યા ચાલ્યા વગર તે થોડો વાર એમના એમ ઉભો રહયો. પછી તેણે ભોંયપર પડેલું કાગજ ઉચકી વાંચવા માંડયું:—

એ! સુંદર ને મીઠડી ગુલાબી મેહેર!
દીપાવેછ તું તુંજના પેદરનું ઘેર!
વાહ! તાહરા ગાલો એ પ્યારી જાન!
લાલ રંગનાં લેપડા ને પાઉડરનો ઘાણ.
એ દીલદાર! કર તું મુજ ઉપર રેહેમ!
લાવીશ નહી બોલવા મુજ ઉપર તું વેહેમ.
પરીને શરમાવે એવી તારી આંખ,
પણ સીસોદા જેવું એબ લગામણું નાંખ!

વાંચનાર તને ગીલી લાગેછે, નહી? અદીની દયા કરવાને બદલે તું એ બીચારાને હસેછે? તેની પીઠ પાછલ તું મશકેરી કરેછે તે શું વાજબી છે? મેં તુંને આ વાત કહી ત્યારે કની? પણ ચાલ હવે બસ કર, ખાટું થઇ ગયું.

ઘરડા માણસ તે શું ઉકરડાપર નાંખો દેવાનાં છે ?



જોવો ! આંખ ચોળીને ખરૂં ખોટું તોલીને, ચસ્મો સાફ કરીને જોવો ! કેવો ઘડડો પેસુજી ગેટકો મહોબતની ઝુમમાં કોર્ટીંગ કરવાની ગમત મેળવે છે? જીગર બધું પ્યારથી ઉભાઇ જાય છે તે દેખાડવાને શું લટકાથી છાતી પર પાંચ આંગલા પહોલાં કરીને હાથ મુકયો છે ! શું ટકોરા બંધ તાંત્યો ગોઠવ્યો છે ! ને શું તતરબંધ "કોર્ટીંગ પોઝીશન" દેખાડયું છે ? એ જોવા પછીબી તમે કેહશો કે ઘરડાં માણસ ઘસડાઇ આવેલાં છે અને ૬૦—૬૫ વરસના થવા પછી લવ-સીન કરવાને ના લાયક ઠરે છે ! જોવો જોવો મારા સાહેબ તમોને વેહમ છે—વેહમ !

પેલી જાડી ઘેખરીનેબી જરા જોવો ! કેવી શરમઇ શરમઇને ડોકું નાંખી દે છે ! કેવી—ભવાં ચહડાવીને માશુકે મસાનકાડું બની રહેલી છે !

જમાનો બદલાયો છે, બા !

પથ્થર યુગમાં શું હતું—અને આજે ટીનપોટ યુગમાં શું છે?



અગાઉ પથ્થર-યુગમાં એક કુમારા સપરસજી એક બૈરી પસંદ કરતી વખતે આય આવી ☛ જાતની ચોકસાઈ ભરી ઉંડાણ તેહેકીક પોતે જાતે કરતા હતા. તેવણ જાણવા માગતા કે તેણીની આંખ, નાખ, કાન, બાલ, બત્રીસ દાંત વગેરા-વગેરા બધું "ગુડ કનડીશન"માં છે યા નહીં—

(વધુ માટે જુઓ પાસેનો સફો).

જમાનો બદલાયો છે, બા!

પણ હવે શું મામલો છે?—આહ આજે ૧૯૧૬ માં ટીનપાટ જમાનો છે—યાને જેટલો પથ્થરનો જમાનો સાબુત સંગીન વજનદાર હતો તેટલો આજનો જમાનો તકલીદી, પોકલ અને હલકો છે!

હવે એક કુમારા સપરસજી એક બૈરી પસંદ કરતી વખત આય આવી




ઉપર ટપકેની તેહકીક કરી જુએ પુછતાબી પરછતાબી નથી કે તેણીએ બાલમાં કુચા બેસયા છે કે નહીં, કોરસેટ પહેડયું છે કે નહીં, ગાલ પર ગોલાબી રંગ લગાડયો છે કે નહીં. તેવણ તો ફક્ત એટલુંજ જાણવા માગે છે કે તેણીના બાવાનો બેકીંગ એકાઉન્ટ શું છે—અને વાંખરો રીતમાં કેટલું તોલવા તૈયાર છે?

દુન્યા ખાવી મક્કરથી.

અને

ધણીઆણીને ઉડાવવી હુન્નરથી.



પહેલી નજર.

(પેહેલી નજરે જોતાં કેવો નીરદોષ ડાહયો સાન સલુકનો અને ધર્મી સનમી દેખાય છે! હેં!)

"મોટા બાવાની ખુરશી કયાંથી ઉપડી લાયો! જાણે ભાત ભરવાનો કોઠાર. એમબીને એમબી એક બંદર બોટજ કાંય નહીં બનાવીને તેમાં બેસતો? છે તો ચીપકલી જેવો ને આવી વખાર જેવી ખુરશીમાં બેસેછ તે જાણે નારીયલની કાટલીમાં ઘઉંનો દાણો! શું તારીબી અકલ છે—માસટર! ભલા મારૂ—એ મોટું અરીમ ઘરીમ ઘાટ ઇનજીન બનાવીને ખાલી જગા રોકવાનું કંઇ કારણ? એક નાહલ્લી સમકલાં જેવી ઇઝીચેર નહીં ચાલતે?

(વધુ માટે જુઓ પાસેના સફો.)

દુન્યા ખાવી મકકરથી.



બીજી નજર.

"તું નહીં સમજે દીકરા—તું નહીં સમજે. પરણેલી જીંદગી એવી છે કે નવી નવી શોધ કરવાને ભેજું ચપોચપ દોડી જાય છ. જો દોસ્ત—આએ મશીનરી તુને સમજાવું. આએ ખુરશીના બે હાથા છે તેમાં એકમાં બ્રાંડીની અને બીજામાં વીસ્કીની બાટલી. શું સમજયો! આએ બેઠકની નીચે રોસ્ટ કીધેલાં મરઘી અને પાઉનું બન. ધ્યાનમાં ઉતર્યું કે? આએ પીઠ પછવાડેના પરદામાં વાઇનની ડીકાંટર, ગલાસ, કોકસ્કુ અને બીજું બધું કારખાનું. આએ પગ આગળ પાસાપામા અને નેપ પ્લેગના કાઉંટર કેમ? યુકતી જોઇ? ધણીઆણીના દેખતા આએ ખુરસીપર બેશીને નુસ વાંચવાનું ને તારા જેવો ચોટ્ટે ખુશાલ દોસ્ત આવે ત્યારે આરીસનો હીસાબ કરવાને મસે ઓરડાનું બારણું બંધ કીધું કે ચાલ્યું પીપ્યું. દુન્યાખાના મકકરસે ઔર જોરૂકો ઉઠાના હુન્નરસે. યાદ રાખ દીકરી—પરણુવા પછી તુંનેબી કામ લાગશે."

પેસુની બઇરીએ તેને નેકટાઇ બાંધતાં શીખવ્યો !




પેસુ કુમારો હતો ત્યારે નેક-ટાઇ ફેકટાઇ કાંઇ સમજતો હતો નહીં–પણ પરણ્યો ત્યારે તેની બઇરીને તેનું બાડું બાંકું ગલું જોઇને એમ લાગીને આએ એમ પોતાને હાથે નેકટાઇ બાંધ્યો–કેવો ફાંકડો લાગે છે હું !



પેસુ આરીસમાં ગયો ત્યાં જરા નેકટાઇ સુંહાઇ ગયો. પણ તેબી મરદની મટોડીજ મુવેલો કેની ? કાંય નહીં નેકટાઈ છોડીને પાછો પોતાને હાથે–બાંધે ? ઓલરાઇટ ? ફાયર અવે માઇ બોય !

(વધુ માટે જુઓ પાસેનો સફો).

પેસુની બઇરીએ તેને નેકટાઇ બાંધતાં શીખવ્યો (ચાલુ).



નબોદ જાયરે એનું ! એ પીસ્તું એમ ક્યાં નીકળી આવ્યું! કોલર વળી એવો કમજાત! —હોલ તો જાણે ભાગર જેવું થઇ ગયું—ને બટનમાંથી ગપોગપ નીકળીજ જયા કરે. બધો પસીનાએ પોચો પચક થઇ ગયો ને માથામાં બધી ચટકી પડી આવી. ગુડ ગોડ !

યુ ઇનફરનલ થીંગ!—એવી ચીડ પેસુને લાગી કે ટાઇનો ફાંસો કરીને ગળુંજ પીસી નાંખે ! બઇરીએબી હજામરી જેવી એ આ નવો સંતાપ એને ક્યાં સોંપયો? બટ હી હેડ એન આઇડીયા ! બસ હવે જયાંબી જશે ત્યાં બઇરીને લેતો જશે કે નેકટાઇ બાંધ્યાજ કરે.





જી–જરા આય સોરતી ભરશો?

ઘેરમાં કાંઇ એખરો એખરો સામન પડેલો હોય અને જરીપુરાના વાલોબી હાથમાં લેવા પાડતો હોય તેનો નીકાળ કહાડવાનો એક નવો રસતો છે. ઘરે ઘર બાઇ બાવરીઓ આગળ પુગી વળવું અને સોરતી ભરાવી દેવી ! આપણાં વીલર ડોસાંએ જોયું કે જવાન ખુબસુરત છોકરીઓ એમ સોરતી ભરવા જાય છે ત્યારે જરૂર નામ નોંધાવી લાવે છે માટે પોતેજ પોતાની વરણીની સાડી (એટલે વીલર ડોસાંને પરણવાને આજે ૬૫ વરસ થયાં છે માટે ૬૨ વરસની નવી કોરી સાડી) લઇને ઘરે ઘર સોરતી ભરાવવા ઉતરી પડયા છે !

છે કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!

આ ધર્થામાં શો છે તુંજ હસ્તીનો સાર?
તું છે કોણ—કહે—રાજા, ફકીરો કે ઢેડ?
તું પડયોજ કેમ પેદા નહીં છાપો લખનાર?
—છે કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ?

જા—ફરીથી જન્મીને જીવતર તું જોગ,
ને બીજ અવતાર લેતાં તું કીસમત છંછેડ;
કે નવ જહાનમાં પામે તું છાપાનો છોગ;
—છે કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!

આહ! પત્રના પાવડીને નમેછ સઉ કોઇ,
હોય કમીનો કંગાળ કે દોલતવાન શેઠ;
ધનેતરબી ધડકેછ એડીટોરીયલ જોઇ;
—છે કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!

ધ્રુજ, કમબખત! પત્રવાળાથી ધ્રુજ!
બસ તેને છેડી તું જમડાનેજ તેડ.
મોહત ભમતું હોય તારે પડશે એમ સુઝ;
—છે કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!

ભાઇ દ્રવ્યની ધુંઇમાં ચાહે રોલતો તું રેહ,
યા તંગીની તાણનું ચાહે કરજ તું ફેડ;
છોડશે નહીં તુજને કલમડીનો વેહ;
—છે કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!

તું "રીવ્યુ" દીઠ કરતો જા સામપલો સાફ,
ક્રીસ્ટમ કેક, અત્તર ને હલવો સફેદ!
હોઇયાં કર, બચ્ચા; સઉ તુંને છે માફ!
—છે કાગળ, **સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!**

પેનસીલના ગોદાનો જુલ્મ છે બસ ઓર.
તું પણ એકમાં પટકાઇને પામે છે ખેદ,
કે ઘડીમાં મેળવે છ તું માનપાનનો દોર:
—છે **કાગળ. સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!**

ચમતકારથી ન્યુસપેપર નામનો તું જાણ;
ને આર્ટીકલાયનો સાહેબ તું પેહેટ.
છે મુફત માસની આ છાપો એક આણ.
—છે **કાગળ. સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!**

જુઓ "પુસ્તક—પરીક્ષા" માં મરકો ચોપટ!
બળા જાણે ચોપડી છે ગુજરાત કે વેદ!
સઉ છે લખડધકે પાસ તડ ને ફટ!
—છે **કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!**

ચહે જયારે તું જને લખાણુબાજી જેરા,
પ્રજા પ્રતીનીથી થાય સરકારને છેદ!
સમજુ તો હસશે પણ મુર્ખ ખોહશે હોશ!
—છે **કાગળ, સાહી. બીબાંનો વીચીત્ર ભેદ!**

નથી ક્યાં છાપાનો ભુત એ હાજર?
નાટક, મેળાવડો યા મેચ કે પરેડ,
જયાં હોય ત્યાં ખુદાબક્ષ છેજ એ બાહદર!
—છે **કાગળ, સાહી, બીબાંનો વીચીત્ર ભેદ!**

(વધુ માટે જુવો સફો ૧૬૩ મો.)

કલમ તેના રાજમાં નથી કાંઇ હરામ!
એ વાતની બસ સરવે તું શંકા ખસેડ.
સહજ અગંત અનુભવ આહીં આપે છ **પીજામ**!
—હે કાગળ, સાહી, **બીબાંનો વીચીત્ર ભેદ**!

તે—હું ખરાં દીલથી ઇચ્છું છ કે તુંબી મારા જેવી પૈસે ટકે ગરીબ હોતે! કાંયકે ત્યારે તું મારી સાથે ખુશીથી પણવા તઇયાર થતે.

તેણી—ત્યારે તો હું તમારા કરતાં ઘણી વધારે સખી દીલની છઉં. હું ખરાં દીલથી ઇચ્છું છ કે તમેબી મારા જેવા પઇસાવાલા હોતે તો હું તમારી સાથે ખુશીથી પણવા તઇયાર થતે.

બે દોસ્તો કલબમાં વાત કરે છે.

દોલી—કેમ સોલી, એ ચોપાંન્યામાંથી શું કાપી લેછ? કાંઇ ઘણું મજાનું લખાણ છે કે?

સોલી—એમાં "જીંદગી કેમ લંબાવવી" તે ઉપર એક આર્ટીકલ છે તે કાપી લેઉં છ. મારા પેલા ચીકાસદાર કાકા રોજ સાંજે આહીં આવીને એજ ચોપાન્યું ધરી બેસેછની!

એપ્રીલ ફુલ કોણ બન્યુ?

કોણ કેહછે કે બઇરાં ઓદાની છે?

મીસીસ મેહરવાનજી (એખલાં મનમાં)—હમણાજ પેલા રતનજી ઘરનાં ભાડાંના ૭૫) રૂપ્યાનો આએ ચેક મેહેરવાનજી ને આપવા મને આપી ગીયાછ. મેં પેલા આહમદ ઇસાઅલી ને તાંહ જીકની કોર ભરાવીછ તેનાબી ૭૫) રૂપ્યા બરાબર થયાછ. હવે કાંઇબી કરીને આએ રૂપ્યા મેહરવાનજી પાસે મેલવવા તો જોઇએ. શું તાલ લગાવું? અરે હા, બરાબર યાદ આવી, આજે પેહલી એપરેલ છે તે તો હું ભુલીજ જાઉંછ.

અરધા કલાક પછી–મીસીસ મેહરવાનજી મી૦ ને કહેછે: "મેહરવાનજી, આએ પેલો રતનજી ઘરના ભાડાના ૭૫) રૂપ્યાનો ચેક તમુને આપવા મને આપી ગીયોછ જો. જોવ, આએ એનવીલોપમાં મુકયોછ, ઠાવો લેજો.

મેહરવાનજી–હંક, આ પેહલી એપરેલ છે તે મનેબી યાદ છે જો! સમજયાં કે મેમસાબ! તમે મને એપરેલ ફુલ બનાવવા આયાછ કે? વારૂં જાઓ એટલા ૭૫) રૂપ્યા તમે પોતેજ એપરેલ ફુલ બન્યાં તેની યાદગારીમા મારી તરફથી ભેટ દાખલ કબુલ રાખો!

હેત તેરીકી! મેહરવાનજી કેવીક હોશયારી મારી હોય તેમ ફીલસુફીનું ડાચું કરી બાહેર ફરવા ગયા. ત્યાં રતનજી સામા મલ્યા. "કેમ મી૦ મેહરવાનજી, આજે મારા ભાડાંના

૭૫) રૂપ્યાનો ચેક તમને મલ્યો ? તમો ઘરમાં નહીં ઉતા તે થી તમારી ધણીઆણીને હુ આપી આયોછ."

"ઓ તારી ! મોહોકાન ! રાને મને સજડ બનાવ્યો ! જલદીથી જાઉં ઘર ને રૂપીયા પડાવી લેવું, નહીં તો પછી મલવાના નથી." આમ મનમાં બડબડી મેહરવાનજી મારતી ગાડીએ ઘર દોડયા. ત્યાં જઇને જુવેછ તો મીસીસ મેહરવાનજી તરતનીજ કાપડીયાને ત્યાંથી આવેલી પેલી કસબી કોર સાડી ઉપર ટાંકવા બેઠેલાં હતાં.

"જુવો મેહરવાનજી, કેવી સરસ કોર છે હું ! તમે મને પેલા ૭૫) રૂપીયા ભેટ આપયાની તે તુરતજ મેં દુકાન પર મોકલીને આએ કોર મંગાવી લીધી, કાંય શું છે ? એવું વસ-ણાયલું ડાચું કાંય કરોછ ?"

ગરીબ બીચારા મેહરવાનજી ધણીઆણીને એપરેલ ફુલ બનાવતાં પોતેજ બની ગયા. અને સાથે ૭૫) રૂપીયાપર પાણી ફરયું એટલે કપાલ કુટીને બેઠા.

ધણીઆણી—આજે પેલાં પાસેનાં મેહરબાઈ મલવા આયાં'તાં. કોઇ જબરૂં કારાંમાય તાહેલું છે. હું તો જાણું કે તેવણ રાતના નવ વાગા સુધી ઉઠશેજ નહીં.

ધણી—પણ તુનેબી વાતનો ચરટો એવો છે, તે જરા જુદાઇએ તેવણને જવા દીધાં નહીં હશે.

ધણીઆણી—અરે નહીંરે-હું જો જરાબી જાણવા દેતે કે હું તેવણને ખેરવવા માંગુંછ તો જરૂર ચીટકી બેસ્તે. કદાચ હજુબી અહીં બેઠેલાંજ હોતે.

એ દલગીરીનું કારણ શું?

નોરોજની રાત છે. માય બાવા તથા છોકરાંઓ જમીને આગળા ઓરડામાં બેઠેલાં છે. બાવા આખા દીવસના થાકેલા એક ઇઝીચેર પર પડેલા છે અને ન્યુસપેપર વાંચે છે. છોકરાંઓ બધાં પોત પોતાનાં કામે લાગેલાં છે. વડી છોકરી પોતાનું ગુંથવાનું લઈને હસતે ચેહરે બેઠેલી છે. દીકરો શાવક શાંત ચેહરે પોતાના સ્ટેંપ્સ વળગાડવામાં રોકાયલો છે. દરેક જણ આવતી કાલે પતેતી કેવી રીતે ગુજારવી તેના ખુશ ખ્યાલોમાં લીન છે. જો કોઈ બાહેરનું આદમી જુવે તો તે સુખી નાદનાં કુટુંબને આવી રીતે બેઠેલું જોઈ અદેખાઈ કર્યા વીના રહે નહીં. ફક્ત તે સરવેમાં માયજીના ચેહરા પરથી તેવણને એટલાં સુખી ધારે નહીં. કાંય વારૂ? માયજી એક ખુણામાં મુંગાં મુંગાં બેઠાં છે. તેવણનાં હાથમાં કાંઈજ કામ નથી અને મોહડાં ઉપર દલગીરી, નાસીપાસી તેમજ ગુસ્સાનો છાપ પડેલો છે. તેવણ ગુસ્સાથી ભવાં ચહડાવી વારંવાર કાંઈ મનમાં બડબડે છે અને હવામાં ઠીકયા કરેછે. "મરી ગીઓ મુવો નાપાક! હું ધારતીજ કે તે મને એમ ફસાવશે!" આમ બડબડી તેવણ ખુરસી પરથી ઉઠી બાહરના બારણા તરફ જાય છે. બાહેર અંધારૂં ઘોર છે—પણ તોબી તેવણ આંખ તાણી કાંઈ જોવાની તજવીજ કરેછે, અને કોઈ નહીં જણાયાથી ઘણુંજ નાસીપાસ થઈ પોતાની જગ્યાએ બેસે છે. "આ ખોદા, મને એવી રીતે નાસીપાસ શું કરવા કીધી હોસે? કોઈને જરા મારી દયાબી નથી આવતી!"

ફરીથી ઉઠી તેવણ બેચેન જીવે ઓરડામાં આમ તેમ ફરેછે અને બબડેછે "મુવો જો હવે આવે તો મુવાને વાહરીજ ખાવું, ઉભો ને ઉભોજ ચીરી નાખું!"

"ચાલ, દીનું, હું તો ઉપર સુવા જાઉંછું. તું નહીં આવતી કે! કાલે પતેતી છે, સકારે ઉઠવાનું છે તે યાદ છે કે?" તેણીના વરે ઇઝીચેર પરથી ઉઠતાં પુછ્યું.

"મુઇ તમારી પતેતી ને બધું બરી ગીયું? હું કંઈ હમણાં આવવાની નથી. તમે જાઓ, મારે સારૂં ના ખોટી થતાં" દીનુ ભારી ખબરાટમાં બોલી.

"શું છે, મારી વાહલી દીનુ? એમ કાંય કરેછ? કંઇ જીવને ઠીક નથી?"

"તમુને ના કહયું'તી કે પટપટ ના કરો! બસ ચાલી જાઓ ઉપર, ને સુઇ જાઓ. હું મુઈ! બધાં મનેજ ફફડાવવા બેઠાંછ." તેણીએ ધણીનો હાથ ઝટકાવી કાહડયો અને પાછી જઇ ને બારણા આગળ ઉભી. સરવે સુવા ગયાં—પણ તેણી હજી એકલી ત્યાંજ ઘણા દુખી દીલે ફરયાં કીધી. આખરે તેણીથી વધારે વખત રેહવાયું નહીં એટલે બારણું હળવેથી ઉઘાડી આસ્તેથી બાહેર અંધારાંમાં ગઈ. અને રાતની સરદી તેમજ હવાની જરા પણ દરકાર કરયા વીના ઉઘાડે માથે દરવાજા પર ઉભી રહી. ખાલી ઉજડ પડેલા રસ્તા પર આમ તેમ નજર ફેંકવા લાગી, અને કાન ઉંચા કરી કોઇના આવવાના પગલાંનો અવાજ સમજવા લાગી.

"એ હવે નહીં આવે, ઘણુંજ લેટ થયું! દસ તો વાગા, હવે શું એ આવતો'તો? હુર!" આમ બડબડી

ઘણુંજ રડવા જેવું મોહડું કરી તેણી પાછી અંદર બંગલામાં ગઇ અને બારણું બંધ કરી સોફા ઉપર પડી ડુસ્કે ડુસ્કે રડવા લાગી!

આહ! એ બધી દલગીરી, નાસીપાસીનું કારણ શું? વાંચનાર! તને કાંઈ સમજ પડેછે? નવરોઝ જેવી રાતે, જ્યારે પોતાનો હીરા જેવો ધણી અને બચ્ચાં છોકરાંની સંગતમાં ખુશાલ રહી ગમત કરવી જોઇએ તેને બદલે આએ બડબડાટ ફફડાટ અને રડવાનું કારણ શું? શું તેણી ઉપર કાંઇ મોટી આફત હતી? તેમાંથી તેણીને બચાવવા કોઈ આવનાર હતું? તેણી કોણની આટલી ઇંતેજારીથી રાહ જોતી હતી અને આવી રીતે રડમસ થવાનું તેણીને શું કારણ મળ્યું હતું? નહીં સમજ પડતી? કારણ ઘણુંજ સેહલું છે!

આવતી કાલે પતેતી છે અને તેને માટે સીવવા આપેલો પોલકો દરજીએ આજે સાત વાગે આપવાનો વાયદો કીધો છે પણ હજી લાવ્યો નથી!!

બુઢા બાવાજી—(જુવાન ગ્રહસ્થને) મારા સાહેબ, તમને કાંઇ આળસ નહીં આવી? મારી દીકરીને કાલે રાતે અંધારામાં એખલી મળતાં તેને કીસ કરવાની તમે હીંમતજ કેમ કીધી?

જુવાન ગ્રહસ્થ—ખચીત સાહેબ, આજે સહવારે જ્યારે મેં તેવણને ઉજરડામાં જોયાં ત્યારે મનેબી તેજ અજાયબી લાગેછ કે મેં એટલી બધી જેહમત શું કરવા ઉઠાવી!

છાપોબી વાંચવાનો સેંકડો છે રીત!

લોકો "જામે જમશેદ" જુદી જુદી રીતે કેમ વાંચે છે?

આગલા મુજ ભવના કાંઇ ભવ્ય પ્રતાપ
થી પામ્યો છું પેદા હું છાપાને દ્વાર.
પણ સાચ્ચા એક લેખકનું સાચ્ચું શું માપ?
--ખુબ ડાચ્યું મચકાવી મેં કીધો વીચાર:-

"આંગળામાં પકડેછ તું ખવડી કલમ;
નથી એ, બચ્ચા, કાંઇ બાલી સુખડ;
ત્યારે સમજી લે તું જની ઐન ફરજ એકદમ,
ને દાંત કચકચાવી તે જંજાળમાં પડ!

ને--પરવરે બક્ષીં છે તને બે આંખ;
શું મોંહડાં પર જડી છે જાંબુરની જોડ?
તુંજ ચસ્મોને હમેશ તું ચમકતી રાખ,
રે દેખતો જન ચોગમની ખાસ્યત ને ખોડ,

ઉઠ જાણુવાજોગ, વાંચવાજોગ નવું કાંઇ શોધ;
સૌ આસપાસના ખેમાનનું અવલોકન કર;
બસ ભેજાંના ભીત્તરમાં કરતો રહે નોંધ,
ને તક મળવે ટપકાવી છાપામાં ઘર."

કરી આમ જીવ સાથ કાંઇ ફીલસુફી ગોર,
ઉઠ્યો હું એક દી સેહજ મારી ખંખાર;
એક જાસુસી પ્રાક્રમનો રચ્યો મેં તોર;
ગુપ્ત ડાયરી પેનસીલ સાથ થયો તૈયાર.

"જામે" પર રોજીંદ નહીં રાખતું કોણ પ્રીત ?
ધરેછ સઉ સહવારનાં પહેલું તે હાથ.
પણ—છાપોબી વાંચવાંની સેંકડો છે રીત !
મળ્યો છે બંદાને તે તણો પાઠ !
બાડી આંખ રાખી મેં બારીકબીન થઇ,
છુપાછુપ તપાસ્યા વાંચનાર અનેક,
શરૂ કેમ કરેછ લોક 'જામે' હાથ લઇ,
સુનો રે, યારો !—અંહી કાહણી છે એક !

*   *   *

બમનજી બાવા રોજ જાગતાંને વાર
ઉંઘાડેછ 'જામે'—(ઓ જીગર સબર !)
બસ વાંચવા એક ઝટકે અતી ઇંતેજાર,
કાંઇ જાણવાજોગ અગતની પાયદસ્ત ખબર !
વીરબાઇને મનથી સૌ ભેજાં દુઃખણુ
—લડાઇનો મામલો, કે ડાર્બીની 'સ્વીપ' !
આર્ટીકલ, તારો સૌ જાહનમ જાય—પણ
"કાંહ છે—એ કાંહ છે—મુઇ લગનની ટીપ ?"
લવજીભાઇ લેહરીની જાણેછ બલા
શી એસ્કવીથ ને લોઇડ જોર્જની છે ભેલમભેલ!
"નાટકનો સફો ખોલ પહેલાં, ભલા;
બા, છે કયો આવતે સનીવારે ખેલ ! !"
ધનજીભાઇ ધુજરા પત્ર લેતાં સમેત
તુર્ત મરણના આંકડા પર ફેરવે છે આંખ,
"નખોદ જાય હવે તો વધેછ 'ડેથ રેટ,'
લાવની જોઉં—કેમ છે આજ મરકી નાપાક!"

પેસુ પરવારતો ન્યુસ ઉંચકતાં મેર
ટુંકી જાહેરખબરને આપેછ ઇનસાફ.
રૂઇટર બુઇટર બધા અકારા ઝેર,
ને લીડર, લીડરેટ?—બા, એઅદબી માફ!
જામેની ઘડી પર મારી તરાપ
જ્યાર એજુબા વાચેછ કે ટકીછ કેમ લોન,,
પેપર પકડતાંજ ત્યાર કાવસ કબાપ
ઝટ દઇને જોય છે કે નાદારો કોણ?
જેમી તો વાંચે ફકત "બાવા આદમ,"
રાજદ્વારી પીજનની ઠઠે ગઇ જાત!
પાહલીને વાહલી છે લીલાંઉ કાલમ!
શોધેછ પુતલી હંમેશાં સનીની વાત!
રોજ બરોજ રતનશાહ જુવે છે રાહ
થઇછ કે આજ પત્રોની "ભાઇબંધી" (!)ભંગ?
ન્યુસપેપર વાંચવાની ત્યારેજ મજાહ
જ્યાર સામસામી ગાળીનો ઉડી રહેછ રંગ!
વળી એવાબી છે કોઇક અકકલથી પુર
જે ઉંધાડેછ 'જામે' ઝટ શોધવાને કાજ
કાંઇ નવી ખબર—"તદન સચાઇથી દુર"
જે ખોટી પડાય—આહ, ખોહીને મીજાજ!
એવા છે ઢંગો, યાર, સઉંના જુદા,
થયો છે હવે આ કીસ્સો તમામ;
એકજ ચીજ પુછતો ના–જાણેછ ખુદા–
કે 'જામે' ઉંધાડતાંજ શું વાંચેછ **પીજામ**!

મોટા બાવાની મીનબત્તી.



"મોટા બાવા ઇજી ચેરપર પડીને કોપરાં જોખેછે; જે વખત જાયછે તેમાં તેવણ પોતાના ઓરડામાં સુવા જશે ને તેથી મીનબતી સળગાવશે

મોટા બાવાની ટીકરી—ગેપ છે તે લાવ આએ મીનબતીને બદલે દીવાલીનો મોટો ફટાકડો મુકી દઇયે."

"આઆઆલો—સુવા જવાનો વખત થયો; મજાની ઠંડીબી પડેછે ને—ઓહોઇ—અવા ચીબી આવ્યા કરેછે—આજે અરધો પેગ વધારે પડયોછે તે—ઓહોઇ—તે ઓઢી પોઢીને સુઇ જઇયે—આહોઇ !"



(વધુ માટે જુવો પાસેનો સફો)

મોટા બાવાની મીનબતી (ચાલુ).



“દાદરપર એક તો અંધારૂં છે; મીનબતી મેચીસે સળગાવી તુરૂપ તુરૂપ ઓરડામાં જશું ને—આહોહ નખોદ ગેઇ અવાંચી શાની આવ્યા કરતી હોશે. આહોહ!—ને પછી દાદરપર—પણ મેચીસ કહાં ગેઇ?

“એ મીનબતીનો કાકરો એમ ચરચર ચરચર કાંય થતો હોશે? મીનબતીમાં ખામી છે કે મેચીસમાં ખામી છે કે મારી આંખ ને કાનમાં ખામી પડી? એ સુરસુર સુરસુર કાંય થઇ મરતું હોશે? કઇ સમજ નહીં પડતી. લુચ્ચા જરમનોએ મીનબતી બનાવવામાં બી ઠગાઈ કરવા માંડી કે?”



(વધુ માટે જુવો સફો ૧૭૪ મે:)

મોટા બાવાની મીનબતી (ચાલુ)



"દોસ્ત સોલી જોરે જો! ફટાકડો ફુટોને મોટા બાવા જાણે હેમલેટના બાપના ભુતની કાની નાટક કરવા ઉભાઇ. મોટા બાવાનાં નાંખની ટીચકી દાઝી ગેઇ. ઓ મારા બાપરે! આપરે તો હસતા હસતા મરી ગીયા!"



! ! ! !

એમડન ડાચાં!

જામેની આફીસમાં અલ્લકસે લેવાયલા સ્નેપ શોટસ!!

["એમડન" અફડાતફડી વેલા આખું ગામ અને દેશ તલમલી રહયું ત્યારે આપણા ધનજીશાહ ધ્રુજરા વળી ધ્રુજી નહીં પડે? મી૦ ધનજુબા અમારી આફીસમાં ખાસ લડાઇની ખબરો જાણવા આવે છે અને ઘણું કરીને બપોરના ત્રણ વાગે ચાહે પીતાં લડાઇની ખબરો સાંભળતાં તરેહવાર ડાચાં કરે છે- જેમાં ખાસ કરીને "એમડન"ની ખબર સાંભળતાં તેવણે મોહડાના જે અંસુચક લેહકા કર્યા હતા તે અમારા ચત્રીત્રા આર્ટીસ્ટે ગુપચુપ ઉતારી લીધા હતા. મી૦ ધનજીકાકાની માફી ચાહીને સાથે તે ચીત્રો અમો અમો નીચે આપવાની રજા લઇયે છીયે.]

૧—ટકોર્યા—ડાચું.



"હેં—શું બોલ્યા? "એમડન" કરૂઝર આવી ગડબડ કરેછ? એ નાલ્લું મઇ જેવું બીલાડું શું ચાહે પીતું હોશે નકામું અટવાઇને ખુરદો થઇ જશે."

(વધુ માટે જુવો સફો ૧૭૬ મો)

એમડન-ડાચાં ?



૨—સંતોરયા—ડાચું.

મેં ધાર્યું’તુંજ કે એ થોડી ગડબડ કરીને નસી જવાનુંજ. હવે એને પકડી પાડતાં વારકેટલી?



૩-ખીજવાયું-ડાચું !

હેં ! મધરાસપરહુમલો કીધો ! એનું સત્યાનાશ જાય એનું ! આપરે નથી બોલતા તાંહ લગીનકે ?



૪-સધ્યારો ડાચું !

“હવે કેવું ઠંડું થઈ ગયું ! જોયું કે હવે વધારે મકર કુદી ચાલવાની નથી તેથી નાસભાગ કીધી.



૬-હડખાયલું ડાચું !

“હુરરે ! એમડનનું ડોબરૂં ઉડયું ! શાબાશ-બચ્ચા ‘સીડની’ શાબાશ ! ધન છે તારી છાતીને.

શીરીન ક્લીયરંસ સેલમાં જઇ આવી!

શીરીન એસ્કી એક દીવસ સહવારના નવ વાગામાં એસ્કીમેસ્કી થઇ જમવાના ઓરડામાં આવી પોતાના વર કેખશરૂને કેહવા લાગી, "જુઓ કેકુ, આજે મને કોટમાં આખો દહાડો ઘણું કામ છે તેથી હું જાઉંછ. તમે એખલાજ નાસ્તો કરીને આરીસમાં જજો હં. બપોરનાબી માસતરી તમારૂં ભોતું કાહરી આપશે, મારી વાટ ના જોતા."

"પણ શું એટલું બધું કામ છે? આવા વરસાદમાં છેક ચાંટરોડથી કેમ જશે?"

"અરે વરસાદ છે તો શું થયું? આજે લેડલો વાઈટવે ને હવાન્સ ફ્રેઝરને ત્યાં મોટું કલીયરન્સ સેલ છે. ખુબ ધમાલ પડશે. મરે, કહેજે બધું ઘણુંજ સસ્તું વેચાયછ. જલદી જાઉંની, નહીંતો બધી સરસ સરસ લેસ, રૂમાલ પેલી રાન જરી પેહલાં પરાવી લેશે."

"ત્યારે તો સાથે સાથે એકુ બીજી નવી કબટનોબી ઓ-રડર કરતી આવજે, નહીંતો એ બધી નવી ખરીદી મુકશે કાંહ!" કેખશરૂએ ચેસ્ટા કીધા.

આ વાત ચાલેછે તેટલાં આયા બે નાનાં બુચાંઓને લઇને ઓરડામાં આવી. "બાઇ, આજે બુચાને ઠાંસો વધારે થયોછ, પેલીજ દવા આપવાની કે?"

"આયા, તું મારૂં ભેજું ના ખાયા કર—અં! આજે મને કોટમાં ઘણુંજ અગતતું કામ છે તે હુંતો જાઉંછ. તું

ખુચાની દવાનું ગમે તે કરીમા કર, નહીં તો એને લઇને ડાકટરને તાંહ જા ને પુછી જો. મને રોકયા કરેછ ને બધું મુવું નવું નવું ઉંચકઇ જશે."

આયા ગઈ એટલે મીસતરી આવ્યો. "બાઇ, રાતને વાસ્તે શું રાંધવાનું છે?"

"મરેરે, મરેરે, બધાં કંટાલો આપેછ! જાની તાહરે ગમે તે રાંધની, મને હવડાં વખત નથી. જા, જઇને શેઠને પુછ. કેખશરૂ તમે એને કેહજો, હું તો જાઉંછ, મને વખત થાયછ." આમ બોલી શીરીંન બાહેર પડી. વરસાદ ખુબ પડતો હતો, એટલે ગાડી વગર છુટકો નહતો.

"એઇ વીકટોરીયાવાલા, કોટમાં જવાનું શું લેશો?"

"બાઇ, દોહર રૂપ્યો."

"શું મુવા દોહર રૂપ્યો? કંઈ ધાર આવી? હંમેશ બાર આના આપુંછ નેં વરી આજે શું થયું?"

વીકટોરીયાવાલાએ જોયું કે બાઇને ગરજ હતી અને આજુબાજુ બીજી ગાડીનું નામ નહતું એટલે તેવણુ બુક પકડીને બેઠા. રખે અબ્વારૂં થઇ જાય ને પોતાની હરીફ પેલી જરી બધું લઇ લે એવી બીહીકથી શીરીન સવા રૂપ્યો આપવા કહી ગાડીમાં બેઠી. અને ઠઠન ઠઠન કરતી બરાબર એક કલાકે લેડલોને ત્યાં પુગી. વરસાદ પુશકળ હતો, એટલે નવી સાહી ભીંજાઇને કુચો થઈ ગઇ હતી તથા બુટપર કાદવના લેપડા ચહડયા હતા, પણ કલીયરંસ સેલમાં જવું હતું કે મશકેરી હતી! બધું અરધા અરધ ભાવે અથવા તેથીબી

ઓછા ભાવે ખરીદ કરી લઇ પેલી મુઇ ચોટલાબરી જરીનું પાકવવાનું હતું. કાંઇ જેવી તેવી વાત હતી!

દુકાન ઉપર બઇરાંઓ તેમજ મડમોની પુશકળ ધમાલ હતી. કેટલાંક તો ફકત ફરવા અને રચનાજ જોવા આવ્યાં હતાં. કેટલાંક અરધા પોણા વાર લેસને માટે સારી દુકાન ખુંદારી મારતાં હતાં. "અરર! લોક તો ઘણાં ભરઇ ગીયાંછ! હવે મારે સારૂં શું બાકી રેહશે! આએ શું રાન પેલી જરી મારી આગલની આવીછ!" શીરીન બડબડી.

તેણી ધકામુકીમાં આગળ વધી અને જ્યાં જરી ઉભી રહી કાંઇ ખરીદતી હતી ત્યાં ગઇ. "હા આએ શું જોયું કેની? હું જે લેસ લેવા માગતી'તી તેજ એના હાથમાં છે. જરા એ લેસનો ટુકરો મને આપશો?"

"તમે જુવોછ તો ખરાં કે એ હું લેવાની છેઉં? મારા હાથમાંથી ઝુંટાવતાં તમને આળસ નહીં આવતી?" જરીએ તરારો કીધો.

"હારે, બાકી ઓય એવી મોંઘી ડાટ લેસ———ઓ માયરે એ કોણ? મારી સુના જેવી સાડીપર પગ મુકીને કોઇએ ચીરયું કાહડયું!" શીરીન પોતાની ફાટેલી સાડી ઉંચકીને ચીચવાઇને બોલી-અને તે ગડબડમાં જરી લેસ ત્યાંજ નાખીને દુર ચાલી ગઇ, કેમકે દોહડ રૂપ્યે વારવાલી લેસ ખચીત ઘણી મોઘી હતી. ફકત જરીનું પાકવવા તેજ લેસ દોહડ રૂપ્યે વારને હીસાબે શીરીને ખરીદી.

આ પછી ફાટેલી સાડી હાથમાંજ રાખી, શીરીન અહીંથી તહીં દમકવા લાગી. તેણીનો આવો ખોરાયલો

કાદવથી લપટાયલો દેખાવ. ફાટેલી ભીંજાયલી સાડી વગેરે સરવેનું ઘણુંજ ધ્યાન ખેંચતાં હતાં. દરેક જણુ માંહોમાંહે હસીને તરેહવાર ટીકા કરતાં એટલે શીરીનને ત્યાં ફરવાનું ઘણુંજ ભારી પડયું.

"અરે જોઇ કે પેલી શીરીન, બધો એખરો મળે તે ઉંચકવા આવીછ." એક જણુ બોલ્યું.

"અરે તાહરની ફરેછ, પણુ એક લેસના ટુકરા સીવાય બીજું કાંઇ ખરીદયું નથીરે!" બીજીએ ટેકો આપ્યો.

આવી જાતના "રીમારીકસ" સાંભળતાં શીરીને ત્યાંથી ચાલી જવાનું ડાહપણુ વીચાર્યું. બાર વાગ્યા હતા અને શીરીને ચાહનાં કપ સીવાય બીજુ કાંઇ મોંહપર મુકયું નહીં હતું, તોબી તેણી ત્યાંથી નીકળી અને ઇવાન્સ ફરેઝરને ત્યાં હેરયું લીધું. "મરે એ આય દુકાનવારાઓ તો હંમેશ લાંબી લાંબી જાહેર ખબર આપે કે સસતું વેચેછ પણ કાંઇ મલે નહીં. માલબી બધો જુનો, કાંઇ દમ નથી!" દરાખ ખાટી હતી પણ શીરીને મનમાં એવો સધ્યારો લીધો. "જોઇએ ઇવાન્સને ત્યાં જાતજાતનું નવું કાંઇ મલેછ?"

બીજી ગાડી ભાડેની લીધી અને ફરેઝરને ત્યાં ગઇ. તો ત્યાંબી તેવીજ ધમાલ! બધીજ બાઇઓ સસ્તું સસ્તું ઉપાડી જવાની દોડાદોડીમાં પહેલી હતી! બપોરની આવેલી શીરીન સાંજનાં ત્રણ વાગા સુધી ત્યાં ફરતાં ફરતાં થાકી ગઇ એટલે ઘર જવા નીકળી. બાહેર અરધો કલાક ખોટી થતાં ભાડેની ગાડી મલી—અને તેબી એક રૂપીયે પટી તેણી સાડાચાર વાગે ઘર પુગી.

"કેમ શીરીન, સામનનું ગાડું પછવાડે આવેછ કેની?" કેખશરૂએ પુછયું. "શું શું ખરીદ કીધું?"

"લેડલોને ત્યાંથી આએ રા વાર લેસનો કડકો લીધો. સારૂં થયું કે વખતસર ગઇ નહીં તો જરી જરૂર લઇ લેતે, ને ફ્રેઝરને ત્યાંથી આએ ખોટી તીલીની ચાર દબીઓ લીધી. કેટલા દહાડા થયા ફોરમાં ભરવા એસી રહીતી! પણ તમે કાંય જલદી ઘેર આયા?"

"તો શું કરૂં, બુચાંને આવા વરશાદમાં ડાકટરને તાંહ લઇ ગઇ તેથી ભીંજાયો કે શું તે તાપ ચહડી આવીછ! આયાએ મને ટેલીફોન કીધો તેથી હું આયો! જા હવે બુચા આગળ જા."

"જુવોની મારી ૨૦) રૂપ્યાની સાડી રદ થઇ ગેઇ તે! ને બીજું, કેપ્પસરૂ, ગીરદીમાં મારા ગંજ્નમાંથી કોઇએ મારી પાકીટ બુક કાહાડી લીધીછ. તેમાં આસરે ૬૫) રૂપ્યા ઉતા. જરા તમે પોલીસને ખબર કરજો હો! ને જરા મીસતરીને કેહો મારે સારૂ ચાહ બનાવી આપે!"

"ચાહ કહાંથી બનાવી આપે? મેં આવીને માગી તો કેહજે ઘરમાં ચાહ મુદલ ખલાસ થઇછ. બાઇ સેલમાં જવાની ગરબરમાં બીજી મંગાવતાં ભુલી ગયાંછ."

બુચાની તાપ બીજે દીને ઘણી વધી ગઇ અને ઘણો ગભરાટ થયો. બુચો આટલો સીક પડી ગયો, ડાકટરના ૩-૪ ફેરાની ફીના પંદરેક રૂપીયા ઉડી ગયા, દવા પાછળ રૂપીયા બે ત્રણની ચોટલી થઇ, ૬૫) રૂપ્યા ચોરાઇ ગયા, ૨૦) રૂપ્યાની સાડી રદ થઇ, ગાડી ભાડાનાં સવા બે રૂપીયા ખરચાયા, ચાહ વગર તવલ્યાં!! અહ!—એ બધું શાને ખાતર! કલીયરનસ સેલમાંથી બધું સસ્તું ખરીદવાની ઉલટ ખાતર! અને આખા દીવસની જેહમત પછી સું ખરીદયું? રા વાર લેસનો કટકો તથા ચાર દબી તીલી! ઉગાળો ખરો કીધો!!

એ આજે સોરાબજીને થયુંછ શું ?

જુવાન ધણીઆણી એક સોફા ઉપર દલગીર ચેહરે બેઠાં છે. એક હાથમાં વાચવાનું ચોપાન્યું તથા બીજા હાથમા પોતાના કાપડીયાનો ૨૯૦) રૂપીઆનો આંકડો પકડયો છે. પાસેજ એક નાની લખવાની ટેબલ આગળ ધણીજી ખીજાયલા ચેહરા સાથે કાંઇ લખવામાં રોકાયલા છે. શીરીન બડબડવા લાગી.

"મુવો એ તે કાંઇ જુલમ છે ? ધણીયાણીના કાપડાંના આંકરા વર નહીં ચુકવે તો બીજું કોણ ? એકબી ગામમાં એવો કોઇ વર બતાવો કે જે મુગે મોહને બઇરીનાં બીલ ચુકવતો હોય ! ૨૯૦) રૂપ્યા કાંઇ ઘણા છે? તમે ઘણાજ કંજુસ છેઓ, સોરાબજી !"

સોહેરાબજી-મુગી મર એકદમ. રાનને કાંઇ આળસ આવી, જઇને ૨૯૦) રૂપ્યા ભોર કરી આવી તે ! ખાડો મુંડીનાં કાપડાં કબાટમાં ભરયાંછ ને બીજું શું ધુર મુકવા હોરી લાવી ? બસ ખીસી જા અહીંથી, હું રૂપ્યા નથીજ આપવાનો !

આવી રીતે ધણીઆણીને ઝરકાટી ખુબ ગુસ્સામાં સોહેરાબજીએ લખવા માંડયું, શીરીન નાસીપાસી તથા ચીડને મારે તકીયામાં માથું દાબી ડુસ્કે ડુસ્કે રડવા લાગી.

* * *

"શું છે મારી વાહલી શીરીન, એમ રરેછ કાંય ?

આએ ચોપાન્યામાં કંજુસ. ચાતળી વરનો ચીતાર આપ્યોછ તે વાંચી તું મારા સાથે સરખામણી કરેછ? યાદ રાખ કે બધાજ વરો કાંઇ એક સરખા હોય નહીં. જો, કાલના ન્યુસને માટેની મારી છેલ્લી આરટીકલ પુરી થઇ. હવે મને ફરસુદ છે તેથી કાલે આપરે બે જણા સાથે દુકાનપર જઇ તુને જેબી જોઇતું હોસે તે સાથે ખરીદશું. સમજી, ચાલ હવે દલગીર ના થા.” સોહોરાબજી બોલ્યા.

શીરીન—પણ હમણા તો તમે મને ધમકાવતા'તા ને એટલા વારમાં એમ ડાહયા કેમ થઇ ગીયા? મરૂંરે સોરાબજી, તમે કેવા મજાના છેઓ? મારી પર ગુસ્સે તો નથીની? આએ ૨૯૦) રૂપ્યા ચુકવશો કેની?

સોરાબ—હારે મારી ડારલીંગ, તારા જેવી એક ખુબસુરત બઇરીને એટલા કપડાં કેમ બસ થાય? ચાલ ઉઠ આપરે હમણાજ જઇએ.

શીરીન—(ભેશાન્યાની દુકાન પર) જો આએ સાડી ૫૦) રૂપ્યાની છે તમે કેહો તો લેવું, સોરાબજી.

સોરાબ—અરે એ શું? કાંઇ વધારે મોંઘી નથી કે?

શીરીન—વધારે મોંઘી? આજે તમે એટલા બધા સખી કેમ થઇ ગીયા? ત્યારે આએ કસબી બાદલા ભરેલી ૭૫) રૂપ્યાની છે તે લેવું?

સોરાબ—હા, એ મજાની તારા મોહડાં પર ખુલશે. ચાલ બદીયાનને સારૂં કાંઇ મજાનું કપડું હોય તો જોની. પરમ દાહડે ઇવનીંગ પાર્ટીમાં જવાનું તે યાદ છે કે? તેટલાં દરજી પાસે ઘણુંજ એસ્કી બદીયાન સીવાડી લેજે હં!

શીરીન—ઓ હું અથી મરી જાઉરે તમારી પરથી, મારા સોલી ! આએ ૧૫) રૂપ્યે ગજનું શીફોન છે તે લેવું છ.

સોરાબ—હા, ને બીજું બી કાંઇ ઘણું સરસ હોય તો તેબી લઇ લે, આવતા મહીનામાં તમારૂં વરસ છે તેને સારૂં બી જોઇશે. જુવો બા, (મી૦ ભેશાનીયાને) તમે કાંઇ પઇસાની વાત ના કરતા. અં કે! સહુથી સરસ કપડ મારી બઇરીને દેખાડજો.

આવી રીતનો તદન ઉલટાયલો મામલો જોઇ શીરીન હરખને મારે તદન બેખાખરા જેવી થઇ ગઇ. તેવામાં સોરાબજીએ યાદ આપી, "હાજો શીરીન, ચાલ હવે પરમ દાહાડાની પાર્ટીને સારૂં તારી પાસે સોજાં બુટ છે કે? નહીં તો આએ પાસેજ, લેડલોની દુકાન પરથી લઇએ."

લેડલોની દુકાન ઉપર ગયાં. જયાં જાત જાતનાં બુટો-માંથી કયાં પસંદ કરવા તે માટે શીરીન વીચારમાં ઉભી હતી તેટલાં સોરાબજીએ મુશકેલી દુર કીધી "શું જોયા કરેછ? બે ચાર જોડી સામટી લઇ લેજે હં! ને પઇસા બચાવવા હલકાં ના લેતી, જેટલાં સસ્તાં તેટલાં જલદી ફાટી જશે તેથી ઉંચામાં ઉંચા મેકરના લેજે."

"વારૂં વારૂં. આએ જોડી કેવી શોભીતી છે! પણ તેના ૧૮) રૂપ્યા માંડયાછ. ઘણાં મોંઘાં છે!" શીરીન આનાકાની કરવા લાગી.

"તુંને કહયુંની કે તું પઇસાને ના હઇયે ધરયા કર, બસ તુંને શોખ થયો તો લે, પઇસા આપનારો હું છેવું—તું નહીં. આએબી એક જોડી ફરવા પહેરવા લે. મારી બઇરીને હું

હાલહવાલ જેવી ફરતી જોવા રાજી નથી. ને વરી તારા જેવી સોહામણીને તો બધું સોજુંજ જોઇએ કાંઇ રૂમાલ, મોજાં જોઇએછ કે? અરે હા, તે દાહડે તું કેહતી'તીની કે મારી છત્રી ફાટી ગઇછ? જો આએ કેવી સરસ રૂપાના હાથાવાલી છતરી-ઓ અહીં છે."

પચીસ રૂપયાની રૂપાના હાથાવાલી રેશમી છતરી તેમજ બુટ, મોજાં, રૂમાલો વગેરેની આશરે ૧૦૦) રૂપ્યાની ખરીદી કરી તે લોક બાહેર પડયાં. શીરીનની આંખમાં ખુશાલીના આંસુ આવી ગયાં હતાં.

"ચાલ હવે તુંને કાંઇ મજાની જેવી જણસ અપાવું. તું પેહરશે તો મારોજ જીવ ખુશી થશે. તુંને શું ગમેછ? બ્રૉચ કે નેકલેસ કે વીટી?"

"આજે તો સોહોરાબજી ઘણો ખરચ થઇ ગીયો? ફરી-થી કોઇ વખત લઇશું," શીરીન બોલી તેના હંમેશના કંજુ-સ, સખત સોરાબજી આજે એકદમ એવા સખી કેમ થઈ ગયા તેની એને મુદલ સમજ પડતી ન હતી. હમેશાં પચીસ પચીસ રૂપ્યાને માટે તેવણ શીરીનને બુમ પડાવતા—અને જો કાંઇ કપડું ખરીદયું હોય તો તેને માટે બબે કલાક લેકચર શીરીનને સાંભળવુ પડતું! અને આજે આએ ફેરફાર!

"ઘણો ખરચ થઇ ગીયો? શું બોલેછ? ભેસાનયા, લેડલો મલીને હજી તો સાડી ત્રણસો રૂપ્યા થયા! મારી શીરૂ-ને ખાતર એટલો ખરચ શું બીસાદમાં? ચાલ આએ ખાનની દુકાન આવી. જુવો મી૦ ખાન, આએ મારી ધણીઆણીની સાલગરેહને સારૂં એવણને ભેટ આપવા મને કાંઇ એવી તો

નાહર નવી નવાઇની જાઉસ દેખાડો કે એનો જીવ બસ ખુશ થઇ જાય. એ તો મને ખરચ કરવા ના કેહછ પણ આપરે માટીડા પઇસા કોણને વાસ્તે કમાઇએછ? બચ્ચાં છોકરાંનેજ સારૂં કેની? ચાલ શીરીન તારે ગમે તે પસંદ કર."

"પેલો હીરાનો બ્રોચ મને ઘણો ગમેછ તે અપાવોછ? મારી પાસે એકજ છે."

"હા, એ યેસ, લાવો મી૦ ખાન, એ મને હમણાજ આપો ને કાલે બીલ મોકલજો. લાવ, હમણાજ તુને પેહરાઉં."

આ પછી બીજી થોડીક પરચુટણ ખરીદી કરી તેઓ બાહેર પડયા અને ઘર આવ્યા. ઘરમાં જતાંને વાર શીરીનથી થોભાયું નહીં.

"ઓ સોહોરાબજી, આજે મને તમારી પર કેવું હેત આવેછ? લોકોનાં બઇરાંઓ કાંય પોતાના હીરા ધણીઓને નામે બબડતાં હોશે! નકામા તે લોકને બદનામ કરેછ સોહોરાબ, જાણે એવું થાયછ કે તમુને દાબીને કોટી કરૂં!"

* * * *

સોરાબ—પણ શું થયું શીરીન? ઉંઘ આવતી હોય તો ઉપર જઇને ઓરડામાં કાંય નહી ઘોટાતી? તાહરની અરધો કલાક થયો કોચ પર સુઇ, ઊંઘમાં બબડેછ ને હસેછ, ને બધો તકીયાને દાબીને ડુચો પુચો કરી નાખ્યો! તું એમ અહી પડીને બકરવકર કરીયા કરે તાહરે હું આરટીકલ કેમ લખું? એક તો મારૂં ભેજું માથું ચરી આયુંછને! ઉઠ, અહીંથી એકદમ લે આએ તારાં ૨૯૦) રૂપ્યાના બીલને લઇ જઇને ચુલામાં નાખ!

શીરીન આએ તરાગે સાંભલી ઉંઘમાંથી એકદમ ભડકીને ઉઠી એ નાસીપાસી! બેશાનયા. લેડલો તથા ખાનની દુકાન ઉપરની ખરીદી તો કેડી ગરીબ બીચારી શીરીને ઉંઘમાંજ કીધી હતી. તેણી રડતાં રડતાં ત્યાંજ ઉંઘાઇ ગઇ હત અને ઉપલો ખુશ સ્વપનો જોઇ હરખને મારે ટકીયાને ખુબ તરેહથી દાબીને ડુચો કીધો હતો. સોરાબજીમાં એકદમ આવો ફેરફાર કેમ થઇ ગયો તે હવેજ તેણીને સમજ પડી.

પાહલી એક દીવસે પોતાના દોસ્તદાર બેહલીને મળવા ગયો. જઇને જોયછે તો બેહલી ઘોલ્યાપર તદન ચત્તો સુઇને કાંસતો હતો.

"શું છે બેહલી? કાંઇ સીક છે કે?"

"પાહલી, હવે શું કરૂં? તું પેલા સોલી સીકંદરને ઓરખેછની? તેની સાથે આજે મેં દસ રૂપ્યાની સરત મારી કે હું એક ઇંડું આખું કોટલું ભાંજ્યા વગર એમનું એમ ગળી જાઉં."

"પછી, તું સરત હારી ગીયો?"

"અરે નહીંરે, સરત તો જીત્યો. મેં ઇંડું તો આખું ગંયું."

"વારૂં ત્યારે એટલો બધો કાંસેછ કાય!"

"તો જોની હું જો જરાબી હીલશ તો અંદર ઇંડું ભાંગી જઇ તેના કોટળાં બધાં મને ભોકાશે! અરરરરર."

"અરે પણ, ત્યારે હીલ ના, બસ મુંગો મુંગો ગગરી રેહ"

"ઇડીયટ! હીલ્યા વગર બસ ચત્તો સુઇ રેહવશ તો પેટમાંની ગરમીથી ઇંડું સેહવાઇને પીલું બંધાશે તો? પછી તે પેટમાં અહીં તહીં દોડીને મને પોતાની ચાંચ ભોકશે તો! ઓ! ઓ! ઓઓઓ!"

વગર તેડાંનો પહરાણો !

શેઠ ધનજીશાહ મોટાશેઠનો બગીચો તથા તેમાંનો મસ મોટો મહેલ જેવો બંગલો ઘણોજ જોવા લાયક હતો. બંગલાનું ફરનીચર ઘણુંજ ઉમદા અને મોઘું દાટ હતું, બગીચો જાત જાતના ફળ ફળાદીવાળાં ઝાડોથી ભરપુર અને ઘણોજ સુંદર અને મોટો હતો એવી એવી વાતો લોકોને કાને પડતી હતી પણ કોઇએ તે બગીચાની અંદર ખુદ દાખલ થઇ નજરે જોયું નહતું, કેમજે તે બગીચાના માલેક શેઠ ધનજીશાહ કાંઇ અજબ ખવાસના માણસ હતા. ઘણાજ એકમારગી પણ પાજી સ્વભાવના તેવણ કહેવાતા હતા. આવા મોટા ધંધાર જેવા જેવા બંગલામાં તદન એખલા રહેતા, કોઇને મળવું ભેટવું નહીં, બાહેર ફરવું નહીં એવા કાંઇ ઓર તરાંહના હતા. બગીચાની બાહેરનો મોટો લોખંડી દરવાજો સદા બંધ રેહતો અને "કોઇએ રજા વગર દાખલ થવું નહીં" એવું મોટું પાટીયું તે પર લટકાવેલું હતું. કોઇએ ધનજીશાહને નજરે દીઠા ન હતા અને કોઇ તેવણને અથવા તેવણના બંગલાને જોવા અંદર ફટકવાની હીમતજ કરતું નહીં

હવે બે ચાર દોસ્તદારોએ એક વખત સરત લગાવી. તેમાંના એક જણ નામે શાપુરજી સક્કરગંદેરીએ રૂપીઆ પાનસોની સરત બકી. બે દીવસમાં તે બગીચાની અંદર દાખલ થઇ તેમજ બંગલો પણ આખો જોઇને વગર હરકતે પાછા બાહેર આવવાનું તેવણે માથે લીધું.

બીજે દીવસે પોતાની સરત મુજબ શાપુરજી આ બગીચા તરફ

ચાલ્યા. મોટો દરવાજો તો બંધ હતો, પણ તેવણે ઘણીજ મોટી ખુશાલી વચે એક નાહનો લાકડાનો સાઇડનો દરવાજો ખુલ્લો જોયો. એ ધડક તેવણ અંદર ઘુસ્યા. આહ! શું તે બગીચો! જાત જાતના ફળોથી ભરાયલા ઝાડોની તેવણના માથા ઉપર ઘટા લાગી હતી. અને તે દરેક ઉપર પાકાં ફળો લચી રહયાં હતાં. નાહના નાહના રેતીના ફુટપાથો, સુંદર કયારાઓ અને તરેહવાર મારબલના સફેદ પુતલાંઓથી ભરેલો આ બાગ નીહાલતા તેવણ આગળ વધ્યા. જરાક આગળ જતાં એક કયારા આગળ એક બુઢો પારસી સદરા અને બદીયાન ઉપરજ કાંઇ કામ કરતો તેવણને મલ્યો. દેખઇતો તે આ બાગનો રખેવાલ હતો. તે શાપુરજીને પોતાની સામે ઉભેલા જોઇ લગાર અજાયબીથી તેવણ ગમ ટીકવા લાગ્યો. સાપુરજીએ સલામ કીધી અને પછી બોલ્યા, "કેમ દોસ્ત, મેં સાંભલ્યું કે આએ બાગ ઘણોજ સુંદર છે?"

"હુંદર તો છેત તો? પણ તમે અંદર કેમ આઇવા? ધનજીહા હેઠનો હુકમ છે કે અંદર કોઇને આવવા દેવો નહીં," તેણે જવાબ આપ્યો. તે પણ કાંઈ પોતના શેઠનાજ જેવા કડક મીજાજનો દીસ્તો હતો. પણ શાપુરજી કાંઇ એવા મીજાજથી ડરે કે? જાણે તે રખેવાલના કેવાક દોસ્ત હોય તેમ હસીને પોતાના ગજવામાથી એક રૂપ્યો કહાડી શાપુરજીએ તેના હાથમાં મુકયો અને પછી બોલ્યા. "હવે તું એ ગજવામાં સેરવી દે. મને કાંહ ધનજીશાહ શેઠ જોવા આવવાના છે? જોઉછ તો બચ્ચા, મને આએ તારા બાગમાં બધે ફેરવીને દેખાડ તો જતી વખતે બીજો રૂપ્યો આપશ."

પૈસા આ દુન્યામાં શું કામ નથી કરતા? ખચીતજ તે રૂપ્યાની કાંઈ કરામત ચાલી અને પેલો રખેવાલ પારસી શાપુરજીને બગીચો દેખાડવા તૈયાર થયો. બાગ જોઈને શાપુરજીએ વાહ વાહ કીધું, દમ બાંધીને પેર ને સ્ટ્રાબેરી ને કેરી વગેરેથી પોતાનું હોજરૂં ભર્યું. તરેહવાર સુંદર નાજુક ફુલો તોડીને ઝુમખો બનાવ્યો અને પોતાની આવી ફતેહ માટે મગરૂર તથા અજબ અજબ થઈ ગયા. જ્યારે તે રખેવાલની સાથે તે સુંદર મહેલની સીડી આગળ આવી પુગા ત્યારે તે ખુદાએતો હદજ કીધી. તે એકદમજ શાપુરજી ઉપર ખુશ થઈ ગયો હતો. બગલામાંથી ઘુમાઘુમ કરીને ચાર પાંચ નોકરોને બોલાવ્યા અને તુરતજ એક ઘણુંજ સ્વાદીષ્ટ ખાણું એ જણાને માટે તૈયાર કરવાનો હુકમ આપ્યો. હવે તો શાપુરજીની અજાયબીનો પાર રહયો નહીં. જે બગીચામાં દાખલ થવાનોબી કોઈને હુકમ નહીં ત્યાં શાપુરજી જઈને આવી મજાહ મારવા પડ્યા! હવે વધારે શું જોઈએ? પોતાના દોસ્તદારો આગળ એ બધી વાત ફિકરમાઈથી કરવાની કેવી મજાહ પડશે તે વીચારમાં તેવણ હરખાતા હતા.

" એઈ, તું મને અંદર લઈ જાયછ તો ખરો, પણ પેલો તારો ડોકરો જીવ પછારશેની?" તેવણ જરાક તરખાઈને પુછ્યું.

"તમે ડોકરો કહી કોણને શારૂ પુછોછઓ?"

"કોણ વરી તારો પેલો ચકાસેલો ધાંખરો શેઠજતો."

"નહીં, કાંઇ નહીં, બીહોના, આ—નહીં જીવ પછારે! કદાચ તમે જાણતા નહીં હોશો પણ તે ડોકરો, યા ચકાસેલો ધાંખરો

ધનજીશાહ હું પોતેજ છેવું!" પેલા રખેવાલે હંડે પેરે કહ્યું.

શાપુરજી તો ગભરાટ અને અજાયબીને મારે સાવજ જેવા બની ગયા. શું બોલવું અને શું કરવું તેબી સમજ પડે નહીં. આએ ધનજીશાહ પોતે! તેવણ તો કોઇને દાખલજ નહીં થવા દેતા હતા ત્યારે શાપુરજીપર કેમ એકાએક ખુશ થઇ ગયા? શું શાપુરજી ઘણાજ ખુબસુરત હતા તેથી તેવણ મોહી પડયા હશે? કે શાપુરજીની નફ્ટાઇપર કુરબાન થયા હશે? વળી પેલો રૂપેયા દપ દઇને ખીસામાં મુકયો તેનું કારણ શું?

"માફ કરજો હું સાહેબ, હું તમો—અરે સાહેબને કેહું-જે—મકુંજે—મુદ્દલ———" તેવણ તતપપ કરવા લાગ્યા અને પછી મુગે મ્હોડે તે શેઠની પછવાડે અંદર બંગલામાં ગયા. બગીચા કરતાં ચાર ચાસણી સરસ બંગલો હતો. તેનુ ફરનીચર, ઉમદા કારીગીરી, વગેરે જોતાં જોતાં શાપુરજીનું પેટબી ભરાઇ ગયું. પણ એ સરવેને ટક્કર મારે એવું તો રાતનું ખાણું હતું. સાત વાગે બતી થયા પછી સ્વાદીષ્ટ ખાણાઓથી ભરપુર ટેબલ ઉપર શાપુરજી ધનજીશાહ શેઠ શાથે જમવા બેઠા. વાહ! શું તે ખાણું! શું અંકેકો નાદર શરાબ! કાલે જયારે ઘર જઇ પોતાના દોસ્તો આગળ એ બધી વાત કરશે ત્યારે તે લોક કેવી અદેખાઇ કરશે! શાપુરજીનું નસીબ આજે ફાટું હતું. ખુબ તરેહથી ખાણાને ઇનસાફ આપ્યા પછી અને દમ બાંધીને મફતના મલેલા દારૂનું સત્યાનાશ વાલી રહ્યા પછી શાપુરજી વીચારવા લાગ્યા કે "હવે સુવાનુબી કદાચ અહીંજ મળશે હું બચ્ચા! જેવુ ખાવા પીવાનું તેવુંજ નાદર બીછાણુંબી હોશે, એટલે ગમતજ ગમત!"

તેઓ જમી રહ્યા પછી શાપુરજીની મોટી અજાયબી વચ્ચે બંગલામાંની વીજલીની લાઇટ એકદમ બુજાઇ ગઇ. બધે અંધારૂં ભીત થઈ ગયું. ધનજીશાહ શેઠે ઉઠીને પોતાના નોકર જે એક નાહનું હાથનું ફાણસ લઇને ઉભો હતો તેની સાથે ચાંલવા માંડ્યું.

"શું સાહેબ, તમે કાંહ-અરે મકું જે તમે સુવા—અરે પોહરી જાઓછ?" શાપુરજીએ પુછ્યું.

"હા, વરી સુવા નહીં જાય તો બેસીને શું માખ મારે?" ધનજીશાહે મીજાજ માંજ કહ્યું.

"તાહરે સાહેબ—હું—તે—હું—"

"તમે? શું તમે! તમે તમારે ગમે તાંહ જાઓ, બા! મને શું કેહોછે? તમુને મારૂં માણસ બંગલાના ઓટલાવેર મુકી આવશે. પછી જો સાંભલીને ઘેર જજો હું, બા! તમે સાહેબ વગર તેડે, વગર કહેવે, વગર નોટીસે, તમારી રાજી ખુશીથી—પણ મારી રજા—વગર આએ બંગલામાં દાખલ થવાનો રસ્તો શોધી કહાડયો, તો હવે તમેજ તમારે ગમે તેમ બંગલાની બાહેર જવાનો રસ્તો પાછો સોધી લેજો, બા! બંગલાની સીડીથી બાહેરનો મોટો દરવાજો કાંઇ ઘણો લાંબો નથી, ફકત પોણો માઇલ છે? અને તેમાં આડા તીડા ઝાડીથી ભરાયલા નાહના નાહના ચાલવાના ફુટપાથોબી કાંઇજ ઘણા નથી, ફકત પચાસેક છે. અને બાગમાં હું ચોકી કરવા આખી આખી રાત ફકત છ મોટા વીક્રાળ કુતરાઓ છુંટા ફરતા રખાઉંછ કે અહીં જરાબી કોઈ બાહેરનું માણસ ચોરી છુંપીથી અંદર આવેછ તેને તેઓ ફકત ગલચીમાંથીજ ધરીને ત્યાંનો ત્યાંજ

પોંહતો કરી મુકેછ! ફરીથી કોઇ દહાડે કોઇના ખાનગી બંગલામાં તેના ધણીની રજા અને ખુશી ઉપરાંત ધુસવાની નફ્ટાઇ કરતા ના, બા! અને તે ધણીનુંજ ખાઇપીને ઉપરથી તેને ડોકરો ધાંખરો વગેરે વીશેશણો લગાડવાની શેખી કરતા ના! ચાલો, સાહેબ મહેરબાન બા!"

આમ બોલી મોટા શેઠતો રોહસામાંજ પોતાના નોકર સાથે માળ ઉપર ચહડી ગયા. એક બીજા નોકરે આવી તદન અંધારામાં બેસી રહેલા શાપુરજીને તેવણની પાઘડી છતરી લાવી આપી અને તેવણને લઇ જઇને બંગલાની બાહેર સીડી આગળ મુકી આવ્યો. પછી તેવણને બાહેર અંધારામાંજ એખલા નાખી બંગલાનું બારણું જોરથી અંદરથી બંધ કરી દીધું. શાપુરજીતો ત્યાંજ ઉભા રહી બીહક અને તાહડને મારે ધરધર ધ્રુજવા લાગ્યા. એ એકદમ બધો મામલો ઉંધો કેમ થઇ ગીયો? ધાખરાએ એકદમ પહેલાં ધરંપરાં કરીને એકદમ છેલ્લી ઘડીએ રખડાવી માર્યાં! હવે બાહેર કેમ નીકળવું તે એક મોટો સવાલ હતો, કેમજે બારણું જોરથી બંધ થવાના અવાજથીજ બાગમાના કુતરાઓએ ભોસવા માંડયું હતું. તે નાપાકોની વચ્ચેથી ઝાડી ઝાંખરાં અને આડા અવળા રસ્તાપરથી દરવાજા આગળ જવું એ મોહતના ડાચાંમાજ સીધા જવા બરાબર હતું. એટલે તેવણ અંતે હાંકીને ત્યાંની સીડી આગળજ એક મોટાં ઝાડના દડને અઢેલીને બેઠા અને આખી રાત તેવીજ અકરવકરમાં ઉંઘ વગરની કહાડી સહવારના પોહરમાં સકારેથી ઉઠીને બાહેર નીકળી ગયા. પણ આખી રાત ઉંઘાડામાં હારમાં બેસી રહેવાથી બીજે દીને તાપે પડયા. અને પંદર દીવસે બીછાણા પરથી ઉઠીને પોતાના ફ્રેન્ડો આગળ શું ડફાંસ મારી તેતો તેવણજ જાણે.

ડોસો મરેરે પાછલી રાતના!!

ખરો મામલો ના૦—૧



આંખ આડા કાન કર્યા વગર તમે પોતેજ જુવો!

સઉથી બીચારો દુબળો, પાતળ્યો મજુરડો ભોંય ઉપર ઉભો છે. તેની ખાંધ ઉપર મજેનો કુંબા જેવો અનાજ વાળો ચઢી બેઠો છે. એ અનાજવાળાનો હાથ ક્યાં છે તે જુવો! મતલબ મોંઘવારીનો બાહુ પેલા કરભરનાર પર લાંબેલો છે. અનાજ વાળાની પીઠપર ખુશાલ હસતે!—અને તેના ખીસામાં મજેહથી હાથ નાખતા કોણ અરીમ ધરીમ ચઢી બેઠેલો છે?—ઘરવાળો! ઘરના ભાંડાં ચઢી ગયાં છે.

પણ—એ ઘરવાળાનોબી શું દોષ કહાડશો? તેની ખાંધ પર સરકારી અમલદાર (કર માંગનાર) મજેહથી ચઢી બેસીને તેના ગજવામાં હાથ નાખી રહયો છે!

(વધુ માટે જુવો પાસેનો સફો.)

ખરો મામલો નં૦–૨ (ચાલુ.)



બેશક! આપણા લોકને એક મામલો તેના ખરાં રૂપમાં જોતાં આવડતોજ નથી. એક વધુ દાખલા તરીકે તમે હાઇ કોર્ટમાં કે સ્મોલકોઝ કોરટમાં મહીનાઓ સુધી મુકદમા લડો છોઃ હવે તેને તેના ઉઘાડા સ્વરૂપમાં રજુ કરો તો શું મામલો નજરે પડે? જુવો—આય આવો! તમે સામસામી લડી વઢીને ખોખરા થઇ જાવો છો ત્યારે તે ગડબડમાં તમારા બેઉના ખીસાંમાં મજેહથી હાથ ઘાલીને તમારી બેવકુફાઇ પર હસનારો તમારો સોલીસીટર કે તમારો બારીસ્ટર યા વકીલજ છે!

હા એમ છે! આજના મામલાઓને તેના ઉઘાડા સ્વરૂપમાં રજુ કરો તો પછી લાંબી લચક એડીટોરીયલોના કાંઇજ જરૂર નથી.

કાવસ કોપરબરાસ બેંડસ્ટેન્ડ પર બેંડ સાંભળતી વખત એકેકા કેવા દેખાવો કરે છે !

સત્યાનાશ ગયો બડો મ્યુઝીકલ મુવેયો છે-અને એક ફરેં-ચમેનની કાની "ડેમનસ્ત્રેટીવ" બી ઘણોજ છે. બસ સ્યાન સલુંકે ગુપચુપ તો બેંડ એનાથી સંભળાતુંજ નથી !! જરા જુવો-





નંબર ૧.

૧—માર્ચ વાગે છે ત્યારે આય એમ હલામ હોપ મીલીટરી ધપમાં બસ ઉભો રેહે છે ! હવે એને કોણ સમજાવે ?

નંબર ૨.

૨—કાંઇ ઘણોજ ગંભીર ધીરો રાગ વાગે છે ત્યારે નમોદ ગયો કાંઇ આય એમ ઘેલાં કાઢીને ધીસો ધય થઇ જાય છે !

(વધુ માટે જુવો પાસેનો સફો.)

એક વખતે કાવસ કોપરબરાસના દેખાવો (ચાલુ.)



૩—કેક વૉક વાગે છે ત્યારે આપ એમ હુસ્સાની કાની કેક વોક ડેન્સ કરી મરે છે. જરા અડગરો લાધી તો ખરીજ !

નંબર ૩.



નંબર ૪.

૪—કોઈ દીલ ઉશ્કેરનારો ફ્રેનટાઝીયા વાગે છે ત્યારે આપ એમ મદદને જાણે મસ્તકપર ખુનનો જોસ્સો ચઢી આવે છે.



૫—અને જ્યારે કંઇ માહેકો હડો વોલ્ઝ વાગે છે ત્યારે આપ એમ ઘેલાં ગધેરાંની કાની વોલ્ઝનાં 'સ્ટેપ્સ' લેવા માંડે છે.

નંબર ૫.

મેત્રીમોનીયલ સ્પેશીયલ-શોર્ટ.

જાહેર ખબર--(ફોટો સાથે)



શાદી—એક ઉછળતી પારસી બાનુ-ઉમર ૬૧-કોઇ સારા "રીફોરમર" કલાસના સપુત સાથ શાદીનાં ગાંઠથી જોડાઇ પેલાં ગુલાબી "જામે"ને બોયકોટ કરાવવા સારૂ પાઉં પ્યાદી ઘરેઘર જવા એક પગે તઇયાર છે. ઉમેદવાર છોકરાની વીમાની પાલીસી પહેલાં બતાવવી પડશે. પત્ર વ્યહવાર "ધી ક્યરાપત" ન્યુસપેપરના પાછલી રાતના સપલીમેંટમાં સદાબરો પ્રગટ કરાવવામાં આવશે. આ પરણવા માગતી કન્યા ઘણાજ સુધરેલા વીચારની છે અને મોટરમાં જે તેણીનો ધણી ફેરવશે તો માથાંપર સુધરેલી પારસણોની કાની "વેલ" (veil) નાખવાની કબુલાત આપે છે દોખમાંના ખ્યાલથી તેણી હરદમ કમકમે છે-અને તેણી-ક્રીમેટોરીયમની મોટી હીમાયતણ છે. એટલા માટે બ્લુ બ્લડવાળા, એરીસ્ટોક્રાટીક, ઉચા ખાનદાનના, સુધરેલા, કોઇ ઉમેદવારનેજ તેણી પહેલી પસંદગી આપશે. મીસ મંગુસબાઇ મલાર્હાને "પીજામ"ના કેરમાં લખવું.

(વધુ માટે જુવો પાસેનો સફો.)


મેટ્રીમોનીયલ સ્પેશીયલ-શોર્ટ (ચાલુ.)

જાહેર ખબર-(ફોટો સાથે)



શાદી—એક જુવાન હસમુખી ૩૫ (હજાર)ને આશરેની કન્યાનું સગપણ તેણીના વાલી કોઇ લાયક ઘમગારયા હાંડામાસ્તર સાથ કરવા ઇચ્છે છે. આ બાનુ તદન કુમારી છે તેની જનમોનગીરી આપવામાં આવે છે—માત્ર એ વખત અતરાઇ જવા પછી કાજ તુટેલું છે. ઉમેદવારોએ ફોટોગ્રાફ મોકલવા. પત્ર વ્યહવાર પોસ્ટ કારડ પરજ કરવો. બેઉ આંખે મોતીયાવાળા કોઇ કુંવરેલા વીચારના અભણ ઉલ્લુ આરથોડોક્ષ અલાહીબાગ્યા ને વધુ પસંદ કરવામાં આવશે. "રૂપઇઆ" ને 'પીજામ'ના કેરમાં લખવું. (વધુ માટે જુવો સફા ૨૦૦ મો.)

મેત્રીમોનીયલ સ્પેશીયલ-શોર્ટ (ચાલુ.)
જાહેર ખબર-(ફોટો સાથે)



શાદી-એક ખાનદાની ખુબસુરત નવજુવાન પારસી બાનુ ભાશણ કર્તા કોઇ બરમુછીયા અને સુધરેલા વીચારવાળા એકટર સાથ પ્યારમાં પડી જવા જીવ સોકે બોલવીને ટીંગાઇ રહી છે. આ બાનુ ભાશાણ કરનારી છે, અને કામ પડે તો એક્ષસેલસીયોર ઠીએટરમાં હઝારોની ઠઠ સામે ઉભી રહીને પોતાના ધણીનું લખી આપેલું ભાશાણ પગ ઠોકી ઠોકીને વાંચી જવા કબુલાતથી બંધાય છે. ફકત સરત એ કે ભાષાણમાં "ઇન્જાર" બોલ કદીબી વાપડવો નહીં-કેમકે તેથી ભાઇ બમનજી કાબરાજીનો જીવ સુગાય છે. ઉમેદવારોએ સીલ કીધેલાં પરબીડામાં "સુખલાની શેહરાં" પર તુરત 'પીજામ' ની ફેરમાં લખવું. મરદોનો પારટ ભજવતા એકટરોએ તેમજ જે અકકલનાં બારદાનો 'જામે જમશેદ' રોજ વાંચતાં હોય તે લોક તસદી લેવી નહીં.

બુરૂં કરતાં ભલું થયું.

ગરીબ બીચારો રૂસ્તમ!

તે ઘણો ભલો હતો, હસમુખો હતો, પણ ખરાબ સંગતમાં ખુવાર થયલો હતો, ચોરી કરવામાં ચબરાક બન્યો હતો. ઉમરનો પચીશ વરસની હશે, પણ ઘરડા ડીટેકટીવોને થાપ આપી જતો, ભલા ભલા કોચીના સાહુકારોને રમાડી જતો, સફાઇથી ખુદ ડીટેકટીવનાં ગજવાં સાફ કરી આપતો, ચકોર ચશમવાળાઓની આંખ ઓળવી જતો.

રૂસ્તમ એક દહાડે એક ઇરાનીની દુકાનમાં ચાહ પીવા બેઠો હતો તેટલાં તેનો એક અસલનો જુનો મીત્ર મળી ગયો. તે મીત્રનું નામ દોરાબ હતું. રૂસ્તમ અને દોરાબ એક સ્કુલમાં શીખ્યા હતા અને એક વર્ગમાં ભણ્યા હતા. બંને વચ્ચે સ્કુલમાં અતી ઘણી ગાઢી મીત્રાચારી હતી અને બંને અભ્યાસમાં એક બીજાને મદદ કરતા હતા. વરસો સુધી સ્કૂલ અને કોલેજમાં સાથે રહેવા પછી તેઓ છુટા પડયા. દોરાબ પોતાના બાપીકા ધંધામાં પડયો અને વેપાર અર્થે બહાર ગામોમાં ફરવા લાગ્યો જ્યારે કમનશીબ રૂસ્તમનાં તકદીરે જુદીજ વગાણ લીધી અને તે બદીના ગારમાં ગબડતો ચાલ્યો.

બંને મીત્રો લાંબી મુદતે પાછા સામસામી થઇ ગયા, બંને ભેટયા અને એક બીજાના ખબર અંતર પુછવા લાગ્યા. જુની દોસ્તી તાજી થઇ અને જુના જુસ્સાએ ફરીને જોર માર્યું. દોરાબે પોતાની હકીકત કહી અને સેવટે જણાવ્યું—

"હું હમણા તો વાંદરે રેહુંછ, ત્યાં એક બંગલો લીધોછ ને મારૂં કુટુંબબી તાંહજ વસેછ. દરરોજ આફીસમાં મુંબઇ આવ જા કરૂંછ. હાલ તરત તો ખુદાતાલાની મહેરબાની છે, ને ગાડું ઠીક ગબડેછ."

"ત્યારે તું પરણ્યો કે દોરાબ?"

"નહીં, પરણ્યો તો નથી પણ હવે વીચાર છે. મારાં માયજીને બહુ હોંસ થયા કરેછ કે મને જલદી પરણાવવો."

આ વખતે ઇરાનીને પૈસા ચુકવી આપવા દોરાબે પોતાની સાથનો હેંડબેગ ઉંઘાડયો અને તેમાંથી પાકીટ કહાડી પૈસા આપ્યા. રૂસતમની ચંચલ ચસ્મે એક પળમાં જોઇ લીધું કે તે કોઠલામાં એક તરફ એક નોટનું બંદલ હતું અને જે પાકીટ દોરાબે ઉંઘાડી હતી તેમાં ઝક ઝક કરતી રોકડી ગીનીઓનો ઢગ હતો. તે પાકીટ પણ તે કોઠલામાંજ દોરાબે મુકી હતી.

"હવે તું કાંહ જશે?" રૂસતમે પુછ્યું.

"સ્ટેશન પર વાંદરે જવાનું છેની? આજે જલદી નીકલ્યોછ. જરા ઘરે કામ છે," દોરાબ બોલ્યો.

"મારેબી મહેમ જવાનું છે. ચાલ સાથેજ જઇએ."

બંને મીત્રો ચર્ચગેટના સ્ટેશન પર આવ્યા. વાંચનારને રોશન હશે તેમ ચર્ચગેટથી વાંદરા જતી ટરેનો સાંજ સવાર એટલી તો ભરાઇ જાય છે કે ઉભું રહેવાની જગ્યા પણ કોઇ વાર મલતી નથી. પણ બપોરને વખતે ઘણીક ટરેનના દબા ઓ ખાલી દોડે છે—તેમાં ફર્સ્ટ અને સેકંડ કલાસના દબાઓ ઘણું કરીને ખાલી રહે છે. આ મીત્રો બપોરને વખતે સ્ટેશન પર આવી પુગ્યા અને એક બીજા વર્ગની ગાડીમાં બેઠા. રૂસતમનું સઘળું ધક ધ્યાન દોરાબના કોથળીમાં ભરાયું હતું.

ટરેન ચાલી, તેમ બને વચ્ચે વાત ચીત પણ ચાલી. દાદરનું સ્ટેશન આવ્યું કે દોરાબ બોલ્યો: "એક મીનીટમાં હું આઉંછ. અહીંનો સ્ટેશન માસ્તર મારો સગો થાયછ ને તેની બઇરી સીક છે તે તેની ખબર પુછી આઉંછ. જરા કોથલો સંભાલજે."

"ઓલરાઇટ, પણ જલદી આવજે," રૂસતમે જવાબ દીધો.

હવે આ વખતે દાદરનાં સ્ટેશનનાં સામાં પલેટફોર્મ પર પણ એક ટરેન ઉભી હતી. સામી ટરેન ચાલવાની તઇયારીમાં હતી તે જોઈ આંખના પલકારામાં રૂસતમે પોતાના ગજવામાંથી રેલવે ગાડીની કળની કુંચી કહાડી, પોતાના દબાનું પલેટફોર્મની ઊલટી દશાનું બારણું ઉઘાડયું અને તરતજ બહાર નીકળી, તે બારણું બંધ કરી, મુંબઇ જતી ગાડીના એક ફર્સટ કલાસનું બારણું તેજ સફાઇથી ઉઘાડી અંદર તે બેસી ગયો. પેલો કોથલો તો અલબતાં તેણે પોતાની સાથેજ લીધો હતો.

* * *

ઉપલા બનાવને છ મહીના વહી ગયા. ચોરને પોટલે ધુળની ધુળ! રૂસતમ પેલો કોથલો તે માહેલા અવેજ સાથે ચોરી ગયો ખરો. પણ પાછો ખાખાતરખો ને ખાખાવરબોજ સોહરાયલો, સુકાયલો તે એક ત્રામ ગાડીમાં એક સહવારે બેઠેલો હતો. તે ગાડી વીકટોર્યા ગારડનસ તરફથી નીકળી કોટ તરફ આવતી હતી અને ગાડીમાં ગીરદી હતી. ખાસ તેણે ગીરદીવાલી ગાડીમાંજ બેઠક લીધી હતી કારણકે ગીરદી હોય તોજ કોઇના ગજવા કાતરવાનો હાથ ચાલાણનો ખેલ તે બજાવી શકે. એક પારસી બાનુ તેની પડોશમાં બેઠી હતી જેણીનો ચહેરો એવો રૂપાળો અને તાજગીભર્યો હતો કે જોનારની આં

અને ઠંડક વળે. તે બાઇની પાસે એક નાની હેંડ બેગ હતી, જેની ઉપર રૂસતમે નેમ ટાંકી હતી. આ કામ રૂસતમને માટે કાંઇ ઘણું અઘરૂં હતું નહીં. એક સપાટામાં તેણે તે કામ બજાવ્યું. તે બાઇનો કોથલો ગેપ થઇ ગયો તેમજ રૂસતમ પણ ગુમ થઇ ગયો.

તેજ દીવસે બપોરે બાર વાગે રૂસતમ એક રીફ્રેશમેંટ બારમાં દાખલ થયો અને એક ટેબલ આગળ બેઠો. બીજીજ પળે તેને કોઇએ પાછલથી ગલચીમાંથી પકડયો અને રૂસતમે પાછું ફરીને જોયું તો તેનો આગલો મીત્ર પણ તેના હાથપર કોથળાના બાબમાં થાપ ખાઇ ગયલો છેલ્લો સ્નેહી દોરાબ તેની નજરે પડયો.

"બચ્ચા હવે સપડાયો. મારી સાથે આવી ચાલ ચલાવી! હરામખોર! ચોરી કરતાં લાજ નથી આવતી! હેફ છે તારી પર! ધીકકાર છે તારી જાત પર!" દોરાબ બબાળ્યો.

"એટલે, તું શું કહેવા માગેછ!" રૂસતમે પુછ્યું.

"શું કહેવા માગુંછ! તું મને થાપ આપી ગીયો ને તે દહાડે મારો પૈસા ભરેલો કોથલો ચોરી ગીયો! હવે તું કાંહ છટકવાનો છે!" દોરાબ બહુ ઝનુનથી બોલ્યો અને બારના એક નોકરને કહ્યું. "જા દોડ, કોઇ સીપાઇ કે કાનસટેબલને બોલાવી લાવ; એ કંગાલને પકડવાઉં તોજ હું પારસી ખરો."

પેલો નોકર ફરમાવવા મુજબ દોડયો.

"દોરાબ, તું ગુસ્સે થયોછ, પણ મારે તુંને ખાનગીમાં એક વાત કહેવીછ. જો તું સાંભળે તો———"

"અરે જારે વાત કહેનારા? કોણને ઉડાવવા આયોછ? વરી ગાપ આપેછ કે!"

"નહીં," રૂસતમે દેરાબના કાનમાં કહ્યું: "તારી જરબાનુને માટે એક બે વાત કેહેવાની છે."

એકાએક દોરાબના ચેહેરા પર ફેરફાર થયો. તે ચોંકીને બોલ્યો: "શું? મારી જરબાનુને માટે!"

"હા, તારી જરબાનુને માટે અગતની વાત છે. સાંભલવીછ?"

"અંદર આવ. પેલા ઓરડામાં આવ," દોરાબ બોલ્યો, "મારે તે સાંભળવીછ. શું છે? મારે તે જાણવીછ."

બેઉ જણા માહેલા એક ઓરડામાં ગયા. ત્યાં બેસવા પછી રૂસતમ બોલ્યો: "તું જરબાનું સાથે અદરાયલો છે ને ગઈ રાતના જરબાનુ સાથે તું ફરવા ગીયો તો—"

"હા તે તેં કેમ જાણ્યું!"

"તું વચે ના બોલ હું કેહું તે સાંભળયા કર," રૂસતમે કહ્યું: "ફરતાં ફરતાં તમો બે વચે કાંઇ તકરાર થઇ ને તું ગુસ્સે થઇ તેણીને જંજેરીને ચાલી ગીયો. ઘરે જઇને તેં તેની ઉપર એક ઘણીજ સખત ભાશાંમાં કાગલ લખ્યો. તે કાગલમાં એવી ખરાબ ભાશા તેં વાપરી ને એવા કઢંગા બોલો જરબાનુને લાગુ પાડયા કે તે કોઇબી બાનુ સાંખે નહીં. તે કાગજ લખીને તેં ટપાલમાં રાતોરાતજ નાંખ્યો. હવે જરબાનુએ આજે સહવારે તારી ઉપર એક કાગલ લખયો જે આ રહયો."

એમ કહી જરબાનુએ લખેલો કાગલ રૂસતમે પોતાના ગજવામાંથી કહાડીને દોરાબના હાથમાં આપ્યો. તે કાગલ દોરાબે નીચે મુજબ વાંચ્યો:

મારા સદાના પ્યારા દીલોજાન દોલી.

પ્યારા, તું રાતનાં ગુસ્સે થઇને ચાલી ગીયો ત્યારથી મને ચેન પડતું નથી. રાતનાં મને ઉંઘ પણ આવી નહીં અને જમ્યા વના સુઇ ગઇ ને માયજી તથા બાવાજીને એટલુંજ કહ્યું કે મારૂં માથું દુખેછ. મારાં જીગર તું જરાબી ગુસ્સે થાયછ તો મારો જીવ બળી જાયછ, તુંને સેહેજબી દલગીરી લાગેછ તો મારૂં હૈડું ગમખાર બની જાયછ. રાતના કજયમાં કોણનો કસુર હતો તે જાણવાની યા તપાસવાની અગત નથી. કજીઆનું મહોડું કાળું થાય એજ આપણે દુવા ગુજારીશું. પ્યારા, મને આજે જરૂર મળજે અને તુંને એમ લાગતું હોય કે મારો કસુર છે તો તે માફ કરજે.

લા૦ હું છું તારી તાબેદાર, જરબાનુ.

રૂસતમે કહ્યું, "આ જરબાનુએ તારી ઉપર પત્ર લખ્યો. પણ તે ટપાલમાં નાંખ્યો નહી, કારણ કે કોટમાં આવીને તપાલમાં નાખવાનો કદાચ તેણીનો વીચાર હશે. પણ જરબાનુને તારો પત્ર પણ મળ્યો."

"હેં મળ્યો?" દોરાબઃ "યા ખુદા, તે પત્ર જરે નહીં વાંચ્યો હોય તો કેવું સારૂં? તે પત્ર લખતાં મારા હાથ કપાઇ કાંય નહીં ગીયા?"

"વારૂં તે પત્ર જરબાનુએ વાચ્યો નહી હોય અને તે પત્ર એમનો એમ હું તને લાવી આપું તો?"

"તો તું માગે તે આપું."

"મારે હાલ તરત એટલુંજ માગવું છે કે જે કાનસટેબલ મને પકડવા હમણા આવીને ઉભો છે તેને પાછો કહાર."

દોરાબ બહાર દોડયો અને કાનસટેબલ સાથે વાત કરી તેને બીજાં ત્રીજાં બાહણા દેખાડીને પાછો કહાડયો. તે પાછો આવ્યો ત્યારે દોરાબે ઉપર લખેલો પત્ર રૂસતમે તેના હાથમાં મુકયો.

"પણ પરબીડું ફાડીને કાગજ તો કોઇએ ઉખેડેલો છે. જરે એ વાંચ્યો હોશેજ," રૂસતમ રડમસ થઇને બોલ્યો.

"નહીં. મે ચોરી કરવામાં ઘણા માહાં કામ આજલગન કર્યાં છે પણ આજે ચોરી કરવામાં એક ભલું કામ મારે હાથે થઇ ગીયું છે. આજે સહવારે ટ્રામ ગાડીમાં હું એક અતીઘણી ખુબસુરત ને જવાન પારસી બાઇની પાસે બેઠો'તો ને તેણીનો કોથળો ચોરી ગયો. તે કોથળો તપાસતાં માહેથી થોડા ઘણા પૈસા નીકળ્યા પણ સાથે લાગાં આ બે કાગલો મલ્યાં એક કાગલ જરે પોતે લખેલું હતું ને બીજું કાગલ તારૂં જર પર લખેલું બીડેલુંજ હતું. જર ઘરમાંથી બહાર નીકળતી હોશે, ત્યારે તેને ટપાલના સીપાઇએ તે કાગલ આપ્યું હોશે અને તેને એમનું એમજ કોથળામાં મુકી દીધું હોશે."

"રૂસતમ, તેં મને આજે બચાવ્યો. તારો આભાર હું કેમ માનું?" રૂસતમનો હાથ પકડી દોરાબે પુછ્યું.

"મને બચાવ, જેમ તું બચ્યો તેમ મને બચાવ!" રૂસતમ કરગરીને બોલ્યો, "મને પ્રમાણીક બનાવ, મને બદીથી દૂર કર, મને સુધાર, મને ઉગાર."

" એ મારૂં કામ, " દોરાબે જવાબ દીધો.

રૂસતમમાં જે સારા ગુણનો અંશ હતો અને જેનો પજરતો આતશ ગુલ થઇ જવાની અણી ઉપર આવ્યો હતો તે આ બનાવથી પાછો તેજદાર થઇ આવ્યો અને દોરાબની મહેનત, કુનેહ અને કળાથી તે આતશનો ભભુકો એવો નીકળયો કે તેની ઝાળમાં બદીના ગુણો બળી ગયા.

એક ભુડું કામ કરવા જતાં રૂસતમથી એક ભલું કામ થયું હતું અને એક પ્યાર ભર્યું વફાદાર જોડું સદાનું છુટું પડી જતાં તેને હાથે આડકત્રી રીતે અટકયું હતું. દોરાબ અને જરબાનુનાં લગન થયાં અને તે પછી થોડોજ વખતમાં રૂસતમ દોરાબની જંગબાર ખાતેની પહેડી પર ગયો અને ત્યાં વરસો ગુજારી, આગળી રીતભાત અને વરતણુંક ભુલી એક નવોજ માણસ થઇ પાછો ફર્યો.

દોરાબ—ગયે અઠવાડયે મારો ઓવરકોટ કલબમાં કોઇ સાથે ભુલમાં બદલાઇ ગીયોછ.


સોરાબ—ગયે અઠવાડયે ? ત્યારે તો હજીબી મળશે. કોણ સાથે બદલાયો તેને શોધી કહાડની ?

દોરાબ—અરે પણ કાંઇ કારણ? તેને શોધવા જવાની મને ગરજ નથી. તેનો આખો ઓવરકોટ મારાં કરતાં વધારે નવો ને મોંઘો છે એટલે તેને સાત વખત ગરજ હશે તો મને શોધતો આવશે !

સુધારક પઝલ !

આ કાળા ટુકડાઓ ગોઠવીને એક પારસી "સુધારાવાલો" બનાવો—ઈનામઃ રૂપીયો એક રોકડો અને "પરસ્તાને ચકરમ" ની એક જુની નકલ.

રજીસ્ટર્ડ નંબર—૦૦૦૦૦૦



(આ પઝલની વીગત માટે જુવો સફે ૨૧૦)

સુધારક પઝલ–(ચાલુ)

હવે તમારે નીચે મુજબ કરવાનું છે,

૧. ઘણી સંભાળથી જામ ખોલવાની કુંચીથી બાજુપર કાલા આકારમાં છાપેલા પેલા સુમ્મોતેર ભાગો ઉખેડી કાઢો.

૨. એ કરવા પછી, તમારી મોરીના ચોતરા પર એ અઢાર કાપલા મુકી તમે જમવા સધાવો.

૩. આખુ પઝલ બરાબર ગોઠવવા માટે એ સઘલા ચોવીસે ચોવીસ કાપલાની ખાસ જરૂર છે. એ દરેક અકેક સાથે ચોંટાડવા જોઇએ, પણ કોઇ પણ કટકો યા કાપલો કોઇ પણ રીતે બીજા કોઇ કીકલાના કાકલાની કાટલી પર ચોંટી જવો જોઇએ નહિ.

૪, બધા એકત્રીસ કાપલાની જરૂર છે. એ માંહેલા લાલ ભાગપર ધ્યાન આપવાની જરૂર નથી. **તમારી કોશેશ છોડી દેતા ના. એ જરૂર બની શકે એવું છે. તમને કોલાબે ખસેડવામાં આવે ત્યાર પછી પણ કોશેશ ચાલુજ રાખજો.**

૫. પીજામ ખુદ ખાતરી આપે છે કે આએ પઝલ ઉકેલાવી શકાશે અને એક રૂપીયો રોકડો અને "પરસ્તાને–ચકરમ"ની એક જુની નકલનું ઇનામ હરીફાઇમાં આપી દેવાની ઉદાર 'આફર' આપે છે. તમારે એ ખરેજ જીતવા યોગ્ય છે.

૬. આ કાપલાઓ ગોઠવવાની ખરી રીતી એક કાર્ડ ઉપર લખીને સીલ કીધેલા પરબીડાંમાં ઠાણાની મેડ હાઉસના

હેડ વારડર પાસ 'ડીપાઝીટ' મેલી છે; અને પીજામે તે જરાબી ડોળે દીઠી નથી.

૭. વેજીટેરીયન અને ટેમપરન્સ સોસાયટીવાળાઓએ, રથેસ્તાર મંડલવાળાઓએ, ફુસલી સાલ મંડળવાળાઓએ અને ઇલ્મેક્ષનુમવાળા ગ્રહસ્થોએ મેહેરબાની કરી હરીફાઇ કરવી નહિ.

૮. તમારા આત્માને સંતોષ મલે એવી રીતે આ પઝલ ઉકેલાવી રહયા પછી, તમારાં ટાલકાંને આઇસમાં પેક કરી ડા૦ માસીનાને તેડી મંગાવવા.

૯. સઘલા જવાબો તા૦ ૩૧ મી જુન ૧૯૧૮ ને દિવસે ખોલવામાં આવશે. પણ જો તે અરસા સુધીમાં કોઇબી હરીફાઈ કરનાર બરોબર જવાબ વાળી શકયો નહિ હશે તો જવાબ લેવાનો વખત વધારીને તા૦ ૧ લી આગસ્ટ ૧૯૭૭ ઉપર લઇ જવામાં આવશે

૧૦. જો એક કરતાં વધારે હરીફાઇ કરનારાના જવાબો ખરા આવશે તો તેઓની મગજ શકતી વિષે શારો વિચાર "પ્રજા મીત્ર"માં એક ચર્ચાપત્ર રૂપે લખવામાં આવશે.

૧૧. ખરા જવાબો અને તે લખી મોકલનારાના નામ તે વખતના મુંબઇનાં માસીક ચોપાનયાંઓ (જો સલામત હશે તો)–તેમાં આપવામાં આવશે અને બીજે કદી પણ નહિજ.

૧૨. "દીલેઆરામ" ચોપાનયાના કાબેલ અધિપતીનો મી૦ રતનશાહ અચારયાનો ચુકાદો સેવટનો ગણાશે સિવાય કે ત્યાં સુધીમાં તેમનું પ્રખ્યાત માસીક વેચાઇ જાએ યાને બીજાના હાથમાં જાએ.

પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ!

[મારા પાડોશી મી૦ ખરશેદજી ખરીયામુડીની ખાસ ફેરમાસથી આ થોડીક લાઈનો મેં ચીત્રી કાહડી છે—પીજામ.]



(વધુ માટે જુવો પાસેનો સફો.)

ફરતાં તે આસ્માનનાં ચક્કર હેઠળ,
થયો આ બંદાને શાદીનો શોખ;
તારાની ચાલથી થઇ એકદમ પ્રબળ,
ને ઓળખી મેં ગળે એક દીલપઝીર તોક!
લાવ્યોછ હું ઉંચકી એક મનમોહક નાર—
ખુબસુરત, શેઆની,–(છે ઉંમર એકવીસ)—
પણ રદબાતલ સમજુંછ હું મારો સંસાર.
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ!

હા–સઉ વાતે હીરો છે મારી બૈયર;
તંદોરસ્ત, ઘર રાખુ, સદગુણી નેક—
છે મ્યુઝીકની શોખીન મુજ વાહલી જીગર;
(લાવીછ એ મહીરેથી પીઆનોબી એક!)
મુજ સુખનું હું તમને અહીં આપું કેમ માપ?
મુજ ઘર પર છે ઉતરેલી ખુદાઇ આશીષ!
પણ એકજ, આ, વાતનો છે મને સંતાપ—
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ!

આહ! પરણેલી જીંદગીનું સમજોછ શું સુખ?
રે જાણોછ શું દીલદારની મોહબતનો ગુણ?
જયાર માકી જાયછ મહીરે તો શું મારૂં દુખ!
થાયછ જુદાઇનો પેટમાં બસ જખમ જબુન!
પણ તુટેછ મુજ જીવપર એક આફતનો પાહાડ,
વગાડે છે બાઇસાબ જ્યારે પ્યાનો નો "પીસ"-
(છે ગાયનકળામાં રાન બડી ઉસ્તાદ)—
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ!

ખરેજ છું સુખી હું નસીબવંત નર,
કે હાથની ધરતી એવી રૂડી મળીછ;
એક તાબેદાર બૈરીથી દીપેછ મુજ ઘર—
ઉમેદ મારાં દીલની બસ પુરી ફળીછ.
મુજ માશુક વીન ચેન નથી–તમારા સમ!
મુજ નથી પડતું કાંઇ કલબ કે આરીસ.
પણ સર્વ મુજ સંતોષમાં એકજ છે ગમ–
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ !

છે સઉ વાતે ઉત્તમ મુજ આંખોનું નુર;
પણ એજ વાતે બાતલ છે—પ્રીય રશીક.
ચીચ્યારા પાડેછ એ અક્કલથી દુર—
ભયાનક—તીક્ષણ—કે લાગેછજ બીહીક !
પીઆનો પર બેસેછ જયાર ગાવાને કાજ,
બોલેછ જાણે કાનોમાં કસારાં ત્રીસ;
બે આંગળાંઓ ખોશીને અટકાઉછ અવાજ–
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ !

પડી મુજ પેટમાં, યાર, જબરદસ્ત ફાળ–
ધ્રુજયો કાંઇક ચીસોથી પાસેના રૂમ !
ધસ્યો હું હેબતાઇ ત્યાં કાઢવાને ભાળ—
"શું છે, ડીયર ? હમણા પાડી કાંય બુમ ?"
ચાલુજ રહી ઓઓઓ અને ઇઇની
ખેંચતાણ;
(લે શું કામ મીસીસ કંઇ મારી નોટીશ?)
થઇ લાગીછ એવી, દોસ્ત, જાથુક મોહકાણ—
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ !

દેછ મને લાડકી બસ એકજ જવાબ—
"છે ગાવાનું મારૂં તો કોનત્રાલ્ટો પીચ!"
(મ્યુઝીક છે મારે મન ઘાનસાખ કવાબ!)
જ્યાં છે ત્યાં પાડેછ એ કોહલાંની ખીચ!
જ્યારેબી થાયછ એને ગાયનની સુર—
ચઢેછ મને ટાલકથી પગ સુધી રીસ;
ઓહ! માથાંમાં ધટકા ને પેટમાં ગુરગુર—
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ!

નહીં જોતી અભાગણી સહવાર કે સાંજ—
ચીચ્યારા સુનતાંજ ઓ ભાગી જાયછ ભુખ!
કરૂંછ ગમે તેવીબી કાંસ કે કરાંજ,
પણ થોભતુંજ નહીં મેમસાબનું મ્યુઝીકલ મુખ.
કોઇવાર તો ખરે મન ચીઢાઇને ખુબ,
મારૂં છ હું પોકાર—"વોટ નોનસન્સ ઇઝ ધીસ!"
પણ દાદ તેની થોડી લેછ મારી માહબુબ!
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ!

નથી મારા જીવને કંઇ આરામ કરાર;
કરૂંછ હું દરરોજ રે તોબા ઇલાહી!
છે **પીજામ**—મુજ પાડોસી—તેઓ બેઝાર!
જોઇયે તો પુછજો; તે આપશે ગવાહી.
માનેક પરથી ઉતરે છે સર્વ મુજ હેત—
"સીંગીંગ"ની જયારે એ કરેછ પ્રેકટીસ;
"સીંગીંગ" જાય કેહું તાંહ—હું થઇ જવશ મેટ—
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીયલ ચીસ!

ગર ચાહે તેવો હોયબી તું પૈસાથી તર,
તું રહેતો હોય, બોરાદર, ગમેબી જયાં...
રહેજે ભલ કુમારો જીંદગી ભર
પણ પણતો ના બૈરી કોઇ મ્યુઝીકની આં.
કરજે આ સલાહ પર ઉંડાણથી ખ્યાલ,
(આ આપુંછ "ટીપ" હરશે તુંને બક્ષીસ !)
લઇ મ્યુઝીકલ મોહરદારથી કુટું છ કપ્પાલ !
પાડેછ મુજ માકી રોજ મ્યુઝીકલ ચીસ !

ચર્ચગેટના સ્ટેશનપર બે અકકલના ઓદમીરો નીચલી વાત કરતા સંભળાય છે.

"મેહરબાની કરી કેહશો કેટલે કેટલે વખતે એકેકા ટરે ન ઉપડે. છ ?"

"બરાબર દસ દસ મીનીટે, એક ટરેન ગયા પછી બરાબર દસ મીનીટે બીજી જાય છે."

"અંહ ! આએ ટરેન હમણા ગેઇ ત્યારે હવે મને બીજી ટરેન માટે કેટલો વખત ખોટી થવું પડશે ?"

"બીજી ટરેન કે ? એ--અંહ--હું ધારૂંછ કે પાએક કલાક તમને ખોટી થવું પડશે !"

પૈસા ! પૈસા !
તે મેળવવા શું શું ફાંફાં મારવા પડે છે !

શાપુરજી ચીનીમીની બીચારા તદન કરકા બાલુસ થઇ ગયા હતા. તેવણ બીચારાએ જાત જાતના ધંધા કરી જોયા પણ નસીબદેવીએ કાંઇ યારી આપીજ નહીં. હવે તો એકજ ઉપાય બાકી રહયો. સુનાબાઇ માર્કીદારૂના નામની એક છોકરી તેવણ ઉપર ઘણી કુરબાન હતી. તે બીચારી દેખાવમાં જરા એવીજ હતી--એટલે શાપુરજીબા કાંઇ પેહલાં મચક આપતા હતા નહીં, પણ હાલ તેણીને એક પૈસાદાર બુઢા કાકાએ કરી લીધી હતી અને પોતાની સઘળી દોલત સુનાનેજ આપી જનાર હતા એવી વાત શાપુરજીના કાનપર આવ્યાથી ત્યાં પાસો ફેંકી જોવાનો વીચાર થયો. "સુનાબી દેખાવમાં મજાની છે. જરાક નાકનું ટીચકું ઉપર ચહડી ગીયુંછ ને રંગ જરા બરેલા મેહસુર જેવો છે ખરો--પણ ચાલશે." અલબતા જ્યાં પૈસાની વાત આવી ત્યાં તો બધુંજ ચાલી જાય! એ સુના પોતાના કાકા કાકી સાથે પુને રેહતી હતી, એટલે બીજેજ દીને પેટી પેક કરી શાપુરજીબાએ પુને જવા ચાલુ મુકયું.

ત્યાં પોંહચ્યા પછી એક દીવસ આસાયશ લઇ ખુબ એસ્કા મેસ્કા થઇ સુનાબાઇના ઘર તરફ તેવણે "એરયુ" લીધું.

"ઓહો, આવો શાપુરજી, આવો! તમે કાંહથી ભુલા પરીયા?" ઘરમાં દાખલ થતાંજ એક આસરે વીસેક વરસનાં બાઇએ તેવણને આવકાર દીધો. તેવણ ખચીતજ કોઇબી જુવાન પુરૂષનું દીલ પોતા તરફ ખેંચે તેવાં હતાંજ નહીં. પણ પૈસા!

પૈસા! તેના ખેંચાણુથી શાપુરજીને હવે સુનાબાઇ એક પરી જેવાં દીસ્તાં હતાં.

"આએ જરા તમુને મલવા ખાસ પુને આયોછ. મારો જીવ ભરાઇ રહયો હતો તે જરા કામમાંથી ફરસુદ મલી તે આપરે ઉતરી પરીયાછ. પણ વાહ સુના, તુંને પુનાનું પાણી ઘણું સદતુ જણાયછ હં! સારી તંદરેસ્તીથી માણસ કેટલું ખુબસુરત લાગેછ તે મેં આજે તારા દાખલા પરથી જાણ્યું!" અં-હં! શાપુરજીબા જરા આસ્તે! રહીને ખડયા પગ ગલીચા સુધી લઇ જતા હતા!

સુનાબાઇ તો આ તારીફ ખરી સમજ્યાં અને લજવાઇ ગયાં. પોતે આજે ખુબસુરતમાં ખપ્યાં! આજે શહવારના બે કલાક બાલ પછવાડે પછાડા ખાધા તો ખાધા અને પાઉડરના અરધાએક બાક્સનું સત્યાનાસ વાળયું–પણ તેનો આએ બદલો તો મલ્યો!

"જાબા, હવે તમે એમ મને છાપરે ના ચહરાવ્યા કરોની! પણ, શાપુરજી, હવે તમે આયાછ તો બે ચાર દાહરા અહી અમારેજ તાંહ રહેજો હં! મારા કાકાજી કાકીજી કંઇ ના નહીં કેહશે." સુનાબાઇએ જોયું કે બીલ્લુ ચાલી ચલાવીને જ્યારે પોતાની મેળે છટકામાં આવ્યોછે એટલે તેને પાછો છોડી મુકવો એ મુરખાઇનું કામ હતું.

આ પ્રમાણે શાપુરજી સુનાબાઇની મેહરબાનીથી તેવણના કાકાને ત્યાંજ ઠબી ગયા જે ચાર દહાડા હોટેલમાં રેહવાનો ખરચ બચ્યો તે ખરો! વળી પ્યારી સુનાની આગળના આગળ રહવાનું કેવું ખુશ હતું!

સુનાબાઇ, તેવણના કાકા બેહરામજી તથા કાકી હીરાંબાઇ

ઉપરાંત કાકીજીનાં એક બેહન પણ તેઓ સાથે રેહતાં હતાં- કાકાજી તદન અક્કલના ઓદમીર, અને જરાક ચકરમદાસ હતા પણ પોતાને મનથી ઘણાજ હોસ્યાર સમજતા. ઘરમાના દરેક જણે તેવણનાં હુકમ પ્રમાણે ચાલવુંજ જોઇએ, નહીં તો ઘરમાંથી કહાડી મુકવાની ધમકી તૈયારજ હતી. તેવણનાં ધણીયાણી બીચારાં જેવાં કેહછે તેવાં "ઇડીયેટીક" હતાં. તેવણને મનથી તેવણના બેહરામજીએ કહ્યું એટલે ખોદાએજ કહ્યું. તેવણનાં બેહન બચુબાઇ સુમારે પાંત્રીસેક વરસનાં હજી કુમારાંજ હતાં અને બેહનને માથે પડેલાં હતાં. તેવણ હતાં તો પાંત્રીસ વરસનાં અને દેખાવે તદન "અગલી"-પણ પંદર વરસની બુચીની માફક નખરાં કરવામાં બાહધર હતાં. તેવણ જરાક ફીલસુફ હતાં અને રમત ગમત, જાત જાતની કરસત વગેરેના શોખીન દેખાડવા માંગતાં. હવે આએ બધાં તરેહવાર જાતનાં માણસોને ખુશી રાખવાનુ.અને તે લોકના માનીતા થઇ પડવાનું ઘણુંજ બીકટ કામ શાપુરજીને માથે આવી પડયું, હતું- કેમજે ત્યાં વગર કાંઇ સુના જેવી મોહરદાર હાથ આવે નહીં!

"સુના તું જાણેછ, હું અહીં શું કામ આયોછ તે? મારાં મનની ઘણી લાંબા વખતની ઉમેદ હવે તો બસ બોલ્યા વગર રેહવાનોજ નથી. લાંબા વખતની ઉમેદ તારી પર છે!" (તેમાંથી નવાનું ટકા બાદ!)

"શું જો શાપુરજી, મને શરમ લાગેછ જો!" સુના ડારલીંગ મચકાઇ મચકાઇને બોલ્યાં.

"ઓ મારી પ્યારી, તું કાંહથી જાણે કે મારો તારી પર કેવો જાન કુરબાન છે! આમ બોલી શાપુરજીએ સુંનાબાઇનો

કાળો કાળો હાથ પોતાના હાથમાં ધર્યો, જેમ કરતાં મનમાં તો એ ચાર સુનાબાઇને ચોપરીબી કાહડી. ખરેખર તો શાપુરજીને મનથી આ કારૂં ઠીકરૂં કડવું ઝેર જેવું હતાં, પણ તેવણને હવે પછી મળનારા પૈસા ઘણાજ મીઠા હતાની!

"બસ મને કેહ તું કે તું મને કબુલ કરશે? તારા કાકાજી કાકીજી બધાં મને પસંદ કરશે? ઓ તું કેવી મીઠી મધ જેવી છે!" આએ વખતે ખરેખર તો સુનાબાઇ પસીનાથી ખાટાંગટ વાસ મારતાં હતાં અને પાઉડરના લપડા પસીનાથી ધોવાઇ ગયલા હોવાથી ઘણાંજ કંઇ કાઆઆરાં મેસ દીસ્તાં હતાં.

"જોવની, શાપુરજી, મારા કાકાજી બીચારા જરા ઓર તરાહના છે. તેવણ જે કેહે તે તમે હાજી હા કરયા કરજો ને જે કરવા કેહ તે કરજો એટલે એવણને તેવાં માણસ ઘણાંજ ગમે!'

"ઓહ તેમાં શું મોટી વાત!"

"તમુને તપખીર સુંઘવાની આદત છે કે? એવણ તો આખો દાહરો સુઘયા કરેછ ને સામ્બા માણસનેબી આપે. તમે જો તપકીર લઇને એવણની કાની સહરૂકા લઇને સુંઘશો તો બસ એવણ તમારીપર ફીદા ફીદા થશે!"

ઓત્તારી! બીજું બધું તો થાય, પણ તપકીરનાં દબુસા કેમ નાખમાં દબાય? નાખ બધું ખરડાઇ લપડાઈ જાય ને સાથે કપડાં ખરાબ થાય! એવા વીચારથી શાપુરજીબા ઘભરાટમાં પડયા; પણ સુંનાને--ખરૂં પુછતાં સુનાનો દલ્લો--મળવવા કાંઇબી કરવું પડે!

"બીજું મારાં કાકીજીનેબી ઘણાંજ ખુશ રાખજો. મારાં

કાકીનાં બેહેન બચુબાઇને બાઇસીકલ પર બેસવા શીખવા ઘણું ગમેછ. તમે શીખવશો? એવણ પાસે બાઇસીકલ નથી પણ તમે તમારી મુંબઇથી લાયાછની તે ચાલશે. શીખ્યા પછી એવણ નવી લેશે."

આ વાત સાંભળી શાપુરજીએ બોચી ખજવાડી ! શું તમે જાણો કે કાકીજીનાં બહેન બચુબાઇ કોઇ જુવાન, દેખાવલાં નાજુક છોકરી હશે?—અરે નારે ! તે બાઇ સાબ તો પાંત્રીસ વરસનાં, જાડાં ધીમરાં જેવાં અને કાળાં બીલાડાં જેવાં હતાં ! વજનમાં ખાસ્સાં ૨૦૦ રતલ હશે ! શાપુરજીઆ ચીડ અને દુખને મારે કાંસવા લાગ્યા. આવી ધીમરાં જેવીથી તો શાપુરની બાઇસીકલના આંવરદા આવી રહે! પણ કંઈ નહીં, સુનાના પઇસા મળયા પછી એવી ચાર બાઇસીકલ તઇયાર !

આ વાત ચાલતી હતી તેવામાં બચુબાઇજ અંદર આવ્યાં. ઓળખાણ થયા પછી સુનાબાઇ બોલ્યાં, "બચુબઈ તમે બાઇ-સીકલ પર બેસવા કહેતાંતાંની ? લેઓ આએ અમારા શાપુરજી તમુને શીખવવા કહેછ !"

"બાઇસીકલની કસરત ઘણીજ સારી છે."

બચુબાઇએ પોતાની ફીલસુફી ચલાવી. શાપુરજીને તો એવું થતું હતું કે જાણે બચુબાઇને બાઇસીકલપર બેસાડવા-ને બદલે ઉંચકીને બારીની બાહર ફેંકી દે! પણ જેમ તેમ હસ્તું મોહડું રાખી બેઠા.

"હું તેના ફાયદા ઘણા સમજુંછ. પણ શીખવનાર કોઈ બરાબર નહીં મળે. આપરે બાઇ માણુસ તેની સાથે એખલાં જઇએ તે કોઇ તેવો સારોજ હોય તો સારૂં !"

"હાજી, તમારી ખુશી હોશે તો આપરે કાલે સહવારે બાગમાં ચલાવશું."

"હા, પણ જરા સહવારના સકકારેથી જઈએ તો સારૂં. પછી તરકું થાય ને કામનું નહીં, ઘણું સખત તરકુ આપરી ચામરીપર ઘણી અસર કરેછ! આપરે સહવારે સાત વાગે બાગમાં ઉતરશું, કેમ ' "

સાત વાગે! શાપુરજી હંમેશ આઠ વાગે ઉઠનારા તેવણ ને સાત વાગે બાગમાં તઇયાર થઇને જવાનું સાંભલીને ઉછાળો થઇ આવ્યો. "ચામડી વરી ગોરી દુધ જેવી છે તે કારી થઇ જશે!" તેવણ મનમાંજ બરબડયા. "સાત વાગે જવા સારૂં સાડાછ વાગે કપરાં પહેરવાં પરશે, ને છ વાગે ઉઠવું પરશે! એ કાંહ આપદા!" પણ પૈસાના ખ્યાલથી એ સરવે આપદા દુર થઈ અને શાપુરજીએ હા પાડી.

આ ઠેકાણે કાકાજી અંદર આવ્યા. શાપુરજી થંડા થંડા થઇ ગયા. તેવણની નજર કાકાજીના બદીયાનના ગજવાં પરજ હતી. ઓ ખુદા! જે વખત જાયછ તેમાં તપકીરની દાબડી નીકળશે. "કેમ, શાપુરજી શેઠ, શું તાહેલાં ચલાવોછ?" હજી સુધી તો તપકીરની દાબડીએ દેખાવ દીધો નહીં હતો એટલે શાપુરજીનાં પેટમાં જીવ આવ્યો. "કેમ હીરાં, વરી તમે આજે પગમાં મોજાં નથી પહેરયાં કે? જાઓ પહેરી આવો!" કાકાજીએ પોતાના હોકમ ચલાવ્યા. પોતાની ઉપર શું ધડાકો આવશે તેના ખ્યાલમાંજ બીહતા શાપુરજી તો મુગા ગગડીજ રહયા.

"હાજી, હા મરૂં, જુવોની આજે જરા બપોરના ગરમી—"કાકી બીચારાં તત પપ કરવા લાગ્યાં.

"બસ બસ, હું કેહું તેમ કરો."

કાકી બીચારા ગુપચુપ ઉઠીને અંદર ગયાં "કાકાજી, કાલે બચુબાઇને શાપુરજી બાઇસીકલપર બેસ્તાં શીખવવાના છે."

"અહં? મજાનું! પણ જોવ બચુબાઇ તરકામાં ઉઘાડે માથે ના ફરતાં, માથાપર પેલું મોટું ટોપું પહેરીને જજો!"

પણ હજી સુધી પેલી તપકીરની દાબડી કેમ નહીં નીકળી? સુનાએ કંઇ અમથાજ શાપુરજીને ધપકાવ્યા કે શું? હજુતો આવો વીચાર કરેછે તેટલાં એ મોહોકાન! ગયો હાથ કાકાજીનો ગજવાં પર, દાબડી બહાર નીકળી અને કાકાજીએ પોતાના પપરડાં જેવાંઆંગળાંએ એક જબરો સહરૂકો નાકમાં માંર્યો. કોણ જાણે કેટલા મણ તપકીર કાકાજીના આ પોહળાં પટાક નાખમાં જઇ ચુકી હશે. "જરાક શાપુરજીબા, તમેબી, એક ચમટી લેવોની!" આવી ધાડ! સત્યાનાશ ગયા નજીસ પૈસાને ખાતર આએ કેટલી હાડમારી! બીચારા શાપુરજીએ જેમ તેમ એક ચમટી લીધી અને જરાક નાખ આગળ હાથ લઇ જતાંજ તે બધી ઉડીને તેવણનાં નાખમાં પેસી ગઇ. હાઆઆછી! હાઆઆછી! હા! ફુ! બધી છીકાછીક તેવણે તો કરી મુકી. નાંખમાંથી અને આંખમાંથી સામટાં પાણી નીકલી પડયાં, અને અંતે શાપુરજીને ગજવામાંથી રૂમાલ કહાડી મોટા મોટા અવાજે નાખ સાફ કરવું પડયું, જેમ કરતાં રૂમાલ નેકટાઈ, કાલર, શર્ટ વગેરે સામટું તપકીરથી ખરડાઇ ગયું અને નાકપરતો જાણે હીંદુસ્થાનનો નકસો ચીતાર્યો હોય તેવું કાંઇ થઇ ગયું. તેવણે તે ખરડેલો રૂમાલ પાછો ગજવામાં ઠેસવી દીધો.

"અરરર! છી! એ! એમ કોઇ રોંમાલેજ નાખ સાફ કરે! તોબાહ! અહીં આવો, અહીં આવો, શાપુરજી" કાકાજીએ તરારો કીધો "ચાલો મારી સાથે આવો જોઉં." શાપુરજી બીચારા એક બકરાંની માફક ઉઠીને તેવણની પછવાડે ગયા. પછવાડે ચાલમાં જઇને કાકાજી બોલ્યા, "ચાલો પેલો તમારો ખરડેલો રૂમાલ અહીં નાખી દેવો, અને કળસ્યામાં પાણી છે તેનેથી હાથ મોહડું ઘસરીને ધોઈ નાખો!" શાપુરજીએ આ પોતાના ભવીશના ચકરમ કાકાસસરાને બે ચાર મનમાં ચોપડી કાહડીં અને તેવણના કહેવા મુજબ કરીને પાછા ઓરડામાં ગયા.

જેમ તેમ રાતે જમીને જલદીથી ધોટાઇ જવાનો શાપુરજીએ વીચાર કીધો. રખેને પેલી દાબડી પાછી નીકળે તેની ધાસ્તીથી તેવણ અધમુવા થઇ ગયા હતા, અને સુવા જવાની તઇયારી કરતા હતા–પણ સુનાએ રોકયા. "એમ નહીં જવાય, શાપુરજી. બેસો, કાકાજ કહે તાહરેજ જવાનું." એંહ! આ શું જુલમ! હજુતો કોણ જાણે શું બાકી રહયું હશે. જેમ તેમ અકરવકરે તેવણ બેઠા. દસેક વાગે કાકાજી તરફથી હુકમ મલ્યો. "ચાલો જાઓ, શાપુરજી, હવે સુઈ જાઓ!"

હજીતો પોતાના ઓરડામાં જઇ કાપડાં કાહડી ફરાગાત થઈ સુવા જવાની તઇયારી કરે છે એવામાં પાછું બારણું ઠોકાયું. રખે પેલો ચકરમ ડોસો પાછી તપકીર સુંઘાડવા આવ્યો હોય એવા ધડક ફૂજારામાં બારણું ઉઘાડયું તો ઘરમાંનો મસાલ હાથમાં એક ચોપડી લઇને ઉભો હતો. "કેમ શું છે? શું કેહછ?' શાપુરજીએ ચારડાઇને પુછયું.

"હાબ હવારનું "પરગન" લાએવા છે!" મસાલ જે લાલ્યા જાતને હતો તે બોલ્યો.

ઓ તારી! એ વરી શું નવું! "શું લાયોછ? પરઘમ લાયોછ? રાત પરી પરઘમને શું કરૂં? હેં!"

"અરે હાબ પરગમ નહીં. પરગરમ, પરગરમ! હવારે હું કરવાનું તેનૂં પરગરમ!"

ફફડી ચટકીને તેના હાથમાંથી ચોપડી લીધી અને ઉઘાડાં પાના પર કાંઇ લખેલું વાંચ્યું. તો બીજે દીને સહવારથી રાત સુધી શું શું કરવાનું તેનું "પ્રોગ્રામ" કેડું લખેલું! "અરે એ નખોદ ગીયા કાકાનું સરસદાસમાં જાયરે એનું! ઘાંખરો તો કેડો તદનજ ગેપ છે!" પ્રોગરામમાં સઉથી પેહલું છ વાગે ઉઠીને શાપુરજીએ બચુબાઇને બાઇસીકલપર બેસ્તાં શીખવવાનું લખેલું હતું. તેના વીચારમાં બીચારા શાપુરજીએ આખી રાત ઘરફડી મારયાં કીધી અને સહવારના પાંચેક વાગે આંખ લાગી ત્યારે છ વાગામાં પાછું ઉઠવું પડયું, અને તેબી કોણ પેલાં કાકાટઉંવા જેવાં નાકવાળાં એબીયલ બચુબાઇને ખાતર! જેમ તેમ ધ્રુપરાયલા, ઘેરાયલા ઉંદર જેવા ઉઠયા, અને કપડા પેહડી, બાઇસીકલ લઇ બાહેર ગયા. સામેથીજ તેવણુને બચુબાઇ તથા સુનાબાઇ આવતાં મલ્યા. ઓ દાદાર હોરમજદ! બચુબાઇએ સાડીને બદલે મડમનો કાળો ઘાઘરો પેહડયો હતો અને માથા ઉપર માથાબાનાને બદલે મોટું ઇંગ્રેજનું ટોપુ ઘાલીને "મદામ" થયાં હતાં! શાપુરજી ગમે તેવા ફફડેલા હતા તોબી આ કોલસા મડમને દેખાવ જોઇને હસ્તુ ડોભાવી શકયા નહીં.

"કેમ શાપુરજી, તમે તૈયાર છેઓ?" બચુબાઇએ પુછયું. શાપુરજીએ તેવણનો ભારી ધીમરા જેવો એક પગ ઉંચકીને સાઇકલના "પેડલ" ઉપર મુકયો અને બીજી ગમ મુકવા કહેતાંજ બચુબાઇતો પાછાં જમીન ઉપર ઉભાં થઇ ગયાં. "હેં! શાપુરજી તમેબી શું ડોરા બારોછ! એક "લેડી" કંઇ વરી એમ બેશતી હોશે? ઘોરાપર કેમ "સાઇડ સેડલ" પર બેસેછ તેમજ એની પરબી બેસારોની!" શાપુરજીને તો એવી ચીડ લાગતી હતી કે જાણે આ શોભતી "લેડી"ને આખી જમીન પર ઉઠલાવી નાખે પણ સામેજ સુના અને સુનાના પૈશા ડોળા ધુરકતા ઉભેલા હતા એટલે જેમ તેમ મીજાજ ઠંડો રાખીને બોલ્યા, "એ તો બાઇસીકલ પર એમજ બેસવાનું, બઇરાં માટીડા બધાં એમજ બેસે.

"ઓ માયરે! પણ કેમ બેસું? જરા તમે મને પકરજો હું! નહીં તો હું પરી જવશ!" આમ બોલી તેવણે પાછો એક "પૅડલ" ઉપર પગ મુકયો અને એક હાથે જોરથી શાપુરજીને ગરદનમાં પકડયા. અલબતાં આવા ભારથી શાપુરજી તો અરધા ચંપાઇજ ગયા ને તેવણના માથા પરનું ટોપું ઉડી ગયું. ધરી પકડીને બીજો પગ હજી તો બીજી ગમના "પૅડલ" પર મુકવા જાયછે. તેવામાં સાઇકલે ગોલાંટ ખાધી અને બચુબાઇ, શાપુરજીએ એકેકને ગળાંમાંથી પકડીનેજ જમીન માપી. શાપુરજી નીચે અને તેવણની ઉપર બચુબાઇ તથા તેની ઉપર બાઇસીકલ એમ બધી કચુંબર થઇ ગઈ. બચુબાઈ જલદીથી પાછાં ઉઠીને ઉભાં થવાને બદલે શાપુરજીને વધારે જોસથી દાબી રાખીને "સુના, સુના, અરે જરા જલદી અહીં આવતો, જલદી કર,"

કરીને મોટે મોટે બુમાટા પાડવા લાગ્યાં "અરે પણ તમે ઉઠોની ને મારૂં માથું કાંય પકરી રાખ્યું છ? છોરોની, હું બધો ગુંગરાઇ ચાલ્યો," શાપુરજી જમીનપર પડીને બરાડ મારવા લાગ્યા, પણ બચુબાઇએ તેવણુને એવા તો મજબુત ધરી રાખ્યા કે તેવણુથી છુટાયુંજ નહીં. સુનાબાઇ દમ બાંધીને હસતાં ત્યાં આવ્યાં, સાઇકલને ઉંચકીને બાજુ નાખી અને બચુબાઇને ઉઠાડવા જતાં હતાં તેટલાં બચુબાઇએ તેણીના કાનમાં કહ્યું, "અરે જો જરા જલદી કર, આએ ગરબરમાં મારા માથાંપરથી ખોટા બાલની વીગ નીકરીને કેઠે પરી ગેઇછ. જો જરા જલદીથી શોધ લાવીને મને પેહરાવ. જલદી કર, નહીં તો તાંહસુધી હું શાપુરજીને ઉઠવા દેવાની નથી!" અરર! મોહોકાણુ તો કેઠીએ થઇ હતી! ઊંલગબરડીમાં ખોટા બાલ પેહરેલા નીકળી ગયા હતા અને બચુબાઇ પોતાનું બાલ વગરનું ઓડકું માથું શાપુરજીને કેમ દેખાડે? એટલે તેવણુને જમીનપરજ દાબી રાખ્યા, હતા! આખરે સુનાબાંઇએ ધુમ હસ્તાં હસ્તાં બાલ લાવીને પાછા પેહરાવ્યા અને ઉપર પાછું ટોપુ પેહરાવ્યું ત્યારે બીચારા શાપુરજીનો છુટકો થયો. ગરીબ બીચારો શાપુરજી! બચુબાઇના ભારે તે અધમુવો થઇ ગયો હતો, કપડાં તથા હાથ મોહડું ધુળે લપટાઇ ગયાં હતાં અને બાઇસીકલના ઘસારાઓથી ચીરાઇ ગયાં હતાં. બાંઇસીકલનાબી તેજ હાલ હતા. તેમાં આસરે પચાસેક રૂપ્યાનું નવું કામ નીકળ્યું હતું. હા! પઇસા, પઇસાને ખાતર કેટલી હાડમારી ખમી હતી, પણ અંતે તેનો બદલો મલ્યો.

આવી રીતે જાત જાતની હાડમારીઓ અને ખેમાન

વચ્ચે જેમ તેમ ચાર દીવસ પુરા થયા કે શાપુરજી મુંબઇ જવા નીકલ્યા, અને જતાં પહેલાં સુનાબાઇના હાથની માગણી તેણીના કાકા આગળ કીધી કે જે અલબતાં સરવેએ ઘણીજ ખુશીથી કબુલ કીધી. પણ અરે અફસોસ, કેવી જુલમગાર દુન્યા ! બીચારા શાપુંરજીની કંઇજ કદર તેને નહી આવી ! લગન થયા પછી થોડાજ દીવસમાં તેવણને માલમ પડયું કે જે દલ્લાને વાસ્તે તેવણે આટલી બધી જેહમત લીધી હતી તે કાંઇ તેવણની મોહરદાર સુનાને નહીં મળવાનો હતો. પણ તેણીના બીજા વડા કાકાની છોકરી જેણીનું નામબી સુનાબાઇ હતું તેને મળનાર હતો—અને શાપુરજીની તે યાદગાર પુના ખાતેની મુલાકાત વેળાએ કાકાની ખરી વારેસ થોડા દીવસ મુંબઇ પોતાના માયને મળવા ગયલી હોવાથી આ બીજાં સુંનાબાઇ તેવણને બદલે રહયાં હતા.

માય—નહીં દીકરા, અદી, આજે વરસાદ ઘણોજ છે. હું ધારૂંછ કે આજે તું સ્કુલમાં નહી જાય તો સારૂં.

આ સાંભળી અદીનો ચેહેરો ખીલવાને બદલે જરા કુમલાયો.

માય—કાંય શું છે? સકુલમાં નહીં જવાતું તેથી દલગીર થઇ ગીયોછ કે! ડાહયો દીકરો છે?

અદી—મને ગઇ કાલનું કહ્યું હોતે તો રાતના બે કલાક મહેનત કરીને લેસન કીધું તે કરતેજ નહીં? વરસાદબી ઇડી-યટ જેવો કાલે રાતેથીજ કાંય નહી આયો હોસે કોણ જાણે!

મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ !

નામાંકીત ઝેવીયરના પવીત્ર રૂહ !
ઓ કેથોલીક ક્રીસ્ટાંઉના જગ પ્રસીધ સાંઇ !
કીધુંછ તુંજ યાદમાં મેં "આહ!" અને "ઉહ!"
સંકટો વેઠયાંછ રોજ તરેહવાર કાંઇ.
સુનો રે સુનો ઓ મારી ફર્યાદ—
સુનો, સેંટ ફ્રાનસીસ, તમ મારો હેવાલ !
ઉગ્યાંછ મુજ ઘરે-હાય-સીતમનાં ઝાડ—
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ !

બેસ્તાંજ બસ નખોદયો નવેમબર માસ,
ધમચકરી શરૂ થઇ ગોવા ને ગામ;
આવ્યો તે પ્રસંગ તુંજ ખોલવાને લાસ-
મેં કીધી મુજ કરારને છેલ્લી સલામ !
આગષ્ટથીજ આયાનું ટીચકું લગાર,
ને મીસ્ત્રીનો મીઝાઝ જોઇ પડી'તી ફાળ-
બેઉ જણાં "ગાંઉ" જવા થયાં તૈયાર-
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ !

ગયાં—બસ ગાંસડા લઇ એક્કી સમેત-
કરવા તુંજ માહતમા નાં પગને ચુબન:
(ભણી મેં બેઉ માટે મનમાં "પતેત" !)
ઓ ઝેવીયર, તું લાવ્યો મુજ ઘર પર વઘન !
ફફડી કે ચટકી ને વળયો હું વાજ-
બળી ગઇ મેમસાબની બે દાહડા દાળ;
ફરંગાં કમબખ્તે રાખી નહીં લાજ-
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ !

મહા મુસીબતે મેં ગળી ને થુક—
આપી બેઉ જણાંને રજા ત્રણ માસ;
રાખયાં કોઈ બદલીનાં આયા ને કુક!
ખમ્યો મુજ જીવસે કાંઈક રકમનો ત્રાસ
નવાં તે માણસની ખુબી શું ગાઉં!
હતાં ગોવેગરયાં બેઉ જાનવર કંગાલ—
આયા એક "બોરૂ" અને બુટલેરઆ "ચાંઉ"
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ!

પહેલેજ દન આવ્યા સાત અમસાસપંદ યાદ—
ટેબલપર ખાણું જોઇ ઉડયા હોશ કોશ!
નહીં માછલીમાં મીઠું કે દાળમાં સવાદ—
ને છીછરાં સમ બીલકુલ બસ રદ બાતલ ગોશ!
લખાવી રાતે જયાર બજારની ટીપ—
નીકળી ચાંસ-માસ્ટરની પહેલી વરાળ;
"છ આને છમણો ને દસ પૈસે જીભ!"
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ!

ત્રણેક કુક અજમાવ્યા—બોલતાંમાં બોલ
એકકે એક ગાવડી ને આળસુ ઉજબખ;
મલ્યો એક અંતે—પણ પસમગાર ૧૬!
હા પાડી આપવા તે મારી ને જખ!
બદલી એક મહીનામાં આયાઓ ચાર—
એ "બ્યુટી" નો પડયો તો શહેરમાં દુકાળ
કીધી ખુશામદ મેં ચોમેર બીસ્યાર!
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ!

મેહસ્તો એક તરકડો જંગલી હેવાન–
–બીજો કોઈ મલ્યો સાવ બાટલી ઘરાક!
નહી ત્રીજા ને ગુજરાતી બોલીનું ભાણ–
થઈ માણસો ઢુંડતાં મુજ મગજે થાક!
બોહી બેઠો ખચ્ચોત હું શુખને આરામ;
બેઠીજ નહીં ઘરનાં બે નોકરની તાલ;
માલેક એ લોકો—ને હું તો ગુલામ!
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ!

પુછું જયાર બોય ને "કયા પકાયા આજ?"
મળે નહી પાધરો કાંઇ તુરત જવાબ.
કરૂં જયાર તરારો બોહીને મીજાજ–
કાંસીને બોલે કે–"માલુમ નેઇ, સાબ"!!
કહયું જયાર આયાને લાવવા બરફ;
પડી તે હસવા રાન ફુલાવી ગાલ–
આઇસ એટલે શું? તેબી અણજાણ સરફ!!
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ!

થઈ ગયો બાઇનોબી ચીરડાઉ સ્વભાવ–
ગયો જીવ કંટાલી કરતાં ખટપટ;
સાંજ પડતાં ઘર આઉં કે શરૂ થાય રાવઃ–
"મુઇ કંઇજ સમજી મરતી નહી સાવજ અપટ!
આયુછ કાંહથી કોણ જાણે જંગલનું ઢોર!
કચરોબી કાહડવા નો નથી કંઈ ખ્યાલ!
ઘોંટઇ રહેછ પડતાંબી સહવારનું પોહર!"
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ!

ઉંચકયાછ પાણીના હાડા મેં ખુદ
કીધાંછ મેં પોત મુજ બુટોથી સાફ–
બીગડયોછ ત્રણ મહીના મારો બસ "મુડ !"
ગાલએલ પર આવ્યોછ હું–(બેઅદબી માફ !)
ભાંજ્યાંછ એક આયા એ ફલાવર વાઝ પાંચ–
બીજી એ કીધોછ મુજ ગેસ લેમ્પનો હાલ,
નાચ્યોછ હું ત્રણ મહીના ગમખાર એક નાચ–
મુજ આયા ને મેસ્તાઉએ પાડીછ હડતાળ !
આવશે નહીં આજ કાલ જો જુનો મુજ બોય
ને ફરશે નહીં પાછી જો આયા એકદમ,
તો (એક બારગી કામકાજ જાય;
જહાનમબી તોય)–
હું નાહસી જઇશ ગોવે બસ–તમારા સમ !
જો–પડયાછ મુજ આંખોમાં ખાડા, અઝીઝ–
ને માથાંના ગયા છે પાકી સઉ બાલ;
ચે ? દાંત શાના કાહડોછ ?––નાઉ, ડોન્ટ
યુ લાફ––પ્લીઝ !
મુજ આયા ને મેસ્તાંઉએ પાડીછ હડતાળ !

ડાકટર—(નાના ચાર વરસના બુચાને) જોઉં તો બુચા. તારી જીભ બાહેર કાડ.

બુચો—(આખમાં આંસુ સાથે) માયધી, આકી ધીભ બાહેર નહીં નીતળતી. ઠોદાયે અંદર ઠીલા મારીને જરી લીધીઠ. તે તેમ બાહર તાહું ?

કુવારાઓને એક કીમતી સલાહ!

ઉભા ઉભાઃ ઉંઘાવવાની ટેવ પાડજો.



કુમારા પોરીયાઓ! તમે નાદાન છેઓ! અરે-ભવીશના ભયાનક ભીતરમાં શું સમાયલું છે તે તમે જાણતા નથી. કોણ જાણે કાલ કેવી છે! એદલ અડગરો કુમારો હતો ત્યારે હંમેશ પોતાની સારી ઉંઘ માટે ફુંફાં કરતો હતો. ભલું મનીખ તો ઉભો ઉભોબી ખુશાલ ઉંઘઇ જાય! હવે જુવો અદલ પરણ્યા પછી આ એની આદત એને કેવી હીરા જેવી કામ લાગેછે! કુમારા દુકતાઓરે!-એની સલાહ ધ્યાનમાં રાખજો! ઉભા ઉભા સુઇ જઇ શકવાની ટેવ હમણાથીજ પાડો-આજથીજ શરૂ કરો. કોઇ દાહડે એ એદલને દુવા દેશો.

સપલ શરમાઉનું એક સુખી સ્વપનું.

સપલનું ભેજું આજે વખત બહુ લાંબી ફલંગો ભરે છે.



લેડીઝ જીમખાનામાં તે એક દહાડો "ગેસ્ટ" તરીકે ગયો અને વરતમાન પત્રોમાં એણે વીલાયતી કોનફરન્સનાં સુધારક પ્રોગ્રામ બાબે કાંઇ વાંચ્યું ત્યારપછી એણે જીવસે નક્કી ગાંઠ વાળયો છે કે એક દહાડો હવે દુર નથી કે જ્યારે આવો કાંઇ દેખાવ અવાર નવાર બનતો આપણે જોઇશું!

સપલને તો બા બઇરાંઓને જોઇને શરમજ ઘણી લાગે અને બીચારાને—પાસેનાં ફલુકાકાની ફેની ઘણીજ ગમે—એટલે—

પણ તેને આ સ્વપનો આવ્યો ત્યારથી એ આશાપર હાલ જીવતો રહેલો છે.

"સપલ ઓ મારા હયાંના હાર! હું તુને ખરા જીગરથી ચાહું છ—બોલ, બોલ, તું મારો ભરથાર થશે? ઓ શરમા ના—મને જવાબ દે—બસ એકજ મીઠા સખુનથી મને સદાની સુખી કર——ઇત્યાદી!

બીચારા બેજુ બામબોટપર જફા !



બેજુ બકરો જરા ગરમ પ્રકૃતીનો છે. જયારેબી પેપરોમાં ઇલ્મેદાનુમના વર્ગોવાળા મી૰ બેહરામશા શરાફનાં ભાષણો પ્રગટ થાય છે ત્યારે માથાં પર આય એમ આઇસબેગ મુકીને બેજુ તે વાંચે છે. બા ઉપાય કરતાં અટકાવ ભલો !

અરે, બીહ હાનો મરે ?



મેહલ્લુ મં-ગુસ પાસે એક તેનો ઘ-ણો માનીતો કુતરો છે. બીચારૂં ઘણું નેક અને અ-સરાફ જના-વર છે.

જયારેબી કોઇ મેહલ્લી ને મળવા જાય છે ત્યારે આ "બ્રુટ-સ" પહેલે તે વીઝીટરનાં બુટ સુંઘે છે—પછી પાટલુન નાં બેઉ પંયજા સુંઘે છે—પછી ગળાંમાંથી એક ચોકસ જાતનો અવાજ કાહડી જાણવા માંગે છે કે તે મલવા આવનાર અગાઉ ઇનસોલવંટ થયો છે કે નહીં ?

એક દાહડે ધનજુ ધ્રુજરો મેહલ્લીને મળવા આવ્યો—

"અરે આવો, આવો ધનજીભાઇ ! કંઈ નહીં બીહતા ના, જરાબી પછવાડે હટતા ના. તમે હસતું મોહનું રાખજો—એ 'બ્રુટસ'ની જરા પહેલાં ખાત્રી થવા દેઓ કે તમે સારાં માણસ છેઓ. એ નહીં કરડે-કરડે તો મને કેહજો ની !

અરધો કલાક મુંગું બેસવાની શરત.

એદુલ્જી ભાગરાને પરણયાને હજી તો સાત મહીનાબી પુરા થયા નથી. હસો બા, તમારે ગમે તો મુછમાં હસો, પણ એદુને મનથી તેની ધણીયાણી રતન જેવી ખુબસુરત, હસમુખી, બોલકણી, હુશીયાર, ચંચળ સ્ત્રી હીમાલય પર્વતથી તે કેપ કોમોરીન સુધી બીજી એકકે નથી. તેની રતન તો તેનું એક રતનજ છે જો. બસ માત્ર એકજ તેની આદતથી એદુને કોઇ કોઇ વાર બેઝાર થવું પડે છે. તેની બૈરી થતીના મોહમાં એક ગજ જેટલી લાંબી જીભલી છે. જબરી બોલનારી, યાર, જબરી બોલનારી. ગમે એવી નજીવી બાબદ ઉપરબી રતન બંદીની જબાં એક ચાલતી કાતરની પેઠે ચડચડાટ ચાલેલીજ છે. એજ એની પટપટારો કર્યા કરવાની ટેવે માટી બૈયર વચ્ચે એક વાર સેહેજ કચરો પાડયો. શું થયું તે જરા સાંભળો તો ખરા; કાહણી જરા રમુજી છે.

એદુનો સાલો, રતનનો વડો ભાઇ ફરામ, એક બહુજ 'જનલી' રમુજી છોકરો છે. તેઓ બચગીમાં સ્કુલ ફ્રેન્ડો હતા અને સગપણમાં આવ્યા પછી તો ફરામ ને એદુ હમણા સગા ભાઇ જેવા છે. સપટેમ્બર માસની ૧૫ મી તારીખે રતનની સાલગરેહ હતી. તે દીને ફરામ એદુને ત્યાં રાત્રે જમવા રહેલો હતો. ખાણાની ટેબલ ઉપર ત્રણે જણાં બેસીને ખુશ મીજાજથી ટોલ ટપ્પા ચલાવ્યાં જતાં હતાં. રતન આખો વખત એટલી બકબક અને ટકટક કર્યા કરતી હતી કે આખરે એદુથી હસવામાં જરા બોલાઇ ગયું કે "આપરે રતી, તારાં મોહોડાંમાં જીભ કે બળા? બધું માથુ ખાઇ ગેઇ. જર— પાંચ મીનીટ તો મુગી બેસ!"

"ઓવાય એદી, તુંબી! પાંચ મીનીટ શું હું મુંગી એસ-તીજ નહીં કે? જા જા, આઈ બાઇના ડોરા ના બાર."

"ડીયર, એમ ચીકલીસ ના થા," એદુ બોલ્યો, "પણ તું ઘણુંજ બોલેછ. તારેથી જરા વારબી મુગું નહીંજ બેસાતું."

"હા રતાં," ફ્રરામે ટાપસી પુરી, "તારેથી પાંચ મીનીટબી તદ્દન ચુપ બેસાય એમ હું માનતો નથી."

"શુંઉઉ? પાંચ મીનીટ?" રતન છણકો કરીને બોલી, "અરે બેસો બેસો; પાંચ મીનીટ તો શું પણ અરધો કલાક કેહોતો અરધો કલાકબી મુગી બેસી રેહું, સમજયા?"

"અરધો કલાક!" એદુ હસી પડયો, "રતન, તું અરધો કલાક મુગી બેસ્તી ડોસી થઇ, પછી આસમાન ને જમીન એક નહીં થાય કે?"

"રતાં," ફ્રરામ બોલ્યો, "તું જો અરધો કલાક એક બોલબી બોલ્યા વગર મુગી બેસે તો તુને પચાસ રૂપ્યા આપું–"

"પચાસ? અરે હું એકસો રૂપ્યાની જણસ અપાઉં," એદુએ કહયું.

"જો બેઉ જણા ઘણાજ ચીબા થાઓછ તે શરત હારી જશો, હ" રતન ખુશ મીજાજે બોલી.

"પણ ત્યારે શરત મારની જોઉં."

"ઠીક છે, ચાલો; મારે શરત કબુલ છે. પણ બોલી એ કે તમે બેઉ જણામાંથી કોઇએ મારાં દીલને હાથ નહીં લગાડવો."

"કબુલ, કબુલ." એદુને ફ્રરામ ખુશાલીથી બોલી ઉઠયા. બંનેના દીલમાં પોતાના રૂપ્યાની સલામતીને માટે નેહ હતી.

તે માહાભારત શરત લાગી. આંઠ વાગતામાં દસ મીનીટ કમ હતી. શરત એમ હતી કે બરાબર આંઠ વાગતાની ટકોરીઓ પડે કે રતને એકદમ મુગું થઇ જવું, અને તેને બોલાવવાની બે જણાની ગમે એટલીબી કોશેશ છતાં જો તે સાડા આઠ વાગતા સુધીમાં એક બોલબી બોલે નહીં તો એદુએ તથા ફરામે તેને કબુલેલી ચીજો બીજે દહાડે આપવી.

જયારે આંઠની ટકોરી ઘડીયાળમાં પડી ત્યારે રતન એક નવાં ગોઠવાયલાં પારસી ફેશીનેબલ લગનની ઉપર કાંઇ ખુબ શુરમાં આવીને બોલતી હતી; તેણીએ પોતાના વાકયની અધ વચ્ચે એકદમ મ્હોંડાં ઉપર બંને હાથો દાબી દીધા અને જેમ તેમ કરીને પોતાનું બાકીનું બોલવાનું બંધ કરી નાંખ્યું. શરત શરૂ થઇ ચુકી હતી.

પેહેલી દશ મીનીટ તો ત્રણે જણાં પુતળાંની કાની ચુપ બેસી રહ્યાં. જયારે ફરામે જોયું કે રતન બંદી તો હીલતીબી નથી ને ચાલતીબી નથી તયારે આખરે તેણે ખંખાર મારીને રતનને બોલાવવાને માટે એદુ સાથે વાતો કરવા માડી. બેઉએ જાણી જોઇને ખરસેદજી ભેસાન્યાને ત્યાં આવેલાં નવી જાતનાં જાપાનીસ હોજરીયાં ઉપર તરેહવાર સટાકા હાંકવા માડયા. એક વેળા વચ્ચે રતને જરા મોંહ ઉંઘાડી બોલવાનું શરૂ કરવાનો દેખાવ કર્યો—પણ શરત યાદ આવી ગયાથી તે ગળું સાફ કરવાને બાહણે સેહેજ ખંખારી મારી પાછી ચુપ થઈ ગઇ.

એદુ તથા ફરામ અત્યાર સુધી તો ખસીયાણા પડયા હતા. પણ હજી તો માત્ર પંદર મીનીટ થઇ હતી. ફરામે મેગીમોનીયલ કોર્ટમાં ચાલતા એક છુટા છેડાની ફરીયાદીવાળા

મુકદમા ઉપર વાત ચલાવવા માંડી. કાંઇ વચ્ચે ટાહુકો પુરવાને માટે રતનનો જીવ તળપાપડ થતો હતો. પણ તે છતાં તે જીભ કરડીને બેસી રહી. અધીરાઇને મારે બીચારી લાલ લાલ થઇ ગઇ હતી.

સાડી કોરોની તરાહ, પોલકાઓની તરેહવાર જાતની એબલગામણી બોહેઓ, પારસી બૈરાંઓમાં બાલના પફ કહાડવાની મુર્ખાઇ, પારસી સ્ત્રીઓમાં ફેલાયલો બાઇસીકલ ઉપર બેસવાનો પવન, લવજીભાઇ લખપતીનાં ધણીયાણીનો સાઠ હઝાર રૂપ્યાનો નેકલેસ વગેરે વગેરે બાબદો ઉપર એદુએ અને ફરામે ખુબ લમ્ભાસ હાંકવા માંડી ગરીબ બીચારી રતન! વચ્ચે કાંઇ પણ મત આપવાને માટે તેણીનું ગળું ગુંગળાઇ જતું હતું. કોઇ કોઇવાર એદુને તો બીહીકબી લાગતી કે રખેને તેણીને માથે લોહીબોહી ચઢી જાય! પણ નહીં-રતી તો એક હાથે મજબુત પોતાનું મોહોડું દાબીને ચુપજ બેસી રહી. માટી ડાઓ જયારે કાંઈ ઘણુંજ બેવકુફાઇ જેવું બોલતા અને જયારે તેણીનું બહુજ પાકી જતું ત્યારે તેણી ડોકું ધુણાવતી, ભવાં ચઢાવતી, હાથો હીલવતી, ગુસ્સાથી જમીન ઉપર જોરમાં પગ ઠોકતી પણ એક શબ્દબી મોહમાંથી બાહેર કહાડતી નહીં. એદુએ ફરામને છુપી રીતે આંખ મારી, "કે જા બચ્ચા, આજે આપરા રૂપ્યા ઉપર પાણી ફર્યું. ફરીથી ડાહેલો થવા જજે."

સાડા આંઠમાં ફકત હવે સાત મીનીટ બાકી હતી. ફરામના પેટમાંબી હવે જબરદસત ધસકો પડયો. પણ તે રાસ-કલને પુછવું શું પડે? તેણે એદુના પાડોસી ફરદુનજી ફીકાની કાળી ઠીકરાં જેવી ૩૭ વર્ષની કુંવારી દીકરી ચાંદનની ખુબ-

સુરતીના ઝાર ઝાર વખાણ કરવા માંડયાં. એદુ પણ તેમાં ખુદ ઉમંગથી જોડાયો. ચાંદનની આંખો, નાક, કાનો, બાલ, ગાલ વગેરે વગેરે ઉપર બેઉ જણા પોથા ભરી ભરીને બોલ્યા. એ ચાંદન સાથે રતનને જબરૂં બારમા ચંદર હતું તે એદુને ખબર હતું. ફરામ તો લાગલો જમીન ઉપર એક ગુંદણુ મંડીએ પડયો અને છાતી ઉપર હાથ દાબી આસમાન તરફ જોઇ બાંગે બુલંદ અવાજે બોલ્યો—

"ઓ મારી વાહાલી ચાંદન, ઓ માહાબોખતાર, ઓ તું ખુબસુરત સ્ત્રીઓના સરદાર, ઓ પ્યારી નાઝનીન, તું બેહેસ્તની પરી આગળ આ રતનનું રંગરૂપ પાણી ભરેછ! કાંહ ચાંદન—કાંહ રતન? કાંહ ફુલ—કાંહ ખાક? ઓ રૂપસુંદરી આએ રતન તો તારી દાસી થવાને લાયક છે. ઓ દીલેઅઝીઝ નાઝુક બદન ગુલબદન——" વગેરે વગેરે.

શાબાશ રતનને! જો કે કાંઇ બોલવાની આતુરતાને લીધે તેણી બધી કાંપતી હતી તોએ મોહમાંથી એક તુકારો સરખો બી બાહેર કહાડયો નહીં. ફરામ તો ચાંદનને તરેહવાર લાડકાં નામથી બોલાવ્યોજ જતો હતો અને એદુએ પણ બીચારી રતનને પજવવા માટે કાંઇબી બાકી રાખયું નહી.

પણ ફોકટ, ફોકટ! રતન તો જોરથી મોહોડું દાબેલું રાખીને બેસીજ રહી.

અરે રે રે! બેઉ ભાયડાઓએ તો પોતીકા રૂપ્યા ઉપર સદંતર પુળો મેળ્યો. સાડા આઠમાં હવે બસ પાંચજ મીનીટ બાકી હતી. તેમાં—ઓ આફત! ઓ ગભરાટ!—રતને એક

ન ધારેલી ફક્કડ સીફ્ત સોધી કહાડી. તેણીએ બંને હાથોના અંગુઠા જોરથી પોતાના બંને કાનોમાં દાબ્યા અને ફતેહની નજરથી બેઉ જણની ગમ જોઇ મનમાં હસવા લાગી. માર્યા હાર! હવે ભલેને ફરામ તથા એદુ ચાંદનને માટે ચાહે તે બકે. સરતમાં એમ કયાં હતું કે રતને એ બે જણનું બોલવું બધું સાંભળવુંજ જોઇયે?

ચાટ જેવા એદુ અને ફરામ એક બીજાંના કોહાં ભોપવા પડયા. સાડા આંઠમાં માત્ર ત્રણ મીનીટ બાકી! આએ તો પુરૂષ્યા લોકચા આબરૂ ગેલી! હવે કેમ કરવું? હાર કબુલ કરવાની અણી ઉપર બેઉ હતા તેટલાં——આહ, સબુર—સબુર!——એકાએક એદુનાં માથામાં કાંઇ ઓચાતો વીચાર સુજ પડી ગયો. આહ હા હા હા! આખર કરે ને એક સ્ત્રી તે સ્ત્રીજ?

તેઓ બેઠાં હતાં તેજ ઓરડાના શોફા કોચની ઉપર રતનની તદન દોર કસબી નવી સાડી ઘડી વાળીને મેળેલી હતી. આ સાડી રતને એક વારબી પેહેડેલી ન હતી. એક દહાડોજ અગાઉ તેણી ખરશેદજી ભેસાન્યાને ત્યાંથી લઇ આવેલી હતી. ત્રણે જણાં તે રાત્રીએ નાટકમાં જનાર હોવાથી રતને ત્યાં પેહેરવા માટે ખાસ તેની ઉપર કસબી કોર ટાંકીને તૈયાર કરી મેળી હતી.

એદુ હળવેથી ઉઠયો અને ઘણોજ શાંત ચેહેરે તે સીડીની ઘડી આખી ઉખેડી નાખી. પછી મજેહથી પાસેજ પડેલી એક મસ મોટી કાતર હાથમાં લીધી અને તે સાડી તથા કાતર બેઉ લઇને રતનની છેક લગોલગ ગયો અને તેણીના કાન

આગળ સાડીને એક નાકે ક્યાક દઇને કાતરનો મોટો કાપ મેળ્યો. સાડા આઠમાં બે મીનીટ બાકી હતી !

એક બીહધેલી હરણીની માફક ભુસ્કો મારીને રતન ઉઠી ઉભી થઇ !

"અરે તમે હરવાઇ જાઓરે નહીં એમના એમ ! મારી મારી મોંઘીદાત સારીને એમ કાપી નાંખતાં તમુને કંઇ લાજ આવી કે નહીં. (સાડી ઝુંટવી લઇને) મુકી દેઓ, મુઇ એ તે કંઇ મસખેરી કરવાની છે? કાંહ તમારી અકકલ વેચી આયા ? એમ છેકજ ચરી સા વરે ગીયા? આજે રાતના હવે હું શું પેહેરશ ? તમારૂં તોડકું ?"

આટલું બોલી રતને એક સોફા ઉંપર બેસી જઇ રડવા માંડયું. ગરીબ બીચારી ! તેણીએ માત્ર બે મીનીટને માટે દો હડસો રૂપ્યા ખોયા, કસબી સાડીંનો ઘાણ નીકળ્યો અને વળી અરધો કલાક દુઃખ વેઠયું તે તો જુદું.

ફરામ અને એદુ તો કળ ખાઇને હસવા લાગ્યા. પછી રતનને સમજાવી પટાવી તેઓએ ઠંડી પાડી અને બીજે દહાડે મુગે મોહોડે દોહોડસો રૂપ્યા તેણીને ભેટ આપ્યા. બેશક એ પૈસા ઉપર તેણીનો દરેકે દરેક હક હતો. વાંચનાર, દુન્યાની કઇ બીજી સ્ત્રી છેલ્લી બે મીનીટ મુગી બેસી શકતે ?

(છુપી નોધ—પેલી સાડી એદુએ કાપી નાખી તેનાબી ૭૫ રૂપ્યા બીજી સવારે રતને પટાવી સતાવીને તેની પાસથી કઢાવ્યા. ખેર ! ઘી ઘોળાય તે ખીચડીમાં ને ખીચડીમાંજ !)

એડીયાનો જુલાબ.

અંહ—હં—હં ! ખમા, બાપજી, ખમા ! એકાએક હમણા મને એડીયાંના જુલાબની યાદ આવી ગઇ છે. હે, પ્યારી નામચીન દવા ! ઓ એડીયાંના નાદર જુલાબ ! હારેમનના દેવેનામ દરૂઓનો તારી ઉપર છાંયો હોજો ! શું તારો મગજને તાજગી બક્ષનારો વાસ ! શું તારાં તેલના ગોળ ડપકાંઓનો રમણીય દેખાવ ! તુને ગળી ગયા પછી મનુષ્ય જાતના ગળાંમાંથી ઉભરી આવતો શું દીલચમન—છે તે—અડકાર ! આહ હા યારો, ખુદાના બંદા હોવ તો માનજો કે આ દુષ્ટ ધર્થી ઉપર આપણી બીલ્લશ જેટલી જીંદગીમાં જે ખાંડી બંધ મુસીબતોની કસોટી ઉપર આપણને કસાવું પડે છે તે સર્વે કસોટીઓની સંગાતે આપણો એડીયાંનો જુલાબ પણ એક અસાધારણ રાક્ષસી કસોટી છે. માણસ જાતના પાપોની શીક્ષા માટે આ પૃથ્વીની અંદરજ પરવરદેગારે પેદા કરેલાં અનેક સાંધનો માહે એડીયાંનો જુલાબ શું એક ઉંચી પદવી ભોગવતો નથી ! હું ધારૂં છું કે તે દાનેશમંદ કીરતારે એડીયાંના જુલાબને બનાવતી વેળા તેને બાપોકાર કહ્યું હશે કે “જા, અએ એડીયાંના જુલાબ, ખરાબ કે કમજ થઇ ગયલાં માણસોને મારી દુન્યામાં કમકમાવાને માટે બેધડક ચાલ્યો જા. તું એક એવી બેમુળ ચીજ છે કે તુને જોતાંને ચાર જઇફોની સુદ્ધ બુદ્ધ ઉડી જશે, તારૂં નામ સાંભળતાંને વાર જવાનો પોતાના મોહ ઉપરની લાલી ખોહી બેસશે અને તને પીતી

વેળા બાળકો કળ ખાઇને રડવા માંડશે પણ તે છતાં તું ભલી દવા ગમે એટલી હાડમારીની દરકાર ન કરતાં કબજ થઇ ગયલાંઓનો છુટકો અને સીકડાઇ ગયલાંઓનો ખુલાસો કરશે."

બીરાદરો, સેવકને એડીયાંના જુલાબનું નામ સાંભળતાંજ ગળે કાચકી બાઝે છે અને તેના વાસના ખ્યાલથી બાલે બાલ ઉભા થાય છે. આ માત્ર લખતી વેળા પણ મારાં પોચાં મગજ ઉપર એટલી અસર થવા માંડી છે કે જાણે થોડો ઘણો એડીયાંનો જુલાબ...... જવા દો, હું કદાપી ચીબો થતો હોઇશ. મને યાદ છે કે જયારે હું છ સાત વર્ષનો એક નાનો છોકરો હતો ત્યારે મારાં માતાજી અવાર નવાર કુમળી ચાહેમાં એક ચમચો એડીયું નાખીને મને પી જવા આપતાં અને તમારો ગુલામ તે હોંશે બટાકા મારતો જઇ તે ગટાવી જતો. ગલાસ ખાલી થવા પછી જાણે જીવ ધરાયો નહીં હોય તેમ આંગળીએ આંગળીએ ગલાસની અંદર વળગેલું એડીયું ચાટી ચાટીને હું મોહ મટમટાવતો. મને હમણા ત્યારે એડીયાંના જુલાબને નામની એટલી બધી સુગ શા માટે ભરાઇ ગઇ છે તેનો જયારે કોઈ ખુલાસો પુછે છે ત્યારે હું જવાબ દઉં છું કે, "હોય ભાઇ, તે વેળા કદાપી મારાં માથાં માહેલું ભેજુ તેની પુખ્તીમાં આવ્યું ન હશે."

મારા બેહેસ્તી મોટા બાવામાં નાના બાળકોને રમાડી પટાવીને ઝટ દવા પાઇ દેવાની જબરી કુનેહ હતી. "જોવો, છોકરાંઓ," તેવણ બોલતા, "હું એડીયાંનો જોલાબ એવો તો બનાવીને તમાંરી આગળ લાઉં કે જાણે નરો દુધપાક! અરે જરા ઉભાં તો રહો, હું અંદર દુધ ને ખાન ને બીજું

નાખીને તમુને આપશ તો તમે બસ એમજ કહેશો કે જાણે નરી બાસુદી પીધી !" આમ બોલી તેવણુ એડીયાંના જુલ્લાબનું ગલાસ અમારા નાક આગળ પકડી એટલી બધી ગડબડ સડબડ કરી મેળતા કે ખસીયાણા પડી અમે તે ગપ દઇને ગળી જતા. તમારો શેવકબી આમ ચાર પાંચ વખત ઠગાયો હતો. પણ પછી જયારે ઉમ્મર થવા આવી અને જયારે આપણેબી જરા રતી જુના કાગડા થવા માડયા ત્યારે મોટાબાવાની આ બાસુદીવાળી ફીલસુફી સાંભળતાને વાર આપણેબી ફીલસુફ આરીસટોટલ જેવું ડાચું કરીને ડોકું ધુણાવવા માડયું : "નહીં, મોટાબાવા, એ તમારી દવા બાસુદી મેળીને વેલાતી આઇસક્રીમ કાંય નહીં હોય, પણ મને એ સ્વાદમાં જરા ફીકકુ લાગેછ, તેથી માફ કરો."

લ્યો, એક બીજી વીચીત્ર વાત કહું. મારી સગાઇમાં એક જઇફ બાઇ હતાં તેવણને એડીયાંનો એટલો શોખ—એટલો શોખ કે અવાર નવાર સવારે એડીયાંનું એક ગલાસ સહરૂકા લઇ લઇને પીતાં. એડીયાંની એક બાટલી કબાટમાં તેવણ સાચવીને રાખતાં અને ઉમ્મરને લીધે આંખે બરાબર આવે નહીં તેથી કોઇ નાનાં બચ્ચાં પાસે ગલાસમાં રેડાવતાં. પછી જો આપણે હાથથી જરા ગલાસ માહે થોડું રેડાતું તો તેવણ મોહ કુમળાવીને કહેતાં, "મરેરે, એમ શું જીવ બારી બારીને રેરેછ. જો જરા વધારે નામ તો બા." બીજા એક પારસી ગ્રહસ્થની વાત હું જાણું છું કે તેવણ કોઇ કોઇ સવારના સુક્કી રોટલી સાથે એડીયું તુછી તુછીને અત્યંત ભાવથી ખાય છે ! ભલે ભાઇ, ભલે ! ખુદા એવાં શોખીન

જીવડાઓને સલામત રાખે. બાપુ, મેં તો મન સાથે ગાંઠ વાળ્યો છે કે હજી દુન્યા માહેલું બીજું દરેકે દરેક દુઃખ ખમીશ પણ એડીયાંનો જુલાબ—જો કોઈ જરાબી તેનું મારી આગળ નામ કહાડશે તો આવડા અવાડા ડોળા કહાડીને છેડાઇ પડીશ અને પછી મોહમાંથી કાંઇ આડું અવળું બોલી દઇશ. હા—જો વળી કહેશે કે કહે છે!

એક કલાસમાં માસ્ટર છોકરાઓને હીસાબનું જ્ઞાન આપતા હતા.

"જુવો ગુણાકાર કેમ થાય તેની સમજ આપું. હું તમુંને પુછું કે પાંચ ચોક કેટલા તો તમે શું કરો? પાંચનો આંકરો સ્લેટ પર માડી તેની નીચે ચાર મુકીને તેને ગુણો તો જવાબ વીસ આવે. પણ હવે સ્લેટ પર નહીં માડીયે ને એવો દાખલો મોહડેથીજ કરીયે. બોલ, જેમી, તારા બાવાના દરેક હાથ પર કેટલાં આંગળાં છે?"

"જી પાંચ."

"શાબાશ, બરાબર છે, ને પગનાં કેટલાં આંગળાં છે?

"પાંચ."

"વારૂં તારે બધાં મળીને કેટલાં આંગળાં થયાં?"

"સાહેબ, પંદર!"

"બેવકુફ, ઈડીયટ, પંદર કેમ થયાં? બરાબર ગણ."

"હા સાહેબ પંદરજ થયાં, કેમજે બાવાનો એક પગ તો ખોટો લાકડાનો છેની."

‘ડબલ એક–એકટીંગ ડુપ્લે’ સીવવાનો સાંચો.

અરે, એનુ સત્યાનાસ જાય એનું ! જબાં ચાલે તો જાણે નરી હજામની કાતર ! અરરરર, બધું મારૂં માથું ભેજું ખાઇ ગીયો. કમબખતે મને અંતે સીસામાં ઉતાર્યો ત્યારેજ મુગોજ બેઠો.

જરા સાંભળો તો ખરા. એક દહાડે એક ફ્રેન્ચ સીવવાના સાંચાઓવાળી પેહેડીનો કોઇ હીંદુ એજેન્ટ મારી આફીસમાં આવ્યો. તેણે જણાવ્યું કે હીંદુસ્તાનમાં એક નવી જાતનો સીવવાનો સાંચો–ધી ડબલ બેક એકટીંગ ડુપ્લે સોઇંગ મશીન –તેણે દાખલ કર્યો છે અને તે પોતે તેનો અહીંનો આડત્યો છે; આ ધંધો હાથ કર્યો તે અગાઉ તે નીમ હકીમું કરતો હતો, વગેરે, વગેરે. તેણે બરાબર ઓગણપચાસ મીનીટ સુધી લાંબા ટુકા હાથ કરીને આ નવી જાતનાં સીવવાના સાચાની ખુબીઓ અને કરામતો મને સમજાવી. જ્યારે તે પુરૂં કરી રહયો ત્યારે મારાં માથાં ઉપર લોહી ચઢી જતું અટકાવવા ખાતર મેં બે દોહોડીયાંનું બરફ વેચાતું મંગાવીને માથાં ઉપર ખુબ તરેહથી લગાડયું.

જયારે ટાળકી ઉપર કાંઇક ઠંડક વ્યાપી રહી ત્યારે મને અચણુચ આ મહાન નવી શોધનો કાંઇ ખ્યાલ આવ્યો. પેલો

યાદ નથી)—'બઝર' ગોળ ગોળ ફરયું, 'જેબર' ધડોધડ નાચ્વા લાગયું, અને મસલીનના કડકાઓ એક મેક સાથ સીવાતા ચાલ્યા. અમે બધાં આંખ્યો ફાડીને તે જોયા કરતાં હતાં. એજંટ કહેજે ફક્ત હાથની કાંડી ફેરવવામાં કુનેહ જોઇયે હશે, બા. આપણે અજ્ઞાન લોક, એમાં આપણે શું સમજીયે ?

ચાર વખત પેલા એજંટે મસલીનના કડકાઓ મશીનમાં જુદી જુદી રીતે ગોઠવયા અને-(હું ઘડીયાળમાં વખત જોયા જ કરતો હતો)—બરાબર એક કલાક ને સોલ મીનીટમાં તો એક તકીયાના ગલેફનું ખોખું તઇયાર કરીને તેણે અમારાં ભખરાયલાં—નાખો સામે હસ્તે મોહોડે પકડયું.

"ઓ વાય!" મારી ધણીયાણી બોલી, "એટલાવારમાં તો હું ચાર ગલેફો હાથે સીવી નાખું."

પેલો હીંદુ પોતાના સાંચાના બચાવમાં એક શુભાખીત ભાષણ કરી ગયો. પણ મને 'શોર્ટ હેન્ડ' લખતાં આવડતું હોવા છતાં મેં કમનસીબે તે ઉતારી લીધું નહીં.

"અને હવે સાહેબ અને બાઇજી," તે હસીને બોલ્યો "આ સાંચાની થોડીક સમજણ તમને આપું છું, વચમાં ત મારે એક બોલબી બોલવો નહીં."

તેણે એક ખંખાર માર્યો અને શરૂ કીધું.

"આ છે તે એનું 'જીગર'. આ રહયું એનું 'પીનીયન' જે 'ટોગલ-જોઇન્ટ'ને 'વોબલર'ની સાથે જોડી નાખે છે. આ કરોસ એંગલે જતું 'ફ્લીપર' આ નીચેનાં 'જેબર'ની હીલચાલ ઉપર કાબુ રાખે છે."

ખરીદ કરીને એ પીડાને કહાડવી કે નહીં તો તે હીંદુ એજંટ નું ખુન કરવું. મેં પેહેલો વધારે સવળ માર્ગ અખત્યાર કર્યો. ખરૂં કહું તો નવમી વખત જયારે પેલો એજંટ મારી પાસે આવ્યો ત્યારે જેટલો તે પોતાનો સાંચો વેચવા માટે આતુર હતો તેટલોજ હું તે વેચાતો લેવા તત્પર થઈ રહયો હતો.

તે ડબલ બેક–એકટીંગ ડુપ્લેને મારે ઘર ડ્રાઇંગ–રૂમમાં એક શોભાયમાન ટીપાઈ ઉપર મેલ્યો. આહ બ્યુટી ! બ્યુટી !! પેલો હીંદુ એજંટ અમને આ યંત્રને ચલાવી દેખાડવા અમારે ત્યાં આવ્યો. સાંચા આગળ બેસીને અઠાવીસ મીનીટ સુધી તેણે ત્રણ દોરાનાં કાટલાંઓ માહેલો સઘળો દોરો તે મશીન ની કાંઇ પચાસેક સોયોમાં પોયા કર્યો. અહીંથી દોરાનો છેડો કાહાડીને તહીં–ઉપર નીચે–આસ અને પાસ તેણે દોરાના આંટાઓ એવા તો વીંટાળી લીધા કે સાંચો જાણે દોરડાં દોરડાં વાળી એક લડાઇની મનવાર હોય તેમ દેખાવા લાગ્યો. પછી તેણે કાંઇ સીવવાનું માગયું. મારી ધણીઆણી પાસ એક આખો મસલીનનો ટાકો હતો તે તેણીએ લાવી આપ્યો.

આખો ટાકો ઉખેડી નાખી એજંટે તેને ૭ ઠેકાણેથી આમ તેમ ફાડી નાખ્યો, પછી તે કડકાઓ પોતાના આંગળાંઓમાં પકડયા—અને—

મશીન ધડાકા અને કડાકા બંધ ચાલ્યો. હું, મારી બઇરી અને મારો બેટો તો ડાચું વકાસીને આ તમાસો જોતાં ઉભાં. ડબલ બેક–એકટીંગ ડુપ્લેનું ‘જીગર’ ઉપર ગયું, ‘ફૂલી પર’ નીચે આવ્યું—(માફ કરજો મને એ બધાં નામો બરાબર

યાદ નથી)—'બઝર' ગોળ ગોળ ફરયું, 'જેબર' ઘડોઘડ નાચવા લાગયું, અને મસલીનના કડકાઓ એક મેક સાથ સીવાતા ચાલ્યા. અમે બધાં આંખ્યો ફાડીને તે જોયા કરતાં હતાં. એજંટ કહેજે ફકત હાથની કાંડી ફેરવવામાં કુનેહ જોઈયે હશે, બા. આપણે અજ્ઞાન લોક, એમાં આપણે શું સમજીયે ?

ચાર વખત પેલા એજંટે મસલીનના કડકાઓ મશીનમાં જુદી જુદી રીતે ગોઠવયા અને-(હું ઘડીયાળમાં વખત જોયા જ કરતો હતો)—બરાબર એક કલાક ને સોલ મીનીટમાં તો એક તકીયાના ગલેફનું ખોખું તઇયાર કરીને તણે અમારાં ભખરાયલાં—નાખો સામે હસ્તે મોહોડે પકડયું.

"ઓ વાય !" મારી ધણીયાણી બોલી, "એટલાવારમાં તો હું ચાર ગલેફો હાથે સીવી નાખું."

પેલો હીંદુ પોતાના સાંચાના બચાવમાં એક શુભાખીત ભાષણ કરીં ગયો. પણ મને 'શોર્ટ હેન્ડ' લખતાં આવડતું હોવા છતાં મેં કમનસીબે તે ઉતારી લીધું નહીં.

"અને હવે સાહેબ અને બાઇજી," તે હસીને બોલ્યો "આ સાંચાની થોડીક સમજણ તમને આપું છું, વચમાં તમારે એક બોલબી બોલવો નહીં."

તેણે એક ખંખાર માર્યો અને શરૂ કીધું.

"આ છે તે એનું 'જીગર'. આ રહયું એનું 'પીનીયન' જે 'ટોગલ-જોઈન્ટ' ને 'વોબલર'ની સાથે જોડી નાખે છે. આ કરોસ્ત એંગલે જતું 'ફ્લીપર' આ નીચેનાં 'જેબર'ની હીલચાલ ઉપર કાબુ રાખે છે."

ખરીદ કરીને એ પીડાને કહાડવી કે નહીં તો તે હીંદુ એજંટ નું ખુન કરવું. મેં પેહેલો વધારે સવળ માર્ગ અખત્યાર કર્યો. ખરૂં કહું તો નવમી વખત જયારે પેલો એજંટ મારી પાસે આવ્યો ત્યારે જેટલો તે પોતાનો સાંચો વેચવા માટે આતુર હતો તેટલોજ હું તે વેચાતો લેવા તત્પર થઈ રહયો હતો.

તે ડબલ એક–એકટીંગ કુપ્લેને મારે ઘર ડ્રાઇંગ–રૂમમાં એક શોભાયમાન ટીપાઈ ઉપર મેલ્યો. આહ બ્યુટી! બ્યુટી!! પેલો હીંદુ એજંટ અમને આ યંત્રને ચલાવી દેખાડવા અમારે ત્યાં આવ્યો. સાંચા આગળ બેસીને અઠાવીસ મીનીટ સુધી તેણે ત્રણ દોરાનાં કાટલાંઓ માહેલો સઘળો દોરો તે મશીન ની કાંઇ પચાસેક સોયોમાં પોયા કર્યો. અહીથી દોરાનો છેડો કાહાડીને તહીં–ઉપર નીચે–આસ અને પાસ તેણે દોરાના આં ટાઓ એવા તો વીંટાળી લીધા કે સાંચો જાણે દોરડાં દોરડાં વાળી એક લડાઇની મનવાર હોય તેમ દેખાવા લાગ્યો. પછી તેણે કાંઇ સીવવાનું માગયું. મારી ધણીઆણી પાસ એક આખો મસલીનનો ટાકો હતો તે તેણીએ લાવી આપ્યો.

આખો ટાકો ઉખેડી નાખી એજંટે તેને છ ઠેકાણેથી આમ તેમ ફાડી નાખ્યો, પછી તે કડકાઓ પોતાના આંગળાં ઓમાં પકડયા—અને—

મશીન ધડાકા અને કડાકા બંધ ચાલ્યો. હું, મારી બ ઇરી અને મારો બેટો તો ડાચું વકાસીને આ તમાસો જોતાં ઉભાં. ડબલ એક–એકટીંગ કુપ્લેનું 'જીગર' ઉપર ગયું, 'ફ્લી પર' નીચે આવ્યું—(માફ કરજો મને એ બધાં નામો બરાબર

એક જરૂરની નીશાની !



આ ગ્રહસ્થને ઓળખો છો કે?

એવણ ઘણા સુધરેલા સાયનટીફીક વીચારના એક ગગા છે. એવણે કેઠે વાંચ્યું (યા સાંભળ્યું) કે અશો જરથોસ્ત પયગમબર કાંઇ અહુરમઝદનું મીનોઇ inspiration પામેલા એક મહાન પયગમબર હતાજ નહી: જરથોસ્ત તો માત્ર તમારા અને મારા જેવા એક સાધારણ માણસ હતા —અને પોતાના જમાનામાં ઘણા આગળ વધી ગયલા એક ફીલસુફ઼જ હતા. આટલા ઉપરથી આ પારસી ભાઇએ હવે પોતાનો આ નવો ફતવો જરથોસ્તી કોમમાં ફેલાવવાનું બીડું ઝડફ્યું છે અને જેબી કોઇ મળે છે તેને પોતાની નવી 'થીઅરી' સમજાવી પોતે કેટલા જણને વટલાવ્યા તેઓનાં નામની ટીપ કરતા જાય છે

નોટ—આ માણસને કયાં એક કકડાવીને લાત મારવી જોઇયે તેનો મારકો કરવાની મેં છુટ લીધી છે. જે જગ્યાએ આવી X નીશાની કીધી તે જગ્યા સીવાય બીજે કેઠેબી હું ભલામણ કરી શકતો નથી. માણસ જરા ગળે પડુ છે.]

ઇરાન!—અહા—હમવતન ઇરાન!!



ઇરાની પ્રજાના હરખભેર આમણત્રણ અને ત્યાંના મુલ્લાંઓના આજીજી ભર્યાં ઇજનથી ઉલટમાં આવી જઇ બેજન બાલીસુખરે એક મુરડાળ ગધેલું, એક સેંકડ હેંડ બંદુક. અને કટલરી બજારમાંથી બે ત્રણ જુના અસતરા વગેરે વેચાતું લીધું. બેજન સંગાત પાહલી મરઘીચોર સુખલો નાદારી, મેહલ્લી ઘાસલેટ, સોહલું ઇચ્ચમ, નવલુ કોમરાદ, આદર પોશાગીર, અને હોમલુ તરકટીબી ટોલી થઇ ને ઇરાનમાં ટંકસાલો ખોલવા માટે જવા તલપી રહયા પણ સત્યાનાશ જાય એ ખચરાનું—ઇરાનની સર જમીન સુધી જતું તો બાજુએ રહયું બેજુના સોનાપોર આગળ ચાલી મુતું નહીં!



કહેજે ડાકટરો તો આજે જાણ્યા જોયા વગર ભચ્યાભચ્ય રસીઓજ દર્દીના દીલમાં દાખલ કરી અત્યાપાત અને સને-પાત કરી મુકે છે.

આ વાંચી બીચારો ધનજુ ધ્રુજરો કેટલી કેટલી રાત થઇ સુતો નથી! તે સમ સોગંદ ખાઇને કહેછે કે એક દહાડો જરૂર એવો આવવાનો કે જયારે માથું દુખ્યું કે ખાલી તાવ આવી તોબી ગોલામના ખાધા રસી— મુકુ ડાકટરો આય એમ પોતાના ઘરાકોને સીરમ ઇનજેકટ કરશે!



ગુડ બોય ?

—o—

મોટાબાના માથાં પર બાલનું એક પી સતું બી નથી—તમામ ટાલક છે.

નાપાકની જણી માંખો તેવણના માથાં પર બણબણ થયા કરી તેવણને જંપીને જરા એક ઝોકો બી ખાવા દેતી નથી,

તેવણની દીકરીનો દીકરો અદી ઘણો ચબરાક દુકતો છે. મમા હલવાની ઉપર પેલું તારની જાલીનું પીંજરૂં ઢાંકીને માંખને કેમ દુર રાખેછે તે એણે જોયલું છે. કાંય નહીં મોટાબાના માથાંપરબી તે ઢાંકીને બીચારાને કરારથી જરા સુવાની તે સગવડ કરી આપે ? —ગુડ બોય ! વેરી ગુડ બોય !

દોરાબ—(વીંટી પેહરાવતાં) ડીયર, આએ વીંટી મેં તુંને પેહરાવીછ તે વાત હાલ તુરત છુપીજ રાખવાની રાખવાની જરૂર છે. કોઇને કહેતી ના, હં !

ધન—જરૂર કોઇને નહીં કેહવશ, પણ તારે આએ વીંટીનો હીરો ખરો છે કે ખોટો તે જણાશે કેમ ?

તમે બાનુઓ સાથે ટેનીસ રમ્યા છો કે?



મીસ દીન બાઈ ડબર-દીંગ—મી૦ ફરદુનજી, છે તે–તમે લેડીઓ સાથે તમારો હંમેશનો "યુઝુઅલ" જોરાવર ગેમ તો રમતા નહીંજ હોશો?

મી૦ ફરદુનજી ફુંકારયા—(જેવણને મીસ ડબરદીંગની ખરવસતર કાંડીના સ્ત્રોકસનો કંઇ ઘણો મનપસંદ અનુભવ છેલ્લાં 'સેટ'માં મલ્યો નથી)–નહીં–મકું હું લેડીઓ સાથે તેમ રમવા તો ઘણુંબી માગુંછ–પણ અહીંના બઇરાંઓ આગળ મને manly રમત કરવા તો ચાન્સજ નથી મળતો.

એવોજ છે દુન્યાનો બેતાલ બેઢંગ !

જુવોજી—આય દુન્યા કેવી દગલબાજ છે ! એક બારીસ્ટરનોજ દાખલો લેવો.



જયારે પોતાનાં કુલ (બંધવા)નો પોતે બચાવ કરે છે ત્યારે તે બંધવાને આ બારીસ્ટર **આવો** ચીતારે છે !

જયારે તેજ બંધવાની વીરૂધ તાજ તરફથી એજ બારીસ્ટર થાય છે ત્યારે તેને **આવો** ચીતારે છે !!



પગભર થતી એક મોતેબર હીલચાલ.

—o—

મારા વાહાલા
દોસ્ત કેકુ—

તું જાણીને ખુશી થશે કે "પારસી કોમના કુંવારા છોકરા છોકરીઓ વચ્ચે કાજ કરાવી આપનારી મંડળી" સ્થાપવાની આપણી કોશેશ ઘણી ફતેહ સાથ આગળ વધતી રહી છે. એના સંબંધમાં ગઇ કાલે હું 'જામે'ના એડીટર આગળ ગયો હતો અને તેવણને મેં 'જામે'માં પરણવા લાયક કુંવારી પારસી છોકરીઓની એક ટીપ પ્રગટ કરવાની ફરમાશ કરી હતી. તેવણે મને જે push આપ્યો છે તે ઉપરથી તુંને હું ખાત્રી સાથ કહું છું કે **આપણી હીલચાલ ઘણી પગભર** થવા માડી છે.

લા૦ તારો આશાવંતો,

કાવસ કડકાબાલુસ.

નાની રતાઇએ જયારે સાંભળયું કે તેણીના નવા ભાઇનું કાંઇ નામજ ન હતું ત્યારે તે ઘણી અજબ થઇ. "અલે, માંયધી, એ તાંઇ આપલો ઠોકળો નહીં હોતે, કોઇ બીઢાંનો હોતે, આપી દેઓ!

એક વીચીત્ર રોપો.



આ ઘણો વીચીત્ર જાતનો રોપો છે—નહીં? કહેજો એ અતીસ્ય કીમતી છે અને માત્ર તુરકસ્તાનની એક પાહડી કદણમાંજ મળે છે. બા—આપણે શું જાણ્યે? પણ જાણકાર બાયોલોજીસ્ટો, જીયોલો જીસ્ટો અને ફેં કોલોજીસ્ટોનું કહેવું છે કે આ પાળો કુદરતની સઉથી પહેલી પેદાશ તરીકે એડનના બાગમાં રોપાયો હતો અને તેની ડાલીપર જીવતાં માણસો ઉગતાં હતાં!! નહીં માનતાં? ઓહ્છી પીડા! પણ જરા તમારી પોતાની ખાત્રી કરવા આ તમારા હાથમાંની આ ચોપડીનાં પાનાને ઉલટું કરીને આ પીકચર ગમ જોશો?

કેમ જી—હવે ખાત્રી થઇ?

ચીબીચાબી ધનકુબાઈ—(ઓળખાણુવાળા ગ્રહસ્થને) જાણે સમજો કે મારી ઉપર સોરતી ભરવામાં આવે તો તમે એક ટીકીટ લેવો કે નહી?

ગ્રહસ્થ—ઓહ, મોટી ખુશી સાથે, કેમજે હું જાણુંછ કે જયારેબી હું સોરતીની ટીકીટ લેઉંછ તે ખાલીજ જાયછ, કોઇ દહાડે કાંઇ આવતું નથી એટલે પછી બીહવાનું શું?

મારાં માકાં ડોસાંને જી!

(એક કેરેટર સ્કેચ.)

મારાં માકાં ડોસાંને બધા જી! યેહ?—વગી આમ હસવા શાને પડી ગયો? એવણુને શું છે જે તું આમ ખીખી ખાખા કરવા લાગ્યો છે? હા, ખરૂં છે કે બીચારાં માણેકબાઇને બનાવતી વખતે ખુબસુરતીનો ફરેસ્તો ખોદાયજી પાસે ઉભેલો નહીં તેથી જરા ભુલચુકમાં ડોસાંનું નાક પપેટા જેવું થઇ ગયું અને એવણનો અંબોડો દમોરી જેટલો રહી ગયો. બાકી જા, તારી હીંમત હોય તો માકાં ડોસાંને પોતાને પુછ; તુરત તને જવાબ મળશે કે "ઓવાય માંદ લાગા, એમ એકદમ ચરી સાવરે ગીયો? મને કીયા મુવા કુત્રાએ કરડી કે એમ નાક નસકોરાં કરેછ? હું તે શું ખુબસુરત નહીં કે?-તો લેરે! મને ચાહનારો જી ભરૂં કોઇ માટીડોબી ઉતો કે નહીં? આજ કાલની રાંડો દુકતીઓ કપાળે ચાસ જેવું મુવું કાંઇ એબલગામણું ઉગારીને નાચતી ફરે તે તું હરવાયાને......" ઇત્યાદી, ઇત્યાદી. આ ધરાકા પછી જો તું 'દાહડાબર્યાં' ને હાંસાની ગુચ નહીં થઇ આવે તો, ભાઇ, તું સાધારણ માણુસ નહીં.

શોકરાના દાવરે દાદગરના! આજે માણીબાઇની ૭૯ મી મુબારક સાલગરેહ છે; હા, ભાઇ સાહેબ, સીતેર આખી દીવાળી અને બીજી નવ ઉપર! નવું કોરૂં, કકડતું, ધો-તું, અસત-

રીવાળું બદીયાન, આંખના ભવાં સુધી તાણીને બાંધેલું નવું માથુંબાનું, તદ્દન નવો નેટનો સદરો, પોહોલી પાટકા જેવી કોર સાથની કાંદા પપેટાભાતી પીળી ચટક ઇજાર અને બન્ને પગમાં ધોતાં ફુલ જેવાં બે સફેદ ઇસ્ટાકીનો સાથે માકાં ડોસાં હમણા મારી સામે એક ખુરસી ઉપર બેસી મારા નાનકડા 'લુલુ' સાથ 'નાખ–ટીપકી' રમે છે. તેવણ રમવામાં એટલાં તો મશગુલ છે કે હમણા હું અહીંયાં બેઠો બેઠો શું ચીત્રછું તેનું તેવણને કશું ભાન નથી. બીચારાં માકાં ડોસાં ! બીજાં ૭૯ વરષો ભુધી એવણ દુશમનને કશીબી અલવસ આવે એવાં ચીન્હો દીસ્તાં નથી. આજેબી તેવણ મારામારી કરી તથા ખુમ બરાડા પાડી અમારે ત્યાંની મેજમાંથી પોતાને માટે પોતાનો ભાગ જુંદો કહડાવી રાખે છે અને બત્રીસે બત્રીસ બહામણની ગેરહાજરી છતાં પપેનાસ. ચીભરૂં, પપાંઉં વગેરે ડપાડપ મોહોમાં ઉછાળી પોતાના પારાઓ વડે બચર બચર ચાવી જાય છે. આજ દીને આ મારી 'ઘડી ચપકો' ચોપડીની અંદર એ મારા બાવાનાં માસીના કાકાની સામીના દીકરાની ફુવણ સાસુના બપાવા સસરાની ભગીજીની નણંદના મમાવાના બંધેવીના બેહેનની જાણવા જોગ જીંદગીનો કાંઇ ટુંક વરૂતાંત આપી એ મારાં અતલગના સગાંને હમેશગીના સાગરમાં ઝોંકાવી દઇ બસ જાવેદાની સુધી અમર કરી મેળવાનું મેં બીડું ઝડપયું છે.

એ માકાં ડોસાં ! માહરાં વહાલાં સગાં ! તમે જયારે સદર બદર મરી જશો ત્યારૂ હું કેવાં બોર બોર જેવાં આસું પાડીને ડુસકે ડુસકે રડીશ ! તમારીં સુકકાં છોડીયાં જેવી વાર-

નીસની બે સપાટ, તમારો માનીતો દબરડીંગ ચસ્મો તમારૂં મરોડદાર કાનનું ભુંગળું તમારા ગોયા પછી મારી આંખે ન પડશે તો હું કેવો જીવતોડ વીળાપ કરીશ! ખેર નસીબ!!

બાસઠ વર્ષની કાચી ઉમરે—મકુંજે—માકાં ડોસાંનો શીરછત્ર પ્રતીપાળણ કરનાર બખતાવર બદલો, લકબે બરજોરજી બકરા દેવલોક થયા અને બીચારાં નવજવાન જુવાન જવાન માકીબાઇને વીધવાવસ્થા પ્રાપ્ત થઇ. (ગભરાઇશ નહીં, રફીક, આ વાકય સેવકે અઠવાડીક "ગુજરાતી" માંથી તફડાવ્યો છે.) રે, ભલા બજાં! તું ગયો—તારી મોહોરદારને રડતી મેલીને ચાલ્યો ગયો! તો પણ શાબાશ છે તારી દુરઅંદેશીને કે તારી મીઠઠી પ્રીયાને માટે ફરજંદોની ગેરહાજરી અને સાત હજાર રૂપ્યાની લોન જોડે તારાં આઠ ધીલાં ધીલાં કસના વાસ્કુટો અને તારા બે જાડાં ગરમ લાલ ડગલાબી વારસામાં મુકી ગયો. જાણીને પેલી જહાનમાં તારાં રૂહને બાગબાગ કર કે માકાં ડોસાં આજેબી તારાં વાસ્કુટો મોટી હોંસ સાથ પેહેરે છે અને ઠંડીના દીવસોમાં તો એવણને તારા ગરમ ડગલા વગર એક મીનીટબી ચાલતું નથી.

બોલ—બોલ, હે તું પાનાઓના શોધી કહાડનાર, તારૂં મોહ ખોલીને કાંઇ છુપા અવાજથી બોલ, કે પાનાં રમવાનો શોખ એટલો બધો એકદમ શા માટે માકાં ડોસાંના જઇફ મગજમાં ઉતરી પડયો હશે? બાપરે; બાપરે!! માકાં ડોસાંને જો પાનાં આપી ને 'નાખ-ટીપકી' રમવા બેસાડો તો આખો દહાડો ખાવાએ નહીં માગશે. જો કોઇજ રમનાર મળતું નથી તો માળપરના ભાડુતનાં પાંચ પાંચ છ છ વરસનાં

છોકરાંઓનેબી ધરી પકડીને રમવા બેસાડે છે. કોઇ જીતે તો માકાં ડોસાંનો જીવ ઉચાટ પડી જાય છે. ભુલેચુકે જો તેવણ બચ્ચાંઓને હાથે પાના દાવમાં હારી ગયાં તો આખો દાહડો તેવણ બીચારાં દરેક જણ સાથે છીટાં શોધ્યા કરે છે. તમારા ગુલામને કોણ જાણે શું રોગ લાગું પડયો છે કે જયારેબી એવણ પાનાનું નામ કહાડે છે એટલે બરાબર તેજ ઘડીએ તેનું માથું દુ:ખવાનું શરૂ થાય છે. જયારે કોઇજ રમનાર શોધ્યું જડતું નથી; ત્યારે બાપડો અમારો તેહમતન બબરચી હીંજો પકડાય છે. તેને પોતાની સામે એક ખુરસી ઉપર બેસાડી તેની પાસે શાહાનામાંનો ગુજરાતી તરજુમો મોટે સાદે વંચાવે છે, અને પોતે કાનમાં ભુંગળું દાબી સાંભળવા માંડે છે. વાંચનાર, સાંભળીને ધુજ—કે સદરાની બોંહેંછેક ઉપર સુધી ચઢાવીને જયારે નામચીન હીંજો તાણમાં આવી જઇ ફીલસુફી ડાચાં સાથ રૂસ્તમ સોહરાબનું દાસતાન પોતાની સુફ્યાણી ધપમાં લલકાર્યો જાય છે ત્યારે બીચારાં મારાં ગરીબ માકાં ડોસાં (પરવરદેગાર તેવણની ઉંઘને સલામત રાખે!) ઘરોઘર ઘોરવા પડે છે! બપાવા હસો ના—હસો ના! હીંજો જો બેંસાસુર રાગડો તાણીને આમ હલેકું ગાયો જાય, તો માકીબાઇ (બીચારૂં બુંહું મનખ!) ના ટોપચાં વીંચાઇ વીંચાઇ નહીં જાય, વારૂ?

અરે યાર, માકીબાઇની સુઘડાઇ શું પુછે છે? આફ્રીન! આફ્રીન!! હું ઇચ્છું છું કે એવણના કરતા તું અડધોબી સુઘડ હોય. જા, જોઇયે તો એવણના ઓરડામાં જઇને એવ-

ણના ઢોલ્યા ઉપરની ચાદર તથા કુરતની જો. જાણે અબધ-ડા ધોબીને ત્યાંથી ધોવાઇ આવેલી! મકદુર શું તારી—મકદુર શું બીજા કોઇનીબી—કે એવણની રજા વગર તમે લોક તેવ-ણનાં બીછાણાં ઉપર ચઢી બેસો? એવી તો જોસબંધ રીતે કાંસી કરાંજીને તે તમારી બેઅદબ ચાલ માટે પોતાની સીના-ફરાખ નારાજી જાહેર કરશે કે ફરીથી તમે નાદાનો તેવણના ઓરડામાં ફડકશો નહીં.

માકાં ડોસાંને ઝાડપાનનો સોખ કમતી નથી, હો. અમારાં ગરીબ ઘરમાં બગીચો તો કયાંથી હોય? પણ એકાદ બે મટોડી સાથનાં ખાલી કુડાં હું આ ધર્થીની રોશની જોવા પામ્યો તેની બરાબર બેંતાળીશ વર્ષ અગાઉના અમારાં ઘરના આગલા ઓરડાની બારીઓનાં છજીયાં ઉપર પડી રહેલાં છે, અને આજે જનમારાઓ થયા અમારૂં કાબેલ ચંચળ કુટુંબ પોતાનાં અસાધારણ મગજોને અદભુત જોશ આપી પોતાની અથાગ કલ્પના શકતીમાં એ બે ખાલી કુડાંને ઇડનનો બાગ સમજતુ આવ્યું છે. ત્યારે હવે લ્યો; એજ અમારા બગીચાંમાં ઝાડપાન, ફળફલાદી માટે પોતાની હોંસ માકી ડોસાં તરૂપ્ત કર્યાં જાય છે. આજેબી બારીની બાહેર તમારૂં ડોકું કહાડશો તો બંને કુડાંમાં મેજમાંથી ફાજલ પડેલા વાસી તુરાઓ યાતો અનીનાસનાં ડુંઠાંઓ ખોસી દીધેલાં જોઇ તમારી 'નાસીકા ઇદ્રીયા સંબંધી મજ્જા તંતુમાં આશ્ચર્યકારક આકુળવ્યાકુળ'ની એક તરેહની અણગમતી અસર ઉતપન થવા સાથ તમારી દ્રષ્ટિનાં તેજમાં પણ કાંઇક લગાર ખલલ પડશે.

એક વાત કાનમાં કહું? બીચારાં ભોળાં માકાં ડોસાંને ગોરા ગોરા સોહામણા જુવાન માટીકાઓ ઘણા ગમે જો.

તમારા સેવકને તો એવણુ ઘડી ઘડી પેટમાં ચાંપીને કોટી કરે છે. પણ કોઈ બીબી બાબી ધનકુબાઇ ભોગ ચોઘડીએ ફુમટાં ફુમટીઓ લટકાવીને જો એવણુ પાસે ગઇ તો તાબડ-તોબ એવણુના કાસણુ મોરનો ઇસ્ટીમ શરૂ થયલોજ છે; અને પછી અડધાં કાને ઉંચાં તો છે તેમાં પુરાં બેહેરાં ભીત થઈ જઈ નવાં મળવા આવનાર બાઇસાબની ધીરજને તેવણુ તપાસની એક કમબખત કસોટી ઉપર લાવી મેલે છે.

તમારા સમ ! આટલી ઉમર થઇ ગઇ તોપણુ એ ડોસાંના શોખો કમતી થયા નથી. અમારાં ઘેરમાંના મોહ સ્વાદયાંમાંથી ભોગજોગે જો એવણુને એક રતીભારબી ઓછો ભાગ મળ્યો તો બસ છેડાઇ પડીને એવણુ ઘર ગજાવી મેળે છે. કોણુની માએ સુંઠ ખાધી છે કે સુકકા ભુમલાનો તીખ્ખો તીખ્ખો તમતમતો પાટીયો બનાવે ને માકાંને તેમાંથી ભાગ નહીં આપે? કોણુની હીંમત છે કે ભજીયાં ચટણી મંગાવે અને માકીબાઇને તેમાંથી જરા 'આફર' નહીં કરે? માકાં ડોસાંને અચાર, કચુંબર, ચટાકા વગેરે તીખ્ખાં ખાટાંનો શોખ ભારી છે બા. ચટાકાને એવણુ 'સીપાઇ' ના નામથી બોલાવે છે અને 'સીપાઇ' ની મદદ વગર કાંઇબી ખાણું લેવું એ તેવણુને મનથી એક શર્ફ હેમકાઈ છે. ગઇ કાલેજ તેવણુને મેં બોલતાં સાંભળ્યાં કે "મરેરે, રતન, આજે કેટલા મહીના થયા લીલો હલવો તો મેં મોહોના ઉપર મુકયોજ નથી. ચાલો, આપરે ચાર દોહોડયાનો ભાગમાં કાસમ પાસ મંગાવ્યે." રાતના ખાધા પછી દરરોજ તેવણુને સોડા પીવાની ટેવ છે કે મજેહ તરેહથી જરા બે ચાર મોટા મોટા અટકાર આવે.

માકાં ડોસાં તમુને ઝટ દઇને બે ચાર પૈસા કહાડી આપે ખરાં કે ?—ભરૂસે રહેજો !

ચીસ્સાં તો એવણ જેવાં કહેછ તેવાં છે. બીચારો નાનો લુલુ તથા અદી બબ્બે કલાક સુધી એવણના પગ ચાંપતાં બધાં અકૂળાઇ ઝીંકાઈ જાય છે તો માકાં ડોસાં એ બે જણ વચ્ચે એક આખું ત્રાંબાનું દોહડયું બસ ધડાક દેતું કે એકદમ કાહડી આપે છે. તરકારીવાળોબી કમબખત કોઇવાર ફફડો ચટકીને અડધો થઇ જાય છે, કારણકે એક રૂપ્યાની કીંમતના માલનો ભાવ પઠવાનું માકાં ડોસાં બરાબર ત્રણઆનાને સવા ફદીયાંથી શરૂ કરે છે.

બસ, આજે એટલો હેવાલ લખી આ લખાણ અત્રે સમાપ્ત કરૂં છું. ખબરદાર જો કોઇએબી તે માકાં ડોસાંને કાને હરફ પાડયો છે તો ! એવણ જો મારી સાથે ઉંચ્ચે મોહોડે ફરશે અને એવણને ફુંકી આપનારનું નામ મને જણાશે તો તેનો હું ટોટો પીશી નાખશ. હા—સાફ કહી મુકું છું.

દાદા મારા, હું ફરીથી કહું છું કે ડોસાં પાસે સાતેક હજારનો છાદો છે અને અમારે ત્યાંના બરાબર સાડા અગ્યાર જણાનો તેની ઉપર ડોળો છે. એવણને ટાઢાં મીઠ્ઠાં રાખતાં રાખતાં હમારાં લોહીનું કેમ પાણી થાય છે તે જાણોછો ? ચળકતા રૂપ્યા કાંઇ આજે ઝાડપર પાકતા નથીબા. મને શું અભાગ લાગી હોય કે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે હું મોહોડું ધોવા જાઉં ? નારે બાવા, ગંગારામ મેહેતાજીએ ત કાંઇ આપણને શીખવેલું નથી. ચાલો, સલામ અલેકુમ !

તમારા ધણીને કાબુમાં કેમ રાખશો.

રાતના તે જનાવરને કરારે મજેહથી ઘોંટાવા કદીએ દેતાં ના!



યાદ રાખજો! તમારો ધણી–વર–ભરથાર (ગમે તે નામે તેને બોલાવો) તે એક એવું જનાવર છે કે જેને પહેલેથીજ કાબુમાં રાખવાની અવસ્ય જરૂર હોય છે. ઘણીક સ્ત્રીઓ શરૂઆતથીજ નાખતી કરે છે—નમતી દોરી રાખે છે–પછી તે હુલક એ પશુ ગધેડું પાછળથી બૈરીને બદતું નથી.

માટે એવાં જોખમ ભર્યાં પ્રાણીને હાંએલું રાખવા માટે સઉથી અવસ્યનો રસ્તો એજ છે કે રાતે તેને કરારથી ઘોંટાયા કરવાની ટેવ પાડવીજ નહીં. તમારૂં બચ્ચું રાતના જાગે તો તમે ઉજાગરો કરો ને એ અલ્લું પાડાની કાની મજેહથી ખરોખર ઘોરે એ શરમની વાત છે. રોજ રાતે પાસે એક તવાથો લઇને દરેક બઇરીએ સુવું ને રાતના ઓછામાં ઓછા ત્રણ કલાક આમ જાગતું રહેવાની 'ધણી' નામના જાનવરને આદત પાડવી. ત્યારેજ એ મુવા માટીડાઓ ઠેકાણે આવશે.

વધુ વીગત જોઇતી હોય તો કુકાઆઇસાસુ ને 'પાજામ'ની ડેરમાં પુછાવવું. (બે દોઢીયાંનો સ્પાંટ બીડવો!)

ધણીઆણીને કાબુમાં કેમ રાખશો?

“ધી જાલમ—ઝુવાક ઠેકાણે—લાવનાઇંગ મીજાજ---રેગ્યુલેટર !”



“એરૂ આપણા કુબ્યા સર નહીં ચાલે તો પછી ખોદાયે આપણ માટીડાઓને વધારે જોરાવર બનાવ્યાજ શાને માટે ! જે શોધનું પેટંટ અહીં રજુ કીધું છે તે ગમે તેવીબી તમારી ઝાલમ ઝુબાકી વાઉ પર પહેલા આંઠ દાહડા તદન મુફત—વગર દામે—લાગુ પાડીને તેની રામબાણ અસર ઉપજાવી આપવાનું માથે લેવામાં આવશે. જો તમારી બૈરાની લુલી આ યંત્રથી તમારા કાબુમાં નહીં આવે તો એ પેટંટ ખરીદતાના. એક ફ્રીત્રાયલ આંઠ. દહાડા લઇ જુવો! નાની મોટી દરેક સાઇઝના મઝલો અને ચઢ ઉતર વજનની સાંકળો મળી શકશે. દોલી ડાઇને-માઇટને 'પીજામ'ના કેરમાં લખવું.

તમુને કઈ જીંદગી પસંદ છે, બઈરાંની કે માટીડાની ?

"એ તે કાંઇ વરી સવાલ પુછવાનો હોય? અલબત, વરી બઇરાંનીજ જીંદગી વધારે સારી" મેં મારી ઓળખાણની કેટલીક બાઇઓને એ વીશે પુછતાં મને ઉપર પ્રમાણેનો જવાબ હમેશ મલતો. બઇરાંની જીંદગી શા માટે તે લોક વધારે પસંદ કરેછે તેનું કારણ પુછતાં નીચે પ્રમાણે તેઓએ એક બઇરી થવાના ફાયદાઓ બતાવ્યા જે હું એક મારી ઓળખીતી બાઇ (જેણાણ દેખાવમાં મજાનાં રમકડાં જેવાં છે, તેવણ)નાજ બોલમાં–તેવણનીજ ભાષામાં ઉતારી લેવું છું. તે માટીડા ઓને જીભરાયાઓને કાંઇ ઘણા રૂચવાના નથી તે વીશે મારી ખાત્રી છેઃ—

"ઓવાય, બઇરાંની જીંદગી તુંને કાંય નહીં ગમતી? જો સાંભર. પેહલાં સહુથી મોટો ફાયદો તો એ કે ખોદાએ ખુબસુ-સુરતીની રેલછેલ બઇરાં પર કીધીછ. મોટો ભાગ બઇરાંનો જોશો તો મજાના ગોરાં ગોરાં, ખુબસુરત, નાજુક! માટીડો જો એવો કોઇ ગોરો ને ખુબસુરત હોય તો કેહશે કે બઇરાં જેવો બાયલો છે. માટીડાઓ જોશો તો મ્હોંડાં પર અહીં બાલના ખુંપરા, તાંહ મોટા મોટા ઠેબ્યા, દાહરીને મુછ! વરી બઇરાંને મુછ દહા રીની કરાકુટ કેટલી ઓછી! નહીં તો સહવારના પોહરમાં મુવા એબદાર જેવા હજામ પાસે ખરર ખરર હજામત કરાવવી પરતે. એએએએ! હજામ મુવો બર્યો ખાટોબટ વાસ મારે, હજામત કરતી વખતે ઘચાઘચ અટકાર ખાય, ને જો

જરા માટીડો ધમકાવે તો અસતરાએ ચપ દેતો કે ચપકો મુકી દે! ને હજામત નહીં કરાવે તો કેહ કીયા કાકાને! બીજે દહારે બરીયા ઘાસ જેવા ખુપરા એવા મોહના પર નીકરી આવે કે જાણે કાંટાનું વન મોહના પર ઉગારયું હોય! બલ્લા જાનેરે એવું માટીડા થવાને! માથાં પર લાંબા બાલ તો રખાય નહીં. જરા જરામાં તેનેબી કતરાવી કાહરવા પરે. બઇરાંના લાંબા બાલની તો કેવી શોભા છે, તે કાંઈ માટીડાઓથી રખાયછ?

(બરાબર છે! હવે તો "સુધરેલા" માટીડાઓ મુછ રાખતાંબી શરમાય છે!—**પીજામ**)

પણ એટલુંજ કે? બઇરાં થવામાં તે બીજા ઘણા ફાયદા છે. આએ દુન્યામાં બઇરાં વગર ચાલેજ નહીં! જરા જરામાં બઇરાં, જરા જરામાં બઇરાં માટીડાઓને કેટલું માન બઇરાંઓને આપવું પરે! કોઇ મેળાવરામાં બઇરાં આયાં તો ચાલો—માટીડાઓને ઝારૂ, ઉઠો બઇરાંને જગા આપો- કીરીકેટ મેચ જોવા ગીયાં—(તો જો કે બઇરાંની જાતને ખબર નહીં કે ક્રીકેટ તે શું ને મેચ તે શું)—પણ બઇરાંઓને બેસ્વાની જગા આપવા વગર કાંઇ ચાલે? પછી બઇરાંઓ તાંહ બેસી સમજયા વગર જે તે ભમરડા બારે તેથી માટીડાઓ ખારના મારયા ગમે તેટલું હસે ને મશકેરી કરે પણ કાંઈ ઉઠીને બઇરાંઓને જગા આપવા વગર છુટકો છે? કોઠે કંઈ ભાશાણ હોય તો બે આગલી હાર બઇરાંઓને વાસ્તે ખાસ! ઇસ્ટેશન પર કે ફરવાની જગાએ બઇરાંઓને માટે બાજઠો ખાસ! મકદુર સું માટીડાઓની કે તેની પર બેસે! આપરે પાખરૂં પકરીને ઉઠારીયે! વરસાદ આવતો હોય તો બઇરાંઓને પેહલે છતરી ઓઢારવી જોઇએ ને માટીડાઓ પછી ગમે તેમ વરસાદ

માં ભીજાય ! કંઇ બઇરાંઓને એમ ભીજાતાં રાખો માટીડાઓથી છતરી ઓઢાવાની છે ? ભારેની ગારીમાં કેડે બેસીને આપરે જઇએ તો ગારીભારૂં બીચારા માટીડાઓને આપવું પડે ! કેડે ટીપારટીમાં કે ઇવિનીંગ પારટીમાં ગીયાં હોઇએ તો જોઈ લેવો બઇરાંઓ ઉપર ધરાધરી ! માટીડાઓ તે લોકને આઇસક્રીમ ખવારવા, કાફી પીવરાવવા ને બધી રીતે ખુશ કરવા ઉઠલઇ પુઠલાઇ નહીં જતા ? અરે બધા કંઈ પેંગા પેંગા ને વાકા ટીકા તો થઈ જાયછ ! આપરે બઇરાંઓ મજેથી આઇસક્રીમ ચપાટીએ ને પૈસા કોણને આપવા પરે ? માટીડાઓને ! બસ બધી રીતે હારમારીમાં પરે માટીડાઓજ. ગરીબ બીચારા માટીડાઓ ! આપરે બઇરાંઓના હોજરાં ભરવા સહવારથી રાત સુધી ધસડઓરો કરવાનું કામ કોણનું ? માટીડાનું ! આપરે લોક મજાથી સહવારના જરા ઘેરનું કામ ખલાસ થયું કે લારડની કાની ગમે તાહ ફરયે હરયે, સહીમીતાં કરયે, કાપડયાની દુકાને જઇ વરના પૈસા જેમ ગમે તેમ ભોંય કરી આવ્યે. સાંજનાં એસ્કાં મેસ્કાં થઇ ફરવા જઇએ ! તેવું કંઇ માટીડાઓને છે ? બીચારાઓ સહવારથી આફીસમાં કે દુકાનમાં કે બેંકોમાં બળદયાઓની માફક જોતરાય તે સાંજ સુધી. ગમે તેવો વરસાદ હોય કે તરકું હોય બીંજાતા તણાતા કે તરકામાં તેલ કાહરતાબી કામે તો જવું જ, નહીં તો પછી ખાય કોણને ને બઇરી થઇને શું ખવારે ? આએ આપરે તો મજાથી ખુરસીપર લાંબા થઇને ઘેરમાં વાંચ્યા કરયે, બપોરે જમીને ગોદરૂં ઓઢીને સુઇબી જઇએ તો કોણ પુછેછ ? બીચારા માટીડાઓથી કંઇ તેમ કામકાજ

વગર ફરાયું ? ઘરીની વચમાં શેઠ પેંડો આપી દે ને હરામખોર, આળસું, ઘણુસ વગેરે એલકાબો લાગતાવલગતાઓ તરફથી મળે તે તો જુદા!

એ બધા ફાયદાઓને એક બાજુ મુકે તેવો જબરજસ્ત ફાયદો તો હજુ બાકી છે. બઇરાંઓ જેમ લાલ પીરા લીલા તરેહવાર રંગોના કપડાં પેહરી શકેછ તેમ તમારા માટીડાઓ થી થશે? કેવા કેવા સરસ આંખે ઉડી આવે તેવાં જીણાં નરમ કપરાં ને રંગો પેહેરવાનું તો બઇરાંઓનાંજ નસીબમાં કેની? કંઇ માટીડાઓથી લાલ ગાજનો ડગલો ને બલુ હોજરયાનું પાટલુન પેહેરાવાનું છે? જાઓ, જાઓ, બાકી પેહરે તો ઘણા શોભો! તે લોકને તો બીચારાએ આએ કારું ડગલાનું એક ચીઠરૂં ઓરીયું કે ચાલ મારા બાપ! પછી તે બે વરસનો જુનોબી હોય તો માલમ પરેજ નહીં. એસ્કી એસ્કીં ઘરેણાં, મોંઘી દાત હીરા મોતીની જણસોબી બઇરાંઓનીજ! બીચારા માટીડાઓથી તો એકુ ઘરીયાળ, છેરો, કે વીંટીથી વધારે કંઇ પેહરાયજ નહીં! બરયું એ જીવતર! ગાજ, પાજ, સીફોન, હોજરયાં, લેસ, પટાપુટી, ઝાંઝર લંગર, સેંટ, ઘરેણાં ગાઠાં, એવું કંઇબી હોય તેપર બસ બઇરાંનોજ હક! માટીડાઓએ તેનો કંઇબી ઉપ્યોગ કીધો તો તે બાયલામાં ખપે! હવે એ બધા ફાયદા કંઇ જેવા તેવા છે? એ બધું અપાવનાર કોણ? માટીડા, તે લોક બીચારા પસીના ઉતારીને કમાય ને બઇરાંઓ તે ખરચે. ને જો તેમાં જરાક ઓછું પરયું તો પછી બઇરાંઓને રરીને તોફાન કરતાં કાંહ નથી આવરતું? આંખ-

માંથી દાબી દુબીને બઇરીએ આસું પારયાં કે માડીટો મોમ મીસાલ નરમ! માટીડો એમ રડવા બેસે તો કેવો શોભે વારૂ ? બીચારાને દીલમાં ગમે તેવું દુખ લાગતું હોય, ગમે તેવો ગમ હોય પણ માટીડો રરે તે માટીડો સાનો તે તો બાયલો ! પણ બઇરાંઓને તો તે લખીજ આપેલું છે. એકુ સારી ઓઢ્ની પરી કે જણસ નહીં મલી તો ચાઆલો આખો દહાડો ખાઇ-એ નહીં ને રરૂ આવે નહી તોબી તાણીતોરીને ડચકાં ખાઇએ કે આએ બીચારો માટીડો ઘભરાઇ જાય ને બીજે દહાડે સારી જણસ આવેલીજ સમજો! ને એવા ઢોંગ માટીડા કરવા માગે તોબી થાય નહીં. એ તો બઇરાંઓજ ખોદાએને ઘેરથી શીખી આવેલાં! જો આપરે અદરાયલાં હોઇએ ને છોકરો ગમે તેવાં કારણથી કારજ તોરે તો છોકરી તેને ગરદનમાંથી ધરીને કોર-ટમાં ઘસરે ને તેની પાસે ઠોકીને દામીજી લે. પણ છોકરી પોતે કાજ તોરે તો બીચારો છોકરો કોરટમાં નહીં જઈ શકે, કોઇ બેવકુફ જેવો જાય તો ખાસરાં ખાઇને આવે! હવે કોણ કેહશે કે માટીડાની જીંદગી વધારે સારી? બલા જાણે મારી ! મને તો કોઇ લાખ રૂપ્યા સામબા આપે તો છોકરો નહીં થાવું."

ઉપલાં બાઇના મત સાથે કેટલી બાનુઓ મલતી થશે તે હું કહી શકતી નથી. કોઇ માટીડાઓ પોતાની જાતનો બચાવ કરી ઉપલાંનો જવાબ આપશે તો 'ગપ—સપ'ના અધી-પતી તે છાપીને તેઓને ઇનસાફ આપશે એવી આશા છે.

પારસી કોરગાપણું.

બીચારા દીનશાહ દીવાસલ્લીનેબી કોઇ કોઇ વખત જરા ચોપાટી પર બદમાસ થઇ જવાનું મન થાયછ જો! પણ——!



એનું સત્યાનાશ જાય એ રાન સુનઈ ડેગરી (એની હા થની ધરતી)નું! બાહેર દીનશા સાથે ફરવા આવેછ ત્યારેબી ડેડાની ખાધી તેની બગલમાં દોથ મુકીનેજ ચાલેછ. પછી દી નશાને ચાનસબી તે શું મળે? એનો બાપ મરે એ સુનઇનો! ચોપાટી જેવી જગ્યાએ તે કંઈ એવાં ઢીંગલી ગુડીયાનાં ફારસ કરવાના છે? મુઇ સમજીજ નથી મરતી! જરા પાંચ મીનીટબી પોતાના માટીડાને વીહલી મુકતી નથી!!



બા-તમારી "વીજી-લન્સ કમીટી"ને વાસ્તે કોઇ ઉમેદવાર જોઇયેછ?

પારસી કોરગાઓને ઠેકાણે લાવવા તમે લોકો એક "વીજીલન્સ કમીટી" સ્થાપવાના છેઓકેની?

તો લેવો—આય જેનટલીમેન મી. હોરમજી હાંડા માસ્ટર તેમાં મેમબર તરીકે જોડાવા માટે ખુશી છે. પારસી કોરગાઓ પારસણ બાઇઓને સતાવે છે તે જાણી એવણનું લોહી એવું ઉકરી આવ્યું છે કે એવણ ખુનપર ચડયા છે! તેવણને એ લાઇનમાં અંગત અનુભવ છે—અને પોતાના વખતમાં...... પણ તેતો પરકોમની સ્ત્રીઓ સાથ કોરગાપણું ચલાવેલું. આપણી પારસણ લેડીઓ સાથ તો કબ્બુ નહી! એવણનું લોહી ઉકરી આવ્યું છે. વીજીલન્સ કમીટીમાં એવણને લેવા હોય તો 'પીજામ'ની કેરમાં લખવું.

એક અધુરો રહી ગયલો નાટક.

"અરે, ખરેખર! કોણ જાણે એ વીચાર મને આટલા દહાડા કેમ નહીં આયો? ઘણો સરસ 'આઇડયા,' છે" મી૦ જમશેદજી વાંચતાં વાંચતાં એકદમ પોકારી ઉઠયા.

"શું ઘણો સરસ છે?" મીસીસ જમશેદજીએ ડોકું ઉંચું કરીને પુછયું.

"જોની આએ વરસાદના દહાડા કંઈ બાહર ફરવા જવાનું નહીં ને આપરે ઘેરમાં એખલા ઝુરીયા કરીયેછ તેથી મારો વીચાર એમ છે કે આપરે આપરાં થોડાંક "ફ્રેનડો"ની સાથે એક મજાનો નાહલો જેવોજ નાટક ઘેરમાંજ કરીયે. કેમ તારો શું વીચાર, ડારલીંગ?"

"હા ખરેખર, ઘણો મજાનો વીચાર છે. મરૂંરે તમે કેવા હોસ્યાર છેઓ હું!"

"ફકત થોડો ખરચ આપુને "સીનરી" પાછળ થશે. ડરેસનો ખરચ દરેક જણ પોત પોતાનો આપશે. ને આપરે બધાં સાથે એકઠા થઇ રોજ "રીહલસલ" કરશું તો વખત ઘણો જલદી પાસ થશે ને વરી જરા મજાહ પરશે. કેમ ખરૂં કેની?"

"અરે હારે મરૂં, તમે જે કેવો તે ખરૂં. પણ તમે શું ભાગ લેશો? તમે તો જેબી ભાગ લેશો તેમાં શોભી નીકળશો," ધણીયાણી ધણીને મસ્કા લગાવી બોલ્યાં.

"એમ કે? તું હવે મને છેકજ છાપરે ચહરાવેછ હં! વારૂં પણ આપરે કીયો ખેલ પસંદકરીયે? હા, હા, મને બઝમે ફાનીનો ખેલ ઘણો ગમેછ. તેમાં ખુશરો ઘણો બાહદુર છે તે પેલી શીરીન સાથે પ્યારમાં પડેછને ઘણીક કીસીઓ ને કોટીઓ કરી અંતે શીરીન સાથે પરણેછ તે પ્યારના ભાગ તમારો બંદો એવો તો સરસ ભજવી બતાવશે કે બધાં લોકઓ જોયા કરશે."

"વાહ કેવું મજાનું! ને હું શીરીન થવશ હં કે!"

"તું શીરીન! અં—છે તે—નહીંરે તારેથી કંઇ ને ભાગ થાય? શીરીન તો ઘણી જુવાનને નાચતી કુદતી જોઇએ. સબુર, તારે સારૂં મજાનો પાટ શોધી કહાડૂં. આહ, પેલી શીરીનની બુઢી દાસી——"

"તોઓઓઓ! આવજો મોહનું ધોઇને! હુ શીરીનની દાસી થાવું? તાહરેએએ! તમે જો ખુસરોનો ભાગ કરી શકો તો હું શીરીનનો ભાગ કાંય નહીં કરી શકું?"

"નહીં, નહીં માથું ના ખા. હુ જાણુંછ કે તારેથી ભાગ ખચીતજ નહીં થાય. એક તો તારો પગ જરા પેંગો છે ને તું ભારી ડબરા જેવી મારા દીલપર પરે તો સાથે મને-બી તોરી પારે! શીરીનનો ભાગ તો હું પાસેની શરાફની મેહરાંને આપવા માગુંછ તે મજાની પાતલી ઉંચી ને વરી જુવાન એને બરાબર લાયકની છે!"

"હા, હા, ઘણા ડાહયા! શરાફની મેહરાંને! અરે વારૂં! હું પેંગી છેવું તો તમે કાંહ વરી પાધરા છેઓ? કાંહ

"વાંકી ડોકી સટ્રે" જેવા તો છેઓ! કમરમાંથી વાંકા વલી ગીયેલા ને કારા કારા ખુશરો થશો તો ઘણા શોભશો બાઇ્ગીતો!"

"ચુપ, ચુપ, બેવકુફ! તું સારીકાની જાણેછ કે શીરીન થવા તું મુદલ લાયક નથી એક તો તું ઘણીજ જાડી છે, તારા પગ મોટા પંવન પાવરા જેવા છે ને શીરીન થાય તેનો તો સાદ ઘણોજ જીણો ને મીઠો જોઇએ ને તારો સાદ તો ભેંસાસુર——"

"વારૂં વારૂં ઘણું સારૂં! ને તમેબી ખુશરો થાવો તે અગાઉં આએ બોરકાં માથાંપર બાલ ઉગારી આવો, પછવારે મોટું ખુંધ જેવું નીકળ્યુંછ તે કપાવી આવો, મોહડાંમાં બધા દાંત પરી ગીંયાછ તે બત્રીસી મુકાવી આવો પછી ખુશરોના જેવી બાહ્રુરી કરજો! મરેરે એએ, તમે ખુશરો! ખુશરોના નામનેબી એબ લગારો તેવા છેઓ!" (ખુબ હસેછે.)

"મુગી મર એકદમ, નહીં તો તારા દાંત તોરી પારશ, શીરીન થવા નીકલીછ! એક દાદર તો ધસીને હાંફ્યા વગર ચહરાતો નથી ને શીરીન થવા આવીછ!"

"હા, ને તમે ખુશરો થવા નીકલ્યાછ! રાતના અંધારામાં કોટથી કોટ બાહર જવા કેહયું હોય તો બાએલાની કાની બીહેછ ને ખુશરો શું કપ્પાર થવાના છેઓ!"

"ચાલો બસ માડી વારો, અમુને કાંઇ નાટક બાટક કરવો નથી!"

"હા, તે રેહવા દેઓ, બાકીં તમે કાંઇ એમ ના ધારતા

કે હું શીરીનની દાસી થઇને તમુને રાન પેલી નાપાક શરાફની મેહરાને કીસી ને કોટી કરવા દેવશ! રાન તેના ને તમારા બેહુના દાંત તોરી પારશ! ઘડડે ઘડપણ હવે જુવાન દુકતીઓ સાથ નાટક કરવા નીકલ્યાછ તે કંઇ સારા નહીં લાગતા સમજયા!"

આ પ્રમાણે આ નવી જાતનો નાટક અહીંજ પુરો થયો! બેહુ જણા રૂસાઇને પોત પોતાની જગ્યાએ જઇને બેઠાં.

આદરજી અદગરા પોતાની પડોશન આલાં દલાલ સાથે પ્યારમાં પડયા હતા. તેવણ રોજ આવી આવીને આલાંના ઘરમાં બેસતા–પણ આલાં કે તેનાં માય બાવા કોઇ મચક આપતું નહીં. એક દીવસ સરવે જણાં વાતે બેઠાં હતાં. આદરજી પોતાની બાવા આદમને વખતની રમુજથી સરવેને હસાવવાનાં ફાંફાં મારતા હતા એવામાં ઘોડાવાળો અંદર આવી આલાંના માયને કેહવા લાગ્યો, "બાઇ, ઘોડાને સારૂં ભુસું ખલાસ થયું છે તે મંગાવજોજી."

આ સાંભલી આલાંનો નાનો પાચ વરસનો ભાઇ જાલ બોલી ઉઠયો, "માઇધી ભુઠું તલાઠ થયુંત તે આએ આદલજી પાઠે માગોની આપઠે!"

માયજી—આદરજી પાસે ભુસું માગું! હરવાયો એ શું બકેછ?

જાલ—હા વળી તમે તાલે વાતે બોલ્યાં તેની તે આદલજીનાં ભેઘાંમાં તો ભુઠું ભરેલું ઠે?

બુચાનું પેહેલું વરસ.

મેહલ્લાશા મરચાં પંચાવન વરસની ઉમરના છતાં કુમારાજ હતા. તેવણ સાધારણ રીતે મેહેલ્લી કાકાને નામે ઓળખાતા. તેવણના જેવા રરકંડા, ચીરગઉ માણસ વળી થોડાજ હશે. આ દુન્યાની કાંઇબી ચીજ, તેવણને ખુશ કરતી હતી નહીં. દુન્યાની કાળીજ બાજુ હમેશાં જોઇ સારી દુન્યાને પોતાના જેવીજ બળેલી જળેલી અને દુખી તેવણ સમજતા. પોતાની આસપાસનાંઓને દુખી કરવામાં, હસ્તાંઓને રડતાં બનાવવામાં આ "ધુખરાયલાં છાણાં"ને મોટી મજાહ મળતી. પોતે એખલા જીવના, પૈસાટકાવાળા અને દેહના મજબુત હતા તે છતાં—તેવણ પોતે પોતાને ઘણાજ અભાગ્યા, કમનસીબ માણસ સમજતા હતા. તેવણના નજદીકના સગાઓમાં એક ભત્રીજો નામે નસરવાનજી એવણનો માનીતો હતો. ફકત એ નશરવાનજી સાથેજ સેહજબી વાત તેવણ કરતા, અને તે જે માગે તે હમેશ ખુશીથી આપતા—કેમકે તે બીચારો અકકલનો જરા ઓઠરમીર હતો અને કાકા જે ઘટતું અણઘટતું કહે અથવા કરે તે મુગે મોહડે હાજી હા કરીને તેવણને ખુશ કરતો. આ નસલુ આડામુડીનાં લગન નવ મહીનાની વાત ઉપર થયા હતાં અને તેનો સઘળો ખરચ આ મેહેલ્લીકાકાએજ આપ્યો હતો.

"નહીં, મેહલ્લી કાકા, એમ હોયજ નહીં. તમારે જરૂર આવવુંજ પડશે. મારા પેહલ વેહલા હોવાઇ નવાઇના બુચાનું વરસ ઉગે ને તમેજ તેની ખુશાલીમાં સામેલ નહીં થાંવો ?"

"નહીંરે નહીં, માથું ના ખા. મને વરસ બરસ કંઇ જોઇતું નથી." જાણે એરંડયાનો જોલાબ લીધો હોય તેવું ડાચું કરીને કાકાએ જવાબ આપ્યો. "એ વરી કાંહ આપદા?"

"નહીં, કાકા, આપદા શાની? કોઇ બાહરનાં લોક ઘણા નહીં આવશે. ફકત પચીસ તીસેક જણાં હોશે. તમે રાતના જમવા આવજો ને એક નાહલું જેવું ભાશણ કરજો."

"પણ છોકરો બરેલો છે કે છોકરી તે તો કેહ?"

"તે તો હું કેમ કહી શકું? બચ્ચાંનો જનમ થવાની અગાઉ તે હું કેમ જાણું?" હોસ્યાર ભત્રીજાએ જેટલી અકકલ હતી તે વેરી દીધી.

"હેં! હજુ તો જનમબી નથી થયો?" કાકાનું હમેશનું વસણાયલી દાલ જેવું મોહડું જરાક ખુશી દેખાવા લાગ્યું. "ચાલ તાહરેતો સારૂં. કેમ જાણ્યું વખતે તે પોરયું જનમતાંજ ધપી કાંય નહીં જાય? વખતે જનમવાનીબી અગાઉજ પોંહતું કાંય નહીં થાય?" સગનના છોડ કાકાએ ભત્રીજાને ધપકાવ્યો. "જો તેમ થાય તો પછી વરસબી ઉગે નહીં, ખાણુબી નહીં થાય ને મને વરી આપદા ઓછી! કેમ ખરૂં કેની?"

હોસ્યાર ભત્રીજાજી જેવણે ભેંસ આવ્યા અગાઉથીજ ખુંટો દાટી વરસ દહાડાની વાત કીધી હતી તેવણ તો આ સાંભળી હુબતાઇજ ગયા. તેવણને અને મીસીસને બચ્ચાંની ઘણી હોંસ હતી એટલે આ તો ખચીતજ ઘણું નાસીપાસી ભરેલું હતું! "હેં! પણ એમબી થાય ખરૂં કે? વરસ ઉગે તે અગાઉ મરી જાય ખરૂં કે? ઓ હવે શું કરૂં? મારી મેહરાંને કેમ કેહવશ?"

"લે વરી કેહજે થાય કે? તું તો તદન ઉલ્લું છે, નસરવાન, તુંને બચ્ચાંની સમજ્જ શું કે તું જાણે?" બચ્ચાંની માહભારત (!) સમજવાળા કાકાએ જવાબ દીધો. "જોની, ગીયે મહીનેજ મારાં ઘેરવાલાંને ત્યાં એક બુચાનો જનમ થયો. કેવો મજાનો હસ્તો રમતો આયા લઇને બેહીતી તેટલાં અચબુચ કારો ઠનક થઇને આયાના હાથમાંજ સધાવી આયો. નાહનાં બચ્ચાંનું કંઇ કેહવાય? ઘરીની વચમાં કેમ ને ઘરીની વચમાં કેમ?" બીચારો ઓહયો ભત્રીજો એમ દુખાને નાસીપાસ થાય તે કાકાજીને મનથી ઘણીજ ખુશાલી હતી.

"ઓ ખોદાએ, કેવું નાસીપાસી ભરેલું! ઓ મારા બુચારે! તું આવતાને વાર મરી જશે કે? ઓઓઓ."

"વખતે તારૂં બુચું આવતાને વારજ મરી નહીંબી જાય, વખતે એકું વરસ ગબરાવીબી કાહરે. તેવું જો હોસે તો તેનાં વરસને દાહરે મને આવવુંજ પરશે. જોઇએ વરસની આઠ દાહરા અગાઉ મને યાદ દેવારજે, હું વીચાર કરશ, કંઇ સીક આજારી નહીં હોવશ તો આવશ."

"ઓ કાકાજી, તમારી કેવી મેહેરબાની? હું કેવો ખુશી થયોછ! થેંકયુ થેંકયુ!"

આ પ્રમાણે બે દોહડ ચતુરો બુચો જનમ્યાની મહીનો દહાડો આગમજ, અને તેનાં વરસની ખુશાલીનાં ખાણાની એક વરસ આગમજથી આ રસ ગળે ને કટકા પડે તેવી વાત કરી હવાઇ કીલ્લા બાંધી છુટા પડયા.

પંદરેક દીવસ પછી કાકાની નજર ન્યુસપેપરમાં છપાએલા નીચલી જનમ નોધ ઉપર પડી.

જનમ—શેઠ નશરવાનજી આદરજી આડામુડીનાં ધણી-યાણીએ ગઇ કાલે એક બેટાનો જનમ આપ્યો છે.

અરર ! નખોદ ! અંતે જનમ આપ્યો ખરો ! ત્યારે જનમવાની અગાઉ નખોદ ગયું આખરે નહીંજ ધપી ગયું ! કાકાને મનથી જબરી દુ:ખભરી બીના હતી. એમ તે કંઈ સાંધે સલુકે દુન્યામાં જનમવાનું હોય ? "પણ સબુરની–હજુ પછવારે મરત્યુકની ટીપમાં તો જોવું વખતે સધાવીબી આયું હોય તો તાંહ છપાયલું હોશે ! નહીં, નામતો નથી. તાહરે તો મને કંટાલો આપવા બાકી રહયુંછ. પણ કંઇ નહીં. હજુરબી વરસ ઉગે તેની અગાઉ મરી જાય, કંઇ કહેવાય નહીં !"

આ પ્રમાણે રોજ રોજ મરત્યુકની ટીપમાં નજર નાખતા ને બુચાના મરણની રાહ જોતા કાકા એક વરસ થોભ્યા. બુચાનાં વરસનો દીવસ તેવણુને બરાબર યાદ હતો. આઠ દીવસ બાકી રહયા પણ ખાણાના ઇજનની ચાંડી આવી નહીં. સાત દીવસ છ દીવસ એમ કરતાં કરતાં ફકત બે દીવસ બાકી રહયા તોબી કાંઇ સંસારો જણાયો નહીં–એટલે કાકાએ નકકી માન્યું કે પોરયું ધપી ગયલું હોવુંજ જોઇએ. અને તે ઘણી ખુશી ભરેલી વાત હતી ! નકામી જંજાલ ને ખરચ બીચારા નસવાનને માથે વધતે ! ને વળી કાકાને ખાણામાં ભાગ લઈ ખુશી ભરયું મોહનું રાખવાની કેવી મોટી જંજાલ કરવી પરતે ! ને વળી ભાશણ કરી કંઇ ભેટ કરવી પડતે.

પણ નહીં, બીચારા કાકાજીની ખુશાલી જેમ ઘણીજ કવચીતની હતી તેમ તે ઘણોજ થોડો વખત ટકી રહી. વરસની બે દીવસ આગમજ જયારે કાકા ખુશનુમા વીચારોમાં

લીન હતા ત્યારે નસરવાનજીનું માણુસ એક ચીઠી લઇને આવ્યું.

સદા સુખી કાકાજી મેહેલ્લીબા,

હું ધારૂંચ કે તહમે જાનીને ઘના ખુસી થશો કે મારો બેટો જીમી ઘણોજ સારી કાની છે. આયા કેહચ કે એ ઘણો હુસીયાર થસે કાંયજે આખી રાત સુતો નહીં ને રરયા કરેચ. અમે લોક બધાં ઘનાંજ ખુસ છઇએ. ફકત રાતના ઉજાગરાને લીધે આખો દારો જુપન આવેચ. પણ આયા કેહચ કે એ તો થોરા મહીના એમજ કંટાળો ખમવો પરે. અમે લોક તો નાહલ્લાં બચાંની વાત ઘણી સમજતાં નહીં. પણ આયા એમ કેહચ. બુચાને સહીયર મુકાવ્યાચ તેથી આખો દાહરો રરયા કરેચ. આયા કેહચ કે એ તો નાહલ્લાં બચાં સહીયર મુકાવે તેહરે એમજ રરયા કરે. બીજી રીતે સારી કાની છે. એનું વરસ પરમ દાહરે છે. તમે જરૂર જરૂર રાતનાં અમારી સાથે જમવા આવજો ને કંઇ ભાષણ કરજો.

લા૦ દુવાગીર ભત્રીજો,

નસરવાનજી.

કેહવાની જરૂર નહીં હશે કે કાકાજી આ કાગલ વાંચીને તદન ખાટા બટાક મારી ગયા. સત્યાનાશ ગયલાએ ત્યારે એક વરસબી કાહડયું! અચબુચ પેલાં ઘેરવાલાના બુચાની માફક કાળુ ઠણક થઇ ને મરી નહીંજ ગીયો! એનું સત્યાનાસ જાય એ બુચાનું! કાકાજીને એટલી બધી મેહનતમાં ઉતારવા કાંય જીવ્યો હશે કોણ જાણે! પણ હવે જવું તો જોઇએ. કાકાજીએ જીવ ચલાવીને એક રૂપાંનો નાનો ઘુઘરો બુચાને ભેટ આપવા તૈયાર કરાવ્યો. આં ઘળાનેબી દેખાય તેવા મોટા અક્ષરે તે પર બુચાનું અને ભેટ

આપનાર તરીકે પોતાનું નામ કોતરાવ્યું અને વરસને દીને ફફડતા ચટકતા, બુચાને સેસ ભરતા નસરવાનજીને ત્યાં ગયા.

"આવો આવો, કાકાજી! મેહરાં, લે, કાકાજી આયા."

"આવોજી," મેહરબાઇએ આવકાર દીધો.

"તમે મારા બુચાને જોયોછ કે કાકાજી? આયા કહેછકે મ જાનો ગલગોટા જેવો છે. જા તો મેહરાં, બુચાને લઇ આવ!"

મોટી ઉકમાઇથી બુચાજીને ત્યાં લાવવામાં આવ્યા. પણ કાકાજીનું એરંડયાંનું ગલાસ જેવું મોહડું જરાબી ખુશી થયલું દેખાયું નહીં. તેને હાથમાં લેવાને બદલે અથવા રમાડવાને બદલે તે બચ્ચું તેવણને કરડી ખાતું હોય તેમ ખુરસીપર દબાઇને બેસી રહ્યા.

"એ કોણના જેવો છે, કાકાજી? આયા કહેછ કે મારા જેવો છે?" નસરવાનજીએ મલકાઇને કહયું.

"કોણ જાણે, મોહનું માથું કંઇ દીરતુંજ નથી. એ કેટલો જીનો છે? એક વરસનું બુચું તો આવું મોટું હોય. એ કંઇ ઘણું જીવે એમ નહીં લાગતું."

"ઓ માયરે, એમ શું બોલોછ? જાબા," મેહરબાઇ સુગાઇ ઉઠયાં.

ધીકે પાપે રાતનાં આઠ વાગ્યા. અને સરવે જણાં જમવા ગયાં. બધાં મલીને ત્રીસેક જણાં ટેબલપર હતાં. અરધુક ખાણું ચાલ્યા પછી કાકાજી ભાશણ કરવા ઉઠયા કે જે અલબતાં ઘણોજ નવાઇ જેવો બનાવ હતો એટલે સરવે જણાં તદન ચુપ થઇ ધ્યાનથી સાંભળવા તૈયાર થયાં. મી૦ અને મીસીસ નસરવાનજી ઘણાંજ ખુશીમાં હતાં. કેમજે હમેશના રડતા બળતા કાકાજીએ પોતાની સુધીયાની હાજરીની તથા આ ભાશણની નવાજેશ તેઓ પર કીધી હતી તે ઘણીજ મોટી હતી.

"બાનુઓ અને ગ્રહસ્થો," કાકાજીએ ધુખરાયલા સાદે પોતાનું ભાશણ શરૂ કીધું. આ વખતનો તેવણનો ચેહરો કોઇ જોનારને ઘણો ખુશ કરે તેવો નહીં હતો. એક તો તેવણની બરાબર પાસેજ બુચાના બુઢાં મમાઇ બેસીને તરેહવાર ઘેલું ગાડું બોલી તથા ખાધરા ભટના જેટલું ખાઇને તેવણને ખીજવ્યાં જતાં હતાં. "બાનુઓ અને ગ્રહસ્થો, જે નાહના બુચાજીની આજે વરસગાંઠ છે તેવણની સલામતી લેવાનું આજે મને દબાણ થયું છે એટલે તેમ કર્યા વગર મને છુટકો નથી. પણ હું નહીં ધારતો અને તમે બધાં જણાબી તેમજ ધારતાં હશો કે, આએ મારા ભત્રીજા અને તેવણનાં ધણીયાણી પોતાની હવે પછીની જીંદગીમાં આજનાંજ જેવાં ખુશાલ, કંઇબી દુઃખ દરદો વગર કંઇબી નાહની મોટી ખોટ ખમ્યા વગર, હજારો જાતની જંજાલો ખમ્યા વગર સેહલાઇથી પસાર થાય !" અહીં ભાશણ કરતા જરા થોભ્યા અને ગજવામાંથી મેલો અખંતર રૂમાલ કહાડી મોહડું નુછવા લાગ્યા. અલબતાં નસરવાનજી અને તેવણનાં ધણીયાણીના ચેહરા જોવા લાયકજ થયા હતા. "પણ આપરે ચાહીશું કે એવું એવું ખોદા તે લોકને લાંબો વખત સુધી, જીવતાં રાખે—પણ કરી હવડાં બે જણ વચ્ચે ઘણાંજ ધરાંપરાં છે તેટલાં તો નહીંજ દેખારે! (બુઢાં મમાઇ તરફથી ડચકાંના અવાજ) આપરે ઇચ્છીશું કે આએ બુચાજીને ખોદાએ તેવણનાં માય બાવાના હાથમાંથી જલદીથી છીણવી નહીં લે. (ઘણાંક બાનુઓએ ગજવામાંથી રૂમાલો કહાડી આંખ નુછી.) અને હમણા જે તેવણ ગોલ ગોલ દરા જેવા દેખાએછ તેને કંઇબી ખરાબ જાતનું દરદ લાગુ પરીને ખવઇ નહીં જાય !

પણ લાંબો વખત જીવીને પોતાના માયને બાવાને તાહરક આપે (હીયર, હીયરના આવાજ! આટલોબી એક સારો વાકય કાકાથી કેમ બોલાયો તે એક મોટી અજાયબી હતી). પણ જો તે હવે પછીના જીંદગીમાં આપણી ઉપલી ઇચ્છા પ્રમાણે નહીં નીવડે, પોતાનાં માય બાવા તરફની ફરજ ભુલી જાય, તદન હરામખોર લુચ્છો લફંગો નીવરે, પોતાનાં માય બાવાને દુઃખી દુઃખી કરે, કે જે તદન બનવાજોગ છે, અને એક તદન રદ બાતલ. ખુની ચોર——"

અહીં મીસીસ નશરવાનની તરફથી એક મોટી ચીચીયારી સંભળાઇ. તેવણે પોતાનો રૂમાલ આંખે દાબ્યો અને અચબુચ ટેબલ પરથી ઉઠીને બાહેર ઘસી ગયાં. બાહેર ચાલમાં જઇને તેવણુને સખત હીસ્ટીરયા થઇ આવ્યો અને અછાડ પછાડ કરવા લાગ્યાં–જે જોઇ બીજાં સરવે ટેબલ પરથી ઉઠી ગયાં અને કોલનવાટર, કાંદા વગેરે સુંઘાડી તેવણુને હોસ્યાર કરવાની દોડાદોડીમાં પડયાં. ખાણું ટેબલ પર અધુરૂં રહી ગયું. હસવા બોલવાનું બંધ પડી ગયું, અને સરવે પરોણાઓ અરધા અરધા કલાકમાં તદન ઉચાટ મને પોતપોતાને ઘેરેબારે વીખરાઇ ગયાં. ફકત આખા મેળાવડામાં એકજ જણ ઘણાજ ખુશાલ દીલે, સંતોષી જીગરે ઘર ગયું! અને તે આપણા મેહેલ્લી કાકા!

બીજે વર્ષે નસરવાનજીને ત્યાં બીજા બુચાનો જનમ થયો. પણ તેનાં વરસને દીવસે ખાણામાં કાકાજીને બોલાવવા નહીં અને જો બોલાવવા તો ભાશણ કરવા દેવા નહીં એવો તે કમબખતે ઠેરાવ અગાઉથીજ કરી મુકયો હતો.

પેલી (૩॥ મીનીટની) અંજુમન સભા.

બે જાણવાજોગ સ્પેન-શોટસ.



રે યારો! ૯ મી એપ્રીલ ૧૯૧૬ ના તે અમર ઇતીહાસીક દીવસે સર જમશેદજીએ પારસી અંજુમનની સભા ટાઉનહાલમાં બોલાવી—

જેમી જુદદીન્યો તે સહવારે બડો ઉમંગમાં હતો. એકલા સર જમશેદજી પર ગયલાં રેકવીઝીશન પર સહી કરવા કરાવવામાં તે આગેવાન હતો જેમી ઘણો જબરદસ્ત સુધારાવાળો મસાન્યો છે જો! ઘરથી સભામાં જવા નીકળ્યો ત્યારે તેનો દેખાવ આવો હતો.



પણ——આહ! સાંજે ૪ વાગતે તે ટાઉનહાલની સીડી પરથી પોતાને ઘેર પાછો ફરયો ત્યારે તેનો અવતાર આવો હતો!

તમારા સમ! તમે તે વખતે વચ્ચે આવી ગયા હોતે તો જમસુ તમારૂં ખુન કરતે!!

એક રામબાણ ફતેહમંદ નુસ્કો.

શાદી આબાદીના ઉમેદવારો માટે.



નુસકો ના૦ ૧.

" છે બૈરાંની–બાપુ–એવીજ ખાસર કુટી જાત!!"

હે તમો કુમારા કઢ્ઢાઓ, ઉલ્લુના પઢ્ઢાઓ !—

જો કેઠે મેળાવડામાં યા પાર્ટીમાં તમારી નજર કોઇ મજાની છોકરી પર ઠરી જાય અને તેણાણની ઉપર કંઇ "ઇમપ્રેશન" કરવા તમો આતુર હોવ તો "ઓપરેશન્સ" પહેલાં પહેલાં કેવી રીતે શરૂ કરશો?

જુવો પાસેનો સફો—ત્યાં એક પ્રખ્યાત નુસ્કો આપેલો છે.

નુસકો ના૦ ૧.

છે બાયડાંઓની–બાપુ–એવીજ ખાસરકુટી જાત !

કુમારા સાહેબો !

તમુને ખબર નહીં હશે કે જેવારે દાદર અહુરમઝદે ખુશમીઝાઝની ધુણમાં એક સંપુર્ણ, સુશોભીત, સર્વોતમ પ્રાણી–**માટીડા**—મેન્યુફેકચર કરીને ઇડનના બાગે બેહસ્તમાં મોકલી આપ્યો ત્યારે અદેખાઇના આવેશમાં ચીડના ચડચડાટમાં ગુસ્સાના ગુંગળાટમાં, કીનાનાં કકળાટમા પેલા અદુખરા અગ્રેમેન્યુસે એક બીજું અકકલથી ઉલટું ખાસરકુડું પ્રાણી –બઇરૂં – ઉતપન કર્યું ! મરદ જાતને સતાવવાનો, ત્રાસ દેવાનો, રૂમ રૂમ બોલાવવાનો નાપાક હારેમન શયતાનનો આ એક તાગડો હતો ! લ્યાનત હોજો તેની પર !

પણ અઝીઝો—તમારી ટાળકીમાં ભેજું છે, ભુસું નથી ! ત્યારે બધીજ વાતમાં શયતાનને ફાવવા શું કામ દેઓ છો ? દાખલા તરીકે—લેવો, આજે હું તમુને એક ફરસ્ટ કલાસ tip આપું :—

કોઇ એકાદ મેલાવડામાં યા કુટુંબની ટી પાર્ટીમાં તમો ગયા હોવા અને એકુ ફાંકડી પોટ્ટી તમારૂં વીશેશ ધ્યાન ખેંચે તો–ટેક માઇ એડવાઇસ––ગધેરાની કાની લેહપતા થઇને તેની સાથ વાત કરવા સારૂં પેઠેપુઠ ભમ્યા ના કરતા.

તેમ કરશો તો જરૂર મીસીબાબાના અભીપ્રાયમાં તમે બે ચાર પગઠીયાં ઉતરી જશો–તેવણ એરબી નાકનું ટીચકું

(વધુ માટે જુવો સફો ૨૯૨ મો.)

જરા બે ડીગ્રી ઉંચું ચઢાવશે—અને ખામખા ડોન્ટકેર કરવાનું ડોળ ઘાળશે—અને આસપાસનાંઓને દેખાડવા માગશે કે 'જોયું ?—આવા એલીજીબલ યંગમેનનેબી હું કેવી ઝાડું આપું છ!' છે બઇરાંઓની—બાપુ—એવીજ ખાસરકુટી જાત !

હા બઇરીઓની જાતજ ઉંધી છે! તે આબાદ તમારા એક પડછાયા મીસાલ છે. તમે પડછાયાની ગમ પુઠ મરડીને આગળ ચાલશો તો તમારી પછવાડે પછવાડે વળગીને તે ચાલ્યો આવશે—જો તમે પડછાયાને આગળ રાખીને તેને પકડવા જવા માગશો તો તે તમારેથી આગળનો આગળજ ખીસ્તો ચાલશે.

માટે, રે જવાન બીરાદરો જેવા તમો એવાં એક ગેધ રીંગમાં દાખલ થાઓ તેવા સઉને ઘટતી સાહેબજી સલામ કરી—કે ટોબેટો કહાડી—હાવકું મોહડું રાખી—જાણે કશાંમાં હોવ નહીં તેમ એક સઉથી અગલી યા સઉથી વૃધ બાઇ સાથ વાતે વળગી જજો, અને જાણે ઘણાજ ઇન્ટરેસ્ટથી વાતમાં પડજો, આજુબાજુ જોતાજના—ઘણુંજ મગન મગન મલકાયલું મ્હોડું રાખજો !

ખાત્રીથી માનજો—કે આ પ્રયોગ "ટેસ્ટ" કરી જોયલો છે અને તેની ફતેહમંદ અસર માટે ગારંટી આપવામાં આવે છે. એક પુરૂષ પોતાને માટે ઝાઝી તુંભા રાખતો નથી—એ આઇડીયાજ ગમે તેવીબી હાવકી સ્ત્રીને પોતાની બધી બઝાઝી છોડાવી દેવાને પુરતો છે. તમે જરા મકકમ મને થોડોવાર તેણીને સમજાવવા દો કે તમુને તેણી કરતાં કોઈ બીજાંઓની સોસાયટી વધારે ભાવે છે—અને તેણી ખતે પડી, અકડવકડમાં પડી તમુને "હરાવવા" અને પોતે "જીતવા" માટે કંઇબી બાહણે તમારી સાથ વાત કરવાનો લાગ શોધશે !

સમજોછ કે ? તેની ચમત્કારીક અસર થશે !

બીજો રામબાણ ફતેહમંદ નુસ્કો.

શાદી આબાદીના ઉંમેદવારો માટે.

નુસ્કો નાં૦ ૨.



છે બાયડાંની–બાપુ–એવીજ ખાસર કુટી જાત !

જો તમો કોઈ પોટ્ટી સાથે લગનનાં ગાંઠથી જોડાવા ઇચ્છતા હોવ, તો "ઓપરેશનસ" પહેલાં કયાંથી શરૂ કરશો ?

જુવો સફો ૨૯૪ મો–ત્યાં એક પ્રખ્યાત નુસ્કો આપેલો છે.

નુસકો ના૦ ૨.

છે બઇરાંઓની–બાપુ–એવીજ ખાસરકુટી જાત !

ફુમારા બીરાદરો !

તમે બધી બધી બાતે ઘણા કાબેલ—ફાઝેલ, લાહેર—માહેર છો તેને માલમ છે. પણ–(ગુસ્તાખી માફ)–સંસારની ઉંડાઇ તમને હજી પુરતી રીતે ખબર નથી

હોવે—હું તમુંને સમસોગંદ ખાઇને એકવાર ફરીથી કહેવા માગું છું કે જો તમો બઇરાં જાતની સાથ સીધા ચાલ્યા તો તે લોક ઉંધાં ચાલશે—જો તમો ઉંધા ચાલ્યા તો તે લોક તમારી સાથે સીધાં ચાલશે ! જોઇયે તો ના માનો–પણ દરેક મોટા ફીલસુફોનું એ કહેવું છે. હું આગળા સફાઓપર એક દાખલો તમને આપી ગયો છું.

હવે લ્યો–આ કંઇ બીજી tip ફુમારા મારા મીત્રો ને સારૂ રજુ કરૂં છું.

સાંભળો. એક કુંટુંબમાં તમો કોઇ રૂપવંતી (યા રૂપીયાવંતી) ફુટડી પર મીઠા બની ગયા હોવ અને કોઇક શાદીઆબાદીનો સંસારો તમારાં જીગરમાં હરહરી થરી રહયો હોય તો અસલના અકકલમંદોની સીખામણ એવી છે કે તે પોટ્ટીના વડા ભાઇની સાથ દોસ્તી પાડી "ઓપરેશન્સ" શરૂ કરવાં.

છટ, ઇટ ઇઝ ઓલ બોશ ! હું કહું છું કે આજના જમાનામાં તે થીઅરી બીલકુલ "એક્ષપ્લોડ" થઇ ગયલી છે. "ભાઇ" થતો નખોદ ગીયો ઘેડાનો ખાઘો પહેલે ઘરથીજ સમજી જાય છે અને પછી મુછમાં હસ્તો જઇ ઉલટા આપણા

દાંડા વેચાવી નાખે છે. સઉથી ખાત્રીપુર્વક, અનુભવ પુર્વક, અનેક અખતરાઓથી અચુક સીધ્ધ થયેલો નુસ્કો તો બીજોજ છે.

તમારા ભવીષ્યના સાળાથી નહીં, પણ ભવીષ્યની સાસુથીં "ઓપરેશન્સ" શરૂ કરવાની મારી ઘણી જોરમંદ તમને સલાહ છે.

જુવો ૨૯૩ માં સફાપર આવેલું ચીત્ર. પેલી "દુકતી" ને જાણી જોઇને જરા પહેલાં નો કોહા કરજો. કંઇબી કરીને "મધર-ડીયર" ની સાથેજ એકલા એકલા વાતે લાગવાની તક સાંધજો. પછી જો મધરજી જરાબી દેખાવમાં 'પાસેબલ' હોય તો આસ્તેથી કાનપર પડીને કેહજો કે—

"માયજી, તમે માનશો? તમારી ઉમર છતાં તમે હજુ કેટલી જુવાની સાચવી રાખીછ? તમુને જોઉંછ તાહરે હંમેશ મને તમારી હીલ્લુનોજ જાણે આબાદ ચેહરો લાગેછ. તમે થોડાં વરસ પર તો હીલ્લુ કરતાં ચાર ચાસણી સરસ હોશોજ. ખચીત, આઇ એમ સ્યુર ઓફ ઇટ! પણ માયજી, છે તે-એ વાત તમે હીલ્લુ ને જરા ના કહેતાં, હું કે-" ઇંત્યાદી-ઇત્યાદી!——

છે બાયડાંઓની-બાપુ-એવીજ ખાસરકુટી જાત! આય તુકકો રામબાણ કારગત નહીં લાગે તો મારો કાન ચીમટ વાની તમુને રજા છે!

જો માયજી-ઇન-લો વળી છેક્જ રંગરૂપમાં પોરીયો દૂકેસાંઉંજેવાં હોય તો બીજી યુકતી છે.

"માયજી, તમો અગઉના બઇરાંઓનું કદ અને સ્ટેમીના જોઇને હું તો બા ડંગ થાઉંછ જો! ઓહ મી!–તમે લોકોએં અગાઉ કસરત કરી કરીને બધાં હાડકાં રગડોળેલાં તેથી જોવની આજે તમે કેવાં મજાનાં ફાઇન––બીલ્ટ છેઓ? તમે કાંહ ને તમારી હીલ્લુ કાંહ?––ઇત્યાદી–ઇત્યાદી!"

બસ, સાસુથી આવી શરૂઆત કરવામાં ૮૫ ટકા ફતેહ નકકી છે. પણ જો જો રે પોરીયાઓ, હંમેશ પગ જોઇને પાંઠરણું તાણવું. સાસુજીની જોરાવરમાં જોરાવર પોંઇટ કાંહ છે તે શોધી કહાડી તે પર આંગળું મુકો–ને પછી જો કામ પાર નહીં ઉતરે તો—વેલ, તો પરણવાનો વીચારજ પડતો મુકજો!

મમા—(તરતના અદરાયલા દીકરાને) પણ જેક, તારી બઇરી ને બડી ભીડીએ રાંધતાં આવડેછ કે? કોઇ દહાડે બબરચી બુમ પડાવશે તો?

જેક—નહીં મમા, રાંધતાતો કાંઇ આવડતું નથી, પણ બબરચી જો જરાબી તનપાંચ કરે તો આખે દાદરેથી એક ફુટબોલની માફક તેને ગબડાવી મુકતાં જાણેછ! કેમજે તે એક "લેડીઝ ફુટબોલ' કલબની મેમબર છે!

"મારો—કાપો-છુંડો-કચડો—ભચડો એ (એવાં તેવાં) જામે જમશેદને!!"

કલ્પનાથી ઉપજાવેલું એક કારટુન.



બીચારા મંકકુ માંકડયાને ધખારો બેસી ગયલો છે કે તે એક ઘણો હુશીયાર માણસ છે—અને ઘણો અથંગ "સુધારાવાળો" બ્લુ બ્લડેડ એરીસ્ટોક્રેટ છે!

'જામે' સામે તે ગુસ્સાથી ગુંગળાઇ ને ખુન પર ચઢયો છે સુધારાવાળાઓની સેવા બજાવવાની ઝુમમાં તે પોતાનો મસાલો વેચવાનો ધંધોબી ભુલી ગયો છે.

રાતના ઉંઘમાંથી તેને રોજ 'જામે'નાં, 'સાંજ'નાં, પીજામનાં સ્વપનાઓ આવ્યાથી તે બીહ ઉઠયા કરે છે અને તેથી તેનો મીઝાજબી જઅઅરા ચસકી ગયલો છે.

મને ઘણી બ્હીક લાગે છે! મંચુ દુસ્મનના બેજાંને અલવલ-આવશે તો સુધારાવાળાઓ બીચારાઓ સાવ રખડી જવાના!

સંજાન સ્થંભનો સ્વપનો.



શાવક સેનટીમેન-ટાલાસ્ટને સંજાન સ્થંભની યોજના પહેલાં સ્વપનામાં કેવી લાગી—અને પછી ફંડમાં દસ બાર હજાર રૂપરડીજ ભરાઈ ત્યારે એ સ્થંભ ઉંઘમાં કેવો દીસ્યો!

—— ○ ——

સાવક સપરચંદ બડો "ઇમાજીનેટીવ" છે. સંજાન સ્થંભની હીલચાલ પહેલી જાહેરમાં આવી કે એ મારો કાવ્યાની કપરછંદ બસ ધર્યો ધરાય નહીં. સત્યાનાશ ગીયેલાને ઉંઘમાં બી હેસજાન પીલરના સ્વપના આવે! એને પેહેલે આ "સ્થભ"નો શું આઇડીયા હતો તે જાણવું હોય તો જુવો આ પહેલું ચીત્ર!

પહેલો ખુશનુમા ખ્વાબ!

વધુ માટે જુઓ પાસેનો સફો.

સંજાન સ્થંભનો સ્વપનો (ચાલુ).



પણ ત્યાર બાદ જયારે રૂપીયા દસેક હજારમાંજ ગાડું કીચલમાં અટકયું ત્યારે શાવકના સ્વપનાઓએ કાંઈ જુદાજ આકાર લેવા માંડયા—જુવો આ ચીત્ર ના૦ ૨!

બીજો હેબતનાક “નાઇટમેર”!

બસ અની સાથે છુટા છેડાજ કરૂં !

એક દીવસ મી૦ અને મીસીસ આદરજી ઓગરા પોતાના સોલીસીટર મી૦ ધનજીશાહની આફીસમાં આવ્યા. મીસીસ રોહસાહમાંજ આગળ આગળ ચાલતાં હતાં જયારે મીસ્ટર એક એકલ્યાંની કાની પુઠે પુઠે ઘસડાતા હતા. જાણવું કે બીચારા આદરજી પોતાના ઓગરા નામને બરાબર બંધએસ્તા ધ્રુજતા થરકતા અને પોતાની ફેરાવન બઇરી આગળ એક ગરીબ બોકરાં મીસાલ હતા.

"મી૦ ધનજીશાહ, હું આએ આદરજીથી છુટા છેડા લેવા માગુછ ને મારી તરફથી હું તમને રોકવા માગુછ." મીસીસે ધડાકો કીધો.

"ખરેખર. હું સાંભલીને ઘણોજ દલગીર છેવું પણ થયું શું તે તો કેહો. શું તમને આદરજી મારફાર કરેછ?" વકીલે ધીરેથી પુછ્યું.

"મારફાર કરે?" મીસીસ ચીચવાઇને બોલ્યાં, "મને મારે? એવણને કેહોકે એક વખત અજમાએસ કરી જુવો, એવો તો એક બેઠ્ઠો લેઉં!"

"મેહરી-મેહરબાઇ-જરા મને-" આદરજી બીચારા તત પપ કાંઇ કરવા જતા હતા-પણ બાઇ સાબનાં તરારાએ તેવણ ચમકી પડયા.

"ચુપ રેહો, એકદમ મોહડું બંધ કરો, બસ મનેજ વકીલ સાથે વાત કરવા દેઓ. જુઓ ધનજીશાહ, બસ મારે એવણથી છુટું પડવુંજ જોઇએ. બસ એવણ દહારે દહારે તદન ચકરમ થતા જાયછ ને મનેબી તેવીજ કરી મુકશે.

જો તેના કારણો સાંભળો. આજે કેટલાં વરસ થયાં એવણે બસ ભેજામાં લીધુંછ કે પેપુરીજ વજાડવા શીખું. આએ ઝાડપર ઉડતો કાગડો જેટલી મ્યુજીકની વાત સમજે તેટલુંબી એવણ નથી સમજતા, પણ આજે દસ વરસ થયાં પેપુરી વજાડવા શીખવાનું સરૂ કીધુંછ. સહવાર સાંહજ રાત ગમેછ તે વખતે મુઇ તે લઇને પેંપેં કરી મારૂં માથું દુખવેછ–પણ હજુ "બચ્ચા લવજી, લુચ્છા લવજી" ની એક લાઇનથી આગળ વજાડી શકતા નથી. સહવારના નાહવા બેસસે તાંહબી સાથે લઇ જશે ને "બચ્ચા લવજી"નું ભેજું ખાશે. રાતે સુવા જશે તાંહબી ઘોલ્યા પર વજાડવા મંડી જશે. તોબી ચાર બોલથી વધારે——————"

"નહીં રે એએએ મેહરી! એમ શું કરેએએછ? મને તો "બચ્ચા લવજી" થી "બુજશે પ્યાસ" તાંહ સુધી વજાડતાં આવડેછ જો!" આદરજીએ પોતાનો બચાવ કીધો.

"ચાલો ચાલો મુગા રેહો! આવડેછ તમારૂં તોડકું! તે તો હવે હું જેમ તેમ ખમ્યા કરતીતી પણ–સમજોછ કે મી૦ ધનજી શાહ–છે તે–એવણ હમના હમના કંઇ એવા ધક વગરના સુના બાવરા થઇ ગીયાછ" મીસીસે ચલાવ્યું, "કે બોલ્યાની વાત નહીં. આએ સુધાં ચાર વખત એવણ પોતાની છતરી ઘોલ્યા પર લઇને સુઇ ગીયા. એક વખતે અરધી રાતે મને છતરી ભોકઇ તે હું જાગી ઉઠી ને એવણને છતરી ઘોલ્યા પર લઇને સુવાનું કારણ પુછ્યું તો મને જવાબ આપ્યો "અરે એ તો હું આપરી બુચી સમજયો! મુઇ લાકરાં લોહરાંની છતરીને એવણ બુચી સમજયા! જુવો તો ખરા, કંઇ માનવામાંબી આવેછ?"

"પણ નહીં કાંય? એક વખતે દુધની બાટલી આખી મેં છતરીમાં ખાલી કીધીતી તે તુને યાદ નથી? બુચી નહી સમજયો હોતે તો વરી એમ કરતેબી?"

"કરતેબી! (ખીચ પાડેછ) ને ખરેખરી બુચાને એવણ હારમાર હારમાર એવી કરેછ કે મારાથી જોવાતું નથી. અમારી નાહની બુચી દસ મહીનાની છે. ગીયા બુધવારે સુવાના ઓરડામાં જોઉંછ તો બુચી કોચપર સુતેલી ને તેના પેટપર ભારી પથરા જેવી હજાર પાણાની "ડીકશનરી" મુકેલી ને તેનાં ભારથી તે બીચારી દબાઈને રરે ને એવણ ઉંદરા જેવા પાસે ઉભા રહીને જોયા કરે."

"પણ તે તો એને મેં રમવા આપીતી! હું શું જાણું કે તેના ભારથી રરેછ કે સાથી રરેછ?"

"બસ તમુને કેહુંછ મોહડું બંધ કરો નહીં તો જાઓ પાસેના ઓરડામાં જઈને બેસો. કાંઇ નહીં તો મારા આએ દાંતની બત્રીસી સાથેજ ચેરાં ટહારશે. એક દહાડે રાતનાં હું દાંત ટેબલપર મુકીને સુતા પછી એવણે શું કીધું? દાંતને ઉઘાડી તેની વચમાં એક પનીરનો ટુકડો મુકીને છટકું ઉંદરોને સારૂં માંડયું. સહવાર પરતાં મુવા બે જણા ફાંકલ્યાં તેમાં પકરઈ ગીયાં. મને કેવા મોઘા દાંત રદ કરીને એવણને લીધે બીજા બનાવવા પરયા."

"લે વરી, છટકામાં ઉંદરો નહીં આવતા તે મેં પકરી આપ્યા તાહરે કે? દાત બગરયા પણ ઉંદરો તો પકરાયા કેની?"

"ગધેરા છેઓ, ઇડીયટ છેઓ! બસ ધનજીશાહ, મને છુટા છેડા અપાવોછ કે નહીં?"

* * * *

ધનજીશાહે આ સંસારી ખટપટનો શું ફેસલો કીધો તે જણાયું નથી.

ફરમાવેલો બંદો !

એક રોજીંદા ન્યુસપેપરના અધીપતી પોતાના એક નવાજ રાખેલા રીપોર્ટરને હુકમ ફરમાવે છે. "જુવો, મી○ ખરશેદજી, આજે પેલાં નવસારીવાળાંને ત્યાંનાં ઘણીજ ધામધુમનાં લગન છે. તમે જાઓ ને બરાબર બધી બારીક બારીક વીગત લઇ આવો. આપરાં ન્યુસપેપર "રાસ્ત દરપણ"નો બસ રાસ્ત બોલવાનો ને લખવાનો જે નીયમ છે તે ધ્યાનમાં રાખી તે પ્રમાણેનોજ બધો સાચ્ચો હેવાલ લખી લાવજો."

"વારૂં સાહેબ," કરી નવા રીપોર્ટર મી○ ખરશેદજી કાગજ પેનસીલ લઇને ગયા. તે દીવસે રાતે સાત વાગે અધીપતી પોતાની ટેબલ ઉપર કાંઇ અફાડઝીંક કરતા બેઠેલા હતા. લખેલી કોપીના થોડાંક પાનાં વાંચી તેવણે ચોઘારી સાદે સીપાઇને બોલાવ્યો.

"ખરશેદજી શેઠકુ એકદમ બોલા લાવ."

ખરશેદજી રીપોર્ટર દાખલ થયા. "કેમ ખરશેદજી, આએ તમે લગનનો હેવાલ લખી લાયા તે કે?" અધીપતીએ બહુજ ગુસ્સાથી પુછ્યું.

"હા સાહેબ."

"તમે કાંઇ દારૂ તો આજે પીધો નથી?"

"દારૂ? નહીં સાહેબ, હું કોઇ દહાડેબી દારૂ પીતો નથી."

"ત્યારે તમારાં કુટુંબમાં કાંઇ ઘેલાપણાની અસર છે?"

"નહીંરે સાહેબ."

"ત્યારે ખચીત હું ઘણોજ અજબ થાવું છ કે આવી જાતનો લગનનો હેવાલ તમે કેમ લખી શકયાછ?"

"કાંય, સાહેબ, શું થયું?"

"શું થયું? તમે શું લખી લાયાછ તે હું તમુને પાછું વાંચી સંભળાવું?"

"ગઇ કાલે મી○ દોરાબજી નવસારીવાળાની બેટી બાઇ મેહેરબાઇનાં લગન ભારી ધામધુમથી થયાં હતાં. ઘણાક જાણીતાં લોકો ત્યાં હાજર હતા."

"એ બધું તો બરાબર છે," અધીપતી બોલ્યા, "પણ હવે આએ તમે શું કર્યું બર કીધીછ જુવો. સમજો હું વાચુંછ તે" "પરણતી છોકરીની ઉમર તેનાં માય બાપથી ખબર કાહડતાં ઓગનીસ વરસની કેહવામાં આવી હતી જયારે વરરાજા છપન વરસના ઘરડાજી છે. જ્યારે પરણીને બેહુ જણાં બાહેર નીકલ્યાં ત્યારે લોકો તરેહવાર ટીકા કરવા લાગ્યાં કોઇ કેહ "અરે એતો એના બપાવા જેવો લાગેછ, ત્યારે બીજાએ મત આપ્યું કે "વરરાજાનું માથું તો બીલી યરડના બોલના જેવું સાફ ને ચલકતું છે." ત્રીજાએ ઉમેર્યું કે ધાંખરાના પૈસાને ખાતર છોકરી વેચઇ છે, ધાંખરો તદન વંદોરા જેવો છે" વગેરે "હવે મી○ ખરશેદજી એ બધું લખવાનું તમે શું કારણ બતાવોછ?"

"સાહેબ, હું તો ફરમાવેલો બંદો! તમારા હોકમ પ્રમાણે મેં કીધું!"

"મારો હુકમ! તમુને મેં એવું એવું લખી લાવવા કહ્યું.?"

"હા સાહેબ, તમે કહ્યું કેની કે જે સાચી વીગત હોય તે લઇ આવવી. ત્યાં જે બન્યુ તે મેં બધુ લખ્યું!"

"જાઓ, મી○ ખરશેદજી, આએ તમારી પેહલીજ ભુલ છે તેથી માફ કરૂંછ, પણ હવે ધ્યાન રાખજો કે જેમ ન્યુસ પેપરમાં દરેક બનાવો છાપવાની ફરજ છે તેમ વળી કોઇ વખતે કાંઇક વીગત છુપાવવાનીબી ફરજ પરે છે."

ડારબી.

પેસુ પોણાચઉદનો એ મહાન ઘોડદોડની સરત વીશે કેવો "આઇડીયા" છે:



પેસુ પોણાચઉદ બીચારો દર વર્ષ દરબીની ટીકીટ લે છે—પણ મારા વાહલાએ હજી સુધી બાપ જનમમાં એક વ ખતબી કોઇ 'રેસ' દોડાતી જોઇ નથી. પણ એક દાહડો તેણે મારી આગળ 'ડારબી' કેમ દોડાતી હશે તે વીશેનો ખ્યાલ કહી સંભલાવ્યો. તે ઉપરથા લ્યો—આબાદ પેસુના દરશાવવા મુજબ હું અહીં કાંઈ સ્કેચ રજું કરૂંછું. હા—બીચારા પેસુનો 'ડરબી'નો આઇડીયા કંઇ આવોજ છે!—તમારા સમ!

મીસીસ—ડાકટર, હું ધારૂંછ કે મારા શાપુરજીનાં ભેજાંને કાંઇ અડચણ થયલી છે. ખરેખર તેમ છે કે નહીં તે શોધી કહાડવાનો તમારી પાસે કાંઇ ઉપાય છે?

ડાકટર—ઘણોજ સેહલો ઉપાય! તમે તેને કેહો કે "હું તમારી સાથે કદી વાતજ નથી કરવાની" એ સાંભળીને જો તે હસે તો જાણજો કે એવણનું ભેજું તદન સલામત છે.

સુજ ગુલ્લની આયાબી છે મ્યુઝીકની ખાં!!



(જુવો પાસેનો સફો.)

જ્યાર સાંધી મેં ગુલ સાથે સંસારની પાળ;
સ્વપનેબી હતો નહી મને રે ખ્યાલ.
કે ગુલ મારી પ્યારી છે પ્યાનો ઉસ્તાદ–
ને મયુઝીક વીન એનું છે જીવતર બરબાદ!
જીભ કરડી ગગડી રેહુંછ–નહીં ચું કે ચાં!
મુજ ગુલની આયાબી છે મ્યુઝીકની ખાં!

ચરી જાયછ ટોમ–ટોમથી કોઈવાર મુજ ચીત!
મારૂંછ હું બુમો–પણ એઉ બેહરાં ભીત!
ગુલ જ્યારે સહવારના પ્રેક્ટીસ કરેછ
ભલ તેને કનવાર વર જીવેછ મરેછ!
એ પરણેલી જીંદગી!! બાપ, ઘણી ખમાં!!
મુજ ગુલની આયાબી છે મ્યુઝીકની ખાં!!

નહી નાહવાનું પાણી–નહીં નાસતાની યાદ–
નહી બુટનેબી પાલીસ–નહીં દાદ કે ફર્યાદ!
જ્યાર સહવારે કામકાજ વખ્ત આયા થાયછ ગુમ
ખુબ ચીરડાઈને મોટેથી પાડુંછ હું બુમ;
"આયા! એ આયા!! રાંન જઈ મુઈછબી કાંહ"!
મુજ ગુલની આયાબી છે મ્યુઝીકની ખાં!!

ભેંસ નહી પણ કાજીજી લાવ્યા એક પાપ!
ગુલબાઈના પ્યાનો છે નક્કી એક શ્રાપ!
પણ છે પ્યાનોફોર્ટને તો સત્તર ભલઈ,
થાયછ ગુલની આયા સાથ તો ભેગનું દહી!
જયાર "બાઈ" બેસેછ ગાવા તો ઉભેલીજ ત્યાં!!
મુજ ગુલની આયાબી છે મ્યુઝીકની ખાં!!

હાયરે, જમાના !

"તે બાંધતો'તો બઇરીના બુટની, બા, લેસ !!"



(જુવો પાસેનો સફો).

જેમ પરણીને પરવારયોછ-આયુંછ કાંઇક જોર;
હવે ગુલાંપર ચલાવેછ તરેહવાર દોર-)
(પણયાને થઇ ચુકાંછ વર્ષ તેને ત્રણ !-)
લીધીછ ખુદ કબજામાં સત્તા હાલ-પણ-
હતો વખત એવોભી-જયારે હમેશ-
તે બાંધતો'તો બઇરીના બુટની, બા, લેસ !

હા-બેસવા નહીં દેતો જેમ નાખપર હાલ માખ !
જયાર ગુલી કંઇ માંગેછ તો બંધ કરેછ આંખ !
પણ પરણવા આગમચ જયાર ચાલતો' તો, યાર !
"કોર્ટીંગ"ને "કીસીંગ"નો જબરદસ્ત બાહર !
શું જમાનાની હતી તે વેળા ગીરદેશ-
તે બાંધતો'તો બઇરીના બુટની, બા, લેસ!

હાલ જરાભી કમ પડતાં મારેછ બરાડ-
ને ધ્રુજાવેછ ગુલીના સહેજ સહેજમાં હાડ
કાં નહીં. બા, બઇરી સાથ થાય જેમ સખત ?
છે પરણેલી જીંદગી શું ગુલામી ખત ?
પણ-લીધો તો ચાર વરસપર આયાનો વેશ;
તે બાંધતો'તો બઇરીના બુટની, બા, લેસ !

ધુલ જેવી ચીજમાંભી ચીકલીસ હાલ થાયછ-
છરી બસ લાવે તો નાખજ છટકાયછ !
પણ અદરાયો તે વારની આવેછ રે યાદ;
બેસ્તો'તો ગુડણપર--બની દીલશાદ-
ખુબ ઉછલતું લોહી અને તડપતી નેસ !-
તે બાંધતો'તો બઇરીના બુટની, બા, લેસ !

હાયરે, જમાના!

"હોવુંજ જોઇએ કેથેબી કાપડનું સેલ!!



(જુવો પાછલો સફો).

નથી રોજ વાંચતો તો પેપરો ખાસ;
છે જાહેર ખબર ખીચડાનો તેને બહુ ત્રાસ.
જોયછ જયારે "કલ્યરન્સ સેલ" લંબાણ પીજણ,
પેટમાં થાયછ ધ્રસ્કો ને ઉચાટ રેહછ મન.
પણ ન્યુસપેપર ખોલ્યા વીન કહી શકેછ સહેલ-
હોવુંજ જોઇયે કેથેબી કાપડનું સેલ !!

ભેઠો હોયછ કોઇ સહવાર કરતો કાંઇ ખ્યાલ-
ને અચણુચ આવી ગુલાંબસ પસારેછ ગાલ-
ન્યુસમાંબી વાંચવાની છેજ શું જરૂર ?
જાહેર ખબર નથી કાંઇ જમશેદથી દુર-
જયાર ગુલ કરેછ કોટી ને કરેછ ખુબ ગેલ-
હોવુંજ જોઇયે કેઠેબી કાપડનું સેલ !

આવેછ જયાર સાંજે જીમ આફીસથી ઘર
ને હસ્તી જોયછ પ્રીતથી ગુલ ખુદ જીગર,
જયાર નહી ધારયો ઓહસ કરી બ્હીસકીબી પાયછ,
—ને અરધો પેગ વધુ દઇ ઓવરલ્બી જાયછ !—
"જામે" વીન ઝટ કરતો પામી જાયછ ખેલ-
હોવુંજ જોઇયે કેઠેબી કાપડનું સેલ !

સુની લે, રફીક, એ સાચો અહેવાલ—
છે બફરાં લોકોની એ સાધારણ તાલ:
આવે જયારે મીસીસ તુંજ કરતી કાંઇ લાડ-
જાણ, નખોદ ગીયા, કે આવીછ બસ ધાડ !
વળગી તારે ગળે જયારે કરશે તે ફેલ—
હોવુંજ જોઇયે કેઠેબી કાપડનું સેલ !

એજ ખામી લાગેછે !



ગુલામઅલી ગગાજી લગરીક શોર્ટ—સાઇટેડ છે ! એક દાહાડો એક ઇષ્ટ માત્રે તેને એક તેનો ફોટોગ્રાફ એનલાર્જ કરી મોકલ્યો.

બીચારો ગગ્ગો સબી જોઇ જોઇને ગુંચવાડામાં પડયો છે. કેઠેબી કાંઇ ફોટામાં તેને ખામી રેઇજતી લાગેછે. ક્યાં ભુલ હશે? કાન જરા સેહજ વધારે લાંબા તો થઇ નહીં ગયા હોય ?

"પણ તમારી ખાતરી છે, પ્યારા મેહલ્લી, કે જો હું વધારે ડોંગી ને વધારે "અગલી" હવે પછી થાવું તોબી હમણાની માફકજ તમે ચાહશો કે ?"

"તું હમણા છે તે કરતાં વધારે ડોંગી થાય તો કોણ જાણે, અને થાય તો મને તેનો ઝાઝો મુજાબો નથી, પણ વધારે "અગલી" તો તું હવે થઇ શકેજ નહીં તેની મારી ખાતરી છે."

એખલ હાથે કામ કાંઈ બધાથીજ થાયછે ?

અમારા પાહલી કાકા સાઠ વરસની ભરતીમાં આવેલા એક નમુનાજ હતા. તેવણ કામ ઘણુંજ થોડું કરતા પણ લભ્ભાસ જબરી હાંકતા. ઘરમાં કાંઇબી ખીલા હથોડીનું કામ હોય તે તો જાણે એવણ વગર કોઇથી થાયજ નહીં એમજ તેવણે માની લીધું હતું. પણ તે કરવામાં એટલી કચુબર કરતા તથા ઘરમાંનાં સરવેને એવાં તો હાકવી નાખતા કે તેવું કામ નહીં કીધેલું પરવડે.

અમારા બપાવાજીની મોટી "ઓઇલ પેનટીંગ" સબી ફરેમ થઇને આવી હતી તે દીવાલ ઉપર ટાંગવાની હતી. નજી કાકી રોજ અમને કેહતાં "છોકરાંઓ જરા આએ સબી ટંગાવી દેવો, વચમાં અઠરયા કરેછ." એક દહાડે પાહલી કાકાનો પીત્તો ઉછલી આવ્યો. "શું જો, નજી, તુંબી છોકરાંઓને શું કરવા કેહછ? એ કાંઇ એ લોકથી થાય? ઉભી રહે, હું આજે બપોરના પાંચ મીનીટમાં તુંને ટાંગી આપશ. જો ખબરદાર, છોકરાંઓ મને વચમાં કંઇ કંટાળો નહીં આપે. એ તો હું એખલે હાથેજ કરી નાખશ. એ દુકતાંઓને કેહજે કે મારાં કામની વચમાં નહીં આવે," વગેરે.

અમે સર્વે જણાં આ સાંભળી ખીસ્તાં થઇ ગયાં અને દાદાર હોરમઝદના હજારો હજાર શુગરાના કીધા, કેમજે નહીં

તો અમારા ગુરાની કહરી થઇ જવાનો સંભવ હતો. બપોરના જમીને સુમારે સાડાબાર વાગે કાકાએ પોતાનું સબી ટાંગ વાનું મહાભારત કામ એખલે હાથે શરૂ કીધું. અને પાંચ મીનીટને બદલે બરાબર સાડા ચાર કલાકે કેમ પાર પાડયું તે વાંચો.

બરાબર સાડાબાર ને પાંચ મીનીટે પાહલી કાકાનો મોટો ઘોઘારી સાદ અમને અમારા ઓરડામાં સંભલાયો- "અરે એ કાંહ ગીયો દોરાબ, જરા અહીં આવ તો! જરા દોરતો જઇને પાસેના હોરાની દુકાનપરથી થોડાક મોટા ખીલા માગી લાવ તો જોઉં. આએ તો ઘણા જીણા છે." બીચારો દોરાબ જે લાંબો થઇને વાંચતો હતો તે ફફડતો ચટકતો ઉઠયો. "ને પેલો સોલી કાંહ ગીયો, વરી જઇને ઘોંટાયો કે? અહીં આવ, જા, પછવારેના વરંડાપર નીસરણી મુકીછ તે લઇ આવ, ને રામાને કહેતો આવજે કે તેને મજબુત દોરીએ બાંધી લાવજે." આટલું કામ "તદન એખલે હાથે" કીધા પછી કાકાજી સબી શોધવા લાગયા. "નજી, નજી, કાંહ મુઇ? કાંહ છે સબી? સબી ટાંગો, સબી ટાંગો, માથું ખાતીતી તે લાવની. આયાને કેહ અહીં લઇ આવે." નજી કાકી ભડકીને સુતેલાં ઉઠયાં અને સબી મોકલી આપી.

"તું અહીંજ ઉભી રહેજે, આયા, મને સબી ઉંચકી આપવા કોઇ જોઇશે. પણ હા જો, એને સારૂં ટાંગવા દોરડું જોઇએની. સબુર, શીરીન કાંહ છે તેને બોલાવ, ને કેહ કે ગોડાઉન ઉઘાડી તેમાંથી દોરડું લઇ આવે." આ પ્રમાણે

દોરડું, ખીલા. હથોડી, નીસરણી સર્વે એખલે હાથેજ–હા, જુઠું શું કરવા બોલ્યે, બીચારા પાહુલી કાકાએ એખલે હાથેજ–પોણો કલાક મેળવ્યું. અને હવે પીક્ચર ટાંગવાની તઇયારી ચાલી. “જોરે રામા, નીસરણી બરાબર મજબુત ધરજે હં! ચાલ આયા, લાવતો જોઉં પેલું પીક્ચર મને આપ.” હાંફતા હુંફતા કાકાજી ઉપર ચહડયા. પણ એ! આયાના હાથમાંથી સબી લેવા જતાં તે છટકી ગઇ અને કાચ ભાગી કાકાજીના હાથમાં ભચ દેતો ભોકાઇ ગીયો. સબી ધમ દઇને ભોંય ઉપર પડી અને કાકાજી ભમ દેતા કે નીસરણીપરથી ઉતરી પડયા. “ઓ મારા હાથમાંથી લોહી નીકરેછ, અરે મારો રૂમાલ લાવો તો! અરે ખરેખર રૂમાલ મારાં બદીયાનના ગજવામાં છે. દોરની શીરીન, શોધની મારૂં બદીયાન શોધની!” આ પ્રમાણે ખુરશી-પર બેસી કાકા ગોખ્યારૂં કરવા લાગ્યા અને અમે સર્વે જણા વાંકા વળી કાકાનું બદીયાન શોધવા લાગ્યાં. “અરે અરીમ-ધરીમ જેવાં છ સાત જણાં છેઓ ને એટલું એક બદીયાનબી શોધી નથી શકાતું? મુંવાં તમે, હુંનો હુંજ તેબી કરૂં તાહરે” આમ બોલી કાકાજી ઉઠયા, અને જોઇએછ તો જે ખુરશી ઉપર પોતે બેઠેલા તે ખુરસી ઉપરજ બદીયાન પડેલું હતું! “હરવાયાં તમે લોક! જોયું આએ, મેંને મેંજ ઉઠીને શોધી કહારયું! ચાલ, જલદીથી એમાંથી રૂમાલ કહાર. નજી, નજી, જલદીથી ઘાપર બાંધવાનું કપરૂં મોકલ!” આ વખતે ઘડીયાળમાં બરાબર સવા થયો હતો. હાથપર કપડું વીટાળતાં, નીસરણી પાછી ઉભી કરતાં બીજો અરધો કલાક નીકળી ગયો. એક જણે નીસરણી ધરી, બીજાએ કાકાને ઉપર

ચહડવામાં મદદ કીધી, ત્રીજાએ તેવણના હાથમાં ખીલા આપ્યા, ચોથો હથોડી પકડીને ઉભો, પાંચમાએ સબી ઉપર આપી અને જયારે બધું પાછું તૈયાર થયું કે–"અરર ખીલો કાંહ મારા હાથમાંથી પરી ગીયો?" કાકાજી તરફથી બુમ પડી. "લેતો આએ સબી પાછી નીચે મુક જોની રામા, આય, ખીલો કાંહ પરી ગીયો, શોધોની ?" એહ! પાછી તમારે બધી શોધાશોધ! ખીલો શોધવા અમો સર્વને જમીનપર ફસડયાં મારી ટેબલની નીચે, કબાટોની નીચે શોધવું પડયું. આટલો વખત કાકાજ નીસરણી ઉપર પુતલાંની માફક ઉભા રહી બુમ મારયા કરતા હતા. "પણ શું થયું, કંઇ તમે ઇડીયટો આખી સાંજ મને અહીં ઉભો રાખી મુકવા માગોછ? એક ખીલો શોધતાં આટલો વખત! કોણ જાણે કહાંથી બધાં હોશયારના પુછરાં આયાંછ?" અંતે ખીલો તો મળ્યો અને કાકાજીના હાથમાં આપ્યો. પણ અરે હથોડી કાંહ મુકી દીધી! આ વખતે ઘડીયાળમાં હડી થયા હતા અને સબી જેમની તેમ ભોંય ઉપર પડેલી હતી. વાહ! અમો સર્વે કાકાજીની આ "એખલે હાથે ઝડપથી કામ કરવાની સફાઇ ઉપર" મનમાં આફ્રીન કરતાં હતાં–એવામાં વળી તરારો ઉપરથી સંભળાયો. "કાંહ ખીલો મારવાનો તેની મેં સુખડપેને નીશાન કીધીતી તે કાંહ જતી રહી? જોવની છોકરાંઓ તમુને કોઇને દીસેછ?" અમો એક પછી એક નીસરણીપર ચહડયાં. એક જણે બતાવ્યું, "આએ રહી કાકાજી"- બીજાએ તેનેથી એક ફુટ ઉપર આંગળું બતાવ્યું "અરે અહીં છે કાકાજી," જયારે ત્રીજો ભચડાઇ કચ-

ડાઇને ઉપર ચહડી કાકાજીને નીચે તોડ પાડતાં બોલ્યો "અરે આએ રહી તે નીશાની" ખચીત ! કાકાજી આંચકા સમેત નીચે તુટી પડયા હતા. તેવણુ મહોંડાંમાંથી એલફેલ ચોપડી કહાડી બોલ્યા, "હરામખોરો, એ બધા જણા ઉપર શાના વાંદરાની કાની ચહડી ગીયા? ઉતરો અતર ઘડો નીચે, એ તમે લોકે કામ કીધું ને દાહરા પાકા." અમો બધાં વીહલે મહોડે નીચે ઉતર્યાં. કાકાજી પાછા ઉપર ચહ-ડયા, અને પાછું માપ લઇને ખીલો ઠોકવાનો વીચાર કીધો. "લાવ એક દોરીનો ટુકરો લઇ આવ, જા ઉપર મારા ખાનામાં હોશે." દોરી આવી—પણુ માપ લેવા જતાં હાથ ઘણો લાંબો કરવો પડયો એટલે નીસરણીએ "બેલેંસ" ખોઇ દીધું અને કાકા જી ચીભરાંની માફક ધમ દઇને પાછા ત્યાં ઉંઘાડા મુકેલા પીયાના ઉપર પડયા. પીયાનાની બધી ચાવીઓએ સામટું એવું મ્યુઝીક વગાડયું કે ઉપર સુતેલાં નજી કાકી નીચે દોડી આવ્યાં. "ઓવાય! એ શું મુંઇ કલાઅકાર? ઓજગ્ન અરરર! પાલણ-જી, એ શું થયું? તમારૂં તો હમેશનું એવુંજ તોફાન રહી ગીયું?"

"જા જા બેવકુફ! કામ કરતાં આવરે નહીં ને કોઇને કરવાબી દે નહીં તેવી તું ઓડાણી મુઇછ. શું થયું! જરા નીસરણી સરી ગેઇ. પણુ હુંબા તો ખરો કે આજે આએ સબી ટાંગું ને ફર ટાંગું?"

યેહ તમારે બધાં જણાંએ હાંરી હુંરીને નીસરણી પાછી ઉભી કીધી અને કાકાજીને ઉપર ચહડાવ્યા. રામાએ આ વખતે ઉપર ચહડીને સબી ટાંગવાની માગણી કીધી જે કાકાજીને એટલી

બેહુંધી લાગી કે તે બીચારો અડધો કલાક લેકચર સાંભળતો મરવા પડયો. "બેસ! બેસ, તું મોટો હોસ્યાર નીકરી આયો! બાકી તો તુંનેજ ગણત્રી કરીને ખીલો ઠોકતાં આવરશે!" બધી માહભારત ગણત્રીઓ કાકાજીએ પોતાના મનમાંજ કરીને ખીલો ઠોકવા માંડયો પણ નખોદ ગયો અરધો અંદર ગીયા પછી મંડાઇ ગીયો, આજુબાજુનો ચુનો નીકળી પડયો એટલે અમોને સવેંને પાછી દોરાદોર કરી બીજો ખીલો તેવણુના હાથમાં આપવો પડયો. એ ત્રણ વખત હાથનો અંગોઠો શેકાયા પછી અંતે બરાબર ચાર વાગે ખીલો ઠોકાયો ખરો! અમે ચાર જણે મલી સબી ઉપર ચહડાવી દોરી બાંધી આપી, જ્યારે કાકાજી તો ફકત નીસરણી ઉપર ઉભા રહી બાહરનો દેખાવ જોતા હતા. આખરે બરાબર પોણા પાંચ વાગે સબી ઉપર ટંગાઇ. અલબતાં વાંકી ટીકી, ઓય તુટી પડે એવી તથા ભાંગેલા કાચવાલી ગમે તેવીબી ટંગાઇ તો ખરી કેની? હત તેરીકી! કાકાજી મગરૂરીના ફીફડાં ચહડાવી નીચે ઉતર્યા. "જોયું! કેટલો વાર લાગો? ધુર જેવું કામ ને નજી અમથુંજ માથું ખાયા કરતીતી? ચાલો આએ બધું ઉંચકી લેવો. નીસરણી તેને જગે મુકી આવો, ખીલા હથોડી પેટીમાં મુકી દેવો. લે શીરીન, આએ બાકીનું દોરડું ગોડાઉનમાં મુક. હું બધો થાકી ગીયોછ. કોણ જાણે બૈરાંઓ એટલાં નજીવાં કામને સારૂં એવાં ગભરાઇ કાંય જતાં હોશે! જો મેં કેવું બધું એખલે હાથે કરી આપ્યું!" ઇત્યાદી.

જુઠુ બોલે તેના એવા હાલ !

લાડકી દીકરી દીનુની સાલગરેહ છે. માય બાવાએ પોતાના થોડાક સગાંવાહલાં તથા ઓળખાણુવાળાંને જમવા બોલાવ્યાં છે. સાંજે પાંચ વાગે સઘળાં પરોણાઓ "હાલ" માં ભેગાં મળ્યાં છે, પણ દીનુજ કોણ જાણે કયાં ગેબ થઇ ગેઇ છે.

"એ દીનુ શું હજુ મારપર તઇયારજ થયા કરેછ કે?" માયજી બોલ્યાં, "જોની આયા, દીનબાઇને કેહની કે" ચાલોની."

"ને હજુ આપણા દીનશાહજી બારીસ્ટર સાહેબબી પધારયા નથી. એનું તો એજ રહી ગીયું. કોઇ દહાડે વખતસર આવવુંજ નહીં," બાવાજી બખારયા.

અરધોક કલાક વાતમાં નીકળી ગયો અને દીનુ હસ્તી હસ્તી હાથમાં ફુલોની બાસ્કીટ લઇને દાખલ થઇ.

"ઓવાય દીનુ, તારની કાંહ ગેઇતી? બધાં વારેવાર જોયછની".

"માયજી હું તો જરા સકારું ઉતું તેથી બાગમાં ફુલો લેવા ગેઇતી. આએ ફ્લાવર વાઝમાંનાં બધા કરમાઈ ગીયાંછ. આટલાં ફુલો એકઠાં કરતાં મારા બધા પગેપગ દુખી આયા."

"પણ દીનશાહ કેમ હજી આયો નહીં?"

"શું બાવાજી," દીનુ ફુલો ગોઠવતાં ગોઠવતાં બોલી, "દીનશાહજી હજી આયા નથી? કાંઇ અગતનું કામ નીકળી આયું હોસે, નહીં તો જરૂર આવ્યા વગર રહે નહીં."

જાણવું કે આ દીનશાહજી અને દીનુ વચ્ચે પ્યારનો સોલો ઉઠથો હતો, પણ દીનશાહજીબા નામનાજ બારીસ્ટર હતા અને કમાઇના કોઠરા હતા એટલે દીનુના માય બાવા તેઓના લગન સામે વાંધો લેતાં હતાં.

"અરે દીનુ, દીનુ, તારા કાનમાંની હીરાની બુટી કહાં છે? દીનુનાં માંયજીએ એકાએક બુમ પાડી.

"એહ! મરેરે મારી બુટી કહાં પરી ગેઇ? આજેજ મારા બાવાજીએ "પ્રેઝંટ" આપીછને!"

આખા ઓરડામાં તેમજ ફુલની બાસકીટમાં શોધાશોધ ચાલી રહી. બધાં પરાણુઓબી સાથે શોધવા લાગ્યાં. દીનુનો ભાઇ સાવક બાગમાં શોધવા જતો હતો તેટલાં તેજ બારણેથી દીનશાહજી દાખલ થયા.

"માફ કરજો હું, ધનજીશાહ શેઠ, આજે કામ ઘણું હતું તેથી જલદી આવવાને બન્યું નહીં. પણ શું છે? શું શોધોછ? દીનબાઇ, તમુને સાલ મુબારક—અરે પણ આજે દલગીર કાંય છેવો?

"બા, એની કાનમાંની હીરાની બુટી કેઠે પરી ગેઇછ."

"હીરાની બુટી! અરરર! આમ બોલી દીનશાહજી પણ બધા સાથે શોધવા લાગ્યા.

"અરે સબુર, સબુર, દીનશાહજી એ તારી દહાડીના બાલમાં શું ભરાયું છે?" સાવકે બુમ પાડી.

"શું ભરાયું છે?" આ વખતે સાંજનુ અંધારૂં થયાથી હાલમાં બતી સળગાવામાં આવી અને તેના ઝળકાટમાં તે દહાડીનાં બાલની અંદર ભરાયલી ચીજ ચળકવા લાગી.

બધાં આસપાસ ફરી વલ્યાં અને માહ મેહનતે તે દહાડીમાં ગુંચવાઇ ગયલી ચીજને બાહેર કહાડવામાં આવી. જોરથી તાણતાં થોડાક બાલ પણ તણાઇ આવ્યા. સાવકે મોટે હસી પડીને બુમ મારી, "અરે એ તો દીનુંની બુટી છે! દીનુ એક જબરી ચીસ પાડીને બેભાન થઇ ગઇ જયારે દીનશાહજીબાએ કોર્ટનું કાંઇ કામ યાદ આવી જવાથી પાધરૂં પેહડી ચાલવા માંડયું.

તે ચીજ કાંઇજ નહીં પણ પેલીજ દીનુની ખોવાયલી હીરાની બુટી હતી! એનુ ખાનુ ખરાબ થાય એ બુટીનું! ગરીબ બીચારાં દીનુ અને દીનશાહનો ભાંગરો વાટી નાંખ્યો! બંગલામાં જવા પેહલાંની તેઓની એ છુપી પ્યારભરી મુલાકાતની કોઇને ખબર પડતે નહીં અને બેહુએ પોતાની ગેરહાજરીના બતાવેલાં જુઠાં બાહનાઓ સાચાંજ માનીને ખુશખુશાલ પસાર થઇ જતે પણ હીરાની બુટીને અદેખાઇ લાગી કે શું તેથી તેણે તે મીઠી મુલાકાત દરમયાન દીનુના કાનમાંથી, તેની જાણ વગર નીકળી જઇ દીનશાહની ખરબચડી દહાડીમાં ભરાઇ જઇ તે લોકોનો ભેદ ફોડી આપ્યો હતો.

અહા! બચ્ચાં છોકરાં વગરનું જીવતરજ બળયું !!

રે યારો-બચ્ચાંઓ કોણને ઘેર છે?



તબકકો પહેલો.

રે રસીકો, પેસુ પચરસ્યો જ્યારે કુમારો હતો ત્યારે પોતાના બેચલર ઓરડામાં સહવાર સાંજ આય આમ એખલો એખલો પોતાનું હાણ્યા કરી હંમેશ હાસ હુસના નીસાસા નાખતો કે એક મજાની રમકડાં જેવી બઇરી હોય ને મજાના ગલગોટા જેવાં બચ્ચાંઓ ઘેર વાજતું ગાજતું હોય તો જીંદગીની લેહ્જતમાં કેટલો ફેર પડે! અહા-બચ્ચાંઓ વગરના માટીડાનું જીવતરજ બળયું! એક સાબતી તો બસ જોઇએજ. એમ એકલ ડોકલ દહરયા કરતાં તો હવે પેસુને જીવપર આવતું હતું. તે ખાટો બટ મારી ગયો હતો. રાતઅવાર માંદ સાજા હોય ત્યારે આગળ કોઇ હોવું તો જોઇએજ!

(જુવો પાસેનો સફો)

અહા !–બચ્ચાં છોકરાં વગરનું જીવતરજ બળ્યું ! !–ચાલુ.



તબકકો બીજો.

જ્યારે પેસુ ઘણોજ કંટાળી ગયો ત્યારે તે પોતાના જેવા કુમારા દોસ્ત ખસરૂ ખીસકોલીના સાથ ભાગમાં એક ફલેટ લઇ ચમરી કરીને રહયો. પણ બસ પેસુનો જીવજ ઉચટ મારી ગયો હતો તેને એક સોબતી માંગયો તો નખોદ ગીયાં રાતને વખતે સેંકડો બીજાંજ સોબતીઓ ઉલટી પડયા ખાધાં ! છટ ! ઘરમાં એક બઇરાં માણસ વગર કંઇ વળેજ નહીં.

તબકકો ત્રીજો.



હવે પેસુ ધર્યો ધરાયો નહીં. અંતે–ઓહ સુખવાસી સંસારના સુગમતા સ્વપના ! તેની મુરાદ બર આવી ! તે પરણ્યો અને ૯ મહીનામાં તો લઇ કરીને એક ગેટકા જેવા પોટકાનો તે નસીબવંતો બાપઓ થયો. આહ, બચ્ચાં કોણને તાંહ છે ? પેસુને હવે સોબતીઓ જોઇતાં હતાં તે મળ્યાં—

(વધુ માટે જુવો સફો ૩૨૪ મો.)

અહા !–બચ્ચાં છોકરાં વગરનું જીવતરજ બળયું !!–ચાલુ.



તબકકો ચોથો.

પણ પેસુનું કીસમતજ એક ગાંડું ગયેડું હતું ! જ્યારે કુમારો હતો અને સાથીઓની તલબ કરતો હતો ત્યારે તેણે એક સોબતી માંગ્યો તો તેને રોજ રાતનાં કમબખત અનેક સોબતીઓ મલ્યા કીધાં. અને હવે જ્યારે પણ્યો છે ત્યારે તેને તેની બહરી ઉપરાંત અત્યાર સુધીમાં બીજાં પાંચ સોબતી તો મળી ચુકયાં છે–અને નબોદ ગેહ સુનાને વરી પુરા દાહડા છે ! ઉંહુ–પેસુને એવું થાય છે કે જાણે જાણે–વેલ નેવર માઇંડ ! બચ્ચાં કોણને ઘેર છે ?

ધણીયાણી ધણીની ઓફીસ જોવા આવ્યાં છે. ચોપડીઓના ઢગ બતાવતા ધણી બોલ્યા, “આઓ મારી આખા દહાડાની હીસાબની ચોપરીઓ જોઈ? એની સાથે આખો દહાડો ભેજાં ઢુખણુ કરવું પરેછ.”

ધણીયાણી—હા જોઇ, પણ હવે રાતની હીસાબની ચોપરીઓ બતાવોની ?

ધણી—રાતની હીસાબની ચોપરીઓ ? તે શું ?

ધણીયાણી—કાંય ? રાતની ચોપરીઓ કે જેની સાથે ભેજાં ઢુખણુ કરવા તમુને બીચારાને રોજ પાછલી રાતના બબે વાગા સુધી આપીસમાં રોકાઇ રહેવું પડેછ તે ચોપરીઓ !

(માથેની મલી !)

એ આ બે તુફાની બારકસો શું કરેછે?



તેઓ અલબત ભાઇ બેહન છે. પણ તેઓ આમ વાંકા ટીકાં થઇને આ રકીરીનની પછવાડે સંતાઇને કરે છે શું? શું કોઇ સાથ નાસાગેસો રમે છે? યા એક મોટો ફટાકડો ડરોઇંગ રૂમમાં સલગાવી મેલી છે તેને મોટા ધડાકા સાથ ફુટવાની વાટ જુએ છે?

અરે નારે!–તમે શું જાણ્યા વગર અમથી ટકટક કરો છો! એ તો–છે ત–એ તો એ લોકના વડી બેહેન સોલ્લુ અદરૂ છે કે ની–તે તેણીના ભવીષ્યના ધણી જેમી મલવા આવેલ છે ને હાલમાં બેસીને શીરીન સાથ વાત કરે છે, તે "ગમત" જરા આ ચવીત્રાંઓ જોતાં ઉભેલાં છે!

મુવા નહીં ને ભુત થયા !

"નાપાકનો જણ્યો આએ મેહેરાંનો કુતરો "શીદો" કોણ જાણે કહાં મને નરવા આવેછ?" નસરવાનજી મન સાથે વમાસવા લાગ્યા. "છે તો નાહલ્લો બીલ્લસ જેટલો, પણ હું જ્યારેબી મારી મેહેરાંને મળવા તેને ઘેર જાઉંછ ત્યારે એ ઘેડાનો ખાધો એવો તો જીવ પછાડી નાખેછ કે આખું ઘેર ગજાવી મુકેછ. હું જેમ બને તેમ મેહેરાંના માય બાવાથી છુપો જવા માગુંછ તહારે એ મોટે મોટે ભોંસી બધાંને જણાવી દેછ. એનો કંઇબી ઉપાય કરવો જોઇએ. કંઇબી કરી એ નાહના કુતલ્યાંનું કાટલું કહાડવું જોઇએ. (વાચાર કરીને) હા, એક ઘણો સરસ ઉપાય મને સુઝ્યોછ. એક મોટો "બુલડોગ" વેચાતો લઇ મેહરાં પર મારી તરફથી બેટ મોકલું. પછી તે બુલડોગ આએ ઝીણા કુતરાંનો ઘાણ કહાડી નાખશે."

આ પછી નસરવાનજી એક દુકાને ગયા અને એક ઘણોજ વીકાળ દેખાવનો બુલડોગ પસંદ કીધો. વેચનાર ધણીએ નસરવાનજીને ખાતરી આપી કે, "એ પોતાનો ધણી જેબી હોય તેની પર જીવ કહાડી આપશે, પણ એટલો અદેખો છે કે પોતા સીવાય બીજા કોઇનેબી પોતાના શેઠ શેઠાણીના પ્યારમાં ભાગ લેવા દેશે નહી."

નસરવાનજી હરખાઇ ગયા. "બસ બસ મને તેવુંજ જોઇએછ. મેહેરબાની કરી આએ કુતરાને મારે નામે આએ

નામ લખ્યું છે તે ઠેકાણે મોકલાવી આપજો.” તેવણ મેહેરાંનું નામ તથા ઠેકાણું આપી બાહેર પડયા. “હવે “ફીદો” ને કહીયે કે તું મેહરાં આગળ જા, પછી તારી કમબખ્તી! ઉભોને ઉભોજ પેલો બુલડોગ ચીરી નાંખશે!”

બીજે દીને મેહરાં તરફથી નીચલી ચીઠી નસરવાનજીને મળી.

મેહેરબાન ભાઈજી નશરવાનજી,

જત તમોએ મોકલેલા સુંદર બુલડોગની ભેટ મને મળી છે. બચીત તે માટે હું તમારી ઘણી ઉપકારી છું. ગરીબ બીચારા મારા નાહના “ફીદો” ને એ તમારા બુલડોગે આજે સહવારે મારી નાખયો છે, પણ નાહના “ફીદો” ના બદલામાં આવો સરસ બીજો કુતરો મને મલ્યો છે એ ધીરજની વાતછે.

લા० તમારી દુવાગીર,

મેહેરાં.

ઉપલું કાગજ વાંચી નસરવાનજી સીલીંગ સુધી કુદયા.

“હેત તેરીકી! મેં નહીં ધારયુંતું કે આટલું જલદીથી મારૂં ધારેલું કામ પાર પડી જશે! હવે કોણ ભોંસીભોંસીને ઘેર ગજાવવાનું છે? હું તો જાણું કે મેહેરાં કેવી ગુસ્સે થશે. ચાલ આજે સાંજે સેવક જઇ મેહેરાંના પાસામાં બેસી ખુબ તરેહથી વાત કરશે. પચાસ રૂપ્યા બુલડોગના ખરચવા પડયા પણ સદાનું સુખ થઇ ગયું!”

સાંજે બની ઠનીને નસરવાનજી મેહેરાંને ઘર ગયા. મેહેરાં હાલમાં એક સોફાપર બેઠેલી હતી, અને તેના પાસાંમાં નસરવાનજીવાળો કુતરો દબાઇ બેઠો હતો. નસરવાનજી જેવા મેહરાં

આગળ જવા ગયા કે તે ઉઠી ઉભો થયો અને ઘુરકવા માંડ્યું. મેહેરાં તેનો ગળામાંનો પટો પકડી રાખી બોલી, "આવો નસરવાનજી. આએ કુતરો તમે મોકલ્યો તે સારૂં ઘણીજ મેહેરબાની થઇ. મારી સાથે એટલા વારમાં એટલો પલોટઇ ગીયોછ કે બસ અદેખો પરીને મારી દસ કદમ દુરબી કોઇને આવવા દેતો નથી. બીચારો "શીદો" મારી આગળ સહવારે આવવા ગીયો તેને તાંહનો તાંહજ પોંહતો કરી દીધો. તમે મેહેરબાની કરી પેલી દુર ખુણામાં ખુરશી મુકીછ તેની પરજ બેસજો હું! મારી આગળ આવતા ના, નહીં તો જરૂર તમુનેબી ડાપું ભરશે!"

નખોદ! એ આએ શું થઇ ગયું! ગરીબ બીચારા નાહના, ફકત બોંસીનેજ રહેતા શીદોનું કાટલું કાહડવા જતાં નસરવાનજીબા પોતે ચોખા ફસ્યા હતા. શીદો તો ફકત બેસી-નેજ બેસ્તો હતો પણ આની આગળ જતાં તો જીવ જવાનો સોદો હતો, અને પચાસ રૂપ્યાની ચોટલી તો જુદી!

તદન છુપું રાખ્યું?

ભાઇ બેહેનપર કાગળ લખે છે——

મારી વહાલી બેહન ધન, હું તુંને તારાં વરસની ભેટ આપવા પઇસા એકઠા કરૂંછ. તે શું ભેટ છે તે હું તુને હમણાં નથી કેહવાનો, તે દહાડેજ તું જોઇને અજબ થશે.

લા૦ તારો વહાલો ભાઇ કેકુ.

તા૦ ક૦—હવડાં બઇરાંઓને વાસ્તે કેવા રંગની છત્રીનો ફેશન છે? લાલ રંગની હોય તો કાંઇ નહીં કે તે મને લખી જણાવજે.

લા૦ કેકુ

જેનાં કામ તે તેજ કરે.

ધણીયાણીઓને એક લેસન.

"તમુને તો કોઇ દહાડે, રૂસ્તમજી, પઇસા એકઠા કરતાં આવરેજ નહીં કે?" અવાસીયાના રતનબાઇ એક દીવસે પોતાનાં ધણી થતા પર બખાયાં. "તમે જો માંગો તો હાથ ખાંચી શકો. નહીં જોઇતો ખરચ કરવામાં તમે ઘણા બાહદુર છેઓ. હું તમારે જગે હેવું તો બતાઉં."

"પણ લેની, લેની, તું તારા હાથમાં બધો ખરચ ખુટણુ લેની—ને એક વખત અજમાએસ કરી જોની. જો, બેંકમાં મારો જે હીસાબ છે તેમાં હું તારૂંજ નામ લખાઉં. પછી બધાં બીલો આવે તે તુંજ પગાર કરજે. હું ફકત દર મહીને મારા પોતાના "પોકેટ મની" દાખલ થોડાક રૂપ્યા ઉપાડશ પછી બાકીનો જરાકે જરાક ખરચ તું કરજે."

"ઓહ! તેમાં શું મોટી વાત! તમે જોજો નહીં ઘટતો ખરચ થતો અટકાવીને દર મહીને કેટલા રૂપ્યા બંચાવીને હું તમુને બતાવુંછ તે."

દસ વરસ થયાં તેઓ પરણ્યાં હતાં અને તેટલા અરસામાં કાંઇ દસ હજાર વાર એવી રીતની તકરાર તેઓ વચે થઇ હશે, એટલે અલબતાં રતનબાઇને આ નવી ગોઠવણ ઘણીજ પસંદ આવી. થોડાક દીન પછી રૂસ્તમજીએ તેવણને

એક નાની ચેક બુક લાવી આપી. તેવણે બેંકમાંથી પોતાનું નામ કહડાવી રતનબાઇનું લખાવ્યું હતું. બેંકમાંથી ચેક મોકલી નાણા કેમ મેળવવાં તેની થોડીક સમજ આપીને પોતે ઘર ખરચના કંટળાભરેલાં કામમાંથી તદન અલગા થઇ ગયા હતા.

આંઠેક દીવસ પછી પોતાના બે છોકરાંઓને લઇને સાંજે માટી બઇયર આઇસક્રીમ ખાવા ગયાં. આઇસક્રીમ ખાધા પછી ત્યાંનો "વેટર" બીલ લઇ આવ્યો અને રૂસ્તમજી આ ગળ ધર્યું.

"બાઇ આગળ લેકર જાઓ," રૂસ્તમજીએ તેને કહ્યું.

"ઓવાય, રૂસ્તમજી મારી આગળ શાનું મોકલોછ? તમે આપોની?"

"હું આપું? પઇસા ખરચવાની વાત તું જાણે મને શું કહેછ?"

"હેં! હું તો ગજવામાં એક દોહડયુંબી નથી લાવી! તમે બધાં આઇસક્રીમ, કેક ખાવો તેના પઇસાબી મારી પાસે અપાવોછ કે?"

"તારી પાસે નહીં અપાવું તો કોણ પાસે? જ્યારે હું તુને "પાકીટ મની" ના પઇસા આપી બાકીનો ખરચ હું કરતો'તો ત્યારે આઇસક્રીમ ખાવાના પઇસા તું આપતીતી?"

"વારૂં, ચાલો હમણા તો આપો, ઘર જઇને મારી પાસે લેજો. ફજેતા શું કરોછ? મુવા એમ પઇસા દર પલકે પલક કહાડવા પડે તો એકઠા શું થાય, ધુર!"

થોડા દહાડા ગયા પછી એક ખાસ ખેલ "નોવેલટી"

થીએટરમાં થવાનો હતો. ટીકીટોના ભાવ આકરા હતા, પણ મેળાવડો દબદબાભર્યો થવાની વકી હતી એટલે રતનબાઇનું જવાનું મન થયું.

"જો, રૂસ્તમજી, કેવો મજાનો "ખુને નાહક" નો નાટક છે? આપરે જઇએ, ટીકીટ મંગાવો."

"હાઆઆ-લાવો, પઇસા આપો!"

"પઇસા? હાઆ, તોઓઓ! નાટકની બે ટીકીટના છ રૂપ્યાબી હું આપું?"

"જોઇએતો ના આપ ને નાટકમાં ના જા. તુને કોણ કહેછ? તું મને કરકસર કરવા શીખવવા માંગેછ, પણ જો એમ નાટકના પઇસા, આઇસક્રીમના પઇસા મારી પાસે અપાવી થોડાક રૂપ્યા બચાવે તો તેમાં તેં મોટો વાઘ શું મારીયો?"

"જાઓ, હું કંઇ જવાની નથી!"

(તે દીવસે રાતના ખાણાપર રતનબાઇ ઘણાં મીજાજમાંજ બેઠાં હતાં અને અરધી ભુખે ઉઠી ગયાં હતાં!)

બીજે દહાડે સાંજના રૂસ્તમજી આફીસથી ઘર આવતાં ધણીયાણીએ પુછયું—"અરે રૂસ્તમજી, એ આએ ચાંદાભાઇની કુંઠમાંથી એક ડજન નવાં બદીયાન સીવાયાં તેનું બીલ મારે નામે અયુછ એ લોક મારે નામે કાંય બીલ મોકલતા હોસે કોણ જાણે?"

"મેંજ તે લોકને તારે નામે બીલ કરવા કહ્યું. તેં ચુકવી આપ્યું કેની?"

"નહીં, નથી ચુકવ્યું ને ચુકવવાનીબી નથી."

"નહીં શું, તમુને ચુકવવુંજ પડશે."

"નહીં, બસ નહીં."

"શું ત્યારે તે લોક એટલા રૂપ્યાને વાસ્તે મારી પર ફરીયાદી માંડશે તે તુંને ગમશે કે?"

"મરેરે! મરેરે? એ શું મુવો જુલમ? આના પઇસા આપો, પેલાના પઇસા આપો, બસ પઇસાને પઇસાજ!! તારે મુઇ કરકસર તે કેમ થાય?"

"એ તો એમજ તો! તમે ઘડી ઘડી "રૂસ્તમજી સાડીના રૂપ્યા આપો-રૂસ્તમજી, પોલકાના પઇસા આપો-રૂસ્તમજી, બુટવાળાને આંકડો ચુકવો-કરીને બોલતાતા ત્યારે મારેથી કેવી રીતે પઇસા એકઠા થઇ શકયા'તા?"

ઘણીક તકરાર અને પંચાતી પછી તે બીલ ચુકવવામાં આવ્યું.

"બાવાજી, હું નવો કલાસ ચહરયો તે હવે નવી ચોપરીઓ લેવાની છે-મને સાડાસાત રૂપીયા જોઇયેછ-આપોની," દીકરા બેહેરામે કહ્યું

"માયજી, પાસે જાઓ-તેવણ આપશે."

"નહીં, મારી પાસે છુટા રૂપ્યા નથી. બાવાનેજ કેહો આપશે."

"બાવા કીયા ચુલાહમાંથી આપે? તું "કેસ્યર" તારે શાની થઇને બેઠીછ? છુટા રૂપ્યા રાખવાજ જોઇએ. તું એમતો નહીં કેહવા માગતી હોય કે મારા "પાકેટ મની" માંથી હું છોકરાંઓને સ્કુલની ચોપરી અપાવું?"

"તુંને તો બસ દર બે મહીને ને ચાર મહીને નવી ચોપડી જોઇએ. સંભાળીને રાખતો કાંય નહીં ?" માયજી દીકરા પર હવે ઉખડયાં. "મુવાં દુકતાંઓ કંઇ ખરચ કરાવેછ કે બોલ્યાની વાત નહીં." બબડી ફફડીને બેહેરામને રૂપ્યા ઝાંસ્યાં.

થોડાજ દીવસો જરા સમાધાન ગયા નહીં હશે તેટલાં મ્યુનીસીપાલ ટેક્ષવાળા તરફથી ગાડીનો ટેક્ષ લેવા આવ્યો.

"શું મુવાના જીવપર ધાર આવી ? ખોબા ભરીને રૂપ્યા લઇ જાયછ તે ? બસ ગાડી ઘોડોજ કાહારી નાખુની !"

ગાડી ઘોડો કહાડી નાખ્યો. તેના પરીણામમાં બાઇ-સાહેબને પોતાનેજ રોજ સાંજે ઘરમાં બેસવું પડયું અને ભાડેની ગાડીનો ખરચ જેનો તેજ થયો.

ત્યાર પછી ગ્યાસનું બીલ, ઇંડાવાળાનો આંકડો, માખણવાલાનો આંકડો, વગેરે આવીને પડયું. બેહેરામે બુટ નવાં લીધાં તેના પઇસા, રૂસ્તમજીએ પોતાનો સુટ સીવાડયો તેના પઇસા, ઘરનું ભાડું, વગેરે વગેરેથી સરવે જણાં રતન-બાઇને જાણે લુટવાજ પડયાં! કરકસર કરતાં ને પઇસા બચા-વતાંતો ડોસાં થયા પણ પઇસા જાણે હાથમાંથી પીગળીજ જતા હતા. અને તે છતાં જાણે સરવે ઓછું ઓછું લાગતું હતું. હવેજ રતનબાઇ વીચારમાં પડયાં. હવેજ તેવણને મા-ટીડાઓની મુસ્કેલીનો ખ્યાલ આવ્યો. રૂસ્તમજી કરકસર કરીને પઇસા બચાવી કેમ નહીં શકતા હતા તે હવેજ તેવણે જાણ્યું.

એક દીવસ મારમારનો વરસાદ પડતો હતો. રતનબાઇ કાંઇ બીલનીજ સાથે ફાંફાં મારતાં હતાં એવામાં ઘરઘર કરતી એક ભાડેની ગાડીમાં રૂસ્તમજી આવી પહોંચ્યા.

"રતન, એક બાર આના આએ ગાડીવાળાને આપ."

"જાઓ, પઇસા બઇસા કાંઇ છે નહીં."

"શું નહીં ? તેં લાગલી ગાડી કહાડી નાખી ત્યારે આવા વરસાદમાં શું હું ભીંજાતો આવુ કે ?"

રતનબાઇ એકતો ફુફડેલાંજ હતાં એટલે તેવણ છલાંગ મારીને ઉઠયાં. "બલા જાણે મારી ! લેવો આએ તમારી ચેક બુક! હું કાંઇ ખરચ બરચ હવે કરવાની નથી. મુવા જરા જરામાં પઇસા, જરા જરામાં પઇસા ! તમેબા જાણે મને ચીડવવા હાથે કરીને જરા જરામાં પઇસા માગવા આવોછો. ઓંજયો જરા બેસવાનો કરાર નહીં. આખો દહાડો મુવાં બીલો તપાસવા ને હીસાબ કરવામાંજ જાયછ. ઘેરનું કામકાજ કે સીવવા ભરવાનો વખત તો મળતોજ નહીં ને સાથે ભેંજાનું દહી થાયછ તે જુદું. ધરો આએ તમારી ચેક બુક, હવે મને કાંઇ કેહતા ના." એમ બોલી રતનબાઇએ ચેક બુક રૂસ્તમજીના પગ આગળ ફેંકી દીધી.

રૂસ્તમજી મનમાં બોલ્યા, "ચાઆલો ! બધી કરકસર કરી રહયાં, ને પઇસા બચાવ્યા ! પણ આએ ઠીક લેસન મળ્યુંછ. હવે કરકસરનું નામજ છોડી દેશે !"

કેવી મોટી આફત!

શીરીન લાહેર એક દીવસ સહવારથી પોતાની સહીને ત્યાં વાંદરે મજાહ કરવા ગઇ હતી. સાંજે ત્રણેક વાગે ટેલીફોન વાગ્યો અને શીરીનનો વર સોરાબ તેની સાથે વાત કરવા લાગયો.

"અલ્લો, કોણ છે?"

"એ તો હું છેઉં સોરાબ, આપરે ઘેરથી વાત કરૂંછ. ગભરાતી ના, હવે ધાસ્તી નથી. પણ તુંને એક નાખુશ ખબર કહેવા માંગુછ. તું સહવારે ગીયા પછી આપરાં ઘેરમાં આગનું નાહનું છમકલું લાગું હતું."

"આગ! વારૂં તેમાં ધભરાવાનું શું? ઘેરતો બરી નથી ગીયુંની?"

"ઘેર બધું બરી જાય તો ટેલીફોનમાંથી હું વાત કેમ કરી શકતે?"

"હાજો, ખરેખર, પણ કાંઈ ફરનીચર બરી ગીયું કે! કંઈ સેહજ સાહજ જુનું પુરાણું હોય તો બીજું નવું લાવશું?"

"પણ જરા સાંભલતો ખરી, આગ લાગી તે વખતે કુતરો ટોબી સારૂં થયું કે બાહેર કમપાઉંડમાં——"

"અરે ટોબીને કાંહ દાર દોધીમાં નાંખોછ, ગામમાં બીજા કુતરા નહી મળતા શું? તમે ને છોકરાંઓ તો નથી બરી ગીયાં કેની? વારૂં આગ કાંહ લાગી? જલદી બોલોની, પેલાં લોક પાણાં રમવા સારૂં મારે લીધે ખોટી થાયછ?

તમેબી જરા આગ લાગી તેમાં કેટલો ધભરાટ કરોછ?"

"આગ પહેલાં આપરા સુવાના ઓરડામાંથી શરૂ થઇ ને ધોલ્યો આખો બરી ગીયોછ."

"અં! મરેરે! મજાનો ધોલ્યો ઉતો! પણ તે દહાડે "વીંમબ્રીડજ" ને તાંહ એ કરતાં સરસ મેં એક જોયોછ તેમાં મારૂં ધક ભરાયલુંજ ઉતું એટલે ઠીકજ થયું, વારૂં બીજું કાંઇ બરી ગીયું?"

"હા, બીજું તો કાંઇ દમ જેવું નથી—પણ પાસેનાજ તારા ડરેસીંગ રૂમમાં——"

"એહં! શું? કાંહ? મારા ડરેસીંગ રૂમમાં? તાંહ શું થયું? શું બરી ગીયું? ઓ જલદી બોલોની?"

"અરે, પણ ઉભી રહેની, એટલો બધો ગભરાટ કાંય કરેછ? તાંહ બીજું કાંઇ બરી નથી ગીયું, ફકત બારણા આગળજ એક ખુરસી પર કાંઇ કાગજમાં બાંધેલું મોટું બંડલ ઉતું તે આખું બરી——અરે એ શું? અલ્લો!"

પણ સોરાબનું આ છેલ્લું બોલવું હવામાંજ ઉડી ગયું હતું; કેમજે તેના છેલ્લા શબ્દો સાંભળી શીરીને એક જબરદસ્ત ચીચ્યારી પાડી, ટેલીફોન હાથમાંથી નાંખી દીધો હતો અને બેસુધ થઇને જમીન ઉપર પડી હતી.

બારણા આગળ ખુરસી પર મુકેલું બંડલ જે આખું બળી ગયલું સોરાબે જણાવ્યું તે કાંઇજ નહીં પણ આગળેજ દીવસે કલ્યાણ મોતીને ત્યાંથી સીવાઇ આવેલાં નવાં બ્લાઉઝો હતાં—અને તે ધર, બાર, ધણી, બચ્ચાં, ફરનીચર કરતાં શીરીનને મનથી વધુ હતાં.

છે—હેહેહે !—પ્યાર ક્યારની ભલ અહીં દરકાર!

મારી આગળ અલ્લકસે ચાનજી ચાકલેટના રોશન ચેરાગ કાઉસ કરકાબાલુસે કરેલો એકરાર.



[બાપુ—વાત એમ છે કે ચાનભાઇ ચાકલેટનો એક પુરો સપુત—કાઉસ—બડો ફજ્જુ છે. જ્યારે જોઇયે ત્યારે કાવસજીબા જેવા કહે છે તેવા કડકા બાલુસ ! નખોદ ગીયો પરણીને "સટલ" થઇ મરતોજ નથી. એક દહાડે મેં એને ચાંપાને આમ લખ્ધા જેવો કુંવારો ફરયા કરવાનું કારણ પુછ્યું તો આવી રીતે ડાચું ફસકાવીને પોતાના માત્રીમોન્યલ વીચારો બાબે તેણે મારી આગળ જે એકરાર કર્યો તે લ્યો સાંભળો:—]

(વધુ માટે જુવો પાસેનો સફો).

હું-ચાનજીભાઇ ચાકલેટનો રોશન ચેરાગ—
કાંઇક મુદત થઇ પરણવાનો શોધું છું લાગ;
"કાઉ કરકાબાલુસ"–મુજ જગ મશહુર નામ,
પીછાણેછ સેવક ને દુન્યા તમામ!
મારવાને "ટીપકી" હાલ તજવીજ છે, ભાઇ;
હું કુછ બસ ચીચોડા વાળી કોઇ બાઇ.
યારો, છે નજરમાં એવી કોઇ નાર?
છે–હેહેહે!–પ્યાર ફ્યારની ભલ અહીં દરકાર!

જોઇ પણવા અદરાવાની નવીજ ફેશન—
મેં જાહેર ખબર "જામે"માં આપી બે ત્રણ;
જણાવ્યું તેમાં—"એક ગબરૂ જવાન,
દેખાવળો, મજબુત, ને ઉંચું ખાનદાન—
કરવા ચાહેછ શાદી તે લાયક કોઇ ઘેર."
—આવ્યા જવાબો બસ આંકડો ને તેર!
પણ નીકળ્યો નહીં, બાપુ, કોઇમાંથી સાર;
છે–હેહેહે!–પ્યાર ફ્યારની ભલ અહીં દરકાર!

સુન તેથી પીજામ, આ પાછી ખબર–
જોઇ લે મુજ ચેહરો હવે બરોબર!
છું ચાર ચોખા છંટાવવા ખચીત આતુર;
બસ સંસારમાં ઝીપલાવવા છુટયું છે શુર!
બનાઉં તેને જલદી મુજ કાલજાંની કોર—
(હોય જેના ઘાંખરા પાસ ખુરદાનું જોર!)–
જોઇયેછ મને રીતમાં બસ ચાલીસ હજાર;
છે–હેહેહે–પ્યાર ફ્યારની ભલ અહીં દરકાર!

તૈયાર છું હું આંખ વીચી આપવાને દીલ,
(જો કરે મુજ સસરો કાંઇ ફેવરમાં વીલ).
ખુબસુરત હો યા હો ગોટો સોબઇ,
હીંગણી ઢબ્બુસ હો યા કાની કોબાઇ.
હોય મરેલ્હાલ મરકુટ કે પોહળી પખાલ,
જોઇયેછ, બા, ડોકરી પાસ મને તો "માલ !"
ફ્લુસ છું મારીસ, દોસ્ત, હું તો લગાર—
છે-હેહેહે!-પ્યાર ફ્યારની ભલ અહીં દરકાર!

રંગરૂપમાં હોયબી જો કાગડાની પાંખ—
હોય બાંગી ને પેંગી સાથ બાડી બેઉ આંખ—
મુઝાકો નથી જો ટીકરી હોય ગેબ;
ભલે હોય ભારોભાર બાલમાં ફરેબ !
ગર મસ્તકમાં ભેજાને બદલ હોય વેહેર—
મુગી યા બેહરી હોય-તો બી છે ખેર !
મંજુર છે બધું જો હોય ચીકાસદાર.
છે-હેહેહે-પ્યાર ફ્યારની ભલ અહીં દરકાર!

હોય કાં નહીં તેણીને હાંફણ કે દમ—
બરીયલ કુંજરી નોબી નથી કાંઇ ગમ;
હોય એકબારગી પોટટીને ફીકરૂં કે ખડી-
છાંડો જો હોશે તો તેબી છે સહી !
હો કોહોડયલ અભાગણી યા કાળી સોધ્યણ-
હો અપટ અન્નાડી યા મુરખ અભણ—
કબુલ છે લાવે જો ફુદીયાં બોશ્યાર !
છે-હેહેહે !-પ્યાર ફ્યારની ભલ અહીં દરકાર!

હોય મુકતીઓ બત્રીસી ખોટી અગર—
છોને હોય આંખે દીલ ખડયા ખરખર!
ફીકર નહીં હશે જો આગરી ચસ્કેલ;
દોહસમોરીયાં હોશે તો બધું છે સેહલ!
ચીંતા નહીં હોયલાં જો બાપ કે માય મેડ—
હોય કાં નહીં કાંકો કોઇ કોલાબે કેદ!—
છે ફુસમુટીયાં તેનાં નો એકલોજ વીચાર!
છે—હેહેહે!—**પ્યાર ફ્યારની ભલ અહીં** દરકાર!

હોય કસરેવજ કપટી કે નીચ નીંદાખોર—
છેકેલી છટેલ યા સાવજ મુઇ ઢોર!
રપુચક્કરબી હોય કુટુંબ રાહઘાટ——
પુછીશ નહીં આગળી કે પાછળી કાંઇ વાત!
ખાનદાન કે બાનદાનનું નથી કાંઇ કામ—
બસ એપ્લીકેશન કરવું 'કેર ઓફ **પીજામ**!'
રહેશે "રીત"ની રકમપર બધો આધાર—
છે-હેહેહે!—**પ્યાર ફ્યારની ભલ અહીં** દરકાર

ઘણાંજ જાડાં બાઇ—અજબ જેવી તમારી આંખ છે હં, ધનજીભાઇ, હું છેક ગલીને નાકે ઉતી તોબી તમે મને જોઇને ઓરખી?

ધનજીશાહ—અરે એમાં શું મોટી વાત? એ કરતાં ચારગણા દુરથીબી તમે દેખાઇ આવો ને ઓરખાઇ આવો. તમે કાંહ મઇ જેવાં છેઓ કે તેની વાત!

થોડાંક સ્પેશીયલ સાઇકલીંગ પેટંટો.

આપણા લોકોમાં મીઠું જ નહી મળે!—કાંય નહી આવી સેહલી શોધોનાં પેટંટો લઇ પાંચ પઇસા પેદા કરતા?

(આ પેટંટો અમેરીકા-ઇંગ્લાંડ-અને અમલસાડ મધ્યે લેવાઇ ચુકયાં છે.



પેટંટ-નાં ૧.

તમારા ઘરના રસ્તા પર કચરો ઘણો થઇ ગયો છે કે? તો ભલા આદમી આવી કાંઇ યંત્ર કળા તમારી "બાઇક" પછવાડે લગાડી દો! સાઇકલીંગ-મજાહ-એક્ષરસાઇઝની એક્ષરસાઇઝ-અને મેદાન સફેમ સફા!!

વધુ માટે જુઓ પાસેનો સફો.

થોડાંક સાઈકલીંગ પેટંટો (ચાલુ).



પેટંટ–નાં ૨.

શું મુને લાંબી સાઇકલીંગ 'રાઇડ' લેતાં સોહવાતું નથી! કંઇ રસ્તે પેડલ કરતાં કરતાં વાંચવાનોબી શોખ થાય છે? અરે તમરૂં ભલું થાય! આય આવું 'શીવોલ્વીંગ" છાપેલું રોલ બનાવીને તમારાં મશીનપર ગોઠવી દોની? શું મોટી બીસાદ છે? છે કોઈ બુકસેલરમાં હુશીયારી કે થોડીક નોવેલો આ પ્રમાણે રોલપર પ્રગટ કરી મગાવે?

પેટંટ–નાં ૩.

હા. ગરમીના દાહડા સાઇકલીંગ કરતાં તમારો દમ નાખે આવે છે તે મને ખબર છે! પણ તમારાંમાં ભુસું હોય તો એનો તોડ કાહડો કેની? લેવો જુવો–પાછળાં પઇડાં પર આ પ્રમાણેની પંખાની ગોઠવણ કાંય નહી કરતા? જરા ભેજું દોડાવો તો બધુંબી થાય.



(વધુ માટે જુવો સફો મો.)

થોડાંક સાઈકલીંગ પેટંટો (ચાલુ).



પેટંટ-ના૦ ૪.

અને રસ્તે ચાલતા સાવજ જેવા વટેમાર્ગુ વચમાંથી ખીસ્તા નથી! તમુને બેન્જારી આપે છે? આવી યંત્રકળા તમારાં હેનડલ બારપર ગોઠવી દેઓ તો સુખનું સુખ અને વળી ગમતની ગમત! ડપ દઇને વચ્ચે ચાલનારા બરડા પરને પોચી ગાદી જઇને બેઠી કે—ચાલ બાજુ થઇ જા!


પેટંટ-ના૦ ૫.



શું? રસ્તે સાઇકલીંગ કરતી વખતે કુતરાંઓ ઘણોજ કંટાલો આપે છે કે? મારા સાહેબ-એમાં શું મોટી વાત? આ પ્રમાણે બે બ્યુગલ હોરન્સ પગ આગળ પઇડાં પર જડી દઇ તેના રબરનો બલ્બ ઉપર હાથા પરપર રાખ્યો કે કરારજ કરાર! ગમે તેવું બી ઝનુની કુત્રું પુછડી વાળીને નાહસી જશે.

(વધુ માટે જુઓ પાસેનો સફો.)

થોડાંક સાઇકલીંગ પેટંટો (ચાલુ).



પેટંટ—નં૦ ૬.

યાદ રાખજો! તમારામાં પોતાનામાં જો થોડીક ચતુરાઇ અને થોડીક ઓરીજીનાલીટી હોય તો તમે દુન્યામાં જરૂરજ ફાવી નીકલ્યા વગર રહો નહી. "ઓરીજીનાલીટી"ના પ્રતાપે તો ભલા ભલા કલ્લઈગરો, ઘોલીઓ, ધોબીઓ, હજામો, નોવેલીસ્ટો અને નલ બેસાડનારા પ્લમબરો આજે પંકાઇ ગયલા છે. શું તમારી બૈરી તમુને રોજ બજારમાં ધકેલા ખવાડીને ખટારો ભરાઇ જાય તેટલો સામાન લઇ આવવા માટે કંટાલો આપે છે? તો રફીક, તેમાં વલ્લુ ડાચ્યું કરવાની શી અગત છે? તમારાં મશીનપર કાંઇ આવી યુકતી લગાડો—ભેજું ચલાવો—ઓરીજીનાલીટી વાપડો અને—વાહવાજી વાહુવા!

(વધુ માટે જુવો સફે ૪૫ મો)

નાનો અગીયાર વરસનો કેકુ ઘણો ચબરાક છે. તેને દરેક ચીજ જાણવાની અને સવાલો પુછયા કરવાની ઘણી ટેવ છે. તેના બાવા તેની આ ટેવથી ઘણા ચીરડાય છે.

એક દીવસ રાતના જમીને બાવાજી કાંઇ ન્યુસપેપર ઘણાંજ ધ્યાનથી વાંચવા પડયા હતા. ત્યાં કેકુ જઇ લાગ્યો.

"જો કેકુ, વરી કાંઇ ભેજાનો ખીમો કરતા ના હં! મને ઘણું વાંચવાનું છે. જા, જઇને સુઇ જા"

"નહીં, બાવાજી ભેજાનો ખીમો નહીં કરૂં. ફકત એક સેહલો ને સાદો સવાલ પુછું તે કેહો પછી વાંચ્યાજ કરો."

"બોલ, જલદી, શું કહેછ?"

"જોની બાવાજી હું એમ પુછવા માગતો તો કે એક જાડો માણસ હોય ને ઘણું ખાય, તેની હોજરીમાં માય નહીં તે સુજી આવે ને માથા પર લોહી ચહડી આવે ત્યારે તેના જ્ઞાનતંતુઓ ઘણાં તેજી હોવાં જોઇએ, પણ તે દમ કેમ લે? તેથી ઉલટું પાતળાં માણસના ફેફસાં બધા ચીમરાઇ ગીયાં હોય ને તેનું લોહી જોસમાં ફરતું હોય, પણ તે ઘણુંજ થોડું હોય તે—"

"બસ—બસ—બસ! એકદમ ઉપર જઇને સુઇ જા." બાવા જાડી ડાંગ લઇને ઉઠયા અને કેકુ ઉભી પુછડીએ નાઠા.

નાની છોકરી (પોતાની સહીને) શું તારા બાવાનો એક પગ ભાંગી ગીયોછ?


સહી—હા!

નાની છોકરી—ત્યારે બીજો કાંહા છે?

સહી—તેવનનો બીજો પગ તેવન પાસે છે.

હવે કેહયું માન્યેબી કોણનું?

આ–જરા તમેજ કેહોની? કોણની હાલત સઉથી સારી? એક કુમારાની, એક પરણેલાની, કે એક રંડાયલાની?



૧—કાહાણજી કુમારો.

મેં કાહણજીને ઘણું ખુણામાં દાબી દાબીને પુછયું. તે તો કહે કે કુમારાઓનું બસ જીવત રજ બળ્યું! કહે છે રહી સહી સોયબી એવી ઓંહસે પડે છે કે—છટ! એક બહરી હોય તેના જેવું સુખ–સગવડ બીજું કાઇ નહીં!



૨—રતનજી રંડાયલો.

ને રતુ રંડાયલાને કંઇ પુછુ ત્યારે તે તો ભેકી પડવા જેવું ડાચું કરે છે. કંઇ મને ખોલાસો કરવા માગે છે—પણ કંઇ બીજી ચોકકસ ગડબડ અને ચાચીયારી વચ્ચે કંઇ સંભળાતુંજ નહીં.

(વધુ માટે જુવો પાસેનો સફો.)

હવે કેહયું માન્યેબી કોણનું (ચાલુ).



૩-પાહલી પદ્દેરો.

૭ મહીનાની વાતપરજ પરણેલા પાહલનજી પદેરાને પુછું છું ત્યારે તે તો સમ સોગંદ ખાઇ મને કાંઇ આવો હરદ્દય દ્દપકાવનારો ચીતાર આપે છે; અહા—માયા મધુરી—મનમાં; તનમાં તુંજનો વાસ!!

૪-વીકો વંડારૂં.

પણ ૭ વરસ પર પરણેલા વીકાજી વંડારાંને પુછું છું ત્યારે ખાનગીમાં——બાહ, મને તો કંઇ સમજજ નથી પડતું.



સજડ રકાસ !

પસ્તાનીયાની દીનીને મોહડે પટપટારો ઘણોજ હતો. જો તેને ટાહેલાં કરવા યા ફટાકા મારવા મુકી હોય તો ખાવાનું પણ ભુલી જાય. સામા માણસને બોલવાનો કે પોતાનું મત આપવાનો તેણી વખત આપતીજ નહીં, પણ બસ પોતેજ બોલ બોલ કરીને સામા ધણીને કંટાલો આપવાની તેણીને ટેવ હતી. પોતે જો કાંઇ ચીજ પહેલાં જોઇ હોય અથવા કાંઇ નવું વાંચયું હોય તો તે બધું વીસ્તારીને, કદાચ દસ ટકા અંદર મરી મસાલો વધારીને પોતાની સહીઓ આગળ કહવામાં તેને ઘણીજ મજાહ લાગતી, અને તેમ કરતાં તેના સાંભળનારાંઓને બેજારી આપતી, પણ તેની તેને મુદલ દરકાર ન હતી. આ તેણીની ભુંડી આદતથી સરવે કોઇ દુર નાહસતું અને તેણીને "કારાંમાએ ટાહેલાં"નો ચદતે દરજાનો ખેતાબ મલ્યો હતો.

એક દીવસે દીની પોતાની બે સહીઓ મીઠી અને સુનાઇની સાથે "બઝમે ફાની"નો નાટક જોવા ગઇ. બીચારી મીઠી અને સુનાઇની તે દીવસે કમબખતીજ લાગી કે દીની સાથે જવા તેઓએ કબુલ કીધું. તેઓ ત્રણ જણાં બીજી હારમાં બેઠાં હતાં. આખી નાટકશાળા બીજાં પારસી બાનુઓ અને ગ્રહસ્થોથી ચીકાર હતી. આ ત્રણ સહીઓની પછવાડેજ બે જુવાન પારસી ગ્રહસ્થો બેઠા હતા. દીનીની જબાંની કમાન હવે છટકી. તેણીએ અગાઉ એ નાટક જોયલો હતો, પણ મીઠી અને સુનાઇ પહેલીજવાર જોનાર હતાં એટલે તેઓને પહેલાંથી આખો નાટક સમજાવો તો જોઇએ! નાટક શરૂ થાય તે અગાઉ તેણીએ પોતાની આગળ પાછળની ચાર પાંચ હારમાં બેઠેલાં

લોક સાંભળે તેવા મોટા સાદે પોતાનું "લેક્ચર" ચલાવ્યું.—

"જોની, મીઠી, તુંને એ નાટકની કંઇ ખબર નથી. એમાં પેલી શીરીન થાયછની તેની સાથે પેલો ખસરૂ પણવા માગેછ. એ નાટક તો શેકસપીયરના અંગરેજી નાટકપરથી લીધેલું જો. ઘણોજ સરસ છે. મેં અગાઉ જોયલો છે. એમાં— —"

"અરે હારે દીની; પણ જરા આસ્તે બોલ, બધાં સાંભળેછ."

"અં, હા, પણ સમજેછ કે? એમાં પેલો ખસરૂ થાયછની તે કાવસજી ખટાઉ પોતેજ. એવણનું "એક્ટીંક" ઘણુંજ સરસ છે, ને—"

દીનીએ આસ્તે આસ્તે એટલું મોટે બોલવા માડ્યું હતું કે આસપાસ બેઠેલાં દરેક જણ ચકીત થઇને તેણીગમ જોવા લાગ્યું. એક સુંદર બેંડ ત્યાં વાગતું હતું, પણ તેની ઉપર ધ્યાન દેવાને બદલે લોકો આ પટપટબોરી બહેરીની બકબક સાંભળીને હસતાં હતાં; પણ તેની દીનીને મુદલથી પરવા હોય એવું લાગતું હતું નહીં, કેમકે તેણીને વળી પાછું ચલાવ્યું "ને શીરીન જે થાયછની તે એક છોકરો છે પણ તેનો સાદ ઘણો સરસ છે તું સાંભળજેની એ ગીત ગાય તાહરે તદન જાણે છોકરી જેવોજ લાગેછ. તું—"

"પણ દીની," સુનાએ તેણીને અટકાવી, "પણ અને જોહશુંની, તું કાય એટલી બધી તસ્દી લેછ? ખોદાયને ખાતર હવે બસ કર. જોની પેલાં બહારોઓ ક્યારના આપુને ટીકયા કરેછ?"

"કોણ બહેરાં? ક્યાં છે? અરે એ તો પેલી મુગાની શીરીનને તેની બેહનછે. મરેરે, એ લોકોનો જીવ તુટી પરતો'તો આવ્યા વગર! હવે પરદો ઉંચકાશેના તાહરે પેહલાં તો ગીત ગવાશે. ખસરૂના બાપને શીરીનના બાપ સાથે જાણે ઘણી

દુશમનો છે તેથી તે લોકને પણવા નથી દેતાં. તેથી બેહુ જણાં ખાનગી મળેછ ને તે શીરીનના બાપને ખબર પડેછ તે—"

એવામાં પરદો ઉંચકાયો. બેંડ બંધ પડયું. લોકો ઘણી આતુરતાથી દીની ગમ જોવા લાગ્યું કે હવેબી તેણીનો પટ-પટારો બંધ થશે કે નહીં.

પણ નહીં, પટપટારો તો પાછો ચાલુ થયો. "હવે, મીઠી, જોજે હું. પેલીનો બાપ આવશે. બેહુ બાજુવાલાને ઘણી ટપાટપી થશે, અને—" વગેરે વગેરે. તેણીની નજદીકમાં બેઠેલાં લોકો તેણીનીં તરફ ઘણીજ નાખુશ અને ગુસ્સાની નજરથી જોતાં હતાં, કેમજે તેણીના બકબકારાથી તેઓનું નાટકપર ધ્યાન લાગતું નહીં. દીનની પછવાડેજ બે જુવાન પારસી ગ્રહસ્થો બેઠા હતા તેઓનું ઘણુંજ પાકી આવ્યું હતું. પેહલો અંક આખો ખલાસ થયો ત્યાં સુધી બેહુ જણા મુગા બેસી રહયા હતા. અને તે ખલાસ થયા પછી બેહુ જણા ઉઠીને બાહર ગયા. પાંચ દસ મીનીટમાં કાંઇ છુપી મસલત કરી આવીને પાછા પોતાની બેઠક ઉપર બેઠા. દીનીની લુલીની લપસપ પાછી શરૂ થઇ હતી. તે પોતાની સહીઓને બીજા અંકમાં શું થશે તે સમજાવતી હતી.

"જોની, હવે જાણે શીરીનનો બાપ તેને કોઇ બીજા સાથ પરણાવવા માંગેછ, પણ શીરીન ના કહેછ ને ખસરૂ સાથે પણવા કેહછ. શીરીનના બાપનો મીજાજ—"

"તુંને ખબર છે કે શીરીનનો બાપ પછી શું કરેછ તે?" દીનીની પછવાડે બેઠેલા પેલા બે જુવાન ગ્રહસ્થો કે જેઓના નામ આપણે રૂસ્તમ અને બેહેરામ આપીશું, તેમાંના

એક પોતાના દોસ્તને મોટે સાદે પુછ્યું.

દીની બોલતાં બોલતાં અચકી ગઇ અને ફરીને પછવાડે ડોળા કહાડી જોવા લાગી.

રૂસ્તમના દોસ્ત બેહરામે તેણીની ગમ મુદલબી જોયા વગર તેવાજ મોટા સાદે જવાબ દીધો.

"હારે, શીરીનનો બાપ એટલો ગુસ્સે થઇ જાયછ કે તરત બાહર જાયછ ને જઇને એક મોટો જેવો કુહાડો લઇને પાછો આવેછ!"

"અહં, અરરરે; પછી? પછી શું થાયછ હં!" રૂસ્તમે જાણે કેવોક ઇંતેજાર હોય તેમ મોહડું કરીને પુછ્યું. દીની તો તદન ચુપ થઇ ગઈ હતી. લોકો સમજી ગયાં અને ખુશ થઇને આ બે જુવાનો ગમ જોઇને હસવા લાગ્યાં.

બેહરામે ચલાવ્યું, "પછી કેની તે કોહાડો લઇ આવેછ ને ગુસ્સામા ને ગુસ્સામાં આમ તેમ ફેરવવા લાગે છે ને સાથે બોલવા લાગેછ, "આવો, આવો, બચ્ચાજીઓ, કોણ મારી સાંબે આવેછ જોઉં." તેટલાં એક નોકર કહેવા અંદર આવેછ કે ખુસરો મળવા આયોછ. પેલા બુઢા કાંઇબી જોયા વગર બસ કુહાડો તેના માથામાં એકદમ મારેછ, બીચારા પેલા નોકરના માથાના ઉભા ને ઉભા બે કટકાજ થઇ જાય છ. બધું લોહી લોહી, ગોસના ટુકરા, વગેરેથી સ્ટેજ ઉપર ઘણોજ કમકમાટભરેલો દેખાવ થઇ જશે!"

"અરરર! એમ કે? તોબાહ, તોબાહ! પછી! પછી!" રૂસ્તમે જેમ તેમ પોતાનું હસવું દબાવીને ટાપસી પુરી. દીનીના તો બાર વાગી ગયા, તે ફરી ફરીને આવી રીતે જુઠ્ઠું જુઠ્ઠું બોલનાર બેહરામ તરફ ડોળા ધુરકવા લાગી,

પણ બેહરામે તેણી તરફ મુદલ નજર કર્યા વગર પાછું ચલાવ્યું.

"પછી પેલો બુડ્ઢો તે નોકરના કપાઇ ગયેલા કટકાને હાથમાં એકઠા કરીને બારીની બાહર ફેંકી દેછ. તું માનશે! તે કટકાઓ બાહર રસ્તાપર પડેછ તેનો એક બંદુક ફુટવા જેવો મોટો ધપકારો આપુને સંભળાયછ. પછી તે પાછો આવી પોતાના લોહીથી ખરડાયલા હાથ એક રેશમી ઘણાંજ સરસ લેસવાળા મોઘા રૂમાલે લુછેછ, તેટલાં પેલી શીરીન અંદર આવીને કાંઇ બોલવા જાયછ તેને પેલો બાપ પેલાજ મોટા કુહાડાએ મારવા જાયછ તેટલાં——"

"પણ પેલા ખસરૂનું શું થાય છે તે તો કેહ!" રૂસ્તમે પુછ્યું.

"સમજની. તેટલાં પેલો ખસરૂ અંદર દાખલ થાયછ તેને પેલો શીરીનનો બુડ્ઢો બાપ ચાંઆઆપીને કોટી કરેછ ને——"

આ ઠેકાણે પરદો પાછો ઉંચકાયો. બેહરામ જે નાટકનો પ્લોટ સમજાવતો હતો તે તદ્દન ખોટો હતો એટલે દીનીનું તો ઘણુંજ ગરી ગયું. પણ રૂસ્તમ, બેહરામ, અને બીજાં લોકોની મોટી ખુશાલી અને ધીરજ વચ્ચે તેણી આખો નાટક પુરો થયો ત્યાંસુધી એક બોલ બોલ્યા વગર ગુપચુપ ચાટ જેવી બેસી રહી, અને તે માટે અલબત્તાં લોકો તેમજ મીઠી અને સુનાઇ પેલા બે જુવાન ગ્રહસ્થોના ઘણાંજ ઉપકારી થયલાં હોવાં જોઇએ.

આવો અવતાર તમારો કોઇ દહાડો થયો છે કે?



"ઉંહ! મારી નાખશ! ચીરી નાખશ! એની આલ ઓ લાહનું સત્યાશાશ જાય! હાથમાં આવે તો જાણે બસ છુંડીજ નાખું! ભચરીજ નાખું!–આહ–ઓહ!–જરા સુવાનો કરાર નથી! અરરરર–તોબાહ! કાંહથી દુખ આવી પરેછ કોણ જાણે! ઉંહ!–શું કરૂં? કંઇ સમજમાં પડતું–ઓહ!–"

અરે પણ શું થયું, બાઇ?– કંઇ નહીંરે–વાતમાં કંઇ દમ નથી! એ તો બેહનુ ભાઇને રાતે એક મચ્છરે ઘણો કંટાલો આપ્યો તેથી જરા છેડાયા અને આવી રીતે......!

વેલ વાંચનાર, તું તારે શું સમજયો? શું એમ સમજયો કે બેહનુની બઇરી મહીંરે ચાલી ગેઇછ? કે યાતો તેને યુરીક આસીડનો દુખારો થઇ આવ્યો છે?

મેટ્રીમોન્યલ સ્પેશીયલ શોર્ટસ.



શાદી—પોતીકી એક દેખાવલી દમામદાર અણીદાર બેટીની શાદી તેણીનો પીતા કોઇ પારસી થીઓસોફીસ્ટ સાથે કરવા ચાહે છે. બાઇને કદીબી હજી તુલીક કોઇએ કીસ કીધી નથી. કોરસેટ પેહડયા પછી કમર સીધીજ દેખાય છે. જેઓ ખાકી શરીરને કાંઇ અગત્યતા આપતા નહીં હોય તેઓએ પીજામની કેરમાં નાં૦ ૧૩૦ ને લખવું.



શાદી—એક નખરાંબાંઝ, દીલનવાઝ, ખીલદરાઝ શરમાઉ બાઈને તેણીથી છુટા છેડા પામેલો માટી કોઇ લાયક ઠેકાણે ઠર પડેલી જોવા ઇચ્છે છે. રીત મુદલ જોઈની નથી. 'પીજામ'ની કેરમાં નાં૦ ૧૧૪ ને લખવું, (ડાકટરોને વધુ પસંદ કરવામાં આવશે) પત્ર વ્યહવાર ખાનગી રાખવામાં આવશે નહીં.

મેટ્રીમોનીયલ સ્પેશીયલ શોર્ટસ (ચાલુ)



શેહાદી—એક તંદોરસ્ત મજબુત બાંધાની, સંગીન કાઠીની, હસમુખી ચરબદાર વજનદાર બાનુને તેણીની દીકરીનો દીકરો કોઇ લાયક રંડાયલા ગ્રહસ્થ સાથે શાદીના ગાંઠથી જોડાયલી જોવા ચાહે છે. ૭૫ થી ૮૫ સુધીની ઉમરનો કોઇ બી ઉમેદવાર ચાલશે. કોઇ બી રીઝનેબલ આફરના પાડવામાં આવશે નહી. મમઇજીનું વજન ૨૮૨ રતલ છે—અને નાક ટીપકી રમવાનો ઘણો શોખ છે. ટીટોટલરોએ અને વેજીટેરીયનોએ તસ્દી લેવી નહીં. ના૦ ૮૧ ને 'ગપસપ'ની કેરમાં લખો.

એક મોટે ઘેરની "ટીપારટી"માં એક બાઇ બીજી બાઇને પુછે છે.

"આએ મારી સાથે હવરાં વાત કરી ગીયા તે મી૦ કેકી દલાલને તમે ઓરખોછ કે?"

"હા ઘણાજ સારી કાની" બીજીએ કડવું ડાચું કરી જવાબ દીધો.

"મજાના બોલકણાં માણસ છે હું! કેવા બધાં બઇરાંઓ સાથ હસી હસીને મીઠી વાતો કરેછ."

"એમ? મારી સાથે તો કોઇ દહાડો એવી મીઠી વાતો હસીને કીધી નથી!"

"એમ કેમ? તમે ઓરખોછ તો ખરાંની!"

"હા હું એવણુની ધણીયાણીજ થાંઉ! ચાલો સાહેબજી."



વીસમી સદીની ઉ-તપતી !—

તમે શું એવી વકી રાખો છો કે આ જવાન જીવ આ વીસની સદીના અધ્યા-મમાં એક બંધ સીગરામની અંદર ભરઈને દરીયે કીનારે ફરવા જશે અને ત્યાં ચીની-જનમાંથી ચીમઈને આવતાં જતાં લોકને જોયા કરશે ?

યા તો સારીને કાછો વાળીને કુવામાંથી સહવારનાં પોહરમાં હાંડા ભરીને પાણી કાહડશે ?—કે યાતો નીચે ખડકીમાં ભર ત્રામના રસ્તાપર એક "હસ્તાંન"પર બેસીને ભજ્યાં અને "ભાતુ" ખાયા કરશે? કે યાતો તતરાવીને આગળ વેરનું માથું બાનું બાંધી સોડ કરીને હરાન દમશેદની વેડમાં ગુહાઈ જશે ?

છટ—તે જમાનો ખલાસ થઈ ગયો !

હવે એ વીસમી સદીની ઉતપતીનો ખરો ચીતાર તમને જોવો છે?—તો જુઓ પાસેના સફાનું ચીત્ર !—



જી—હા! આવી સમી સદીનું એક ખુબસુરત ફળ છે. તેણીને હવે મોટર ડ્રાઇવ કરવા કહો તો તેણી હાજર છે! તેણીને પોતાના માનીતા ઘોડા ઉપર દર સહવારે બેકએ ઉપર ફુલ ગેલપ સ્વારી કરવા કહો: તેણી તૈયાર છે! તેણીને ક્રાઇસ્ટ ચેરીટી કોનસર્ટમાં હજારો માણસોના હમાર આડીયન્સ સમક્ષ એક બીકટ કલાસીકલ પીસ-વાયોલીન સોલો-વગાડવા કહો: તેણી અસ્વાર છે! તેણીને બેલજીયમ રીલીફ ફંડ માટે ઘરેઘર જઇ પૈસા એકઠા કરવા કહો: તેણી તાબેદાર છે! તેણીને માહબ્લેશ્વર સ્પોર્ટસમાં નોમીનેશન રેસની અંદર ભાગ લેવા કહો: તેણી ખબરદાર છે! એકસેલસીયર થીએટરમાં તેણીને એક ભાશણ કરવા કહો: તેણી હુશીયાર છે! કેમ?—ખરું કની?

હેટ—ત્રીક !



વન !



ટુ ! !



એન્ડ થ્રી !

શાપુર અસલથીજ ઘણો ઝડકયો જો! એક દહાડો ખેતરમાંથી પસાર થતાં તેણે એક પતંગ્યું ઉડી જતાં જોયું. નાજુના બટરફલાઇ કલેકશન માટે લઇ જવા લાયક હતું. શાપુર કંઇ વીચાર કરવા થોભે એવો માણસ નહીં!

[સાડાચાર ફુટના એક મોટા માટીડાને એક પીસ્તાં જેટલું મગતરૂં પકડતાં કેટલી વાર ?]

! ! !

કુમારા ઉજબખોને અર્પણ!



દીનશાહ દખ્ખાનાં મમા પોતીકા એકપુરા રોશન ચેરાગનાં ભવીષ્યને વાસ્તે ધ્રુજતાં ધ્રુજતાં મદદ લેવ ઇને દાંડા જેવાં થઇ ગયલાં છે. 'ઓજીંયા આજ કાલના હરવાયા પોરીયાઓ ચરકતી ચાઇચાઇઓને જોઇને અંધારા કુવામાં કુદી પડેછ ને પછી આખી જીંદગી પસતાયા કરેછ,' એવું તેવણનું અનુભવના આધારપર—તર્કશાસ્ત્રની તકરાર પર—સાયન્સના સકાર પર—ફીલસુફીના ફેરફાર પર રચાયલું મત છે.

તેથી તેણીએ દીનશાહને કહી રાખ્યું છે કે "ખબરદાર જો—મારા કહયા કાબ્યા વગર કોઇબી રાન દુકતી સાથે જરાબી નાચ્યોછ નરદયોછ તો!"

દીનશોબી કાંઇ આજકાલનું હુલક જનાવર નથી. માયજીની ચઢીયાતી સીલેકશન—શકતીપર તેને ઇતબાર છે. બૈરાંની જાતભાત બૈરાંજ પારખે—એમાં માટીડાઓ શું સમજે?

તેથી હંમેશ જયાંબી હોય ત્યાં માયજીની પુંઠેપુઠ મેલાવડાઓમાં, પાર્ટીઓમાં વગેરે ફરે છે.

તમો આજના કુમારા ઉલ્લુના પઠ્ઠાઓ! આ ચીત્ર તમુને અર્પણ છે!

હવે આપણી વચે આવી શકનાર કોણ છે?



પેસુ પોએટીકલ—

" મેહરાં—મારી મેના—બસ તું હવે એમજ સમજ કે આપરે બેઉ હને એકજ થયાં. હવે આપરી વચ્ચે કોણ આવી શકવાનું છે? અરે પાહડો ફાટીને જવાળાની નદી વેહશે—આસમાન ફાટીને ધુમકે તુંઓ નીચે તુટી પડશે—પણ મજાલ નથી કોહની કે આપરાં બેની વચ્ચે એક નાનું મગતરૂંબી——"

એનું ખાનું ખરાબ થાય એ મહેરાં નાનાહલા ચહન ચાંઉ બહ્ દોલીનું! સ્કાઉનડ્રલે કેવી કટોકટ સેકંડે પેસુની "પોએટરી" બધી બગાડી નાખી!

કંજુસ કાકાજી (ભત્રીજા નવલને)—તું તારા ઓરડામાં આખી રાત કોપરેલની બતી સળગાવેછ પણ સૌથી મોંઘું તેલ કયું છે તે તું સમજેછ કે?

નવલ—હાજી મને ખબર છે.

કાકા—બોલની શું ખબર છે?

નવલ—જી, તમારી સાથે માથા ફોડ કરતાં તેલ નીકળેછ તે.

ઉઅહોઇ!!

એક નાનો જેવો અડકાર હું ક્યારે ક્યારે ખાઉં છું ?

—o—

યાર ! ઉજળાં આય આસમાનની પનાહ હેઠળ
જોઉં છ ઉંઘાડી આંખ્યોએ કૌતક હઝાર;
ખાલી નહીં જતી મુજ ફોકટ એક પળ,
જ્યાર થવા મે દીધું હોય હંબગ પસાર !
હું માણસ છું ચક્રમ—છે બુરી બહુ ખોડ,
બસ ખુણે ખંટાલેબી ખેમાનો જોઉં છ.
જ્યાર વકટલેન ટીનપાટો કરેછ તાનતોડ,
ત્યાર 'ઉઅહોઇ!' કરી ઝીણો એક અડકાર હું ખાંઉ છ!
છે દોસ્તદારો મુજના-હા સઘળાજ માહેર;
જ્યાર કરવા હું માડું છું ઘવરખવર—
ને ચોકક્સ એક અવાજને કહાડું છું બાહેર,
કે ચોગરદમ નાંખેછ ઝટ તેઓ નજર.
તેઓ ખાસ્યત આય મારીથી નથી અંજાણ;
જયાર નજદીકનું ધટીંગ કાંઇ તેમને બતાઉંછ—
મુજ રફીકો સઘળાઓ જાણેછ નીશાન,
કે 'ઉઅહોઇ!' કરી પેચવણુ એક અડકાર હું ખાઉંછ!

જ્યાર ખેલ જોવા ત્રામમાં હું જાઉં છું પીલાઉસ,
જો આવીને બેસેછ પાસ કોલસા મડમ;
ત્યાર ધવકું છ મુજ ગરદન હું બની સીરયાઉસ,
તે ડોબાં તો જોઇને, યાર, મરડાટ ને દમ—
બાદ દોસ્તોને મારૂં છ હું ચુંચી મુંજ આંખ,
ને બાજુના "ટીંચકાં"થી તેમને ચેતાંઉંછ.
ધવકું છું—ખવકું છું—મસલું છું નાખ,
ને ધીમેથી 'ઉઅહોઇ!' કરી અડકાર હું ખાઉંછ!

ઉખરા કાંઇક ઉલ્લુઓ—ઊંધાડે શીર—
લઇ ફેંટો ખુદ હાથોમાં-લેય છે લટાર;
જોઇ બાયલા સમ નખરાં બસ લાગે છે ચાર,
જ્યાર ચોપાટી ફુટપાથ પર કરે છે લાર.
હોય વંડારાં વાંકાં—ને વીસનો પગાર,
પણ અકરીકટ ઇટરાટ જોઇ બીલકુલ ચીરડાંઉંછ;
તે હેલકરી હલકાઇપર ઉપજેછ ધીક્કાર,
બસ 'ઉઅહોઇ! કરી અર્થસુચક અડકાર હું ખાઉંછ!

દોસ્તદાર મુજ બેજનજી બાયલાને ઘેર,
જો જાઉં છું હું ભોગજોગે કદી અગર;
જોઇ તેની આયાને આવેછ રે ફેર,
ને છાતીમાં પવન મુજ ભરાયછ સજ્જર.
ખરૂં કહું છ—અઝીઝ!—હા તારા કસમ,
તે બુઢાં ખખ ડોબાંને જોતાંજ તરખાઉંછ;
બસ ફેરવીજ હું નાખુંછ મુજ ચગોર ચસમ,
ને અલ્લકસે 'ઉઅહોઇ!' કરી અડકાર હું ખાંઉંછ!

વાંચું છું જાહેરખબર ધુમ ને ધડાક,
લખેછ કોઇ સ્કુલ બોય જયાર રડી તતરી;
"કાહરૂંછ ચોપાંન્યું—કોઈ થાવરે ઘરાક,
ધોવશ પીજામની બસ છતરી પતરી."
વાંચુંછ એમ નોનસન્સ—નહીં થતું તામોશ,
ને કઠોર કાંઇ શબ્દો હું જીભમાંજ અટકાઉંછ—
દઇ છાતીએ આંગળી હું કરૂંછ ખામોશ—
પણ "ઉઅહોઇ!" કરી નાનકડો અડકાર હું ખાંઉ'છ!

બસ ફેંકી દેછ વેપારી લાખ્ખોનો માલ!
ક્લીયરન્સ સેલ!! ખાય છે બસ બધાએ ખોટ;
સમજેછ મને સઘળાઓ નાનો કોઇ બાળ?
કે ભાથેથી આવેલો તુરતનો બોટ?
હા! સેલોની સીફ્ત જોઇ મુછમાં હસુંછ;
ને સ્ત્રીઓની ભોલાઈ પર અફ્સોસ હું ખાંઉંછ.,
આ દુન્યાંજ કુલ હંબગમાં—હંબગ દેખુંછ,
બસ 'ઉઅઓઈ'! કરી હમેશ એક અડકાર હું ખાઉંછ!

મુજ પાડોસી બેહલુ—સાત પોરીનો બાપ:
જોઉંછ ચોખીયારો સાત માટે માડતાં હું દાવ;
એરચ ઇસ્ટુપીટને આપવા ઉલકાપ,
સાતો જયાર ચલાવેછ મોહબતની નાવ!
દેઉં ઘટીગો આવાં કેમ થવા પસાર?
હંમેશ મુજ દોસ્તોનું ધ્યાન હું ખેંચાંઉછ!
તે ઇસ્ટુપીટ એલચા ગમ જાઇને લગાર—
આસ્તેથી 'ઉઅહોઇ!' કરી અડકાર હું ખાઉંછ!

સાંજ છેડે પાલવાની લેહકી શીતળ,
ચોરવાને કોઇ કદાચ હેરયું હું લેઉંછ;
ત્યારેબી જીવડો મુજ કરેછ વળવળ,
જ્યાર ધમણ સાથ વીકટોર્યા ઉભેલી જોઉંછ!
નાખુંછ મુજ અછતી અંદર ચશમ.
કુદરતીજ હસવાંને હોઠોપર લાઉંછ!
પણ "બચાબચ" અવાજ જ્યાર સુનુંછ યકદમ,
ત્યાર 'ઉઅહોઇ!' કરી છુપો એક અડકાર હું ખાઉંછ!
છે પાલણજી પદેરા————લાખોપતી:
વય બોંતેરે લાવ્યા છે બાવીસની નાર;
જોઇ ભુધ્ધા એ બુ્ઢ્ડાની આવી મતી;
"ઉઅહોઇ!"નો કુદરતીજ નીકલેછ ઉદગાર.
દોસ્ત! હંબગો એવાં તો એકસો હજાર,
નાપાક મુજ ચશમાની હેઠળ હું લાઉંછ;
જોઉંછ ઉંઘાડી આંખ્યોએ કઉતક અપાર,
ને હર પળે 'ઉઅહોઇ!' કરી અડકાર હું ખાઉંછ!
મુજ માકીનો માસો-એક વાહીયાત લેખક
નહીં એકડાપર બગડાની શુધ્ધી કે ભાણ;
કરેછ "ઓરીજીનલ વાર્તા"ની તે કંઇક બકબક,
મોકલેછ ચોપાનયાં "અખરા"માં ઘણુંક ઘમશાંન.
યાહ! ઓરીજીનાલીટીના જોઇને આ ડોલ,
જીગરમાં—**પીજામ!**—હું ઘણોક મુન્જાઉંછ;
ચવરેછ આ હાથો-એક લેવા બસ ધોલ,
પણ "ઉઅહોઇ"! કરી તે વખત અડકારજ ખાઉંછ!

બુચીએ વખત કેમ સોહોવાડયો !

સુનાબાઈ સીપલાં એક દીવસ પોતાના સહી મોટે ઘેરનાં મેહેરબાઈને ત્યાં મળવા ગયાં. તેવણ ઘણાજ સરસ ફરનીચરથી ભરપુર "હાલ"માં બેસીને મેહેરબાઈની રાહ જોતાં હતાં એવામાં મેહેરબાઈની નાની આંઠ નવ વરસની બુચી પીલુ ત્યાં આવી લાગી. "મમા હવરાં નીચે આવશે. તેવણ આવે તેટલાં તમારી સાથે મજાની મજાની વાત કરી તમારો વખત સોહોવાડવા મને મોકલીછ, પણ મને કહ્યું છ કે તમુને કાંઇ ઘેલા ગાંડા સવાલો નહીં પુછવા. તમે ઓએ ચસ્મો કાંય પેહરોછ?" પીલુએ ચલાવ્યું.

"મને દુરનું દીસ્તું નહીં તેથી," સુનામાઈએ જવાબ દીધો.

"તે તો હું જાણુંછ. એમતો મમાનેબી દુરનું દીસ્તું નથી, પણ એવણ કાંઇ ચસ્મો નહીં પેહરતાં? એવણતો સુનાની જીણી સાંકરીમાં સુનાનો "આઇગ્લાસ" ગરાંમાં પેહરી રાખેછ ને કાંઇ જોવાનું હોયછ તાહરે આંખપર મુકેછ. એવણના હાથ મજાના ગોરા ગોરા છે કેની તે લોકો જોયછ ને ખુશ થાયછ તેથી એમ હાથો આઇગ્લાસ પેહરવા ઉંચકયા કરેછ. ને વરી એવણ કેહછ કે ચસ્મો તો "ઓલ્ડ ફાસીન"ના ગાવદી લોકજ પેહરે. તમારૂં ઘેરબી અમારા જેવું મોટું ને એસ્કી છે કે?"

"નહીં, મારૂં ઘેર તો નાહનું છ ને એટલું એસ્કી નથી,

પણ તે મારા મોટા બાવાએ પોતે બાંધ્યું તું."

"એમ? અમારી મુસલમાની આયા મરીયમ છેની તેનો બાપબી ઘેર બાંધતોતો. મમા કેહછ કે હલકાંને ગરીબ લોક હોય તે ઘેર બાંધવાનો ધંધો કરી પોતાનું પેટ ભરે."

સુનાબાઇએ કાંસી કરાંઝીને હુંકારો પુર્યો અને પછી બોલ્યાં, "આએ દીવાલ પરનું પીકચર કેવું મજાનું છે? મારે ત્યાં તું જોય તો એવાં એવાં કંઇ ખાંડીબંધ પીકચરો છે." પોતાની વડાઇ મારવાની તક અંતે આવી એટલે મુનાબાઇ મગરૂરીથી બોલ્યાં.

પણ પીલુએ વળી પોતાનું ટાહેલું ચલાવ્યું. "નહીં, અમારે તાંહ તો થોડાંજ પીકચરો છે પણ તે ઘણાંજ સરસ ને મોંઘાં છે. મારા પપાતો કેહછ—અં કેહછ—કે કેટલાંક લોક તો કોઇ લીલાંઉમાંથી આખો લાટનો લાટ પીકચરો સસતામાં પડાવી લાવી બધાં હારેદાર કાંઇબી ટેસ વગર દુકાનની કાની ગોઠવી મુકેછ તે કાંઈ જરાબી સારૂં નહી લાગતું. ઘણાં "વલગર" લોક હોયની તેજ એમ કરે. વરી પપા કેહજે કોઇ લોકો બીચારા ગરીબ હોય ને બીજો કાંઇ સારો સામાન "હાલ" માં ગોઠવવા નહીં મળે તારે એમ અકચ્ચ જેવાં પીકચરો હારેદાર ટાંગી મુકે! આએ તમારી ગારી બાહેર ઉભીછ કે, સુનાબાઇ?"

"હા, મારીજ ગારી છે," સુનાબાઇએ ખભરીને જવાબ આપ્યો,

"તમારા કેટલા ગારી ઘોડા છે?"

"આએ એકજ, ચાલ હવે માથું ના ખા."

"અમારે તાંહ તો એટલા બધા છે કે મને તો કાંઇ વખત ઓરખાતાબી નહીં. મારા પપાને ઘોડાનો ઘણો શોખ છે. દરેક ગારીના જુદા જુદા ઘોરા રાખ્યાછ. પપા તે દહાડે બોલ્યા કે કોઇ બીચારાં પાસે પુસમુટીયાં ઘટી જાય તાહરે એક ગારી ઘોરાએજ ચલાવે. નહીં તો તેનો ખરચ કેમ પાલવે? પુસમુટીયાં એટલે શું અં, સુનાબાઇ?"

"પુસમુટીયાં એટલે તારા પપાનું કપ્પાર! શું થયું તારાં માય હજુ શું કરીયા કરેછ ઉપર?"

"મમા તો કેની તે નવી સારી પર કસબી કોર મુકવા બેઠાંછ. આજે રાતે પાર્ટીમાં પેહરવાની છે. ચાર પાંચ દહાડાની વાત પર કોઇ બેરામજી બેહલીભગતને ત્યાં મમા રાતે પાર્ટીમાં ગીયાં. એ બેહલીભગતવારાં અમારે ત્યાં અમારો પારસી કારભારી છે તેના કોઇ સગાં હોસે કારણ કે અમારા કારભારીનું નામબી ફરામજી બેહલીભગત છે. તાંહ પાર્ટીમાં મમાની કેવી મોઘીદાત સારી ખુરશીના ખીલામાં ભરઇને ફાટી ગેઇ. મમાતો ઘેર આવીને ઘણુંજ ચીડાયાં ને બોલ્યાં કે, "આખી સોજી ખુરશીબી નહીં મળતી કે ભાંગી તુટી ખુરશીઓને ઠીગરાં ઠાગરાં મારી પાર્ટી પાર્ટી આપેછ તે? એવાં હલકાં લોકથી બીજી સારી આશા શું રાખીયે?" તાહરે પપાએ કહ્યું કે "એવાં હલકાં પીંજારડાંઓ, જે લોક પાસે આખી ખુરશીઓ રાખવાનાબી પૈસા નહીં તેવાઓને તાંહ દોરી દોરીને જઇએજ શું કરવા કે સારીઓ ફાટે." કાંય, જાઓછ કે સુનાબાઇ? ઉભાં રેહોની, મમા હવરાં આવસે," સુનાબાઇને ઉઠવાની તૈયારી કરતાં જોઇ પીલુ બોલી ઉઠી.

"નહીં, હવે તો હું જાઉંછ. તારાં માયને કેહેજે કે મને બીજી ગમ જવાનું ઉતું તેથી હું ખોટી થઇ શકી નથી."

"પણ તમારૂં નામ શું તે તો તમે મને કહ્યુંજ નથી. મમા પુછશે તો શું કેહવશ?"

"મારૂં નામ સુનાબાઇ બેહરામજી બેહલીભગત! જેનો પાસે આખી ખુરશી રાખવાના પૈસા નથીનીં તેવણ!"

——:o:——

કાવસજી પટેલ ઘણા ભણેલા અને વીદવાન છે તેવણ પોતાની ઓળખાણવાળી એક બાનુને કહેવા લાગ્યા, "આપણ! લોકને કેળવણીની મુદલ પીછાન નથી, માણસ ઘણો શીખેલો હોય છે તેની સાથે ઘસીને વાત કરતુંજ નથી."

"હા, તમે કેહોછ તેમાં કાંઇક સચાઇ છે ખરી, પણ તેનું કારણ હું સમજુંછ. એક ઘણા ભણેલા માણસથી લોકો, તેમાં મુખ્ય કરીને બઇરાંઓ, બીહ ધ્રુજીનેજ ચાલેછ"

"પણ કાંય, એમ બીહવાનું કાંઇ કારણ?" કાવસજીએ અજાયબીથી પુછયું.

"તો જુવોની એક વીદવાન ફીલસુફની આગળ જરા વાત કરવા જઇએ, તો તેવણ રએને ગોઠવાઇ ગાઠવઇને આપરી આગળ બેસી, દોહડ બે કલાક સુધી પોતાના બેજાંમાંનું ભંડોળ ને ફીલસુફી આપરાં ભેજામાં ઉતારવાનો તજવીજ કરવા મંડી જાય ને આપરૂં ભેજું માથું તેથી દુખી આવે. એવા ઘડક ધ્રુજારામાં એવા ફીલસુફો આગળથી દુરના દુર લોક નાહસે છે, એમ મારૂં તો મત છે પછી તો કોણ જાણે!"

એક "ઓબ્લાઇજીંગ" ગાર્ડ.



મંચુ મુશનાશીયો પોતાની ફુઇ સાથ નોર્થ ઇન્ડયાની મુસાફરીએ નીકળ્યો હતો. દર સ્ટેશને સ્ટેશન કમબખ્ત ગાર્ડ આવી ને તેના કમપાર્ટમેંટમાં ડોકું ખોસ્યા કરે અને એક જાતનું બેહદી ડાસું ફુસકાવીને હસ્યા કરે. મંચાને સમજજ નહી પડે કે એ નબોદ ગયો એમ શું વેલાં કહાડતો હશે! ગાર્ડ ગોલામનો ખાલી સમજેલો કે આ કોઇ તદન નવું પરણેલું જોડું હનીમુન કરવા નીકલ્યું છે એટલે બીચારો ઘણોજ ઉપયોગી અને ઓબલાઇજીંગ થવા ઇચ્છતો હતો.

"ઇટ ઇસ ઓલ રાઇટ સર! હવે તમારા કમ્પાર્ટમેંટમાં તમે એખલાંજ છેઓ ને—ને બીજુ કોઇ કવાબમાં હાડકું નહી આવે તેની હું સંભાલ રાખશ! ગુડ મોર્નીંગ સર!"



આપણા પારસી સુધારકો.



જુના વીચારના ઉજબખ અભણુ અલાહીબાગ્યા હાંડા માસ્ટરો ને જોઇને કમકમતા આપણા કેટલાક કેળવાયલા, બહુ લોહી વાળા, ઉચા ખાનદાનના એરીસ્ટો ક્રાટીટ "રીફોરમરો"

શું હું તમુને આ સાત શુરા સુધારકો સાથ ઇનત્રોડયુસ કરાઉં! હાઆઆઆ! ઘણી મોટી ખુશી સાથે!

પહેલી હારમાં ચાર જણા છે: પ્રથમ તો **મી૦ ખતી (ખરશેદજી) ખીસકોલી**! એવણુ પોતે હાલ સર મંચેરશાહ મસાન્યાની ફર્મમાં ૫૦ રૂપીએ નોકરી છે--એટલે અલબત એવણના પે;તાના વીચારો **તદનજ** "સુધરેલાં" હોવાજ જોઇએ. એવણના બાવાનું ગોલ પીઠાં પર એક પીઠું અગાઉ હતું--પણ તેવા પોતાના અલાહીબાગયા પીતાની યાદ કરતાં હવે એવણને

કમકમાટ ઉપજે છે. તેવણ ક્રીમેટોરીયમના મોટા હીમાયતી છે. પછી જુવો મી૰ **એડી (અરદેશર) ઓગરા**! એવણ એક સ્કુલ માસ્તર છે. રૂપીયા ૬૦ કમાય છે. એવણની માય અગાઉ લગનોમાં ગોયણ તરીકે ગાવા જતી હતી અને એવણના બપાવા બબરચી હતા. પણ હાલમાં એવણ યાને—મી૰ એડી.—મોટા ખા૰ બા૰ જમશેદજી જુદદીનયાન માસીની વેહવાણના કાકા સસરાની ફુઇની છોકરી સાથ પરણેલા હોવાથી—યાને હવે એક સુધારાવાળાના પોતે અતલગના સગા થયલા હોવાથી-એવણ ઉલ્લુ ગહમબારયા કુધારકોને જોઇનેજ બસ છછણીજ પડે છે. ઇન અધર વર્ડસ; એવણ પોતાને ઘણાઆઆજ ચીબ્બટ ચુસ્ત "રીફોરમર" તરીકે સાચ્ચો માની લેય છે. પછી બેઠેલા જુવો **મી૰ બોમ બમનજી) બાસુદી**! એવણ એક સેલ્સમેન છે—અને એવણના બાવાની ગણબાવાના કુવા આગળ ગાંધીની દુકાન હતી. પણ મી૰ બોમનો સસરો એદલદારૂ સર શાવકશા લક્ષાપતીને અસ્તકર્ન દરેમુહેરમાં પથકા છે: અને જો મી૰ બોમ હવે "સુધારાવાળો" નહીં બને તો બાપડા એદલદારૂનું રવાન રવડી જાય, તેથી—વેલ, તેથીજ—મી૰ બોમ બાસુદી આજે પેલા હેમક કંગાલ હાંડા માસ્તરોને જોઇને કચવાટથી પોતાના ગાલો દેડકાંની પેઠે ફુગાવે છે, એવણના વીચારો, બા ઘણાજ "સુધરેલા" છે. પછી જોઇ લ્યો **મી૰ રતનશાહ રાઇતાંને**! એવણ પોતે તો એક મસાલો, રાઇ, મરચાં, અચાર વેચવાની દુકાન રાખે છે. પણ એવણ મોટા સુધારાવાળા' છે—કેમજે મોટા સુધારાવાળા સેઠીઆઓમાં એમની ઘરાકી બોહલી છે. એવણનો બાપ એક ખાંધીયો હતો તે છતાં એવણ મજબુત માના

લે છે કે એવણ પોતે એક "કેળવાયલા, સુગરેલા, બ્લુ-બ્લડેડ આરીસ્ટોક્રાટ" છે: અને જુદ્દીનો તથા ક્રીમેટોરીયમની સામે થતા બે બદામના બબરચાઓને જોઇને એઓ પોતાનું બેસી ગયલું નાક વધારે અંદર બેસાડી દે છે.

હવે નીચેની હાર પર આવો: આ પહેલા છે તે **મી૦ આદરજી ઉંચેપારેના**! એઓના બાપા એમને દસ લાખ રૂપીયા આપી ગયા છે–અને એવણ પોતે નક્કી માને છે એવણને લાયકની કોઇ લાયક, ખુબસુરત, એકોમપ્લીશડ, સારાં બાંધા વાળી, ઉંચા હાડની, પારસણ ધણીયાણી હસ્તીમાં છેજ નહીં. એવણ પારીસ જઇને ત્યાંથીજ બસ એક ગોરી મોહરદાર લાવવા ચાહે છે,–તેથી એવોને ગહમબારીયા હાંડામાસ્ટરો ને નામની પુશકલ અબીત્રી છે. પછી બેઠા છે—**મી૦ લવજીભાઇ લખપતી**: એવણનો એક મડમનેજ પરણી બેઠેલા છે, એટલે પછી વધુ બોલવાનું શું રહ્યું? એવણને કમ નસીબે યાદ નથી રહેલું કે એવણના વડવાઓ (જેઓ મબલખ પૈસા એવણને આપી ગયા છે તેઓ) જરૂર બા જરૂરજ "અલાહીબાગીચ્યાંઓ"ની સંગ્મા પોતાને લેખવામાં મગરૂરી સમજતા હતા ત્યાર બાદ બેઠા છે **મી૦ કાવસજી કલ્લાઇગર**: એવણ પોતાને એક મોટા લેખક સમજે છે, એવણનો પોતાનો ધંધો તો કલ્લાઇગરનો છે–પણ એવણ જબરદસ્ત ઝનુનથી સુધારક પત્રોમાં હંમેશ હાંડામાસ્ટરોના સામે પોતાની કલમ ડપટાવે છે, કાંય? કારણકે——વેલ, કારણ શું તે જઇને એ કલ્લાઇગરનેજ પુછો.

ત્યારે હવે તમારી સાથ એ લોકને હું ઇનત્રોડયુસ કરી રહયો ! એવા સુધારકો છે તો આજે પારસી કોમનું ગાડું ખુહારી ની માટીમાં ગબડતું અટક્યું છે ! શું સમજ્યા ? તમે હજાર અણીખના તારા કરોની—પેલાં જુનાં વીચારના 'જામે' 'સાંજ' 'કયસર'ને, પેલા વીમાદલાલ દાજી વગેરેઓને ગમે તેટલી અછાડ પછાડ કરવા દોની—"સુધારો" બસ પોતાનું કામ ધમધોકાર આગળ વધાર્યો જાય છે ! લ્યો આ થોડાક આપણા સુધારકોના નમુના જુઓ—અરે જુવો એ લોકનાં ચહેરા ! જુવો એ લોકનાં ટાલકાં, જુવો એ લોકની મુછનાં ફાલકાં ! કોણ હેમક કહેવાની તાકાત ધરાવે છે કે આ મુખડાઓપર કેળવાયલી બ્લુ બ્લડેડ આરીસ્ટોક્રાસી ટપકતી નથી ? એ મહાન માહત્માઓ ખુદ જરથોસ્ત સાહેબથી નહીં હટી ગયા તો તમારા જેવા ટીનપાત્યાઓથી શું દબી જવાના હતા ? ઓહ—એ લોકના ચલકતાં નીદારપર, એ લોકના નાકના આકારપર, એ લોકના ભવાના ફેરફારપર અને એ લોકના બેઉ કાનોના સકારપરજ બસ સુધારો—સુધારો—સુધારો છે !

ચાલો—જવાદો ! નહીં તો ઘણું ધાડું થઇ જશે !

ધર્મીશેઠ—હું દલગીર છું કે હવે મદદ કરી શકીશ નહિં, કારણ કે ગઇ કાલેજ હું સંસારની જંજીરમાં જીકડાયોજી અને મારી બયરીને માટે હવે પઇશા બચાવવા જોઇએ.

ભીખારી—વાહ ! શેઠ, એ કાંઇ તમારી લાયકી નહિ કહેવાય; તમે મારે પઇસે બયરીને મજાહ કરાવો એ ઠીક નહિ !



એવોજ છે સંસારનો સડકણો રંગ!

—o—

શાવક સોકરેટીસ અને તેની સ્વીટીના દીલના ઉદ્દગારો.

—o—

ના૦ ૧—અદ્દરાતી વખતે.

—o—

શાવક—"બોલની, ઓ વાહલી, તું કંઇબી તો બોલ.
રે સેહજ ભરબી મીઠી તું ઝબાન તો બોલ.
ઓ માશુક તું મારી! ઓ સુંદર ગુલાબ!
દે મને એકજ બસ સુખી જવાબ.
ઓ કયાં ગયોછ તારો તે મીઠો હલક?
છે સાદ તુંજ નો સુનવા મુજ ધ્યાન અને ધક
કાહડ કંઇબી અવાજ—ઓ બોલ, મુજ પતંગ!"
એવોજ છે સંસારનો સડકણો રંગ!

સુના—"શાવક તું વીરલા—ઓ જીવના મુજ હાર!
શું બોલાવેછ મારી પાસ તું વારંમવાર?
જાઉં છું બસ તુંજ પરથી આખી ઓવરઇ!
દેઉં મારો જીવ તુને—દીવાની થઇ!
જોઉંછ તારો મુખડો કે બેહસ્તમાં હું જાઉંછ!
હોયછ તું જો પાસે તો સુખી હું થાઉંછ!
લે મને કીસ—સાલીયા—પકડ ઉમંગ!"
સંસારનો એવોજ છે સડકણો રંગ!



એવોજ છે સંસાર નો સડકણો રંગ!

—o—

શાવક સોકરેટીસ અને તેની ધણીયાણીના દીલના ઉદ્દગારો.

—o—

ના૦ ૨—પરણ્યા પછી પંદર વરસ રહીને!

—o—


શાવકશાહ—બસ હવે—ચુપ! તારી બકબક કર બંધ!
જીભલીબી તારી કેમ મારેછ—ઉંહં!—ગંધ!
હટ—તારૂં એબીયલ આય ડાચું બીસાર!
નખ્ખોદ ગેઇ મુગીજ નહી મરતી પલવાર!
નીકલ અહીં સામેથી—જા તું જાહનમ!
બાઇ ગેઇ રાન ભેજું!—બસ ખામોશ એકદમ!
ચાલ બીસ—તારૂં કોહું જોઇ થઇ જાઉં છ હું ડંગ!"
એવોજ છે સંસારનો સડકણો રંગ!

સુનાબઇ—"ઓવાય! પણ શું છે જે? શાના ચીચવાઓછ?
શાના એમ છાણાની માફક ધુખરાઓછ?
ધુવર સમ તમારૂં ડાચું બરે!—
નકરા એક ચીમપાનજી વાંદરાજ ખરે!
દુખતું હોય પેટમાં તો કુવો પુરો
અહીં શાના મારી સાથ બાલી ફુહરો?
જાઓ કહરાઓ—એ ચાલશે નહીં મારી સાથ ઢંગ."
સંસારનો એવોજ છે સડકણો રંગ!

ઉધરતી ઓલાદનો બાંધો.

મસુરની દાળ અને હાડકાંનો સેરવો પીને ઉધરતી ઓલાદ માટે ઉત્પન થયલો પારસી સેનડો!

સુધારાવાળાઓએ સુચવેલા તોડથી નીપજેલું મહાન પરીણામ.



અરે જુવો, પારસી ઓ--આય તમારી હમકોમના "રાઇઝીંગ (ડી) જેનરેશનનો અફલાતુન 'પ્રોડક્ટ' તમારી નજરો નજર જુવો! હાડકાંનો સેરવો અને મસુરની દાળ ખવાડી ખવાડીને આ માઝદયસનાન સેન્ડોને કેટલાક સુધારક ઓલમાઓએ ઉપજાવી દેખાડયો છે. આ ખરેખર જુઓ એની બે બાજુપરના બે (પાયરીના કેરીના ચુસેલાં) ગોટલાં! જુવો એના પગના બે (દીવાસલી) ટેટાં! જુવો એની (વેગંણ) જેવી જાંગો! દેખો એની (મેચીસના બાકસ જેવી છાતી! આ--એ મસુરની દાળના અને હાડકાંનાં સેરવાના પ્રતાપ છે!

યેહ! એ મનમાં શું ચાહે પીએછ?



ધનજીભાઈ ધમ ધમ—(રંગમાંજ એક રેસટોરાંમાં દાખલ થઈને) વેટર! જલદી ટેબલ આગળ ખુરશી લાવ.

વેટર-(બોલાઈમાં)-સાહેબ, એક ખુરશી લાઉં કે બે?

(બીચારા વેટરની પુછવાની મતલબ કે તમે એકલાજ છેઓ કે બીજું બી કોઈ સાથે છે? પણ ધનજીભાઈ કંઈ જુદુંજ સમજ્યા અને નકામો વેટરને વાહરી ખાધો!)

બેટો બાપ ઘણો શરમાઉ—ઘણોજ શરમાઉ !



પ્રખ્યાત માસીક "કાતરીયું"નો અધિપતી બીચારો એદલ ઓગરા ઘણોજ ઘણું ઓગણાઓ એ- મ આજ એકાંત છે. પણ તમે માન- શો? તેના દાખ ણોની ત ગીફ્માં રોજના આ છામાં ઓછા સરા સરી છ સાત કુટી કેશશા પત્રો તેનાં વાંચનારાઓ તરફથી બસ આવ્યાજ જાય! આખરે કંટાળી જ ઈને તથા ઘણોજ શ રમાઈ જઈને એદલે

બહુગામ થોડા દાહડા એકાંતવાસ શોધવા માટે નાહસી જવાનો કસદ કર્યો. પણ આ આફત! ટ્રેનમાં ભાયખલાના સ્ટેશનથી તેના ઘનાક ટીસાઈટ ડોંગાયા પોતાના નાહડેલા જમસુને લઈ અંદર ગગટી પડ્યા હવે એ ટીસાઈટ કેવ. એદલજી ઓગરાની કલમપર મોહી પડેલા છે જો! જરા "કાતરીયું" ઘસી પડે છે——અરે, નહીંરે—મકું જરા "કાતરીયાં" ને બાહેર પડતાં દસ મીનીટ અસુર થાય છે. તો એ બીચારીનું હાટ

ઇંતેજારી અને ધસકો મરે બંધ પડી જાય છે ને એ ફુલીયા કાચો બરાંન્ડી પીએ છે તાહરેજ પાછું ચલે છે! અફસોસ! એકાંત એદલનો એકાંતવાસ શોધવાનો પ્રેયોગ રદ ગયો! અધુરામાં પુરૂં નાહલ્લો જમશુજી એદલ ઓગરાની ચનકરપી વાર્તાઓનો એવો વખાણનાર—એએએ એવો વખાણનાર—કે દાહડામાં ત્રણ વખત 'કાતરીયુ' હાથમાં લઇને ચુસ્યા વગર રહેજ નહી. આ બે જણાએ કમરામાં દાખલ થતાં નેવાર એદલની વાર્તાઓની પાછી તે બીચારાના મોઢા પર જે તારીફ કરવા માંડી કેની તે આખરે કાયર થઇ, બેજાર થઇ, શરમશો એ એકાંત શરમાળ અદીબજીને તે બધી સતાબી બોલે બોલ પોતાનાં 'કાતરીયા'માં છાપીજ પડી! હવે એદલે આવી જાતની વગર માંગેલી પોતાની તારીફમાંથી છટકવાની આશા તમામ છોડી દીધી છે.



"એ આય ધનમાય ઘેબરી કેહજે પેલા દીનશા ચુગીયાં સાથ પરણીછ ને રોજ સાંજે ગુલબદન હાંસબદનનું જોડું અહીં ચોપાટી સાથે ચાલતાં ફરવા આવેછ જોને?"

"કાંહ છે? આજે એનો વર તો સાથે નથી?"

હોમ ડીપ્લોમાટીસ્ટની જુદી જુદી "ફનકમો."

આ, પગ જેટલું જ હમેશ પાથરણું આપણે તાણવું જોઇએ.



(ઇનકમટેક્ષ કલેક્ટરના મદદનીશને)

હોમ ડીપ્લોમાટીસ્ટ—એ વરી શાનુ ઇનકમટેક્ષનું ચોપડું લઇ આવ્યા, ભાઇ? શું છે? બાવન રૂપીયાનો ઇનકમટેક્ષ આપું? કેમ ઘેલા થયા છો? અહીં મહીને હાલ હું બાવન રૂપરડી કમાતો નથી ને તમુંને ટેક્ષનો ડાઘન કાઢવા દઉં: મારા અવતાર જુવોની?



(પોતાના ભુખરી બારસ ગરીબડા મામાને ત્યાં મળવા જતા)

હોમ ડીપ્લોમાટીસ્ટ—મામા, હમણા મુંબઇમાં બસ કંઇ બીઝનેસ મળેજ નહીં. હું બીજેમ તેમ મારા ખરચ જેટલું હર મહીને ઉપજાવી શકું છું. તમે પચાસ રૂપીયા ઉછીના માગાછ પણ—સોરી!—હમણા જરા ઇનકમના ઝાડ સુકાઇ ગયાં છે, મામા—ઇ૦

(વધુ માટે જુવો પાસેનો સફો.)

દોલુ ડીપ્લોમાટીસ્ટની જુદી જુદી "ઈનકમો" (ચાલુ)



(લક્ષાપતી ગુસ્તાદજી ગબ્બર અને તેવણની એક પુરી કુમારી દીકરી સાથ ફરવા જતાં.)

દોલુ ડીપ્લોમાટીસ્ટ--ગુસ્તાદજીશેઠ. ખુદાના હુકમથી સેવક દાળ રોટલીએ સુખી છે. મહીને દાહડે મારી ઈનકમ ત્રણથી ચારેક હજાર થઈ જાય છે. જેનતની ગીસ કેતો, આય મારી એસટેટનું ભાડુંજ ૮૫૦ રૂપીઆ દર માસે આવેછે. તમારા પગની પુનઈથી, સાહેબ, મને આ તકના બાબમાં કંઈ બગડતું પડતું નથી—ઈ૦



(ગોમાજી મારવાડીને ઘર બોલાવતાં).

દોલુ ડીપ્લોમાટીસ્ટ—ગોમા, મારૂં નાણું બધું જુદી જુદી સીકયુરીટીઓમાં એવું ફસ્સ થઈ ગીયુંછે કે તેથીજ પાંચ હજારની રકમ તારી પાસ લેવા પડછે. બાકી મારી ઇનકમ તો સ્ટેડી છે. મેનગેનીઝના શેરો માજ ગીએ મહીને મેં ચાર હજાર ઊભા કીધા—પણ હાલ મને રબરના શેરો બાજ માલવાછે—ઈ૦

હાલુ ડીપ્લામાટીસ્ટનું દારૂ વીશે મત.

બા, પગ જોઇને હંમેશ આપણે પાંઠરણું તાણવું જોઇએ.



(પોતાના ચીચેકાવાળા કાકાજીને)

હાલુ ડીપ્લોમાટીસ્ટ— કાવસજી કાકા, આપરા પારસી છોકરાઓમાં આજકાલ દારૂની બદી ઘણીજ વધી ગેહછ એને સારૂ હંમેશાં હવે આપરી કોમે પગલાં ભરવાંજ જોઇયે. દારૂ પીવાના ભયંકર પરીણામો, તેથી આપરી તંદુરોસ્તી પર થતી ખુવારીભરી અસર આજના નાહના છોકરાઓના મનપર બેસવવા જાહેર ભાષણો અને લખણો ચાલુ થવાં જોઇએ. સત્યાનાશ ગીયઃઓને કડવો વીહસ્કી પીવામાં મજાહ શું પડેછ કોણજાણે! જોવ—હું દારૂનું એક ટીપુંબી લેતો નથી તે આજે થોડો જેવો તટાર છેઉં. કાકા, એ પાપીવાનો લખ એવો ખરાબ ને નાદસ્ત છે કે બસ તે દાહડે દાહડે વધતોજ જાયછ ને પછી અટકાવે ના અટકતો નથી. અરે કેટલી પ્રોમાસીંગ જુવાન-કારકીર્દીઓ એ શરાબની મોહકાણમાં ખરાબ મળી ગેહછ——૯૦

(વધુ માટે જુવો પાસેનો સફો.)

દોલુ ડીપ્લોમાટીસ્ટના દારૂ વીશેના વીચારો (ચાલુ)



(ક્લબના દોસ્ત ટેમુલ તુરીયાં આગળ)

દોલુ ડીપ્લોમાટીસ્ટ—ટેમુલ હું તુને તદન સીરીયસ થઇને કહુંછું કે જેબી મહાન માણસે પેહલ વેહલો વીહસ્કી શોધી કાહડ્યો તેને જરૂર જરૂર ઉંચામાં ઉંચ્યું બેહસ્ત મળ્યું હોશે. ટેમલા-ટીયર—વીહસ્કીના ખુણાં એ વકટલેન વંડારાંઓ સમજેજ શું? અજ્મો છે બેહસ્તની બારી રે!" વીહસ્કી પીવાથી તબીયત બગરેછ? બોશ!—જો આજે હું મારો રોજ રાતનો પેગ છોરી દઉં તો નક્કી બે મહીનામાં ધોળપોરકું થઇ જાઉં. લુક એટ મી! મને શું ધાર ખાયછ. તમારા વસીડની વસીડમ ટીટોટલરો કરતાં તો હું હજાર ઘણો સાઉંડ અને સ્ટ્રોંગ છેઉં! ને દારૂની ટેવ આસ્તે આસ્તે વધેછ? હંબગ! કાલ ઉઠીને તો કહેશો કે ગોસ્ટને મરઘીબી ના ખાઓ, ચાહબી ના પીઓ આઇસબી ના લેઓ, કેમ જે ટેવ વધેછ! ઇ૦

એદુ અગર ગચ્ચાનો અફસોસ.

બઈરી કમજાત મળીછ-હવે હું કરૂં તેઓ શું!

[અદુ અગર ગચ્ચો એક દહાડે વસનાયલી દાળ જેવું ડાચું કરીને નીચે મુજબ મારી આગળ પોતાનો રોદરો રડવા બેઠો:]—

આપ અઝીઝ પીજામ કંઈ મને સલાહ,
ને કહે મને બીરાદર કરૂં હું શું?
બઈરીના સીતમથી કરૂંછ તોબાહ,
જુલાક મુજ જરોથી ધ્રુજું છું હું;
કંઈ જીભલામાં તેના-યાહ!-ભરું છે ઝેર,
તોબાહ!-ઓ હું તો બા તોબાહ કરૂં;
મચાવેછ એવી તો કલાકેર,
હાઆશા! કુવો હું પુરૂં કે મુગો મરૂં?

માન આપુંછ હોકમને તેના સદા,
છતાંએ નકામાં જુલ્યાં હું પાઉંછ;
ને હોકમથી કદાચ જો ફરૂંછ જરા,
તો આબરૂ ને ઇજ્જત હું ઘરમાં ગુમાઉંછ;
વરસાવેછ આફતો મુજપર હજાર,
જંગ ગાળોનું મુજ સામે કરેછ શરૂ;
ઓલની ઓ રફીક, કેમ પામુ કરાર?
કહે! કુવો હું પુરૂં કે મુગો મરૂં?

નહી દીસે કે રાતે યાર, મુજને કાંઇ જપ—
સોંપેછ બસ હુક્તીની મુજને જંજાળ;
આખી રાત રડેછ ને નહીંજ રહેતી ચપ,
પણ ઉંઘ કાહડેછ ઘણીઆણી ચેટે ખુશાળ;
ગુપચુપ હું ખમુંછું સઘલો જુલમ,
(કેમ ઘરના ફુટલા દોસ્ત, હું જાહેરમાં ધરૂં ?)
જો બોલુંછ તો આપેછે નબ્બોદ ગઇ દમ;
ઉઈ ! કહેવો હું પુરૂં કે મુગો મરૂં !

મોસ્તર પર લઇ લેછે કુજો પગાર,
ને મન માફક ઉડાવેછ મડમ બસ લહેર;
પણ સેવક તો થાય છે, ભાઇ, ચાલુ હાડમાર;
ને સુકવે છે લોહી રોજનું પોણા બે શેર.
અજાયબીની મોંઘ્રા સઉ કાપેછ વરાળ;
“ કનફેશન ” બી કેમ તેમની આગલ કરૂં?
શરમ લાગેછ કહેતાં—યાર મુંજનો હેવાલ;
ઉફ ! કહેવો હું પુરૂં કે મુગો મરૂં ?

નવ વાગયા—કે નહીં લાગતી જરાબી વાર,
છે સારલો પહેલોજ એ મેન સાબે-માન;
ને હલકા કરી લઇ મુજની પાકીટનો ભાર;
સહી સાથે સેલામા ગયલીજ છે—જાણ !
બચ્ચું જાય જોઇએ તો જાહમનનો ખાર,
ને સાહેગર હું ભસ્તામાં જઇને પરૂં;
જરીને પડીછ ભલ તેની દરકાર,
આ ! કહેવો હું પુરૂં કે મુગો મરૂં ?

રોજના હું ખમુ છું એવા જુલમ.
કુવારા દહાડાની કરૂં છું યાદ:
કહેની ઓ, પોજામ, કંઇ કરી કરમ!
શું કંટરઇને છેવટે કરૂં આપઘાત?
યા બીજે કંઇ એનો યાર બતાવ તું તોર,
કે ઝટ ને પટ તે પર હું અમલ કરૂં?
યા ખમ્યા કરૂં ગુપચુપ જરીનો દોર!
બોલ! કુવો હું પુરૂં કે મુગો મરૂં?

(બીચારો એદુ! મને તેની ઘણીજ દયા આવી.
મેં તેને નીચે પ્રમાણે સલાહ આપી:—)

જીવનો ઘાત કરવાની નથી જરૂર—
ઓ અદીયા અગરગચ્યા, તું પ્યારા રફીક!
એ વળી તને શું થઇ આવીછ ચુર?
આપઘાતની વાત ના કર—લાગેછ, બા, બીહીક!
તુંજ જેવો કોમનો એક ઝલકનો ચાંદ.
તુંજ સરખો ટોળાનો મગરૂર સણગાર—
(છે તું સમ પારસીઓમાં ઝહવેર માંડ માંડ)
—તે કુવો પુરે? ઓઇરે પાપી વીચાર!
ના કીમતી એક કુવાનો કરતો બીગાડ—
હાલ કુવાના પાણીની પડી રહીછ તાણ;
ના જરબઇની બાંગડીને કરતો બરબાદ—
ના રંગીત સાડીઓનો કાહડતો તું ઘાણ!
રોજ સંસારી મુઝવણથી થાયછ તું હલાક
તો સહેલી ને સુતરી છે એકજ તદબીર—
બસ લઇ લે તુજ જરીથી ઝટપટ તલાક
થઇ જા તું કીરસ્ટાંઉ યા મુશલીમ ફકીર!

બરાબર છે!



ફોટોગ્રાફર—(જવાન દીકરાને)—તમે, શેઠીઆ, તમારા પીતાજીનાં ખભાંપર હાથ મુકશો તો બહુજ કુદરતી પોઝીશન થઇ જશે!

ઘરડા ગ્રાહકજી—અરે ચાલોની મારા સાહેબ, શું તમેબી કાહરના નખરાં કર્યાં કરતા! મારાં ખીસાંમાં હાથ મુકીને એ ઉભો રહે તો વધારે કુદરતી પોઝીશન થઇ પડે—લે ચાલો, વેકો—હવે ઝટપટ સબી લેઇ લેવો, બા.

હજામ—(ગહરાકને) સાહેબ દાઢી બોડું કે માથું?

ગ્રહાક—દાઢી.

હજામ—ઠીક, બહુ સારૂ...એક જરાક ડોકું ઉચું કરશો સાહેબ?

ગ્રહાક—નહીંબા, માથું ઉચું કોણ કરે? તું તારે દહાડી રહવા દે માથુંજ બોડ!

બોલતો પોપટ.

કજીઆના કાલબુદ્દો માટે અજમાવવા લાયક એક અખતરો.

"હરવઇ તું મેહેરી, તુને તો ઘેરબાર શું ચલાવવું, માણસ ચાકરોપર કેમ ધાક રાખવો તેનો કાંઇ સુધલોજ બરેલો નથી. એતો હું અવાર નવાર અહીં રહીને તુને શીખવું નહીં તો કોણ જાણે ઘેરમાં કેમ કુતરાં બીલારાં દોરે !" મેહેરબાઇ મોટીવાલાને તેવણનાં વડાં સાવકાં બેહેન જીજુબાઇએ એક દીવસ લેકચર આપ્યું.

"કાંય વરી શું મેહેરીનો વાંક પડયો, જીજુબાઇ ?" મેહેરબાઇના બીચારા ગરીબડા રાંક નર દીનશાહજીએ પુછ્યું.

"તમે તો અમોલાજ બેસો, દીનશાહજી. મેહેરીજ તમુને બગાડીને ધુર કરેછ તે ! મારો જેવો વર હોય તો કાન ચીમટીને બાજુએ બેસાડું ને મારો બેલેલો બોલ ઉપારી લેવરાઉં! તમારા જેવા બેવકુફ ઓડાતી તો કોઇજ નહીં હુસે," જીજુબાઇ ઉખડયાં.

જીજુબાઇ રંડાયલાં આસરે પીસતાલીસ વરસનાં અને ઘણાંજ કડક સ્વભાવનાં હતાં. તેવણે પોતાનાં બીચારા ગાય જેવા ગરીબ વરને તો કાન ચીમટી ચીમટીને પોંહતા કરી મુકયા હતા અને હવે એકલાં પડેલાં હોવાથી અને મેહેરબાઇ કરતાં દસ વરસ વડાં હોવાથી થોડે થોડે દીવસે મેહેરબાઇને

ત્યાં આવી ધામો નાખતાં હતાં. કરકસરથી ઘેર કેમ ચલાવવું, ધણીને ધાકમાં કેમ રાખવો, માણસો પર તોર કેમ કરવો તે બધું તેવણ મેહેરબાઇને શીખવતાં. મેહેરબાઇ, તેવણના વર તેમજ ઘરમાંના સઘળા નોકર નફરો આ "પંચાતીનું બોરીયું" ના આવવાની વાત સાંભળતાંજ ભારે કંટાલતાં અને અકર વકરમાં પડી કયારે પાછાં પતે તેની વારે વાર જોતાં.

"દીનશાહ, તું તદનજ બોડાની છે," દીનશાહજીના એક જાની દોસ્ત નામે રૂસ્તમે એક દીવસે તેવણને કહ્યું. "એક બઢેરી જેવી બઇરીથી તું એમ દબી જાયછ? મારી બઇરીની કોઇ બેહેન થતી જો એમ મારાં ઘેરમાં આવી લાહેરો કરે તો હું એક લાત મારીને બાહાર કહાડું,"

"અરે એમ બોલાયછ. જીજુબાઇને તું ઓળખતો નથી. બીચારી મારી મેહેરીને ગમેછ તેમ આંગળીપર નચાવેછ. હવડાં વરી બાઈ સાહેબના ભેજામાં આવુંછ કે ઘેરમાં બસ એક બોલતો પોપટજ રાખવો જોઇએ. મને એક સારો જેવો ખરીદવા ફરમાવ્યુંછ—પણ હું તો પોપટ ને ચકલા વચ્ચેનો ફર કવી બરાબર સમજતો નથી. તું મને અપાવશે દોસ્ત?"

"ઓહો, તેમાં શું મોટી વાત? જીજુબાઇજીને બોલતો પોપટ જોઇએછની? અરે બચ્ચા, હું તુંને એવો તો સરસ બોલતો પોપટ અપાવું. કે તું જોયાજ કરે! ચાલ આપરે જઇને જોઇએ પછી આજે રાતે હું તારાં મેહેરબાઇને મળવા તારે ઘેર આવવાનો છેઉં."

" પણ—પણ—જીજુબાઇ—તેવણ——"

"અરે તારાં જીજુબાઇને ઉંચકીને નાખ કુવામાં. તું

બાયલાની માફક જીલુબાઇથી બીહેછ તેમ હું બી કંઇ બીહું છ શું? ચાલ."

દીનશાજીનો આ દોસ્ત રૂસ્તમ બહુજ રમુજી અને લેહેરી હતો. તે દીનશાહ અને મેહેરબાઇનો દોસ્ત હતો એટલે અવારનવાર તે લોકને ત્યાં જતો પણ તેને જીલુબાઇ સાથે મુદલ બાઝતું નહીં, અને તેવણનું તે ખુબ તરેહથી ગેરવતો.

"જીલુબાઇજીને બોલતો પોપટ જોઇએછની? એવો તો સરસ બોલતો અપાવું કે જીલુમાઇનું પેટ ભરઇ જાય."

બંધે દોસ્તો એક પક્ષીવાલાની દુકાને ગયા અને રૂસ્તમે ફીલસુફીના ડાચ્યાં કરીને એક બોલતો પોપટ પચાસ રૂપયાની કીમતે ખરીદ કીધો.

"પણ એ ગરીબ છે કે? ને કંઈ બોલેછ કે?" દીન શાહજીએ બીહતાં બીહતાં તેનું માથું જરા પસવારીને પુછ્યું.

"અરે સાહેબ ઘણોજ ગરીબ છે ને આખો વખત બોલતો નથી, પણ જયારે એક વખત બોલવાપર આવેછ તો પછી એને મુગો રાખવો ભારી પરેછ."

દીનશાજીએ મુગે મોહડે પચાસ રૂપ્યા કહાડી આપ્યા. તેવણે પોપટની ગરીબાઇ વીશે ઘણાજ અંદેશામાં હતા—કેમકે આટલા વખતમાં પોપટજીએ તેવણના આંગળાં કાંઇ ચારેક વખત ટોચી કાહડયાં હતાં, એટલે રૂસ્તમનાજ હાથમાં પકડવા આપી તેઓ બાહેર નીકલ્યા. ઘર જવા સારૂં તેઓ ટ્રેનમાં બેઠા. સેકંડ કલાસમાં તેઓ બે જણા ઉપરાંત એક બીજા ખુદા ગ્રહસ્થ બેઠા હતા. તેવણને પેલો પોપટ એકદમ

ગમી આવ્યો. "કેવો મજાનો પોપટ છે? કડતો તો નથીની? ગરીબ તો છેની?" ડોસાજીએ પુછયું,

"અરે હારે સાહેબ, તદન એક બચ્ચાં જેવો ગરીબ છે." રૂસ્તમે આ પ્રમાણે તેવણને ખાતરી આપ્યાથી બુઢાજીને ધીરજ આવી અને તેવણ વાંકા વળી ને પોપટનું માથું પસવારવા લાગ્યા. "પોપટ! પોપટજી! લટપટ પંજી! બોલો પોપ—આઆ—ઓઓ—ઇઇઇ-ઉઉ!" એ કદમ ડોસાજી ચીચારી પાડી ઉઠયા કેમજે પોપટજી એવા ન ગુના હતા કે આએ માયાના બદલામાં તે બુઢા શેઠનું નાખજ પોતાની ચાંચમાં પકડી લીધું હતું. "અરે મારૂં નાક છોરવો ની! મારા સાહેબ તમે તદન ઉલ્લુ છેઓ! મને કહયું કે તદન ગરીબ છે! ને છેતો કોહ અરેહમન સેતાન!" ડોસાજી પોતાનું નાખ દાબતા ખભરીને બોલ્યા.

"અરે એતો ઘણો ગરીબ છે રે, એતો જરા અમથો રમત કરતો'તો!" રૂસ્તમે ધુમ હસતા કહયું.

"રમતો'તો! અરે વાહ, નાખ સાથેબી કંઇ એમ રમત કરવાની હોસે! બહુ મારા નાખમાંથી લોહી કહાડયું ને!"

"અરે એતો શાહેબ જરા હોય, જરા ગેલમાં—અરે તારૂં સત્યાનાશ થાય, કાહારની, ઓ દીનશાહ, આએ નાપાકના જણ્યાએ મારો કાન પકડયોજ!" ગેળમાં આવેલા પોપટજીએ તો એક નાખનો ખુરદો કરી નાખ્યા પછી રૂસ્તમના કાનની ખબર લીધી હતી. દીનશાહ બાપડો જે બીહને ખુણામાંજ બેઠો હતો તેણે જેમ તેમ પોપટને રૂસ્તમના કાનથી છુટો કીધો પણ પેલા ડોસાજીને ઘણીજ તાહ્કક પડી, "ઘણું સારૂં થયું. હું

ઘણો ખુશી થયો. ફરીથી તમે કોઈને જુઠું બોલી છેતરશો નહી."

"સાહેબ, તમારૂં નાક પકડયું ત્યારે ખચીત ઘણી મજાહ પરી. પણ મારો કાન પકડયો, એ કંઇ પોપટજીએ ઠીક નહીં કીધું. જુવોની મારા કાનમાંથી લોહી નીકરેછ કે?"

'તમારા કાનમાંથી નથી નીકરતુ પણ મારા નાકમાંથી તો નીકરેછ"

"તમારાં નાકની મને કંઇ દરકાર નથી. હું તો બસ મારા કાનનોજ વીચાર કરૂંછ," રૂસતમે નફટ નાએ કહયું—એ ટલે ડોસાજી બહુ ખમરીને મુગાજ બેઠા.

'એઇ રૂસતમ, તેં આ એ શું બણા હોરીછ? નાખને કાન કરડી જાણેછ બાકી બોલનોતો મુદલ નથી. છનુઆઇને કઇ એવો પોપટ ગમવાનો નથી," દીનશાહએ ગભરાઇને પુછ યું. પણ રૂસતમ તો ખરખર હસવા લાગયો. "નહીં ગમશે કે? અરે જોની છનુઆઇનુંબી નાખ કાંન કરડી ખાય તો કેવી મજાહ પરે હં! પણ એ ઘેર જઇને બધું બોલશે, તું ત્યારે બેસીને મજાહ જોયા કર."

સ્ટેશન આવ્યું અને પોપટને દીનશાહજીના હાથમાં આ પી તેઓ ઉતર્યા તથા ઘર જવા ચાલતા નીકલ્યા. સેહજ અંધારૂ થયલો હોવાથી ચાલતાં ચાલતાં દીનશાહજીએ ઠેકડ ખાધી અને હાથમાં પોપટ સાથેજ કાદવથી ભરેલા ખાડામાં પડયા. રૂસતમે તેઓને જેમ તેમ ખેચીને ઉઠાડયા તો તેઓ અને પોપટ બેઉ જણા કાદવથી તદન લપટાઇ ગયલા હતા. ઘર પુગતાંજ બોટલા ઉપર આયા મલી. "અરે શેઠ આ શું

થયું ? અંદર ના જાની, બાહેરનાં લોક આવેલી છે—જીલુબાઇ ચીડાશે."

"કંઇ નહીં, કંઇ નહીં, આયા—બાહેરનાં લોક આયાંછ તો શું થયું ? ચાલ દીનશાહ."

તેઓ અંદર દાખલ થયા. ઓરડામાં બાહેરનાં ચાર પાંચ ગ્રહસ્થો હતા. જીલુબાઇ એકદમ ઉઠીને દીનશાહજીને ધમકાવા જતાં હતાં તેટલાં પેલા પોપટનો બોલવાનો સાદ એકાએક સંભળાયો—

"બેસીજા—પાછી એકદમ બેસી જાઇ મર ! !"

"ઓ ! એ કોણ બોલ્યું હમણા ?" જીલુબાઇએ ચકીત થઇને પુછ્યું.

"કોણ બોલ્યું કોણ વરી—પોપટજી ! સુંદર પોપટજી !" પોપટ પોતે બોલતો સંભળાયો, જો કે કાદવથી લપેટાયલો તે એવો તો સુંદર લાગતો હતો કે બધાં જણાં આ નવી જાતના પોપટને ટીકી ટીકીને જોવા લાગયાં. રૂસતમ અને દીનશાહ તો ચુપચુપ બારણા આગળ ઉભા રહયા.

"હાટ! હુસ! કાહરની, મરેરે મુવા એ દેવને! શું હુસ્સા જેવા ઉભા રહીને જોયા કરોછ?" જીલુબાઇએ તોફાન ચાલુ રાખયું.

"ચુપ રહે એઇ ડાકણ; એકદમ ચુપ! દેવ કોણને કહેછ!" પોપટજી આખે રસતે તદન ચુપ રહી હવે એકદમ જીલુબાઇપર ઉખડયા.

"મેહેરી ! દીનશાહ ! શરમ છે તમુ લોકને ! બધાં લોકના દેખતાં મુવો જે ગમેછ તે બોલેછ. એવો સોભતો પોપટ તમે લાયા કે દીનશાહજી ? હું એ મુવાની ડોકી મરડી નાખસ," જીલુબાઇ તો ગુસ્સાને મારે લાલ પીળાં થઇ ગયાં.

"મારી ડોકી મરડી નાંખશે ! જેમ તમારા વરની બી ચારાની મરડીને તેને પોંહતો કરી મુકયો તેમ કે બાઇ સાહેબ ? પોલી ! પોલી ! પ્રેટી પોલી એ રાન ડાકણથી બોહનો ના હ ! " પોપટજીએ તો સઉ કોઇની અજાયમી વચ્ચે પોતાનું ભાશણ ચલાવ્યું.

"એ મરે તું મુવો એમનો એમ ! મેહેરી, રાન તુંને શરમ નહીં આવતી, ઉભી રહીને દાંત કાહર્યા કરેછ તે ?"

"પણ હું શું કરૂં, જીજુબાઈ, જોની એ એવું બોલેછ કે મારેથી હસ્યા વગર રહેવાતું———"

"ઉંદર ! ઉંદર ! જીજુબાઇ તમારા પગ આગળ ઉંદર છે. ખુરશીપર ચહરો, પતેતા જેવાં આંગળાં મને દેખારો !" પોપટનો સાદ વળી સંભળાયો.

ઉંદરનું નામ સાંભળી જીજુબાઇ ખરેખરજ ખુરશી પર ચહડીને ઉભાં—પછી જયારે જાણ્યું કે ઉપલું બોલનારબી પોપટજીજ હતા એટલે ફફડતાં ચટકટાં પાછાં ઉતર્યાં.

"મરેરે ! આએ તો કંઈ ઘણોજ નવાઇ જેવો પોપટ છે ! જાણે બધું બરાબર સમજીનેજ બોલેછ," એક પરોણાએ ટીકા કીધા.

"કપાર એનું સમજીને બોલેછ ! મુવો એબદસા જેવો કાંહથી આયો કોણ જાણે ! મેહેરી, એને અન્તર ઘરી કાહાર નહીં તો હું અહીં તારા ઘરમાં એક મીનીટબી ઉભી રહેવાની નથી."

"આવજો વહેલાં ! લીલું નરીએળ ને સુક્કો ગોર !" પાછું પોપટ બોલતો સંભળાયો. "પણ આસ્તે, એટલું બધું માથું ના હીલવો, જુઓ જુઓ, અરે બઇરાંઓ, જુવો એવણના માથાબાનામાં ખોસેલી ખોટા બાલની અમોરી ભોંય પર પરી ગેઇછ ! આહાહાહ ! વાહ ! કેવી ગમત ! હીસ ! હુસ !

ચીયાંઉ પીયાંઉ. જીલુબાઇનો હુરીયો!" પોપટજી તો બસ ધર્યા ધરાયા નહીં. આજુબાજુનાં બધાંને એટલું હસવું આવ્યું કે જીલુબાઇને ત્યાં ઉભું રહેવું બહુજ ભારી પડી ગયું. તેવણ પોતાના બાલનો અંબોરો બરાબર છે કે ખરે ખર પડી ગીયો છ તે તપાસી ઉભી પુછડીએ ત્યાંથી બાહેર નાહાં અને એક ગાડી કરી પોતાને ઘેર જતાં રહયાં

"ઓ ખોદા! આએ શું તોફાન આજે!" જીલુબાઇના જવા પછી મેહેરબાઇ ધુમ હસ્તાં હસ્તાં બોલ્યાં, "દીનશાજી એ આએ તમારા શું હાલ!"

"એ હાલ કરનારાં તમે પોતેજ! તમે કાંય નહીં એવ ણની સાથે બરાબર ચાલતાં? પેલી મકકાર બાઇનું શું કામ સાંભરી તેવણને હારમાર કરોછ?" પોપટે તો હવે મેહેરબાઇને લેકચર આપવા માંડયું.

"એ આએ બધું શું પોપટ બોલેછ? હું તો નહીં માનતી કે એક પોપટ એમ બોલી શકે."

"નહીંજ તો" અહીં રૂસ્તમ હવે વચ્ચે પડયો, "પોપટ શું બોલે? એનું કપાર! એતો તદન મુગો છે. તમે અત્યાર સુધી જાણતાંતાં નહીં મેહેરબાઇ કે મારામાં મોહડું મુદલ ઉઘાડયા વગર પેટમાંથી સાદ કહાડવાની શકતી છે? હા, આએ બધું જે બોલાયુંછ તે પોપટ મુદલ બોલ્યો નથી. એને તો બધાંને બાચકાં ભરતાં ઘણું સરસ આવરેછ, બીજું કંઇ નહીં. પણ આજે જીલુબાઇનો મે સજર હુરીયો કીધોછ એટલે ફરીથી તમારાં ઘેરમાં પગ મુકવાનાં નથી. મારી તમુને મજબુત સલાહ છે કે એ કજીયાના કાલબુદને હવે ઘેરમાં આવવા દેતાંજ ના—ને આવે તાહરે મને તેરાવજો. આપરે પાછા પોપ ટજીને બોલતા બનાવશું."

મેહેરબાઇએ તે સલાહ પ્રમાણેજ કીધું. પોપટને પોતાની પાસે રાખ્યો અને એ રીતે જીલુબાઇની નાપસંદ મુલાકાતો બંધ થઇ.

સોનાના ચલણની હીંદપર અસર.



પાંચ પેગ પીધા પછી નોરોઝના (પાછલી રાતે).

—૦—

દેરાની ચલણીના સવાલ ઉપર ગોદ રેઝ ગરગરનું એક અતી અગત્યનું ભાષણ.

—૦—

(વખત નવરોઝ—મધ રાતે બે વાગતે)

(ટાઇમ—તા૦ ૧૨ મી સપટેમબર યાને પારસી નવરોઝની મધરાતે બે વાગે.)

વીકટોરયાવાળો—અરે શેઠ, આએ તમે શું આપોછ?

શેઠ — અરે, ચપરે! બુમ ના મારી મર! રાત પરી હીક—મોહલ્લો જગારશે કે?—હીક—

વીકટોરીયાવાળો—પણ શેઠ, એ આય મને શું પૈસા આપ્યા? રાતના બે વાગા સુધી——

(વધુ માટે જુવો પાસેનો સફો.)

શેઠ--ચુપ ચુપ ! ગધેરા ... ઝીવ શાનો કાહરેષ? લે આય અરધી ગીની—

વીકટોરીયાવાળો—અરધી ગીની ?

શેઠ—હા, ઝોની-હીક-સુન્નાનુ ચલન હીદુસ્તાનમાં દાખલ કરવાથી હીક —હીક-વેપારનું નખોદ વરી ગીયુંષ-ને ઝોની પપેટા કાંદા મોંઘા દાટ થઈ ગીયાષ ને—

વીકટોરયાવાળો-અરે પન મારા મુરબ્બી આએ તમે મને-

શેઠ—તું નઇ શમઝે-દીકરા તુંને ઇનોકોમી-અરે-ઇકાનોમીનો કુવેશચન સમઝ નહી પરે. આએ ઝાને ગીનીનું ચલતર દાખલ થયું તેથી તેલના ભાવમાં પચાશ ટકાની વરતલથી ૧૮ ચતુરસુઠાઉની ગલતર આવવાને કારણે ૭ આની પેની ઉપર——

વીકટોરયાવાળો—પણ બાવાજી તમે મને ગીની નથી આપીની તો! એ તો ચલકતી ત્રાંબાની અરધી છે.

શેઠ—અર્ધી ગીની ને આખ્ખી ગીની એ બે વીશે મોટા ફરક-હીક—હીક—છે. શરકારને એક ગીની ઉપર એકોટેર ટકાનો નફો રહેશ ને તે વીમાના દુકાળ ફંડના પ્રોવીડંટ બેની ફીટની કોઓપરેટીલમાં જાયશ તું એમ સમઝેશ——

વીકટોરયાવાળો--પણ હવે હું તમુંને કેમ સમજાવું મને બે રૂપયા આપો કે ખટખટ ટળે-મને ગીની ગોળનીકાંઇ જોઇતી નથી. એ શું જુલમ છે? વાહ! સારાં માનસ થઇને-

(આ વેળા સામાં ઘરની પહેલે માળની બારી ઉંઘડે છે. 'ઘેરમાં ચાલો,' કરીને ચીચવાયલો તરારો પડેછે. શેઠજી દાબે હાથે ગજવામાંથી પાંચની નોટ કાહાડી આપી ઘરમાં જાય છે અને સોનાના ચલણની ગણત્રી કરવા દાદના પગઠયાં ગણે છે.)

લાંબાં એક નાકનબી ખુબી છે ચાર!

ખટલુ ખુપરાનું જબરદસ્ત લાંબુ નાક અને કેટલું બધું ઉપયોગી થઇ પડે છે જુવો.



ઉપયોગ-નંબર વન!



ઉપયોગ-નંબર ટુ!!



ઉપયોગ-નંબર થ્રી!!!



ઉપયોગ-નંબર ફોર!!!!

(વધુ માટે જુવો પાસેનો સફો.)

લાંબા એક નાખની તું ખુબી કાંઇ વાંચ.
જોઇ લે આ નાંખ જાણે કાગડાની ચાંચ.
નાંખ એનુ બાઝે વખ્ત કામમાં આવેછ,
અનેક રીતે ઉપ્યોગમાં એને લાવેછ!
મ્યુઝીકથી ખુશ થાયછ એ સાંજને સવાર.
લાંબા એક નાકનીબી ખુબી છે યાર.

કલબમાં જઇ રમેછ એક તો ચોપટ
બીજું લેછ 'જામે'-ને ત્રીજો પોપટ
પોપટને બેસાડી નાંખ પર ખુશાલ
વાંચતો જાયછ કરતો એ પોપટસે વહાલ
એ કામો થતાં જાયછ એકજ આમ વાર.
લાંબા એક નાકનીબી ખુબી છે યાર.

સાંજ છેડે આવેછ એ આપીસથી ઘર
ને દીવો હોયછ ઘરનો બહુ જુકતો અગર,
ગપસપબી વાંચવાનું થાયછ ઘણું મન,
થોભતો નહીં કરવા એ લેંપની જતન.
મીનબતી મુકવાને સ્ટેન્ડ છે તઇયાર!
લાંબા એક નાકનીબી ખુબી છે યાર.


પતેતીને માટે એ ખરીદવા જાયછ-
ને પેકજો ઢગલા બંધ બગલમાં થાયછ-
બારણું ખખડાવવાની નથી ખટપટ
નાંખ આમ દાબ્યું કે ઉઘડે જટપટ!
તારીરીગં વાગે આમ વીજળીનો તાર
લાંબા એક નાકનીબી ખુબી છે યાર.

ધંધાદારીઓ માટે એક "ટીપ"!

કાં નહી તમારા ધંધાને લગતી છત્રી વાપરો?




બુટ વેચનાર માટે   મ્યુઝીક ટીચર માટે




કુમારા "છોકરા" માટે   આર્ટીસ્ટ માટે.

ભણનાર ગણનારને સાહેબ આપનાર.




બીચારો ઘણોજ ભણનાર છે જો. બાયડીએ કહયું કે "દરયે કીનારે જઇને ભણો કે જેથી ખાવા પીવાનું સઉ પોતાની મેળે ચાલ્યું આવે" કેવો બીચારો બગલમાં જંદ અવસ્તાની કેતાબ અને હાથમાં લાકડી લઇને દરરોજ સવાર સાંજ બે વખત દરયે કીનારે તદન એકાંત એખલો બેસીને ભણેછે!!



બાયડીએ કહયું તે ખરૂંજ! ખાવા પીવાનું પોતાની મેળેજ ચાલ્યું આવેછે. જંદ અવસ્તાનું પુઠું વળગાડેલો આએ દાબડો જોયો? એમાં સેંડવીચીઝ છે અને આએ પોકલ લાકડીમાં સોડા ભેળેલો વીસ્કી! કેમ નહીં બોલ્યા? ખાવા પીવાનું પોતાની મેળે ચાલ્યું આવ્યું કની?

આપુ—એ વીલાયતા વહેજું આપુને નહી સદે—નહી સદે !



મી૰ ઇચ્ચમજી આઇ-ચાઇ, બા, પેલી પુનાની ખોરશેદ ખબુતરી સાથ પણ-વાના છે. પુનેથી એક દીવસ મુંબાઇ આ બે જણાં રેલ્વે ટ્રેનના ફરસ્ટ કલાસમાં એખલાંજ હતાં !—અહંમ !—

વેલ, ખંડાલાના ઘાટો શરૂ થયાં ત્યાં સુધી તો ઇચ્ચમજીબાએ મોહબતના કાંઇ લાખેક ડજન નીસાસા નાખ્યા કીધા.



પણ પછી શરૂ થયા પેલા અંધારા બુગડા. તે દીવસે ડબ્બામાં દૈવયોગે લાઇટબી નહી હતી ! આહ ! મોહોબ્બત મહો બ્બત ! પ્યારીને એક "ધગધગતો બોસો" લેવા-ની લાલચ ઇચ્ચમજી થોભ વી શકયા નહીં———

અને આ પરીણામે ! કોણ બુબખ કેહવાની હીમત કરે છે કે બૈરાં-ઓમાં અકકલ હુશી-યારી નથી ?



નાની મેહરાં-(મોટેથી)-મમા, મમા આય ડોંગા માટીડાને જોવની ? આપરી સામએના ઘેરમાંથી જે પારસી ઓપેરા ગ્લાસમાંથી આપુને ટીકીયા કરેછ તે એજ કેની?-મમા, તમે તે દાહરે તો કેહતાં 'તાં કે મુવો પોસાગીર મને કોઇ દ્હારે રસ્તામાં મળશે તો મુવાનો તોટો ભચરી નાખશ'-તે લેઓની હવે—

મમા-ચુપ, ચુપ ! મુઇ ! રસ્તામાં એમ મોટેથી બુપ નહી મારીયે.

——o——

મોટે ઘરની બુચી--માયજી, માણુસોને નાંખ શું કરવા આપેલાં હોસે ?

મોટે ઘેરના માયજી-ગરીબોને નાંખ એટલાં વાસ્તે આપેલું છે કે તે લોકો સુંઘે ને વાસ લે, પણ આપરાં જેવાં મોટા પૈસાવાલાઓને નાંખ એટલા વાસ્તે આપેલું છે કે ગરીબો તરફ ધીક્કાર નાંખીને આપરે નાંખ ઉપર માંખ નહીં બેસવા દઇએ.

——:o:——



ગુડ આઇડીયા!

દોસુ ડમ્બેલ ડીસ પેપટીક મુવોછે. ડાકટરે તેને રોજ પપ-રડા જેવી પેપસીનની ગોળીઓ ગળવા ફરમાવીછે. હવે દોસુ અભાગ્યાથી ગોળી સેહલાઇથી ગળાતીજ નથી. ઘણી અછાડ પછાડ કરે છે પણ ગળે ઉતરતી નથી.

પણ તેણે હવે એક નવી તાલ શોધી કાઢ્ઢી છે. તે આય અમ ઇઝીચેરપર બેસે છે અને તેની બપ્પરી આય આમ ગોળી તેનાં ગળામાં ટપકાવે છે. ડોસુ કહે છે કે " મારી બચ-ડીનું નાક જોતાંજ મને ખું કરીને હસ્વુ આવી જાય છે. અને તે સમેન ગોળીઓ ગળાંમાં ગટ દેતી કે ઉતરી પડે છે."



મોટર ગાડી અને મોટર ડાચાંઓ વચ્ચેનો સબંધ જોવો છે?

આ જુવો!

બઈરાંઓની લાજીક!

નવું વરસ નજદીક આવી લાગ્યું હતું અને શેહેરૂએ પોતાના વાહલા ધણી અદી પાસે એક નવી રેસમી સાડીએ કબુલાત કરાવી હતી. વાત હવે સાડી કેવા રંગની લેવી તે પર આવીને અટકી. શેહેરૂને બહુ રંગની સાડી ઘણી પસંદ હતી, પણ પોતાના ધણીના પુછ્યા વગર અને તેનો વીચાર લીધા વગર લેવા ગમતી હતી નહી. એક દાહડો જ્યારે તે પોતાની ડેસ્ક આગલ બેસીને કાંઇ લખતો હતો ત્યારે શેહેરૂએ વાત છોડી.

"ડીયર ચાલોની, ફુરસુદ હોયતો કાપડીયાની દુકાને સારી લેવા જઈએ."

"હા, ડારલીંગ, આજે મને ફુરસુદબી છે તે સાંજે ફરવા જતી વખતે લેતાં આવશું."

"પણ— તમુને કેવા રંગની સારી ગમેછ—અદી?"

"મને? દીકરા, તારે ગમે તે કલરની લેજેની—મને બધું સરખું છે—"

"નહીં ડીયર, તમુને જે ગમે તે વરી મને બી ગમે— અં કહોની અદી, ડીયર, તમુને કીયો રંગ સઉથી વધારે ગમે?"

"બા, મને બધાજ રંગ ગમેછ."

"નહી ડીયર એમ નહીં. બસ મને કહો! તમુને સઉથી

કેવો રંગ વધારે પસંદ છે? મારા સમ–મને કહો, અદી, હું આજે બસ તમુને ગમતોજ કલર લેવા માગુછ!"

અદીએ કંટાળીને પોતાના લખવામાંથી ઘક કહાડીને શેહરૂ ગમ જોયું—

"વારૂં ચાલ તાહરે–પીંક કલર લેજે!"

"પીંક? મરેરે મારૂંબી શું નસીબ છે! જો હું એવું-જ જાનતે તો ગીયે વરસે હું પીંક રંગની સાડી નહી લેતે. અદી, એકજ રંગની બે સાડીઓ થઇ જાય તો લોકો શું જાને કે આય નવી લીધેલી છે?"

"હવે તું મને લખવા દેછ કે નહીં—જા, લાઇટ બ્લુ રંગની લે."

"મને બી લાઇટ બ્લુ રંગ ઘણોજ ગમેછ! પણ અદીબા, તે આય આપરા ડાંઇનીંગ રૂમનોબી રંગ બધો તદન એવોજ છે ને મુવાં લોકો શું સમજશે કે કોણ જાણે કંઇ સાડીબી એજ રંગમાં બોરી દીધેલી કે? બીજો કંઇ રંગ?"

"તેરે હવે એનેથી ઉતરતો તો લાલ નહી તો કે પીલો છે.—શું માથું ખાયછ જો આજે, શેહરાં?"

"હા, લાલબી મજેનો છે પણ બા એતો ઘણોજ ગોડી લાગશે--ને મને તો એવા રંગની સાડી પેહેરતાંબી સરમ લાગે- એમ શું કરોછ જો, અદી?"

અદીએ ખરે મને બેજાર થઇને મ્હોં કુમળાવ્યું—

"શેહરાં કામની વખતે તું મને એમ કંટાળો ના આપ.

મેં તુને કેહયું કેની કે સારીના કલરના બાબમાં હું તદન ઇનડીફરન્ટ છેઉ. જા તારે પસંદ પરે તે લેજે—હવે ડોન્ટ બોધર મી!"

"નહી—અદી—જો વરી! મને કેહો બસ. તમુને ગમ-તોજ રંગ હું લેવા માગુંછ. તમુને ખરેખર કીયો રંગ ગમે? મને કેહો તે બસ કેહો—"

અદીથી હવે હસી પડાયું—

"અરે તારૂં ભલું થાય! હવે બીજા કીયા રંગો બાકી રહેયા? જો શહેરૂ—મારૂ માને તો તદન સફેદ રંગની લે; તે તારાં મોહનાપર ઘણીજ સોભશે."

"હા મનેબી એવી ઘએજ ગમેછ." પણ અદી——"

"વરી શું થયું?"

"ડીયર—તમેબી કંઇ બરીયા એકેકા એવા રંગ બોલોછ! સફેદ તો એક બે વખતમાંજ તદન મુઇ મેલી થઇ જશે ને ધોવા મોકલવી પરશે."

"ઉહુંહુંહુંહું! આય બી કંઇ બૈરી છે! પણ તાહરે હવે શું કહેછ? વાહીટ ક્રીમ લેજે—જાની પીરા કહારની?"

"હા, ડીયર, પણ તેબી વરી સફેદ જેવોજ."

"એને થાનેબી જરા વધારે ઘેરી લે."

"શું, ડીયર, તમે બફ કેહેવા માંગોછ?"

"હા, બફ લે—ચાલ માથું ના ખા!"

"ચાલો ડીયર, ત્યારે તો તમુને બફ રંગનીજ સાડી ગમેછ તો તેજ લેઇશું!"

—o—

માસીકચોપાન્યા "ઘમસાણ"ના એડીટર માટેનું એક કાગળ.

કુંછુક નજરચુકથી મારાં ઘરને સરનામે મલી આવેલું.

(ખંબાતસી લખી મોકલનાર-વોહુરા હકીમજી બદ્રુઅલી જરીપુરાણાવાળા.)

ઓ એડીટાચાર્યજી—નામી તું નર,
ને જાણીતાં માસીકના તંત્રી બાહોસ;
ગરીબ આ ઘીરાકપર દયા કંઇ કર,
ને તવલતા વાંચકનો જાણી લે જોસ.
હું સુલેમાંન સાટકો—છું ખંબાતનો રહીસ,
જુંફ્તી મુંજ જીંદગીમાં વાત છે દીગર;
હા—દુખો સઘલાં હું હીંમતસી સહીસ,
પણ-ચોપાનીયાં ટારાં વીન જલેસ જીગર.

બસ અસહય આતુરતાસી મારૂં છું આહ—
ને પીત્તો મારો ખુબ આવેસ ઉછલી;
એક પોસમીનની જોતા રોજ સહવારે રાહ—
લોહી આવેસ બીંદાનું તમામ ઉકલી.
ઉડાસી ને ગુસ્સો નહીં થતો તામોસ,
જાયછ ધંધામાં ખોટ—ટારી ઉલટ વગર;
લોહીનો હું ગોટ ગલી બનુંસ ખામોસ,
બસ-ચોપાન્યાં ટારાં વીન જલેસ જીગર.

ચાલુ વાત વાંચુસ—હું ચીપી ચીપી,
મુંજ ઘેરનાં બુજીબી બનેસ બીહોશ;
શું વાર્તાની જીમક—ને ભાખા લીપી!
શું વાકયની રચના-શું પીલાટનો જોશ?
બસ--ચોપાન્યાં માટે હું રહુંસ ટીંગઇ,
મને--રાત ને ડાહરો છે ઇનીજ ટગર;
(થાયસ મરડો એકદમ--જાયસ ગલુંજ સુકઇ,)
હા—ચોપાન્યાં ટાગં વીન જલેશ જીગર.

વખાંણુંસ તારી હું ટપાલ કલમ,
બસ વાંચુંસ ને વાંચુંસ કે ઉપજેસ હરખ;
નથી ટારા સરખો કોઇ લખનાર જાલમ,
કે નથી હું સમ કોઇ કલમ કરક!
તું માનેસ મારાં કાગલનો કેવો ઉપકાર;
(ભલે આઠ પેજ રોકાય નહીં રાખતો ફકર)!
એ વાહલાં મુજ 'ધમસાન' ને લાગેસ જો વાર.
ટો!-ચોપાન્યાં ટારાં વીન જલેસ જીગર.

કરૂંસ આય કાગલ હું અત્રે ખતમ,
સીફારસના લીખજે જરૂર બે બોલ;
જો કે ભરૂંસ અત્રે હું અફસોસનો દમ,
ને છાતી પર આગની ઉઠેછે સોલ.
"હમારા ટ(મ)પાલમાં લીખજે જરૂર,
ને "હમારા લીખનાર" માટે લીખજે ખબર;
આ લખેલું મારૂં નથી રાસ્તીથી દુર,
કે ચોપાન્યાં ટારાં વીન જલેસ જીગર.

શું તમારી ધણીયાણી ટકટકખોરી છે?

એક અપીલ અને તેના ત્રણ જવાબો!

બેજુ બાયલો મને ઉત્સાહ વધારીને લખે છેઃ—

"ઓ પીજામ! મારી હાથની ધરતી બડી ટકટક ખોરી છે. એને મોંહને કંઈ ટાહી છે-કંઈ ટાહી છે-કે બસ નહીં હું તો જીંદગીથી બેજાર થયોછ મારૂં તો બેજુંબી હવે એના ચાલુ પટપટરાથી પોચ્યું પડવા માંડ્યુંછ. શું કરૂં? સહવારના ખાતાં-નાહતાં-રાતે ઉંઘતાંબી રાન બકબકારો કર્યાજ કરેછ. મારી દયા-ખા. અને આ એક ઓજરખવાહી ભરી અપીલ ધ્યાનમાં લઈ મને કંઈ રસ્તો બતાવ, દોસ્ત."

મારો જવાબ

હાઆચ્યા આ, દોસ્ત બાયલા! આ પણી પાસે ઉપાયો ક્યાં કમતી છે? ભીખાજી ભાખરાની સાથ લાંબી કનસલટેશનમાં કરવા પછી મેં ત્રણ ઇલાજો તારા જેવા કમનસીબ માણસો માટે ચુંટી કાહડ્યા છે!

લે—જો—આ પહેલો ઇલાજ! એનો મથાલેનો "સ્ક્રુ" જેટલો-માંગો તેટલો ઢીલો-ટાઇટ થઈ શકે છે જો!



(વધુ માટે જુઓ પાસેનો સફો)

શું તમારી ધણીયાણી ટકટકખોરી છે! (ચાલુ)

અને જો બેરાદર બાયલા—મેં સુચવેલો પહેલો નુસખાઓ જો અકારત જાય તો પછી—જરાક એક આ ખતરા દાખલ



આય ઇલાજ આ જમાવી જોજે કદાપી કુકો લાગી જશે— પણ જો તેથી મચક નહીં આપે તો —!



તો—તો—વેલ—પછી આ ત્રીજા ઉપાય વગર છુટકોનથી

આજે તો અક્કલની કીમત છે બા!

એદલ ઓટારી નખોદ ગયો છે તો અસ્તો ૧૭ બળેવનો-પણ મોંહડે લગરીક પીપયું હમણાથીજ લાગ્યું છે. પણ તેમાં એનો કસુર નહીં. એના મમાવા એક મોટા દારૂના વેપારી છે-એટલે એદલના (મહોડાં)માં એ લાઇનની ઝેન ઉતરી છે. રહયાં સહયાં એદલજીબાના ઘરડાં મમાઇબી બડાં લહેરી માણી મુવેલાં છે. આતવારે જયારેબી એદલ દીકરો મમઇજીને મલવા જાય ત્યારે તેને કંઇનો કંઇ ટમપાલ ચઢાવવાની જોગવાઇ કરી આપે. કોઇ દહાડા બીર તો કોઇ દહાડો કલારટ તો કોઇ દહાડો પોટવાઇન!

પણ મુવાં મમઇજી જયારેબી બીર આપી મરે ત્યારે એદુને હંમેશ કેહ કે "ગરધીયા—હું તુને બસ એક ટમલરથી કબ્બી કબ્બી વધારે આપવાની નથી. એક ટીપુબી વધારે નહી—તારે જોઇએ તેટલા કાલાવાલા કર."



પણ એદુ કાલાવાલા શું કામ કરે? તેનું ભેજું દારૂ પીપીને ફૂલ દરૂપ બનેલું હતું. એક રવીવારે પોતાનું એક ટમલર લઇને મમાઇને ઘર ગયો. બપોરના મમાઇજીએ બીર કહાડયો કે એદુબી ટમલર ધરીને બેઠો.

(વધુ માટે જુઓ પાસેનો સફો.)

આજે તો અક્કલની કીંમત છે બા! (ચાલુ)



ત્રણેક બાટલા ખલાસ થયા પણ એદુનું ટમલર ભરાયજ નહી! આખરે જ્યારે "ટમલર" ઉપર વેર ભરાયું ત્યારેજ મમદુએ જાણ્યું કે હરવાયો દુકતો સકસ્તે સેહતાનની ઓલાદનો છે!!"

એક જાદુગર પોતાના હાથ ચાલાકીના ખેલ કરી બતાવતો હતો. "બાનુઓ અને ગ્રહસ્થો," તે તખ્તા પર મુકેલી એક કબાટ બતાવીને બોલ્યો, "તમોમાંથી કોઇબી બાનુને હું અરજ કરૂંછ કે સ્ટેજ પર આવવું અને આએ કબાટમાં ઉભું રેહવું. હું તે કબાટ બંધ કરશ ને પાંચ મીનીટ પછી ઉઘારશ તો તે બાનુ અંદરથી ગેપ થયલી જણાશે."

આગળીજ સીટમાં બેઠેલા કુંવરજી પોતાની ધણીયાણી કુમી કલાંટને કાનમાં કહેવા લાગ્યા "જા—જા—કુમી, જા તો, જઇને પેલી કબાટમાં ઉભી રહે. જો, કેવી મજાહ પડશે!"

પરણેલો સંસાર સુખી કેમ બનાવવો?

—:o:—

લગન એક નીશફળતા નથીજ—નથીજ—નથીજ!!!

એક સુખી પરણેલાં જોડાંનો મેળવેલો ઈલેસ્ટ્રેટેડ ઈનટરવ્યુ—સ્પેશીયલ ફોટો સ્ટડીઝ સાથે.

લગન એક નીશફળતા છે કે ફતેહ! આ સવાલ કોઈ પરાયેક વખત અત્યાર આગમચનો ચુંહાઈ, ચપડાઈ, મરડાઈ, મોરાઈને કુમારાઓના મુખમાંથી પુછવામાં આવ્યો હશે.

કોઈ કાંઈ ખાત્રીપુર્વક જવાબ આપતું નથી. લ્યો, હવે આજે તેનો સેવટનો જવાબ આપું છું. આ ઈતીહાસીક પેચ વણ સવાલનો મીસીસ બીખાજી બાબરબુંનએ આગે છેલ્લાં ચાલીસ ચાલીસ વર્ષો થયાં પુખ્ત અભ્યાસ કર્યો છે તેવણ પોતાના લાંબા અનુભવ અને બારીક ઉંડા અવલોકન પછી એ સવાલ બાબે હવે કાંઈ ચોકકસ સેવટનાં અનુમાન પર આવ્યાં છે.

મેં એ જાણીતાં સુખવાસી સંપીલા જોડાનો સ્પેશીયલ ઈનટરવ્યુ કેમેરા સાથેજ લીધો છે. મીસીસ બીખાજીનો અભીપ્રાય તેવણનાજ શબ્દોમાં નીચે રજુ કરૂં છું.

મીસીસ બીખાજીનું કહેવું એવું છે કે "એક પરણેલા સંસાર ને સુખી કરવો એ એક સ્ત્રીની મીઠી જબાન પર અને તેણીના નાજુક પ્યારા હાથો પર મોટો આધાર રાખે છે.

પરણેલો સંસાર સુખી કેમ બનાવવો? (ચાલુ)





તણુના પાયા વાલા હાથો બસ હંમેશ એક વાહલી ધણીયાણીની ફરજને માં રોકાયલાજ રહેવાજ જોઇયે છે. જે સ્ત્રી પોતાના હાથો ઉપર એટલી બસ રૂત મેળવી શકે તેનો સંસાર સુખી નીવડેલોજ જોઇયે.

બહારીનો પડતો બોજ એક ધણી ઉપાડી લેતાં જો શીખ્યો તો લગન કોઈ દાહડે નીશફળ નવયજ નહીં. અલબત ધણીનાં માથાંપર એ તનો જોખમદારી હલાવવાનું કામ એક સ્ત્રીનુંજ છે.

બંદાને નડેલો " છાપાનો ભુત!"

——:o:——

ફરીથી ડાહેલો થાઉં તો મારીપર લ્યાનત પડે!

ખુદાના બંદા હોવો તો માનજો કે તમારા સેવકનાં ભેજાંમાં સતર ખાંડીની રાઇ હતી. ભુત પલીદની કોઇ જરા બી વાત કરે કે હું તો ખડખડાટ હસી પડું અને બધી વાતને 'હંબગ'ની ઉપમા આપી એવા "વેહમ" રાખનારાં ઓની ખુબ મશકેરી કરૂં.

પણ, બાપુ, એક દહાડો મારીબી ખાતરી થઇ,—એવી થઇ કે પછી પતરાજી બતરાજી અવળીજ નીકળી ગઇ! તમે પોતેબી કદાચ હમણાં ભુતની હસ્તી માનતા નહીં હશો—પણ આપણે તો હવે એ બાબદમાં વધારે ડાહયા થઇ ગયા છીએ. અરે સુનો મેરે યારો, ગેઈ પતેતીપર એક ભુતે મને આબાદ ઘેર્યો—ભુત, જેવો કહેછ તેવો ભુત!—તમારા સમ!

હજી મોઢાંમાં દુધ્યો દાંતબી બરાબર ફુટેલા નહીં તેટ લાંમાંથીજ ભેજાંમાં ભુત ડાકણના ભવાટા ભરાયલા અને મોટો માટીડો થયો ત્યાં સુધી એવાં એવાં નાનસન્સની કાંઈ દસેક હજાર યાત સાંભળી યા વાંચી હશે! હે જીવ, ચંદની રાતની બીહાબાન ઘમઘોર ચુપકેદી વચ્ચે કબ્રસ્તાનની ભયાનક કબરો તળે કોહી સડી જતાં હાડકાંનો પેલો ડરામણો નીઘેહબાન—પેલો સફેદ બરફવાળા આકારનો ભુત!—પેલો રાતવંશી કેડાર ઉજળો ઓળો!—મેં કેટલીકવાર ખાવાની ટેબલપર, કલબમાં, ચોપ વાર્તામાં જેયો, સાંભળ્યો, વાંચ્યો હશે!! પ્રાચીન ખંડીયરો અને

એકાંત દેહશત ઉપજાવે એવાં ખાલી જુનાં મકાનોનાં ભોંય રાંમાં ભરાઇને રાતે બારને ટકોરે એમથી તેમ ચાલતા સફેદ પડછાયા-ભેદી રીતે કરરર કરરર કરતી કબાટ તથા દાદરો-પોતાની મેળે કાંઇ ભયભીત અસરથી અફળાતાં બારી બારણાંઓ-વીશે મેં અહીં તહીં અને સઘળે કેટલું જાણ્યું સુન્યું હશે!

પણ તમો સાહેબને કેહું જે ગેઇ પતેતીને દહાડે મારી ચમાર બાગ કલબમાં રાતે તાડી ઉંબરીયાં સાથનું ખાણું જો ભરીને આવ્યા પછી જે અનુભવ સેવકને મળ્યો તેથી હવે આપણે ઘીલાઘચ થઇ ગીયા છીએ. હા બા-હવે આપણે અગાઉની માફક ભુતની વાત નીકળતાંજ ફાટેલાં ચીભડાંની પેઠે ડાચું ઉઘાડીને હસ્તા નથી. નારે બાવાજાન, ભુતની હસ્તી એ ખરેખર શું ચીજ છે તેનો બંદાને સવાદ મળી ગીયો છે. જોવો, સાભળો;

તે દહાડે ચઢાઉ તાડી સંગાતે સુકકા બુમલાનો પાટીયો, પરેઠા, ઉંબરીયું, ભુંજેલી કલેજી, ભજીયાં ચટણી—વાહ, હજુર મોંહડાંમાં બટાકો રહી ગયો છે. બધું પારસીસહી તીખું ને તમતમતું ને તેમાં વળી ગરમ ચહડાઉ તાડીના ઘડીયાં ઉપર ખુબ ધમાલ હતી. ખાતાં ખાતાં સત્યાનાશ ગીયાઓ તો ટેબલપર ભુતની વાત કાહડી બેઠા. એક જણે ઘણીજ ખાત્રીથી અને ગંભીરાઇથી પોતાનો અંગત અનુભવ કહયો કે એક ચાંદની રાતે તેણે નજરેનજર રાતનાં દસ સાડાદસ વાગતાને સુમારે સીવરીનાં કબ્રસ્તાનમાં એક ભુતને જોયો! મારો આ ફ્રેન્ડ સોલી સંતોક એજ લત્તાપર રહેનારો હતો

અને તે રાતે ઉંઘ નહીં આવવાથી—તેમજ જરા ફીલસુફી પ્રકૃતીનો પોતે હોવાથી—તે કમબખ્ત ચાલતો કબ્રસ્તાનમાં લટાર મારવા ગયો હતો! બસ તે ગયો—જોયું—ધ્રુજયો—ને પાછો આવ્યો! આંખ આગળથી ઝંપ દેતો કોઇ ચાદર ઓઢેલો જેવો હવાઇ માણસનો આકાર પસાર થઇ ગયો! હી—હી—હા હાઆઆ! હું અને થોડાક મશ્કરા જેવા ઓડાનીઓ તે ફ્રેન્ડની ગમે તેવાબી ખાત્રીપુર્વક ગંભીરાઇ ઉપર કોરા કાહડવા પડ્યા.

"લે. સોલ્યા. લે જરા ઉંચેથી બીજી ટાંસ લે-બધી ભુતને ભુતની ધુંઇ હમણા ઉડી જશે," મેં કહ્યું.

પણ નહીં. સેલીને ટેકો આપનાર ચાર પાંચ જણા પરેલ તરફ રહેનારા અમારા દોસ્તો નીકળી આવ્યા. ખરે મનથી તેઓએબા જણાવ્યું કે, "સીવરી સીમાટરી"નો ભુતતો બધે જાણીતો છે અને ઘણા લોકોએ નજરે-નજર જોયો છે.

વાત રસપર ચઢી જેમ જેમ હું ને બીજાઓ એ વાત માનવા ના પાડીએ તેમ તેમ પેલાઓ ટેબલપર મુક્કા ઠોકીને એ ભુતની હસ્તી વીશે પોતાની ખાત્રી જાહેર કરે.

"એઇ, તું એમ ઘણી લાહેરી કરેછ તો એક દહાડો તું પોતેજ જઇને જોઇ ખાત્રી કરતો કાંય નહીં?" સેલીએ ચીરડાઇને મને કહ્યું.

"હા-હા-આજેજ જા," ફરામે સેલીને ઉંચકી આપ્યો.

"ખરેખર પીજામ, તું વરી છેકજ ચોખો થાયછ તારે આજેજ રાતનાં તાંહ જા—તો તારી હુશીયારી જાણું," ત્રીજાએ મને તાણો માર્યો.

ઓગાડી! દાદરો બળો એ લોકનો! ખાધેલાં પીવેલાં પેટપર સાવરીના કબરસ્તાનમાં ક્યાં જાઉં? મારી આનાકાની જોઇને સઘળા પક્ષવાળા તો મારી ઉપર ઉલટીજ પડ્યા.

"હમ્બગ્યો કાવર્ડ! મોહનથી તારે ફેં ફેં ટરી જાણીયું? તારી ખાત્રીજ હોય કે રાતે સાવરીના કબરસ્તાનમાં ભુત નથી આવતો તો તાંહ જઇને સલામત પાછો આવી અમારીઓ ખાત્રી કર, પછી જાણએ."

મને ઘણી મરજી થઇ કે અખતરો અજમાવી એ નાપા કોની તાણ જરા નરમ પાડું. પણ પેટ એવું ડલ થઇ ગયલું ને તાડીનો મસ્તીમથી જગ તકરારની ગરમીમાં વધારે લેવાઇ ગયેલો—એટલે ઘેર જઇને ઘોંટા જવા જીવ ઘરીયો ખાટલો થતો હતો. "જોઇશું, બીજી વખત જોઇશું!" એમ વાત ઉડાવીને આપણેતો વીકટોરીયામાં બેસી ઘેર પોંહચ્યા

ઘેર પોંહચી કપડાં બદલી નાખી—હું મારી કુરસીન વીનાનાં બીછાનાપર ઢગલો થઇને પડ્યો. પેટનો જાણે ફુગા થતું હોય! હીચોડીય દાબીને ખધું હતું ઓ તેનુંજ અચડ કચડ-ન-ને-ટાળટામાં તાડી સથ ભુમલા ને ઉબરીયાની બેતમ બેલ અજબ રંગત ઉડાવતી હતી. હું એમથી તમ ભારી પેટે ઠાર મરડતો પડ્યો—પણ-

* * * *

નહીં—બસ નહીં! એ ચંડાળો એમ ફાવી જાય કે!

મને એકાએક વારૂ આવ્યું. એનું સત્યાનાશ જાય એ ભુતનું! લાવ જોઉં એવો તે કોણ હવાઇ અકાર કુવે છે?

મારી ઝટાક ને હું ઉઠયો. તડાકામાં કપડાં આંગપર લટકાવી ધડાકા સમેત ઘેરની બાહેર પડયો. પેલી મારી વીકટોરીયા બાહેરજ તઇયાર ઉભેલી હતી. તેમાં ઝોંકાવી સીત્તરી તરફ યાહોમ હંકરાવ્યું. ચંદનો પુર તેજમાં હતી.

સીત્તરીનું કબરસ્તાન કેમ આવી પુગ્યું તેબી જણાયું નહીં. ગાડીને રૂખસદ આપી હું હીમતથી સેહેજ મુછમાં હસતો ને તદન શાંત હોવાનો દેખાવ કરતો અંદર દાખલ થયો. (હા બા, જઅઅરા સેહેજ ટાંટીયાનાં ટાંકા ઢીલા હતા—નકામું જુઠું શું કામ બોલીયે ?)

ચુપકીદી ! આહ–ભયાનક સીહા ચુપચાપ ચોમેર હતું. કાળું કુતરુંબી આસપાસ મળે નહીં–માત્ર ચાંદના પ્રકાશ તળે સફેદ ઘોરો જાણે એટલાંજ સફેદ મુડદાંઓ હોય તેમ સ્થીર ઉભી હતી. ઝાડનું એક પાંદડુંબી હીલે નહીં–એવું સઘળું સમશાન હતું.

તોબી હું ચલ્યો–અને દર બબે મીનીટે મારી પછવાડે જોવા માંડયું. ધીમે ભારી કદમે હું આગળ વધતો પાણીનાં એક મોટાં ખાબોચીયાંની અડોઅડ આવ્યો અને તેની રૂપેરી સપાટીને ટગર ટગર ટીકતો પુતળાંની કાની ઉભો.

ઓ તે દેખાવ ! હું તે જીનહાર ભુલીશ નહીં—જાણે ગઇ કાલેજ બન્યો તેમ તે મારાં મગજમાં તાજો છે. પાણીનાં મોટાં ખાબોચયાંની આસપાસ ચાલવાનું મેં સરૂ કર્યું. મારી આંખ્યો પાણી પરજ ઠરેલી હતી. ચાર પાંચ ડગલાં હું ચાલ્યો કે એકાએક આંચકો ખાઇ હું જરા પાછળ હઠી ગયો. ઓ

મારા ખુદા! એ મેં શું જોયું? શું હું દીવાનો થઇ ગયો હતો કે ખરેખર ભસ્તામાં ઉતરી પડયો હતો?

મારી ચશમો સામેનાં ખાબોચયાંનો રંગ લાલ લોહી મીસાલ થયલો હતો! યા પરવર—લોહીનુંજ તે એક કંપારી છુટે એવું ખાબોચયું હતું.

લોહી—લોહી! ઓ, મારાં બદનમાં ધારતીનું લખલખું ભરાઇ આવ્યું. હાથ અને પગ આઇસ જેવા ઠંડા થઇ ગયા. ત્યાંથી ચાલી જવાનો મેં કસદ કર્યો, પણ મારા બંને પગો લાકડાં જેવા જડ થઇ ગયલા હતા.

આંખ્યો ફાડીને હું ફીકકાં ફચ મહોડાં સાથ ખુનના આ ખાબોચયાં ગમ જોતો હતો તેટલાં—મારા દાદાર! નકકી કોઇ નાપાક સેહતાન મને દેવસ્થાનમાં ઘસી ગયો હતો. મેં બરાબર જોયું કે લોહીનો તે નાનો તલાવ ધીમે ધીમે ઓસરી જઇ છેક ઉંડાણ સુધી ખાલી થઇ જતો હતો. હુજી તો હું વીચારબી કરી શકુ તે અગાઉ તે ખાબોચયું એક બહુજ ઉંડા ખાડામાં બદલાઇ ગયું. અંધારેગાર તે બની ગયો--છેક, છેક ઉંડો તે ખાડો હતો—તળીઉં દેખાતુંજ નહીં હતું.

અરે દયાના અમશાસપંદો! મારાં પગ આગળ આમ પડેલાં આ જીવતાં દુન્યાઇ સાંકડાં દોજખને હરણફાર થઇ ની હાળનો હું વાયોલીનની સ્ત્રીંગ પેરે ઠઠરવા લાગયો. એક ઇંચ બી તે જગયાથી ખીસવાની મારી શકતી જતીજ રહી. તે સીહા કાળા ગાર ઉપરથી નજર ખીસાડવાનેબી હું અશકત હતો!

ખચીત કાંઇ દોજખી કરામતથી હું એક દેવસ્થાનમાં સપડાયો હતો એવી મારી પકકી ખાતરી થઇ.

ભુત પલીતની વાતને મેં એટલી હસી કાહડ્યા કરી હતી તે વાસ્તે હવે મને શરમ અને પસતાવો ઉપજ્યો. મેં ધારી ધારીને તે જાદુઇ ખાડામાં જોયું—જોયું—ઓ શું જોયું?—ના પુછો, અરે ના પુછો!

મેં ત્યાં અધ્ધર તરતાં આય બધું જોયું. સમશેરના આકારની ભાગેલી કલમો ને લાલ સાહીથી ખરડાયલા સાહીના ફુટેલા ખડીઆ; છાપવાનો મસ મોટો મશીન ઉંધો પડેલો; મારા દસ્કતથી લખાયલાં કાગળોના ચોડા; સેક્રેટરીઓની નોટીસોના ઢગલાબંધ ચીંદરાં; વીખરાઇને હવામાં તરતા સીસાંના ટાઇપો, જામેલી જુની ફાઇલો! અને આ ધમસાણમાં જેઓને મેં કલમના જોરે ખુન પડાવેલાં તેઓના બીહામણાં છુટાં લોહીઆર ડોકાં મારી ગમ દાંત કાહડીને ખવીસોની માફક હુરકતા—આહ! સાંપ ને વીંછુ ને કાનખજુરા ને સુસવાટના ભયાનક સર્પસ્થાન વચ્ચે ભાંગેલા બેટ ને પાનાના કાર્ડસ, ચોપટના રંગબેરંગ ઉડી ગયલા સોગટાંને બીલાયર્ડના બોલ! બધું—બધું—બીવડાવનારની માફક તેજ શેતાનીયત ભર્યા ખાડાને છેક નીચે જાણે ચકરડી ભમરડા માફક ગોળ ફરતું!!

મને ફેર આવી ગયા. મોહડાંપરથી ટીપે ટીપું લોહી ઉડી ગયું. એક જીગર તુટી જાય એવો નીસાસો નાખી મેં મોહડું ફેરવી નાખ્યું—ફેરવ્યું—પણ આ! મદદ! મદદ!!—

મારા અત્યંત ગભરાટ અને અકળાટ વચ્ચે મેં પેહેલી વાર જાણ્યું કે ત્યાં હું કાંઇ એકલોજ ઉભેલો નહીં હતો.

મારા જમણા હાથ ઉપર છએક ફીટને છેટે એક મસ મોટાં કદનો હવાઇ માણુસાઇ આકાર અદબ વાળીને મારી તરફ એકડી ટગરે જોતો સ્થીર ઉભો હતો! પગ સુધીનો લાંબો ઝભ્મો હતો-રંગ, સફેદ નહીં પણ ગોલાબી!! મેં જોયું કે તેની ઉપર બહુજ ઝીણી તરાંહ હતી. એક બુમ પાડીને હું બે ડગલાં પાછળ હટ્યો. તે સાથુંજ ધીમા કદમે મારી નજદીક આવ્યો. ત્યારેજ મેં જોયું કે તેણે 'જામે જમશેદ'ના છાપેલા સફાઓ એકમેક સાથ સીવીને કાગજનો પણ હવાઇ-ઝભ્મો પેહર્યો હતો. કાનમાં જબરદસ્ત મોટી સફેદ સુખડપેન હતી—આંખને બદલે બે મોટાં કાળાં સાહીના ડપકાં હતાં એક હાથમાં 'લાઇબલ એકટ'ની જબરદસ્ત ચોપડી હતી!

'કોણ?' જેમ તેમ મારાં ગળાંમાંથી ધીમો ગગળતો સાદ નીકળ્યો.

"હું?—હું **છાપાનો ભુત!**" તેણે મોટા ગગડાટ સાથ બાંગ મારી, અને તે સાથ ખડામાંથી વીસ પચ્ચીસ મોટા પ્રીનટીંગ મશીનો એકકા વેગા સાથે દોડવાનો ગોંગાટ મારા કાનના બેહર ફાડી નાખવા લાગ્યો

"ઓ બાપરે!" મારાથી ચાસ પડાઇ ગઇ.

"કેમ? હવે ધ્રુજી કમ મરેછ?" પેલા ભુતે દોજખી અવાજેજ પુછ્યું, "હવે ભુતને નામે હસતો નહી કે?"

"માફ—માફ!!"

"માફ?" તે ભુતડાનો ભયંકાર પોકાર નીકળ્યો. "જરા જરામાં લાઇબલો કરી માફ માંગતાં તો મનેબી આવડેછ. પણ

તારાં લખાણથી કેટલા જણને તેં હેરાન કીધાંછ, હેં!"

"એ દયા—દયા કરો——"

"ચુપ હરામખોર! હવે દયાનો વખત વહી ગીયો. મારા સપાટામાંથી તું બચવાનો છે કેમ?"

ચાઆઆલો! મેં જોયું કે મારૂં હવે આવી બન્યું! અરે કયાંને કયાં હું સીવરી આવ્યો! વધુ અવાજ મારાં દબાઇ ગયલાં ગળાંમાંજ અટકી બેઠો. તે ભુતની કાળી આંખ્યો માંથી હવે આતશના ભભુકા નીકળતા હતા.

એકજ પળ-બસ એકજ—અને તેણે ઝટ મારાં આગ ઉપર આવીને આતશ જેવા ધકધકતા જમણા હાથે મને જોરથી ગરદનમાંથી પકડયો. હું તો ધાસ્તીને મારે અધમુવો થઇ ગયો હતો—મેં જીવવાની આશા છોડી-પણ તોયે મરવા કોણને ગમે? મેં તેના જાલમ કબજા તળે એક ડોકું કાપેલી મરઘીની માફક તરફડયાં માર્યાં, અને છાતી ફાટી જાય એવાં જોરથી ચીસાચીસ પાડી. પણ વ્યર્થ-પેલાએ એકજ હાથે મને હવામાં ઉંચકયો.

"મુગો મર! તારૂં હવે આવી બન્યું છ. જે જે માણસોને તેં હેરાનગતીના ગારમાં તારી કલમે હોમાવ્યાં તેજ ગારમાં જા તું પોતે!"

આમ બોલવા સાથ મારી ગરદન ઉપરનો પંજો તેણે બહુજ ચીપટાવી નાખ્યો, અને એક ઝટાક મારી મને પેલા બીહામણા તળીઆં વીનાના દોજખી ઉંડાણમાં હોમાવી દીધો. નીરાશીની એક ચાલુ ચીસ સાથ હું નીચે અંધકારમાં ગબડયો-ગબડયો-બસ ગબડયાજ કર્યો. મારી ડોકી, માથું, મોહડું, હાથ, પગ, દીલ સઘળું તે ખાડામાંના ધમસાનો સાથ અઠડાઇ

અફળાઇને લચકાઇ મોરાઇ ભાંગી છુંદાઇ ગયું. મારાં આંતરડાં હોજરાં તુટી જવા લાગ્યાં,-આખરે તળયું નજદીક આવતું દેખાયું—ને—

ધમ્મમ!

"ઓ! ઓઓઓ!!" મેં હાંફતાં હાંફતાં બુમ પાડીને ઉપર જોયું.

મારો ભાઇ વાંકો વળીને મને જોતો હતો.

* * *

"કેમ-શું થયું?" તેણે પુછ્યું.

"ઓ મરી ગીયો! બાપરે મારા! ભુત-છાપાનો ભુત!" મેં કાંસીને જવાબ દીધો.

"અરે ઉઠ-ઉઠ! ઢોલ્યાપરથી તું ગબરીને ભોંયપર પરી ગીયોછ!"

"હેં!"

"હા—જરા ક્લબમાં તાડી થોડી પીયે કેની? ચાલ ઉઠી જા, સરદી લાગશે!"

ભોય ઉપરથી હું ઉઠી ઉભો થયો. મારો ભાઇ તો સતો થઇને મારાં મોહડાંપરજ હસવા લાગ્યો.

"અરે પણ હું સીવરી—મકું જે અહીં સુતેલો ઉતો કે?" મેં આંખ ચોળતાં પુછ્યું.

"હા-સ્વપનામાં સીવરી ગીયો હોશે. ચાલ મુગો મુગો હવે ઉંઘઇ જા. કોઇ ભુતબી નથી ને ડાકણબી નથી."

આપણે તો કોર વારીને આંખપર ટકીયો દાબી ચુપ ચુપ સુઇ ગયા. સત્યાનાસ જાયરે એ ચઢાઉ તાડીનું! પણ તે દહાડેથી, બા, ભુત પલીદની વાત નીકળેછે કે પેટમાં બીલાડાં દોડેછે. હયાનત પડે જો ફરીથી હું ભુત ડાકણની વાત હસી કાહડું તો! નારે બાપા!

બઈરૂં—એક વીચીત્ર પ્રાણી !

"એ એમ કેમ હોશે?"

એ દોસ્તો પોતાની કલબમાં બેસી બેખલા વાત કરે છે. તેઓ બંધે જણાનાં લગન વરસ દહાડાની વાતપર સાથેજ થયાં હતાં.

"કેમ, બચ્ચા ફરામ, આપરે બેઉ જણા ગયે વરસેજ પન્યા—ને તે વખતે એવી ગોઠવણ કીધી'તી કે વરસ દહારો રહીને બેઉ જણે પોતાની નવી જીંદગીનો અનુભવ એકકને કેહવો. કેમ તારી શું અવસ્થા છે?"

"મારો હેવાલ તો નીચે પ્રમાણે છે," ફરામે જરા ઉદાસ દીલે કહયું, "હું પન્યા પછી એકજ બયરીને મારા જીવ જેવી વાહલી ગણતો' તો તે મારી ધણીઆણીજ. દહારે દહારે હું તેણીપર વધારે ને વધારે હેત બતાવવા લાગો, દુનીયાની દરેક મોજ શોખ મેં તેને કરાવી, દરેક મોજ શોખની, ગમે તેવી મોંઘી દાટ ચીજને તેની આગળ ધરી. મારૂં ઘેર તેની મરજીથી મેં દરેક સુખ સગવડ વાળું કીધું. મારી ધણીયાણીના ગમે તેવા મોંઘાદાટ ડ્રેસોનાં બીલો મુંગે મોહડે હસ્તે ચેહરે ચુકવી આંપ્યાં. તેની મરજીના બધા લાડ મેં તેને કરાવવામાં બાકી નહીં રાખ્યા. તેના બધા સીકનેસો વખતે મેં જીવ પટકીને મહેનત કીધી, પણ તોબી મારી બયરી દહારે દહારે મારી તરફ બેદરકાર બનતી ગઇ. હું

મારી ગમે તેવી રોકાણો વચ્ચેબી તેનાં સુખપર ધ્યાન આપવાની કાલજી બતાવતો’તો તોબી તે મારી કંપની કરતાં બાહરની કંપનીમાં વધારે મજાહ લેવા લાગી. મને મુકી ગમે તાંહ એખલી ફરવા લાગી, પણ તોબી મેં તો તેને ને તેનેજ છેલ્લી ઘરી સુધી મારાં હઇયાંમાં જગા આપી! પણ આખરે તે બેમરવત બઇરી મહીના દહારાની વાતપર—”

“મહીના દહારાની વાતપર શું થયું?” ફરામ બોલતાં અચકી ગયાથી તેના દોસ્ત દોરાબે ઇંતેજારીથી પુછ્યું.

“મહીના દહારાની વાતપર અંતે તે નગુણી બઇરી બધી દુનીયાની મજાહને સુખ ચેન છોરી મારા હાથ નીચેના કલાર્ક દીનશાહ બાલાપોરયા સાથે નહાસી ગેઇ!” અહીં ફરામે એક નીસાસો નાખ્યો, “હવે તેને મરવા દે ને તારી હકીકત તો કેહ.”

“મારી હકીકત તો જુદીજ જાતની છે. હું પન્યો તાહરે ધારતોતો કે મારી બઇરી પરજ મારૂં હેત છે પણ નહીં. હું તેમાં ભુલ્યો. આસ્તે આસ્તે મારૂં મન ઉતરવા લાગું. મારી બઇરી તો ઘણી રાંક ને નીરદોશ છે, પણ તોબી તે મને કોણ જાણે શું કારણથી અકારી પરવા લાગી. ધીરે ધીરે આપરે તો તેવણને એખલાં નાખી બાહરની મોજ મજાહમાં પરવા માંડ્યું. બીચારી! તે રોજ સાજનાં એખલી બેસીને દીવા આગળ સીવ્યા કરે—પણ આપરે તો નાટક ફાટક, કલબ, વાડી વંતર કરીને રાતના બાર બાર વાગે આવ્યે! તોબી તે મુગે મોહનેની છોકરી કોઇ દહારે મોહના માંથી વરાલ નહીં કહારે. ઉલટો હું આઉં કે હેતથી મારા

ગરાંમાં હાથ નાખી મને પસવારે પટાવે, મારાં બુટ કહારે ને બધી રીતની સગવડ કરી આપે. મારા પગારમાંથી અરધા અરધ તો હું દારૂ પછવાડે ગુમાઉં—તો બી પોતે ભુખી રહી મારે સારૂં ખાવાનું ઢાંકી રાખે. હવરાં હવરાં તો દારૂની ધુનમાં કોઇ કોઈ વખત તેની પર હાથથી ઉંચકું છ, પણ જેમ જેમ હું તેને વધારે હારમાર કરૂંછ તેમ તેમ તે મારી પર વધારે હેત કરેછ. કોઇ દહાડે રાતે છાકટો ધુન થઇને ઘેર જાઉં તાહરે ચીરડાવાને બદલે મારાં માથાંપર ઠંડા પાણીના કટકા મુકે, આઇસ ફેરવી ને બધી પટકછ જાય. બાપના કેવાં સુખ ચેનનાં ઘેરમાથા આવી હાડમારીમાં મારી સાથ પરીછ, તોબી મારી પરજ બધો જીવ જીવ આપેછ, ને કોઇ બીજાની તો ગંધ ગમનીજ નથી. એવો મારો હાલ છે.”

“ઓ પરવરદેગાર!” ફરામ હાથમાં પાઘડી લઇને જતાં જતાં બોલી ઉઠયો, “એક બઇરૂં એ શું ચીઝ છે ને કંઇ જાતનું વીચીત્ર પ્રાણી છે તે સમજવાને હજુ કોઇ માયનો પુત પેદા પડયો નથી ને પરશેબી નહી—ચાલ સાહેબજી!”

સોલી—(જે દરીયે કીનારે નાહતાં ડુબી જતો બચી ગયો છે)—તું માનશે, પેસી? જયારે ત્રીજી વખત હું ડુબવા લાગો ત્યારે મારી જીંદગીના બધા બનાવો મને યાદ આવવા લાગા!

પેસી—એમ કે, બચ્ચા? ત્યારે તો ગયે વરસ તેં મારી પાસે પચાસ રૂપ્યા ઉછીના લીધાતા તેબી યાદ આયા હોસે. તોલી દે તો યાર!

બીલીયર્ડ ગાઇડ.


હમણા બીલીઅરડનો શોખ વધ્યો છે. કલબોમાં બીલીઅરડ વના ચેન પડતું નથી. બીલીઅરડની મેચવો ઘરોઘર રમાય છે. માટે આપણા એક્ષપરટ ખેલાડી "બીલીઅર્ડ બાદ ઘરખાં" (જેવણ બેઠા બેકાર છે અને બીલીઅરડ સલુનોમાં ફરી હરીને કીર્તી મેળવે છે તેવણ કનેથી નીચલી સમજ સુચનાઓ બીલીઅરડના કાચા તેમજ પાકા ખેલાડીઓને માટે મે ટપકાવી છે. એ સમજણ જેઓ ધ્યાનમાં ઉતારશે તેઓ ઘર બાંધશે અને ત્રામમાં નહીં પણ વીકટોરયા અથવા તો ટેક્ષી કેબમાં ફરી શકશે:–




૧–"ટચ બોલ" હોય ત્યારે એક બીજાપર ભરૂસો રાખવો નહીં–પણ બંને એ સાથે મગજ કસી ભેજાં ઘસીને તપાસવું અને તેમ કરતાં 'ટચી' બનતાં જરાબી બીહવું ધ્રુજવું નહીં. ટાલકાંના ટચકરાથી વધારે ખુલ્લી સમજ પડી જશે તે યાદ રાખવું. સદા ધ્યાનમાં રાખજો–ઇંગરેજીમાં કહેતી છે કે Two heads are better than one.

(વધુ માટે જુવો પાસેનો સફો.)

બીલીયર્ડ ગાઈડ (ચાલુ)



૨–પરપેંડીક્યુલર—સ્ત્રોક કરતાં ચેમપીયન ક્યુ વાપડવી અને કુશનપર ચહડી બેસી, મુએલું કુતરૂં દાટવા ખાડો ખોડતા હોવો તેમ કામ લેવું. ક્યુ ભાંગશે કે કપડું, ફાટશે તો નવું આવશે.



૩–પીક્ચરમાં દરશાવ્યા મુજબનો ડો—બેક સ્ત્રોક કરશો તો સામા ખેલાડીના હોંશ ઉડી જશે અને ફીરકી ફાટી જશે. પણ તેમ કરવા અગાઉ લોહી લુછવા ચીંદડું અને હુશીયારી લાવવા કાચ્ચો બરાંડી તઇયાર રાખવો.

મોટુ કવોડરેનગ્યુલર જંગ.

પારસી–ઇંગ્રેજ–હીંદુ–મહોમેદન–ક્રીકેટ મેચો દરમ્યાન બનેલા કેટલાક બનાવો: ઇલસ્ટ્રેટેડ સરેહ સાથે.


[ન્યુસપેપરોમાં આવતા રીપોર્ટો માંહેથી ઇધર ઉધર કોમરાદ કરીને મેચોના થોડાક મુખ્ય બનાવો અત્રે કેમેરાની મદદ સાથ અમર કરવામાં આવ્યા છે.]



“બરાબર ૧૧–૩૦ કલાકે પહેલો દાવ થરૂ થતાં જ્યારે મેદાનના માનીતા અને લાડકા કાઉકરાકરીએ વીકેટનો કબજો લીધો ત્યારે તાલીઓની ગર્જનાથી બોરીબંદર સ્ટેશનનોગુંબજબી સ્પષ્ટ ધુજતો ખોલ્લી નજરે દેખાઇ આવ્યો. કાઉનું મરોડદાર તતણખાર સીધ્ધું ઉચું હાડ, તેની ફાંકડી સ્ટાઇલ, તેની મોહ પમાડનારી ફોરવર્ડ રમત તમાશગીરોનું વીશેશ ધ્યાન ખેંચી રહેલી હતી. કરાકરી આજે ફુલ ફોર્મમાં હતો અને તેના ચહેરાપરથીજ દેખાઇ આવતું હતું કે તે આજે ‘સેનચરી’ની અંદર પાછો તંબુમાં ફરે એવો વકી હતોજ નહીં. આવતાંને વાર તેણે પાખડાં ઉડાડયા અને બોલની ખબર લેવા માંડી!”

(વધુ માટે જુઓ પાસેનો સફો)


મોટું કવોડરેંગ્યુલર ક્રીકેટ કારનીવલ (ચાલુ).



"ફીલડીંગ ટકોરાબંધ હતી. ખરેજ સામા કેપટને પોતાની ફીલડ એવી તો સાબુત ગોઠવી હતી કે રન મેળવવા બેટસમેન માટે અતીશય બીકટ થઇ પડયું હતું સઘળી બાજુ ફીલડીંગ એટલી ચપલ અને સ્માર્ટ હતા કે જાણે બસ દરેક ફટકે બોલ ફીલડર ભણીજ આગળ ખેચાઇ આવતો રહેતો હતો.

(વધુ માટે જુઓ સફા ૪૩૦ મો)

મોટું કવોડરેંગ્યુલર ક્રીકેટ કારનીવલ (ચાલુ).



“એક બીકટ ઓફ બરેક દોસુ કમોરસી સહેજમાં ચુકયો !



‘પાહલુ પાવરીની વીકેટ. શેંડીયાજીએ ખોરવી નાખી.

(વધુ માટે જુવો પાસેનો સફો.)

મોટું ક્વોડરેંગ્યુર ક્રીકેટ કારનીવલ. (ચાલું)



"સીમપકીન્સે પોતાની ઓવરના બીજા બોલે ડોસુ ડીસપેપટીક જે અત્યાર સુધી ઘણી ફ્ક્કડ ઉભાં બેટની રમત કર્યો જતો તો તેની બ્યુટીફુલ ઇનીંગનો છેડો આણ્યો. એક નહી સમજ પડે. તેવો ફ્રોકટ બોલ ડોસુના ડુમચામાં—અરે વીકેટમાં ઘુસી ગયો અને તેની ઝલકતી કારકીદી ખતમ થઇ.




"લેડીઝ ટેન્ટ જે ચીકાર હતો ત્યાંથી ખાસ કરીને ડોસુના આ બ્રીલીયન્ટ બેટીંગ પરફોરમનસ માટે પુશકલ શાબાશી મળી. સાફ દેખાઈ આવતુ હતું કે બાનુઓના તંબુમાં ડોસુ તે દહાડે એક હીરો હતો."

(વધુ માટે જુવો ૪૩૨ મો સફો.)

મોટું કવોડરેંગ્યુર ક્રીકેટ કારનીવલ (ચાલુ)

"ઇંગરેજોના ચુનંદા બોલર ફેટી બોલ્ડ ભમભમે જીમખાનાના છેડા તરફથી દડાનો કબજો લીધો અને ગોરાઓ તરફથી ધુજારો શરૂ કર્યો. તેની દરેક ડીલીવરી વખતે હીંદુ બેટ્સમેન પોતાનું પાટ લુન ઉંચે ચહડાવ્યા કરતો હતો."





તે કેચ એક ખરેખરજ બ્યુટી હતો!"

(વધુ માટે જુઓ પાસેનો સફો).

મોટું કવોડરેંગ્યુલર ક્રીકેટ કારનીવલ (ચાલુ).

મેચોના થોડાક "હીરોઝ" !



વલ્લભ સંકર જેણે અમપાયરના ચુકાદાને બેવાર તાબે થવા ના પાડી હતી.



સોગણ ચુસ્યું—જેણે ચારે ઇનીંગસ મળીને ૦૦૦૦ રન્સનો જુમલો કર્યો હતો.



મઉલા બક્ષ—જે વીકેટ કીપરે બસ ફક્ત ૧૪ વારજ 'હાઉસ ધેટ'ની અપીલ કરી હતી.



મેહલ્લુ મરકટી—જેણે ૪૧૩ રન્સ આપી એક વીકેટ લીધી હતી.

(વધુ માટે જુઓ પાસેનો સફો.)

મોટું કવોડરેંગ્યુલર ક્રીકેટ કારનીવલ (ચાલુ).



" લંચ પછી આખી ટીમનો ભેગો ગ્રૂપ લેવામાં આવ્યો હતો.



" ટીમના કેપટનનો ફોટો જુદો પાડી લેવામાં આવ્યો હતો.

(વધુ માટે જુવો પાસેનો સફો)

મોટું કવોડરેંગ્યુલર ક્રીકેટ કારનીવલ (ચાલુ).




"ઇંગરેજી ખેલાડી જયારે ૨૯૩ રન કરીને આઉટ થયો ત્યારે પારસી ફીલ્ડનો દેખાવ દયા ઉપજાવવા જોગ હતો.



પારસી બીજા દાવમાં સઘળા મળી જુમલે ૨૧ રનસ થયા તેમાં ૧૧ રનસનો જબરદસ્ત જંગી અને અતીશય કટોકટ વખતે ઉપયોગી ફાલો આપવા માટે ઉકર ઉખરાને ધનજીશાહ ધામધુમ્યાએ એક સેકંડહેન્ડ ચાંદીનું કપ ચાલુ તાબડાઓ અને ખુશાલીના પોકારો વચ્ચે ભેટ આપ્યું હતું.

છબરડાઓ !



સપલ શોર્ટ સાઈટ—

આહ, મારી સ્નાટી આવેછ! મારાજ વીચારમાં વીંટાંઇ ગયલી છે! મોહબતના ખુશ ખ્યાલોમાં ગીરફતાર થઇ અહીં કેવી નાજુક લહણે ચાલતી આવેછ! મારી પ્યારી સીલ્નુ—મારી કલેજી—



યસ—બસ એને આવવા દેઉં ને અચબુચ એને મારી હાજરીથી વાકેફ કરી બસ ખુશાલીમાં ગરકાવ કરી દેઉં. સબુર ઓ જીગર, જરા ધીર ધર! બચ્ચા સપલ—આજે તારી માઠી મેનાને પેટ ભરતી કીસ કરવાનો ચાન્સ આયોછ.—



ઓ માઇ ડારલીંગ! ઓ મારી આંખના નુરર—બુચ—બુચ—બુચ—હું કાહરને તારે વરે— **ભવીશના સાસુ**—મરે સપલ, એમ ચરી સાવરે ગીયો? મુવો મેટ! વરી છેકજ ફાસ જાયછ ? તારા સકાર બરે!

દોસ્તો !

એક હોટલના ઓરડામાં ચાર દોસ્તો ખાણું ખાવા બેઠા છે. ખાણું પુરૂં થયા પછી એક દોસ્ત નામે બેરામજીએ ઉઠીને ચાલવા માંડયું.

બાકી રહેલા ત્રણ વાત કરે છે,

સોહરાબ—આએ બેહરામ તદન ઉલ્લુ છે જો.

દોરાબ—હારે. તદન બુધવારના વાંધા છે. પણ પોતાને ઘણોજ હોસ્યાર સમજેછ.

ફરામ—અરે ઘેરમાં તો બઇરી રોજ છાજયાં લેછ ને બાહર રોબ મારેછ.

બીજો પા કલાક ગયો અને સોહરાબજીએ રજા લીધી. તેવણની પીઠ ફરી કે દોરાબજી બોલ્યા-"વરી બેહરામની મસકેરી કરેછ પણ આએ સોહરાબમાં તે શું બરીલું છ? તદનજ કાતરયાંનો ઘસેલો છે." ફરામજીએ જવાબ દીધો "હારે યાર, વરી બાલે બાલ કરજદાર છે ને બડો બદમાસ છે."

બોલ જવાની ત્રીજી વારી દોરાબજીની આવી તેવણ ગયા એટલે ફરામજી લાંબા ટાંટીયા કરી બોલ્યા "ચાઆલો કારી માય તોહેલું પત્યું તો સારૂં! કહ આએ દોરાબજીની જબાં ખરાબ છે! સારાં ગામને સારૂં બુરૂં બોલવા મુકયો હોય તો ધાન ખાવા નહીં માગે! મને એ જરા ગમતો નથી થેંક ગોડ! કે હું હવે અહીંથી જવસ તાહરે મારી પછવારે બોલ નાર કોઇ નથી."

તેવણ ઉઠયા અને વેટરના હાથમાં પાવલી મુકી ચાલવા માંડયું. વેટરે પાવલી ભોંયપર પટકી "બે કલાક બેજું ખાધું ને ધમ દઇને પાવલી આપી! એ કાગરાખાઉ પારસી લોક ઘણાજ ખરાબ છે, તેમાં આએ ફરામજી તો ઘણોજ નીચ માનસ છે!"

સુથારોંને કેમ નસાડયા!

અખતરો અજમાવવા જોગ તો છે—પણ ઘડી ઘડી નહી હો !

નવાજબાઇ—અરે કાવસજી, જુઓની પેલા તમે બે પારસી સુથારોને બારી બારણાના વીનીજનો સમારવા બોલાવ્યા તે લોક તો કેહછ કે એટલાં કામને આખા બે દહાડા લાગશે.

કાવસજી—શું ! બે આખા દહાડા ! કાંઇ લુટવા બુટવા આયાછ શું ? જે કામ હું પોતે બે કલાકમાં કરી નાખું તેના બે દહાડા ! અરે એ તો લુચ્ચા છે. જોયછ કે જે બે દહાડાનો રોજ મલ્યો તે ખરો, ઉભી રહે હુ એ લોકને બેરવુંછ,

આમ બોલી તેવણ અંદરના ઓરડામાં જયાં સુથારો કામ કરતા હતા ત્યાં ગયા.

પાહલી સુથાર—હા સાહેબ, એ કામને ખાસ્સા બે બે દહાડા લાગશે.

કાવસજી—ઉં પણ તમારા લોકના ચેહરા કાંઇ મને ઘણા ધ્યાનમાં આવેછ. તમો સાહેબોને ગાયનનો શોખ ખરો કે !

પાહલી તથા બેટ્ટહલી—હારે સાહેબ, અમોને સારાં સારાં ગાયનનો ઘણો શોખ છે.

કાવસજી આ પછી બાહેર ગયા અને પોતાનાં ઘણી

યાણીને પાસેનાજ ઓરડામાં બોલાવીને કહ્યું. "આએ લુચ્છા-ઓને બાહેર કહાડવાની એક તાજ મને આવડેછ. તું આપરા સોલીને કેહ કે એની "કાનસર્ટીના" લઇને અહીં આવે ને દીનુ નેબી અહીં જલદી બોલાવ."

તે લોક આવી દોડધામમાં હતાં તેટલાં મેહેલ્લી સુથાર પાહલીને કેહવા લાગ્યો, "બચ્ચા પાહલી, હવડાં કામની બહુ અછત છે ને ખાધાના વાખા પડેછ એટલે આપરે આએ નજીવાં કામને સારૂં બે દહાડા લગારશું. જે બે દહાડાનો રોજ મલ્યો તે ખરો! કેમ? અરે પણ એ શું ગરબડ?" બેહુ જણા કાન ઉંચા કરીને સાંભળવા લાગયા.

પાસેના ઓરડામાંથી પાંચ છ જણાનો સાથે ગાવાનો મોટો સાદ આવવા લાગયો. "બચા લવજી, લુચ્છા લવજી, અંતે મારી બુજસે પ્યાસ"નું ગીત ગવાતું હતું. સાથે કાનસરટીના અને ઘુમઘુમયાને ઠેકાણે ચમચા અફાળવાનું મ્યુઝીક ચાલતું હતું.

મેહલ્લી—એનું સત્યાનાસ જાયરે એનું! એ કોણ ભેંસાસુર જેવો સાદ કહાડીને ગાયછ!

"મેરા ગમકા તરાના સુનય રીસાના" પાસેના ઓરડામાં-થી વધારે મોટા સાદે ગાયન ચાલ્યું. કાવસજીનો મોટો ઘોઘારી સાદ અને દીનુનો ચીચીયારી પાડતો અવાજ સાથે ભેળાઇને કલાબકોર થઇ ગયા.

પાહલી—અરે પણ એ શું કંઇ ગીત ગાયછ કે મશકેરી કરેછ! બધા કાનના બેહરબી ફાટી ગીયા.

મેહેલ્લી—હારે, નખોદ ગીયાંઓને બીજો વગ જગ મલ્યોજ નહીં કે આપરૂં માથું દુખવવા અહીં ગાવા બેઠાં તે. આવી ગરબરમાં કામ તે કેમ થાય !

"નાચે છુમ છુમ છુમ છુમ પ્યારી ગુલશન હય સબ હરા પ્યારી" ! બસ ગાનતાનની ધુણમાં આવેલાંઓ પાસેના ઓરડામાં ધર્યાં ધરાયાં નહીં. એકેક ફુટ જેટલું મોહડું ઉઘાડીને પોતાના ગળાંમાં જેટલો સાદ હતો તે બધો કહાડીને ચાર જણાએ સાથે લલકારવા માંડ્યું અને હાથોમાં જેટલું જોર હતું તે બધું વાપરીને કાનસરટીના તથા ચમચાઓ અફાળી ઝીંકી મુક્યા. તે બધાંનો સામટો અવાજ પા માઇલ સુધી સંભળાય એવો મોટો હતો.

મેહેલ્લી અને પાહલીએ પોતાના કાનમાં રૂના ડુચા ખોસ્યા પણ તેથી કાંઇ સાદ અટકે? મેહેલી બોલ્યો, "એ શું કંઇ બધા મેટ બેટ થયાંછ કે શું? ચાલ, ચાલ, પાહલી, તું જલદી જલદી હાથ ચલાવ: જલદી પુરૂં કરીને અહીંથી નાહસી જઇએ. લાવ તો પેલી હથોરી આપ મને, જલદી કર, નહીં તો આપરૂં ભેજુંબી આએ ગરબરમાં ખીસી જશે."

તેઓ જલદી જલદી કામ કરવા લાગયા. બેહુ જણા પસીને ગરકાવ થઇ ગયા હતા. એવામાં વળી પાછો પાસેના ઓરડામાંથી સાદ આવ્યો. "કયા જાના, કયા માનાં, કયા સમજા કરતા હય, ઝક ઝક ઝક ઝક" આ ગીત વખતનો સાંખલો તો બધાંને વીસરાવે તેવો જબરદસ્ત હતો.

"આહ! કામ ખલાસ થયું ખરૂં! ચાલ, ચાલ, મેહલ્લી,

બધાં હથીયારો જલદીથી કોઠરામાં ભરી દે, આપરે વટી જઇએ, મારૂં તો માથું દુખી આયું."

બેહુ જણા પાસેના ઓરડામાં જયાં આ નામીચું મયુઝીક ચાલતું હતું ત્યાં ગયા. કાવસજી બોલ્યા. "કેમ સાહેબો, હું આશા રાખુંછ કે તમોને અમારૂં ગાયન ઘણું પસંદ આવ્યું હશે?"

"હાજી ઘણું સરસ હતું. પણ અમે ધારતાતા તે કરતાં કામ ઘણું જલદી પુરૂં થયુંછ. હવડાંતો અમે જઇએછ. પછી બીલ મોકલશું?"

"હત તેરીકી! લુચ્છાઓને કેવા નહસાડયા!" કાવસજી વડાઇ લેવા લાગયા.

પાહલીમાસા તુરતના ગામથી આવ્યા હતા, સુરત પોતાના ધણીયાણી પર કંઈ અગતનો તાર કરવાનો હોવાથી તેવણ ટેલીગ્રાફ ઓફીસમાં ગયા એને તારનો ફ્રામ માગ્યો તાર લખી, પઇસા આપીને તેવણ ફરવા જતા હતા તેવામાં તાર માસ્તરને કાંઇ બોલ નહી ઉકલવાથી પુછયું.-

"આએ બોલ શું છે, સાહેબ? કંઇ સમજ પડતી નથી."

પાહલીમાસાએ ડોળા કકડાવી જવાબ દીધો "એ એમ કાઅની ખાનગી વાત કેમ જાણવા માગે? મારી બઇરી મારા બેર ઉકલાવી વાંચે છે! તમે તમારે મોકલી દેઓ!"

હાથ આપતાં પોંહચો પકડયો.

"શું પીલાં ડીયર? ઘરમાં કોલસા ખલાસ થયાછ તે મંગાવવાના છે! અરે હારે મારી ડારલીંગ, તેમાં શું મોટી વાત?" સાહઠ વરસના ધનજીશાહ પોતાની જુંવાન ધણી આણી પીરોજાનું માથું પસવારી બોલ્યા, "હું આપીસમાં જતાં જતાં હમણા "આરડર" કરતો જાઉંછ. હું અજબ થાઉંછ કે આજ કાલના જુવાન ચીબાવલા છોકરાઓને પોતાની ધણીઆણીનું કાંઇ કામ કરતાં કેમ દુખેછ? હું ધારૂંછ તે લોક બડા બેવકુફ ગધેડા હોવા જોઇએ! કેમ પીલાં ખરૂં કેની?"

"અરે હારે મરૂં, મારા ધન કેવાં માયાળુ છે! જો ધન ડીયર, જરા એમબીને એમબી છતાં જતાં આટલું મારૂં ઘડીઆળ સમરાવા આપી જશો? કોણ જાણે શું રપુચકર થયુંછ તે ચાલતુંજ નથી."

"ઓલ રાઇટ! ઓલ રાઇટ! માય ડારલીંગ! તારૂં મઇ જેવું ઘડીઆળ તો મારાં આએ આએ ગજાંના કીયાં ખુણામાં કોણ જાણે સમાઇ જશે. લાવ જોઉં, હું તેજ રસ્તે જાઉંછ તે આપતો જવશ. બીજું કાંઇ કહેવુંછ? બોલી દે, પછી ઘડી ઘડી કંટાલો નહીં જાઇએ"

"હા, ખરાર જો, આએ ટીપાટનું ઢાંકણું ભાંગી ગીયુંછ તે ચાહેજ બરાબર નહીં થતી ને તમે રોજ બુમ મારોછ તે જરા એટલું સરખું કરાવી મંગાવજોની, ડીયર ધન!"

"અં! હા, પણ-પણ—એવી મોટી દોધી જેવી ટીપાટ ઉંચકી કેમ લઇ જાવું?"

"અરે કંઈ નહીંરે, ધનજીશાહ. ટીપાટ મોટાં દોધી જેવી છે તો તમારૂં ડગલાનું ગજું કયાં નાહલાં દોધી જેવું છે? અંદર ઉતારી દેવોની. કોઇ શું જાણવાનું છે? કોઇ સમજશે કે મોટો રૂમાલ ખોસ્યોછ!"

"એમ? લાવ, લાવ, નવ્વાનું ત્યાં ભર્યાં સો! લાવ, હું તુંને નાસીપાસ નહી કરૂં."

ગરીબ બીચારા ધનજીશાહ! બોલતાં તો બોલાઇ જવાયું પણ હવે કર્યા સીવાય છુટકો ન હતો. તેવણ ગજવાંમાં મસ મોટી ટીપાટ દદરતી દદરતી લઇને જવા નીકળ્યા તેટલાં ધણીઆણી પછવાડેથી દોડતાં દોડતાં આવ્યાં. તેવણના જમણા હાથમાં એક ભાગેલી છત્રી, ડાબા હાથમાં એક ફાટેલું બુટ તથા બગલમાં એક ભાંગેલી રમવાની ડાલી ધરેલી હતી.

"જરા થોભજો હં! ધન ડીયર, હવે બસ આટલુંજ છે. આએ મારૂં બુટ જરા સીવડાવવાનું—"

હવે અતેરૂં થયું! ધન ડીયરનો મીજાજ ચસ્કી ગયો. તેવણ ધબ દેતા કે પછવાડે ખુરસીપર બેસી ગયા. "શું તું કંઇ મેડએડ થઇછ? ફાટેલાં બુટ ને ફાટેલી છત્રી સીવડાવવાનું કાંઇ મારૂં કામ છે!"

"મરી જાઉં બધી, જરા એટલું આરીસમાં જતાં કરાવતા જજો! રમવાની ઢીંગલી વગર બુચી રખ રખ કરેછ!"

"બુચીને તું બેહુ સાથે જહાનમાં જાઓ! મને કંઇ હેલકરી બેલકરી સમજેછ કે બધો ભાંગો તુટો જરીપરાણાનો સામન ઉચકાવેછ તે? આજના જુવાન વરો કામ કરવા ના કેહછ તેમા કંઇ નવાઇ છે! હાથ આપતાં પોહચોંજ પકડેછ! ચાલ નીકલ અંહીંથી, હું કાંઇ કરાવવાનો નથી!"

આમ છેડાએ પડી પેલી ટીપાટ, ઘડીયાલ વગેરે જમી નપર પટકી ધનજીશાહ પાછું ઘાલા ચાલવા માડે છે. ઘણી વાણી ડાચું વકાસીને જોતાં ઉભાંજ રહી જાય છે.

"આઇમાય એશકીને પોતાનો ભપકો સપકો સહીઓને દેખાડવાને ઘણોજ અભખરો હતો તેવણ અવારનવાર થોડાં થોડાં ફ્રેન્ડોને જમવા બોલાવતાં એક દીવસ એવીજ રીતે થોડીક સહીઓ સાથે જમવા બેઠેલાં હતાં તેવામાં ચીકીન પઇ આવ્યું.

"વાહ, બેરામ, આજે આએ પઇ પડની નકસી ઘણી જ સરસ લાગેછ!" બાઇએ પોતાના ધરાની બબરચીને બોલા વી બધાંના દેખતાં છાપડે ચહડાવ્યો.

બેહરામ ડાચું ફ્રુકાવી બોલ્યા "ગનું મજાની છે નહીં? એ તો કેનો તે તારા મુહનામાના ખોટા દાંતની બત્રીસી અહીં ટેબલ પર પરેલી ઉતી તેનાથી મેં આએ નકસી કાહ રીય! ગેનુ મજાની લાગેય-નેઇ?"

સવાલે લા–જવાબ!

"શું, મંચી! તમે કેહોછ કે હું આખી દુન્યામાં સઉથી સરસ છોકરી છેઉં?" મેહરાં મચકાઇ ને બોલી. મંચીએ તેણીના હાથની માગણી કરી તેનો સીધો જવાબ આપવાને બદલે મેહરાંએ ઉપલો સવાલ નાખ્યો હતો.

"હા, ઓ પ્યારાં મીસ મેહરાં!" મંચી નાટકી ધપથી છાતી પર હાથ મુકીને બોલ્યો, "ખચીતજ તમો એક નમુને દાર બાનુ છેઓ! હું ફરીથી કેહુંછ કે તમારી જોડી બીજી દુન્યામાં નહીં મલે!"

"ઉં! એમ કે? ને તમે એમબી બોલ્યા નહીં કે હું ઘણીજ ઘણીજ ખુબસુરત છોકરી છેઉં?"

"ઓ યસ. તમારી ગોલાબી ખુબસુરતી આગલ આએ સામા ઝાડપર ઝુલતો ખીલતો ગુલાબ પણ શરમાઇને માથું નીચું નમાવેછ. ખચીત તમારા જેવી "બ્યુટી—"

"અં! ને હું જો ભુલતી નહીં હોઉં તો મારી કેળવણીની તારીફમાંબી તમે કંઇ બોલ્યાતા—નહીં વારૂં?"

"ઓ તમારી કેળવણી? તમારા જેવાં કેળવાયલાં બાનુ આપરી પારસી કોમમાં મલવા ઘણાંજ મુશકેલ છે એમ હું સત્ય માનુંછ. ગાયન, મ્યુઝીક, પેનટીંગને બીજી દરેક વાતમાં તમે એકોમપ્લીશડ" છેઓ! તમારા બાવાજીનાં એક "જુવેલ" તમે છેઓ!"

"રીયલી? બીજું શું?"

"બીજું તમારાં જેવાં ઉંચા ખાનદાનનાં, આવી ઉંચી કેળવણી પામેલાં, આવાં હુસ્યાર ને ખુબસુરત બાનુ ઘણાંજ

થોડાં મલશે, અફસોસ, ઘણાંજ થોડાં! ને ગમે તેવાં સર સમાં સરસ માણસને લાયક તમે છેઓ. ઓ સ્વીટ મેહરાં, ડારલીંગ મેહરાં. મને કહે કે તું મારી થશે?"

"સબુર, મી૦ મનચેરજી, તમારા સવાલનો જવાબ હું આપું, તે અગાઉ એક સવાલ મારે પુછવોછ."

"પુછ, પુછ, જીગર જાન વાહલી, એકને બદલે એક સો સવાલ પુછ, એક સો બદલે એક હઝાર સવાલ પુછ."

"એકસોબી નથી પુછવા ને હઝારબી નથી પુછવા. ફકત એકજ સવાલ પુછવોછ. જયારે તમે કેહોછ તેવી જો આટલા બધા સરસ ગુણોથી ભરપુર હું હોઉં ને આટલી બધી ખુબસુરત જો હોઉં તો તમારા જેવા એક તદન સાધારણ માણસ સાથે પનવા કેમ તઇયાર થાઉં? મારી ખુબસુરતી ને હોસ્યારી તમારાં જેવા તદન "કામન" માણસપર શું કરવા રેડી દેઉં?",

મંચેરજીબા જવાબ દીધા વગરજ ઘર દોડયા.

પસુ ફીલસુફ એક દહાડે નોકરી રેહવા ગયો. "સાહેબ મને નોકરી રાખશો?" તેણે પુછયું.

શેઠ—તમે શું કામ જાણો છો?

પેસુ ફીલસુફ—સાહેબ હું એટલું બધું જાણું છું, કે હું શું નથી જાણતો તે હું જાણતોજ નથી.

શેઠ—હા પણ તમે શું જાણો છો તે હું નથી જાણતો ની?

પેસુ—એવી કોઇબી ચીઝ નથી કે જે હું નથી જાણતો.

શેઠ—જા બાપુ જા...મારાં માથાંમાં એકજ ભેજું છે તે હું ધારૂ છ તું નથી જાણતો.

એક જુવાન પુરૂષનું થરમામીટર.

તેના મનમાંથી પસાર થતા વીચારો.

ઉમર વરસ ૩૦—દસ વરસની વાત ઉપર એટલે વીસ વરસની ઉમરે હું ત્રીસ વરસના માણસને અરધો ઘરડો સમજતો હતો, હવે મારી ભુલ જોઈ, અને અરધા ઘરડા માણસની ઉમરની હદ ચાલીસ પર કરવી પડીછ. વીસ વરસનો પાછો થવા ઇચ્છુંછ. ત્રીસ વરસનો પણ તદન જુવાન ઘોડા જેવો છેઉં પણ બચ્ચા સમાલ—જરાક જારો થવા માંડયોછ.

ઉમર વરસ ૩૫—અગાઉ મને યાદ છે કે બાવાને ૩૫ વરસના હું બુઢ્ઢામાં ખપાવતોતો. હવે મને લાગેછ કે તે અસલના વખતમાં માટીડાઓ જલદી બુઢ્ઢા થઇ જતા હશે કેમજે હું તો હજુર જુવાન ઘોડા જેવો છેઉ? મુછમાં ને માથાના બાલમાં થોરા થોરા સફેદ બાલ કેમ દીસેછ? હવડાં હવડાં સાબુ બનાવનારાઓ સાબુ બનાવવામાં ઘણી ખામી રાખેછ! જોની તેને લીધે બાલબી સફેદ થઈ જાયછ. મને હવે મારો દરજીબી બદલવો પરશે. કોઇ કોઇ દરજીમાં એવી કુનેહ રહેછ કે તેના સીવેલાં કપરાંથી પહેરનાર માણુસ પોતાની ખરી ઉમર કરતાં દસ વરસ નાહલો લાગેછ. પણ હું કાંઇ તે કારણથી દરજી નથી બદલવા માંગતો હું? એતો કપરૂં ઘણું બગારેછ ને મોંઘું ઘણું સીવેછની તેથી!

ઉમર વરસ ૩૮—પાસેની રતાઇ ઘણી ફાંકરી છે હું! ખાટી મોહી મંઝા દોરીછ ખરી, કલબમાં મારા દોસ્તદારો

મને ચીડવેછ કે ૩૮ વરસનો ઘરડો થયો ને અઢાર વરસની રતાઇ સાથે કાંહ પ્યારમાં પડયો! તે કાંય નહીં પડું? ૩૮ વરસનો જુવાન નહીં પરણેતો શું વીસ વરસના બુચાઓએ પરણવું જોઇએ? હુંબી તો ખરો કે એ બધાઓની બોહોસપર પરણુનું? પણ હવડાં હવડાં કાંઇ ખવાયછ ઘણું કે શું, પેટ કેમ બાહર નીકળતું જાયછ? કંઇ ઉપાય કરવો પડશે. અગાઉ જયારે વીસ પચીસ વરસનો નાહલો હતો તાહરે રોજ રાતે નાટકમાં જતો હતો, હવે અઠવાડીયામાં ત્રણ વખત જાઉંછ તોબી મારા દોસ્તો ને થોડું પરેછ ને મને કેહછ કે ઘાંખરો થયો તે ઉજાગરો નહીં થતો કે? ઘાંખરો! એ હે હં! ૩૮ વરસનો ઘાંખરો? પણ એ લોકને મારે શીખામણ દેવી પરશે કે જુવાન માણસો રોજ રાતે નાટકમાં જઇ બએ વાગા સુધી ઉજાગરો કરે તે કાંઇ પસંદ કરવાજોગ નથી!

ઉમર વરસ ૪૦—પાસેની રતઇએ હાથ તાલી આપી અને પેલા ૨૮ વરસના બુચા સોરાબ સાથે પરણી ગેઇ! પણ મેંબી એ વરસ સુધી હા ના કરયા કીધું તે બીચારી કાહ સુધી થોભે? ચાલ આપદા ઓછી! એ વરી કોણ નકામી વેઠ કરને! હવે કદીબી પરણવાનો વીચાર નહીં કરૂં! દસ વરસની વાત ઉપર ૪૦ વરસના માણસને હું અઘોરમાં ખપાવતો હતો. કેવો હું મુરખ! ચાલીસ વરસના ભર જવાન કેહવાય! પચાસ વરસના ખરા અઘોર! કાલે મારો ફ્રેન્ડ મંચી કેહતો હતો કે હું બાવા ભાખરા જેવો લાગુંછ. આજે સહવારના આરસીમાં જોયું તો કંઇબી નહીં! મંચીતો હંમેશનોજ એવો જુઠો છે! જરાક ગરદન આગળ માસનો ઠેપરો વધારે લાગેછ ખરો,

પણ તેમાં શું! મારી એવી તંદરોસ્તી જોઇને તે બળતો કાંય હોશે! આજે પેલી શારીનને ત્યાં મળવા ગીયો. તાંહ તેના વેરના દાદર કેવા જબરજસ્ત છે મારો દમ ચહરતાં જરા ભરાઇ આયો. મારા જેવો જુવાન માણસ એમ હાંરી જાય તો બીચારા અધોરો ને ઘરડાઓ કેમ ચહડતા હોશે?

ઉમર વરસ ૪૨—હવડાં હવડાં માથેરાનમાં ઘોડાઓ ઘણાજ રેડીયાલ રહેછ. જોની દસ વરસની વાત પર હું કેવો સડસરાટ ઘોરો ડપકાવી પોણા કલાકમાં ઉપર જતો હતો, ગીયે અઠવાડીએ ઘોડા પર ગીયો તો બધો ઠાકી ગીયો. ઘોરૂં ચાલતાં ચાલે નહીં. હવે મરતાં ઘોડા પર નહીં જાઉં. કાણુ જાણે દુકતાઓને તેમાં શું મજાહ મલતી હોશે? ખાસુ મજાનું સ્ટીમ ત્રામમાં બેસીને જવાનું! આએ નજલો કાંય મને હેરાન કરતો હોશે? આગલા જમાનામાં બુઢ્ઢા માણસોજ નજલો જાણતા હતા. હવેના જમાનામાં જુંવાન માણસોબી તેમાં સપરાઇ જાયછ. બધીજ રીતે આપરો જમાનો નબલો થતો જાયછ!

ઉમર વરસ ૪૫—છેલ્લાં છેલ્લાં ડાકટરોના બીલના ચોરા કેમ વધયા જાયછ? મુંબઇની રૂતજ એવી બગરી ગેઇછ કે તબીયતનો શું વાંક કહાડું? આજે સહવારના મને પેલી દીનુ મારીસ મલી. વીસ વરસની વાત પર હું તેની સાથે પણવા ધારતો હતો! સારૂં થયું કે નહીંજ પણ્યો. તે વખતે તે વીસ વરસની ઉતી પણ હવરાં તો તદન બુઢી ખોખરી જેવી લાગેછ. બઇરાંઓ કેટલાં જલદી બુઢ્ઢાં થઇ જાયછ. હું તેના કરતાં સેહજ મોટો છેવું, પણ જેવોને તેવો ખરો ને તરો છેવું

કેની? જરાક આંખની આગળ કરચલી જેવી કાંઇ લાગેછ પણ તેતો આએ સરકમ થયોછ તેથી હોશે!

ઉમર વરસ ૪૮—હવે ઘણાજ નાહલા નાહલા છોકરાંઓની કંપની મારે છોડી દેવી પડશે. તે લોકના વાત કરવા નાખી સકાર નથી ને મારો પીતો ઉછરી આવેછ. પેલો દોલુ છે તો અડાવીસ ત્રીસ વરસનો પણ મોટા મોટા નેકટાઇ કોલર લટકાવી પોતાને મોટો માટીડો સમજેછ, ને આપુને તો ધાંખરાંમાં ખપાવી હસેછ, પણ જાણતો નથી કે એ ઉમરના અમે તો બચ્ચામાં ખપતા હતા. એ ઉમરનો હું હતો તાહરે મારા બાવાને તદન ઓહાની સમજતો હતો, અને તેવણનું બોલવું કોઇ કોઇ વખત મને તદન બેવકુફી ભરેલું લાગતુ હતું. પણ હવરાં હવરાં બાવા જરા વધારે અકકલમંદ થતા જાયછ. હું બચ્ચા! હવે મને લાગેછ કે તેવણ કંઇ તદન નાખી દેવાના નથી. એ આએ દાંત કેમ હીલેછ? ગયે બુધવારેબી એક પડી ગીયો. શું કરીયે? દાંતના મંજન હાલ એવાં ખરાબ આવેછ! કમાણી કરવાના લોભે તદન એખરો ધકેલી દેછ. અગાઉ તો એમ તરાતર દાંત નહીં પડી જતાતા! બસ કાલનો કાલ એ મંજન નાંખી દઇ ડોકટર પટેલને ત્યાંથી મંગાવું.

ઉમર વરસ ૫૦—હવે તો આપરે અશોર થવા માંડયાછ! બસ પણવું તો હવે તો પૈસાને ખાતરજ હું! ટાળકા પરથી બાલ ખરી જવા માંડીયાછ, તેનો ઉપાય શું કરીયે? શું બુઢો થવા લાગોછ? અરે ના, ના, હજુ તો તદન જુવાન છેઉ ને

બીજા દસ વરસ બુદ્દો થવાનો નથી. દાંત પડી ગીયાછ, બાલ સફેદ થઇ ગીયાછ, જલદીથી ચલાતું નથી, ઘડી ઘડી નજલો થાયછ—એટલુંજ કે કાંઇ બીજું. પણ આજ કાલની દુકતી ઓના નસકોરામાં એવી ગંધ છે કે તે લોકને તો હું બુદ્દોજ દીસવાનો. પણ બા હવે પણવું તો ખરૂંજ! મારે તાંહ રાંધવા આવેછ તે દુકતી પીલી સારી છે હં! શું તેના હાથનું રાંધે લું સવાદ આપેછ! તેની સાથ પરણું તો રોજ એવું સવાદ દાર ખાવાનું તો મજો! ઠીક છે, જોઇએ કંઇ વીચાર કરીયે. હાલ તો સાહેબજી.

ધનજીશાહ (ઉમર વરસ ૫૦)—પ્યારી ધન, હા, હું જાણુંછ કે તારા કરતાં મારી ઉમર ઘણી વધારે છે. પણ ડારલીંગ, મારી પાસે મોટી દોલત છે ને બધી તારી પર કુરબાન કરસ!

ધન—(ઉમર વરસ ૨૨) ધનજીશાહજી, હું હાલ જવાબ નહીં દેઇ શકતી. જરા વીચાર કરીને——

ધનજીશાહ—જો ડીયર, મને એમ ટવલાવ ના! મને ના કહીને જરાબી ઉસકેરતી ના. મને "હાર્ટ ડીઝીઝ" છે ને ડાકટરો કેહછ કે જરાબી ઉસ્કેરાવાનુ કારણ મલતાં તે મીનીટે જીવ મુકી દેવશ.

ધન—ઓહો! એમ છે કે? તારે તો હું તમારી સાથ પણવા કબુલ છેઉં!

મોટી બેહેનોને ચેતવણી !

નાના મસ્તીખોર ભાઈઓને છેડતાં સંભાલજો !

નાના તોફાની કેકુને પોતાની વડી બેહન નાજાં સાથે મુદલ બનતું નહીં. હતું નાજાં વારંવાર કેકુને ધમકાવતી તેને મસ્તી કરતો અટકાવવા કોઇ વખત મેડીપાક પણ ઝીલાવતી. તેમ તેમ તે સેડેતાંન છોકરો તેણીને હરેક રીતે બુમ પડાવતો. એક દીવસ તેણાને ભેટ મલેલો "વર્ક બાક્ષ"નો ખુરદો કરવા માટે નાજાંએ તેને ખુબ ઝાડયો. પણ કેકુ બચ્ચો કાંઇ ખાંડયો જાય? તેણે તેનું વેર વળી બાજીજ રીતે લીધું.

પોતે મેડીપાક જમ્યા પછી બીજે દીવસે આગલા ઓરડામાં તેવણ કાંઇ કામમાં રોકાયલા હતા. હાથમાં એક મોટું કાગજનું લાલ સુરણ જેવું, પડેરા જેવું ખોટું નાખ પકડેલું હતું. અને તેને સરસ લગાડી તે નાખ તેજ ઓરડામાં મુકેલાં એક મારબલના શોભઇતાં પુતલાંના મ્હોડાં ઉપર વલગાડવાની કોશેશ કરતો હતો. તેને ચોપડેલો સરસ એવો તો ચીકણો અને મજબુત હતો કે કાંઇબી ચીટકાવવા ઘણોજ કામ લાગતો. તેવણ આવી રીતે કામમાં મશગુલ છે એતામાં નાજાં ઓરડામાં આવી.

"કેમરે દુકતા, વરી અહી શું કારસ્તાન કરેછ!" તેણીએ તોરમાંજ પુછયું.

"કંઇ નહીં, તમુને શું પંચાત?" કેકુએ પાછો તેવોજ તોરમાં જવાબ આપ્યો.

"કેમ-કંઇ સખ્ખે સોહોવાતું નથી? બીજો મેડીપાખ જોઇએછ? એ હાથમાં શું છે? લાવ એકદમ?" આમ બોલી પેલું સરસ લગાડેલું નાખ તેના હાથમાંથી ઝુંટવી લીધું.

"ચાલ હોર હવે વાંચવા બેસ, નહી તો કાન ધરીને ચીમટશ," નાજાંએ તેનો કાન પકડીને ચીમટયો. કેકુનું તદન ઉભાઇ ગયું હતું પણ કોણ જાણે શું સબબથી તે કાંઇબી સામું બોલ્યા વગર સેહેજ હસી, પકુકરી મારી ત્યાંથી નાહ્ડો, અને બારણાની બાહાર ભરાઇને ઉભો. તેણે જે ગણત્રી મનમાં કીધી હતી તેજ ખરી પડી. જેવી કેકુની પીઠ ફરી કે નાજાં પેલાં નાખને ફેરવી ફેરવી તપાસવા પડી અને મનમાં હસવા લાગી. "મરેરે, કેવું એબદાર જેવું નાખ છે! એવું કોઇનું ખરેખરું હોય કે? લાવની જરા હું તો પેહેડી જોઉં, કવી લાગુંછ?" આમ બોલી પેલું જબરદસ્ત નાખ તેણીએ પોતા ના નાખ ઉપર મુકયું અને આરસી આગલ જઇ જોવા લાગી. બાહેર કેકુ પેટ પકડીને ખુબ હસ્તો હતો તેપર તેણીનું ધ્યાન ગયું નહીં, "મરેરે, મુવું કેવું એબદાર જેવું લાગેછ!" બલા જાણે મારી! મારા કેવો સુન્ના જેવો ચેહરો કેવો અગલી લાગેછ!" આ પછી તેણી નાખ પાછું કહાડવા ગઇ તો ઓજજા! ત્યાંજ તે ચીટકી બેઠું! હતું પેલો સરસ લગાડેલો તે વાત તેણીને મુદલ ખબર નહીં. પણ કેકુતો બાહેર રમુજ, અને ખુશાલીને મારે ખુબ હસ્તો, જમીન ઉપર ગોલાંટ ખાવા લાગ્યો. નાજા ઘણીજ ઘભરાટમાં પડી અને નાખને બે હાથે પકડીને ખુબ જોરમાં ખેંચ્યું પણ તેતો એવું સાબુત ચોટકી ગયું હતું કે નીકલેજ નહીં.

"ઓ માયરે કોઇ આવોરે !" તેણીએ ચીસાચીસ કરી મુકી "કેકુ, તું નાપાક હરવાઇ જાય, એ શું લગાડયુંછ ! અહીં આવની, આએ નાખ કાહરની, નહીંતો કટકા ભુકલા કરી મુકશ."

કેકુ જેમ તેમ હસવું થોભાવી અંદર આવ્યો. "શું છે, શું છે ? જાઓની પાસેના ઓરડામાં તમારાં સહી ધનબાઇ મલવા આયાંછ ! અરે પણ આએ શુ ?"

"ઓ મરેરે મરેરે, હવે શું કરૂં ? પેલી ધન હમણા ઓરડામાં આવશે. જો કેકુ મરી જાઉં બધી, આએ નાખ કાહર, વરી જો, તારે પગે લાગું !" નાજાં કાલાવાલા કરવા લાગી.

કેકુએ જોયું કે હવે તાલ ઠીક આવી છે એટલે તેવણની બકરી પહાડપર ચહડી. "મને શું કહોછ ? જોઇએ તે કરો. હું શું કરૂં ? નહીં નીકલે તો રેહવા દેઓ, ઘણું મઝાનું શોભેછ !"

"અરે જો મારો દીકરો કરૂં, હવે ફરીથી કભી તુંને હાથ નહીં લગાડું. જો મારી પાસે પેલો મોટો "પેન્ટીંગ બોક્ષ છે તે બી હું તુંને આપશ."

"આપશો ? જરૂર ? ચાલો જોઉં, માફ માગો કે ફરીથી મને મારશો નહીં. મારાં કામની વચમાં નહીં આવશો."

"અરે ઓ નાજાં, કાંહ ગઈ ? આવેછ કે નહીં ?" બાહેરથી ધનનો સાદ આવ્યો.

"ઓ વાય ! ધન આવી !" નાજાં ગભરાટ અને શર

મને મારે પાણી પાણી થઇ ગઇ હતી. "હા, જો હું માફ માગુંછ. હવે કદીબી તુને નહીં મારશ."

આ પછી કેકુ કોચ ઉપર ચહડયો અને નાખને બે હાથે પકડયું અને પછી પોતે આખે ઓરડે ગોળ ગોળ દોડતો જઇ નાજાંને પણ ખુબ દોડાવી. આવી રીતે દોડતાં જ્યારે નાજાં ખુબ હાકીને ઉભી રહી ગઈ ત્યારે એક એવો તો ઝટકો કેકુએ માર્યો કે નાખ કેકુના હાથમાં નીકળી આવ્યું અને નાજાં તેના આચકા સમેત પછવાડે તુટી પડી. તેણીને માથામાં વાગ્યું અને ત્યાં જબરદસ્ત ઢીમું થઇ આવ્યું, નાખ બધું લાલ લાલ થઇ ગયું અને કપડાં પસીનાથી ભીંજાઇને ગરકાવ થઇ ગયાં.

બચાં—ભઇ કાઉ, તારી સાસુ તારી નવી છાપેલી કવીતાની ચોપડી વાંચીને કાલે રડતી'તી.

કાઉ--[ખુશી થઇને] ઓ ખુશનસીબ! શું મહારી એ ઉમદા કવીતાઓએ એટલી બધી અસર તે સંગ દીલ ઓરતપર કીધી કે તેબી રડવા ને દમભરવા લાગી!

બચાં--અરે એ તો રડી રડીને કેહેવા લાગી કે મહારા કાંહાં ભોગ લાગાં જે મેં એવી કચરા જેવી કવીતાઓ લખનાર ઉલ્લુને મહારી સુન્ના જેવી છોકરી આપી.

[કાવસજી કવીએ કંઇ નવુંજ જાણ્યું.]

ઠેકાણે આવ્યા !

—:૦:—

"શું સુનઇ, આએ ડરેસમાં તું મારી સાથે આજે નાટકમાં આવેછ?"

"હા, કાંય તે શું છે એ કપરાંને?"

"જો જો, એ કહાંથી ચીથરાં જેવી સાડી પેહરી આવી? આજે પપેટીનો દહારો બધાં લોક કકરી જશે ને તું એવી "સકર ડલ્લા જેવી શું થઇ આવી?"

ખરેખર સુનઇના કપરાં તદ્દન હાલ હવાલ હતાં. ગોલાબી સાડીનો રંગ છેડા પરથી ફક થઇ ગયો હતો અને અદીયાન પણ ડુચાયલું દીસતું હતું. બુટની એડી પછવાડેથી ઘસાઇ ગઇ હતી.

"તે તમે ઘરી ઘરી બુમ મારોછ કે કપરાં પર ઘણો ખરચ તેથી આએ વખતે પપેતી પર કંઇજ નવાં કપરાં મેં લીધાં નહીં. આએ ગીયે વરસ પતેતી પર લીધીતી તે સારી છે. વરી ખરાબ શા વરે થઇ?"

"તો શું આજે બધાં ટીપટાપ થઇને આવશે ને તું મારી સાથે આએ સુરીયાનાં કપરાંમાં આવે તો મને ખરાબ નહીં લાગે? ઘણો ખરચ કરવા ના કહયું તેથી પપેતી જેવે દહારેબી સોજાં કપરાં નહીં પેહરાય કે?

"પણ હું શું કરૂં! તમે ઘરી ઘરી ચીથરાં ફારયા કરો તાહરે મારો શું વાંક?

"ચાલ, જા, માથું ના ખા. સોજાં કપરાં પેહરી આવ, નહીં તો નાટકમા જવાના અભારા કર. ખોરદાદસાલ ને દહારે જઇશું, તેટલાં નવાં કપરાં લઇ રાખજે."

"વારૂં."

આટલો જવાબ આપી સુનાબાઇ ડસ્સામાં માળપર ચહરી ગયાં. તેવણના વર સોહરાબજી ચાટ જેવા મુછ મરડતા બેસી રહયા. પોણા નવ થઇ ગયા હતા અને સુનઇ નાસી પાસ થઇને સુઇ ગઇ હશે એમ ધારી સોહરાબ કાંઇ વાંચવાનું લઇને બેસવા જાય છે એવામાં ઓરડાનું બારણું ઉઘડયું અને સુનઇ પાછી દાખલ થઇ, તેણી માથાંથી પગ સુધી નવાં સોજાં કપડાંમાં સજ થઇ હતી. કસબી બાદલાંની સફેદ સાડી, નવુંજ સીવાડેલું બદીયાન તથા પગમાં નવાંજ બુટ પેહરી તેવણ દીપી રહયાં હતાં.

સોહરાબ તો ચકીત થઇને જોવા લાગ્યો, "અરે એ શું ફેરફાર? એટલાવારમાં તઇયાર થઇ! દુનીયાની નવી નવાઇ? પણ એ કહાંથી લાવી?"

"મેં તઇયાર કરાવેલાંજ ઉતાં, પણ સોજાં કપરાંની અગત તમારે મોહને બોલાવવાજ પહેલાં એવાં હાલહવાલ કપરાં પેહરીયાં. જો પહેલાંથીજ એ નવાં કપરાં પેહરી આવતે તો તમે ખરચ ખરચના બુમાટા મારી મારો જીવ સારે સપરમે દહારે કકલાવતે. ચાલો, હવે તો તમુને ખરાબ નહીં લાગશેની?"

બીલ્લુ સપડાવવાની નવી નવી રીત.

બત્રીસ વરસની કુંવારી બચ્ચાં કાંઇ લખવામાં ગુંટાયલી છે. તેણીનાં ખભાંપરથી જોતાં માલમ પડે છે કે પોતની ખાનગી ડાએરી લખવામાં તેણી ગુંટાયલી છે. નીચે પ્રમાણે વાંચો :—

તા૦ ૩ જી મે—આહ! હવે એક વખત તેની મીઠી સંગતની આદત પડીયા પછી તેના વગર જીવવુંબી અકારૂં લાગેછ. ઓ હું તેને કેવા ખરા પ્યારથી ચાહુંછ! હજુ હું પચીસ વરસની છેઉં જોકે લોક તો અદેખાઇના મારયાં મને તીસને બત્રીસ વરસની કરી મુકેછ—ને પચીસ વરસમાં કંઇ પણવાની ઉતાવલ નથી, પણ મને લાગેછ કે અદી વગર હવે મારાથી રહેવાય નહીં. ઓ પણ હું શું કરૂંછ? મારા દીલના ખાનગી ઉભરા કાગજ પરબી લખતાં મારા હાથ ધ્રુજેછ.!

તા૦ ૫ મી મે—અદી જાણતો હોશે કે કાલે એના ડગલાના બે બટન તદન ઢીલાં થઇ ગયાં હતાં તે મેં હરસે પાછાં ટાંકીયાં હતાં! એ તો પપા સાથ વાતે ગુંટાયો હતો પણ એ પપા સાથે શું વાત કરતો હોશે? હું જાણુંછ કે એને મુદલ પઇસાની દરકાર નથી. મને જે સાહઠ હજાર રૂપ્યાનો ફાલો મારાં મમઇનો મલવાનો છે તે એ નહીંજ જાણતો હોય તો સારૂં, નહીં તો કોઇ એમ કહે કે પઇસાપર પણયો! પણ અદી વગર એ સાહઠ હજાર રૂપ્યા મને શું કામના? મારૂં

જો ચાલે તો એ આખી રકમ હું એના પગ આગળ મુકી દેઉં-કેમજે મારા કરતાં એ એનો સારોજ ઉપયોગ કરે.

તા૦ ૧૦ મી મે-ખચીત અદી તે અદીજ છે. એના જેવો હોસ્યાર ને દેખાવલો બીજો કોઇજ નહીં હશે. એને સારૂં ખાવાનોબી શોખ લાગેછ. ખીમાના પેટીસનો ઘણો શોખ દીસેછ—મમા કેહછ કે તે પેટીસ મને ઘણાં સરસ કરતાં આવડેછ. વરી મમાતો એમબી કેહછ કે હું જેવી રોસ્ટ મરઘી ને બદામ દરાખની ખાચરી બનાવી શકુંછ તેવી ઘણાં થોડાંથી થાય. પણ હવે મમાતો જરા દીકરીની તારીફમાં વધારેજ બોલે તેથી મારે ફુલનજી નહીં બનવું જોઇએ.

તા૦ ૧૫ મી મે—બઇરીં જાતની ફરજ છે કે પોતાનું ઘેર સુંદર બનાવવું-જેથી માટીડો ખુશ થાય. પણ તેમ વરી રોજને રોજ માટીડાને કલબમાં જતો અટકાવવોબી ગુનાહનું કામ છે. હું તો પરણુશ તાહરે કદીબી તેમ કરશ નહીં ને મારા વરને છુટો ફરવા દેવશ. વરી હોમલીબાઇની વાયજમાં છે તેમ વરને ઘરી ઘરી લેકચર આપે તેવાં બઇરાં પરતો મને ધીક્કારજ છે."

અતરે લખવાનું પુરૂં કરી બચુબાઇ કલમ મુકી દઇ ઉઠયાં. "બસ આએ ઘણું મજાનું લખાયુંછ. હવે એ ડાએરી જાણે હું ભુલી ગેઇ હોવું તેમ ઉઘાડીજ આગળા ઓરડામાં ટેબલ પર મુકું-અદી આવશે તેવો વાંચશે તો ખરોજ! જો એ વાંચીનેબી બીલ્લુ નહીં સપરાયો તો પછી આશા છોડવી પરશે!"

હુ માસ્તર ?

જમશેદ એસ્કો વેલાત જઇ આંવ્યો, એટલે પોતાને ઈંગરેજી તો શું પણ ફ્રેન્ચ ભાશાનો પણ મોટો પ્રોફેસર સમજવા લાગ્યો. તે મોટી મોટી ડફાસો હાંકી આજુબાજુનાંઓને છક કરી નાખવા માગતો અને દર મીનીટે મોટા મોટા ફ્રેન્ચ શબ્દો બોલી નાખતાં ફીફડાં ફફડાવતો. જમશેદની વીસ વરસની બેહન ખોરશેદનું આથી બહુજ પાકી ગયું. પોતાના ભાઇની આવી પતરાજી તેણીને મુદલ પસંદ નહીં હતી. તે ચાલાક પોરીએ એક દીવસે પોતાના ભાઇની આ ખોડ ભુલાવી.

જમશેદની સાલગરેહનો દીન હતો અને થોડાક નોતરેલા પરોણાઓના કુંડાળામાં બેસી જમશેદજી પોતાની સફરાજી ચલાવતા હતા તેવામાં ખોરશેદ ઓરડામાં આવી. તેણીના હાથમાં એક કાગજની કાપલી પકડેલી હતી. તેણી બહુજ "સીરીયાઉસ" ડાચું કરી ભાઇ આગળ આવી.

"જમશેદ, જીમી, જોની. કાલે ફરવાથી આવતા રસ્તામાં એક ઘણુંજ મોટું પાટીયું એક દુકાનપર મારેલું ઉતું. તેની ઉપર કંઇ આએ બોલો લખેલા હતા. મને લાગેછે કે એ ફ્રેંચ હોશે. જોની, વાંચીને સમજાવની, તું તો ફ્રેંચનો ઉસ્તાદ છે!"

આમ બોલી ખોરશેદે કાપલી ભાઇના હાથમાં મુકી જેની ઉપર લખેલું હતુ કે Con sultu sabo utyo urey es.

જમશેદે પાંચેક મીનીટ સુધી તે કાપલી આંખ આગળ ધરી વાંચવાની ઘણી કોશેશ કીધી. આમ ફેરવી, તેમ ફેરવી, પણ આ ગબરડા છબરડા જેવું શું લખ્યું હતું તે સમજ

પડયું નહીં. ખોરશેદ તો જાણે કશામાં હોયજ નહીં તેમ વાતે ઉભી હતી. જમશેદ, લાલ લાલ થઇ ગયો.

"ઓવાય જમશેદ વાંચની, શું થયું? એટલું વંચાતું નહીં કે?" માયજીએ પુછયું.

"શું છે? ભઇ, વાંચોની," લુચ્ચી ખુરશેદ બોલી.

"આએ કંઇ તદન શુધ્ધ ફરેંચ લાગતું નથી. બીચારા કોઇ અરધુ ભાગું સીખેલાએ ખોટા ખોટા બોલો ઠેસવી દીધાછ," જમશેદજીએ અંતે મત આપ્યું.

"પણ તારે એ શું ભાષા છે? લાટીન છે કે જરમન છે?"

"નહીંરે, બોલો તો ફરેંચજ છે, પણ બીચારો પાટયું રંગનારો કોઈ અકકલનો ઓઠમીર હોશે તેને તદન ખોટા ઉચ્ચારો ઠેસવી દાધાછ. ગરીબ બીચારો! આવરે નહીં તાહરે કોઇ હોસ્યાર માણુસની સલાહ કાંય નહીં લેતો હોશે?"

"એમ? પણ જમશેદ," ખોરશેદ ઠાવકું મોહડું કરી બોલી, "તમે કેહોછ કે એ ફરેંચ છે. પણ આપરા કાવલા બબરચીએ સહવારના એ કાપલી મારા હાથમાંથી વાંચવા લીધી ને તે તો મને કેહતો તો કે એ તો અંગરેજીજ લખેલું ને તેનો મીનીંગ—

Consult us about your eyes થાયછ પણ પાટયાં રંગનારે બોલો ગુંચવાવી નાંખ્યાછ!"

ઓ-તારી! વાતતો ખરી! ફરેંચના પ્રોફેસર જમશેદજી સરવેની હસાહસ વચ્ચે ઓરડામાંથી નાઠા.

તમારા સમ!—ખરી વાત છે!

હું-સેવક પોતે-૨૦૧૬ ની સેનત્રલ પારસી એકેડેમીનો ખાસ મુલાકાત લઇ આવયો છું?

હું ખવડ ખત્રડમાં પડયો હતો!

કોહ છે?-એનું સત્યાનાશ જાય!-કોહ છે હજુ પેલી પચાસ લાખની પારસી સેનત્રલ કોલેજ? હા બાપુ-હું અસલથીજ ઘણો ચટપટયો ને ખટપટયો માણસ, એટલે આ પારસી સેનત્રલ કોલેજનો બોલ બંદા મ્હોનાંમાં પકડી બેઠો કે પછી તે માહભારત 'આઇડીયા'ને અમલમાં આવેલો જોવા વગર મને તો જાણે અકડ ને વકડ થયા કરી! તમે માનશો? નયુસપેપરોમાં અડધા કરોડની પારસી એકેડમીની યોજનાઓના હેડીંગો બસ જયારેબી વાંચુ કે ખુશાલીને મારે મારી બે-ત્રતીયાઉંશ ભુખ ભાંગી જાય! જાપાન અને અમેરીકાથી બોલાવી મંગાવેલા બધા એક્ષપર્ટ ઓલમાઓ આપણી ઉઘરતી ઓલાદને તાલીમ આપશે-બધા યુરોપીયન વીદવાનો અને પ્રોફેસરો આપણા બુચાઓની સાથે એક ઓરડામાં ખાશે-પીશે ઉંઘાશે અને અવાચીઓ ખાશે--ચાલ જા! મેં જોયું કે પારસી કોમનો હવે દાહડો ફરી જવાનો! મેં તો પાંચ છ

નવા પરણેલા મારા દોસ્તદારોને મજબુત ભલામણબી કરી મુકી કે "જોવરે એઇ અદુખરાઓ, ડાહ્યા હોવ તો તમારા બુચાને બસ સાહડાત્રણ મે વરસેજ આય પારસી સેનત્રલ કોલેજમાં જરૂર જરૂઉઉર ઢકેલી દેજો!—આયાની કેપર હોય તેટલાંજ મોકલશો તો તેની 'કરેકટર' બરાબર 'ફોર્મ' થશે!',

હું ઉલટમાં ને ઉલટમાં ખોટી ગહયો—અને પચાસ લાખની પારસી એકેડમીની સ્થાપના થવાનો કંઇબી સંસારો 'જામે'માં જોવાની અધીરાઇએ સુકાઇને સોટી બની ગયો. આજે પંદર લાખ જાહેર થશે—કાલે એ યોજનાના અગરે સરો કંઇ ચોકકસ ખબર પાડશે-એવી આશામાં મને કાંઇ જાણે સુજબી નહી પડે! નખોદ ગયા સ્વપનાબી એના ને એનાજ આવે!

હોવે! હું ખાટો બટાક મારી ગયો હતો. મને તો બસ એમજ લાગ્યા કર્યું કે મી૦ જહાંગીર વીમાદલાલે અને તેમના થીઓસોફીક મીત્રોએ આપુને બનાવ્યા! પચાસ લાખની પારસી એકેડેમીના પ્રોમીસપર પ્રોમીસ આપ્યાં ને—બધું સુતમ સુતા! કેહજો મી૦ જહાંગીર પીટીટ જરા પરવારશે કે કોલેજ ઉભી થયલીજ છે! છટ બીચારો જહાંગીર પીટીટ કોણ જાણે ડાહરેબી પરવારે—તેટલાં શું આપણે અકડું બેસીને વાટ જોયા કરયે કે? મને ઘણો ખભરાટ લાગ્યો——

પણ તેટલાં ચાહતું ખુદાનું તે મારૂં દેવલાલી જવાનું થયું.

થોડા દીવસ રજા ઉપર ગયલો એટલે કામ ને ધંધો બીજો હોયબી શું? ૧ લી જુલાઇ ૧૯૧૬ નો દીવસ હતો. બપોરનું ઘાનશાખ ઘણું ફક્કડ હતું અને—તમારા સમ!—જરા

અડધું ગલાસ મોહવડું સાથે લઇએ છીએ ત્યારે એ આપણા જરથોસ્તી બાપદાદાઓની 'ફેવરીટ' વાણી ઓરબી વધારે સ્વાદ લાગે છે! ડગરીને બાહેર વરંડા ઉપર પડેલા સોફા કોચ ઉપર ચટોપાટ હું અરડાયલો હતો. બરાબર સામે મી૦ દેવલાલી ઝોરાસ્ત્રીયન બોર્ડીંગ સ્કુલને જોતાં જોતાં વળી મારે હઇયે પચાસ લાખની સેનટ્રલ પારસી એકેડમીનો હાંકુરો ચઢી આવ્યો. ચુંચી આંખ્યો કરી—છાતીપર ગોચો ટકીયો દાબી—મેં આ એકના એક ધાન ખાવાના વીચારને છંછેરી નાંખવાની કોશેશ કરી–પણ તેટલાં—

* * *

સબર! એ ઠીંગણું હબ્બુસ જેવું કોણ સીડીપરથી ચઢીને હું પડેલો હતો ત્યાં આવતું હતું?

હજી તો હું કપાલપર કરચલી વાલીને બરાબર તેને જોઉં તેટલાં તે વેંહત્યાં જેવું કોઇ વાંકું વંડારૂં સરભોગ હસ્તે મોહડે ઉપર ચઢી આવ્યું–અને એક નાહલ્લી છલાંગ મારી સામે વરંડાનાં કટેરા ઉપર કુદી બેઠું!

"કોણ છેઓ?" મેં જરા તોરથીજ પુછ્યું—

તે આકાર હસી પડયો!

"કેમ એઇ?" તે કાંઇ અજબ ચીચવાટ ભર્યા સાદે બોલ્યો, "એમ રરતો ચનાવાલો શાનો થઇ ગીયોછ? પીજામ, જુના દોસ્તને ઓર ખતોબી નહી કે?"

સોફા ઉપર અતરંગ બેશી ડોળા ફાડીને આ વીચીત્ર વેંહચ્યાં ગમ હું ટીકવા પડયો, પેહલે ઘરથીજ તે મને જાણે કંઇ ઓળખાણમાં આવ્યો હોય તેમ લાગ્યા કીધું હતું–અને હવે—

અચબુચ ઘરર કરતો હું ઉઠી ઉભો. મારેથી બુમ પડાઇ ગઈ—

"કેકાઉસ દેવ! બાઇ જોવ!!"

"હા, પીજામ! તારો સેવક કેકાઉસ દેવ પોતે! કેમ, ૨૦૦૬ ના "ભયાનક ભુસ્કા"ની ખુમારી હજી ઉતરી નથી કે?"

સોફા ઉપર અતરંગ બેશી ડોળા ફાડીને આ વીચીત્ર વેંહત્યાં ગમ હું ટીકવા પડયો. પેહલે ઘરથીજ તે મને જાણે કંઇ ઓળખાણમાં આવ્યો હોય તેમ લાગયા કીધું હતું— અને હવે—

અચબુચ ઘરર કરતો હું ઉઠી ઉભો. મારેથી બુમ પડાઇ ગઇ—

"કેકાઉસ દેવ! બાઇ જોવ!!"

"હા, પીજામ! તારો સેવક કેકાઉસ દેવ પોતે! કેમ, ૨૦૦૬ ના "ભયાનક ભુસ્કા"ની ખુમારી હજી ઉતરી નથી કે?"

અહીં તે ખુબ ગેલથી હસી પડયો.

હું ગભરાટ અને ખુશાલીની ભેગી લાગણીને મારે ધબ કરતો પાછો બેસી ગયો—

"તું અહીં પાછો?" મેં અકળાઇને પુછ્યું, "કેકાઉસ! તારી સાથની છેલ્લી મુલાકાતો પછી અને ઇસ્વી સન ૨૦૦૬ ના જમાનાની અદ્ભુત દુન્યા તેં મને થોરા દાહડા દેખાડયા પછી મેં મારા અનુભવો એક ચોપડીના આકારમાં બાહેર પાડયા તે તું જાણેછ કેની?—"

"હા! અંગ્રેમેન્યુસ સાથ એગ્રીમેંટ!"

"એકઝેકટલી! પણ આજે તુંને પાછા મળવાની મેં

આશા નહીં રાખી'તી. તું કાંય આયો? મારી સાથે વરી શું કામ છે?"

"પીજામ, એમ ચીઓ ના થા. તું પચાસ લાખની પારસી સેનત્રલ એકેડમીને હસ્તીમાં આવેલી જોવા માટે એવા આભરખોધાઓમાં પડયો કે મને તારીપર દયા આવી. આજે જરા ફુરસદ છે તે મકું ચાલ તુને જરા તાંહ ફેરવી લાઉં !"

" તાંહ ?—કાંહ ?"

" પારસી સેનત્રલ એકડમીમાં."

"એટલે ?—હજુર તેનું ઠેકાણું કાંહ બરીયુંછ જે ?"

"ઠેકાણું બેંગલોરમાં મુકરર થઇ ચુકવાને આજે એક-ત્રીસ વરસ ઉપર થઇ ગીયાંછ ?"

"એ શું બકેછ ?"

"એમ કે છત્રીસ કરોડની પારસી સેનત્રલ કોલેજ ૧૯૯૫ માં બેંગલોર ખાતે સ્થપાઇબી ચુકીછ !"

"૧૯૯૫ માં ! આજે ભાંગ પી આયોછ શું ? આજે શું તારીખ થઇ ?"

"આજે ? આજે થઇ ૧ લી જુંલાઇ ૨૦૧૬ !"

"૨૦૧૬!-કેકાઉસ એમ શું કરેછ જો !! આજે ૧૯૧૬નું વરસ કેની ?"

"નહીં દીકરા—ઇસવીસન બેહઝાર સોલનુ વરશ. તુને હું છેલ્લો અડધો કલાક થયો બરાબર એકસો વરસ પછીના જનમા-રામાં ઘસડી ગીયોછ. લે ચાલ, ટાંહેલાંમાં વખત ના ગુમાવ. ઉઠ, હું તુંને બેંગલોર લઇ જાઉં. તાંહની સેનત્રલ પારસી

એકેડમીનો રાહઘાટ નજરે નજર જો—તે પછી ખોદાયને ખાતર એ બોલ મોંહનામાંથી મુકજે.”

હું આસ્તેથી ઉઠવા ગયો-પણ તેટલાં મને તમ્મર આવી ગયાં. એક મીનીટ બધું અંધારૂં અધારૂં બની રહયું. અને—

* * *

યે ? હું કયાં હતો ?

એક ગંજાવર જબરદસ્ત ઇમારતની 'કોરીડોર' માં હું અને કેકાઉસ જોડે જોડ હીંડતા હતા.

"આય સેનત્રલ પારસી એકેડમીનો મુખ્ય 'લેકચર હોલ' છે, પીઆમ." કેકાઉસે ચલાવ્યું, " નહીં બીહ ના—આપણે એઉ જણા અણદીઠ એટલે iuvisible છેઇયે. કોઇ આપુને જોઇ શકશે નહીં-જો કે આપણે સઉને જોઈ શકયેછ. ૧૯૫૬ માં પારસી થીઓસોફીસ્ટોએ આય 'એકેડમી' સ્થાપવા માટે ૯૪ કરોડ, ૮૨ લાખ, ૬૩ હજાર, ચારસોને ઓગણોતેર રૂપીયા અને પોણા સાત આના માંગયા-પણ તે નહીં મલ્યા. મોટા માહત્માઓ અને "માસ્ટરો' રોજ આવીને એ લોકના કાનમાં કેહી જયા કરે કે ચીનની ડાવેજર એમપ્રેસ ૧૫ાા કરોડ આપવા કેહછ ને કોરીયાનો પ્રીંનસ બે-છી-૫ુ સવા તર કરોડ આપવાનો છે. ઇતયાદી-પણ કોઇયે દોહરીયાં તોલ્યાં નહીં. એટલે એ બાહદુર પારસી થીઓસોફીસ્ટોએ અંતે નાહલા પાયા ઉપરથી શરૂઆત કરી આગળ વધવાનો ઠરાવ કીધો ને ફકત ૨૧ રૂપીયા—૧૨ આના અને અક ફદીયાંથી શરૂ કરી આય છત્રીસ કરોડની એકડમી આસ્તે આસ્તે ઉભી કરી!

"શું કેહેછ!"

"સાચ્ચુ' કેહુ'છ. જો આય કલાસમાં જે પ્રોફેસર લેકચર આપેછ તે જરા સાંભળ. એ પ્રોફેસરને ખાસ આપણા ચાંદપરથી તેડાવી મ'ગાવ્યોછ—"

"કાંહથી ?"

"ચાંદ—ચ'દ્રમા—પરથી. અલબત એની ભાશા તુ' કાંહથી સમજે ? પણ આય પોરીયાઓ બધા સમજેછ."

"પણ એ એક છોકરાની આંખ સાથે શું ફાંફાં મારેછ?"

"હું સમજાઉં. તમારા વખતથીજ ઉધરતી પારસી ઓલાદની આંખ-આઇ સાઇટ-દાહડે દાહડે બગડતી જવાની ફરીયાદ ચાલુ હતી. આય એકેડમીમાં તે ખામીપર ઘણું'જ ધ્યાન આપવામાં આવેછ અને ભવીષ માટે એના સ'બ'ધમાં ઉપાયો લેવાયછ"

"શું ઉપાયો ?"

"તે એમ કે ખોદાયે આપુને દરેકને બે આંખ આપી તે બેઉનો સામટો ઉપયોગ કરીને શું કામ જોવાની શકતીનુ' તેજ આપણે ખપાવી નાખ્યે ? તેથી છોકરાઓને અહીં આય પરોફેસર એવી તાલીમ આપેછ કે બસ એક આંખ રીઝર્વ માં રાખવી-યાને એકજ આંખે જોવું ને બીજી આંખ બ'ધ કરી રાખી મુકવી !"

"ઓ -તારી !"

"હા-તેજ મીસાલ નાકનું એકજ ફીફડુ' વાપડવાની અને એકજ કાને સાંભળવાની બી સ્પેશીયલ ટ્રેનીંગ અહીં અપાયછ. થીઓસોફી પ્રમાણે માંણસ જાતે બનતાં સુધી પોતાના ખાકી શરીર ઉપર સ'પુર્ણ કાબુ રાખતાં શીખવું જોઇ

યં. પણ આગળ ચાલ આય જમના હાથપરના કલાસ રૂમ માં છોકરાઓ શું કરેછ તે જોયું કે?"

"નહી—એ લોક એમ અકડું કાંય બેહાછ?"

"એ તો રોજ દમ ઘુંટી રાખવાની એ લોકને અહીં તાલીમ મળેછ. ચટાઇપર અકડું બેસીને નાકનું ટીચકું જોયા કરી ને ત્યાગ કરવાનું એ ખાસ શીક્ષણ છે. ફીનચીનજંગા નાં પાહડ ઉપરથી આવેલા સ્પેશીયલ બુધીસ્ટ યોગીને એ માટે પરોફેસર તરીકે નેમ્યોછ."

"ને આય લોક ભીંત સાથે માથાં કાંય અફારેછ? બા ચારાઓનું ઘસ્યુંછ કે શું?"

"નહીં—એ ત્રેનીંગ અહીં એક ટીબેટનો લામા ખાસ પરો ફેસર તરીકે આવીને આપેછ. ઉઘરતી જરથોસ્તી ઓલાદના કહેજે ભેજા પોચાં પડતાં જાયછ તે આય પ્રમાણે સાયનટી ફીકલી ભીત સાથ રોજ અડધો કલાક પોણો કલાક ટાળકાં અફાર્યા કરે તો આગળ ચાલતાં પારસી 'જેનરેશન' મગજ શકતીમાં ઘણી ઉંચે તબકકે પુગે—એમ આય એકડમી સ્થાપ નારા અકલટાંસ્ટોનું કેહવું છે."

મેં તો બોચી ખજવાડી—આ એકેડમીના આવા તાજુબી ભર્યા કરીકયુંલમને નજરો નજર જોઇને ખચીત હું તો તાટજ થઇ ગયો હતો. આગળ ચાલતાં એક મસ મોટો ડાઇ નીંગ રૂમ આવ્યો. આશરે હજારેક છોકરાઓ ત્યાં કાઇ સુકકાં પાતરાં જેવું બચર બચર ચાવતા હતા.

"એ લોક શું ખાયછ?" મેં અજાયબીથી પુછ્યું.

"ઝાડનાં સુકકાં પાતરાં અને મુળયાં!"

"કાંય?"

"અરે બા—એ એકેડમી પરવરતાવનારાઓ તો આજે વરસો થયાં પારસી કોમ ને વેજીટેરીયનજ બનાવવા પાછળ મંડલાજ હતા. એ લોકનો એક મોટો માહુતમા નામે લાભશંકર લક્ષ્મીદાસ કોઇ થઇ ગીયો તેણે પારસી કોમના ૩૮૬/૪૯૧ ભાગને ભાજી ખાઉ બનાવી મુકયા—ને હવે આય ભવીષ્યની ઓલાદને અહીં એમ વેજીટેરીયનુ તાલીમ મળેછ. કેહજે ગોશ સડેલું હોય તે પરખાતું નથી તેથી ભયંકર પરીણામોની ધાસ્તી રહેછ. વળી હમણાં બધે મોંઘવારી ઘણી થતી ચાલેછ તેથી બનતાં સુધી આવા કુદરતી સસ્તા ખોરાક—ઝાડના પાત્રાં ને મુલ્યાં પરજ જીવવાનું શીક્ષણ ઉઘરતી પારસી ઓલાદને આપવાની ખાસ અગત છે."

"ને અહીં આય દવાખાના જેવું શું છે—બધાઓને દવા આપેછ કે શું?"

"હા—અહીં અઠવાડયાંમાં ત્રણ વખત દરેક વીદ્યાર્થીને જમાલગોટાનો મજબુત જુલાબ આપેછ."

"અઠવાડયામાં ત્રણ વખત!! બાપરે!"

"એ એકેડમીવાળાઓનો મજબુત ખ્યાલ છે કે આમ ખાઇ શરીર ઉપર સરસાઇ મેળવતાં શીખવાની ઘણીજ અગત્ય ઉઘરતી ઓલાદને છે—"

"તેથી!"

"તેથી જમાલગોટો આપી ઉપરથી ઘણી સ્ટ્રોંગ ચાહે દહાડામાં પાંચ વખત પાયછ કે કોઠો ઘણોજ હલકો રહે અને ઘરૂજનીઓ ઉતપન થવામાં અલબતાં સવળતા થાય. વળી

બએ દહાડે દરેક ચેલાને પોણો શેર બંગાલી ખાંડના ફાકા મારવાની ફરજ પાડવામાં આવેછ—"

'હેં ?"

"હા—કે જેથી પેટમાં મોટા કરમ થાય ને ઉગ્રરતી પારસી ઓલાદ કરમનો કાયદો બરાબર પીછાણતાં શીખે!"

પાછી મને મારી ગરદનપર ચીડ લાગી આવી—

"એ લોકનો દાહડો બળે એ લોકનો! પણ હું એમ પુછું, કેકાઉસ દેવ, કે આય બધા પોરીયાઓ ધોત્યાં કાંય પહેરેછ ને માથાંના બાલ બધા લાંબાલચક કાંય રાખેછ? એ આય મોટી ઉમરના અભ્યાસીઓ ઝારૂસ જેવી દાહરી કાંય રાખેછ ?"

કેકાઉસ ખડખડ હસી પડયો—

"કલેજાં—બધા મોટા માહત્માઓ એમજ બાલ ઉગારે! પણ અહીં થીઓસોફીસ્ટ અગરેસરોને હસ્તકનો વીભાગ પુરો થયો. હવે આવ બીજે માળે."

હું મુંગો મુંગો મારા ગાઈડ અને દોસ્તની સાથે માળપર ગયો. ત્યાં જોઉં છું તો એક ઓરડામાં કેટલાક ચેલાઓ હારેદાર બેસીને સુતારના હથીયારો વડે કઇ નાના રમકડાં જેવાં વાહણો અને સ્ટીમરોને ભાંજફોડ કરતા હતા.

"એ લોક શું કરેછ?"

"ટેકનીકલ કેળવણી, દીકરા. એ લોકને વાહણ ભાંજીને પાટલા બનાવવાનો હુન્નર ખાસ શીખવવા માટે આલબરૂઝના પાહડ ઉપરથી એક પ્રોફેસર મોટે પગારે રોકયોછ."

થુંક ગળીને હું જરા આગળ ચલ્યો—

"એ આય થોડા જણા અહીં ખાલી હવામાં હથીયારો કાંય ફેરવેછ?"

"એ તો ઉધરતી પારસી ઓલાદને એક બીજી સ્પેશીયલ તાલીમ મળેછ—તેને સારૂં આલ્પસ પર્વતની ટોંચ ઉપરથી ખાસ એક પ્રોફેસર આયોછ—"

"પણ શું તાલીમ?"

"હવામાં કીલ્લા બાંધવાની! ને વરી અહીં જો; આય કલાસમાં સફાઇથી લોજીકલ ઘપે લોકની નીંદા કેમ કરવી તેનું શીક્ષણ અપાયછ--અહીં સાહુકારીથી સાયનટીફીક ધપે કંઇની લાઉ કેમ કરવું તેનું લેકચર અપાયછ. આગળ ચાલ—અહીં આય ઓરડામાં વીસ્કી ઘણો પી ને ફીઝીઓલોજીકલ રૂઢીથી કેમ જેરવવો તેનું શીક્ષણ અપાયછ-અહીં આય કલાસમાં રેસીંગની અંદર ધમધુકાર બેટીંગ કરીને લાખના બાર હજાર કેમ કરવા તેનુ એકાઉનટન્સી જ્ઞાન છોકરાઓને અપાયછ-શું છે હાંસો શાનો આવી ગીયો?"

ખરેખર! મને એકાએક હાંસાની ગુંચ ભરાઇ આવી હતી. હું ખુબ હાંસવા પડયો. અંતે એક નરમ ગોરો હાથ મારાં ખભાં પર કોઇએ મુકયો અને મને જોરથી હીલવ્યો ત્યારેજ મારી ઊંઘ ઉડી—

"ઓ વાય! શું છે?-બધી ગામની ઉંઘ તમારામાંજ ભરાઇછ કે? બધી મુઇ આંખ બી કોહી જશે? લે ચાલો ઉઠો—સાહરા ચાર થઇ ગીયા, ને ચાહે ઠંડી પરેછ."

માયજી—શું તાહરે, બાનુ, તું તારાં માસીને ત્યાં કોલાબે તંબુમાં રહેવા ગઇ તાંહ પેલા મંચીને કબુલ કરી આવી.

બાનુ—હા, માયજી, મેં મંચી સાથે પણવાની કબુલાત આપીછ.

માયજી—એણે જયારે માંગું કીધું ત્યારે રાતના સાત વાગાનો વખત ઉતો વારૂં ?

બાનુ—હા, માયજી, તમે કેમ જાણ્યું ?

માયજી—ને તે વખતે ઘણી સરસ ચંદની પડતીતી?

બાનુ—હારે હા, પણ તે તમુને કોણે કહયું ?

માયજી—ને તે વખતે તમે લોક બે જણા એકલાં દરીયે કીનારે શાંત પવનની મીઠી લેહેરીમાં ફરતાંતાં વારૂં ?

બાનુ—પણ માયજી——"

માયજી—ને દુરથી બેંડસ્ટાંડ ઉપર વાગતાં બેન્ડનો મીઠો ધીમો સરોદ તમારા લોકના કાન પર પડીને તમુને ખુશ કરતોતો?

બાનુ—(અજબ થઇને) હા !

માયજી—ને દરીયાના મોજા સફેદ દુધ જેવા આવીને તમારા લોકના પગ આગળ પડાતા ?

બાનુ—હા. એ બધું ખરૂં છે, પણ માયજી તમે કેમ જાણ્યુ ? તમુને કોણે કહયુ ? અં—કહોની, જો વરી ?

માયજી—કહયું કોઇએ નહીં, પણ મેં જાણ્યું કે એવાજ કોઇ વારતાની ચોપરીમાં હજારો વખત વાંચીને કુચો થઇ ગયેલા સંજોગો વચ્ચે મંચીએ માંગુ કરવાની તક લીધી હોસે-નહીં, તો તું કદીબી એવા મંચી જેવા બેવકુફ, અકકલના બોથમીર ગધેરા સાથે પણવા હા કહી આવતે નહીં!"

મારી માકીનું નાક.

[રતુબા રાહીમ-માસ્ટર મારો અસલનો સ્કુલ ફરેનડ થાય! મેં વચમાં સાંભળયું કે તે બીચારો એક ઠુસરી પોતાની કુમારી ગરદનપર તુર્તનીજ નાખીને પરવારેલો હતો. તેના લગનની ખબર 'જામે'માં વાંચવા પછી મને તે આઠેક દાહડા રહીને ટરેનમાં અચાનક મલી ગયો. મેં તેને પુછયું—"કેમ, રતુ દીકરી—તારા પરણેલા સંસારનું નવું ગાડું કેમ ગબડેછ? મેં સાંભળયુંછ કે તારી માકી ઘણી 'પ્રીટી' છે—ખરી વાત કે?" મારી અજાયબી વચ્ચે રતનજીબા તો જવાબમાં નીચલી નાની જેવી કવીતા મારી આગળ લાંબા ટુંકા હાથ કરીને કાંઈ બકી ગયા!—પીજામ,]

કવેતના દેવતા! તું અરજી સાંભળ,
જો કે છે કવેત મુજ તદન એખરો;
પણ મંદીરમાં તુજના હું થાઉછું દાખલ
હીમતથી દોરવા એક "ઉત્તમ ચહેરો.'

આ જુલમગાર જેહાનમાં નથી કરાર,
આ દોરંગી દુન્યાની ખોટી છે સાખ;
સર્વ કોઇ કહે છે કે મુંજની દીલદાર
માકીના મુખ પર છે "લંબાચું નાક."

અય નામચીન ફીરદુસીનાં માનવંતાં રૂહ!
કમીની કવેત મુજ તેજી કરો;
થાવો મુજ સમ એકવાર રૂબરૂ,
હરખથી વણું એક "પ્યારો ચેહેરો."

આ તપેલાં હૈડાંનો એકજ મલમ
હોવાથી સોધું છું એતોની પાંખ;
મુજ દોસ્તોના હસવાથી થયોછ જખમ.
હસ્યા-જોઇ માકીનું "કફોડું નાખ."

મોહબતની મજાહ હું સાફ દીલથી કહું
હું માકી સંગ ચાખું છું છુટથી ખરો;
દોસ્તો સઉ એક મત-કે ખુબસુરત બહુ
માકીનો "દીલપઝીર, દીલ ચશ્પ ચેહેરો."

હા, એક મત વખાણ-પણ હીરજીની પહેલ
સાથ બેહલી ને રૂસ્તમે કરી મજાખ;
તે નાપેકાર ત્રગડીને પડતી બહું ગેલ.
દેખી મુજ માકીનું "કદરૂપું નાખ."

ત્રણ નુંકતેચીન એકકા! ત્રણ રમુજ ભંડાર!
હું ઉડાવવા તેમને છું પંચેલ બરો,
નથી મને ઠઠ્ઠાની સેહેજબી દરકાર,
જ્યાં સુધી હોય જો તે "દીલખુશ ચેહેરો."

સાંજના બસ ચહડાવી મુછો પર તાવ,
ટીકેછ તે છોકરીને વખતો લાખ;
ને લુચ્ચાઓ આપે છે હવે સરપાવ
હીણી મુજ માકીનું "કમબખત નાક."

પ્રીત મારી કવેતમાં કેમ હું દરશાઉં?
દુન્યાનું બીજું સુખ છે બસ કચરો,
માકી સાથ પાળ પરથી જયારે હું જાઉં
ત્યાર વખાણે સઉ તેનો "સુંદર ચેહેરો."

પણ હરદમ મુંજ મીત્રો તે મુખડા ગમ જોઇ
કરેછે ખીખી—ઓ એહાઇ છે પાક !—
કે ફરયોછ હું સદંતર અકકલ મુજ ખોઇ,
છે મારી માશીને "વકટ લેન નાખ."

અદેખા શયતાનો ! શું કામ હરદમ
ખાલેસ મુંજ પ્રેમ પર નીત્ય નાખોછ ઘેરો ?
"લગાડ આગ પ્યાર" ? "જાઓ વચન જહાનમ!"
નીહાળો રે બસ તે "રૂડો ચેહેરો."

નાઝનીન તે મારીને છું હું પસંદ,
થાયછ તેઓ નાહેક કાં બળીને રાખ ?
ગંધીલાં મુખો કેમ કરતા નહીં બંધ ?
કબુલ છે મુજને તે "અભાગ્યું નાખ"

"તે વાંકું છે ?"—ચુપ !—ન મશકેરી તે,
બે અદબ શબ્દો નહીં બધું વેરો;
ખાલી કાં ફોડો સર અણઘડ રીતે,
કેમ કરતા યાદ નહીં તે "રૂપવંત ચેહેરો?"

મેં અનેકવાર કહયું છ—હું કહું છું ફરી,
તે ગુલાબ—હું આસપાસ છું ભમનારી માખ;
જાય ગમે તેમ બબડીને બીજા મરી,
પણ જીવથી હું ચાહું છું તે "છટીયાટીક નાખ"

શું કરવા તને ન કહું, વાહલી,
કે બની રહીશ નીત્ય હું ગુલામ તારો;
બસ દોસ્તોની સુરત હું કરીશ કાલી
ને વખાણીશ તું જનો તે "મનહર ચેહેરો!"

હીમતથી તેઓને આપીશ શીકસ્ત,
કોણ સીવાય તારો સત રતુ ચાલાક?
બચાવવા બનીશ હું ગધેડો મસ્ત
બચાવવા તારૂં–આહ!–"કરકત્યું નાખ."

[આ કવીતા કેઠી રતુબા મ્હોંડેજ કરી આવેલો દેખું! બોલી રહીને તેણે એક પહાડ ફાટે તેવી હાય મારી! મેં જોયું કે અ ભાગ્યા ને હવે વધારે છેડવામાં સાર નહીં હતો. પણ બીજે દહાડે મેં તેની પાસથી કાલાવાલા કરી આ કવીતા મંગાવી લીધી અને—વેલ—તેની અલ્લકસે અતરે ટપકાવી લીધી છે!—પીજમ.]

ધોધબંધ વરસાદ પડવા માંડયો જેથી મંગલ્યો ખેડુત ઘણોજ ખુશ ખુશ થઇ ગયો અને બોલ્યો "હવે ભોંયમાં જે બી હોશે તે બહાર નીકળી આવશે."

કાસમ કસાઇ બુમ પાડી ઉઠયો—

"એમ ના બોલરે બાપુ એમ ના બોલ. હવે જરા નચીંતે બેસવા દે."

"કાંય–તુને શું થઇ આયું?"

"તો મારા ભાઇ, મારી કલાંત બાયડી તેની દાકણ જેવી માય ને મારો ધરવાળો હમણાજ મરી ગીયાછ ને તેમને દાટી આયાછ. તે લોક ભોંયમાંથી પાછા નીકળી આવશે તો મને તો ગામ મુકીને નાસવું પડશે."

હદબાહેર વીવેકી.

દોસ્ત મુજનો એક નામે ચાનજી ચાપટ ?
અવીવેક મુજનો જોઇ કરેછ આફ્રત.
"અરે, કોણે શીખવીછે તને રીતભાત ?
ઇંગરેજને ત્યાં તો તું ખાએ એક લાત.
વીવેકી થાવામાં શું છે નરસ ?
જો સમજ, કાંય ફોકટ વેચેછ વરસ.
કાં નહી સરવેને આબરૂ તું દે ?
પણ તું બેઅકલીને તે નહી ગમે."
ચાપટનું કાતરીયું ગેપ છે જરા !
જુવો એની વીવેકનાં દાખલા ખરા.
વીવેક વીશે એને કાંઇ અજબ વીચાર,
બાનુઓ આગળ તો વાંકો બીશીઆર.
આદમીઓજ નહી પણ જાનવરને બી,
ઇજત આપવા કોઇ ઘડી ચુકતો નથી.
વરસાદમાં એક દીન એક બટકને જોઇ,
ઓઢાડી છત્રી બસ પલ એક નહીં ખોઇ.
લંગડી એક કુત્રીને આદાબ કીધી,
હાથ આપી ઝડપથી મદદ દીધી.
બેઠેલી મરઘીને દલગીર બહુ થાઇ
કહયું, "શું કામ ઉઠવાની તસ્દી લોછ, બાઇ?"

એતો સમજ્યા કાંઇ ઘણો નહીં દમ,
પણ વસ્તુઓ તરફ્બી એ નથી કાંઇ કમ.
ખુરસીને હમેશાં કહે છે એ સાફ,
કે "બેસુંછ, હું-માય, જરા બેઅદબી માફ"
વાંચવાની ચોપડી ઉઘાડતાંને વાર,
કરી દેછ એ કાંઇ નખરાં હઝાર:-
"ચોપડીબાઈ, આતુરતા માફ કરજો, હો,
ગરીબનો છોકરો હું મારયો જઇશ જો."
મ્હોં દેખતાં આરસીમાં ટુકુંને ટચ,
કહે છે, "ઓ મેમ! આઇ થેંકયું સો મચ."

એશકી દાદીબા આવી પુગા અને પાઘડી ઉતારી અંગરેજી ફાસીન ઉઘાડે માથે બાઇરિંઓ સાથે વાત કરીને તડાકા મારવા લાગયા. તેટલામાં કેકુ બચો ખુરસીપર ચહડીને દાદીની ટાળકી બારીકીથી જોવા લાગો.

દાદીબાએ પુછ્યું "શું છે બુચા? મારૂં માથું કાંય તપાસેછ?"

બુચાની બહેન બોલી, "તમારો સેંટો જોઇને ખુશી થતો હોશે."

બુચાએ કહયું, "અરે નહીંરે, હું તો કંઇ બીજુંજ જોવુંછ. બાવાજીએ કહયું કે દાદીબાની શરતમાં ટાલકી જટકઇ ગેઇછ તે જોયું કે તાલકી તે કેમ જટકાય."

એક આબરૂદાર દેખાવનો, સારાં કપડાં સજેલો યુરોપ્યન પાદરી એક વેળા એક ઝહેરીની દુકાનપર ગયો અને થોડોક બ્રેસલેટસના નમુના જોવા માગ્યા. તે પોતાની ધણીઆણીને તેની સાલરેહને દીને ભેટ આપવા માંગતો હતો, અને ૭૦૦ થી ૮૦૦ રૂપ્યા સુધીની લેવાની પોતાની મરજી જણાવી. ઘણાક નમુના જોઈ એક પસંદ કીધી જેનો ભાવ રૂ ૧૦૦૦ નો હતો. "મારી પાસે આએ ૧૦૦૦] રૂપીયાની નોટનો એકજ કટકો હાલ ગજવાંમાં છે. તમે જોઇએ તો ત. મારા માણસને એ નોટ સાથે બેંકમાં મોકલીને તપાસાવી મંગાવો–તેટલાં હું અહીં તમારી દુકાનપરજ ઉભુ છ."

ઝવેરીએ નોટ બેંકમાં મોકલીને પુછાવ્યું તો જવાબ મલ્યો કે તે નોટ તદ્દન ખરી હતી. આ પછી પેલો પાદરી નોટ ઝવેરીને આપી, પોતાની બ્રેસલેટ લઇને બાહેર નીકળયો. પણ જેવો ગાડીમાં બેસવા જાય છે તેવોજ એક પોલીસના કનસ્ટેબલે તેના ખંભાપર હાથ મુકીને કહયું, બચ્ચાજી. વળી તેં તારી આગળી "ત્રીક" પાછી લગાવીછ નહીં ? ચાલો, મારી સાથે દુકાનમાં આવો જોઉં." આમ બોલી ને પેલા પાદરીને દુકાનમાં ઘસડી લાવ્યો. આ વાર પેલો ઝવેરી દુકાનના બારણા આગળજ ઉભો રહી જોતો હતો તે બોલી ઉઠયો, "નહીં, નહીં, તમારી કાંઇ ભુલ છે, આએ પાદરી સાહેબે હવડાંજ મને હજાર રૂપ્યાની નોટ આપીને બ્રેસલેટ વેચાતી લીધી છે. તે નોટ ખરી છે તેની મને બેંકમાંથી ખાત્રી મલીછ."

કનસ્ટેબલ બોલ્યો, "જોઉં, તે નોટ મને જોવા દેઓ." (નોટ જોઇને) "અહં ! હું ધારતોતો તેમજ છે. આએ

નોટ ખોટી છે. હવડાં એવી ખોટી નોટ એટલી આબેહુબ બનાવેછ કે ઓળખવી ઘણી મુશકેલ પડેછ. આએ સાહેબ પાદરીબી નથી ને કોઇ નથી. એવણુ બડા સાહુ ચોર છે. ઘણી વખત એમ ઠગાઇ કરીને ફાવી ગયાછ, નહીં? ચાલો ઝવેરી સાહેબ, આપણે તુરત પોલીસમાં જઇને ખબર કરવા જોઇએ. હું આએ પાદરી સાહેબને તથા એવણની નોટ લઇને એક ગાડીમાં ત્યાં જાઉંછ તમે મારી પછવાડે બીજી ગાડીમાં આવો. અને શું બન્યુંછ તેની શાક્ષી આપજો."

આમ બોલી કનસ્ટેબલ પેલા પાદરીને પોતાની સાથે પેલી નોટ તથા બ્રેસલેટ લઇને નીકળી ચાલ્યા. બીચારો ઝવેરી પાછળથી પોલીસ સ્ટેશનપર જઇને જોયછ તો પાદરીબી નહીં મળે ને કનસ્ટેબલબી નહીં મળે. નહીં નોટ મળે કે નહીં બ્રેસલેટ! પાદરી અને બનાવટી કનસ્ટેબલ બેહુ જબરા ઠગ હતા અને બીચારા ભોળા ઝવેરીને બે હજારની રૂમડી મુકાવી વટી ગયા હતા.

બુચો—(બાવાજીને) મુન (Moon) એટલે ચાંદ કેની? અને ચાંદતો આસમાન પર હોય કેની?

બાવાજી—હાજતો!

બુચો-ચાંદ આગલ આપરેથી જવાય કે?

બાવાજી—નહીંજ તો.

બુચો-માયજી કેવું જુઠું બોલેછ! કેહજે? હું તાહરા બાવા સાથે પરણી ત્યારે હની મુન પર ગેઇતી.

જુનીયર રીપોરટર દાદી.

—:૦:—

પતેતીના ડબલ અંકમાં તેણે મોકલેલો પ્રેસ-મેસેજ.

"અરરરર! ખાતું ખરાબ થાય એનું! વળી નવું એનગેજમેંટ! ૧૬ મી સપટેમબરે ગવાલીયરના જવાન માહારાજાને ગાદીએ બેસાડવાની ધામધુમ છે. વાઇસરોય પોતે એ 'ઇનસ્ટોલેસન' ક્રીયા કરશે અને–ઓહ, બોધર!"

એડીટરે મોંહ ફુગલાવીને પોતાના હાથ માંહેલા કાગલને પાછું ટેબલ ઉપર પટકયું અને પોતાના માથાંના બાલમાં પાંચો આંગલાં ફેરવ્યા કરી જમણા હાથ ઉપર બેઠલા સબ–એડીટર ગમ જોયું.

"કેમ, માણેકજી આપુને રીપોરટ તો લેવોજ પડવાનો–નહીં?"

"હાજી–આપરા રેપ્રીઝેનટેટીવને ખાસ દરબારનું તેડું આયુંછ–વાઇસરોય અગતનું ભાશણ કરશે. ને બધાં પેપરો—"

"મુવા છુટા! તારે મતલબ કે એક સ્પેશીયલ રીપોરટર મોકલવોજ, હેં!"

"હાસતો, સાહેબ. ગવાલીયરનો આપરો લોકલ ખબરપત્રી એ ભાશણનો હેવાલ શું મોકલવાનો ઉતો–હુર?"

"વેલ-વેલ ! મોકલો તો તહારે અલબતાં કોઇ

સીનીયર રીપોરટરજ જોઇશે. છબીલદાસને કે નહીં તો મુનશીને–"

"મુનશી પુનાની મેચને વાસતે રોકાશે—ને છબીલદાસ તો તે દહાડે મહાજનની મોટી મીટીંગનો રીપોરટ લેવા જવાના છે."

"ઓત્તારી! એમ કે? વારૂ ચાલો, દારૂવાલાને મોકલો. એબી મજાનું—"

"દારૂવાલાના માય ઘણાં બેહાલ છે તેથી એ રત્નાગીરી કાલ પરમ ઉપડી જવા માગેછ."

"ને પટેલ?"

"પટેલને તો ટાઉનહોલની પબલીક મીટીંગનું એનગેજમેંટ છે."

એડીટરે કંટાલીને પોતાના મદદનીશ ગમ મ્હોં ફેરવ્યું

"એ બધાં મોટાં એનગેજમેંટો સાથેજ કેમ નીકલી આયાં? આપરા સોરાબને મોકલો–એબી સારો રીપોરટ લેછ. એમ તો અરીભીરીએ અરદેશરબી છે–"

સબ–એડીતર મુંછમાં હસયો.

"હા–સાહેબ, પણ તે દહાડે એ લોક છેક ગવાલીયર સુધી જવાની આનાકાની કરેછ. કહે જે એવે દહાડે ઘેરમાં છોકરાં બચ્ચાં સાથે રહેવું જોઇયે; પતેતીને દહારે–"

"પતેતી! ડીયર મી!"

એડીટર અચબુચ ભડકીને ખુરશીપર ખડો થઇ બેઠો

"તે દહારે પતેતી છે, માણેકજી?"

"તા૦ ૧૭ મીએ પતેતી છેજી–૧૬ મીએ ઇનરટોલેશન."

"ને તા૦ ૧૭ મીએ પતેતીને દહારે આપરો દબલ અંક નીકલવાનો?"

"હાસતો."

"કમબખતી! ૧૬ મીએ આપુને ઝેર ખાવાની ફરસુદ નહીં તેમાં એ શું નવી પીરા! ગોવાલીયરને બીજો દહારોજ નહીં મલ્યો? પણ તારે હવે કેમ કરીયે? આપરા સીનીયર રીપોરટરો બધા રોકાયલા છે—સોરાબને અરદેસર નસકોરાં કરેછ—તારે શું, હું પોતે જઇને રીપોરટ લેવું?"

સબ એડીટરે બે ત્રણ મીનીટ વીચારમાં પોતાની મુંછને વલ દેયા કીધી—

"આપરા દાદીને મોકલ્યે તો કેમ, સાહેબ?" તેણે હલ્ને થી કહ્યું.

ખુરસીપર એડીટર પાછો ચમકીને તરો બેઠો અને ચકીત થઇ પોતાના "સબ"નું મોંહડું ટીકવા માંડ્યું—

"દાદીને! એ શું બકોછ?"

"નહીંજી—આઇ એમ સીરીયસ"

"અરે પણ એ અસતો હમણાં લાઇનમાં પડ્યોછની?"

"તેથી શું થયું? એને ઉલટ ઘણી છે અને સોયનાં જેવો શાર્પ છે."

"પણ એક જુનીયર રીપોરટરને આવું અગતનું એનગેજમેંટ? એનેથી કાંઇ થઇ શકવાનું છે? આપરો ફેસતો કરશે જો?"

"નહીં શેઠ—એને એક વખત ત્રાયલ આપી તો જોવ. પ્રેસ પેસેજ કેમ મોકલવો તે હું એને બરાબર સમજાવશ."

એડીટરે શંકાથી ડોકું ધુણાવ્યું.

"તમે જાણોબા! ૧૬ મી ની રાતે વખતસર આપુને દોઢ બે કોલમનો લંબાણ તાર મલવો જોઇએ—ને આય નવા કાચ્ચા પોરીયાને તમે એ કામ સોંપવા માંગોછ! માનેકજી, મને બીહીક લાગેછ કે એ બીચારૂં બચ્ચું ગભરાઇ જશે! બરાબર તાર નહીં આયો તો આપરો હીરા જેવો પતેતી અંક જરાને ખાતર બગરશે ને મારૂં દીલ ખાટ્ટું થઈ જશે."

સબ-એડીટરે હસીને ત્યાંથી ચાલવા માંડ્યું.

"તેનો જોખમદાર હું છેઉં—" તે જતાં જતાં બોલ્યો, "આપરા સ્ટાફના કેટલાક શેઠીયાઓ પતેતીને દહાડે ડયુટી કરવાને અચકાયછ તાહરે મારો દાદી એક પગે તઇયાર થયોછ. એને ચાન્સ આપવો જોઇયે."

* * *

બીજે દહાડે સવારના એડીટરના ઓફીસ રૂમનું બારણું ઉઘાડી અંગરેજી સાઇકલીંગ સુટમાં સજ થયલા એક ચંચળ દેખાવના જવાન પારસી છોકરાએ પોતાની એલવુડ હેટ ઉતારી હસતે મુખડે પોતાના વડાને સલામ કરી. ખુશમીજાજી ચટપટયો આ જુનીયર રીપોરટર ભાગ્યે ૧૯ થી ૨૦ વર્ષનો હશે.

"કેમ દાદી? વોટસ અપ? આજે કંઇ ઇંગલીશ ડ્રેસમાં?"

"સાહેબ આજે ૧૧-૪૦ ની મેલમાં ગવાલીયર ઉપડી જાઉંછ."

"હલ્લો—ઇનસ્ટોલેશન રીપોર્ટ કરવા? તારે અંતે માણેકજી તુંનેજ માકલેછ કે?"

"હા—સાહેબ."

ખુશાલીને મારે દાદીનું મોહોડું મલકાઇ મલકાઇ જતું હતું.

"ઓલ રાઇટ, ફાયર અવે, માઇ બોય!" એડીટર બોલ્યો, "જોઉંછ તો—તું શું ધારેછ? સાથે સાઇકલ લઇ જાયછ કે?"

"હાજી."

"બચ્ચા, સંભાલજે! નહીં તો કચુંબર કરીને મારા પતેતી અંકને ખરાબ ના લગારતો!!"

"મારૂં બનતું કરશ. સાહેબ."

"ઠીક—ગુડ બાઇ!"

*　　　*　　　*

ગવાલયર સ્ટેટ આઠ દહાડા અગાઉનું હલીમલી રહેલું હતું. પણ તા૦ ૧૬ મી એ તો શેહેરની ધમચકરીનું શું પુછવું? આરકાંઓ અને વાવટાઓથી રસતે રસતા ઝકઝકી રહેલા હતા. વાઇસરાય નામદારની પધરામણીથી ગવાલયરની દરબાર જાણે ઉપર તળે થઇ રહેલી હતી. સહવારના રાજાને ગાદીએ બેસાડવાની ક્રીયા પુરીબી થઇ રહેલી હતી અને દાદી—તે છોકરો સવારના ચાર વાગતેથી ખડે પગે હતો.

અહીંથી તહીં—અને તહીંથી અહીં પોતાની સાઇકલપર ચકકા ખાતાં ખાતાં હવે તેના ગુઠણબી લઠડવા માંડતાં હતાં. જુદે જુદે ઠેકાણે જુદી જુદી ક્રીયાઓ અને ધામધુમોમાં જાતે હજર રહી તેણે પોતાના રબર-ટાયરડ રથપર તાર આપી

સમાંથી દરબાર હાલમાં અને વાઇસરાયની કેંપમાંથી સ્ટેશનપર કાંઇ પચીસેક માઇલ અત્યાર સુધીમાં રખડપટી કરી હશે!

બાહદર દાદી! સવારથી છેક સાંજ પડી ત્યાં વેર તેણે મ્હોંપર કાંઇ અણબી મેલ્યું નહતું. સઘલી આખા દહાડાની રચનાનો એક લંબાણ અરજંટ પ્રેસ પેસેજ તે પોતાની આ ફીસપર મોકલીને રીસીટ ખીસામાં મારી રહયો નહી ત્યાં તુલીક તેને ગળે કોળીયો ઉતરયો નહતો.

સાંજે પોણા પાંચ થયા હતા. સુરજ દરષ્ટી મર્યાદાની નીચે જાઉં-જાઉં કરી રહયો હતો. થાકીને લુસ થયલો દાદી, ખરડાયલો લપટાયલો, પસીનાથી ભીજાયલો છાપાના પ્રતિનીધીઓ માટે ખાસ ભરાયલી પરેસ-કેમ્પના 'કામન-રૂમ'માં આવીને એક ખુરશીપર ધપ દઇને બેઠો અને હાંફતો જઇ પોતાનું મ્હોં ઘસડી નુછવા પડયો.

"ધી મોરનીંગ પોસ્ટ" નો ઇંગરેજ રીપોરટર મી૦ જેકસન ત્યાં સામે બેઠો બેઠો કાફી અને ટોસ્ટ લેતો હતો. તેને આ પોતાના જવાન જરનાલીસ્ટીક ભાઇબંધનો અવતાર જોઇ મુછમાં હસવુંબી આવ્યું. તેની સાથ દાદીએ સવારની દોસ્તી પાડી દીધેલી હતી.

"કેમ, માઇ યંગ ફરેન્ડ, કંઇ ઘણો થાકી ગીયલો દેખાય છે? લે જરા કાફી લે? તારા મેસેજીસ ગીયા કે?"

"હાજી ગીયા. થેંકસ-હું જરા કાફી લેવશ."

દાદી ભુખ્યો ડાંસ થયો હતો? તેણે આ ઇજનનું માન ખુશીથી સ્વીકારયું અને જેકસનની સામે ટીપાઇપર ગોઠવાઇ તેણે ગરમાગરમ કાફી સાથ ટોસ્ટની બે એક કાત્રી ડબુસા મારીને ખાધી.

"મી૦ જેકસન, રાતની આતશબાજીનું તમે કેમ કરવાના છેઓ ?" દાદીએ પુછ્યું.

"આતશબાજી તો છેક સાંડા નવ વાગે રાતે થશે-ને તે અહીંથી સાત માઇલ દુર છે. પણ તમે મને શું પુછોછો ?"

"તમે રીપોરટ કરવા જશો કે ની ?"

"ઓહ નો-રાત પડી છેક સાત માઇલ કાંહ રખરવા જઇયે. કહે જે રસ્તો ઘણો ખરાબ છે ને જંગલમાંનો છે. વલી આતશબાજીમાં રીપોરટ શું કરવાનો હોય ?"

દાદી કંઈ બોલ્યો નહીં-પણ મુગો મુગો પાઉં ચાવતો વીચારમાં બેસી રહયો.

"અમે કોઇ રીપોરટરો જવાના નથી" જેકસને પાછું કહયું, "વાઇસરાય કે તેની પારટી કે મહારાજા કોઇ તાંહ જવાનું નથી. અલબત તાંહ લોકની ગીરદી ઘણી થશે-એ લોકે રાતે સાડા આડે ત્રણ સ્પેશીયલો મુકીછે. પણ તે બધું તારમાં થોકી મારવાનું. ખચીત તમે એટલાંને ખાતર અડધી રાતે ચઉદ માઇલનો ધકેલો તો નહીંજ ખાવાના હોય ?"

"કોઇ-કોઈ રીપોરટર તાંહ નથી જવાનો ?" દાદીએ પોતાના ડોળા ઉઘાડીને સવાલ નાંખ્યો.

"કોઇ નહીં."

"પણ હું તો બા જવશ. મારે ડયુટી તો કરવીજ જોઇયે."

મી૦ જેકસન ખડખડ હસયો.

"તમે હજી નવા છેઓ. ઠીક—જાઓ; રીપોરટ કરવાનું નવું કંઇ મળવાનું નથી. પણ જાસ્તી અતેરું કરીને પાછળથી પટકઇ ના પડતા."

*   *   *

રાતના પોણા આઠનો વખત અને પવનના સુસવાટા કહેજે મારૂં કામ! આંગ ઉપર પોતાનો ઓવરકોટ નાંખી પોતાની મોટરકેપ છેક કપાળ સુધી દાબીને પહેરી, દાદી એક સરખા ઝડપે પોતાનાં મશીનને પેડલ મારતો અંધારાં ફીલમાંથી રસ્તો કાપતો હતો.

આખા દહાડાની થાકથી નસોસ પડેલાં તેના શરીરમાં હમણાં તાઢનાં લખલખાં ભરાતાં હતાં. પણ દાંતપીસીને તે પોતાના સાઇકલ લેમપની રોશનીની મદદે જંગલનાં બીહામાન ઘમઘોર કાળાસમાં આગલ વધતો હતો. જાતે હાજર રહી આ આતશબાજીનો એક વધુ અરજંટ તાર છેક અસુરેથી વીગતવાર પોતાના પત્ર ઉપર મોકલવાના તેણે સોગંદ લીધા હતા.

રેલવેના પાટાની જોડે જોડ દોડતા રસ્તા પર જંગલની વચ્ચોવચ ચાલયા જતાં દાદીના ભેજાંમાંથી કેવા કેવા વીચારો ખસી જતા હતા! આહ—શેઠને આજે કીધેલા તાર ગમશે કે? તેના જેવા એક નવા રીપોર્ટરને માથે આવી મોટી જોખમદારી મેલી તેમાં તે જો એક તસુભી ચુકયો તો—

“ઓ!—ઓ—!”

એક બુમ સમેત દાદી એકાએક પોતાની બાઇસીકલ પરથી ઉડીને નીચે જમીન ઉપરથી પછડાયો. ખંભાપર મજબુત લાકડીનો ફટકો લગાવી કોઇએ તેને ભોંયપર તોડી પાડયો હતો. તેની સાઇકલ ઉડી જઇને છેક છેટે અફલાઇ પડી—અને તે પોતે ઉંધે મતસ્ક ખાડાઓમાં પડયો.

કેટલો વખત દાદી ત્યાં એમનો એમ બેભાન પડયો, તે

એને પોતાને ખબર નહતી. ભાગયે દશ મીનીટ તે બેસુધીમાં પડી રહયો હશે. પણ અંતે તેનો જરા જરા જીવ હુશીયાર થતાં ટરટર થતા ડોળા ઉઘાડી ચોમેર હેબતાઇને જોવાની તજવીજ કરી.

આહ !—બધું અંધારૂં ઘોર તો એવું કે અડધો ફૂટને છેડે પડેલો પથરબી દીસે નહીં. દાદીને લાગયું કે જાણે તેના હાથની કોણી ખુબ કલતી હોય. ત્યાં બીજો હાથ જરા લગાડયો તો બધું ભીનું ભીનું ! એ ખુદા ! હવે સમજ પડી ! દાદાને ત્યાંથી ખુબ લોહી વહેતું હતું.

પણ એ થયું શું ? દાદી તો બીહીક અને અજાયબીથી ઢઘાઇ ને લાકડાં જેવો થઇ બેઠો. સાઇકલ કયાં ગઇ ! એ એને કોણે પછવાડેથી લાકડી મારી ? તેને આમ તોડી પાડવાની શું મતલબ ?

એક હાથે મજબુત પોતાનું માથું દાબી દાદી જેમ તેમ લહડતો પહડતો ઉઠયો. સાઇકલ દશેકવારને છેટે પડી હતી તે દાદી પોતાનાં સાઇકલ લેમ્પની બતી ઉપરથી જોઇ શકયો. ત્યાં પોતાના મશીનની આગળ જેમ તેમ ઘસડાતો ફસડાતો ઠોકરાતો ઝીંખાતો આ જુન્યર રીપોરટર ગયો. દરદને મારે તેનો ડાબો હાથ તો જાણે ખરી પડતો હતો. દાદીએ જોયું કે તેને માથાંમાંબી સખત વાગ્યું હતું—પણ અંધારામાં આખી રાત પડી રહેવામાં શું સાર ? કોઇબી જોખમે, કોઇબી રવેશે આગળ વધવું કે શહેરમાં પાછું જવું તો ખરૂંજ. શેહેરથી કેટલા માઇલ પોતે આવ્યો હતો તેનુંબી દાદાને કાંઇજ ભાન ન હતું. તેણે જેમ તેમ પોતાનાં જમણા હાથનાં "રીસ્ટ વોચ" માં જોયું તો સવા આઠ.

એક નીસાસો નાખીને દાદીએ સાઇકલ ભોંય પરથી ઉપાડી. નખોદ! આગલાં પઇડાંનું ન્યુપેટીક ટાયર ચીરાઇ ગયું હતું અને પાછલાં પૈડાંના ત્રણ "સપોકસ" તુટી ગયા હતા.

હવે? હવે કેમ કરવું? યથા તારી મદદ! રીપોર્ટીંગ કારકીરદીમાં ઝમકતી ઉમેદો સાથ પોતાની ફરજ બજાવવા તે ઓસ્તવારીથી નીકળયો, તેનો—હાય તકદીર!–આ કેવો નતીજો! દાદીની આંખોમાં પાણી ભરાઇ આવ્યાં. પણ તે જાતે એક હીમતી અને ચીવટ છોકરો હતો. ખીસાંમાંથી રૂમાલ કહાડી તેણે જોરથી પોતાનું ભીનું કપાળ લુછ્યું અને લોહીનો એક ગોટ ગળી, દાંતની બત્રીસી મજબુત પીસેલી રાખી, હાથમાં સાઇકલ સાથ પાંઉપયાદા આગળ ધીમે કદમે ચાલવા માંડયું. આ વાર તેનું સાઇકલ લેમ્પ ખરેખર ખુદા તરફની એક કરમ બક્ષેસજ હતી. આસ અને પાસ ઘમઘોર કાલાસ હતો. જુદાઇએ એક નાના દીવાનું ફાનસવટીક આ રસ્તે નહતું.

દાદી ટંટોસ્તો ટંટોસ્તો, ઠોકરાતો અફળાતો આગલ ચાલ્યો. ભાગ્યે પાંચેક મીનીટ તે આમ હાંડયો હશે કે...એ! પાછી તેને કશાંની ઠોકર લાગી અને ધમ્મ કરતો એકવાર ફરીથી તે બાપડો ત્યાં સાઇકલ સાથેજ નીચે ઝીખાયો.

લોખંડી કાંઇ ચીજ સાથ તે જોરમાં અફળાઇ પડયો હતો. જખમી થયલા ડાબા હાથની કોણીપરજ તે તુટી પડયો હતો. દાદીને કળ તો એવી લાગી કે દરદને મારે તેનાથી એક ચીશ પડાઇ ગઇ.

પણ સબર! એ આ શું બધું ધમસાણ! પરવરદેગાર! પોતાનાં નીમકહલાલ સાઇકલ લેંપની હજી રોશન રહેલી બતીની

મદદ વડે દાદીએ શું જોયું? રેલવેના જે પાટાઓ પર તે ગોલાંટ ખાઇને આરયાં થઇ ગયો હતો તે પાટા તો કોઇ બદમાશ યા બદમાશોએ ઉખેડી નાખેલા હતા !!

બે ત્રણ મીનીટતો હરણફાર થઇ દાદી આ સત્યાનાશીના સામાન ગમ જોવાજ પડયો. રેલવેની સડક ખાસી પચાસેક વાર સુધી કોઇએ જમીનમાંથી ઉખેડી કહાડી હતી. લોખંડના પાટા ઓ વાંકાચુકા થઇને ત્યાં જેમ ગમે તેમ વીખેરાઇ પડયા હતા. કાંઇ જબરદસ્ત એ કાવતરૂં હતું-રેલવે ટ્રેનને મોટો અકસ્માત કરી લુટ ચલાવવાની કોઇ બદકારોની દેખઇતી નેમ હતી.

દાદોએ જોયું—અને જાણે તેના છાતીમાંનું હરૂદય બંધા ઇને પથ્થર સમાન જડ બની ગયું. તેનાં માથાંમાં ઠોસા વાગતા હતા. ઠંડીને મારે તેનું આખું બદન થર થર કાંપતું હતું અને ડાબા હાથની કળતરથી તેનો જીવ નીકળી જતો હતો. તેટલાં—

ઓ આફત! આફત!! દુરથી રેલવે ટરેનની ઝીણી લાંબી સીપટી સંભળાઇ. દાદીને જાણે એક કાતેલ તીર આ વીને વાગયો હોય તેમ તે ઉછળીને તયાં પાટા પર અતરંગ બેઠો. હે દયાના મહાન પીતા! આ તો ધડકમાર પેલી સ્પેશી યલ પેસેનજર ત્યાં ફું ફું ફું કરીને ધસી આવતી હતી!! જે પાટાપર દાદી બેઠો હતો તેની બધા ઢણુ ઢણુ થઇ રહયા હતા.

છલાંગ મારીને દાદી ઉઠયો. બે મીનીટ વધું અને મોટો કચ્ચરઘાણ થવાનો! ઓ બાપજીરે! હવે કેમ કરવુ?

તેણે આણીમેર પેલીમેર જાણે દીવાનાની પેઠે જોયું. સીગનલ આપવાની સીમેફોરથી ચંડાળ લુટારાઓએ તોડી

નાખેલી હોવી જોઇયે–કારણ આગળ અને પાછેળ અંધકાર અંધકાર અંધકાર સીવાય બીજું કશું નજરે પડતું નહતું.

ટ્રેનનો ધસારાબંધ આવવાનો સાદ હવે પરગરો આ વ્યો. આખો વખત એનજીન ચીચીયારી પાડતું ખાના ખરા બીનાં ડાચાંમાં યાહોમ ધસ્યું આવતું હતું. તેના દરેક ઠોકા દાદીનાં જીગરપર જાણે તાતેલા મગ્ગીકાની પેઠે વાગતા હતા.

તે જીવપર આવી ગયો. દેહેસ્તને મારે દાદી તુર્ત વેળા નું શારીરીક દર્દબી ભુલી ગયો તરાપ મારીને તેણે પોતાની સાયકલને બાજુ ખેંચી કહાડી. તેનીપરથી પેલું બળ તું સાઇકલ લેમ્પ એક તડાકે છુટું કરવું. પછી પોતાના હાથ માહેલા રૂમાલને લોહીથી ઝઝરતી કોણી ઉપર ખુબ તરેહથી દાબ્યો.

રૂમાલ તો આખો લાલ ચટક બની ગયો. ટરેન ઘણું તો હવે અડધો માઇલ દુર હશે! તુરત પોતાનાં બલતાં સાઇકલ લેંપના કાચપર દાદીએ તે રૂમાલ પાંથરીને જમણા હાથમાં તે પકડયું–

હયો! એક ફરસટ કલાસ લાલ કાચની ડેનઝર સીગનલ તેના હાથમાં તઇયાર થઇ ગઇ હતી!

પાટાપર એક બહાદુર પીલતનની પેઠે ખડો ઉભો રહી તેણે જોરમાં તે રેડ ડેનજર સીગનલ આમ તેમ હલાવી. તે પળે દાદી જીવતા કરતાં મુવેલો વધારે હતો. ઓ પરવર! એન જીને વ્હીસપર ચીશ પાડી-પણ દાદીના જાણે બલા! આખરે ટરેન અચણુચ ઠંડી પડી ગઇ–અને બીજી પળે તો દાદી પાછો ત્યાં બેભાન થઇને હાથમાંની બતી સુધ્ધાં જમીનદોસ્ત થઇને પડયો.

* * *

બધો હોહાકાર શોરબકોર મચી રહયો. હતો! એક જવાન દેખાવલા અંજાણ શખસે પોતાના જીવને જોખમે આખી સ્પેશીયલ પાસીનજર ત્રેનને જીવ સટોસટ બચાવી હતી. હજારો ઉતારૂઓના જીવ ઉગારનારે લુટારૂઓનાં એક ભયંકર કાવત્રાં માંથી આખા ત્રેનને બચાવી ભાંગીને ભુકો થઇ જતી અટકા વી હતી. પણ આ હીરો કોણ હતો કોણ?

તે હીરો તો ત્યાં ચતોપાટ બેહોસ લોહીથી ગગરતો પડેલો હતો.

બધાં ઉતારૂઓ ઉતરી પડયાં—અને પછી દોડા દોડી અને અફડા તફડીની શી વાત હોય! કોઇ ખુદાની બ દગી કરવા પડયું, કોઇ હસવા તો કોઇ રડવા લાગયું—અને રેલવે સત્તાવાળાઓએ ધકકા મુકકી કરી મેલી.

અલબતાં ચંડાળ લુંટારાઓ તો પોતાના નેમ ઉંધા વળેલી જોઇ નાસી ગયલા હોવા જોઇયે. પણ પેલો બચાવનાર હીરો? આહ! જરા જરા તે સુધ્ધામાં આવતો જતો હતો! શુક્ર પરવરના–તે મરી તો નહીજ ગયો હતો. કેટલીક બાનુ ઉતારૂઓ તેને પવન નાખતી ત્યાં ભીનેલી આંખ્યોએ ઇંતેજા રીથી પુછપરછ કરતી હતી. રેલવેના માણસો તેને સાવધ કર વાને પોતાથી બનતી મેહેનત કરતા હતા—બીજા પાસીનજરો એ ત્યાંને ત્યાં એક મોટું ઉઘરાણું કરી ત્રણ હજાર પાંચસો રૂપીઆની પસંબી એ બહાદુર સખસને ભેટ આપવા તઇયાર કરી હતી.

ઝટવારમાં રેલવે પોલીસનો વડો અને ત્રાફીક સુપ્રીનટે નડંટ એક સ્પેશીયલ બીજાં એનજીનમાં ત્યાં આવી ચઢયા.

આવતાંને વાર ત્રાફીક સુપ્રીનટેન્ડંટ બીજાઓને ખસેડી જમીન પર પડેલા દાદી પર વાંકો વળાયો અને મમતાથી તેનું માથું પસવાયું.—

"તું સલામત છે કે મારા બહાદુર જવાન દોસ્ત?" તેણે આગ્રહથી પુછ્યું.

દાદીએ પોતાની ફાટફાટ થતી આંખ્યો ખોલી સુપ્રીન ટેનડંટ ગમ જોયું.

"કંઈ નહીં—કંઇ નહીં. ગભરાતા ના!" "સુપ્રીનટેનડંટ માયાથી બોલ્યો, "હવે ધાસ્તી ખલાસ થઇ. તેં હજારોના જીવ બચાવ્યાછ. તારૂં નામ શું–ને કાંહ રેહેછ? રેલવે કંપની તુને હજારોનું ઇનામ આપશે—કેમ, કેમ–શું જોઇયેછ?–"

દાદી એક ઝટક મારીને જમીન પર ખડો બેઠો અને પોતાના ઓવર કોટનાં ખીસામાંથી કાંઇ કાગલો ખેંચી ક્હાડ્યાં—

"આય–આય કોરી પ્રેસ મેસેજ સ્લીપો છે." તે હાંફતો હાંફતો નસોસ સાથે બોલ્યો.

આસપાસના બધાઓ વીસમય પામી તેનું મ્હોં ભોપવા પડ્યા. ગરીબ બીચારો!—પવનની ઝુમમાં એક બકતો હતો કે શું?

"પ્રેસ મેસેજ સલીપો?" સુપ્રીનટેનડંટે અજબ થઇને પાછું પુછ્યું—

"હા—અહીં નજદીકમાં તાર ઓફીસ છે કે?"

"હા–કાંય? તાર કોણુને–"

"જલદી–મને આય મોટા એકસીડંટનો–ઓ–અરજંટ

પ્રેસ મેસેજ મોકલવાછ. કાલે સવારનું મારા પેપરનું ડબલ-આર્ટ પતેતી નંબર નીકળવાનું છે-મને તાંહ ઉંચકી જાઓ-ઓહ-હું તાર તાંહ લખાવશ. મારાજ પેપરમાં આવશે—બીજા પેપરોના રીપોરટરો તો અહીં નથી—એટલે મને લઇ જાઓ, બસ જલદી તાંહ લઇ જાઓ-"

* * *

ગવાલ્યર ઇનસટોલેશનને દહાડે પેસેનજર ત્રેન લુટાઇ જતી બચી તેનો અઢી કાલમ લાંબો તાર એડીટર પતેતાને દહાડે સહવારનાં પોતાને ઘરે ઇઝીચેરપર પડયા પડયા પોતાના પતેતી અંકમાં વાંચતા જઈ મુછ મરડતા હતા બીજા દેશી નયુસપેપરો તો શું પણ ખુદ મોટાં ઇંગ્રેજી પત્રો વટીકમાં એ જબરદસ્ત બનાવ વીશે એક લાઇનબી ઇસારો નહતો.

"જુન્યર રીપોર્ટર?-જુન્યર રીપોર્ટર!" એડીટર મન સાથ બડબડયો, "બાઇ જેવ! એ હુકતો આગલ ચાલતાં એડીટર થશે-નહીં તો હાથ કલમ કરી આપું!"

* * *

દાદી આજે પાંચ પઇસે સુખી છે તે પોતાની આફીસમાં હવે આસીસટંટ સબ-એડીટર બન્યો છે. ગ્વાલયર સટેટ રેલવે તરફથી તેને દશ હજારની નગદ રકમ ઇનામ મળી છે-પેસેનજરોનાં સાડા ત્રણ હજાર જુદા! ચાલો-કયાં ઘી પુરવા ગયો હતો ?

છે બીજા એવા "જુન્યર રીપોર્ટરો" તમારા ધ્યાનમાં? હોય તો મને થોડાક ડજન મોકલી આપજો.

હુસ્યારી કોઈના બાપની છે!

મંચેરજી મદારી અને તેવણનાં ધણીયાણી દીનબાઇ સહવારના નાસ્તાપર બેઠાં છે. ધણીયાની ખાનાર પીનાર શોખીન હતાં પણ તેવણના સઘળા શોખો પુરા પાડવા જેટલી મનચેરજીની ગુન્જાસ ન હતી. એસ્કાં મેસ્કાં થઇને ફરવામાં તથા દરેક ફેશનની શીશીયારીમાં દીનબાઇ પુરાં હતાં, પણ એ તેવણના ફાશીનના ફટકાઓથી ધણીજીની ખાલ ખુબ ઘસાતી, અને તેમાંથી બચવા માટે મંચેરજીને વારંવાર કાંઇ કાંઇ હીકમત ચલાવવી પડતી હતી. મંચેરજી મદારી પોતાનાં નામ પ્રમાણે મદારીપણું ચલાવવા માટે જાણીતા હતા.

છેલ્લા થોડા દીવસ થયાં મીસીસ મંચેરજીએ એકજ વાત પકડી બેઠાં હતાં. તેવણનાં જીવે જાનના સઇ વીરબાઇજી બાલાપોરીયા ઉત્તર હીંદુસ્તાનની મુસાફરીએ જતાં હતાં અને સાથે દીનબાઇને પણ લઇ જવા માગતાં હતાં. અલબતાં સઘળો ખરચ દીનબાઇનો પોતાનો તે તો "અનડરસ્ટુડ." મીસીસ બાલાપોરીયા પાસે ખુબ ચીચોડા હતા અને તેવણની સાથે ફરસ્ટ કલાસમાં ઉતર હીંદુરથાન ત્રણ મહીના ફરવા ઓછામાં ઓછા બે હજાર રૂપ્યાની સેસ હતી, એટલે મંચેરજી શેઠનાં પેટમાં ફાળ પડી. કડાકડીના વખતમાં એ "ખરચો" બહુ ભારી પડી જાય તેમ હતું. ઘણો લાંબો વીચાર કીધા પછી એક તાલ સુઝી.

દીનબાઇ માખણનો લુમકો મોઢામાં મારી બોલ્યાં, "કાલે હું વીલ્લીને તાંહ પાછી—"

"વીલ્લી? તે વરી કોણ?"

"વીલ્લી! મારી વીલ્લીને નહીં ઓરખતાં? વીરબાઇજી બાલાપોરીયા જેની સાથે હું ઉતર હીંદુસ્થાન ફરવા જવાની છેઉં તે!"

બાપરે! મંચેરજીના પેટમાં ધાડના જેવો ધરકો પડયો! ફરવા જવાની છેઉં! અહીં તો કેહું બધું નકકી બી થઇ ચુકયું હતું!

"અંહ! તે વીલ્લી? વરી તેને કોણ નહીં ઓરખે?"

"હાજતો. તેના જેવી સરસ, ખુબસુરત સાથે હસમુખી બીજી બઇરી તો મને બતાવો! મારી વાલ્લી તો મારી જીવે જાનની સઇ છેજો!"

"ખરેખર! તું કેહચ તે તદન ખરૂં છે."

"હુંજ શું કેહું? બધાં તેવણને વરે સારૂં બોલેચ. તેનો વર ખરેખરજ ભાગ્યેગશાલી છે," દીનબાઇ બોલ્યાં.

"ખરી વાત છે, તદન ખરી વાત છે. એ તારી સહી વીલ્લીમાં કંઇ એવું ખેંચાણ છેકે—"

"હા, મેં તો પેહલે દહારે એની સાથ ઓરખાંન પારી ને હું તો એની પર જાણે ઘેલી થઇ ગઇ!"

"એનામાં એવું ખેંચાણ છે કે જાણે એની આગળથી ખીસ્વાજ નથી ગમતું!"

દીનબાઇએ અહીં સેહજ ભવાંનો ચીલ્લો ચહડાગ્યો. "ઓહો! એટલું બધું?"

"હા એ ખુબસુરત છે. કદ ઘણુંજ ફાઇન છે. ડરેસ એવા સરસ ટેસ્ટથી કરેછ કે દીપીજ રહેછ. વરી વાતચીત માં બી શું ઝમક છે કે જાણે પાસે બેસીને સાંભર્યાંજ કરીયે. એની પાસે બેઠા હોઇએ તો આસપાસનાં બીજાંઓની તો હસ્તીજ ભુલાઇ જવાયછ!" મંચેરજીએ કેહવા માડયું. તેવણને બઇરીઓની નબળાઇનો ઘણો ઉંડો અભ્યાસ હતો.

માખણના લુગડા પર ચાલતા દીનબાઇના હાથ અટકી ગયા. "મરે ખરેખર! એનામાં કંઇ ઓવું મેચાન છે ખરૂં કે જેથી બધાઓ લોભઇ જાયછ!"

"અરે લોભાઇ શું જાય? એ પાસે વાત કરવા બેઠી હોય તેટલાં કોઇ ત્રીજો આવે તો એવી તો ચીર ચહરે કે તે આવનારની જાણે મુંડીજ ભચરી નાખ્યે!"

"અં કે! તમુને તેવણની સાથની વાતનો અનુભવ ઘણો હોશે?" દીનબાઇએ અણકાથી પુછયું, "તમારી સાથ તેવણને કે દારાની ઓળખાન બા?"

"લે, તું નહીં જાણુતી કે?"

"નહીં. આપરે કંઈ જાણતાં નથી! તમે જરા કહોની!"

"તારાં માયજી સીક ઉતાં ને તું પરેલ તારે તંહ રેહવા ગેઇતી કેની, તે વખતે મને એવણ સાથ વીકટોરીયા ગાર્ડન્સમાં ઓરખાન કોઇએ કરાવીતી. ને પછી અમે લોક સાથે નાટકમાં સઉ ગીયાંતાં!"

"અંઅંઅં! પછી કેટલી વખત એ નાટકો થયા?"

"એ ત્રણ વખત. તું ગેઇ તે બીચારી એખલી પરી ગેઇ ને તેથી—"

"ને તેથી તે રાનનો વખત સોહોવારવા તમે ગીયા—એમજ કેની?"

"હા ડીયર. તારી તે મોટી સઇ થાય ને–"

"ઘણું સારૂં! ઘણું સારૂં! હું મારાં સીક માયની માવજત કરવા ગેઇ તેટલાં તમે એ મુઇ નાપાક સાથે નાચ્યા!"

"અરે દીકરા, એતો તારી કેવી મોટી સઇ—"

"ચપો, ચપો! સહીબી નહીં ને કલમબી નહીં! હું જાણુ તીતીજ કે એ રાન ઘણીજ ખરાબ ચોટટી બીલ્લારી છે! મુઇ જુદાં જુદાં નખરાં કરી લોકોના માટીડાઓનાં માથાં ચેરવી મુકેછ! એવીઓને તો ઘેરમાંબી નહીં ઘાલવી જોઇએ."

"અમથી ચીરડા ના! તું એની સાથ ઉતર હીંદુસ્થાન ફરવા જાય તાહરે—

"બલા જાણે મારી! એ મુઇ એબદસા સાથ હું કબી નહીં જાઉં! એનું મોહનુંબી નહીં જોઉં! એની સાથ ફરીથી વાતબી કરૂં તો મારોપર લ્યાનત પરે! હું આજની આજ ચીઠી લખુંછ કે મારેથી આવવાનું બનશે નહીં."

ધડાકાબંધ બારણું ઉઘાડી દીનબાઇ ઉપર ચાહલ્યાં ગયાં. નીચે મંચેરજી ખું ખું હસ્તા અને મનસે બડબડવા લાગ્યા.

"હુન તેરીકી! કેવી બજાવી! અચ્ચા મંચી, આજે એ હુજાર રૂપ્યા બચાવ્યા રે મારા બાપ! એ વીહલ્લી કોણ મુઇછ તે મેં જોઇબી નથી. આવું સદંતર જુઠું ઉભું કરવા ખોદા મને માફ કરે! પણ ઉતર હીંદુસ્થાનની પાર્ટી ભાંગી પાડવાને બાજો કોઇજ ઉપાય મારા હાથમાં નહી ઉતો! બઇરૂં! બઇરૂં! આખર કરે ને બઇરૂંજ.!"

એનારકીસ્ટોનો ધડક ધુજારો !

કલકતામાં અને બંગાલમાં જયારે એનારકીસ્ટોએ થોડા વખત પર દોર ચલાવવા માંડયો ત્યારે, બા, સાચ્ચું કહું છું કે આપણાથી બાર ધપકયાં હતાં! તેમાં જયારે એક વખત મેં કેડે વાંચ્યું કે ગોલામના ખાધા એક એનારકીસ્ટે તો ટપાલમાં એક બંગાલી ન્યુસપેપરના એડીટરને એક "બોમ્બ" મોકલી આપ્યો ત્યારે હું તો બીહણો! એ લોકનું નખ્ખોદ જાય! એ લોકને શું છે? ભેજામાં વાહરૂં આવ્યું ને આપણું ડોબરૂં બોબરૂં ઉરાડે તો ઘેરમાં બહારી છોકરાં વાટજ જોયા કરે! ખરૂં કહું છું કે ત્યાર પછી કેટલા દહાડા સુધી મને પોસ્ટમાં જેબી કાંઇ પારસલ મળે કેની તેની તરફ શકની નજરથી જોયા કરૂં—અને ટપાલના કાગજો ઉખેડતાંબી હઝાર ચકડવકડ કરૂં.

એક દાહરે સહવારનાં પોહરમાં 'જામે'માં વાંચયું કે બંગાલમાં વળી એક એનારકીસ્ટે એક પોલીસ જમાદારને ગોળી મારી તે સાંભળી એક હજામ ભડકયો ને કોઇ જરથોસ્તીની દાહડી પર ગાપચું કાહડયું! તેજ દહાડેથી તમારો બંદો એ બાબદમાંબી ચમકયો. રોજ સહવારના મારો બેચર-બ્યુટી આવે તને પેહલાં તો પાંચ દસ મીનીટ હસાવી બોલાવીને તાહદો મીઠો રાખું ને પછી જોઉં કે સત્યાનાશ ગીયાનો મીઝાઝ બરાબર સલામત છે ત્યારેજ અસતરો ચલાવવા દેઉં! હાસ્તો! એમાં દાંત શાના કાહડો છો? દૈડાના ખાધાને વલી ચમકવા બમકવા થઇ આવે ને મારૂં નાક છટકાવી મુકે તો પછી તમુને પુછવા આઉં કે? મારા સાહેબ—તમેબી!

ત્રામમાં બેસું તેની અગાઉ ત્રણ ચાર વખત મારી સીટની નીચે જોઉં—કંઇ બોંબ તો કોઇએ નહીં કેઠે કંસવી મુકયો હોય!! વાહ–તમુને શું છે? હજુર તો મને ઘણું છુંત વાનું છે! એ એનારકીસ્ટોનું કંઇ કહવાય છે? તેથી તો બાડી બાડી આંખે જોયી કોઇ ચાટો કે હોહુ કે બાબુ જેવો ત્રામમાં બેસવા આવે તેનાં પેહલાં ગજવાં જોયા કરૂં. ધસકે ધસકે તેથીજ તો ગાલમાં ખાડાઓ પડી આવ્યા! એક દાહડો એક મારવાડી મારી પાસેની સીટપર આવી બેઠો, ને–માનશો?–તેનું ગજવું કંઇ ગોલ ગોલ ચીજથી ઉપગી આવેલું! આપણાં તો "પોતયાં" એવાં લેવાયાં કે ઊઠીને વંજે માપી જવાને સારૂ ગુરાબી નહીં ચાલે. પછી કંડકટર ટીકીટ માગવા આવ્યો તેને જરા હરૂસે કાનમાં કહયું કે "એઇ કંડકટર, જરા બગાઅ કે–એયા ગજવાં મદી બોમબ છે જો!" મારવાડીને કંડકટર બેઊ મારૂં કોડું બોપવા લાગયા–ને પછી ગોમાજીએ તો ચીભરાંની કાની ડાચું ફ્રસકાવી ગજવાંમાંથીં સત્યાનારીનો તે ગોલ સામન બાહાર કાહડયો;—તે એક મજાની મોટી મોહુસંબી હતી!! મારે બરકે પાણી ઉતરયું––બધા ત્રામમાં ફ્રરી ફ્રરીને મનેજ જોય, ને મને ચીડબી તો એવી ચઢે કે જાણે––!

એક દાહરો રાતે મારે ઘેરબી એમજ મેં બર બારૂનો વચ્ચે મારાં વરસ વેચયાં! નીચે ખડકીમાં મોટા બારણાની આડે એક ગોલ પકરો મુકેલો! અંધારાંમાં મને તેની ઠેસ લાગી—ને બેજાં પરજ બોંબ એટલે મેં "ઉઇ બોંબ!" કરીને બુમ મારી દીધી! પણ ત્રીજે માળનો ચવીત્રો દીનુ બારીમાં બેઠેલી ઉતી તે ખી–ખી–કી–કી કરવા પડી તયારેજ

મેં ઓમ્બના બનાવનારાઓને નામે એક નાહલ્લી જેવી પનેત ભણી! નકામું બહરાં જાતનીં આગળ ફૂલ સુગતું ગીયું!

બીલીમોરાથી એક દોસ્તે તાજી માબ્લીના કંડીઓ પર જેટ મોકલ્યો. પણ બંદો તેને ઉખેડે શું કામ? પાંચ દહાડા રેહવા દીધો! હે–હે–હું એવો પકકો, અએએવો પઅઅકકો, કે બસ બંધ એમનો એમ રેહવા દીધો! અંદરથી ઓમ્બ નીકલે તેનો જોખમ લેઉં કે? જાઓ જાઓ–સુજમાં રેહશો!

ખચીત! આપણે તો એવા બીહીસ્મીયેલા કે થોરા દહાડા બધી હુશીયારી ને લાહેરી કાગજમાં વીંટારીને ગોખ્ખ લાની ઉપરજ મુકી દીધેલી હતી. નારે––બા! એ લોક તો ઇંગરેજોને કુંદીપાક જમાડતા હતા તેથી સેવક ચેતેલોજ હતો. લઇ કરીને મે શું કીધું તે જાણોજી કે? મજાનો પોહલી પટાક લાલ ઇજાર જલદીથીં સીવારીને પાટલુનને બદલે તે આંઠ દાહડા પેહરયા કીધી! પગમાં ચાંચના જોરા ઘાલ્યા! વળી આંગમાં આરા બંધની સફેદ દગલી ને માથે ઘટી જેવું ડબરડીંગ સીયાલનું પાયોડું દાબી મુકયું––પછી કીયા મીલ મજુરની માયે સુંઠ ખાઇને ઉંટ જણેલો કે મને ભુલમાં અંગરેજ સમજીને ઠોકે? મારી ધણીયાણીતો હજુરબી સંતોષ નહી પામતી હતી રે–તેણાણ તો મને કેહજે એક નાહલું પાટીયું દોરીથી ગળે ઓળની રાખોનેજ બાહેર જાવો!! અને શું કેહુ, બીરાદર–ખરે મને એક દાહરો ડોહાંજી તો મજેલ દાર બે ફુટ પોહલું ને પોણું ફુટ ઉંચુ બોર્ડ બનાવીબી લાવ્યાં! જોવ–તે આમ રેહયું.

आमी पारसी आहे

ઓત–તારી ! કેહજે બસ આ પાટીયું ગળે ઓળવીને કેડેખી જશો તો સલામત ! પણ મેં એની સાથ તકરાર કીધી કે "અરે કલેજા–અમથું 'પારસી' નહીં લખાય ! પેલા ૬૦ સુંખીયા વાંધો ઉઠાવે–હવે તો 'પારસી–જરથોસ્તી' કરીનેજ લખવું જોઇયે; ને તેમ બધું લખવા જાઉંછ તો પાટીયાંનો વજન વધી જાયછ." આપણે મોટી મુશીબતે એ વીચાર મેં મીસીસ પાસ માંડી વળા યો.

તમે હસશો ને કેહશો કે મુરબ્બી હવે તો છેકજ કે' કેછ—પણ મશકેરી નહીં ! મને ચાર પાચેક દાહડા એવો તર ખાટ લાગ્યા કરે કે સામેથી એક દાહડો આપીસના દાદરપર મારો ધાટી ભોણાવાલો ચઢતો મલ્યો તેના ડોળાબી જાણે ટસ–ટસ થતા લાગ્યા !—મકું ભેજાંમાં વાહરૂ આવી જાય તો કયાં પંચાત ! તેથા હાથે કરીને મોટેથી અથાઉવેરીયો તે સાંભળે તેમ ભણતો ભણતો ચઢયો કે જેથી તે બરાબર જાણે કે હું પારસીજ છેઉં. આ–એવી વખતે સંભાળ રાખેલી સારી ! હુશીયારી કરવા જઇયે ને પછી એક સોલટમ ખાઇ આવ્યે તેમાં તે શું વાઘ મારવાનો છે?

બોલો ના–યાર, બોલો ના ! એ વખત યાદ કરૂંછ તાહ રે હજુર કોઇ વખત મારાં આંટરડાંમાં ગબરડી દોડેછ. એકેકી કેવી અફવાઓ ઉડતી હતી–રે કેવી ઉડતી હતી !! અહાહા !

આપણા દેશી લોકમાંબી એટલી બધી કલ્પના શકતી છે તે તો મેં આય વખતેજ જાણ્યું ! તે દાહડે મારી કલબનો હોમી હોંડો સીરીયાઉસ થોબરૂં કરી-ભવાં ચઢાવીને મને કહેજે કે "મેં તદ્દન પકકે પાયે આજે વાત સમજીછ કે મીલ મજુરો ડપટ નહીંજ પરતા ને લોકને સમજાવવા પટાવવા આય મેલે શેહનશાહ જયોર્જ ને એમપ્રેસ મેરી ખાસ સ્પેશીયલ સ્ટીમરમાં લંડનથી ઉપરી બી ચુકાંછ ! !" હજુર તો આ ખબર મારાં મસ્તકમાં બરાબર જેરવા રેહું તેટલાં ત્રામમાં મંચુ મલ્યો તે તદ્દન હાથ ઠોકીને, પગ અફારીને, બટાકો મારીને પકકી સતાવાર ખબર આપવા બેઠો કે "મીલ મજુરો એવા છેરાયાછ કે જે પારસીઓ મુછ નહીં બોરાવી નાખશે તે લોકને એ હુલડખોરો ચુંટી ચુંટીને એવા ધીપશે કે ખભાથી તે ગુઠણ સુધીનું એકબી હારકું દીલમાં અનામત નહીં રહેશે ! !" માનશો?—ને રાતે ધાસ્તીને મારે મેં ખાધુંબી નહીં ને બસ જરા કાચ્ચો બરાંડી પીનેજ સુઇ ગીયો! બેજુ બોબરો સમ સોગંદ ખાઇને મને રસ્તામાં કેહવા લાગો કે બીલકુલ સદંતર ભરૂશે વાર ઠેકાણેથી તેણે સાંભળ્યું છે કે "બલ ગેરયાના ઝાર ફરનાનડીસે ટરકીના સુલતાન પર તાર કીધો કે મીલ મજુરોને સારૂં આપરે થોરા મકાઇ દોરા મોકલી આપે તો કેમ ?"

ને હડતાળ ? મુંબાઇમાં બધી હડતાળ પડેલી હતી તે તો તમે જાણોછો કેની ? અભલસ! એવી હડતાળ તો બાપ જનમમાં મેં જોયલી નહીં! સહવારના નાસ્તા પર બેઠો તો જોઉંછ તો બધી તરકારી ને તરકારીજ પકાવેલી !

"કેમ?—આજે ઇંડા કાંઇ છે?" મેં ભવાં ચઢાવીને તરારો કીધો.

મેમસાએ મીજાજથી મ્હોં કુમળાવ્યું–

"ઓવાય - તેથી એમ ખુમાટો સાનો પારોછ? ગામમાં હરતાલ પરીછ તે જાણુતા નહીં કે?"

"અરે પણ તેથી ઇંડાંને તેની સાથ શું લાગે વળગે?"

"મુઇ મરઘીઓએબી હરતાલ પારીછ—એમ ઇંડાંવાલો આજે કેહી ગીયો!—"

"હેં ?"

"હા—કોઇ મરઘી ઇંડાંજ નથી મુકતી ?"

"એ આય કાંઇ જુલમ! ચાલ ચાહે બનાવ—"

"આજે ચાહે બાહે કંઈ છે નહીં !"

"કાંય ?"


"ભેંસોએ હરતાલ પારીછ-દુધ નથી આપતી !"

હું ફરાક હેતો કે બધી રકાબી ખીસાડી મુકી ઉઠયો ને મનમાં આડી અવળી ચોપરતો હાથ ધોવા નળ પર ગીયો. પણ નળના કોકપર હાથ મેળવા જતાં હું જરાક અચકયો.

ગોલામના ખાધા પાણીના નળોએબી તો નહીં હરતાલ પારી હોય? પણ નહીં–તે તો બીચારા ડાહયા થઇ ગેયલા હતા! થેંક ગોડ! એમ તો દરીયાએબી સ્યાન સલુક પકડી હતી. મજાની ટાઇમસર ભરતી થતી હતી'ને વખતસર ઓટ આવતી હતી! ફકત એક ચીજે ઘણીજ મજબુત હરતાલ પાડી હતી!-તે શું?

સર્વે કોઇની સાદી અકકલે! ચાલો બા–તમુને કામ હોશે સાહેબજી.

પાહલી પીપીયાંને કોઇવાર રાતે આવતો એક સ્વપ્નો.




પાહલીનો મોટો બળાપો—જણુન અફસોસ—ચાલુ બડબડાટ એજ છે કે કોઇ કોઇ રાતના ઉંઘમાં તેને એવા તો મકકમ સ્વપનાઓ આવે છે કે તે ભડકીને તેમાંથી જાગી ઉઠે છે!

તમે સમજોછ કે!—સ્વપના આવે છે તેનો પાહલીને જરરાબી મુઝારો નથી, બલ્કે કમબખત એ સ્વપનાઓ હંમેશ ખોટા નીવડેલા જોઇ માન ખ્યાલી ખ્વાબો પુરવાર થયલા જોઇ, બીજે આખો દીવસ પાહલી પીપીયાંનું શેર લોહી સુકાઇ જાય છે!

મીસીસ—(ભોણું જમતાં) કેમ ડીયર કેરી કેવી છે? ખાટ્ટી કે મીઠ્ઠી?

મીસ્ટર—બસ આબાદ તારાજ જેવી.

છે કોઈ પરણવા લાયક છોકરી?



કોઇ કહે છે કે હાલ પરણવા લાયક છોકરીઓ ઘણી વધી પડી છે ને તે લોકને છોકરાઓ જડતા નથી. કહેનારના બાપનું કપાળ! જુઓની ૪૦ વર્ષની ઉમરના બીચારા કાવસજી દોધી પરણવા નીકલ્યા છે તો તેવણને ગરમમા શોધી છોકરી જડતી નથી. કાવસજીબા પાસે લાખ રૂપીયાનો દલ્લો છે, પણ જરા નાખ ચપટું અને ચેહરાનો કલ્લો કરી ગયલો છે. આગળા ચાર દાંત પડી ગયા છે. તેવણ આજે દસ વરસ થયાં પોતાને લાયકની છોકરી શોધે છે—પણ હજુ મળી નથી. તોબી લોક કહેછે કે છોકરીઓ કકડી જાય છે! કયાં છે?

તેવણ ત્રીસ વરસના હતા ત્યારે મન થયું કે "હવે કોઇ સારી જેવી પોટટી શોધી કહાડી ગોઠવાઇ જઇયે. સેવક પાસે છાંટા છે એટલે જેની ગમ આંગળી બતાવશું તે દોડતી આવશે. પાસેના પીલાંપર કંઇ જાલ પાહરીયે! ખાસ્સી દુધ દહીતરાં જેવી પોરી છે."



પાસેની પીલાં ખરેજ દુધ દહીંતરાં જેવી સત્તા વીસ વરસની પોરી હતી અને ખાનદાની હતી. કાવસજીબા તરફથી કાર જ જતાં તેણીએ કરરર દેતા કડકા મોર્યા. "મુવો રે, એબદસા જેવો! હું તો ઘેર શોભી રેહ તેવો ખુબસુરત વર લેવશ. પૈસાને શું કરે?"

નંબર વન ઝાડુ પડી એટલે તેનાં ગમમાં કાવસજીબાએ બે વરસ કુંવારાપણાંમાંજ ગાળી નાંખ્યાં. બત્રીસ વરસના થયા એટલે મગજનો કીડો ચવડ્યો. "શું ગામનાં લોક પરણે ને મને નહીં મળે? પેલી ખજોત્યાની મેહરી ફાંકડી છે. બાપને તાંહ પાપા ઠાપેછ એટલે આપણાં પઇસાપર કુદી પરશે. એવી સોહામણી દુકતી હોયની તો બાજુ શોભી રેહ."

ખજોત્યાની મેહરી હતી તો ગરીબ માબાપની દીકરી, પણ બડી શોખીન તથા નખરાંબાઝ હતી. આખો દીવસ ઘરનું વહીતરૂં કરી સાંજે બની ઠણીને બાહર નીકલતી. પરણવા બાબેના તેણીના વીચાર ઘણા ઉંચા હતા. કાવસજી દોધીનું નામ સાંભલીનેજ તેણી છછણી પડી—

"મરે મુવો દોધી કોણ? એવાં દોધી વેગણાં કંઇ મને જોઇતાં નથી! હું તો કોઇ ઉંચ ઉપારેનો સારા કુટુંબનો વર



લેવશ, મરે ખોદાએ ખુબસુરતી આપી તે એવાં મુહાં દોથીપર વેરવા કે? જાઓ, જાઓ. કુંવરબાઇ તમે કંઇ એવાં ખોરયા ખાપરયા મારે સારૂં લાવતાં ના!"

"શન બાપ લાખ ચાલી સની! વરી દોથી નામ નાખમાં ઘુસ્યું! નહીં બાકી તો હમણા રેડીમની કે વાહરીયાના ખાનદાનમાં પનવાની છે!" કાવસજીબાનું ઉભાઇ આવ્યું હતું. તેવણ ઉપર પ્રમાણે પોતાનો ઇસ્ટીમ ખાલી કરી મુગા બેઠા પાત્રીસ વરસની ઉમર થઇ. કાવસજીબા હજી બુઢ્ઢા જેવા ફર્યા કરતા હતા. જામેમાં મુકી જાહેર ખબર એક દીવસ તેવણે નીચે પ્રમાણે વાંચી—

"એક સારી શીખેલી ઘરરાખુ છોકરીની શેહાદી તેણીના વાલી કોઇ લાયક ધણી સાથે ઇચ્છે છે. ફોટોગ્રાફ મોકલવે પસંદ કરવામાં આવશે."

કાવસજીને નવી ઉલટ આવી. તેવણે મુછના આંકડા ચઢ-ડાવી ઇસ્કીટાટ થઇ સવી પડાવી મોકલી આપી, અને જવાબની રાહ જોતા બેઠા. ત્રણ દીવસમાં જવાબમાં સવી પાછી ફરી. નીચે લખેલું હતું કે "તમારા જેવા અગલી માણુસ સાથે મારી દીકરી પરણાવવાની મારી ઇચ્છા નથી."

ક્યાં છે, ક્યાં છે છોકરીઓ કકડી જાયછે તે? એવા એક લખાપતીને છોકરી નહીં મલે તો પછી બીજા કોણના આસરા?



બીજાં બે વરસ ગબડી ગયાં. પાસેનાં ઘરમાં નવાજ આવી વસેલો ધનજીભાઇની શીખેલી દીકરી મીઠાં પર કાવસજીબાએ નજર ફેંકવા માડી. આ મીઠાં આસરે ત્રીસ વરસની બી. એ. થયલી હતી. દેખાવમાં સાધારણ હતી, પણ બહુજ હોસ્યાર હતી. કાવસજીબા ખડયા પગ ગલીચા સુધી લઇ ગયા, મીઠાંબાઇ સાથ ઓળખાણ પાડી અને કારજ મોકલાવ્યું. મીઠાં તો છંછણી પડી. "કોણ? પેલો પાસેનો દોધી! સ્ટુપીડ ઓલ્ડ ફુલ! જેના બોલવાના સકાર નહીં, ઇંગલીશનો પાધરો એક "સેનટન્સ" બોલવાના ઠેકાણાં નહીં તે મારો "હસબંડ!" એના ઇકોયટ બુતારા સાથ જોડાઇ મારો ભવ બરૂં તેના કરતાં કુમારીજ રેહુની!"

લ્યો! હવે બીચારા દોધીનો શું વાંક? કોઈ તેવણનો ભાવજ નહીં પુછતું હતું. જેની ગમ આંગળી કરે તે દોડતી આવવાને બદલે બધીઓનાં નાખમાં તેવણને નામની ગંધ ભરાઇ જતી હતી. ફરવા જતા ત્યાંબી જુવાન, કુમારી પરણવા લાયકની દુકતીઓ તેવણને જોઇને ખીબી હસતી અને પાસે જઇને બેસે તો છણકો કરી ઉઠી જતા. ચાલીસ વરસ ભરાઇ ગયાં. બીજે માળે રહેતી નાજાંએ હવે તેવણનું ચીત્ત ચોરી લીધું. આ નાજાં ઘણાંજ આબરૂદાર ઉંચ કુટુંબની હતી, પણ જમાનાની ગીરદેશી તળે આવી ગયાથી પૈસે ટકે હાલ હવાલી હતી. તેણી ખારસી ત્રીસેક વરસની ઉમરની હતી, પણ પૈસા વગર ઉઠાવવામાં મુશકેલી પડતી હતી. કાવસજીબાએ પોતાના લાખ રૂપીયાની ગણત્રી કરી પાસો મુકી જોયો. મોટી નાસી-



પાસી વચ્ચે જવાબ મળ્યો કે "નહીંબા, માફ કરો, અમારાં ખાનદાન પ્રમાણેનુંજ ખાનદાન મલશે તોજ કરશું અમારૂં ખાનદાન શું ને દોધી કોણ? એવાજ ખોરીયા ખાપરયા સાથે પનવાની હોતે તો પાત્રીસ વરસ કુમારી શું કામ રેહતે?" હજુ કાવસજીબા કુમારાજ છે.

બેહેનો, રાંધવા શીખો !

"અરરરરર! મોહકાણના સમાચાર! એ વરી કહાં આપદા?" જમશેદજી કુતાર એક દીવસ બપોરે જમતાં જમતાં એક ટપાલનું કાગલ વાંચીને બોલી ઉઠયા.

"ઓવાય! જમશેદજી, વરી શું થયું?" તેવણનાં ધણીયાણી કુંવરબાઇ જેવણ મરેચરે થઇ રહેલાં હતાં તેવણે ભવાંનો ચીલ્લો ચહડાવીને પુછ્યું,

"તો જોનીં પેલા મારા ધાંખરા કાકા એદલજી પતેતીને દહાડે આપરે ત્યાં જમવા આવવા માગેછ. તેવણ લખેછ કે લાંબો વખત થયો મલાયુંબી નથી તેથી સહવારથી આવશ ને રાતે જમીને જવશ."

અત્રે જાણવું અગત્યનું થઇ પડશે કે જમશેદજી કોઇ મીલમાં હતા અને ચોખ્ખો એકડે-બે મીડાંનો પગાર પાડતા હતા. તેવણનું કુટુંબ માત્ર એક ધણીયાણી, અને એક છોકરાનું બનેલું હોવાથી ઘરમાં તો કરકસરે ચાલતું હતું, પણ તે છતાં તેવણને બાહેરનો ખાલી ભપકો મારવાનો ઘણો શોખ હતો. હવે કાકાજી મુવાને ખાધાનો ઘણો ચસ્ટો હતો. તાબો તાબો લેવડીનો પાટયો, ભુજેલા કવાબ વગેરે વગેરે ખાવાના ધાંખરાને ઘણા અભખરા હતા તે જમશેદજીબા જાણતા હતા-એટલે ડોકરો આવીને એક દહાડામાં કોણ જાણે કેટલા રૂપીયાનો દારવાટલો કરાવી જશે તેનો ધસ્કો તેવણને પડયો. પણ વળી એ કાકાજી કુંવારા તદન એખલા અને ઘણાજ ચીકાસવાળા હતા એટલે

તદન ના કહેવાય તેવુંબી નહીં હતું. ઘરમાનો બબરચી તો એવો સુરીયાનો પકાવવાવાળો હતો કે બસ નહીં. જમશેદજી તેને ઘમ દઇને આઠ રૂપ્યા આપી તેનો સારો દહાડો દમ લેતા અને તેબી તેના બદલામાં રોજ રોજ કાળું મસોટા જેવું પાપરીનું ગોસ, તથા ગચકરાં આવે તેવું કેળાંનું છગદર રાંધીને ખવાડતો. ખરૂં પુછો તો તેને બીજું કાંઇ સારૂં આવડતુંજ ન હતું. કુંવરબાઈ તો બીચારાં સદાના કાંસતા કરા ઝતાં હતાં ને તે લોકનાં એકપુરાં દીકરી પરીચેહર, જેવણ દેખાવમાં પોતાનાં નામને તદન ખોટું પાડે તેવાં હતાં, તેવણ તો એવું રાંધવા સાંધવાનું કામ પોતાના દરજ્જાથી તદન હલકું સમજતાં હતાં તેવણ ગભગ ત્રીસ વરસનાં હજી કુમારાં હતાં અને સારો દહાડો "પેનો" વજાડવામાં, ડરાઇંગ કરવામાં અને ઇંગ્રેજી નોવેલો વાંચવામાં ગુજારતાં, એટલે કાકાજીને સારૂં સારૂં રાંધીને કેમ ખવાડવું તેના અંદેશામાં સરવે પડયાં.

"પતેતીને દહાડે બજારમાંથી તરકી અથવા કાંઇ બટક મંગાવજો. સારી જેવી મોહવડાંની બાટલી લાવવી પડશે,"

'મરઘીને બટક બધું મંગાવશો તો ખરાં પણ તે બરાબર રાંધવાનું કોણ છે? આએ તમારો શોભતો મીસ્તરી કે?" આ ઠેકાણે દીકરા એરચે ટાપસી પુરી. આ એરચ ઘણોજ શાંત મગજનો સમજુ અને હોસ્યાર હતો. સાથે દેખાવલોબી હતો, પણ ખોદા માલમ શું કારણથી માયબાવાનો અને બેહેનનો અકારો હતો. પોતાના દોસ્તદારોમાં તે ઘણોજ માનીતો હતો પણ ઘરમાં તેનું બોલવું વનાતું નહીં હતું. અને પોતાની વડી બેહેનનાં ઝંઝેરા દહાડામાં દોહડસો વખત ખાતો.

"હારે તેનાજ વીચારમાં છેઉં તો," બાવા બોલ્યા, "જો દીકરી પરી, તું જો રાંધવા શીખી હોતે તો આજે કેવું કામ લાગતે? તું જાણેછ કે કાકાજીને તો કોઇ સારૂં સારૂં રાંધી ખવાડેછ તેનીપર કેવા કુરબાન થઇ જાયછ તે?"

"બલા જાણે મારી," પરીબાઇ બોલ્યાં, હું રાંધવા જાઉં? પછી મારી મેત્રીકયુલેશનની "સ્ટડી" ને "મ્યુઝીક" પ્રાકટીસ કયારે કરૂં? વરી કેવાં સુના જેવાં આંગળાં કારાં થઈ જાય તે તો જુદાં!"

"બાવાજી, હવે માડી વારો. પરીએ રાંધ્યું ને આપરે પેટ ભરીને ખાધું! તમે મારૂં માનોતો મુગા મુગા તે દહાડાને વાસ્તે એક સારો જેવો હોસ્યાર બબરચી રોજે બોલાવો."

"હા, તું ઘણો ડાહયો! ને તેને હડી તન રૂપ્યા રોજ આપ્યે, કાંય!"

"હડી ને તનજ કે? પાંચબી માગે તો આપવા પડશે. કાંઇ કાકાજીને ના કેહવાવાનું છે!"

આખરે ઘણીક રકઝીક પછી સરવેએ કબુલ કીધું કે તે દીવસને માટે રોજે બબરચી બોલાવવા સીવાય છુટકો ન હતો. કોઇ હોસ્યાર પકાવનારો શોધી કહાડવાનું કામ એરચબાને માથે આવી પડયું.

* * *

એદલજી કાકા સીતેર વરસના તતણખાર ડોસાજી હતા. તેવણે શાદી કીધીજ નહીં હતી એટલે તેવણના ભાઇના બે છોકરાઓ જમશેદજી અને જાહાંગીરજી તથા તે લોકનાં છોકરાઓ શીવાય બીજાં કોઇ સગાં વહાલાં હતાં નહીં. કાકાજીએ

કેના વેપારમાં ઘણું નાણું એકઠું કીધેલું હોવાથી અસલથી આ બે ભાઇઓ જમશેદજી અને જાંહાંગીરજી કાકાજીના માનીતા થવા માટે દોડાદોડી કરતા. એ કારણને લીધેજ એ ભાઇઓ વચ્ચે મારામારી થઇ હતી. તે એટલા સુધી કે બેહુ મરાઇને જુદા પડયાં હતા. બેહુ પરણ્યા અને બચ્ચાં કચ્ચાંવાળા થયા પણ તેઓ વચ્ચેનો વેહેવાર તદ્દન તુટી ગયલો હતો. છેલ્લાં કેટલાં વરસ થયાં તે લોક એક બીજાને મલ્યાં નહતાં અને કાકા કાકાનાં છોકરાંઓ એક બીજાને ઓળખતાં નહતાં. ફકત કાંઇ અજબ સંજોગથી જમશેદજીના દીકરા એરચને જાંહાંગીરજીની એકપુરી દીકરી નાજાં સાથે ઓળખાણ પડી. એ નાજાંબી એરચનાજ જેવી ડાહી અને દેખાવલી હોવાથી તે લોકની દોસ્તીએ વધારે ઘાડું રૂપ લીધું હતું. અને તેઓ વચ્ચે પ્રીત બાઝી હતી—કે જે વાત તે બે જણાં સીવાય ત્રીજું કોઇ જાણતું નહતું. તેઓ અવારનવાર છુપાં મળતાં અને એરચ વધારે કમાતો થયા પછી પરણવાની ઉમેદમાં હતાં.

"તું જાણેછ, એરચ, કે હું કેવું અચ્છું પકાવી જાણુંછ તે? મારાં માયજીએ મને એવી ઘરસંસારી તાલીમ આપીછ કે મને મારૂં ઘેર ચલાવવાનું કાંઇ ભારી નહીં પડશે. તું ફકત સો રૂપીઆબી કમા પછી આપણે જુદું ઘર માંડશું." એવી રીતે નાજાં હંમેશ એરચને ધીરજ આપતી.

પતેતીને ફકત બે દીવસો બાકી રહયા હતા. અને તોબી કોઇ સારો હોસ્યાર પકાવનાર જમશેદજીને ત્યાં રહયો નહીં એટલે બીચારા એરચ ઉપર ધસારા ચાલ્યા.

"હરવાસોરે એરજ! એ એક કાંમ સીધું કરે તો પછી

શું જોઇએ! હોજીયામાં કાંઇ સકારજ નહી મળે?" મીસીસ જમશેદજીએ ધુમાડો કહાડયો.

"અરે હારે! મેંજ એ કામ માથે લીધું હોતે તો અત્યારે સાત બબરચી લાવીને ઉભા કરતે! એરચતો તદન માથેજ પડેલો છે," બાવા બોલ્યા.

"એરચે બબરચી શોધ્યો ને આપરે બધાંએ પેટ ભરાને ખાધું! એ નાટક ફાટક, બીલીયર્ડ, ક્રિકેટ રમતોથી પરવારે તો કાંઇ કામમાં ધક રહે કેની?" પરીબાઇ ઉખડયાં.

ગરીબ બીચારો એરચ! તે મુંગો મુગો બેસીને સમજયા કરતો હતો એવામાં દશેક વાગાને શુમારે નોકરે આવી બાઇને ખબર આપી કે એક રાંધવાવાળી બાઇ તેવણુને મળવા માંગતી હતી. તેને બોલાવતાં એક જુવાન, સુમારે બાવીસ વરસની સારા દેખાવની અને ઘણાં સાદાં કપડાંમાં સજ થયલી છોકરી અંદર દાખલ થઇ.

"જી, મેં જાહેરખબર વાંચી કે તમુને પતેતીને દીને સારૂં ખાણું પકાવનાર રોજે જોઇયેછ તેથી હું આવીછ."

તેણીની સાથે કેટલીક ભેજાંદુખણ કર્યાં પછી હડી રૂપયાના રોજે પટ્ટીને કુંવરબાઇએ રાખી.

પતેતી આંવી લાગી. કાકાજી સહવારના નવને ટકોરે આવી ચઢયા. તે દીવસનું ખાણું એક ભલા શાહ બબરચીને મગરૂર કરે એવું હતું. ઘીનો ગગરતો પુલાવ અને દહીની કરી, રોસ્ટ મરઘી, અને એવાજ બીજાં સ્વાદીષ્ટ પકવાનો ટેબલ ખચખચ થતી હતી. કાકાજી દરેક ડીશ સ્વાદ લઇ લઇને જમતા અને વાહ વાહ કરતા.

"આહ, જમશેદ, બચ્ચા, આવો સરસ પકાવનાર મેળવવામા તું બડો નસીબવાળો છે હં! મને જો કોઇ આવું આવું રોજ રાંધી ખવાડે તો તે જે માંગે તે આપી દેઉં."

રાતનું ખાણું પકાવવામાં તો બસ તેના પકાવનારે હદ જ કીધી હતી. દરેક ડીશ મઘમઘતી અને સ્વાદીષ્ટ હતી, એટલે કાકાજી તો બસ ઘેલાજ થઇ ગયા. "શાબાશ શું સરસ ખાણું પકાવ્યુંછ જમશેદ, તારો બબરચી કોણ છે? તેને અહીં બોલાવ, હું કાંઇ તેને સારૂં જેવું ઇનામ આપવા માગુંછ."

"અરે શું કાકાજી," પરીચેહર બોલ્યાં 'તેતો એક બઇરી છે, ને રાંધણીમાં આખા દહાડાની મેલી ઘેલી થઇ ગઇ હોશે–તેને પમરતી ગંધાતી અહીં કહાં બોલાવોછ?"

"બઇરી? ને મેલી ઘેલીઓ હોય તો શું છે? બસ બોલાવ એકદમ!"

કાકાજીએ હોકમ કીધો એટલે રાંધણીમાંથી રાંધનારીને બોલાવવામાં આવી. પરીચેહેરના કેહવા મુજબ કોઇ મેલી ઘેલી, પમરતી ગંધાતી બઇરી નહીં પણ એક સોજી સાજી, કાંઇ ઠોકી, દેખાવલી પણ સાદાં કપડાં પેહેરેલી જુવાન છોકરી ઓરડામાં દાખલ થતાં જોઇ કાકાજીને ચમકવા થઇ આવ્યો, "કોણ! એ કોણ! નાજાં! મારા જાહાંગીરની નાજાં! તું અહીં કાહાંથી આવી!"

નાજાંએ હસીને મીઠાસથી કહયું. "હા કાકાજી, હું

નાજાંજ છેઉં : હું અહીં આજે સહવારથી પતેતીનું ખાણું રાંધવા રોજે આવીછ."

"કોણ નાજાં! શું તું પેલા મારા ભઇ થતાની દુકતી છે?" જમશેદજી ઉખડયા, "તારી મગદુર શું કે મારા ઘેરમાં તું પગ મુકે? નાપાક!"

"ચુપ રહે ચુપ, જમશેદ! ખબરદારજો મારી ગરીબ છોકરીને કાંઇબી બોલ્યોછ તો તારા દાંત ભાંજી નાખશ! નાજાં, પતેતીનું ખાણું, શું આજનું આવું સુંદર ખાણું પકાવનાર તું છે?"

"હાજી, મને મારાં માયજીએ રાંધવા સીધવાનું ઘણી મેહનતે શીખવ્યું કે આગળ ચાલતાં હું જયારે મારૂં પોતાનું જુદું ઘેર માડુ તયારે કામ લાગે," આમ બોલી નાજાં બાડી આંખે એરચ ગમ જોવા લાગી.

હવે એરચ ઉઠયો, નાજાં નાજાં આગળ જઇ તેનો એક હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો,

"હા કાકાજી, નાજાંએજ આજે તમને સરસ રાંધી ખવાડયું છે અને એ જયારે મારી સાથે પરણીને જાુદું ઘર માંડશે તયારે તમુને વારંવાર સારૂં સારૂં રાંધી ખવાડશે."

"તું એની સાથે પરણે? પછી જો ઘેરમાંથી લાત મા રીને કહાડી નહીં મુકુ તો મારૂં નામ જમશેદજી નહીં."

"ઓહ! તેનો શુ મુજાકો છે? મને હાલ ૧૫૦) રૂપ્યાની બીજી નોકરી મળીછ. મારી ખાત્રી છે કે અમે કરકસરથી ખુશાલ રહી શકશું."

"જમશેદ, જો સાંભળ," કાકાજી હળવેથી બોલ્યા,

"એરચ હવે ઉમરનો છે એટલે તારૂં કાંઇ ચાલે નહીં. એરચ નાજાં જાઓ બેલાશક પરણો. આજથી તમેજ મારાં દીકરા દીકરી છેઓ. તમુને કરકસરથી રહેવાની કાંઇ જરૂર નથી. મારૂં જે કાંઇ છે તે તમારૂંજ છે. આવ મારી દીકરી" આમ બોલી નાજાંને કાકાજીએ આગળ બોલાવી સરવેના દેખતાં પેટમાં ચાંપી.

પોલીસનો કોનસ્ટેબલ (બાઇને)–તમે હમણાં ગાડીમાં એક બાઇ તથા શેઠને પસાર થતાં જોયાં?

બાઇ—હા. કેમ?

કનસ્ટેબલ—જરા અમને કામ છે. મેહરબાની કરીને કેહશો કે ગાડીમાં કેવો ઘોડો જોડેલો હતો?

બાઇ–ઘોરો? મરેરે ઘોરો કોણ જોવા બેઠું? ગારી એવી જલદી પસાર થઇ ગેઇ કે ઘોરો ગધેરો કંઇ જણાયું નહીં. પણ એટલું તો મને દેખાયું કે તે બઇરીનાં દીલમાં બલુ પટીની ગાજ પેહરેલી ઉતી ને તેની પર ફુલયાંની કોર ટાંકેલી ઉતી ને સફેદ બદીયાન પર "બોલ" ટ્રીમીંગ ટાંકેલી ઉતીને–

કનસ્ટેબલ–ગારી કેવી હતી તે કંઈ જોયું?

બાઇ—ગારી? નહીં, ગારીબાઇ કંઇ જોઇ નહીં પણ બઇરીએ સાઇડનો સેંટો પારીઓ, તો તે જોયો. બીજું કંઇ જોયું નથી.

"ઈચ્ચમજીઓ" ને અર્પણ.

સલુકથી વર્તતાં શીખજો.

કોઇ કોઇ છોકરીઓ તથા છોકરાઓ એવાં ચીબાંવલાં આવેછે કે તેઓને પોતા કરતાં વડાંઓ સાથે કેમ સલુકાઇથી વરતવું તેઓ આવડતું નથી. તેવાંઓ ટરેનમાં કે ટ્રામમાં કોઇ બુઢાં ડોસાંઓની મશકરી કરવાનો તો પોતાના બાપ દાદાનો હકજ સમજે છે. એક ચોર્યામાર ડોસાંએ તેવી એક ચીબાવલીની ખોડ કેમ ભુલાવી તે વાંચો.

બચાઇ ફુઇ એક વખત અમદાવાદથી મુંબઇ આવ્યાં. તેવણ પાસે સારો દલ્લો હતો, પણ સાદાં માદાં હતાં. તેવણ એક દીવસ પરેલ ટ્રેનના સેકંડ કલાસમાં બેઠાં. તેવણની પાસેજ એક એસ્કી જુવાન પારસીની છોકરી બેઠેલી હતી. તે બાઇનું તો બધું તાપમાંજ કામ હતું. હાથમાં રૂપાંના મુડાંની રેશમી છતરી પકડેલી હતી, પગમાં ચમપીનકલરનાં રૂ ૧૫) નાં બુટ" પહેરેલાં હતાં તેમજ "કરેપ ડશીન"નવીજ કસબો કોરની સાડી પહેરી હતી. બદીયાનની લેસમાં ગોલાબનું ફુલ ખોસ્યું હતું. બચુ ફુઇને સપાટ કહાડી પલાંઠો વાળીને બેઠેલાં જોઇ આ "મીસીબાબા"ને સુગ લાગી તેથી તેવણ ઉઠીને સામી સીટપર બેઠાં. બચુબાઇનો જીવ તો ચટપટયો અને બોલકણો હતો એટલે તેવણે વાત ચલાવી પેલી છોકરીને પુછ્યું:—

"માએ, આએ ગોલાબનું ફુલ ખરૂં છે કે?"

નો કોહાં.

'માય, મકુજે સાંભરેછ કે? આએ ગુલાબ ખરો છે કે ખોટો?" તેવણે વધારે મોટો ઘાંટો કહાડી પાછું પુછ્યું.

પણ પેલીએ તો તીરસ્કારની એક નજર ફેંકો પાછું ડાકું ફેરવી નાખ્યું.

સીટની નીચે એક બાસ્કીટ મુકેલી હતી તે જરા બાજુ ખીસાડી બચુ ફુઇ જરા તેણીની વધારે નજદીક ગયાં અને વાકાં વળીને બોલ્યાં.—

"જોની, દીકરા, મારી વરી છોકરીનેબી બેહરપણ લાગુ પરયું'તું પણ-કાનમાં રોજ જરા જરા ઘાસલેટ તેલ નાખ્યા કીધું કેની! તે પાછું સુધરી ગીયું. તુંને ઘણા લાંબા વખતનું બેહ રપણ છે કે?"

પેલી મડમનું તો તદન પાકી આવ્યું. તેવણલ લ લાલ થઇ ગયાં—કેમજે ગાડીમાં બેઠેલાં બીજાં બાઇઓ આ ફારસ જોઇ હસતાં હતાં. તેણી ઘણાજ મીજાજથી બોલી, "હું બે હરીબી નથી ને તમારા સાથે વાત કરવા માગતીબી નથી."

"અં. તારે તુંને ઘાસલેટ નથી જોઇતું. પણ આએ ગાલપર શું કુંકુંનો લાલ રંગ ચોપરયોછ કે, માય?"

નો કોહાં.

"મકુંજે આએ બાલ તારા પોતીકા ખરા છે કેકોઇ મુવેલી મડમના ખોટા પહેરી આવીછ?"

નવાબ નહીં મળે!

"મકું-સીઆન સલુકથી તુને વાત કરવાનુ તારાં માય બાવાએ સીખવ્યુંછ કે?"

"નહી." પેલીએ તોરમાંજ જવાબ દીધો.

"અં—તું પન્નેલી છે કે અદ્દરાયલી?" ડોસાંએ તો ભેજું ખાવાનું ચાલુજ રાખ્યું.

"તેની તમુંને શું પંચાત? ભેજું માથુ ખાઇ જતાં!" એસ્કી બાઇનો મીજાજ હવે ગયો.

પણ એણીગમ બચુ ફુઇ તે કરતાં સરસ હતાં. "તારા બાવાનું નામ શું?" તેવણે પુછ્યું.

"મારે તમારી સાથે વાત નથી કરવી," પેલીએ જવાબ દીધો.

"કાંય નહી?"

"કારણ કે—"

"શું કારણ? રાંન આટલીક ગુહ્ણુ જેવી દુકતી ને આટલો રેગ? તુને આખી દાટી નાખું તેટલા પઇસા મારી પાસ છે, સમજી? તારા આએ ઇતરાટ મારી આગળ ચાલવાના નથી તુને સલુકથી વાત કરતાંબી કોઇએ સીખવ્યું નથી. તે પરતો મોટી મડમ થઇ નીકરીછ!"

બચુ ફુઇએ તો ગાડીમાં ઘુમરાન કરી મુક્યું. સ્ટેશન નજદીક આવ્યું હતું એટલે પેલીએ જલદી ઉતરી જવા બારણા પર હાથ નાખ્યો. બચુ ફુઇ પણ ઉઠવા ગયાં એટલે નીચે મુકેલી ટોપલીને આંચકો લાગ્યો અને તે માહેથી દમ બાંધીને ઇંડાં બહાર ગબડી પડીને ભાંગી ગયાં. ત્યાં બધુ છબરાટ થઇ ગયું અને પેલી ઇન્ચિમજી છોકરીનાં પંદર રૂપ્યાનાં બુટ તથા વેલાતી સાડી સરવ લપટાઇને બધો ઘાણ નીકલી ગયો. પણ તેણીને એટલું ભારી પડી ગયું હતું કે તે ખરડાયલાં કપડાંમાંજ એકબી શબ્દ

વગર નીચે ઉતરી પડી. તેણીના જવા પછી બચુ ફઇ બીજાં ઓને કહેવા લાગ્યાં, "રાનને સારો સવાદ દેખાર્યો ત્રણ રૂપયાનાં ઇંડાં મારી નાજુને વરે પરેલ લઇ જતીતી તે ટોપલી મેં હાથે કરીને ઉઠલાવી નાખી. ઘરડાં માનસ સાથે આવી તોછરઇ? જાને આપરે તો રેલમાંજ ઘસરઇ આયાંછ! મુવા તન રૂપયાનાં ઇડાં શું બીસાદમાં? એને એવી તો શીક્ષા કીધીછ કે ખોરજ ભુલી જશે!"

—-:•:—

માથેરાન રગબી પોઇંટપર બે ગ્રહસ્થો બાજટ પર બેસીને વાત કરે છે. "મારી તો મતલબ આએ વખતે મુદલ અહીં આવવાની નહીં ઉતી," એક જણે કહ્યું.

"ને અહીંબી તેવુંજ ઉતું, પણ મારી બઇરી થતી બસ માથું ખાઇ ગેઇ કે જઇએ તે જઇએ," બીજાએ જવાબ દીધો.

"અરે હારે એ રાડયાંઓથી હાથ જોર્યા! બસ મારાવાલી તો કેહ કે પેલાં મેહરવાનજી નાનપોરયાવાલાં જાય ને આપરે રહી જઇએ? મેં ઘણું સમજાવ્યું કે નાનપોરયાવાલા ની સુજે આપરે નહીં તનાવું, આપરી તાલકી ઘસાઇ જસે પણ સમજે કોણની બલા!"

"અરે અહીં વરી કેઇ દોલતમાં ફીરા પરેછ? પણ મારી નજી હઠ લઇને બેઠી કે પેલા રેજીપેજી મંચી માકીહટાનાવારાં જાય ને આપરે નહીં કેમ? તેથી બા મનેબી આવવું પરયું!"

"એમ કે? મારૂંજ નામ મંચી માકી હટાના!"

"અરરર એમ કે? મારૂં નામ મેરવાનજી નાનપોરીયા!"

મુંબાઈ શહેરમાં બરપા થયલું એક નવું મોતેબર મંડળ.

"અરસપરસ કાજ કરનારી જરથોસ્તી મંડળી"

તમુને ખબર નહીં હશે ? મુંબઇ શહેરમાં એક ધરખમ પાયા ઉપર કુમારા છોકરા છોકરીઓના કાજ ગોઠવનારી એક મંડળી આજે કેટલો વખ્ત થયો ઉભી થઇ છે અને પોતાનું સંગીન કામ ગુપચુપ બજાવતી રહેલી છે. આ નવાં મંડળનું ધોરણ અરસપરસના મરણના લાભના ફંડનાંજ સીસટમ પર રસાયલું છે. આ મંડળીનો હેતુ એજ છે કે આજે ગોધા જેવી કુમારીઓ અને લધ્ધા જેવા કુમારા છોકરાઓ માટે કાજો શોધી કાહડી તેમને ઠર પાડવાં. એ મંડળનો કારોબાર એક ઘણીજ જોરાવર ૧૧ જણાની કમીટીના હાથમાં છે—જે અ-ગ્યારે અગ્યાર જણા (મંડળીના કાનુન મુજબ) કુમારાંજ છે. આ મંડળીમાં માત્ર કુમારાંઓને તથા રંડાયલાંઓનેજદાખલ કરવામાં આવેછે—અને જેવું એક મેમબર પરણી ગયું કે તે મંડળીના કાનુન મુજબ મેમબરશીપમાંથી બાહેર જાય છે. દાખલ થયાની ફી રૂ ૧ છે—દર મહીને બે આના ફી છે. પણ જેવું કાજ ગોઠવાયું કે મંડળીના ફંડમાં તે ભાગ્યશાળી મેમબરને રૂ ૫૦૦ આપવા પડે છે. ખુદ મંડલીના સભાસદોમાંજ અરસપરસ જોડાં ગોઠવવાને કારોબાર કમીટી બનતી કાળજી રાખે છે. લ્યો જુવો પાસેના સફાઓપર આ આખી કારોબાર કમીટી ફોટોગ્રાફ સાથે રજુ થયલી છે:—

“અરસપરસ કાજ કરનારી જરથોસ્તી મંડળી.”



મંડળીના માનવંત પેટ્રન **શેઠ ઉકરજી ઉકરડા**–(ઉમર ૬૧) (રંડાયલા છે.)



મંડળીના મહેરબાન પ્રેસીડંટ શેઠ **બાપુજી બકરા**–(ઉમર ૪૮) (કુમારા છે)

મંડળીનાં બે વાઇસ–પ્રેસીડન્ટો.



મી૦ મેહરવાનજી મરચુ (ઉમર ૩૮–બયરીને નવસારી તજી દીધીછે)



મીસ બાઈઆઈ બાસુદી (ઉમર ૪૭–કુમારાં છે)

(વધુ માટે જુઓ પાસેનો સફો.)

"અરસપરસ કાજ કરનારી જરથોસ્તી મંડળી"ની કારોબાર કમીટી—



મંડળીના બે જોડયાં બાહોશ જોઇન્ટ આનરરી સેકરેટ-રીઓ.



મી૦ ધનજીશા ધપ્પા-ખાઉ (ઉમર ૭૦—ત્રણ વખત રંડાયલા છે)

મીસ દીના ડબલબીજ (ઉમર ૪૦ (?)—કુમારાં છે, પણ કાજ તુટેલું.





મંડળીના આનરરી ફીઝીશીયન—ડા૦ વીકાજી વાલપાપરી એમ ડી. (ભાથા) (ઉમર ૪૪—બે વાર રંડાયલા છે)

મંડળીના કાબેલ આનરરી ત્રેઝરર મી૦ ખરશેદજી ખાખાવરખા (ઉમર ૩૧—કુમારા છે)

(વધુ માટે જુવો પાસેનો સફો.)

“અરસપરસ કાજ કરનારી જરથોસ્તી મંડળી”ની કારોબાર મંડળી–



મંડળીના ડીટેકટીવ વડાં આફીસર કુકીઆઇ કૌકટ (ઉમર ૫૮–વરનો આજે ૧૭ વરસ થયાં પત્તો નથી.



મંડળીનાં ચાલાક બાનુ ભાશણકર્તા–મીસ તેહમીના ટકટક (ઉમર ૪૨–છુટા છેડા થયલા છે)



મંડળીના કાબેલ ધારાના સલાહકાર મી૦ પેસુજી જેક–પુડીંગ બી. એ. એલ. એલ. બી. (ઉમર ૪૩–કુંવારા છે, પણ જુદદીન લગનના હીમાયતી છે.)

બેજુબા બેકરાનો "મોટા-પપા" થવાનો હરખ !

અરે ભાઇ, બેજુબા બેકરાને અસલથીજ 'મોટા-પપા' થવાનો હરખ ઘણો હતો. ખુદા રાખે તેવણને ત્યાં બે દીકરા અને બે દીકરીની વૃધ્ધી હતી. ચારો છોકરાંઓ મોટી ઉમરનાં હતાં. બેજુબા કાંઇ આપણા બીજા અજઆરી મા બાપ જેવા ઉજમારા નહીં—તેવણે તો ચારો જણાંઓનાં "માથાં" એકઠી સપાટે સામટાંજ ધોઇ નાખ્યાં. યાને બે છોકરા અને બે છોકરી મળી ચારો દુકતાંઓને એકઠી વેળા કોઇ કોઇ ખુણે ખંટોળેથી બીલ્લુઓ શોધી કહાડીને એકજ દહાડે પરણાવી દીધાં. વેલ—વર્ષ દહાડા પછી ખુદાએ તેવણની દુવા સાંભળવા માંડી—



તેવણની વડી દીકરી નાજુને ત્યાં જયારે પહેલ વહેલી લક્ષમી આવી ત્યારે મોટા-પપાનો શું હરખ-શું મગરૂરી-શું સંતોષ ! !



પણ બીજેજ મહીને તેવણના વડા દીકરા નવલને ત્યાંબી એક દીકરીજ અવતરી ! ચાલો શુગરાણા ! દીકરીઓ કોણને ત્યાં છે :—

(વધુ માટે જુવો પાસેનો સફો.)

બેજુબા ઓકરાનો 'મોટા-પપા' થવાનો હરખ !



પોતાની બે પૌત્રીઓને પોતાના બે હાથોમાં લઇને રમાડતા હજી તો મોટા-પપા હાંફે તેટલાં—! આહ, ફરજ દોની વૃધ્ધીના ફેરસ્તાઓ ! બેજુબાના બીજા દીકરા તેહમુલને ત્યાં પણ ત્રીજે મહીને એક છોકરીનો જન્મ થયો ! અલબત આ ત્રણ બેબીઓને એકકી સાથે ખોલામાં લઇને રમાડતાં "મોટા-પપા" અવારનવાર કોઇ જોય નહીં તેમ કપાલપરનો પરસેવો હવે નુંછવા માડતા હતા. છતાં જેમ તેમ તેવણે ડાચું હસતુંજ રાખ્યું. ચાલો, ગમે તે પણ એ છોકરીઓ તેવણનાં બચ્ચાંઓની ઓલાદ--પણ જયારે ચોડે મહીને તેવણની બીજી દીકરી તેહમીનાને ત્યાંબી નખોદ ગઇ એક પોરીજ પેદા પડી ત્યારે—



અંહમ ! બેજુબા ઓકરા ગાળ બેલ પર આવી ગયા !

! ! !

બચ્ચાંનાં નામ પાડતાં સંભાળજો!

એદલજી લોર્ડને ત્યાં પેહલાવહેલા બુચાનો જનમ થયો. તેવણનો હરખ માયો સમાય નહીં; ને બુચાને ઘણોજ બાહાદુર, જોરાવર અને કેળવાયલો બનાવવાનો તેવણે મકકમ ઠેરાવ કીધો. હજી તો બુચો આંઠ દીવસનો થયો નહીં તેટલા વારમાંજ તેને માટે ઉંચા ઉંચા હવાઇ કીલ્લાઓ તેઓ બાંધવા લાગ્યાં. હવે બુચો આવી રીતે બધી વાતે પોતાનાજ જેવો હોસ્યાર ચબરાક નીકળવાનો તેને તેવુંજ હોવાઇ નવાઇનું ઘણુંજ સરસ કાંઇ નામ આપવાની એદલજીને હોંશ થઇ આવી. સોરાબજી, દોરાબજી જેવાં કોમન નામ નહીં, પણ કાંઇ તદન નવુંજ! માય બાવાની કમીટી બેઠી. માયજીએ સુચવ્યું કે તેવણના બાવાનું એટલે બુચાના મમાવાજીનું નામ બાપુજી પાડવું.

"છટ, છટ, શું કંઇ વાણ્યા જેવું નામ શોધી કહાડયું? અરે નામ તો એવું પાડું કે બોલતાં ડાચુંબી લચકાઇ જાય!"

કાંઇ તરેહવાર નામો જેવાં કે હોમીયારદારાં, ખોદાબખશ વગેરે તેવણને સુચવવામાં આવ્યાં—પણ નહીં, કાંઇબી પોતાના સપુતને માટે તેવણને લાયક જણાયું નહીં.

આખરે ઘણીક માથાફોડ પછી બાહુરજી નામ તેવણને ઘણુંજ રામબાણ લાગ્યું. ડાકટર બાહુરજીના જેવોજ હોસ્યાર બુચો નીકળવાનો એટલે એજ નાંમ બરાબર હતું એમ બાવાજીએ મુસ્તકીમ મત આપ્યું.

નામ તો બાહુરજી પાડયું. નવા બાહુરજીને પેહલો

મહીનો ઉગ્યો ત્યારે બાવાએ એક નાનું જેવું ખાણું આપ્યું. બે ચાર દોસ્તદારો તેમજ સગાંવહાલાંને જમવા નોતર્યાં. સઘ ળાં ખુશખુશાલ હતાં તેવામાં બપાવાજીએ દીકરાના દીકરાને નામનું એક રૂપાનું મોટું ફુલાવર વાઝ ભેટ તરીકે તઇયાર કીધું હતું તે ખાણાની અધવચમાં ટેબલ ઉપર લાવીને મેલ વામાં આવ્યું. ઓ ખોદા! એદલજી બાવાને કાંઇ એકાએક વીજળીનો આંચકો લાગ્યો હોય એમ તેવણ ઝબકીને ચોચ્યારી પાડતા ઉઠયા. સાથે સાથે તેવણનાં ધણીયાણી આવાંબાઇને હીસટરીયા થઇ આવ્યો અને તેવણ પોતાના બાલે બાલ પીખવા લાગ્યાં,

બધાં જણાં ખાતાં ખાતાં ઉઠયાં અને ત્યાં ગભરાટ થઇ રહયો. શું થયું? બપાવાજી એ ખોદા માલમ જાણીજોઇને કે ભોળાઇમાં કન્યુંબર કીધી હતી. તેવણે વાઝ ઉપર ણુચાનું આખું નામ નહીં કોતરાવતાં તેનાં, તેના બાવાના તેમજ ઓળખના નામનો એકેકો પેહલો અક્ષર ("ઇનીશીઅલ") આંધળાંને પણ દેખાય તેવા મોટા અક્ષરોમાં કોતરાવ્યો હતો, અને તે દરેકની પાસેનાં મીંડા ઘણાંજ ઝીણાં હોવાથી દુરથી નામ **બા એ લો**. વંચાતું હતું. એદલજી તથા આવાંબા ઇને હીસટરીઆ થઇ આવે તેમા નવાઇ નથી. તે લોકે ઘણું જ અસુરેથી જોયું કે પોતાના એકપુરા વહાલા સપુતને ઘણું જ એસકી અને હોવાઇ નવાઇનું નામ આપવાની ઉલટમાં તેઓએ તેને પહેલાજ મુરતમાં મોટો જેવો આસી બાએલો બનાવી દીધો હતા.



એક આશકનો અનુભવ.

આહ ! મ્હોબ્બત ! !–મહોબ્બત ! ! પ્યારમાં પડેલા પેસુબા મને પોતાનો અનુભવ કહે છે કે તેવણે જયારે પહેલવહેલી વાર પોતીકી, પ્રાણ–પ્રીય 'સ્વીટી'ને પ્રોપોઝ કર્યું ત્યારે તેવણને શું શું લાગણીઓ થઇ હતી !–

વેલ–તે લાગણીઓનું સામટું સરવાયું એજ કે:

"પીજામ, તે ઘડીએ મારાં મસ્તક પર જાણે આતશના સોળા ઉડતા હતા !—મારા જીગર પર જાણે અધમણીકા જેટલો હથોડો ઠોકાતો હતો–મારા બેઉ હાથો બરફ મીસાલ ઠંડાગાર બની ગયા હતા અને મારા બેઉ તાંટયા ઠરઠર ધ્રુજતા હતા–ઇ૦"

અરરરરરર ! બીચારા પેસુબાનો અવતાર ત્યારે આબાદ તે સેકંડે આ ચીત્રમાં આપ્યો છે તેવો થયો હશે !

આ ચીત્ર શું છે?



શું એ એક રમકડાં જેવા જવાન ઈંગરેજ મડમરીનું ચીત્ર છે?

અરે-નારે!-આ ચોપડાંનું પાનુ જરા તમારી આંખ આગળથી છેટે ધરોને પછી જુવો! કેમજી-હવે કોણ તમને દેખાય છે?

મોટર અકસ્માત.



ખા૦ સા૦ ખડખડ પાંચમ-પોતાની તળે એક આદમ આવી જતાં મોટરમાંથી ઉતરીને)—અરરર, આઇ એમ વેરી સોરી ! તમુને કંઇ ઘણું કેથે વાગું છે કે બા ?

રાહદારી–ઉં? નહી કંઇ દમ જેવી ઇજા નથી થઇ! ફકત બસ આટલુંજ થયું છ ! તમે ના ગભરાવો !

કોરપોરેશનનો સભાસદ અને તેને મત આપનારો કર ભરનાર.



ચુંટણીની અગાઉ ! — ચુંટણી થઇ જવા પછી !
(વધારે શબ્દોની કંઇ અગત્ય છે?)

ખુબસુરત પક્ષીઓ જેઓના પીછાં ઘણાજ સુશોભીત અને નાદર હોય છે તેઓને માનવી પોતે પારકાના પીછાંમાં સજ થવાને ખાતર મારી નાંખવા ચુકતો નથી, પણ તેજ વખતે જો પોતાની ખુબસુરત ઓરત તરફ કોઇ આડી નજરથી જુએ છે તો તે માનવીનો જીવ નીકળી જાય છે. માનવીનું ભેજું કંઇ અજાયબ રીતે કાર્ય કરે છે.

ગુલાં ગ્રાડયુએટ "મમ્મા" થઈ!



ગુલાં ગ્રાડયુએટ પરણીને પરવારી અને તેણીને ત્યાં બેબી આવ્યું. તેણી પોતાની પરણેલી જીંદગીની જંજાલોમાં શું પોતાનું માનીતું વાંચણ વીસરી ગઈ એમ તમે સમજો છો કે?—છટ છટ! એવી 'એડયુકેટેડ' નારોને કંઈ પુછવું નહીં પડે. તેણી પોતાનો સંસારબી સંભાળતી રહી—પોતાનું પ્યારૂં સાહીત્યબી પંપાળતી રહી. જુવોની તેણી કેવી એક હાથે વાંચતી જાય છે—અને બીજે હાથે બેબીને બાટલીથી દુધ પાતી જાય છે!

સુંઠારનું મન આવળ્યામાં!



મ્યુઝીના પ્રોફેસર પેડુરસ્વાસ્કી સાથે એક દહાડે ધનજી શાહ ધીમરાં (જેવણુ પ્રોફેસર કનેથી વાયોલીનનું ટયુશન લેતા હતા) રસ્તેથી ચાલી જતા હતા—

પ્રોફેસર—મીસટર ઢીમરાં, આય તમારૂં જમણા પગનું બુટ E flat ની પીચપર કાહરનું અવાજ કરેછ ને આય તમારૂં ડાબા પગનું બુટ D Major માં ચરર ચરર કરેછ. તમે જરા બેઉને એકજ પીચમાં ટયુન કરો તો સારૂં!

એમાં ઉંઠે શું મોટો વાઘ માર્યો?



કહે જે ઉંઠ લાગત ત્રણ મહીના પાણી વગર રહી શકે છ!

ઉંહ! શુ મોટા વાઘ માર્યો? આપણા બીખાજી ટમ પાલ કોઇ દહાડેબી પાણીને હાથ લગાડતાજ નહીં–તમારા સમ! ઘણું થાય તો બે ચમચા સોડા નાખે–બાકી નહીં તો પાણી વગર મોટે ભાગે બારે માસ એવણ કામ ચલાવે છે!

માજીસ્ટ્રેટ—શાક્ષી, તમારી ઉમર શું?

ખરશેદજી ખાટકી—૩ ને ૫૦

માજીસ્ટ્રેટ—૩ ને ૫૦ કે ૫૦ ને ત્રણ?

ખરશેદજી—૩ ને ૫૦! કારણ કે પહેલા હું ત્રણ વરસનો થયો ને પછી ૫૦ વરસનો થયો કેની, સાહેબ?

બહમનુ બોચનો "ડાઇલેમા."



બહમનુ બોચપર એક આફત આવી પડી છે. તે એક વેપારી આફીસમાં કલાર્ક તરીકે નોકરીએ છે. તેના પારસી શેઠે જયારે જાણ્યું કે બહમનુ સાઇકલીંગ કરી જાણે છે ત્યારે તેને હુકમ કરયો કે પોતાનાં માસાસ ને યાને શેઠના ધણીયાણીને સાઇકલ પર બેસાડતતાં રોજ સહવારે શીખાડવું. બાપડો બહમનુ જો તે હુકમ બજા લાવતો નથી તો ચાકરી જાયેછ—અને જો બની લાવે છે તો તેનું લીવર પાકી આવવાની ચીંતા રહે છે. બહમનુ ગુંગળાઇ ગયો છે. તેને કાંઇ સમજ પડતું નથી હવે કરવું તોબા શું ?

૧૯૩૬ માં એક ભુસકો.



ધણી—લે, ચાલની ફ્રેની! શું થયું જો! દહાડે દહાડે વળી તું તો છેક લેટ કરેછ, જો! તારી લેડીઝ કલબમાંથી ઘેર આવતાં આજે કેટલું મોડું થયું પાછલી રાતના છેક ચાર વાગે ઘેર આવવા માંડયું કે? બચ્ચીને આખી રાત પંખો નાખીને ગીત ગાઇ સુવાડતાં મારો જીવ નીકળી જાયછે. દુધવાળો બી આયો ને હજી તો મારૂં બધરાં લોકનું ચાંઉ ડીનરજ પુરૂં નહી થયું કે? એ તે કંઈ રીત છે!”

‘ટ્રાજીડી’—એ ત્રીસ મણ કાળા કોલસા મીસાલ છે. તે સીહા, કદરૂપી, કાળી છે—દીલ ખરડી નાખે છે—ધગધગે છે અને ભસ્મ કરે છે!

‘કોમીડી’—એ માત્ર એક ગ્રેન રેડીયમનાં ત્રીસમાં ભાગ મીસાલ છે. તે દેખાવમાં મનપસંદ છે—ઠંડી છે—પ્રકાસીત છે—દીલ સફા કરનારી છે—અને એમુળ છે!

સમાપ્ત.